વહ કહતા હૈ, ચલો ભૈયા! મૈંને વચન દે દિયા હૈ. મૈં ક્યા કહૂં? ચલો. રાસ્તેમેં બાતકી. અરે..! ભાઈ! હમેં લે જાકર ક્યા કરેગા તૂ? કાઠિયાણીસે શાદી કરવાયેગા, હમેં લડકા ચાહિયે. કાઠિયાણી ચાંપાકી માં કહાંસે હોગી? જો ઐસી નજર કરનેપર મર ગઈ, ઉસકી કોંખમેં ચાંપા હોતા હૈ. બેરકે પેડ પર આમ હોતે હૈં ક્યા? સમજમેં આયા? બોરડીકો ક્યા કહતે હૈં? બેર.. બેર. બેર કે પેડ આમ હોતે હૈં ક્યા? ચાંપાકી માં કહાંસે લાઓગે? ઔર ચાંપા કહાંસે લાઓગે? ઈતની છોટી ઉમ્રમેં થોડી મજાકકી તો મુંહ ફેર લિયા. વહ ચાંપા કહાંસે લાઓગે? ઔર ઉસકીમાં કહાંસે લાઓગે? વહાં (સંબંધ) નહીં હોગા. વાપસ આ ગયે. સમજમેં આયા? ચાંપા ઔર ઉસકીમાં ઐસી.

ઐસી આર્યતા તો લૌકિકમેં ભી જો ધર્મ નહીં સમજા થા ઉસે ભી થી. ઐસી આર્યદેશકી નીતિ નૈતિકતા થી ઐસી થી, ભાઈ! યે જીવન! આહાહા..! કિસ કુલમેં હમ આયે, કિસકી કોંખમેં હમ આયે, મેરી માતા કૌન, મેરે પિતા કૌન? કોંખ લજ્જિત હોગી, માતા લજ્જિત

હોગી. દૂસરી ચીજ હમેં નહીં હોતી. સમજમેં આયા? ઐસે તો નીતિ કે સજ્જનતાકે જીવન થે. લોકોત્તર ધર્મકી બાત તો ક્યા કરની? આહાહા..! 'ડાલચંદજી'! યહાં 'જેતપુર' હૈ ન? ઐસા કોઈ પુણ્ય લેકર આયા થા. છોટી ઉમ્રસે ઐસી આંખે.

મુમુક્ષુ :- મહારાજ! હિન્દીવાલે તો કુછ નહીં સમજે.

ઉત્તર :- નહીં સમજે? દૃષ્ટાંત તો દિયા. ચાંપા નામકા લડકા થા. હિન્દીમેં તો કહા. ગુજરાતીમેં કહાં કહા? ચાંપા નામકા એક લડકા થા. સાલ, ડેઢ સાલ કા. ઔર છોટી ઉમ્રસે વહ ઈતની તીક્ષ્ણ બુદ્ધિવાલા થા. ઉસકી આંખમેં ઝલકે, ઐસે બડે પુરુષકી ભાંતિ. વહ બૈઠા થા. સાલ-ડેઢ સાલ હોગા. ઉસકે પિતાને માતાકી કુછ મજાકકી. મજાકકી ઔર લડકેને મુખ ઘુમા લિયા. ઉસકી માતાકો ઐસા લગાકે બેટેને મેરી મજાક દેખ લી. રસોઈમેં જાકર જલકર મર ગઈ. પતિ-પત્ની હો તો મજાક હો જાતી હૈ. લેકિન લડકા મુખ ઘુમા લેતા હૈ, યે મુઝે દેખનેલાયક નહીં હૈ. મર ગઈ અંદર. બાદમેં કહા ન? દૂસરા એક ગાંવ થા. ઉસકા દરબાર થા ઉસકો લડકા નહીં થા. વહાંકા જો ચારણ થા વહ યહાં આયા, ચાંપાકે પિતાકે પાસ. ઉસકે બાપકો પ્રસન્ન કર દિયા. માંગ, માંગ. ચાંપા, મૈં માંગૂગા, લેકિન તુજે દેના મુશ્કિલ પડેગા. ક્યા માંગના હૈ? માંગ તૂ. તુમ હમારે રાજમેં આઓ. ઓહો..! ક્યા કરેગા? કાઠિયાણીકે સાથ શાદી કરવાઉંગા. હમે તેરા લડકા ચાહિયે. ચાંપા જૈસા લડકા હમેં ચાહિયે. અરે..! ... મૈંને વચન દિયા હૈ તો મૈં તો આઉંગા. લેકિન ચાંપા કહાંસે લાઓગે? ઔર ચાંપાકી માં કહાંસે લાઓગે? ચાંપાકી માંકી કોંખમેં ચાંપા હોતા હૈ. દૂસરી કાઠિયાણીકી કોંખ મેં ચાંપા નહીં હોતા. ઐસી સ્ત્રી કહાંસે આયેગી? ઉસકી માં તો વહી હોગી. કહાંસે ઐસી માતા લાયે કિ જિસકી કોંખમેં ઐસા લડકા. ઔર લડકા ભી ઐસા કી જો મેરી મજાક દેખકર ઐસા મુખ ફેર લિયા. ઓહોહો..! સમજમેં આયા? આહાહા..!

ઐસે ભગવાનકી ઓર નજર કરને પર.. સમજે? વ્યવહારસે પીઠ દેનેવાલા આત્મા મોક્ષ જાનેકે લિયે પાત્ર હૈ. વ્યવહારસે પીઠ દે. નજર નહીં. હમારે આત્મસ્વભાવકે આશ્રયકે સિવા કિસકા આશ્રય નહીં. ઐસા મોક્ષમાર્ગ કરનેવાલા કહાંસે લાઓગે? સમજમેં આયા? '...'! ઐસી બાત હૈ.

નિર્વાણકી પ્રાપ્તિ કરનેકા જિસકા વિચાર હૈ, **'વહ જીવ કર્મરૂપી ઈંધનકો દહન કરનેવાલે શુદ્ધ આત્માકા ધ્યાન કરતા હૈ.'** પીઠ દે, વ્યવહારકો, વિકલ્પકો પીઠ દે. છોડ દે. વહાં નજર મત કર. આહાહા..! સમજમેં આયા? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ'. ઐસા માર્ગ હોગા? અરે..! ઐસા માર્ગ કરકે અનંત મોક્ષમેં ચલે ગયે. સમજમેં આયા? બનિયા એં..એં.. કરે. એં..એં... કરનેવાલેકા યહ માર્ગ હૈ? પંડિતજી! **'કર્મરૂપી ઈંધનકો દહન કરનેવાલે શુદ્ધ આત્મા...'** આહાહા..! જહાં બાણ મારા વહીં બાણ માર. દૂસરા ધ્યાન નહીં. સમજમેં આયા? જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે ઉસકી પ્રશંસાન રહે, અનુમોદનન રહે. હેય કરકે સ્વભાવ પર ધ્યાન લગા દે. આહાહા..! યદિ મહા રુદ્ર સંસારસે નિકલના હો તો. સમજમેં આયા? ભાવાર્થ કહેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૭૨, ગાથા-૨૬થી ૨૮, ગુરુવાર, શ્રાવણ વદ ૧૧, તા.૨૭-૮-૭૦

૨૬મી ગાથા. એનો ભાવાર્થ. આજે ગુજરાતી. મોક્ષપાહુડની ૨૬મી ગાથા ચાલે છે. એનો ભાવાર્થ.

**ભાવાર્થ :- 'નિર્વાણકી પ્રાપ્તિ કર્મકા નાશ હો તબ હોતી હૈ...'** મોક્ષની પ્રાપ્તિ કર્મનો નાશ થાય તો હોય. એનો અર્થ કે આત્મામાં અશુદ્ધતા પર્યાયમાં છે. સમજાય છે કાંઈ? ખરેખર તો એ કર્મ છે. જડકર્મ તો એક નિમિત્તરૂપ બીજી ચીજ છે. એ કાંઈ બીજી ચીજ આત્મામાં અડતી નથી, સ્પર્શ કરતી નથી. પણ આત્મા શુદ્ધ પવિત્ર દ્રવ્યસ્વભાવ, એની પર્યાયમાં-અવસ્થામાં અશુદ્ધતા છે. અશુદ્ધતા ન હોય તો આનંદનો અનુભવ પ્રગટ વ્યક્તપણે હોવો જોઈએ.

કહે છે કે '**નિર્વાણકી પ્રાપ્તિ કર્મકા નાશ હો તબ હોતી હૈ...**' મુક્તિ અશુદ્ધતાના ભાવનો નાશ થાય ત્યારે શુદ્ધની પ્રાપ્તિ થાય. '**ઔર કર્મકા નાશ શુદ્ધાત્માકે ધ્યાનસે હોતા હૈ...**' ત્યારે એ અશુદ્ધતાના ભાવનો નાશ એ આત્માના પવિત્ર ધ્યાનથી થાય છે. સમજાય છે કાંઈ? આત્મા, એક સમયની પર્યાયમાં જે અશુદ્ધ છે એ તો અનાદિની પર્યાયદૃષ્ટિ છે- અજ્ઞાનદૃષ્ટિ છે. હવે એ અશુદ્ધતાનો જેને નાશ કરવો હોય એણે શું કરવું? કે એક સમયની જે અશુદ્ધતા છે એ સિવાયનો ત્રિકાળ સ્વભાવ, અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન, એ અતીન્દ્રિય આનંદ તરફનું એણે ધ્યાન કરવું. સમજાય છે કાંઈ? જેમ રાગ, પુણ્ય-પાપના અશુદ્ધભાવનું ધ્યાન છે અનાદિનું. તેણે વિકારને ધ્યેય કરીને, વિકારનું ધ્યાન એણે અનંતકાળથી નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક જૈન દિગંબર નગ્ન સાધુ, દિગંબર દ્રવ્યલિંગી (થઈને ગયો), એણે પણ ધ્યાન તો કર્યું છે. રાગનું. અશુદ્ધતા, પુણ્ય-પાપના વિકલ્પનું ધ્યાન એ સંસાર. અને એ અશુદ્ધતાનો જેને નાશ કરવો હોય એણે ત્રિકાળ શુદ્ધ ભગવાનઆત્મા '**શુદ્ધાત્માકે ધ્યાનસે હોતા હૈ...**' એ અશુદ્ધતા, મિથ્યાત્વ, રાગ-દ્વેષ, દુઃખરૂપ દશા એ આનંદમૂર્તિ ભગવાન, એનું અંતર ધ્યાન કરવાથી અશુદ્ધતાનો નાશ થાય છે. બીજી કોઈ ક્રિયાકાંડથી થાતો નથી. સમજાય છે કાંઈ? વ્રત, નિયમ, દયા, દાન આદિ એ તો બધું પુણ્યબંધનું કારણ છે. પુણ્યબંધના કારણથી કાંઈ બંધનનો નાશ થાય નહિ.

'**શુદ્ધાત્માકે ધ્યાનસે હોતા હૈ...**' જરી વાત તો સૂક્ષ્મ સંક્ષેપ લીધી છે. પહેલો વિકલ્પમાં એણે નિર્ણય કરવો જોઈએ કે વસ્તુ શુદ્ધ આનંદનું ધામ (છે), જેમાં સુરતા લગાવવાથી આનંદ આવે એવી એ ચીજ હું છું. એવો એણે પહેલો વિકલ્પ નામ રાગમિશ્રિત વિચારમાં આવો એણે નિર્ણય કરવો જોઈએ. પછી તેણે વિકલ્પનો પણ નિર્ણય છોડી દઈ... સમજાય છે કાંઈ? શુદ્ધાત્માનું ધ્યાન (કરે). અરે..! ભાઈ! કોઈ કહે કે ધ્યાન તો ઉપર હોય.

મુમુક્ષુ :- આ .. અનાદિનું ધ્યાન છે.

ઉત્તર :- ધ્યાન તો અનાદિનું આમ છે રાગમાં. એણે આત્માનું ધ્યાન કરવું. ગુલાંટ ખાય છે વાત. ઝીણી વાત છે. પર્યાયબુદ્ધિમાં એક સમયની અવસ્થાની બુદ્ધિમાં એક

સમયના અંશનું ધ્યાન નામ ધ્યેય બનાવીને એની એકાગ્રતા છે. ઝીણી વાત. એક સમયની પ્રગટ અવસ્થા તેને પોતાનું આખું સ્વરૂપ માની તેને ધ્યેય બનાવી, તેનું ધ્યાન અનાદિનું અજ્ઞાનીને છે. હવે એ ધ્યાનને નાશ કરવું હોય તો શુદ્ધાત્માનું ધ્યાન (કરવું). શુદ્ધ વસ્તુ પવિત્ર ધામ, એમાં દૃષ્ટિ લગાવી અને એમાં એકાકાર થવું એ ધ્યાનથી અશુદ્ધ દુઃખરૂપ એવી સંસારદશા, તેનો નાશ થાશે. 'પોપટભાઈ'!

મુમુક્ષુ :- સાચું ધ્યાન એ છે.

ઉત્તર :- ખોટું ધ્યાન આ સંસારનું. ખોટું ધ્યાન કરીને કાંઈ પરનું કરે નહિ. રાગ અને દ્વેષ વિકલ્પમાં એકાગ્રતા એ ખોટું ધ્યાન. અને સ્વભાવ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક પ્રભુ પૂર્ણાનંદનો નાથ એ હું પૂર્ણ પરમાત્મા છું. એવી અંતર દૃષ્ટિ મૂકીને એમાં એકાગ્ર થવું એ ધ્યાન. સમજાય છે કાંઈ?

આ શું કહેવાય છે આ? આ ધ્યાન શું? ધ્યાન એટલે આ આત્મા. એનું ધ્યાન પર ઉપર છે એને સ્વમાં ધ્યાન કરવું એ એનો ઉપાય છે. ધ્યાન તો એને આવડે છે. સમજાય છે કાંઈ? હેં! આવડે છે કે નહિ? બરાબર વિચારમાં રોકાઈ જાય તો કાંઈ ખબર પણ ન પડે. બહારની ખબર ન પડે. શું કહ્યું?

મુમુક્ષુ :- બહારમાં ...

ઉત્તર :- આ સંસારનું ધ્યાન વારંવાર આવે છે. આ શેની વાત ચાલે છે? સંસારના ધ્યાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રભુ આત્માનું વારંવાર...

ઉત્તર :- વારંવાર એણે અભ્યાસ કે દિ' કર્યો છે? અભ્યાસ કર્યો નથી પણ અંતર વલણ કરવું એ ઠીક છે અને પુણ્ય-પાપમાં વલણ એમાં ધૂન લગાવવી પુણ્ય-પાપની એ તો બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના શુભાશુભભાવમાં તો આત્મા ઘેરાઈ ગયો છે. એનું ધ્યાન કરે એ તો અનાદિ સંસારથી કરી રહ્યો છે. સમજાય છે કાંઈ? ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ પણ રાગ અને એનું ધ્યાન એ આર્તધ્યાન છે. સમજાય છે કાંઈ? એમાં આત્માની શાંતિના પ્રાણ પીડાય છે. આહાહા..! એય..! 'મનસુખભાઈ'! ક્યારે કરવું પણ આવું? વખત મળે નહિ, હવે શું કરવું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુભભાવમાં પણ સાંભળે છે ત્યારે તો એને સંભળાય છે કે નહિ? સાંભળે છે ત્યારે અહીં શુભભાવ છે ને?

હવે અહીં તો કહે છે કે તે શુભભાવ તો તને અનંતવાર આવ્યો અને એનું ધ્યાન પણ કર્યું, સંકલ્પ-વિકલ્પ. પણ એ સંકલ્પ-વિકલ્પ વિનાનો આત્મા છે. જે સંકલ્પ-વિકલ્પને કદી અડ્યો પણ નથી, સ્પર્શ્યો પણ નથી. આહાહા..! બહારની ચીજને તો ક્યાંય સ્પર્શ્યો નથી. સમજાય છે કાંઈ? અહીં શરીર અને આત્મા ભેગું દેખાય પણ શરીરને આત્મા સ્પર્શ્યો નથી. શરીર આત્માને સ્પર્શ્યું નથી, આત્મા શરીરને સ્પર્શ્યો નથી. એવો શ્લોક છે ચોખ્ખો 'પરમાત્મપ્રકાશ'માં છે. સમજાય છે? 'પરમાત્મપ્રકાશ'માં શરીરને આત્મા સ્પર્શ્યો નથી અને

આત્માને શરીર સ્પર્શ્યું નથી.

મુમુક્ષુ :- કાર્મણશરીરને તો સ્પર્શ છે.

ઉત્તર :- કાર્મણ શરીર છે એ જડ છે અને આ તો ચૈતન્ય છે. માટી એ તો રૂપી છે અને ભગવાન અરૂપી છે. કાર્મણશરીર તો રૂપી, જડ, માટી, સ્થૂળ. એને કેમ સ્પર્શે? અહીંયાં તો શુભ અને અશુભ સંકલ્પ-વિકલ્પ છે એને દ્રવ્યસ્વભાવ સ્પર્શતો જ નથી, સ્પર્શ્યો જ નથી. ઝીણી વાત છે.

મુમુક્ષુ :- શરીરને કાંઈ વાગે તો દુઃખ ન થાય.

ઉત્તર :- ન થાય. આત્માને ક્યાં થાય છે? શરીરને કારણે થાતું નથી. શરીર મારું એવી મમતાને કારણે થાય છે. શરીરને કારણે નહિ, શરીર તો જડની અવસ્થા છે. આ તો જડની અવસ્થા છે. શરીર-માટીની અવસ્થા છે. માટીની અવસ્થામાં કાંઈક થાય એમાં ચૈતન્યની અવસ્થામાં કાંઈક થાય?

મુમુક્ષુ :- શરીરને ખોરાકની આવશ્યકતા તો ખરી ને?

ઉત્તર :- આવશ્યક કોનો હતો? એ તો આવવાનો હોય તે દિ' આવે. એ તો નથી વાત કહેતા કે ખાનારનું નામ દાણે દાણે છે. તમારે કહેવત છે કાંઈ? શું છે?

મુમુક્ષુ :- દાને દાને પર લિખા હૈ ખાનેવાલે કા નામ.

ઉત્તર :- એ. ખાનારની દાણે દાણે મહોર લાગી છે. એનો અર્થ કે જે રજકણો શરીરના સંયોગમાં આવવાના તે આવવાના. એના વિકલ્પથી આવે અને એ સંભાળ કરે તો આવે એવી વસ્તુ નથી. અને જે પરમાણુ અહીંયાં સુધી આવ્યા પણ અંદરમાં ન જવાના હોય તો અહીંથી નીકળી જશે.

મુમુક્ષુ :- પેટમાં જઈને નીકળી જાય.

ઉત્તર :- આ તો પેટમાં જઈને પણ ઊલટી થઈ જશે. કારણ કે જેટલો કાળ એક સમય ત્યાં રહેવાનો તે એમ રહેશે. એ તારે કારણે નહિ. શેઠ!

મુમુક્ષુ :- મમતા કૈસે છૂટે ?

ઉત્તર :- આ કહીએ છીએ. ઝાડને પકડી રાખે.. એ દૃષ્ટાંત નહોતું આપ્યું?

મુમુક્ષુ :- વિવેક જેવી કાંઈક આવશ્યકતા હોય છે ને?

ઉત્તર :- ક્યાં ધૂળેય આવશ્યકતા નથી. કોની આવશ્યકતા? વિવેક કોને કહે? રાગથી ભિન્ન થઈને પોતાના સ્વભાવની સંભાળ કરવી એ વિવેક છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આવશ્યકતા હોય તેથી આવે?

ઉત્તર :- આવે છે ક્યાં? આ તો આવશ્યકતા જ નથી. કોની આવશ્યકતા? ભગવાન તો 'નિયમસાર'માં કહે છે, **'जं कज्जं तं णियमं'** નિયમથી કરવા લાયક હોય તો તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ આવશ્યક છે.

મુમુક્ષુ :- મુખ્ય આવશ્યક એ જ છે ને.

ઉત્તર :- એ જ આવશ્યક છે. ઓલું આવશ્યક નથી એને આવશ્યક કહેવું. સમજાય છે કાંઈ? ઝીણી વાત, ભાઈ! જન્મ-મરણના દુઃખથી છૂટવું. એ દુઃખ છે એ જન્મ-મરણનું

દુઃખ નથી પણ ભ્રમણાનું દુઃખ છે. જન્મ-મરણ તો પરવસ્તુ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું નામ સમાધિ. સમજ્યા વિના બેસે આમ ને આમ કરીને. કુંભક અને રેચક (કરે), ધૂળેય હાથ નહિ આવે ત્યાં. આમ શ્વાસ કરે અને ફલાણું કરે. એ તો બધા મૂઢ થઈ જવાના.

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, જેને ભગવાનઆત્મા કહે. પુણ્ય-પાપને આત્મા કહે પ્રભુ? એ તો આસ્રવ કહે, એને તો અજીવ (કહે). એના સ્વભાવમાં શુદ્ધતા પરિપૂર્ણ છે એનું ધ્યાન કરે તો '**સંસારસે નિકલકર મોક્ષકો ચાહે વહ શુદ્ધ આત્મા જો કિ-કર્મમલસે રહિત અનંતચતુષ્ટય સહિત (નિજ નિશ્ચય) પરમાત્મા હૈ ઉસકા ધ્યાન કરતા હૈ.**' દેખો! ઉદયભાવમાંથી નીકળવું હોય, સંસાર એટલે ઉદયભાવ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ગતિ એ સંસાર. સંસાર એ કાંઈ આત્માની પર્યાયથી દૂર ન હોય, છે નહિ. કહે છે, એ સંસારથી નીકળવું હોય, અહો..! ભગવાનઆત્મા રાગ અને પુણ્યના પરિણામમાં એકમેક ઉદયભાવ પોતાનો માની અને રહ્યો છે એ સંસાર છે. સમજાય છે કાંઈ? એ સંસારથી નીકળવું હોય તો ભગવાનઆત્મા પવિત્ર-શુદ્ધ, એને ધ્યેય બનાવી એનું ધ્યાન કરવું એ ધ્યાનમાં અશુદ્ધતાનો નાશ થાય. બીજી કોઈ રીત છે નહિ. સમજાણું કાંઈ? રાત્રે કોઈ પૂછતું હતું ને? વ્યાખ્યાન થયા, આ બધું ક્લાસ ચાલ્યો, પછી પ્રશ્ન હતો કે અમારે શું સમજવું?

વાત એ કે આ વસ્તુ અંદર છે. એક સમયની પ્રગટ અવસ્થા વ્યક્તપણે ભાસે છે એ સિવાય એક પર્યાયની પાછળ અનંત સ્વભાવનો સાગર મોટો પર્વત ડુંગર પડ્યો છે. સમજાય છે કાંઈ? શું થાય? જે રીત છે તે રીત પકડવામાં ન આવે અને ધર્મ થાય, માને, અનંતકાળથી માન્યું છે. અહીં તો કહે છે, '**સંસારસે નિકલકર મોક્ષકો ચાહે...**' એમ વાત છે ને? ઉદયભાવમાંથી નીકળી અને છૂટવાનું ચાહે. આહાહા..! '**કર્મમલસે રહિત અનંતચતુષ્ટય સહિત (નિજ નિશ્ચય) પરમાત્મા હૈ ઉસકા ધ્યાન કરતા હૈ.**' અરે..! હું અનંત-અનંત..

મુમુક્ષુ :- પરમાત્મા..

ઉત્તર :- આત્મા પરમાત્મા જ છે. પર્યાયમાં પામરતા, વસ્તુમાં પ્રભુતા.

મુમુક્ષુ :- અનંતચતુષ્ટય ...

ઉત્તર :- ત્રિકાળ. ત્રિકાળ અનંત ચતુષ્ટય સહિત છે. સમજાય છે કાંઈ?

એ વાત પોતાને અંતરમાં બેસવી જોઈએ. સમજાણું કાંઈ? એમ ને એમ ભાષા આવે એમ કાંઈ નથી. વસ્તુ સ્વરૂપ આવું છે એમ અંતર ભાવમાં બેસવું જોઈએ. ધારણામાં આવ્યું કે આવો છે એ કાંઈ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ છે, ઉપાદેય છે, પવિત્ર છે, અનંતચતુષ્ટય, જ્ઞાન અનંત, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એવો છે એ લક્ષમાં, ધારણામાં આવ્યું એ કાંઈ ચીજ નથી. દૃષ્ટિમાં તો આવ્યો નથી વિષય. સમજાણું કાંઈ? બેહદ અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતદર્શન, અનંતવીતરાગ શાંતિ એવો એ આત્મભાવ એનું ધ્યાન કરવું. આહાહા..!

**નમોક્ષકા ઉપાય ઈસકે બિના અન્ય નહીં હૈ.**' છે? દેખો! '**ઉસકા ધ્યાન કરતા હૈ.**

**મોક્ષકા ઉપાય ઈસકે બિના અન્ય નહીં હૈ.**' બીજો કોઈ ઉપાય નથી. દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા એ બધો કંઈ મોક્ષનો ઉપાય નથી. એ તો બંધનો ઉપાય છે. આહાહા..! આકરું કામ. ભાવમાં એ વાત, જ્ઞાનમાં એ વાત ભાસવી જોઈએ. સમજાય છે કાંઈ? કોઈપણ ઉપાય વડે કરીને એ આત્મા આ ચીજ છે એમ જ્ઞાનમાં ભાસવું જોઈએ. ભાસ્યા વિના એનું ધ્યાન થઈ શકે નહિ.

મુમુક્ષુ :- કોઈ ઉપાય નહિ?

ઉત્તર :- મોક્ષના ઉપાય વિના અન્ય કોઈ ઉપાય નથી. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા સમ્મેદશિખરની, શેત્રુંજયની જાત્રા, ૫-૫, ૧૦-૧૦, ૫૦ લાખ ખર્ચે એક એક મંદિરમાં. એ કંઈ ઉપાય નથી મોક્ષનો. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. એટલે? કોઈને નહિ પછી શું? કોઈને એ દ્વારા મોક્ષ થતો નથી. એ તો વિકલ્પ છે, રાગ છે, એ તો અજ્ઞાનભાવ છે. અજ્ઞાનભાવથી જ્ઞાનભાવ પ્રગટ થાય છે? આહાહા..! બહુ સંક્ષેપમાં કહ્યું છે ને?

'**ध्यायति आत्मानं शुद्धम्**' '**झायइ अप्पयं सुद्धं**' આહાહા..! '**कम्मिंधणाण डहणं**' કર્મરૂપી ઈંધણ નામ લાકડીને બાળવા માટે એ આત્મા એક જ ઉપાય (છે), ત્રણકાળ ત્રણલોકમાં. વસ્તુને ધ્યાનમાં ધ્યેય બનાવી તેમાં ઠરવું. આવે છે કે નહિ? ૪૭ ગાથામાં કહ્યું છે. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' 'દ્રવ્યસંગ્રહ'માં લ્યો! 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' કહે છે. ૪૭ ગાથા. ચાર અને સાત. સૈંતાલિસ કહે છે ને તમારે? '**दुविहं पि मोक्खहेउं**' સમજાય છે? શું છે એ? 'દ્રવ્યસંગ્રહ'. 'દ્રવ્યસંગ્રહ' અહીં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાનમાં ભાસવું એ...

ઉત્તર :- ભાસ એટલે જ્ઞાનનો ભાસ બીજું થવાનું શું? જ્ઞાનમાં આ વસ્તુ છે એમ ખ્યાલમાં આવવું જોઈએ. ભાસવું જોઈએ એટલે ખ્યાલમાં આવવું જોઈએ કે જ્ઞેય બનાવવું જોઈએ એ તો બધું એક જ છે. એ તો એને કરવી છે કે કો'ક કરાવી દે? આહાહા..!

મુમુક્ષુ :- ભાસવું જોઈએ, અનુભવ કરવું એક જ વાત છે?

ઉત્તર :- ભાસ્યમાનમાં પહેલા ભાવમાં ખ્યાલ આવવો જોઈએ, પછી અનુભવ કરવો એ ધ્યાન છે. આહાહા..! 'શુદ્ધતા વિચારે ધ્યાવે શુદ્ધતામેં કેલી કરે' આવે છે ને? અમૃતધારા વરસે. રાગના, વિકલ્પના ધ્યાનમાં ઝેર ધારા વરસે છે. આહાહા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં તો ઝેર ધારા વસે છે. આરે..આરે!

આ ભગવાનઆત્મા રાગરહિત વસ્તુના સ્વરૂપમાં તદ્દન આનંદ અને શુદ્ધતા પડી છે એનું અંતર ધ્યાન લગાવવું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ એક ધ્યાનની જ પર્યાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે આમ માનવું-બાનવું એમ નહિ. અંતર વસ્તુમાં એકાગ્ર થવું એ ધ્યાન. બીજા વિકલ્પો છૂટી જવા. સ્વરૂપ શુદ્ધતામાં કેલી આનંદ કરે... આહાહા..! એનું નામ મોક્ષનો ઉપાય. સમજાય છે કાંઈ? એ વિના બીજો મોક્ષનો ઉપાય નથી.

મુમુક્ષુ :- સ્વરૂપ સન્મુખ કેલી આનંદધામ

ઉત્તર :- કેલી આનંદધામ આનંદસ્વરૂપ છે. આનંદનું વેદન એ જ ધ્યાન છે. સમજાણું કાંઈ?

अब आत्माका ध्यान करनेकी विधि बताते हैं :-

## ગાથા-૨૭

सव्वे कसाय मोत्तुं गारवमयरायदोसवामोहं।
लोयववहारविरदो अप्पा झाएह झाणत्थो।।२७।।

सर्वान् कषायान् मुक्तवा गारवमदरागदोषव्यामोहम्।
लोकव्यवरहारविरतः आत्मानं ध्यायति ध्यानस्थ।।२७।।

સઘળા કષાયો, મોહરાગવિરોધ-મદ-ગારવ તજી,
ધ્યાનસ્થ ધ્યાવે આત્મને, વ્યવહાર લૌકિકથી છૂટી. ૨૭.

अर्थ :- मुनि सब कषायोंको छोड़कर तथा गारव, मद, राग, द्वेष तथा मोह इनको छोड़कर और लोकव्यवहारसे विरक्त होकर ध्यानमें स्थित हुआ आत्माका ध्यान करता हैं।

भावार्थ :- मुनि आत्माका ध्यान ऐसा होकर करे-प्रथम तो क्रोध, मान, माया, लोभ इन सब कषायोंको छोड़े, गारवको छोड़े, मद जाति आदिके भेदसे आठ प्रकारका है उसको छोड़े, रागद्वेष छोड़े और लोकव्यवहार जो संघमें रहनेमें परस्पर विनयाचार, वैयावृत्य, धर्मोपदेश, पढ़ना है उसको भी छोड़े, ध्यानमें स्थित हो जावे, इसप्रकार आत्माका ध्यान करे।

हाँ कोई पूछे कि-सब कषायोंका छोड़ना कहा है उसमें तो सब गारव मदादिक आ गये फिर इनको भिन्न भिन्न क्यों कहे? उसका समाधान इसप्रकार है कि-ये सब कषायोंमें तो गर्भित हैं किन्तु विशेषरूपसे बतलानेके लिए भिन्न भिन्न कहे हैं। कषायकी प्रवृत्ति इसप्रकार है-जो अपने लिये अनिष्ट हो उससे क्रोध करे, अन्यको नीचा मानकर मान करे, किसी कार्य निमित्त कपट करे, आहारादिकमें लोभ करे। यह गारव है वह रस, ऋद्धि और सात-ऐसे तीन प्रकारका है ये यद्यपि मानकषायमें गर्भित हैं तो भी प्रमादकी बहुलता इनमें है इसलिये भिन्नरूपसे कहे हैं।

मद-जाति, लाभ, कुल, रूप, तप, बल, विद्या ऐश्वर्य इनका होता है वह न करे। राग-द्वेष प्रीति-अप्रीतिको कहते हैं, किसीसे प्रीति करना, किसीसे अप्रीति करना इसप्रकार लक्षणके भेदसे भेद करके कहा। मोह नाम परसे ममत्वभावका है, संसारका ममत्व तो मुनिके है ही नहीं परन्तु धर्मानुरागसे शिष्य आदिमें ममत्वका व्यवहार है वह भी छोड़े। इसप्रकार भेद-विवक्षासे भिन्न भिन्न कहे हैं, ये ध्यानके घातक भाव हैं, इनको छोड़े बिना ध्यान होता नहीं है इसलिये जैसे ध्यान हो वैसे करे।।२७।।

## ગાથા-૨૭ ઉપર પ્રવચન

**'આગે આત્માકા ધ્યાન કરનેકી વિધિ બતાતે હૈં :–'** હવે વિધિ બતાવે છે.

**सव्वे कसाय मोत्तुं गारवमयरायदोसवामोहं।**
**लोयववहारविरदो अप्पा झाएह झाणत्थो।।२७।।**

મુનિની પ્રધાનતાથી કથન છે. મોક્ષ મુનિને થાય છે ને? એને માટે એની મુખ્ય વાત છે.

**અર્થ :– 'મુનિ સબ કષાયોંકો છોડકર ગારવ, મદ, રાગ, દ્વેષ તથા મોહ ઈનકો છોડકર...'** એ સર્વ કષાયમાં આવે છે પણ એનું વિશેષ ખોલે છે. **'લોકવ્યવહારસે વિરક્ત હોકર...'** આહાહા..! લોકવ્યવહાર એટલે? ધંધા-પરિપાટી એ નહિ. ગુરુ પાસે રહીને, સંપ્રદાયમાં રહીને બીજા સાધુ સાથે વિનય આદિ કરવો એ બધો વ્યવહાર છે. એ લૌકિક વ્યવહાર છે. એ વ્યવહાર છોડી દઈને. આહાહા..! ભારે કામ!

મુમુક્ષુ :– .. ધંધો-વેપાર નહિ ?

ઉત્તર :– હવે એ તો ક્યાંય ધૂળમાં રહ્યો. ધંધો કોણ કરે? પાપના પરિણામ કરે, પરના શું કરે? એય..! 'પોપટભાઈ'! શું હશે? 'મનસુખભાઈ'! ... એકને મોકલ્યો રખડવા ત્યાં ઓલી કોર પરદેશમાં. બે જણા અહીં છે. ત્રણ જણા. બે જણા એમ હતું કાંઈક.

મુમુક્ષુ :– .. કાંઈ 'સોનગઢ'માં થોડા મળે ?

ઉત્તર :– માલ તો આત્મામાં મળે છે. બહારમાં ધૂળેય નથી અને કોઈ લાવી શકતું નથી. આહાહા..! એય..! 'નેમિદાસભાઈ'!

કહે છે, **'લોકવ્યવહારસે વિરક્ત હોકર ધ્યાનમેં સ્થિત હુઆ...'** આ વિધિ.

**ભાવાર્થ :– 'મુનિ આત્માકા ધ્યાન ઐસા હોકર કરે-પ્રથમ તો ક્રોધ, માન, માયા, લોભ ઈન સબ કષાયોંકો છોડે,...'** પાઠમાં પણ છે, દેખો! **'सव्वे कसाय'** સર્વે કષાય તો બારમે છૂટે, અગિયારમે છૂટે. હવે સાંભળને. અહીં તો પાઠ એમ છે. સર્વ કષાય છૂટે તો અગિયારમે અને બારમે ધ્યાન કહેવાય?

અહીં તો દૃષ્ટિમાંથી વિકલ્પને છોડ્યો એણે બધા કષાય છોડ્યા. એ છોડ્યા છૂટા પડ્યા છે. એ કાંઈ એના છે નહિ. ધર્મીના એ વિકલ્પ છે એ ધર્મીના નથી. જડના છે. સમજાય છે કાંઈ? આહાહા..! પ્રથમ તો સર્વ કષાય છોડે એમ છે ને? મૂળ પાઠમાં તો એમ છે. સર્વે કષાય છોડી. એનો અર્થ એમ કરે કે બધા કષાય છૂટે ત્યારે ધ્યાન થાય. તો વાત તો એમ જ છે પણ એનો અર્થ પુણ્ય-પાપના વિકલ્પ-કષાય છે એ બધો કષાય એને છોડે ત્યારે આત્માનું ધ્યાન થાય. આહાહા..! સમજાણું કાંઈ? ભારે કરવાનું .. ભારે ભાઈ આ. એટલે માણસને ચડાવી દીધા છે ને બધે. વ્રત કરો, મહાવ્રત કરો, અણુવ્રત કરો. મહાવ્રત પાળો અને અણુવ્રતનો ઉપદેશ આપો.

મુમુક્ષુ :– એ કોઈ બુરી ચીજ છે?

ઉત્તર :– વિકલ્પ તો બુરી ચીજ છે. અહીંયાં આવશે મહાવ્રત લઈને. પણ એ તો

સ્વભાવનો અનુભવ હોય, એમાં આનંદની સ્થિરતા મહાવ્રતના કાળમાં હોય, એને આવા મહાવ્રતના વિકલ્પ વ્યવહારે હોય. નિશ્ચય વ્રત તો સ્વરૂપમાં રમણતા તેને નિશ્ચય મહાવ્રત કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આનંદમાં રમે એને નિશ્ચય વ્રત કહે છે. મહાવ્રતના પરિણામ એ તો વિકલ્પ રાગ છે, ઝેર છે, દુઃખ છે. ખુશી થાય. આવે ને? મહાપુરુષોએ કર્યા. મહાવ્રત કેમ કર્યા? પોતે મોટા છે. એને એકદેશ વ્રત કહ્યું છે. મહાવ્રતને એકદેશ વ્રત કહ્યું છે. એકદેશનો અર્થ એક અંશ રાગ ઘટ્યો છે એટલી અપેક્ષાએ. બાકી પોતે રાગ છે. સર્વદેશ તો આત્મા આનંદનો અનુભવ કરી આનંદમાં જામી જાય. જમ. ઘટ્ટ કહે છે ને? ઘટ્ટ થઈ જાય જામીને. આહાહા..! એને ખરેખર ભગવાન સાચા મહાવ્રત (કહે છે). વિધિની ખબર ન મળે અને અવિધિએ કરવા જાય. એ શબ્દ પડ્યા ને? **'ધ્યાન કરનેકી વિધિ બતાતે હૈં.'**આ વિધિ છે. બીજી વિધિ કરવા જાય તો મળશે નહિ.

મુમુક્ષુ :- કોઈ ચીજ પહેલા નથી કરી પછી કોઈ નવી મળે એમાં આનંદ આવે છે ને?

ઉત્તર :- હા, તો આનંદમય મળે એમાં આત્માને આનંદ આવે ને. નવું મળ્યું ને. અનાદિની દૃષ્ટિ રાગ-દ્વેષ ... આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ગારવ..

ઉત્તર :- અભિમાન. આવશે કળશ.

**'ઈન સબ કષાયોંકો છોડે, ગારવકો છોડે,...'** એ આગળ આવશે. રસ, ઋદ્ધિ, શાતા ગારવ. માનમાં આવી જાય છે પણ આ વિશેષ-ખાસ છે માટે જુદા પાડ્યા. આમાં રસ, ઋદ્ધિ અને શાતા ત્રણ લીધા છે ને? ઓલામાં વળી શબ્દ ગારવ એમ લીધું. શબ્દ ગારવ. સારી ભાષા હોય, કંઠ હોય, બોલતા આવડે. ભક્તામર પ્રણીત મૌલિ મણિપ્રભાનાં... આમ અવાજ આવે ધ્વનિ આમ જાણે. સિંહ-સિંહ. સિંહ જાણે મલપતો હોય એમ ભાષા આવે. એવી ભાષાનું અભિમાન હોય.

મુમુક્ષુ :- ઊંચા સ્વર.

ઉત્તર :- ઊંચા સ્વર ધૂળના. એ તો જડ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ કંઠનું અભિમાન. ઓલામાં એમ આવે છે, ભાઈ! જુઓ! એમાં હશે. શબ્દ ગારવ હશે એમાં. એમાં શબ્દ ગારવ. છે? બસ એ. અહીં રસ આવે. રસ, ઋદ્ધિ, શાતા. ત્યાં શબ્દ ગારવ લીધું છે. શબ્દનું અભિમાન. મારી ભાષા કેવી! મોતીના દાણા જેવી ભાષા. સ્પષ્ટ ભાષા. ઉંહું... હું.. એવી નહિ. ચોખ્ખી ભાષા. એય..! 'પોપટભાઈ'! દશ-દશ હજાર માણસમાં પણ હું... આ શું કહેવાય તમારે? માઈક વિના બોલું તો દશ હજાર માણસ સાંભળે. એવી મારી ભાષા. ભાષા તારીને? તું જડ થઈ ગયો. 'શોભાલાલજી'! ભાષા. કંઠની મીઠાશ.

એક બાઈ નહોતી કોઈ? 'સરોજીની નાયડુ'. બાઈ. બોલે તો આમ ટોકરી જાણે. ટોકરી હોય ને પીત્તળની. ઝણઝણાટ વાગે કંઠ. પણ આ તો માટી જડ છે. કર્મની પર્યાય વાજામાંથી અવાજ નીકળે છે કે નહિ? એમ આ વાજુ છે, ... છે જડ. આહાહા..!

મુમુક્ષુ :- સાંભળનારને લાભ મળે.

ઉત્તર :- સાંભળનારને લાભ એને કારણે મળે છે. કાંઈ ભાષાથી નથી મળતો. એ

પોતાના સ્વભાવ ઉપર લક્ષ કરે તો લાભ મળે. ત્યારે ભાષાને નિમિત્ત કહેવામાં આવે. આમ છે બધી વાતું બહુ ફેરફાર. આહાહા..! માણસને તો એમ થાય કે ઉપદેશ આપણે બીજાને દઈએ તો ધર્મ પામે તો આપણને કાંઈક લાભ મળે.

મુમુક્ષુ :- કેટલા ટકા?

ઉત્તર :- દસમો ટકો. દસમો ભાગ આવે કહે છે નહિ કાંઈક? આવે છે.

મુમુક્ષુ :- આ જમીન અમારી છે. તમે થોડો ધર્મ કરો તો દસમો ભાગ અમને મળે.

ઉત્તર :- 'સ્વામિ કાર્તિકિયાનુપ્રેક્ષા'માં આવે છે. જે કંઈ પૈસા હોય એનો દસમો ભાગ દાનમાં દેવો. ઓછામાં ઓછો, હોં! આમ છઠ્ઠો ભાગ દેવો એમ કહે છે. 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા'ની ટીકામાં છે.

મુમુક્ષુ :- રૂપિયામાંથી કે વ્યાજમાંથી?

ઉત્તર :- પેદાશમાંથી આપે તોપણ ઘણું, લ્યોને. મૂડીમાં તો એકકોર રહ્યું. એય..! 'ભગવાનજીભાઈ'! પેદાશ થતી હોય ને પાંચ લાખ, એમાંથી છઠ્ઠો ભાગ આપે તોપણ ઘણું.

મુમુક્ષુ :- ... શેઠ કહે છે...

ઉત્તર :- જાય .. તો કરો ભાગ. ખરેખર ભાગ હોય તો જે પોતા પાસે મૂડી હોય એનો ભાગ દેવો જોઈએ. ધર્મમાં છઠ્ઠો ભાગ. થોડામાં થોડો દસમો ભાગ એમ લખ્યું છે 'સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા'માં. એય..! શેઠ! એટલું બધું ક્યાંથી દે? ઓલા છોકરા ના પાડે.

મુમુક્ષુ :- ...ન્યાય ઉપાર્જિત...

ઉત્તર :- ન્યાય ઉપાર્જિત હોય કે અન્યાય ઉપાર્જિત હોય. .. ઘસાવામાં શું વાંધો છે? કહો, સમજાણું? ગમે તે હોય નહિ. એ તો જડની પર્યાય છે. એના પ્રતિ મમત્વ ઘટાડવું એ પોતાના પરિણામની વાત છે. સમજાય છે કાંઈ? છતાં એ પરિણામ ધર્મ નથી.

મુમુક્ષુ :- આપ ધર્મ નથી કહેતા એટલે અમારું મન થાતું નથી.

ઉત્તર :- મન થાતું નથી. બીજી અપેક્ષાએ ખર્ચે છે. ધર્મ મનાવે છે (ત્યાં) લાખો-કરોડો ખર્ચે છે. એય..! 'ચંદ્રકાંતજી'! લ્યો! કારણ કે ઓલા મુસલમાનનું હમણાં એક મોટું થાય છે, 'મુંબઈ'માં. અઢી કરોડનો. વોરાનું થાય છે. લોટીયા વોરા. છે ને? મોટું મકાન અઢી કરોડનું મોટું. ચાલીસ લાખનો તો એક આરસપહાણ લાવ્યા છે.

મુમુક્ષુ :- કબર ઉપર, હોં!

ઉત્તર :- કબર ઉપર જ હોય ને. બીજે ક્યાં હોય? મડદા ઉપર જ હોય ને. અહીંયાં તો એમ કહેવું છે કે ત્યાં આવું થાય છે. અને આ અમારા 'વજુભાઈ' જઈ આવ્યા ત્યાં 'બનારસ'માં મોટું પચાસ લાખનું. શું કહેવાય તમારે? માનસમંદિર. અમારે 'ચંદ્રકાંતભાઈ' કહે કે આવા આવા હોય ને આપણે કેમ મંદિર નાનું થાય? એમ. મંદિર મોટું કરવું, સારું કરવું. ઈ બેય ભાઈબંધ છે ને. ક્યાં ગયા દરબાર? ત્યાં બેઠા છે જોડે? આહાહા..!

કહે છે, અરે..! જગતના ધંધા આ બધા છોડીને અરે..! '**મદ જાતિ આદિકે ભેદસે આઠ પ્રકારકા...**' મદ રહેશે ત્યાં સુધી આત્મા તરફ વલણ થશે નહિ. આ એમ કહે છે. '**રાગદ્વેષ છોડે ઔર લોકવ્યવહાર જો સંઘમેં રહનેમેં પરસ્પર વિનયાચાર,...**' દેખો! ધર્મી

સમકિતી ધર્માત્મા છે, સાધુ આત્મધ્યાની છે પણ સંપ્રદાયમાં બીજા જ્ઞાની-ધ્યાની પણ છે. પણ સંપ્રદાયમાં રહેવાથી એકબીજાનો વિનય તો કરવો પડે. એ પણ વ્યવહાર છે.

મુમુક્ષુ :- લોકવ્યવહાર છે.

ઉત્તર :- એ રાગ એ લૌકિક વ્યવહાર છે ને. આહાહા..!

એ સંઘ, સાચો સંઘ, હોં! સાધુ-સંત ધર્માત્મા. ભાવલિંગી મુનિ, એના સંઘમાં રહેવું પણ મોટાનો વિનય કરવો પડે, થોડો વિચાર ચાલતો હોય ધ્યાનમાં કાંઈક એમાં આવે, ઊભા થાવું પડે. આવો બધો વિકલ્પનો વ્યવહાર છોડ ધ્યાન કરવું હોય તો, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વિધિ છે એમ એને નિર્ણય તો કરવો પડશે ને? આહાહા..! જુઓ! '**संघमें रहनेमें परस्पर...**' પરસ્પર છે ને? '**विनयाचार, वैयावृत्य,..**' દેખો! સાધુને કાંઈક રોગ હોય તો વૈયાવૃત્યમાં રહે, પગ દાબવા પડે. એ બધી શુભભાવની ઉપાધિ આવી.

મુમુક્ષુ :- એ ઉપાધિ છે.

ઉત્તર :- આ શું કહે છે? એ ભાવ છોડીને ધ્યાનમાં લાગી જા એમ કહે છે.

મુમુક્ષુ :- ... તો ભૂમિકા અનુસાર હોય ને.

ઉત્તર :- હોય એ જુદી વાત છે. હોય એ જુદી. પણ એ હોય એને છોડીને ધ્યાન કરવું, એણે અંદરમાં જાવું એમ કહે છે. 'પ્રવચનસાર'માં આવ્યું છે. નથી આવ્યું? મુનિનો વૈયાવચ્ચનો કાળ છે. એનો અર્થ શું? એ જાતનો એને શુભરાગ હોય અને આમ મુનિ રોગમાં હોય એટલે એનો કાળ જ રાગમાં છે એમ કહે છે. એટલે એને આગળ બીજું થાય નહિ. ધ્યાન કરવા જાય તો નહિ કરી શકે. એને ભાવ આવ્યો છે. જોડે મુનિ હોય, ધર્માત્મા છે, ઉલટી થાય છે, ઝાડા થાય છે. સમજાય છે? એ રાગ એવો, રાગનો કાળ છે વૈયાવૃત્યનો. છતાં હેયબુદ્ધિએ છે એ વાત. આહાહા..! એવી વાત. વીતરાગમાર્ગ એવો છે ઝીણો.

આમ બીજાને ધર્મ ઉપદેશ કરીએ તો આપણને લાભ થાય. 'શ્રીમદ્'માં આવે છે. એક પણ જીવને ધર્મ પમાડે તો તીર્થંકરગોત્ર બાંધે. તો ઓલો સામો ખુશી થઈ જાય. આહાહા..! શું કીધું પણ એણે? બીજો ધર્મ પામે અને એમાં આનો વિકલ્પ નિમિત્તાદિ હોય તો તીર્થંકરગોત્ર બાંધે એટલે કે એ બંધમાં પડે અને બીજો ભવ વધે એમ કહ્યું એમાં.

મુમુક્ષુ :- પણ પ્રભુ આપે તો પહેલું કીધું હતું.

ઉત્તર :- કોઈ પમાડતું નથી. કોણ પમાડે? આહાહા..! માર્ગ એવો છે, ભાઈ! વીતરાગમાર્ગ છે. કોઈની સ્પૃહા, કોઈની અપેક્ષા એ માર્ગમાં છે નહિ. એવી વાત છે, ભાઈ! આહાહા..! ચોર્યાશીના અવતારમાં આકુળતાના દુઃખો, પ્રભુ! હવે સહ્યા જતા નથી. આવું તો આવ્યું નહોતું? ભક્તિમાં આવ્યું હતું કાલે નહિ? પરમ દિ'. દુઃખડા સહ્યા નથી જાતા. એ રાગ-દ્વેષની આકુળતા હવે સહી જાતી નથી. રાગ-દ્વેષની આકુળતા, હોં! એ દુઃખ. આહાહા..! દુઃખના ઘેરાવે ઘેરાઈ ગયેલો છે. અરે..! એને તાર-તાર, એને ઉગાર. દયા કર તારી. એમ કહે છે. ભારે માર્ગ છે ભાઈ આ. ઊંચી ઊંચી વાતું.

અરે..! સાચા સંઘમાં રહેવાથી પણ વિનયનો આચાર કરવો પડે, વૈયાવૃત્યનો ભાવ આવે, '**धर्मोपदेश,...**' આવે. આહાહા..! એ પણ રાગ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્થિતિકરણ. પોતાને સ્થિતિકરણ. પરને કોણ સ્થિતિ કરે? એ તો વિકલ્પ આવ્યો હોય તો વ્યવહાર કહેવાય. એ બધી સમજવા જેવી વાત છે. સ્થિતિ પોતામાં અંદર સ્થિતિ કરવી એ સ્થિતિકરણ છે. એ તો એને કારણે સમજે. એની યોગ્યતા હશે તો સમજશે. એ કાંઈ તારા ઉપદેશથી સમજે એવું છે ઈ? સમજાણું કાંઈ? એવું જોર દઈશ નહિ ભાષામાં, કહે છે. આપણે આ ભાષા કરી માટે સમજી જાય એમ કરીશ નહિ. રંગાઈ જઈશ રાગથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તારો જ્ઞાનનો પર્યાય તારાથી થાય છે.

ઉત્તર :- બીજાથી થાય કોનાથી પણ? પરિણમન છે કે નહિ એનું? ગુણ છે એનું પરિણમન હોય કે નહિ ? પરિણમન વિનાનો ગુણ રહે? બસ, પરિણમન એનાથી થાય છે. પરથી શું થાય? આહાહા..! દુનિયામાંથી માથુ ઊંચું કરીને અંદરમાં જાવું એની વાત છે ભાઈ આ તો. હેં! દુનિયાની સાથે સરખાઈ રાખવી હોય તો ત્યાં મેળ નહિ ખાય એમ કહે છે. શું થાય?

'**ધ્યાનમેં સ્થિત હો જાવે, ઈસપ્રકાર આત્માકા ધ્યાન કરે.**' લ્યો! '**સબ કષાયોંકા છોડના કહા હૈ ઉસમેં તો સબ ગારવ મદાદિક આ ગયે...**' આ વળી જુદું ક્યાં કર્યું? એમ કહે છે. '**ઈનકો ભિન્ન ભિન્ન ક્યોં કહે? ઉસકા સમાધાન ઈસપ્રકાર હૈ કિ – યે સબ કષાયોમેં તો ગર્ભિત હૈં કિન્તુ વિશેષરૂપસે લિયે ભિન્ન-ભિન્ન કહે હૈં.**' ભિન્ન-ભિન્ન એની વિશેષતા બતાવવામાં આવી.

'**કષાયકી પ્રવૃત્તિ ઈસપ્રકાર હૈ-જો અપને લિયે અનિષ્ટ હો ઉસસે ક્રોધ કરે,...**' ઠીક ન લાગે તો અણગમો થાય એને. એ અનિષ્ટમાં દ્વેષ-ક્રોધ કરે. '**અન્યકો નીચા માનકર માન કરે,...**' પોતાથી બીજાને હલકો માનીને માન કરે. આહાહા..! સમજાણું કાંઈ? '**કિસી કાર્ય નિમિત્ત કપટ કરે, આહારાદિકમેં લોભ કરે.**' આહાર આવો હોય તો ઠીક. આ મીઠો આહાર આપ્યો, ફલાણું. એ બધો લોભ.

'**યહ ગારવ હૈ વહ રસ, ૠદ્ધિ ઔર સાતા-**' લ્યો! ત્રણ જુદા પાડ્યા. રસ ગારવ, ૠદ્ધિ ગારવ, સાતા ગારવ. '**માનકષાયમેં ગર્ભિત હૈં તો ભી પ્રમાદકી બહુલતા ઈનમેં હૈ...**' ગારવમાં પ્રમાદની વિશેષતા છે. માટે તે ગારવને જુદા પાડવામાં આવ્યા છે. મદ પ્રમાદમાં હોય છે. લ્યો! એનો ખુલાસો પછી વિશેષ નથી કર્યો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- માનમાં ગર્ભિત છે. પણ અર્થમાં જ વિશેષ છે. આમાં પ્રમાદ વિશેષ છે. રસ સારો હોય, શાતા શરીરની અનુકૂળતા હોય અને અભિમાન આવી જાય એ બધી પ્રમાદની વિશેષતા છે. સમજાણું? ૠદ્ધિ. દુનિયા માનતી હોય, પૂજા કરતી હોય, ખમ્મા-ખમ્મા. એ ૠદ્ધિના ગારવ અભિમાન થઈ જાય તો મરી જાય. સમજાણું કાંઈ? આ તો 'ધાર તલવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણસેવા, ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા' ભગવાનની આજ્ઞાનો મારગ એ સેવનામાં રહેવું, દેવના કામ નથી કહે છે.

સમજાણું કાંઈ? આહા..!

'**મદ-જાતિ,...**' જાતિનો મદ, લ્યો! માતા પક્ષનો. '**કુલ,...**' મદ પિતા પક્ષનો. '**લાભ,...**' મદ. આહાહા..! અમારે તો ૫૦-૫૦ લાખ પેદા થાય છે મહિને. અને અમારા દિકરાઓ એવા કર્મી જાગ્યા છે. પૈસાના તો દરેડા વરસે છે. સમજાય છે કાંઈ? એય..! આ બધા અભિમાન. પરની ચીજથી અધિકતા કલ્પીને આત્માને નીચો પાડવો એ મોટું મહા નુકશાનનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! દેહ છૂટવા કાળે આમ શ્વાસ લેતો હોય, બધા ઊભા હોય. એના પૂર્વના પુણ્ય શું કામ કરે ત્યાં? પુણ્ય ફર્યા. શરીરમાં રોગ આવે છે. આહાહા..! કરોડ, બે કરોડ પૈસા, છોકરાઓ છ-છ ઉપાડનારા.

મુમુક્ષુ :- ચાર જ હોય ને.

ઉત્તર :- ચાર અને પછી એક મોઢા આગળ અગ્નિ લઈને અને પાછળ પૂળો લઈને. છ જણ હોય છે. 'મુંબઈ'માં ન હોય. 'મુંબઈ'ની વાત નથી. આ તો અમારે ગામડાની વાત છે. અમારા 'ઉમરાળા'માં હોય ત્યાં. અમારે ત્યાં ઠાઠડી નીકળે ને? નનામી. ચાર નાળીયેર હોય, ભાઈ! ત્યાં અમારે એ રિવાજ છે. ત્યાં દરવાજો છે ને દરવાજો? દરવાજે હેઠે ઉતારે ઠાઠડી. ત્યાં ફોડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમ કે હવે આવીશ નહિ ભાઈસાહેબ ફરીને. ગામમાં આવીશ નહિ. એમ. અમારે દરવાજો છે ને મોટો? મોટો ઉમરાળે. મોટા બે દરવાજા છે. એક દરવાજે .. એક દરવાજે ગઢ. બહાર ઠાઠડી ઉતારે હેઠે. ઠાઠડી સમજો છો? નનામી. ક્યા કહતે હૈં? ઠાઠડી. ચાર નાળિયેર હોય ને? એ ફોડે. પાલખી કહો મડદાને બેસાડવાની. એમ કે મરીને આવીશ નહિ હવે જમવા. અહીં ને અહીં રહેજે હવે. ભૂત થઈને આવીશ નહિ. પહેલા તો રિવાજ હોય એને બહાર કાઢે ને ઘરમાંથી. તો મોઢામાં પાવલી મૂકે. પા રૂપિયો નહિ? ભાઈસાહેબ આવીશ નહિ હવે હોં! આ રૂપિયા માટે. અમારા છોકરા .. બધા. એને અડવા દે નહિ. બે બાજુ હોય ને લાકડા? શું કહેવાય? બારસાખ. આમ અડવા દઈશ નહિ. એટલે અડીને વળી પાછો આવે નહિ ભૂતડો થઈને. આ દુનિયા. જુઓ! એના દીકરા અને આ એના.. એ બધા ધૂતારાની ટોળી છે એમ કહે છે. 'નિયમસાર'માં છે. 'નિયમસાર'માં છે કે આ ધૂતારાની ટોળી મળી છે તને બધી. એ 'શોભાલાલજી'! દીકરા, બાયડી, છોકરા, વહુરુ. બાપુજી! બાપુજી! મારી નાખે બાપુજી કરીને. ધૂતારાની ટોળીયું બધું ભેગી થઈ છે. ધૂતારે ધૂતે છે તને અને તું ખુશી થા છો. ઠીક બાપુ, ઠીક બાપુ.

મુમુક્ષુ :- ઠગમંડળી.

ઉત્તર :- ઠગમંડળી. પાઠ છે. 'નિયમસાર'માં છે. 'નિયમસાર' છે એમાં કળશ છે. કયે પાને હશે એ ખબર નથી. ક્યાં છે? આ 'નિયમસાર'માં નથી? આ બાજુ છે. ધુતારાની ટોળી પણ હવે એ કાંઈ આપણને બધું યાદ હોય છે? અહીં છે. કેટલામી? ૧૯૬. એ આવ્યું ૧૯૬. કોણે કહ્યું?

'**પોતે કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ**

**મૃત્યુમાં પ્રવેશે છે,...'** જન્મમાં એકલો. કોઈ ન મળે. મૃત્યુમાં એકલો કોઈ ન મળે. શરીરના.. **'બીજું કોઈ (સ્ત્રીપુત્રમિત્રાદિક) સુખદુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.'**

મુમુક્ષુ :- સ્ત્રી-કુટુંબને એમ કીધું?

ઉત્તર :- આ બધા દેખો, જુઓ! 'સુમનભાઈ'ને માટે એમ કહ્યું છે. ઓલો આઠ-આઠ હજારનો પગાર લાવે, બાપુજીના પગ દાબે તોપણ? સોમદેવ, પંડિતદેવ થઈ ગયા. સોમદેવ પંડિત એનો શ્લોક છે. 'નિયમસાર'. ૧૦૧ ગાથાનો શ્લોક છે. ૧૦૧ ગાથા. એમાં શ્લોક.

મુમુક્ષુ :- પ્રત્યાખ્યાન અધિકાર?

ઉત્તર :- પ્રત્યાખ્યાન, હા એ નિશ્ચય પ્રત્યાખ્યાન. જુઓ!

**'પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રીપુત્રમિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.'** બાયડી, છોકરા, મિત્રો બધા. હા ભાઈ! હા ભાઈ! તમે તો હોંશિયાર, હોં! મારી નાખે એમ કરીને. ફૂલાઈને ફુલનો ડોડો ચડી જાય માથે. મરી ગયો છે એવા અભિમાન કરીને. એમાં તારા આત્મામાં શું આવ્યું? એય..! 'મનસુખભાઈ'! ઠીક આ તમારે ટોળી આવી છે આ. ઈ ચાર ભાઈઓ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આમાં ઘૂંચવાઈ ગયો.

ઉત્તર :- ઘૂંચવાઈ ગયો. ઓલો કહે, બાપુજી! આહાહા..! ત્યાં જવાબમાં પણ એવું બાપુજી! હં. હા. શું છે પણ આ? કોણ બાપુ? કોણ રાગ? ક્યા બાપા? સંકલ્પ-વિકલ્પની સાથે તારે કાંઈ સંબંધ નથી. તો વળી આ ટોળી સાથે ક્યાં સંબંધ આવ્યો તારે? સમજાય છે કાંઈ? સંકલ્પ અને વિકલ્પ પણ મારા માનનારા મિથ્યાત્વને સેવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, **'રાગ-દ્વેષ પ્રીતિ-અપ્રીતિકો કહતે હૈં, કિસીસે પ્રતીતિ કરના, કિસીસે અપ્રીતિ કરના, ઈસપ્રકાર લક્ષણકે ભેદસે ભેદ કરકે કહા.'** છે ને? લક્ષણના વિશેષથી આ બોલોને ભેદ કરીને કહ્યા. **'મોહ નામ પરસે મમત્વભાવકા હૈ, સંસારકા મમત્વ તો મુનિકે હૈ હી નહીં પરંતુ ધર્માનુરાગસે શિષ્ય આદિમેં મમત્વકા વ્યવહાર હૈ વહ ભી છોડે.'** શિષ્ય સારા જાગશે, શિષ્ય સારા થશે. તારે શું કામ છે હવે શિષ્ય સારો.

મુમુક્ષુ :- ધર્મની પ્રભાવના થાય.

ઉત્તર :- ધર્મની પ્રભાવના અંદરમાં થતી હશે કે બહારમાં થતી હશે? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શુભરાગ આ. શિષ્ય ધર્માત્મા હોય ને શિષ્ય મુનિ? મુનિ-મુનિ ધર્માત્મા. આ શિષ્ય બડા અચ્છા હોગા. ઔર આત્માકા કલ્યાણ કરેગા. સમકિતી, જ્ઞાની, ધર્માત્મા શિષ્ય. એની મમતા છોડ. એ પણ વિકલ્પ છે. એ તારા ધ્યાનમાં દખલ કરનાર છે. આહાહા..! આ તો મોક્ષની વાત છે ને? મૂકાવું છે. શેનાથી? સર્વથા વિકલ્પથી-ભેદથી મૂકાવું એનું નામ મોક્ષ.

મુમુક્ષુ :- ઠગમંડળી...

ઉત્તર :- એ બધી ઠગ મંડળી છે. આહાહા..! બે જણા હોય, દીકરા-દીકરી ન હોય એને તો બહુ મોટો ઠગ મળે. એને તો બાયડી ઉપર આમ આહાહા..! બાયડીને ધણી ઉપર આહાહા..! બધો રાગ ઢોળ્યો એક ઉપર.

મુમુક્ષુ :- પરસ્પર.

ઉત્તર :- .. હોય નહિ. છોકરા હોય, બાયડી હોય તો તો ભાગ રાગ થોડો આ લે, આ લે. ભાગ પાડે રાગમાં. આ તો એકલો રાગ. આહાહા..! કહે છે, ભાઈ! વીતરાગસ્વરૂપ તારું ડહોળાઈ જાય છે. મેલું થઈ જાય છે, પ્રભુ! એ વિકલ્પને છોડીને સ્વરૂપ તરફમાં આવી જા તો ત્યાં તારું ધ્યાન થઈ શકશે. નહિતર આમાં અટકીશ તો આમાં ધ્યાન થઈ શકશે નહિ. એય..! 'ભીખાભાઈ'! ભારે વાત આમાં.

'**શિષ્ય આદિમેં મમત્વકા વ્યવહાર હૈ વહ ભી છોડે.**' ધર્માત્મા શિષ્ય હોય, સંત હોય, જ્ઞાની હોય એ પણ સારા મારા શિષ્ય હતા. એ સારા છે. હવે સારા-નરસા તારે હતો જ કે દિ'? શિષ્ય જ જીવને હોય નહિ ને. સમજાય છે કાંઈ? '**ઈસપ્રકાર ભેદ-વિવક્ષાસે ભિન્ન ભિન્ન કહે હૈં, યે ધ્યાનકે ઘાતક ભાવ હૈં,...**' આહાહા..! '**ઈનકો છોડે બિના ધ્યાન હોતા નહીં હૈ ઈસલિયે જૈસે ધ્યાન હો વૈસે કરે.**' લ્યો! જેમ આત્મામાં એકાગ્ર થવાય એ પ્રમાણે કર. એમ કહે છે. બહારની વૃત્તિમાં અટકે નહિ. બહુ કામ આકરું. એય..! 'મનસુખ'!

---

**आगे इसीका विशेषरूप से कहते हैं :–**

## ગાથા-૨૮

**मिच्छत्तं अण्णाणं पावं पुण्णं चएवि तिविहेण।**
**मोणव्वएण जोई जोयत्थो जोयए अप्पा।।२८।।**

**मिथ्यात्वं अज्ञानं पापं पुण्यं त्यक्त्वा त्रिविधेन।**
**मौनव्रतेन योगी योगस्थः द्योतयति आत्मानम्।।२८।।**

**ત્રિવિધે તજી મિથ્યાત્વને, અજ્ઞાનને, અઘ-પુણ્યને,**
**યોગસ્થ યોગી, મૌનવ્રતસંપન્ન ધ્યાવે આત્મને ૨૮.**

**अर्थ :– योगी ध्यानी मुनि है वह मिथ्यात्व, अज्ञान, पाप-पुण्य इनको मन-वचन-कायसे छोड़कर मौनव्रतके द्वारा ध्यानमें स्थित होकर आत्माका ध्यान करता है।**

**भावार्थ :– कई अन्यमती योगी ध्यानी कहलाते हैं, इसलिये जैनलिंगी भी किसी द्रव्यलिंगके धारण करनेसे ध्यानी माना जाय तो उसके निषेधके निमित्त इसप्रकार कहा है कि–मिथ्यात्व और अज्ञानको छोड़कर आत्माके स्वरूपको यथार्थ जानकर सम्यक् श्रद्धान तो जिसने नहीं किया उसके मिथ्यात्व–अज्ञान तो लगा रहा तब ध्यान किसका हो तथा पुण्य–पाप दोनों बंधस्वरूप हैं इनमें**

**प्रीति–अप्रीति रहती है, जब तक मोक्षका स्वरूप भी जाना नहीं है तब ध्यान किसका हो और (–सम्यक् प्रकार स्वरूपगुप्त स्वअस्तिमें ठहरकर) मन वचनकी प्रवृत्ति छोड़कर मौन न करे तो एकाग्रता कैसे हो? इसलिये मिथ्यात्व, अज्ञान, पुण्य, पाप, मन, वचन, कायकी प्रवृत्ति छोड़ना ही ध्यानमें युक्त कहा है, इसप्रकार आत्माका ध्यान करनेसे मोक्ष होता है।।२८।।**

## ગાથા-૨૮ ઉપર પ્રવચન

**'આગે ઈસીકો વિશેષરૂપસે કહતે હૈં :–'**

**मिच्छत्तं अण्णाणं पावं पुण्णं चएवि तिविहेण।**
**मोणव्वएण जोई जोयत्थो जोयए अप्पा।।२८।।**

પહેલું આ છોડ.. આ છોડ.. કહે છે.

**અર્થ :–** '**યોગી...**' નામ ધર્માત્મા. '**ધ્યાની...**' નામ અંતર સ્વરૂપમાં એકાગ્ર હોવાવાળા '**વહ મિથ્યાત્વ, અજ્ઞાન,...**' પહેલું મિથ્યાત્વ અને અજ્ઞાન છોડવું. એ પછી બીજી વાત. મિથ્યાત્વ અને અજ્ઞાન છોડ્યા વિના મુનિ થાય એ બધા રખડી મરવાના છે એમ અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! ઓલી બાઈએ લખ્યું છે ને બિચારીએ? અરે..! અમારા દેશને આવા આચાર્ય ન હજો. એમ લખ્યું છે. 'રજનીશ' ઉપર. હે પ્રભુ! અમારા દેશને આવા વ્યભિ ચાર્વાક જેવાથી બચાવજો નાથ. એવા આચાર્યો મળ્યા. એય..! આ તમારા. 'ભગવાનદાસ' ... હા પણ તારણસ્વામીમાં જન્મ્યા છે ને એ? પણ એ કાંઈ અમારા પંથમાં હતા એ ના પડાય? પહેલા ત્યાં હતા. ત્યાં પણ બધી મદદ કરી છે ને. 'દાલચંદજી'એ શેની મદદ કરી?

મુમુક્ષુ :– ...અત્યારે કરતા હશે...

ઉત્તર :– હા, એ કહેતા હતા. અત્યારે તો પુણ્ય બહુ ઘણું છે. બિચારી એક બાઈએ પોકાર કર્યો છે, હોં! એની ભગત હતી બાઈ. અરે..! ભગવાન! આવાથી દેશને બચાવજો. ચાર્વાકનો અવતાર નાસ્તિક... સ્ત્રી-પુરુષો નાગા ફરે અને બતીને ઝાંખી કરવી પડે. અર..ર..ર..! આવી કોઈ સજ્જનતાની રીત અને ધર્મને નામે. 'શોભાલાલજી'! બહુ થઈ ગયું. બહુ થઈ ગયું.

મુમુક્ષુ :– એ તો સર્વથા લોકા જાત નહિ બધી?

ઉત્તર :– લોકાજાત બધી. કાલે દાખલો નહોતો આપ્યો ઓલા ચાંપાનો? એવા નીતિવાન. ત્યાં સુધી હતું ભાઈ એમાં. ... દરબારનું હતું. લોકો હોય એવા. પણ પરસ્ત્રીનો એટલો બધો ત્યાગ મગજમાં. સમજાય છે? એ ... આડુ આવ્યું હોય તો એ નાળિયેરનું પાણી પાય. એ .. લઈને બેસે. ... બેનને. પછી ખાય. એવું આવે છે. સમજાણું?

મુમુક્ષુ :– એવી કોઈ સિદ્ધિ હતી?

ઉત્તર :– નહિ, સિદ્ધિ નહિ. એ .. પરસ્ત્રીના ત્યાગની નીતિ એ કાઠી લોકો હોય છે. એ સાંભળ્યું છે. આ નાગરભાઈતો 'નરોતમભાઈ' ... .. ગુજરી ગયો ત્યારે એમ બોલ્યો હતો

'નાગરભાઈ'ને ત્યાં 'સમઢિયાળા'. બાપા! આ તારો દિકરો જાય છે, હોં! પણ તારે દીકરાએ પરસ્ત્રીને કલ્પનામાં-સપનામાં દુઃખી નથી કરી. સંકલ્પ આવ્યો નથી. 'નરોત્તમભાઈ'. એ એવો માણસ લૌકિકમાં એટલો નીતિ વાન. 'નાગરભાઈ'ના દીકરા 'સમઢિયાળા'. નાગરભાઈ એવા હતા. જુવાન. બાપા! તમારો દીકરો જાય છે. પણ આ મનમાં વિકલ્પ લાવ્યો નથી. એવી તો નીતિ હોય ને જીવનની. એ તો લૌકિક જીવન છે. આ તો લોકોત્તર જીવનમાં આત્માનું ધ્યાન કરવું, એ વાત ચાલે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૭૩, ગાથા-૨૯-૩૦, શનિવાર, શ્રાવળ વદ ૧૩, તા.૧૩-૧૨-૭૦

'અષ્ટપાહુડ'માં મોક્ષપાહુડ. ૨૮મી ગાથા.

**मिच्छत्तं अण्णाणं पावं पुण्णं चएवि तिविहेण।**
**मोणव्वएण जोई जोयत्थो जोयए अप्पा।।२८।।**

મોક્ષનો અધિકાર છે ને? મોક્ષનું કારણ શું? એ વાત કહે છે.

**અર્થ :-** '**યોગી ધ્યાની મુનિ હૈ...**' એટલે કે આત્માના મોક્ષને માટે ધ્યાન કરનારો. '**વહ મિથ્યાત્વ, અજ્ઞાન, પાપ-પુણ્ય ઈનકો મન-વચન-કાયસે છોડકર...**' મિથ્યાત્વ, અજ્ઞાન, અચારિત્રમાં પુણ્ય અને પાપ અને યોગમાં મન-વચન અને કાયા, એ બધાને છોડીને અંતરમાં મૌનવ્રત કરીને.. મૌનવ્રત એટલે? અંતરમાં. આમ મૌનવ્રત બહારથી લે એ નહિ. '**ધ્યાનમેં સ્થિત હોકર આત્માકા ધ્યાન કરતા હૈ.**' ભગવાન પરમબ્રહ્મ સ્વરૂપ, આનંદ સત્ સત્ પરમાત્મસ્વરૂપ આત્મા એનું અંતર (ધ્યાન કરે). મિથ્યાત્વ અને અજ્ઞાનનો ત્યાગ કરે એને ધ્યાન હોય એમ કહે છે. સમજાય છે કાંઈ? ... વ્રતાદિ હોય પણ જેણે મિથ્યાત્વ અને અજ્ઞાન છોડ્યા નથી એને કોઈ રીતે ધ્યાન .. હોઈ શકે નહિ. એ ધ્યાન કરવા જાય તો શેનું કરે? મિથ્યાત્વ અને અજ્ઞાન તો પડ્યું છે. એમ કહે છે. કહે છે ને અમારે શેનું ધ્યાન કરવું? પણ એ મિથ્યાત્વ ગયા વિના કોનું ધ્યાન કરવું એ તને ખબર ક્યાંથી પડશે ? સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**કઈ અન્યમતી યોગી ધ્યાની કહલાતે હૈં,...**' દેખો! જૈન સિવાય અન્યમાં યોગી અને ધ્યાની કહાવે, હોં! છે નહિ. કહેવરાવે છે કે અમે ધ્યાની છીએ, અમે યોગી છીએ. '**ઈસલિયે જૈનલિંગી ભી કિસી દ્રવ્યલિંગકે ધારણ કરને સે ધ્યાની માના જાય...**' જૈનમાં પણ કોઈ દ્રવ્યલિંગી નગ્નપણું, પંચમહાવ્રતાદિ ... એ દ્રવ્યલિંગ. '**ઉસકે નિષેધકે નિમિત્ત ઈસપ્રકાર કહા હૈ...**' ખાલી દ્રવ્યલિંગપણું મિથ્યાત્વ અને અજ્ઞાન ટળ્યા વિના ધ્યાનમાં .. એવું નથી. સમજાય છે કાંઈ? પાંચ મહાવ્રતના પરિણામ, સમિતિ-ગુપ્તિના વિકલ્પ રાગ એ મિથ્યાત્વ અને અજ્ઞાન ટળ્યા વિના એ રાગ કાંઈ તને આત્મામાં એકાગ્ર થવામાં મદદ કરે એવું નથી. સમજાય છે કાંઈ?

'**મિથ્યાત્વ ઔર અજ્ઞાનકો છોડકર આત્માકે સ્વરૂપકો યથાર્થ જાનકર સમ્યક્ શ્રદ્ધાન તો જિસને નહીં કિયા...**' વસ્તુ અખંડ અભેદ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું તે. ઐસી ચીજકો

જાનકર મિથ્યાત્વ ઔર અજ્ઞાનકા નાશ જિસને નહિ કિયા, એને ધ્યાન શું? એને વ્રત શું? અને એને ચારિત્ર શું? એ કાંઈ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જૈનમાં પણ અત્યારે કેટલાક અહીંનું ચાલ્યું ને તો નિશ્ચયની વાત સાંભળીને .. ધ્યાન કરો આપણે. ધ્યાન શેનું? જે ચીજ છે એ તો શ્રદ્ધાનમાં-અનુભવમાં તો આવી નથી. સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વ ઔર અજ્ઞાનકો છોડકર આત્માકે સ્વરૂપકો યથાર્થ જાનકર સમ્યક્ શ્રદ્ધાન તો જિસને નહીં કિયા ઉસકે મિથ્યાત્વ-અજ્ઞાન તો લગા રહા તબ ધ્યાન કિસકા હો...'** ઝીણી વાત છે. સૂક્ષ્મ અભિપ્રાયમાં પણ રાગનો ભાગ એ મારો છે, એ મને લાભદાયક છે અને એ કરું છું એ મને ઠીક છે, એવો મિથ્યાત્વભાવ અને અજ્ઞાનભાવ તો એવો છે. એને આત્મા તરફની એકાગ્રતાનું ધ્યાન હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? આ ઈશ્વરકર્તા માનનારા અદ્વૈત બધું છે અને એક છે એમ માનનારા એ બધા મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. ધ્યાનમાં અમે બેસીએ છીએ, ધ્યાન કરીએ છીએ એ બધા એકડા વિનાના શૂન્ય છે. વસ્તુ છે પરમાત્મા અલૌકિક દિવ્યસ્વરૂપ સચ્ચિદાનંદ ભગવાન, એનું તો જેને જ્ઞાન, સ્વનું થયું નથી. અંતરની શ્રદ્ધા આ આત્મા પવિત્રધામ .. છે એવી શ્રદ્ધા પણ જેને અંતરમાં થઈ નથી અનુભવમાં, એ કોનું ધ્યાન કરે? '**તબ ધ્યાન કિસકા હો...**' બરાબર છે? લ્યો, આ મોક્ષમાર્ગમાં આ લખ્યું મોક્ષનું. જેને હજી એકાંત બુદ્ધિ છે. દ્રવ્ય જ માને, પર્યાય ન માને, પર્યાય માને, દ્રવ્ય ન માને, બધું એક છે એમ માને અને પંચમહાવ્રતાદિના વિકલ્પ જે છે એ મને લાભદાયક છે એમ માને ત્યાં સુધી તો મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. એ.. શેઠ!

મુમુક્ષુ :- પંચ મહાવ્રતકા રાગ...

ઉત્તર :- રાગ એ આસ્રવ છે. વૃત્તિ ઉઠે છે ને? વૃત્તિ ઊઠે છે. આ જીવને ન મારું, આ જીવને દુઃખ ન દઉં, સાચું બોલું, શરીરથી બ્રહ્મચર્ય પાળું, ચોરી ન કરું, પરિગ્રહ લંગોટી પણ ન રાખું એવી તો વૃત્તિ ઊઠે છે. વૃત્તિ છે એ તો રાગ છે, આસ્રવ છે. સમજાય છે કાંઈ? જેને આસ્રવતત્ત્વથી જ્ઞાયકતત્ત્વ ભિન્ન શ્રદ્ધા અને જ્ઞાનમાં આવ્યું નથી એ એના તરફના વલણનું ધ્યાન શી રીતે કરશે? એમ કહે છે. સમજાણું કાંઈ?

વાસ્તવિક મિથ્યાત્વ શલ્ય છે એ ગયું નથી. આવે છે ને 'તત્ત્વાર્થસૂત્ર'માં? નિઃશલ્યો વૃત્તિ. વૃત્તિ હોય તે નિઃશલ્ય હોય છે. એને મિથ્યાત્વશલ્ય હોય નહિ. મિથ્યાત્વશલ્ય હોય અને વૃત્તિ થાય તો એ વૃત્તિ છે નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? ધ્યાન કરો. ૐનું ધ્યાન કરો, ૐ જાપ જપો અથવા વિકલ્પથી શૂન્ય થઈ જાઓ, શૂન્ય થઈ જાઓ. પણ શૂન્ય શું થાય? વસ્તુ શું છે? સચ્ચિદાનંદ અસ્તિતત્ત્વ, મહાઅસ્તિ તત્ત્વ ચૈતન્ય જ્ઞાયકબિંબ પ્રભુ એની તો શ્રદ્ધા અને જ્ઞાનની ખબર નથી અને પછી કહે કરો ધ્યાન. રાગનું ધ્યાન છે ત્યાં. આહાહા..! સમજાય છે કાંઈ? વિકલ્પમાં રાગ છે એનું ધ્યાન છે, આર્તધ્યાન છે.

આવે છે ને? બાર પ્રકારના તપ અનંતવાર કર્યા અને ધ્યાન પણ આવ્યું છે. ધ્યાનનો અર્થ અંતરમાં એકાગ્ર થાવું. પણ અંતર વસ્તુ શું છે? જેવી રીતે સર્વજ્ઞ પરમેશ્વરે કહી એવી રીતે આત્માનું અંદર જ્ઞાન થયું નથી, શ્રદ્ધા થઈ નથી. પછી ધ્યાન કોનું કરવું? ધ્યેય કોને લક્ષમાં લેવું? લક્ષમાં લેવા જેવી જે ચીજ છે તેની દૃષ્ટિ અને એનું જ્ઞાન થયું નથી. એને જ્ઞાન

ને શ્રદ્ધા વિના કોનું ધ્યાન? શેમાં ધ્યાન કરવું? રાગમાં? સમજાણું કાંઈ? ... સર્વજ્ઞથી વિરૂદ્ધવાળા મત છે એ મતના અભિપ્રાયવાળા ધ્યાન કરવા બેસે એ શેનું ધ્યાન કરે? વસ્તુની તો ખબર નથી. સમજાણું કાંઈ? ક્યાં બાણ મારવું એ નિશાનની તો ખબર નથી. કોને ધ્યેય કરીને સ્થિર થવું એની ખબર નથી. સમજાણું કાંઈ? જુઓ! આ અત્યારે પ્રયોગ કરે છે ને? 'રજનીશ'. દાંત કાઢવા.... આ તે શું છે પણ? આવો ઢોંગ? એય શેઠ! તમારા સંપ્રદાયમાં હતા એ.

મુમુક્ષુ :- રાજી કરવા..

ઉત્તર :- .. જૂના હતા એમ કહે છે. શૂન્ય થાઓ, શૂન્ય થાઓ. ધ્યાન કરો. કોનું ધ્યાન? ગાંડાનું? પાગલનું? પાગલ જેવા દાંત કાઢે. આવ્યા હતા ને છોકરાઓ? .. માણસો, બાયુ.

મુમુક્ષુ :- બધાને...

ઉત્તર :- .. નહિ એને એ વાત એને એ ભાન નથી કે આ ચીજ શું છે અને એ ચીજની પ્રાપ્તિ કેમ થાય. ખબર નથી એટલે ઊંધે રવેડે રસ્તે ચડી ગયો. અને માણસો એવા મળે આવા પાંચસો-પાંચસો માણસ બાયુ અને આદમી.. ઓહોહો..! શિબિર કાઢી છે. દીક્ષાર્થી થાવું.

મુમુક્ષુ :- યોગ સીખાતે હૈં.

ઉત્તર :- યોગ? યોગ.. યોગ અંદર. યોગ એટલે? યોગ એટલે જોડાણ. પણ કોની સાથે જોડાણ? ચીજ શું છે એની તો ખબર નથી. યોગનો અર્થ આવે છે આપણે 'નિયમસાર'માં. 'નિયમસાર'માં યોગ આવે છે. આમ તો શાસ્ત્રમાં એકે એક વાત આવે છે. 'નિયમસાર'માં કહે છે કે યોગ એટલે શું? જેની સાથે જોડાણ કરવું. જોડાણ કોની સાથે કરવું ? વસ્તુની તો ખબર નથી. સમજાય છે કાંઈ?

અખંડ પરિપૂર્ણ શુદ્ધ દ્રવ્ય જ્ઞાયકભાવ પરમાનંદની મૂર્તિ અનંત અનંત આનંદનું ધામ એવો નિજ પરમાત્મા. આવ્યું છે ને? ૩૨૦ ગાથા. ૩૨૦. સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ (પરમ)પારિણામિક પરમભાવ લક્ષણ ઐસા શુદ્ધ નિજ આત્મદ્રવ્ય નિજ આત્મા દ્રવ્ય, નિજ પરમાત્મ દ્રવ્ય, નિજ પરમાત્મ દ્રવ્ય. એક ફેરી આવ્યા હતા. 'શોભાલાલજી'! ૩૨૦. છેલ્લી, છેલ્લી લીટી. નિજ પરમાત્મદ્રવ્ય ભગવાન એકલો અતીન્દ્રિય આનંદનો રસકંદ પૂર્ણાનંદનો નાથ એવી અંતર દૃષ્ટિ ને જ્ઞાન થયા નથી, એ ધ્યાન કરવા બેસે એ કોનું કરશે? આકાશના ફૂલ જેવું ધ્યાન નિવડશે એને એમ કહે છે. વાસ્તવિક આત્મા અને વાસ્તવિક આત્માનો સ્વભાવ જાણ્યા અને શ્રદ્ધયા વિના, અંતર જાણ્યા અને શ્રદ્ધયા વિના, હોં! '**ધ્યાન કિસકા હો...**' એક બોલ થયો.

મિથ્યાત્વ અને અજ્ઞાન છોડ્યા વિના પોતાનો નિજ સ્વભાવ ભગવાનઆત્મા અનંત અપરિમિત જ્ઞાન, અનંત અપાર શ્રદ્ધાસ્વભાવ હોં! ત્રિકાળ. અનંત અખંડ આનંદ, અનંત બેહદ જેનું વીર્ય એવો જે સ્વભાવ ભગવાનઆત્મા એ દ્રવ્ય ને ગુણે પૂરો (છે), એવું અંતર જ્ઞાન પર્યાયમાં, શ્રદ્ધામાં આવ્યું નથી એ કોના તરફ ઝુકીને કોનું ધ્યાન કરશે? કોના તરફ વલણ કરીને કોને પકડશે? સમજાણું કાંઈ? મોક્ષ અધિકાર છે ને.

મુમુક્ષુ :- ધ્યાનમેં વિચાર ...

ઉત્તર :- પહેલા વિચાર થાય એ ધ્યાન નથી. ધ્યાનમાં તો નિર્વિકલ્પ અનુભવ થવો એ ધ્યાન છે. શેઠ! જરી ઝીણી વાત છે આ. રાગના વિકલ્પ છૂટીને આત્મા નિર્વિકલ્પ આનંદમૂર્તિ છે એનો આશ્રય કરતાં નિર્વિકલ્પ પર્યાય પ્રગટ થાય, નિર્વિકલ્પ આનંદનું સ્વરૂપ પ્રગટ થાય એ ધ્યાન છે. ઝીણી વાત છે. વિકલ્પથી અને વિચારથી પણ પ્રાપ્ત થાય એવો નથી. સમજાય છે કાંઈ? આ તો ... વાત છે.

આ તો મોક્ષ પ્રાભૃતની વાત છે. મોક્ષ એટલે પરમાનંદની પ્રાપ્તિ. મોક્ષ એટલે કાંઈ મોક્ષ .. ચીજ નથી. અનંત-અનંત આનંદ, અનંત બેહદ જ્ઞાન, અનંત બેહદ દર્શન, અનંતવીર્ય આદિ અનંતગુણની શક્તિરૂપ ભગવાનઆત્મા, એની વ્યક્તતારૂપ પૂર્ણતા એનું નામ મોક્ષ. એ મોક્ષને માટે મિથ્યાત્વ અને અજ્ઞાન ટળ્યા વિના મોક્ષનો માર્ગ ધ્યાનમાં આવી શકે નહિ. સમજાણું કાંઈ? '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' ૪૭ ગાથા છે. 'દ્રવ્યસંગ્રહ'. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' ધ્યાનમાં બેય મોક્ષમાર્ગ પામે છે. ધ્યાનની તો ખબર ન મળે ધ્યાન કોનું કરવું? કોણ છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ? એક વાત.

બીજી વાત. મિથ્યાત્વ અને અજ્ઞાન ટળ્યા વિના સ્વસ્વરૂપની દૃષ્ટિ અને ધ્યાન થઈ શકે નહિ. એક વાત. બીજી વાત ચારિત્રમાં પુણ્ય અને પાપ. જે મિથ્યાત્વ હતું એ અજ્ઞાન હતું અને આ પુણ્ય અને પાપ અચારિત્ર. કહે છે, '**દોનોં બંધસ્વરૂપ હૈં...**' પુણ્ય અને પાપ બેય બંધસ્વરૂપ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, ભગવાનની ભક્તિ, ભગવાનને વંદન કરવા, સિદ્ધ ભક્તિ વગેરે એ બધો વિકલ્પ અને રાગ છે. એ પુણ્ય છે. સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપ. બેય પુણ્ય અને પાપ એ બંધસ્વરૂપ છે. એને જ્યાં સુધી ન છોડે ત્યાં સુધી એને આત્માનું ધ્યાન થઈ શકે નહિ. દૃષ્ટિમાંથી, હોં! સમજાય છે કાંઈ? પુણ્યનો, પાપનો પ્રેમ રહે ત્યાં સુધી પુણ્ય-પાપથી રહિત આત્માનું ધ્યાન કરી શકે નહિ. એમ કહે છે. ભારે મારગ, ભાઈ!

'**પુણ્ય-પાપ દોનોં બંધસ્વરૂપ હૈં...**' એય 'પ્રકાશદાસજી'! આ પંચમહાવ્રતના પરિણામ એ પુણ્ય છે એમ કહે છે, બંધસ્વરૂપ છે. ભારે વાત! ભગવાન ચૈતન્ય સાહેબો નિર્વિકલ્પ આનંદનો કંદ એમાંથી પંચમહાવ્રતના વિકલ્પ ઊઠે એ પણ આસ્રવ અને બંધનું કારણ છે. આહાહા..! સાંભળ્યું હતું અત્યાર સુધી? સાંભળ્યું હતું પહેલા અત્યાર સુધી? આહાહા..! અમારા 'હીરાજી' મહારાજ હતા. ... અમે સાધુ છીએ, એમ કહે. અમારે આમ હો. એ બિચારા બહુ .. આ વસ્તુ ... અમારા સંપ્રદાયના ગુરુ હતા ને? 'હીરાજી મહારાજ'. બહુ શાંત, કષાય મંદ, બ્રહ્મચારી અને ખાનદાનનો ઊંચો, લૌકિકમાં. એને અંદરમાં .. અરે..! અમે સાધુ છીએ, અમારે આ ન હોય. એને અંદરથી થાય છે, હોં! પણ વસ્તુની ખબર ન મળે. સમજાણું કાંઈ? આહાહા..! (સંવત) ૧૯૭૦માં ... ...૧૯૭૦ની દીક્ષા થઈ ને? દીક્ષા થઈને જાવું હતું. જૂનાગઢ. એમાં .. તકરાર થઈ બહુ મોટી. 'મૂળચંદજી' .. એમ બોલ્યા એક ફેરી. મારી દીક્ષા હજી પંદર દિ' ની હતી. એ આપણને આ ન શોભે, હોં! એમ કહે. આપણે આમ કરશું તો આપણને કહેશે કોણ? પણ આ ચીજ નહીં. આપણે આમ કરશું તો આપણને કહેશે

કોણ? પણ આ ચીજની ખબર નહિ. સમજાય છે કાંઈ? નિર્દોષ આહાર-પાણી લે. .. ટુકડો પણ ન લે. બહુ એની ક્રિયા આકરી. સખત ક્રિયા. પણ એ ક્રિયા મિથ્યાત્વ અને અજ્ઞાનના નાશ વિના એ ક્રિયા શું ગણતરીમાં? સમજાય છે કાંઈ? એ તો અભવિ પણ એવી ક્રિયા તો કરે છે. સમજાણું કાંઈ?

કહે છે કે પુણ્ય અને પાપ બંધસ્વરૂપ છે. આહાહા..! અવ્રતનો ભાવ એ પાપસ્વરૂપ છે અને પંચમહાવ્રતનો ભાવ એ પુણ્યસ્વરૂપ છે. બેય બંધસ્વરૂપ છે. આહાહા..! એનો પ્રેમ અને રુચિ જ્યાં સુધી છે ત્યાં સુધી સ્વભાવ સન્મુખ થઈ શકશે નહિ. માટે કહે છે મિથ્યાત્વ અજ્ઞાન ટાળી અને પછી પુણ્ય-પાપનો પ્રેમ ટાળી, પુણ્ય-પાપની રુચિ ટાળી અને સ્વભાવનું ધ્યાન થઈ શકે. નહિતર સ્વભાવનું ધ્યાન થઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**ઈનમેં પ્રીતિ-અપ્રીતિ રહતી હૈ,...**' પુણ્યમાં પ્રેમ અને પાપમાં અપ્રેમ રહે '**જબ તક મોક્ષકા સ્વરૂપ ભી જાના નહીં હૈ...**' ઉપર છે. ગુજરાતી છે ગુજરાતી. ગુજરાતી છે. એય..! 'પ્રકાશદાસજી'! આ બહુ ઊંચું છે. વાંચે તો ખરા. ૨૮મી ગાથા છે ને. ૨૮ ગાથા. સમજાય છે કાંઈ? પુણ્યમાં પ્રેમ અને પાપમાં દ્વેષ. આહાહા..! શુભરાગ, દયા, દાન, વ્રત, પૂજા, નામસ્મરણ વગેરે એવા પુણ્યમાં પ્રેમ રહે તો પાપમાં એને દ્વેષ થાય. સમજાય છે કાંઈ? '**જબ તક મોક્ષકા સ્વરૂપ ભી જાના નહીં હૈ...**' જેને પુણ્યનો પ્રેમ (છે) એણે મોક્ષનું સ્વરૂપ જાણ્યું નથી. આહાહા..! .. બધો અર્થ .. ચાલે. ગાથામાં ... ... ... સમજાય છે કાંઈ?

એક તો મિથ્યાત્વ અને અજ્ઞાનના સ્વરૂપને જાણ્યા વિના અને એને છોડ્યા વિના આત્મા તરફ વલણ થઈ શકે નહિ. પુણ્યના પ્રેમવાળાને આત્માનું અંતર વલણ થઈ શકે નહિ. કારણ કે જ્યાં પ્રેમ છે ત્યાં એનું ધ્યેય છે અને ત્યાં એની રુચિ જાય છે. રુચિ અનુયાયી વીર્ય. જેને શુભરાગનો પ્રેમ છે એની રુચિ અનુયાયી વીર્ય. એનો પુરુષાર્થ ત્યાં કામ કરે. મિથ્યાત્વમાં, રાગમાં કામ કરશે, આત્મામાં કામ કરી શકશે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**જબતક મોક્ષકા સ્વરૂપ ભી જાના નહીં હૈ તબ ધ્યાન કિસકા હો...**' આહાહા..! અંતરમાં રુચિમાં પોસાણ, પુણ્યનું પોસાણ છે, ધંધામાં પુણ્યનું પોસાણ વેપાર આ વ્યવહાર છે ને એ બધો? એ વ્યવહાર-ધંધો બધો કહેવાય. એ વ્યવહાર-પુણ્યના પરિણામમાં જેને પોસાણ છે, પ્રેમ છે એને આત્માનો પ્રેમ અને આત્માની ધ્યાનદશા નહિ લાગે. આહાહા..! સમજાણું કાંઈ? એ અંતર સ્વરૂપ તરફની રુચિ કરી અને અંતર એકાગ્ર નહિ થઈ શકે. આહાહા..! '**જાના નહીં હૈ તબ ધ્યાન કિસકા હો...**' અર્થ પણ બહુ સરસ કર્યો છે.

ત્રીજો બોલ. '**મન વચનકી પ્રવૃત્તિ છોડકર મૌન ન કરે...**' અંદરમાં વિકલ્પના મન-વચન-કાયા તરફના વિકલ્પ છોડીને અંતરમાં ઠરવા ન માગે ત્યાં સુધી એને ધ્યાન થઈ શકે નહિ. મનની-વચનની પ્રવૃત્તિ... પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ... પ્રવૃત્તિ... પ્રવૃત્તિ... પ્રવૃત્તિ... પ્રવૃત્તિ... વિના ગોઠે નહિ એને. કાંઈ મનથી કાંઈ બોલવું, કાંઈક વાંચવું, કાંઈક આ કરવું.. આ કરવું.. એવી પ્રવૃત્તિ મન-વચન-કાયાની જેને રુચે છે, ગોઠે છે. પ્રવૃત્તિનો જેને રસ લાગ્યો છે એ નિવૃત્તિ કરીને આત્માનું ધ્યાન નહિ કરી શકે. 'ભીખાભાઈ'! આવી વાત છે.

**'મન વચનકી પ્રવૃત્તિ છોડકર મૌન ન કરે તો એકાગ્રતા કૈસે હો?'** સમજાણું કાંઈ? જેને બીજા સાથે વાતું કર્યા વિના ગોઠે નહિ, એકલા રહેવું ગોઠે નહિ એ એકલો આત્મા એમાં ધ્યાનમાં શું કરી શકે? એમ કહે છે. સમજાણું કાંઈ? **'ઈસલિયે મિથ્યાત્વ, અજ્ઞાન, પુણ્ય, પાપ, મન, વચન, કાયકી પ્રવૃત્તિ છોડના હી ધ્યાનમેં યુક્ત કહા હૈ,...'** લ્યો! આહાહા..! જવાબદારી મોટી છે. જવાબદારી નહિ, વસ્તુનું સ્વરૂપ એમ છે. સમજાણું કાંઈ? હળવો ભગવાનઆત્મા પુણ્ય અને પાપના વિકલ્પ વિનાનો એ હળવી ચીજના ધ્યાનમાં પુણ્યનો અને પાપનો બોજો લાગે. સમજાણું કાંઈ? ભાર લાગે. છે ને આ? પંચમહાવ્રતનો ભાર રહે છે. આત્માના ભાન વિના પંચમહાવ્રતના ભાવ ક્લેશ-ક્લેશ છે, એ તો રાગ છે. પંચમહાવ્રતના પરિણામ ક્લેશ છે, રાગ છે. આહાહા..! નિર્જરા અધિકારમાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહે છે ને. એ માટે તો આ કહેવાય છે. આ તમે લોકો .. આવ્યા છો ને. ...એ બધે ચાલે છે. ... શ્રદ્ધા એ જ હતી. સમજાય છે? આ સંપ્રદાયમાં પણ ક્રિયાકાંડ ... પણ આ નહિ. ક્રિયાકાંડ એકલી. હીરાજી મહારાજ ... પાંચ-પાંચ ગાઉનો વિહાર કરીને આવે. પોતે જાતે વ્હોરવા જાય. મારવાડના. પાલી.. પાલી. ... રોટલા માટે. આમ ને આમ .. કોરે કોરો .. સંપ્રદાયની દૃષ્ટિ પણ .. તત્ત્વની વાત તો હતી જ ક્યાં ? વાત કાને પડી નહોતી એને. એવા હીરાજી મહારાજ એટલે હીર. હિન્દુસ્તાનનો હીરો અને હીરા એટલા હીર બાકી સૂતરના ફાળકા. સૂતરના ફાળકા. શું છે આ? ખબર છે કે નહિ? એમના ... પણ .. બહુ ન માને પણ એમના બાપના ગુરુ. એના બાપના ગુરુ. સર્પ ..કરડીને આવ્યા હતા, એના બાપને સર્પ કરડ્યો. ... હીરાજી મહારાજ પાસે આવ્યા .. એવી છાપ. આકરો નહિ હોય મૂળ તો. એવી છાપ બહુ હતી. વચનસિદ્ધિ જેવી છાપ, હોં! સર્પ મોટો .. એકદમ મોટી ... ભાઈ! બહુ શાંતિથી બોલે. ... નહિ. સર્પ કરડ્યો નહિ. .. 'હિંમતભાઈ'ના પિતા. અહીં નથી બેસતા? એવી છાપ હતી. સર્પ બહુ આકરો સર્પ દુકાનમાંથી. ... નીકળેલો. કરડ્યો નહિ. એટલી છાપ. ..વાળો હતો. મહારાજ! ... 'મુંબઈ' જાઉં. ... એવી છાપ હતી.

આ ધર્મની વાત કાને નહિ પડેલી. આ તમારા પંચમહાવ્રતના વિકલ્પો રાગ છે, પુણ્ય છે, બંધનું કારણ છે, ઝેર છે અને જડની ક્રિયા આત્મા કરી શકે નહિ એ વાત કાને પડી નહોતી. આવો મોંઘો ધર્મ છે, ભાઈ! આ તો દુર્લભતાની અપેક્ષાએ વાત ચાલે છે, હોં! સમજાણું? ૪૬-૪૬ વર્ષ સુધી દીક્ષા પાળી. ચાર અને છ વર્ષ છેતાલીસ વર્ષ. ૪૮, ૫૮ વર્ષે જંગલમાં દેહ છોડી દીધા રસ્તામાં.

મુમુક્ષુ :- આપને નહિ...

ઉત્તર :- ત્યાં કે દિ' ભાન હતું અહીંનું? પણ એ ચાર વર્ષની દીક્ષા. ૭૦ અને ૭૪. ૧૯૭૪માં તો ગુજરી ગયા. અહીં તો એ કહેતા એ માનતા. બીજું હતું કે દિ'? ૧૯૭૪માં ગુજરી ગયા. ઘણા વર્ષ. કેટલા વર્ષ થયા? ૫૨. પણ ૫૨ વર્ષ. આહાહા..!

આ તો ભગવાન અંતરમાંથી જાગીને ઉઠ્યો હોય એને ખબર પડે. કોઈની અપેક્ષા જેને નથી એવી વાત છે આ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા કહે છે કે જેને પુણ્યના, પાપના

પ્રેમ જીવનમાં છે અને જેને મિથ્યાત્વનું શલ્ય સૂક્ષ્મપણે રહી ગયું છે એ આત્મા તરફનો ઝુકાવ નહિ કરી શકે. ચાહે તો જૈન મુનિ સાધુ હો, અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખા પાળે. એ તો અત્યારે (છે નહિ) સમજાણું કાંઈ? વ્યવહારના પણ ઠેકાણા નથી. પ્રાણ જાય તો એની માટે કરેલો આહાર ન લે. તોપણ કહે છે એમાં ધર્મ માન્યો, એ ધર્મ છે એ મિથ્યાત્વનું મોટું પાપનું શલ્ય છે. 'ગોદીકાજી'! આહાહા..!

**'મિથ્યાત્વ, અજ્ઞાન, પુણ્ય, પાપ, મન, વચન, કાયાકી પ્રવૃત્તિ છોડના હી ધ્યાનમેં યુક્ત કહા હૈ ઈસપ્રકાર આત્માકા ધ્યાન કરેનેસે મોક્ષ હોતા હૈ.'** લ્યો! એવો ભગવાનઆત્મા પહેલો જાણી, શ્રદ્ધા કરી પછી એનું ધ્યાન થઈ શકે. .. સમકિત આવું હોય સ્વભાવ તરફનું ધ્યાન કરે તોપણ સમ્યગ્દર્શન.. માને. સમકિત .. નિર્વિકલ્પ સમકિત એનું ધ્યેય ભગવાનઆત્મા, એમ અંતરના વલણમાં .. સમકિત પામી જાય. સમજાય છે કાંઈ?

---

**आगे ध्यान करनेवाला मौन धारण करके रहता है वह क्या विचारकर रहता है, यह कहते हैं :–**

## ગાથા-૨૯

**जं मया दिस्सदे रूवं तं ण जाणादि सव्वहा।**
**जाणगं दिस्सदे [1]णेव तम्हा जंपेमि केण हं।।२९।।**

**यत् मया दृश्यते रूपं तत् न जानाति सर्वथा।**
**ज्ञायकं दृश्यते न तत् तस्मात् जल्पामि केन अहम्।।२९।।**

**દેખાય મુજને રૂપ જે તે જાણતું નહિ સર્વથા,**
**ને જાણનાર ન દશ્યમાન; હું બોલું કોની સાથમાં? ૨૯.**

**अर्थ :– जिस रूपको मैं देखता हूँ वह रूप मूर्तिक वस्तु है, जड़ है, अचेतन है, सब प्रकारसे कुछ भी जानता नहीं है और मैं ज्ञायक हूँ, अमूर्तिक हूँ। यह तो जड़–अचेतन है सब प्रकारके कुछ भी जानता नहीं है, इसलिये मैं किससे बोलूँ?**

**भावार्थ :– यदि दूसरा कोई परस्पर बात करनेवाला हो तब परस्पर बोलना संभव है, किन्तु आत्मा तो अमूर्तिक है उसको वचन बोलना नहीं है और जो रूपी पुद्‌गल है वह अचेतन है, किसीको जानता नहीं देखता नहीं। इसलिये ध्यान करनेवाला कहता है कि–मैं किससे बोलूँ? इसलिये मेरे मौन है।।२१।।**

---

१. पाठान्तर :– णं तं, णंत।

## ગાથા-૨૯ ઉપર પ્રવચન

**'આગે ધ્યાન કરનેવાલા મૌન ધારણ કરકે રહતા હૈ વહ ક્યા વિચાર રહતા હૈ,...'** ધ્યાન કરવાવાળા મૌનપણે બેસે છે, કેવો વિચાર કરીને રહે છે? 'સમાધિશતક'માં પણ એમ છે. 'સમાધિશતક'ની ગાથા ૧૮ અને અહીં ૨૯. 'સમાધિશતક' 'પૂજ્યપાદસ્વામી'. એમાં આ ગાથા આવી છે.

**जं मया दिस्सदे रूवं तं ण जाणादि सव्वहा।**

**जाणगं दिस्सदे [१]णेव तम्हा जंपेमि केण हं।।२९।।**

**અર્થ :- 'જિસ રૂપકો મૈં દેખતા...'** જેને હું દેખું છું એ તો જડ છે. કોની સાથે હું વાત કરું? ભગવાન અરૂપી ચૈતન્ય છે એ તો દેખાતો નથી. સમજાણું કાંઈ? પણ એ વિકલ્પ જ ક્યાં છે કે સાંભળીને હું .. રહું? સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! આવી રમતું છે. **'જિસ રૂપકો મૈં દેખતા હૂં વહ રૂપ મૂર્તિક વસ્તુ હૈ, જડ હૈ, અચેતન હૈ, સબ પ્રકારસે કુછ ભી જાનતા નહીં હૈ...'** શરીર ને વાણી એ તો જડ છે બિચારા. એ તો કાંઈ જાણતા નથી. હું કોને સંભળાવું? સમજાણું કાંઈ?

**'કુછ ભી જાનતા નહીં હૈ ઔર મૈં જ્ઞાયક હૂં, અમૂર્તિક હું. યહ તો જડ-અચતેન હૈ સબ પ્રકારસે કુછ ભી જાનતા નહીં હૈ, ઈસલિયે મૈં કિસસે બોલું?'** હું તો જ્ઞાયક છું. અને સામે અંતર આત્મા પણ જ્ઞાયક છે. જ્ઞાયક વસ્તુ સાંભળતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ સાંભળવાનો જેમ વિકલ્પ છે અને સાંભળે છે એ આત્મા નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! દિગંબર સંતોએ ગજબ કામ કર્યા છે! સિદ્ધને હેઠે ઉતાર્યા છે. .. ત્યાં. એકવાર ... આહાહા..!

'રામચંદ્રજી' લે છે ને? 'રામચંદ્રજી' એ એવી વાત કરી. 'રામચંદ્રજી' નાના હતા ત્યારે અગાસીમાં બેઠા હતા. બેઠા બેઠા ચંદ્ર સામું જોવે છે. આમ કરે છે અને રોવે છે. એ નીચે નથી ઉતરતો એટલે રોવે છે. કહે છે .. 'રામચંદ્રજી' .. .. છોકરાનો .. નથી. છોકરાને .. નહિ. એ કામ મારું છે નહિ? શું છે દેખો. એ વિકલ્પ .. છે 'રામચંદ્રજી' ચરમશરીરી છે. છેલ્લો દેહ છે. એને મોક્ષ જાવું છે આ દેહ છોડીને. ... રોવે છે કેમ? મૂળ તો રમતા-રમતા ચંદ્ર દેખ્યો ને, ... ચંદ્ર સમજ્યા? આવે છે ને? ... માડી મને ચંદ્રમાં ... .. જળમાં નાખો. આમ જોવે તો. .. બેઠા ... અરીસામાં ચંદ્ર આવી ગયો. .. અહીંથી લીધો. ... સિદ્ધના હતા. એ ભગવાન પૂર્ણાનંદની પવિત્રતા મારા ... સમજાય છે કાંઈ? ... મોટા પુરુષની રમતું છે ને. આહાહા..! .. મોક્ષ પામીને મુક્તિ થઈ જશે. સમજાણું?.. રોતા હતા.

એમ જેને મોક્ષની ઝંખના થાય છે... આહાહા..! પૂર્ણાનંદ .. સિદ્ધ તે સિદ્ધ જેવા એને ઉપમા શું છે? એવી જેને અંતરમાં ભાવના જાગે છે એ સિદ્ધપણું અંતરમાં ઉતારવા માગે છે. એ સિદ્ધ જ છે. સિદ્ધ સમાન સદા પદ મેરો. આહાહા..! ... 'સિદ્ધ સમાન સદા...' હું તો નાથ પ્રભુ ચૈતન્ય ભગવાન ત્રિકાળી છું. સમજાણું કાંઈ? કહે છે કે હું કોને આ વાત કરું? સાંભળનારાઓ બીજા જડ, કોઈ સાંભળે નહિ .. એ તો જાણનાર પડ્યો અંદર. સમજાય છે

કાંઈ? અને હું .. આ અને મારો આત્મા જે અંદર છે એ તો .. નથી. અને વાણી નીકળે એ કાંઈ આત્માની નથી. સમજાય છે કાંઈ?

**'मैं ज्ञायक हूं, अमूर्तिक हूं. यह तो जड-अचेतन है सब प्रकारसे कुछ भी जानता नहीं है,...'** આહાહા..! ઓલો વિકલ્પ ઊઠે ને સાંભળનારને, એ વિકલ્પ કાંઈ જાણે નહિ. .. કાંઈ જાણે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'પૂજ્યપાદસ્વામી'ની ગાથા... 'કુંદકુંદાચાર્ય'ના ઘણા ભાવ લીધા. ઘણાં બીજડાં 'કુંદકુંદાચાર્ય'માંથી નીકળે છે. સમર્થ આચાર્ય. ક્ષયોપશમ એટલો અને ... ... ... પાર કરવાની રીત .. .. સમજાય છે કાંઈ? **'ईसलिये मैं किससे बोलुं?'**

**ભાવાર્થ :– 'यदि दूसरा कोई परस्पर वात करनेवाला हो तब परस्पर बोलना संभव है,...'** મારા જેવો બીજો જ્ઞાનસ્વરૂપી હોય તો એની સાથે બોલું. જ્ઞાનસ્વરૂપી .. જ છે. એ બોલે નહિ. અને બોલું એ હું આત્મા નહિ. ... વિકલ્પરૂપી .. પરનું કોની સાથે હું વાત કરું? એમ. ઉપદેશમાં પણ વિકલ્પ ઊઠે અને વિકલ્પ કર્મબંધનું કારણ છે. આહાહા..! અને સાંભળનારને પણ વિકલ્પ સાંભળે એ પણ બંધનું કારણ છે. એમ એ કહે છે. હવે એનું .. બતાવવું છે. સમજાણું કાંઈ? **'आत्मा तो अमूर्तिक है उसको वचन बोलना नहीं है...'** ભગવાન અરૂપી, વચન એના છે નહિ. વચન તો જડના છે. **'और जो रूपी पुद्गल है वह अचेतन है, किसीको जानता नहीं देखता नहीं.'** પુદ્ગલ તો જાણે-દેખે નહિ, કોને કહું? અને આત્મા અમૂર્તિકમાં વચન નહિ. **'ईसलिये ध्यान करनेवाला कहता है कि – मैं किससे बोलुं? ईसलिये मेरे मौन है.'** આ અપેક્ષાએ, હોં! મૌન કરીને ધ્યાનમાં આવવા માટે છે આ. અમથી વાતમાં મૌન કરે એ કાંઈ .. નથી. સમજાણું કાંઈ? એ તો વાણી વાણીને કારણે મૌન રહી. એને ઠેકાણે હું મૌન રહ્યો એ મિથ્યાત્વના અભિપ્રાય થયા. સમજાણું કાંઈ? આ તો અંતરમાં બીજાને સમજાવવામાં વિકલ્પ ન આવે અને રાગનો .. એ માટે .. આ ભાવના છે.

---

**अब कहते हैं कि इसप्रकार ध्यान करनेसे सब कर्मोंके आस्रवका निरोध करके संचित कर्मोंका नाश करता है :–**

## ગાથા-૩૦

**सव्वासवणिरोहेण कम्मं खवदि संचिदं।**
**जोयत्थो जाणए जोई जिणदेवेण भासियं।।३०।।**

सर्वास्रवनिरोधेन कर्म क्षपयति संचितम्।
योगस्थः जानाति योगी जिनदेवेन भाषितम्।।३०।।

**આસ્રવ સમસ્ત નિરોધીને ક્ષય પૂર્વકર્મ તણો કરે,**
**જ્ઞાતા જ બસ રહી જય છે યોગસ્થ યોગી;–જિન કહે. ૩૦.**

**अर्थ :– योग ध्यानमें स्थित हुआ योगी मुनि सब कर्मोंके आस्रवका निरोध करके संवरयुक्त होकर पहिले बाँधे हुए कर्म जो संचयरूप हैं उनका क्षय करता है, इस प्रकार जिनदेवने कहा है वह जानो।**

**भावार्थ :– ध्यानसे कर्मका आस्रव रुकता है इससे आगामी बंध नहीं होता है और पूर्व संचित कर्मोंकी निर्जरा होती है तब केवलज्ञान उत्पन्न करके मोक्ष प्राप्त होता है, यह आत्माके ध्यानका माहात्म्य है।।३०।।**

---

## ગાથા-૩૦ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ ઈસપ્રકાર ધ્યાન કરનેસે સબ કર્મોંકે આસ્રવકા નિરોધ કરકે..**' આવું ભગવાનઆત્માનું ધ્યાન .. કરીને તો '**સંચિત કર્મોંકા નાશ કરતા હૈ :–**'

**सव्वासवणिरोहेण कम्मं खवदि संचिदं।**
**जोयत्थो जाणए जोई जिणदेवेण भासियं।।३०।।**

આહાહા..! જ્યાં હોય ત્યાં જિનદેવ.. જિનદેવ.. જિનદેવ... એના આત્મામાં વીતરાગદેવ બેઠા છે. જિનદેવ એમ કહે છે, ભાઈ! આહાહા..! વિકલ્પરહિત થઈ ગયેલા એકલો વીતરાગ સ્વભાવ. જે વીતરાગ સ્વભાવ હતો એ રહી ગયો. એવા જિનદેવ આમ કહે છે, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

**અર્થ :–** '**યોગ ધ્યાનમેં સ્થિત હુઆ યોગી મુનિ સબ કર્મોંકે આસ્રવકા નિરોધ કરકે સંવરયુક્ત હોકર...**' પુણ્ય-પાપના વિકલ્પને રોકીને સ્વરૂપમાં ધ્યાન કરે છે એને આસ્રવ આવતો નથી. આવતો નથી પણ એ '**પહિલે બાંધે હુએ કર્મ જો સંચયરૂપ હૈં ઉનકા ક્ષય કરતા હૈ,...**' તળાવમાં નવું પાણી આવે નહિ, જૂનું પાણી સુકાઈ જાય. તળાવ હોય ને? તળાવ. એમાં છિદ્ર રોકે, છિદ્ર તો પાણી આવે નહિ. અને છે એ.. તો .. સુકાઈ ત્યાં .. કારણે ... થાય .... એમ ભગવાનઆત્મામાં અંતર્મુખ દૃષ્ટિના ધ્યાનમાં રહ્યો, છિદ્ર રોકાઈ ગયા, નવા આસ્રવ આવવાનું અટકી ગયું. આહાહા..! સમજાણું કાંઈ?

'**પહિલે બાંધે હુએ કર્મ જો સંચયરૂપ હૈં ઉનકા ક્ષય કરતા હૈ, ઈસપ્રકાર જિનદેવને કહા હૈ વહ જાનો.**' ભગવાન વીતરાગદેવ પરમાત્મા એમ કહે છે. જુઓ! હવે આમાં ક્યાં બીજાની પ્રવૃત્તિ ... સમજાણું કાંઈ? આ કરું છું... આ કરું છું... આ કરું છું... એવા ... ઊંડા... ઊંડા... ઊંડા... ઉતરતા જાય છે. ..માં ઊંડા ઉતરતા નથી. એમ કહે છે. ભગવાન અંદર નિર્વિકલ્પ આનંદનું ધામ, ..વેદી, .. ચિંતામણી રત્ન સમાન ભગવાન પરમાત્મા પોતે છે. આહાહા..!

કહે છે કે જિનદેવે એમ કહ્યું છે કે આવા સ્વભાવનું ધ્યાન કરે એટલે કે જે સ્વભાવમાં રાગ નથી એને પકડે, રાગ નથી એટલે નવા આવરણો આવે નહિ, જૂના ખરી જાય. નિર્જરા થઈ જાય. એકલો આત્મા રહી જાય. આહાહા..! મોક્ષ છે ને. એકલો આત્મા. પૂર્ણાનંદ ..

ધ્યાન કરે એટલે આવરણ ન આવે અને જૂના કર્મ છે એ ધ્યાન કરતા ખરી જાય. એકલો રહી જાય પૂર્ણાનંદ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ. બરફની પાટ જેમ ઠંડી છે. બરફ-બરફ. .. શાંત અવિકારી સ્વભાવનો રસ .. એ રહી જાય. આહાહા..! વિકલ્પની ... બધી શાંત થઈ જાય. નિર્વિકલ્પ ધ્યાનમાં આવતા વિકલ્પ શાંત થઈ જાય.

ભાવાર્થ :- **'ધ્યાનસે કર્મકા આસ્રવ રુકતા હૈ ઈસસે આગામી બંધ નહીં હોતા હૈ ઔર પૂર્વ સંચિત કર્મોકી નિર્જરા હોતી હૈ તબ કેવલજ્ઞાન ઉત્પન્ન કરકે...'** લ્યો! ધ્યાન જ કેવળજ્ઞાનને ઊપજાવવાનું કારણ? બધી ક્રિયા-બ્રિયા વચ્ચે વ્યવહારની કહે છે, વ્યવહાર મોક્ષમાર્ગ ક્યાં ગયો? ના પાડી. વ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિ. એ બંધનો માર્ગ છે. છોડ એ વિકલ્પને, કહે છે. આહાહા..! **'કેવલજ્ઞાન ઉત્પન્ન કરકે મોક્ષ પ્રાપ્ત હોતા હૈ યહ આત્માકે ધ્યાનકા માહાત્મ્ય હૈ.'** હવે આ ગાથા. આ ગાથા આવે છે ક્યાંય? 'મોક્ષમાર્ગ પ્રકાશક' સાતમા અધ્યાયમાં 'ટોડરમલજી'એ આ ગાથાનો આધાર આપ્યો છે. સમજાય છે કાંઈ? આ ગાથા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ ૩૧. એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. 'કુંદકુંદાચાર્ય'ની ગાથા છે.જુઓ! મોક્ષપાહુડ છે ને? .. ..જે વ્યવહારમાં સૂતા છે. **'સોતા હૈ વહ અપને સ્વરૂપકે કામમેં જાગતા હૈ...'** એ વિકલ્પ આદિ .. પોતામાં જાગૃત થાય છે. વ્યવહારના વિકલ્પમાંથી ... પોતાના .. જાગીને વ્યવહારમાં જાગે તે ... વ્યવહારનય સ્વદ્રવ્ય પરદ્રવ્યને અને તેના ભાવોને અને કારણ-કાર્યને કોઈમાં કોઈ ભેળવી વ્યવહારનય નિરૂપણ કરે. એવા ... થાય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' સાતમો અધ્યાય. વ્યવહારનય ... છે. અને એના ભાવોને. શુભભાવથી આમ થાય. કારણ-કાર્યને. વ્યવહારના કારણથી નિશ્ચય થાય. .. વ્યવહારનયનું કથન ... શ્રદ્ધાન તે મિથ્યાત્વ છે માટે તેનો ત્યાગ કરવો. જેટલા વ્યવહારના કથન છે એને માનવા કે સાચા છે એ છોડી દેવું. આહાહા..! સમજાણું કાંઈ?

નિશ્ચયનય. ... કોઈને કોઈમાં ભેળવતો નથી. અને તેવા જ શ્રદ્ધાનથી સમકિત થાય છે. માટે તેનું શ્રદ્ધાન કરવું. શાસ્ત્રમાં આવે કે વ્યવહાર રત્નત્રય સાધન છે અને નિશ્ચય સાધ્ય છે, એ શ્રદ્ધા છોડી દેવી. વ્યવહાર સમ્યગ્દર્શન મોક્ષનો માર્ગ ... આવે છે ને? ... એમ કહે છે. એમાં જે કારણ કહ્યું છે એ શ્રદ્ધા છોડવી. એ ... છે નહિ. આહાહા..! કથનની પદ્ધતિ જ કોઈ અલૌકિક છે. સમજાય છે કાંઈ?

કહે છે, મુનિ વ્યવહારમાં સૂતા તે પોતાના સ્વરૂપમાં જાગે છે. વિકલ્પથી છૂટીને એ વ્યવહાર સૂઈ ગયો છે, આંધળો થઈ ગયો. સ્વરૂપમાં જાગે છે. પોતાના નિજ સ્વરૂપમાં જાગે તે વ્યવહારથી સૂઈ ગયા છે અને વ્યવહાર વિષે જાગે છે તે વિકલ્પમાં તત્પર થાય, દયા, દાન, વ્રત, ભક્તિમાં તત્પર થાય તે આત્માની જાગૃતિમાં સૂઈ ગયા છે. આહાહા..! સમજાણું કાંઈ? એનો ભાવાર્થ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे कहते हैं कि जो व्यवहारमें तत्पर है उसके यह ध्यान नहीं होता है :–

## ગાથા-૩૧

जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणो कज्जे।।३१।।

यः सुप्तः व्यवहारे सः योगी जागर्ति स्वकार्ये।
यः जागर्ति व्यवहारे सः सुप्तः आत्मनः कार्ये।।३१।।

યોગી સૂતા વ્યવહારમાં તે જાગતા નિજકાર્યમાં;
જે જાગતા વ્યવહારમાં તે સુપ્ત આતમકાર્યમાં. ૩૧.

**अर्थ :– जो योगी ध्यानी मुनि व्यवहारमें सोता है वह अपने स्वरूपके काममें जागता है और जो व्यवहारमें जागता है वह अपने आत्मकार्यमें सोता है।**

**भावार्थ :– मुनिके संसारी व्यवहार तो कुछ है नहीं और यदि है तो मुनि कैसा? वह तो पाखंडी है। धर्मका व्यवहार संघमें रहना, महाव्रतादिक पालना–ऐसे व्यवहारमें भी तत्पर नहीं है; सब प्रवृत्तियोंकी निवृत्ति करके ध्यान करता है वह व्यवहारमें सोता हुआ कहलाता है और अपने आत्मस्वरूपमें लीन होकर देखता है, जानता है वह अपने आत्मकार्यमें जागता है। परन्तु जो इस व्यवहारमें तत्पर है–सावधान है, स्वरूपकी दृष्टि नहीं है वह व्यवहारमें जागता हुआ कहलाता है।।३१।।**

---

### પ્રવચન નં. ૭૪, ગાથા-૩૧ થી ૩૩, રવિવાર, શ્રાવણ વદ ૧૪, તા.૨૯-૮-૭૦

'અષ્ટપ્રાભૃત' એની ૩૧મી ગાથા છે.

**અર્થ :– 'જો યોગી ધ્યાની મુનિ વ્યવહારમેં સોતા હૈ...'** એ ગાથા આપણે 'મોક્ષમાર્ગપ્રકાશક'માં આવી ગઈ છે. કાલે થોડું ચાલ્યું હતું. કાલે વાત થઈ હતી. (જે) વ્યવહારમાં સૂતા છે **'વહ અપને સ્વરૂપકે કામમેં જાગતા હૈ...'** અર્થાત્ ધર્માત્માને લૌકિક વ્યવહાર તો હોતો નથી. ફક્ત ધર્મનો વ્યવહાર જે પંચમહાવ્રતનું પાલન, સંઘમાં રહીને વિનયાદિનું કરવું એવો જે સંઘનો વ્યવહાર છે એ પણ વિકલ્પ અને રાગ છે. આહાહા..! મોક્ષનું કારણ એ કાંઈ વિકલ્પ એ કારણ નથી. વ્યવહારમાં જે સૂતા છે..

**ભાવાર્થ :– 'મુનિકે સંસારી વ્યવહાર તો કુછ હૈ નહીં ઔર યદિ હૈ તો મુનિ કૈસા?'** એ તો પાખંડી છે. લખ્યું ને? પાખંડી લખ્યું છે. શેઠ! લૌકિકવ્યવહાર હોય એને મુનિ કહેવા કેવા? મુનિ એને કહેવાય નહિ. **'ધર્મકા વ્યવહાર સંઘમેં રહના, મહાવ્રતાદિક પાલના–ઐસે વ્યવહારમેં ભી તત્પર નહીં હૈ;...'** આહાહા..! ધર્મી તો સ્વ સ્વભાવમાં આશ્રયમાં તત્પર છે.

એમ અહીં સિદ્ધ કરવું છે. ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પરમાનંદ પરમાત્મ નિજસ્વરૂપ એમાં તત્પર હોય છે. વ્યવહાર હોય એમાં તત્પર હોતો નથી એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પંચમહાવ્રતના વિકલ્પ, વૈયાવચ્ચ, વિનય, સંઘનો વ્યવહાર જે શાસ્ત્રમાં કહ્યો એમાં એ વિકલ્પ આવે એમાં તત્પર નથી. કેમકે એ તો રાગ છે. આહાહા..! બંધનું કારણ છે. અને મોક્ષના માર્ગી તો સ્વભાવમાં તત્પર છે. ઝીણી વાત છે બહુ.

ચૈતન્યમૂર્તિ જ્ઞાયકનો આશ્રય કરીને જે શુદ્ધતા પ્રગટે એ મોક્ષનું કારણ છે. પંચમહાવ્રત આદિ વિકલ્પ અઠ્યાવીસ મૂળગુણ આદિ વિકલ્પ એ પણ મોક્ષનું કારણ નથી. એમાં છે આ શ્લોક? સમજાય છે કાંઈ? આ ગાથા ઘણી ઊંચી છે. એનો 'મોક્ષમાર્ગપ્રકાશક'માં આધાર આપ્યો. કાલે કહ્યું હતું ને એ? સંભળાય છે ને બરાબર? ૨૫૫ (પાનું). જુઓ! જે વ્યવહારમાં સૂતા છે તે યોગી પોતાના કાર્યમાં જાગે છે. એનો અર્થ શું? જે ધર્માત્મા પંચમહાવ્રતના વિકલ્પ, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ, વિનય, વૈયાવૃત્ય આદિ એની જેને તત્પરતા નથી. એ વિકલ્પ છે, રાગ છે, પુણ્યબંધનું કારણ છે. એ કાંઈ મોક્ષનો માર્ગ નથી.

મુમુક્ષુ :- સંવર નિર્જરા નહિ?

ઉત્તર :- સંવર-નિર્જરા નહિ પણ બંધનો માર્ગ છે. એવી વાત છે. આવે ખરો વચમાં પણ એમાં જાગતા નથી, સૂતા છે. આહાહા..!

વિકલ્પ ભગવાનની ભક્તિનો આવે. આ પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ એ. એ પણ રાગભાગ કષાય છે. અને કષાયભાવ એ કાંઈ મોક્ષનું કારણ નથી. એ જે વ્યવહારમાં સૂતા છે એટલે કે જેને વ્યવહારના વિકલ્પની દરકાર નથી અને પોતાના કાર્યમાં જાગે છે. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવ એ તરફમાં જેની જાગૃતિ છે. દૃષ્ટિ ધ્રુવ ઉપર પડી છે એથી ધર્માત્માની જાગૃતિ સ્વભાવ સન્મુખ હોય છે. વિભાવ સન્મુખ હોતી નથી. આહાહા..! બહુ માર્ગ (આકરો).

'**ઔર જો વ્યવહારમેં જાગતા હૈ વહ અપને આત્મકાર્યમેં સોતા હૈ.**' એટલે? જે કોઈ પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ રાગમાં તત્પર છે, એમાં લીન છે એ આત્માના સ્વભાવમાં સૂતા છે. આહાહા..! આત્માના સ્વભાવની જાગૃતિની એને ખબર નથી. પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, બાર વ્રત, વૈયાવચ્ચ, સેવા, વિનય એ બધા વિકલ્પમાં જે તત્પર નામ જાગૃત છે, એમાં લીન છે એ આત્માના સ્વભાવકાર્યમાં સૂતા છે. સમજાણું કાંઈ? જુઓ! મોક્ષ અધિકારમાં આ ગાથા. સમજાય છે કાંઈ? અહીં તો કહે છે, જે કોઈ વ્યવહારમાં તત્પર (છે) તે પોતાના કાર્યમાં ઊંઘી ગયા છે. આહાહા..! આ વીતરાગે કહ્યો એવો વ્યવહાર, હોં! પંચમહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, અપવાસ આદિની ક્રિયા જે વિકલ્પની છે એમાં જે કોઈ જાગે છે એટલે કે તત્પર છે એ પોતાના કાર્યમાં સૂતા છે. આહાહા..! ભારે કામ.

મુમુક્ષુ :- શુભરાગ નહિ?

ઉત્તર :- શુભરાગ જ ઊંઘાઈ છે એમ કહે છે અહીં. શુભરાગમાં તત્પર ધર્મી હોતા નથી. આવે ખરો પણ તત્પર નથી, એનો આશ્રય નથી, એનો આદર નથી. ઝીણી વાત છે.

દરબાર!

અહીં તો મોક્ષનો માર્ગ કહેવો છે ને? મોક્ષનો માર્ગ કાંઈ પરને આશ્રયે વિકલ્પથી થાય નહિ. એ તો બંધમાર્ગ છે. ચાહે તો અઠ્યાવીસ મૂળગુણ પાળે, પંચમહાવ્રત પાળે, વિનય, વૈયાવચ્ચ આદિ જેટલી ક્રિયા કહી, બાર પ્રકારના તપ એ બધો શુભ વિકલ્પ અને બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હવે તો પર્વ ચાલુ થઈ ગયો.

ઉત્તર :- હા, તો શું છે? પર્વ ચાલુ થાય કે ન થયો, માર્ગ તો આ છે. પર્વના દિને પણ માર્ગ છે અને બીજા દિવસે પણ આ માર્ગ છે. માર્ગ કોઈ બીજો નથી. એમ કે પર્વના દિવસ ચાલુ થયા એટલે કાંઈક બીજો વ્યવહાર ધર્મ હશે કે નહિ કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, વ્યવહારમાં જાગે છે તે પોતાના કાર્યમાં સૂતા છે. માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી... આહાહા..! જેટલા વ્યવહારના કથનો જૈનશાસ્ત્રમાં વ્યવહારના આવ્યા હોય એનું શ્રદ્ધાન છોડી. આહાહા..! એ ધર્મ છે, મોક્ષનો માર્ગ છે એ શ્રદ્ધા છોડી દે. સમજાણું કાંઈ? નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે. સ્વભાવના આશ્રયની જેટલી વાત હોય એ આશ્રય કરવા લાયક છે. સમજાણું કાંઈ? ઉપદેશ દેવો મુનિને એ પણ વિકલ્પ છે અને બંધનું કારણ છે એમ કહે છે. 'શોભાલાલજી'!

મુમુક્ષુ :- આશીર્વાદ આપે છે.

ઉત્તર :- આશીર્વાદ દે છે. હજી એને પોતાને ખબર ન મળે કે હું કોણ છું અને કોનો આશીર્વાદ દે? આહાહા..!

અહીં તો કહે છે, જે કોઈ નિશ્ચયની શ્રદ્ધા કરવાલાયક છે. ભગવાને કહેલો જેટલો વ્યવહાર સમિતિ, ગુપ્તિ, પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, વિનય, વૈયાવચ્ચ, આ શાસ્ત્રના સ્વાધ્યાયનો વિકલ્પ... સમજાણું કાંઈ? એ બધાની શ્રદ્ધા છોડવા જેવી છે. એનાથી મારું કલ્યાણ થશે એમ છે નહિ. આહાહા..! ભારે માર્ગ, ભાઈ!

મુમુક્ષુ :- .. બીજો કોઈ ઉપાય નથી.

ઉત્તર :- ઉપાય નથી. માર્ગ બીજો છે નહિ.

હવે વ્યવહારની વ્યાખ્યા કરે છે. વ્યવહારનય સ્વદ્રવ્ય પરદ્રવ્યને ભેળવીને વાત કરે છે. જેમ કે જ્ઞાનાવરણીથી જ્ઞાન રોકાય એમ વ્યવહારનય કહે છે. તો એવી શ્રદ્ધા કરે તો જૂઠી શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? ગુરુથી જ્ઞાન થાય એમ વ્યવહારનય કહે છે. એ શ્રદ્ધા છોડવા જેવી છે એમ કહે છે.

મુમુક્ષુ :- પહેલા તો કરે પછી છોડે.

ઉત્તર :- અહીં તો કહે છે કે પહેલા-પછી છે જ નહિ. પહેલા તો સ્વભાવનો આશ્રય કરવો એ પહેલું છે. એવી વાત છે. બહુ માર્ગ ઝીણો છે. લોકો પોતાની દૃષ્ટિએ કલ્પે એ માર્ગ બીજી જાત છે, ભાઈ! ભગવાન ચિદાનંદ પ્રભુ!

અહીં તો કહે છે કે પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, વહોરીને ખાવું એવા વિકલ્પ એ બધા પુણ્યબંધનું કારણ મોક્ષનો માર્ગ નથી. એવી વાત શાસ્ત્રમાં આવી હોય કે આ વ્યવહાર આ

વ્યવહાર આ આ. તો એ શ્રદ્ધા છોડવા જેવી છે. ભગવાને કહ્યો વ્યવહાર એની શ્રદ્ધા છોડવા જેવી છે. શ્રદ્ધા. કે એ ધર્મ છે અને મુક્તિનો મારગ છે એમ છે નહિ. આહાહા..! વ્યવહારનય સ્વદ્રવ્ય પરદ્રવ્યને ભેળવીને વાત કરે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે, એક દ્રવ્ય બીજા દ્રવ્યને મદદ કરી શકે, એક દ્રવ્યથી બીજા દ્રવ્યને નુકસાન થાય, એક દ્રવ્યથી બીજા દ્રવ્યને લાભ થાય એમ વ્યવહારનયના કથનો આવે છે. એ વ્યવહારનયના કથનોની શ્રદ્ધા છોડવા જેવી છે. આહાહા..!

મુમુક્ષુ :- પહેલા વ્યવહારનયનું જ્ઞાન કરાવવું અને પછી છોડવું.

ઉત્તર :- જ્ઞાન પહેલેથી એ જ છે. છોડવા માટે જણાવ્યું છે એ. સમજાણું કાંઈ? વ્યવહાર જણાવે છે એ છોડવા માટે જ જણાવે છે. આદરવા માટે જણાવે છે એમ છે નહિ. આઠમી ગાથામાં આવી ગયું. વ્યવહારનય આત્માને ભેદ પાડીને સમજાવે છે કે આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એમ વ્યવહારથી મુનિઓ જગતને સમજાવવામાં આવે છે. પણ એ વ્યવહાર કહેનારને અને સાંભળનારને અનુસરવા લાયક નથી. એ આઠમી ગાથામાં છે. સમજાય છે કાંઈ? વ્યવહારથી નિશ્ચય સમજાવે છે. પણ એ વ્યવહાર અંગીકાર કરવા લાયક નથી. આહાહા..! બહુ કામ આકરું.

સ્વદ્રવ્ય પરદ્રવ્યને ભેળવીને વાત કરે. તીર્થંકરની વાણીથી આત્માને લાભ થાય, જ્ઞાન થાય એમ વ્યવહારનયના કથનો કહે છે. એ શ્રદ્ધા છોડવા જેવી છે. એય..! શેઠ! પછી આ વાણીના પુસ્તકથી જ્ઞાન થાય એ ક્યાં છે અહીં? એય..! શેઠ! એને ઘરે ક્યાં છે ત્યાં? માન્યું છે એ. આ જિનવાણી છે એમાંથી આપણને જ્ઞાન મળશે. મૂર્તિમાંથી નહિ મળે. જ્ઞાન વાણીમાંથી (મળે છે) માટે વાણી આપણને પૂજ્ય છે. બેય વાત સાચી નથી. મૂર્તિમાંથી પણ જ્ઞાન મળે એવું નથી અને વાણીમાંથી પણ મળે એવું નથી. આહાહા..! એવી વાત છે જરી. બહુ સ્પષ્ટ કર્યું છે એણે.

મુમુક્ષુ :- સાંભળવાથી...

ઉત્તર :- સાંભળવાથી એને વિકલ્પ થાય. એને ખ્યાલ આવે એની પોતાની યોગ્યતાનો. શું યોગ્યતાનો? એટલે જે પ્રમાણે ક્ષયોપશમ છે એવો ખ્યાલ આવે. પણ એ વાસ્તવિક જ્ઞાન નથી. આહાહા..! બહુ વાત એવી છે.

પંચમહાવ્રત ને એ તો ક્યાંય રહી ગયા. પણ એક દ્રવ્યથી બીજા દ્રવ્યને ભેળવીને વાત કરે (કે) આનાથી આમ થાય, ભગવાનની વાણીથી અનંતા તરી ગયા. સમજાય છે? મહાવિદેહમાં ભગવાન બિરાજે છે માટે ત્યાં એનો જો જન્મ થાય તો એને લાભ થાય, એ બધી વાતું વ્યવહારની છોડવા જેવી છે. એય..! 'વજુભાઈ'!

મુમુક્ષુ :- કઠણ લાગે.

ઉત્તર :- કઠણ લાગે કે ન લાગે. માર્ગ તો આવો છે.

મુમુક્ષુ :- શાસ્ત્રજ્ઞાન નહિ..

ઉત્તર :- એ આવશે આગળ. .. શાસ્ત્ર કાંઈ જાણતા નથી. એ તો જડ છે, અજીવ છે. જેમ મૂર્તિ અજીવ છે એમ શાસ્ત્ર અજીવ છે. અજીવમાં કાંઈ તારું જ્ઞાન અને શ્રદ્ધા ત્યાં ભર્યા

નથી. એ તો આવી ગયું નહિ આપણે? બપોરે નથી આવતું? ... પરમાં કાંઈ તારા ઘરનું છે નહિ. દર્શન-જ્ઞાન-ચારિત્ર એ કાંઈ પરમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે આકરી વાત. એય..! 'ભીખાભાઈ'! ઓલા રાડ પાડે છે ને. લ્યો! સ્ત્રીનો વિષય અને ભગવાનની વાણીનો વિષય બેમાં ફેર છે ને? ફેર છે. કોણ ના પાડે છે? પણ ફેર છેનો અર્થ એકમાં અશુભરાગ (છે, એકમાં શુભરાગ છે). બાકી પરવિષય તરીકે બેય સરખા છે. સમજાણું કાંઈ? સમજાણું?

વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી નિશ્ચયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે. વ્યવહારનય એક દ્રવ્યને બીજા દ્રવ્યને ભેળવીને લાભ-નુકશાનની વાત કરે છે તે શ્રદ્ધા છોડવા જેવી છે. 'ભગવાનજીભાઈ'! એય..! શેઠ! તમારે વધારે ત્યાં ઓલા ચૈત્યાલયમાં ઓલા પુસ્તક મૂક્યા છે ને તો એની પૂજા કરો. એનાથી જ્ઞાન મળશે, એમાં જ્ઞાન ભર્યું છે જડમાં.

મુમુક્ષુ :- ભગવાનમાં પોતામાં છે એ જ્ઞાન અહીં કામ આવતું નથી.

ઉત્તર :- ભગવાનનું કેવળજ્ઞાન ભગવાન પાસે હોય તો સામે લક્ષ ત્યાં જાય તો રાગ થાય છે. એનું જ્ઞાન તો અહીં છે અંદરમાં. સમજાણું કાંઈ?

એક ભાવને બીજા ભાવમાં ભેળવીને વાત કરે છે. રાગથી જીવને સમ્યગ્દર્શન થાય, વ્યવહારથી જીવને નિશ્ચય થાય. એક ભાવને બીજા ભાવમાં ભેળવીને વ્યવહારનય વાત કરે એ વાત શ્રદ્ધા કરવા જેવી નથી. આરે..! સમજાણું કાંઈ? વ્યવહાર હેતુ છે અને વ્યવહાર કારણ છે ને આવે છે ને? 'છ ઢાળા'માં. નિયતનો હેતુ. ભેળવવાના કથન છે. વ્યવહાર નિશ્ચયનો હેતુ એ વ્યવહારનું કથન. એક ભાવને બીજા ભાવમાં ભેળવીને વાત કરે છે માટે એ શ્રદ્ધા કરવા જેવી નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ? એક ભાવ અને બીજાના ભાવ. કર્મનો ઉદય જડનો છે. એ આત્માને રાગ કરાવે એ શ્રદ્ધા છોડવા જેવી છે એમ કહે છે. કર્મનો ઉદય જડ છે. આત્માના રાગને જડ કરાવે. એક ભાવ બીજા ભાવને કરાવે, ભેળવીને વાત કરે એ વ્યવહાર શ્રદ્ધા છોડવા જેવી છે. કહો, સમજાણું આમાં? 'મનસુખભાઈ'એ ચોક્કો લગાવી દીધો. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત.

'ટોડરમલજી'એ આ વ્યવહારમાં સૂતા છે અને નિશ્ચયમાં જાગે છે એમાંથી આ બધું કાઢ્યું. આહાહા..! ભગવાન! જેટલો પરનો આશ્રય, બાર પ્રકારના તપ, અનશન અને ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસ પરિત્યાગ, વિનય, વૈયાવૃત્ય, સજ્ઝાય, ધ્યાન, વિકલ્પ એ બધો વ્યવહાર છે તે બંધનું કારણ છે.

મુમુક્ષુ :- સંપૂર્ણ ખુલાસો કર્યો.

ઉત્તર :- વાત જ એવી છે. જુઓ! 'મોક્ષમાર્ગપ્રકાશક'માં છે. વાંચ્યું છે ને તમે? પણ ક્યાં ખબર છે?

મુમુક્ષુ :- શું આવ્યું એ ક્યાં ખબર છે?

ઉત્તર :- ના, ના. શું આવ્યું એની કાંઈ ખબર નથી. શું સિદ્ધ કર્યું સમજાણું કાંઈ? 'મોક્ષમાર્ગપ્રકાશક' જોયું છે કે નહિ? એટલું બરાબર ખ્યાલમાં નથી આવ્યું. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કારણ-કાર્ય કોઈના કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે. નિમિત્ત કારણથી ઉપાદાનમાં લાભ થાય. સમજાય છે કાંઈ? એવા એક કારણથી બીજા કારણનું કાર્ય થાય એવું વ્યવહારનયનું કથન છે. એ શ્રદ્ધા કરે તો મિથ્યાત્વ છે. એ શ્રદ્ધા છોડવા જેવી છે. આહાહા..! સમજાણું કાંઈ? જોયું! **'માટે એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો.'** એ આમાં છે 'મોક્ષમાર્ગપ્રકાશક'માં.

**ભાવાર્થ :- 'મુનિકે સંસારી વ્યવહાર તો કુછ હૈ નહીં...'** ગાથા-૩૧. **'ઔર યદિ હૈ તો મુનિ કૈસા? વહ તો પાખંડી હૈ.'** પાખંડી છે. આહાહા..! વસ્ત્ર-પાત્ર રાખે, પૈસા રાખે કે પૈસા બીજાને રાખવાનું કહે કે પૈસા ખર્ચજો અમારે માટે, આ પૈસા હવે તમે રાખજો. એ બધા પાખંડી છે. મિથ્યાત્વને સેવનારા અને વ્યવહારની બહારની ક્રિયાઓમાં પોતે અનુમોદન આપનારા. સમજાણું કાંઈ? અહીં તો **'ધર્મકા વ્યવહાર સંઘમેં રહના,...'** ધર્મનો જે વ્યવહાર છે-સંઘમાં રહેવું એ વ્યવહાર વિકલ્પ રહેવું પડે તો, મોટા હોય એમાં આદર કરવો પડે, પોતે ધ્યાનમાં આમ લાગતો હોય એમાં આવ્યા હોય તો શું કરવું એણે? સમજાણું? આદર કરવો પડે, જાય તો વળાવવા જાવું પડે. આ બધા વિકલ્પોની જાળ ઊભી થાય એમ કહે છે. સમજાણું કાંઈ?

**'સંઘમેં રહના, મહાવ્રતાદિક પાલના-'** પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ અને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ અને બાર પ્રકારનો વ્યવહાર તપ એ પાળવો **'ઐસે વ્યવહારમેં ભી તત્પર નહીં હૈ;...'** ધર્મીએ એ વ્યવહાર છોડવા જેવો છે. એમાં તત્પર હોઈ શકે નહિ. આહાહા..! ભારે વાતું. **'સબ પ્રવૃત્તિયોંકી નિવૃત્તિ કરકે ધ્યાન કરતા હૈ...'** બહારની પ્રવૃત્તિનો વિકલ્પ છોડી અંતરના આત્માનો આશ્રય કરે છે. સમકિતી હોય કે શ્રાવક હોય, મુનિ હોય અંતરનો આશ્રય કરે તેટલો મોક્ષમાર્ગ છે. એમાં સમકિતી માટે વળી બીજો છે, શુભભાવ એને પરંપરા મોક્ષનું કારણ કહ્યું માટે એનાથી થાય એ વ્યવહારનયના કથન છે. એ છોડવા જેવા છે. આહાહા..! **'ઔર અપને આત્મસ્વરૂપમેં લીન હોકર દેખતા હૈ,...'** કહો, સમજાણું કાંઈ? કોને દેખે છે? એય..! પોતાને. આહાહા..!

મુમુક્ષુ :- સાચું ધ્યાન આ.

ઉત્તર :- એનું નામ આત્મજ્ઞાન. પોતાનું નિજસ્વરૂપ શુદ્ધ આનંદસ્વરૂપ પૂર્ણભાવ સ્વભાવસ્વરૂપ એને દેખે અને જાણે એ સ્વનો આશ્રય કરે. એનાથી એને કલ્યાણ અને મોક્ષનો માર્ગ ઉદ્ભવ થાય છે. આહાહા..! ભારે કઠણ. અત્યારના માણસને વ્યવહારમાં-વ્યવહારમાં... વ્યવહારનો લોપ (થાય છે). તો આ શું કીધુ? શું કહે છે આ? આ મોક્ષપ્રાભૃતમાં આચાર્ય પોતે કહે છે. વ્યવહારમાં સૂતા તે નિશ્ચયમાં જાગતા છે. વ્યવહારમાં જાગતા તે નિશ્ચયમાં સૂઈ ગયા છે. એમ કહે છે. આ ભગવાન 'કુંદકુંદાચાર્ય' તો કહે છે. એય..! 'મલૂકચંદજી'! તો પછી વ્યવહાર કરવો કે ન કરવો અમારે? એ પ્રશ્ન ક્યાં? એ જબરદસ્તી અંદરમાં વિકલ્પ આવ્યા વિના રહે નહિ. પણ એ બંધનું કારણ છે, આદરવા જેવો નથી. એમ કહે છે. બહુ કામ (આકરું). સમજાણું?

**'આત્મસ્વરૂપમેં લીન હોકર દેખતા હૈ, જાનતા હૈ વહ અપને આત્મકાર્યમેં જાગતા**

હૈ...' પરતરફનું લક્ષ, પરદ્રવ્ય તરફનો આશ્રય છોડી દઈને સ્વદ્રવ્યના આશ્રયના ધ્યેયમાં વળગે એ નિશ્ચયનો આશ્રય કરે તેને મોક્ષનો માર્ગ છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! સ્વાધ્યાયને તો શાસ્ત્રમાં તપ કહ્યો છે. એ તો વ્યવહારની વાત છે. નિશ્ચયસ્વાધ્યાય સ્વ સ્વાધ્યાય જ્ઞાયકભાવનો અંદર સ્વાધ્યાય કરવો-અંદરમાં રહેવું એ નિશ્ચય સ્વાધ્યાય છે. 'જેઠમલજી'! લ્યો, આ વાત છે. આહાહા..! એવું લાગે કે આ 'સોનગઢ'વાળા વ્યવહારનો લોપ કરે છે. એય..! 'શાંતિભાઈ'! ભગવાન શું કહે છે આ?

મુમુક્ષુ :- પણ ભગવાન લોપ કરવાનું તો કહે છે.

ઉત્તર :- આ ભગવાન લોપ કરવાનું 'કુંદકુંદાચાર્ય' કહે છે. વ્યવહારમાં ઊંઘી જા, જાગ નહિ એમ તો કહે છે અહીં. કોનું વચન લેવું છે? આહાહા..! 'કુંદકુંદાચાર્ય' કહે છે, વ્યવહારમાં સૂઈ જા, ઊંઘી જા, તત્પરતા છોડી દે. ભગવાનઆત્મામાં તત્પરતા કર એ માર્ગ છે વીતરાગનો. આહાહા..! સમજાણું કાંઈ?

**'અપને આત્મકાર્યમેં જાગતા હૈ. પરંતુ જો ઈસ વ્યવહારમેં તત્પર હૈં...'** જે કોઈ વ્યવહારમાં આખો દિ' (તત્પર છે). એ તો આ ખાવું, આ પીવું, આ વાંચવું, આ લેવું, આ દેવું, આ પાળું, આ ઉના પાણી આવા હોય, ફલાણું આ હોય... આહાહા..! **'ઈસ વ્યવહારમેં તત્પર હૈ-સાવધાન હૈ, સ્વરૂપકી દૃષ્ટિ નહીં હૈ...'** એને ભગવાનઆત્માની સ્વરૂપસ્વભાવ સ્વરૂપ નામ સ્વભાવની દૃષ્ટિ નથી. આહાહા..! ઝીણી વાત, ભાઈ! 'કુંદકુંદાચાર્ય' પોતે કહે. ઓલામાં બોલે ખરા. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. સમજાણું? માનવું નહિ એનું.

કહે છે, **'વ્યવહારમેં તત્પર હૈ-સાવધાન હૈ, સ્વરૂપકી દૃષ્ટિ નહીં હૈ વહ વ્યવહારમેં જાગતા હુઆ કહલાતા હૈ.'** બરાબર સંસારમાં જાગતા રખડવા માટે છે, કહે છે. આહાહા..! 'સમ્યગ્જ્ઞાન દિપીકા'માં લીધું છે કે પરને જોવા માટે આંધળો થઈ જા. અંધ બની જા. પરને જોવામાં શું તને લાભ છે? આહાહા..! ભારે વાત. અને સ્વને જોવામાં સ્વ તરફ આંખ કર. હજારો આંખ બનાવ. ચૈતન્ય અંતર છે. એ માર્ગ છે.

આચાર્ય પોતે કહે છે, જે વ્યવહારમાં તત્પર અને સાવધાન છે, વ્યવહારમાં જે પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણમાં હજી સાવધાન અને મશગુલ છે એને **'સ્વરૂપકી દૃષ્ટિ નહીં હૈ...'** એને સ્વરૂપની દૃષ્ટિ નથી. એમાં નથી આવતું, હોં! એમાં તો એકલો પાઠ છે. ભક્તિવાળો હોય તો અહીં વાંધા થાય. ત્યાં તો 'શ્રીમદ્'ની ભક્તિ કરવી, ગુરુની ભક્તિ કરવી અને ગુરુની ભક્તિથી કલ્યાણ થશે એમ માનવું હોય. એને આ બધા વાંધા. એય..! શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે છે કે સમયમાં બધું અસ્થિર (થાય). તો અહીંયાં બધું થઈ ગયું. ધર્મમાં ઝઘડો ન થાય. એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ. પરમાર્થના પંથમાં બે-ત્રણ ભાગ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? કહે છે કે જેટલા વ્યવહારમાં તત્પર છે તે બધા સ્વરૂપની દૃષ્ટિ વિનાના વ્યવહારમાં જાગનારા મિથ્યાદૃષ્ટિ છે. 'કપૂરચંદજી'! આવી વાત છે આ. આવી વાત છે.

आगे यह कहते हैं कि योगी पूर्वोक्त कथनको जानके व्यवहारको छोड़कर आत्मकार्य करता है :– :–

## ગાથા-૩૨

इय जाणिऊण जोई ववहारं चयइ सव्वहा सव्वं।
झायइ परमप्पाणं जह भणियं [1]जिणवरिंदेहिं।।३२।।

इति ज्ञात्वा योगी व्यवहारं त्यजति सर्वथा सर्वम्।
ध्यायति परमात्मानं यथा भणितं जिनवरेन्द्रैः।।३२।।

ઈમ જાણી યોગી સર્વથા છોડે સકળ વ્યવહારને,
પરમાત્મને ધ્યાવે યથા ઉપદિષ્ટ જિનદેવો વડે. ૩૨.

अर्थ :– इस प्रकार पूर्वोक्त कथनको जानकर योगी ध्यानी मुनि है वह सर्व व्यवहारको सब प्रकारसे ही छोड़ देता है और परमात्माका ध्यान करता है – जैसे जिनवरेन्द्र तीर्थंकर सर्वज्ञदेवने कहा है वैसे ही परमात्माका ध्यान करता है।

भावार्थ :– सर्वथा सर्व व्यवहारको छोड़ना कहा, उसका आशय इस प्रकार है कि– लोकव्यवहार तथा धर्मव्यवहार सब ही छोड़ने पर ध्यान होता है इसलिये जैसे जिनदेवने कहा है वैसे ही परमात्माका ध्यान करना। अन्यमती परमात्माका स्वरूप अनेक प्रकारसे अन्यथा कहते हैं उसके ध्यानका भी वे अन्यथा उपदेश करते हैं उसका निषेध किया है। जिनदेवने परमात्माका तथा ध्यानका स्वरूप कहा वह सत्यार्थ है, प्रमाणभूत है वैसे ही जो योगीश्वर करते हैं वे ही निर्वाणको प्राप्त करते हैं।।३२।।

## ગાથા-૩૨ ઉપર પ્રવચન

'આગે યહ કહતે હૈં કિ યોગી પૂર્વોક્ત કથનકો જાનકે વ્યવહારકો છોડકર આત્મકાર્ય કરતા હૈ :–'

इय जाणिऊण जोई ववहारं चयइ सव्वहा सव्वं।
झायइ परमप्पाणं जह भणियं [1]जिणवरिंदेहिं।।३२।।

દેખો! લોકોને ઊંડે ઊંડે એવું રહ્યા કરે કે આપણે કાંઈક બીજાને સમજાવીએ, બીજાને કહીએ તો એમાં કાંઈપણ લાભ થાય. એ દૃષ્ટિ મિથ્યાત્વ છે એમ કહે છે. એય..! શેઠ! બીજા કાંઈક સમજે તો એમાં કાંઈ ભાતુ મળે કે નહિ થોડું સમજાવનારને? એય..! 'વજુભાઈ'! શું હા પાડી? ભાતુ-બાતુ મળે નહિ થોડું? ભાતુ સમજો છો? ભાતુ સમજો કે નહિ? .. એક

१. पाठान्तरः– जिणवरिंदेणं

ગામથી બીજે ગામ જાય તો આપે ને? ઢેબરા ને મેસુબ. ભાઈ! અમને ભાતું કાંઈક આપો એમ કહે. એય..! ખબર છે ને? તમને ખબર છે. ઊઠે ત્યારે કહે કે કાંઈક પચખાણ કરો, ભાતું આપો. અમે ઉઠીએ છીએ ચાર મહિના તમને સમજાવ્યું. હવે અમે જાઈએ અમને કાંઈક ભાતુ નાખો. કરો ત્યાગ-પચખાણ એ અમારું ભાતું. ઠીક! આહાહા..!

પરના ત્યાગાદિ કરે, રાગની મંદતા આદિ કોઈ (કરે) એમાં તને શું લાભ છે? આહાહા..! ભારે કામ, ભાઈ! વીતરાગના માર્ગની દૃષ્ટિનો પંથ પકડવો અલૌકિક છે. આહાહા..! ચારિત્રદોષ બીજી વાત છે અને શ્રદ્ધાનો દોષ મહાપાપનો બીજી વાત છે. એની તો લોકોને ખબર નથી. ચારિત્રદોષ હોય તો એ દોષને કહે કે આણે આ દોષ કર્યો, એણે આ કર્યું, આ કર્યું. પણ શ્રદ્ધાનો દોષ મારી નાખ્યો અનંતકાળથી. નિગોદમાં ગતિ જવાનો શ્રદ્ધાનો દોષ છે. એની તો એને કિંમત છે નહિ.

કહે છે,

**इय जाणिऊण जोई ववहारं चयइ सव्वहा सव्वं।**

**झायइ परमप्पाणं जह भणियं [१]जिणवरिंदेहिं।।३२।।**

જુઓને! આચાર્ય પોતે કહે છે. પણ આધાર આપે છે, જિનવરદેવ એમ કહે છે, ભાઈ! '**जिणवरिंदेहिं**' જિન, વર અને ઈન્દ્ર. જિનના વર ગણધર અને એના ઈન્દ્ર તીર્થંકર. તીર્થંકરદેવ એમ ફરમાવે છે. '**जिणवरिंदेहिं**'.

**અર્થ :- 'ઈસ પ્રકાર પૂર્વોક્ત કથનકો જાનકર યોગી ધ્યાની મુનિ...'** એટલે પોતાના નિજસ્વરૂપમાં યોગ નામ જોડાણ કરનાર, પોતાનો જ્ઞાયકસ્વભાવ, એમાં જેની જોડાણ દૃષ્ટિ છે. જોડાણ સમજો છો? જોડાણ સમજો છો? જોડાવું. જોડાવું બરાબર છે. એમાં જોડાવું. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એમાં જોડાવું એનું નામ યોગ. એ યોગ એ ધ્યાન અને ધ્યાનનો કરનાર તે યોગી. સમજાણું કાંઈ? '**યોગી ધ્યાની મુનિ હૈ વહ સર્વ વ્યવહારકો સબ પ્રકારસે હી છોડ દેતા હૈ...**' વ્યવહારકો સબ પ્રકારસે. '**सव्वहा सव्वं**' એમ શબ્દ છે. સર્વથા પ્રકાર સર્વ વ્યવહાર. સર્વથા પ્રકાર સર્વ વ્યવહાર. વ્યવહાર કયો? આ જૈનનો કહેલો વીતરાગનો, હોં! એ વ્યવહાર.

મુમુક્ષુ :- સર્વથા પ્રકાર જૈનમાં?

ઉત્તર :- જૈનમાં સર્વથા પ્રકારે સર્વ વ્યવહાર બધો છોડવા જેવો છે. આહાહા..! જો કથંચિત વ્યવહાર આદરણીય અને કથંચિત નિશ્ચય આદરણીય એમ નથી કહ્યું આમાં.

મુમુક્ષુ :- પણ મુનિની વાત છે.

ઉત્તર :- મુનિની, શ્રાવક અને સમકિતની વાત એક જ હોય. સમકિતમાં બે ફેર વળી ક્યાંથી હોય? સમજાય છે કાંઈ? વ્યવહાર હોય જુદી વાત છે. અને વ્યવહાર આદરણીય અને લાભદાયી છે એ જુદી વાત છે. સમજાણું કાંઈ? ઓલા તો એમ કહે છે કે વ્યવહારથી લાભ થાય તો તમે વ્યવહાર માન્યો કહેવાય. વ્યવહાર છે-છે કરીને (કહો છો). પણ છે એટલી જ વાત છે. એનાથી કાંઈપણ લાભ થાય (એમ માને એ) મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

વ્યવહાર-નિશ્ચય એક ચીજ થઈ જશે. બે સત્તા એક થઈ ગઈ. મલિનભાવ અને નિર્મળભાવ. વ્યવહાર મલિનભાવ છે. ભગવાનનો આશ્રય, ચૈતન્યનો આશ્રય તો નિર્મળભાવ છે. મલિન અને નિર્મળ એક થઈ ગયું. વ્યવહારથી થાય એમ છે નહિ. બહુ ઝીણું કામ. શાસ્ત્રમાં એવી ભાષા આવે. જોયું ને કાલે? 'સમ્યગ્જ્ઞાનદિપીકા'માં. આચાર્યોના કથનો હાથીના બહારના દાંત જેવા છે. અંદરનો મર્મ તો જ્ઞાની જાણે. એના હૃદયમાં શું હતું એ જ્ઞાની જાણે. એમ કહે છે. ચાવવાના બીજા અને ખાવાના બીજા.

મુમુક્ષુ :- આચાર્યને ખોટા ઠરાવ્યા.

ઉત્તર :- ખોટા ઠરાવ્યા નથી. આચાર્યને કહેવાનો જે આશય છે એ ન સમજે તો બહારના કથનમાત્રને પકડે તો આચાર્યના હૃદયને સમજ્યો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આઠમા ગુણસ્થાને બધું છોડી દે છે.

ઉત્તર :- કોણ છોડે છે? ચોથે ગુણસ્થાને બધો વ્યવહાર છૂટે ત્યારે દૃષ્ટિ સાચી થાય છે. સમજાણું કાંઈ? આઠમે છૂટે. પણ પહેલી દૃષ્ટિમાં ન છોડે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન થાય નહિ. આહાહા..! જુઓ! '**વહ સર્વ વ્યવહારકો સબ પ્રકારસે હી છોડ દેતા હૈ...**'

મુમુક્ષુ :- સાતમાની વાત હશે આ?

ઉત્તર :- ચોથાની વાત, દૃષ્ટિની વાત છે. અને આગળ પછી સાધુને પણ વિકલ્પ આવે એ છોડવા જેવો છે એટલી વાત. એટલે સર્વથા '**सव्वं**' શબ્દનો અર્થ પૂરો નથી આવ્યો. વ્યવહાર સર્વ પ્રકારથી છોડે એટલું છે. સર્વ પ્રકાર છે ને? સર્વ પ્રકાર. સર્વથા અને સર્વ પ્રકાર, એમ. જેટલા પ્રકારના વ્યવહાર છે એ બધાય છોડવા જેવા (છે) એમ અહીં સિદ્ધાંત છે. સમજાણું કાંઈ? ઓલામાં એમ આવે, શાસ્ત્ર લખવા જેથી જ્ઞાનનો લાભ થાય, જ્ઞાનની નિર્જરા થાય, લખાવવા, વાંચવા, બીજાને દેવા. એ બધા વ્યવહારના કથન છે, સાંભળને! સમજાણું કાંઈ? આવે છે કે નહિ? 'પદ્મનંદી'માં આવે, ત્યાં અધિકાર આવે છે. બધે આવે. એ તો બધા વ્યવહારના કથન છે. શાસ્ત્ર વંચાવવા, લખાવવા એથી લાભ થાય. એ તો પરદ્રવ્યની ક્રિયા છે. 'શોભાલાલજી'! આહાહા..! સમજાય છે કે નહિ? આ પુસ્તક-બુસ્તક લખીને મૂક્યું છે ને ત્યાં 'મલ્હારગઢ'માં. કહો, સમજાણું કાંઈ?

અહીંયાં તો સર્વથા સર્વ વ્યવહાર એ ભાવાર્થમાં આવે છે, ભાઈ! ભાવાર્થમાં સ્પષ્ટ આવે છે. આમાં એટલું જ આવે છે. '**પરમાત્માકો ધ્યાન કરતા હૈ-**' આહાહા..! કોણ પરમાત્મા? એ પોતાનું નિજ પરમાત્મદ્રવ્ય. આપણે આવી ગયું. ભગવાન પૂર્ણાનંદનો નાથ નિર્વિકલ્પ સ્વભાવ પૂર્ણ સ્વરૂપ પરમ આનંદ અને જ્ઞાન અને શાંતિનો બેમિશાલ એવો પરમાત્મા નામ પરમસ્વરૂપ એને ધ્યાવે. સમજાય છે કાંઈ? કેમ ધ્યાવે?

'**જૈસે જિનવરેન્દ્ર તીર્થંકર સર્વજ્ઞદેવને કહા હૈ વૈસે હી પરમાત્માકા ધ્યાન કરતા હૈ.**' અન્યમતીએ કહ્યું અજ્ઞાનીએ આમ ધ્યાન કરવું.. આમ ધ્યાન કરવું એમ નહિ. સમજાણું કાંઈ? જિનવરદેવે જે આત્મા કહ્યો, પૂર્ણ કેવળજ્ઞાનમાં જોયો, અનંતગુણનો એકરૂપ સ્વભાવ, એની અનંતી પર્યાય એવો જે ભગવાનઆત્મા એનું ધ્યાન કરવું. આહાહા..! મોક્ષ અધિકાર

છે કે નહિ? મોક્ષપ્રાભૃત છે ને? તો એમાં તો ઊંચી જ વાત આવે ને? મોક્ષના માર્ગની આવે. હવે ભાવાર્થમાં આવે છે, જુઓ!

**ભાવાર્થ :– 'સર્વથા સર્વ વ્યવહારકો છોડના કહા,...'** સર્વથા અને સર્વ વ્યવહારકો છોડના કહા. એના ભાન વિના અનાદિથી અજ્ઞાનરૂપ એવા રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવરૂપે થાય છે. એ દુઃખી છે.

મુમુક્ષુ :– બધાય દુઃખી છે પણ પૈસાવાળો હોય તો?

ઉત્તર :– પૈસાવાળો કે દિ' હતો? ધૂળવાળો? એય..! શેઠ! સમજાણું કાંઈ? આત્મા અનાદિથી દુઃખી છે. આ બધા શેઠિયા, આવા અમલદારો આ બધાય દુઃખી છે. એકલા દુઃખના ડુંગરે માથા ફોડ્યા છે. 'છબીલભાઈ'! કેમ? કે ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યપિંડ ચૈતન્યનો સ્કંધ છે. ચૈતન્યનો સ્કંધ છે. જેમ આ રજકણોનો સ્કંધ પિંડ છે શરીરાદિ, એમ આત્મા ચૈતન્યનો સ્કંધ છે. આ અનેક દ્રવ્યો છે, એ એક દ્રવ્ય છે. એ જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા અનાદિથી પોતાના આનંદસ્વરૂપ અને જ્ઞાનને ભૂલી અને અજ્ઞાનપણે રાગ-દ્વેષને પરિણમે છે. પોતાના સ્વરૂપના ભાન વિના અજ્ઞાનપણે રાગ-દ્વેષ અને મોહપણે થાય છે. સમજાય છે કાંઈ? સમજાણું કાંઈ?

**'સર્વથા સર્વ વ્યવહારકો...'** કોઈપણ પ્રકારનો વિકલ્પ જે ઊઠે એ બધો છોડવા જેવો છે એમ દૃષ્ટિ કર અને છોડીને પછી ઠર. એમ કહે છે. આહાહા..! સંઘ સંમેલન કરો એમાંથી આપણને લાભ થાય, બધાનો ભાઈચારો વધારો, વાત્સલ્ય કરો, ફલાણું કરો. અરે..! ભગવાન! શું કરે? વાત્સલ્ય કોની સાથે કરવું છે? સમજાણું કાંઈ? એક જ સંગઠન થાઓ. સાધર્મીઓનું સંગઠન કરો. એય..! શેઠ! શેઠે બહુ ભેગા કરેલા સ્વાધ્યાય કરવા માટે. શું કહેવાય? સભા ભેગી કરવા. કર્યું છે ને? શેઠે બધું કર્યું છે. કહો, સમજાય છે કાંઈ? આવી વાત છે.

મુમુક્ષુ :– આવે...

ઉત્તર :– આવે એ જુદી વાત છે પણ છોડવા જેવો છે. લાભ નથી એમાં. આ તો લાભ માને છે એમાં. આમ કરીએ તો લાભ થાય અને આમ કરીએ તો લાભ થાય. સંગઠન થાય, ઝાઝા માણસ ભેગા થાય તો બહુ સારુ પુષ્ટિ મળે એકબીજાની. એકબીજાને ધૂળેય મળે નહિ અહીં તો કહે છે. 'શોભાલાલજી'! માર્ગ બહુ જુદી જાતનો. દુનિયાથી જુદી જાત છે ભાઈ, આ તો. આહાહા..!

**'સર્વથા સર્વ વ્યવહારકો છોડના કહા, ઉસકા આશય ઈસ પ્રકાર હૈ કિ – લોકવ્યવહાર તથા ધર્મવ્યવહાર સબ હી છોડને પર ધ્યાન હોતા હૈ ઈસલિયે જૈસે જિનદેવને કહા હૈ વૈસે હી પરમાત્માકા ધ્યાન કરના. અન્યમતી પરમાત્માકા સ્વરૂપ અનેક પ્રકારસે અન્યથા કહતે હૈં...'** કોઈ પરમાત્મા કર્તા છે, કોઈ પરમાત્મા સર્વવ્યાપક છે, કોઈ પરમાત્મા કંઈક છે. અનેક પ્રકારે અજ્ઞાનીઓ વાત કરે છે. એ છોડીને **'ઉસકે ધ્યાનકા ભી વે અન્યથા ઉપદેશ કરતે હૈં...'** ધ્યાનનું આમ કરો, ત્રાટક કરો, ફલાણું કરો, ઢીંકણું કરો. આહાહા..! જુઓને! આ અત્યારે કહે છે ને રજનીશ. **'ઉસકા નિષેધ કિયા હૈ.'**

**'જિનદેવને પરમાત્માકા તથા ધ્યાનકા સ્વરૂપ કહા વહ સત્યાર્થ હૈ,...'** બે વાત. પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ જે આત્મા કહ્યો એ આત્મા અને એનું ધ્યાન જે વિધિએ કહ્યું તે ધ્યાન. બે વસ્તુ અને વસ્તુનું ધ્યાન. ભગવાને કહ્યું તે આત્મા અને તે ધ્યાન. અજ્ઞાનીઓ અનેક પ્રકારની કલ્પના કરાવે, કરે એ ધ્યાન અને એનો આત્મા સાચો નથી. ધ્યાન પણ ખોટું અને એનો આત્મા પણ ખોટો. **'ધ્યાન કા સ્વરૂપ કહા વહ સત્યાર્થ હૈ, પ્રમાણભૂત હૈ...'** ભગવાન પરમેશ્વરે જે કેવળજ્ઞાનમાં જે જોયું અને જે આત્માને કહ્યો એવો આત્મા પરમાનંદ સ્વરૂપ મહાચિંતામણી ભગવાનઆત્મા, એનું ધ્યાન એકાગ્ર એ ધ્યાન. કોઈ આમ કરવું, તેમ કરવું, ફલાણું કરવું. કહે છે ને અત્યારે ઓલા ઘણા? મુદ્રા ને ફલાણાવાળા ધ્યાન. આવે છે. સંસ્કાર ને ફલાણા નથી કહેતા? ... ઘંટેશ્વર શું કહે છે ઓલા? ઘંટાકર્ણ. ઘંટાકર્ણ આવે છે ને? મંત્ર. બધે ગપેગપ છે. એમ એ કહે છે ઘંટાકર્ણ આવે. બહુ મોટા મહોત્સવ કરે છે પછી એ ઘંટાકર્ણ કરે એટલે બસ, આત્માને આમ થઈ જાય... આત્મા આમ થઈ જાય. ધૂળેય ન થાય, સાંભળને. ભગવાને જે ઘંટ વગાડ્યો આત્માનો એ ઘંટાકર્ણ છે. બાકી બધા થોથા. આમ કરે, આમ પ્રસન્ન કરે, દેવને આમ પ્રસન્ન કરવા. સમજાણું?

મુમુક્ષુ :- દેવ રિસાણા છે.

ઉત્તર :- રિસાણા છે. અહીં કહે છે કે જિનદેવે કહ્યો તે આત્મા અને જિનદેવે કહ્યું તે સ્વરૂપનું ધ્યાન, એ સિવાય બીજી વાત એકેય સાચી નથી. **'વૈસે હી જો યોગીશ્વર કરતે હૈં વે હી નિર્વાણકો પ્રાપ્ત કરતે હૈં.'** લ્યો!

---

आगे जिनदेवने जैसे ध्यान अध्ययनकी प्रवृत्ति कही है वैसे ही उपदेश करते हैं :-

## ગાથા-૩૩

**पंचमहव्वयजुत्तो पंचसु समिदीसु तीसु गुत्तीसु।**
**रयणत्तयसंजुत्तो झाणज्झयणं सया कुणह।।३३।।**

पंचमहाव्रतयुक्तः पंचसु समितिषु तिसृषु गुप्तिषु।
रत्नत्रयसंयुक्तः ध्यानाध्ययनं सदा कुरु।।३३।।

**તું પંચસમિતિ, ત્રિગુપ્ત ને સંયુક્ત પંચમહાવ્રતે,**
**રત્નત્રયીસંયુતપણે કર નિત્ય ધ્યાનાધ્યનને. ૩૩.**

**अर्थ :- आचार्य कहते हैं कि जो पाँच महाव्रत युत हो गया तथा पाँच समिति व तीन गुप्तियोंसे युक्त हो गया और सम्यग्दर्शन-ज्ञान-चारित्ररूपी रत्नत्रयसे संयुक्त हो गया ऐसे बनकर है मुनिजनो! तुम ध्यान और अध्ययन-शास्त्रके अभ्यासको सदा करो।**

**भावार्थ :- अहिंसा, सत्य, अस्तेय, ब्रह्मचर्य, परिग्रहत्याग वे पाँच महाव्रत, ईर्या, भाषा,**

**एषणा, आदाननिक्षेपण, प्रतिष्ठापना ये पाँच समिति और मन, वचन, कायके निग्रहरूप तीन गुप्ति– यह तेरह प्रकारका चारित्र जिनदेवने कहा है उससे युक्त हो और निश्चय–व्यवहाररूप, सम्यगदर्शन– ज्ञान–चारित्र कहा है इनसे युक्त होकर ध्यान और अध्ययन करनेका उपदेश है। इनमें भी प्रधान तो ध्यान ही है और यदि इसमें मन न रुके तो शास्त्रके अभ्यासमें मनको लगावे यह भी ध्यानतुल्य ही है, क्योंकि शास्त्रमें परमात्माके स्वरूपका निर्णय है सो यह ध्यानका ही अंग है।।३३।।**

## ગાથા-૩૩ ઉપર પ્રવચન

**'આગે જિનદેવને જૈસે ધ્યાન અધ્યયનકી પ્રવૃત્તિ કહી હૈ વૈસે હી ઉપદેશ કરતે હૈં :-'** હવે નિશ્ચયસહિત વ્યવહાર એનો કેવો હોય ધર્મીનો એ વાત કરે છે.

**पंचमहव्वयजुत्तो पंचसु समिदीसु तीसु गुत्तीसु।**
**रयणत्तयसंजुत्तो झाणज्झयणं सया कुणह।।३३।।**

**અર્થ :- 'આચાર્ય કહતે હૈં કિ જો પાંચ મહાવ્રત યુક્ત હો ગયા...'** મુનિની વાત છે ને મુખ્ય? આત્મા સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર, એ આત્માના ત્રણ આશ્રય લઈને એમાં પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે ત્યાં ચારિત્રની ઉગ્રતા અંદર સ્થિરતા હોય છે એમ બતાવવું છે. એને વ્યવહારે પંચમહાવ્રતનો વિકલ્પ હોય. નિશ્ચયથી પંચમહાવ્રત તો સ્વરૂપમાં એકાકાર થવું તે છે. અહિંસા રાગની ઉત્પત્તિ ન થતાં વીતરાગભાવની ઉત્પત્તિ થાય તે અહિંસા. સત્ય ભગવાન અંદરથી જાગે વીતરાગતાના ભાવ લઈને એનું નામ સત્ય. એક વિકલ્પ પણ ન આદરવા દે અને એકલા સ્વરૂપનું ગ્રહણ કરે એ ચોરીનો ત્યાગ. એકલો બ્રહ્માનંદ ભગવાનઆત્મા એમાં લીન થાય તે બ્રહ્મચર્ય. આહાહા..! અને ત્રિકાળ સ્વરૂપને પકડે એ એનો નિજ પરિગ્રહ. નિર્જરા અધિકારમાં આવે છે. પોતાનો પરિગ્રહ છે. આત્મા પોતાનો પરિગ્રહ. આહાહા..! સમજાણું કાંઈ? એવા પંચમહાવ્રત નિશ્ચય સહિત અને વિકલ્પ પણ એને હોય. ચારિત્રની દશા બતાવવી છે ને? પાંચ સમિતિ. જોઈને ચાલવું, નિર્દોષ આહારાદિ વ્યવહાર અને સમિતિ નિશ્ચય. આત્મામાં સમ્યક્ પ્રકારે શુદ્ધની પરિણતિ તે સમિતિ. આત્મામાં શુદ્ધ સ્વભાવનું ધ્યાન કરીને શુદ્ધ પરિણતિ જે જાગે તેને અહીં સમિતિ કહેવામાં આવે છે. ત્રણ ગુપ્તિ. મન, વચન અને કાયા વિકલ્પથી ગોપવીને સ્વરૂપમાં ઠરે.

વળી, **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયસે સંયુક્ત હો...'** દેખો! એકલા પંચમહાવ્રત અને સમિતિ-ગુપ્તિ નહિ, એમ કહે છે. જેમાં ભગવાન પરમાનંદ પ્રભુ, એનું અંતરદર્શન, અંતરદર્શન, એનું અંતરજ્ઞાન અને અંતર રમણતા-ચારિત્ર એ **'રત્નત્રયસે સંયુક્ત હો ગયા...'** આવો સ્થિરતાવાળો સાધુ હોય એને ધ્યાન એકદમ જામે એમ કહે છે. સમજાય છે કાંઈ? મુનિને તો છઠ્ઠે ગુણસ્થાને હોય અને સાતમે તરત અંતર્મુહૂર્તે આવે. એને સાચા મુનિ કહીએ. સાતમું તો હજારો વાર આવે. એને ધ્યાન તો હજારો વાર એક અંતર્મુહૂર્તમાં આવે. સમજાણું કાંઈ? નિંદ્રા તો એક થોડી. આવે છે ને 'છ ઢાળા'માં? પાછલી રાતમાં થોડી. એક

પડખે સૂવે. એ તો પોણી સેકન્ડની અંદર નિંદ્રા હોય. એકલી નિંદ્રા ફટ જાગૃત થઈ જાય. સાતમું ગુણસ્થાન આવે. એને મુનિ કહેવામાં આવે છે. એ મુનિ રત્નત્રય સહિત છે.

'**ऐसे બનકર હૈ મુનિજનો!**' આચાર્ય મહારાજ કહે છે. '**सया कुणह**' શબ્દ લીધો છે ને? '**झाणज्झयणं सया कुणह**' આહાહા..! 'હે **મુનિજનો!**' તમે આત્માનું ધ્યાન લગાવો અને તેમાં થંભી ન શકો તો '**શાસ્ત્રકે અભ્યાસકો સદા કરો.**' શાસ્ત્રનો અભ્યાસ શા માટે? સમજાય છે કાંઈ? ધ્યાન અને અધ્યયન બે છે મુનિને. બીજું કાંઈ હોતું નથી.

**ભાવાર્થ :-** '**અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, પરિગ્રહત્યાગ યે પાંચ મહાવ્રત,...**' હિંસાનો ત્યાગ, જૂઠાનો ત્યાગ, ચોરીનો ત્યાગ, વિષયનો ત્યાગ. પરિગ્રહ લંગોટીનો ત્યાગ. બહાર. '**ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ, પ્રતિષ્ઠાપના યે પાંચ સમિતિ...**' જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ એને માટે કરેલા આહાર ન લેવા, જોઈને આદાનનિક્ષેપ- લેવું-મૂકવું જત્નાથી. સમિતિમાં ફેર છે. ... એમ આવે છે ને શ્વેતાંબરમાં? અહીં તો આદાનનિક્ષેપણ એટલું જ. કારણ કે .. વાસણ ન હોય પછી ભંડ ઉપકરણ ચોથી સમિતિ એ આવે. '**आयाण मंडमत निरवेवण**' વાસણ એને લેવા-મૂકવામાં જત્ના કરવી. પણ વાસણ હોય જ નહિ મુનિને. આહાર હાથમાં લે, .. જાય. જુઓ! બેમાં સમિતિમાં ફેર છે. શ્વેતાંબરમાં '**आयाण मंडमत निरवेवण**' સમિતિ છે એમ છે. આયાણભંડમત. લેવું, ભંડ એટલે વાસણ લેવા-મૂકવા એમાં ધ્યાન રાખીને લેવું. અહીં કહે છે, વાસણ-બાસણ નહિ. કોઈપણ મોરપીછી કે એવું હોય તો લેવું-મૂકવું ધ્યાન રાખવું, બસ. આદાનનિક્ષેપણા. બધી વાતમાં ફેર છે.

'**પ્રતિષ્ઠાપના...**' પરઠવું પરઠવું કે છોડવું. બળખો, મેલ, પરસેવો (હોય તો) ધ્યાન કરીને જતનાથી છોડવું. એવું હોય છે. સમજાણું? એ પાંચ સમિતિ. '**ઔર મન, વચન, કાયકે નિગ્રહરૂપ તીન ગુપ્તિ-યહ તેરહ પ્રકારકા ચારિત્ર જિનદેવને કહા હૈ ઉસસે યુક્ત હો...**' આહાહા..! 'સમ્યગ્જ્ઞાનદીપિકા'માં કહે છે, ભાઈ! 'સમ્યગ્જ્ઞાનદિપીકા'માં. અરે..! મુનિ એક અને તેર પ્રકારનું ચારિત્ર! (મુનિ એક અને) બાવીશ પરિષહ! મુનિ એક અને બાર પ્રકારની ભાવના! મુનિ એક અને બાર પ્રકારનો તપ! વ્યવહારની વાતું બધી એવી હોય. અંદરમાં સ્વરૂપમાં આશ્રય કરવો અને વીતરાગતા પ્રગટ કરવી એક જ માર્ગ. એમાં આ બાર અને તેર એવા ભેદ પાડવા જાય તો વિકલ્પ ઊઠે. સમજાણું કાંઈ?

અહીં તો ત્યાં સુધી લીધું છે. બાવીસ પરિષહ અને અગ્નિ અને ઉષ્ણતા જેમ એક છે એમ આત્મા અને બાવીસ પરિષહ એક નથી. આહાહા..! ત્યાં તો ત્યાં સુધી લીધું છે. સમજાણું? બાર પ્રકારનું તપ, અગ્નિ અને ઉષ્ણતા એક છે એમ આત્મા અને બાર પ્રકારના તપ એક નથી. આહાહા..! બાર પ્રકારની ભાવના અને આત્મા બેય એક નથી. ભાવના બાર પ્રકારની એ તો વિકલ્પ ઊઠે. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર...

ઉત્તર :- આવે. પણ મૂળ ભાવના તો અંદર એકાગ્રતા છે તે છે. સમજાણું કાંઈ? આ

દસ પ્રકારનો ધર્મ. લ્યો! એની વાત છે. આ દસ પ્રકારનો આવશે ને? દસલક્ષણી પર્વ. ઓલા શનિવારથી. દસલક્ષણીપર્વ ઓલે શનિવારથી. આ શનિવાર આ અને ઓલો શનિવાર. દસધર્મ મુનિ એક અને દસ પ્રકારનો ધર્મ! આ ક્યાંથી આવ્યું? એવા ભેદમાં મુનિ તન્મય નથી એમ કહે છે. બહુ ઝીણી વાત છે. ભગવાનઆત્મામાં એકાકાર થાય, પવિત્ર સ્વરૂપમાં લીનતા થાય એ બધી દશા એને એકાકારતા એકપણું ઉત્પન્ન કરે. આવા ભેદ-બેદ એમાં છે નહિ. એમ લેવું છે. આહાહા..! તેર પ્રકારનું ચારિત્ર. લ્યો! મુનિ એક અને તેર પ્રકારનું ચારિત્ર ક્યાંથી? એ તો વિકલ્પની વાત છે. વ્યવહારનું જ્ઞાન કરાવે છે.

'**નિશ્ચય-વ્યવહારરૂપ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહા હૈ...**' લ્યો! નિશ્ચય સમકિત, નિશ્ચય જ્ઞાન, નિશ્ચય ચારિત્ર આત્માને આશ્રયે હોય તે. અને વ્યવહાર દેવ, ગુરુ, શાસ્ત્રને આશ્રયે હોય તે વિકલ્પ. '**ઈનસે યુક્ત હોકર ધ્યાન ઔર અધ્યયન કરનેકા ઉપદેશ હૈ.**' લ્યો! ધ્યાન અને અધ્યયનનો ઉપદેશ. '**ઈનમેં ભી પ્રધાન તો ધ્યાન હી હૈ...**' મૂળ તો સ્વરૂપ, આનંદસ્વરૂપનું ધ્યાન લગાવવું એ જ કર્તવ્ય છે. મુનિને બીજું કર્તવ્ય છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- અઠ્યાવીસ મૂળગુણના પાલન ક્યાં ગયા?

ઉત્તર :- ગયા એ વ્યવહારમાં. છોડવામાં. છોડવાલાયક છે એ.

'**શાસ્ત્રકે અભ્યાસમેં મનકો લગાવે...**' જોયું! તેમાં ન થંભે, આત્માના સ્વરૂપમાં થંભી શકે નહિ '**તો શાસ્ત્રકે અભ્યાસમેં મનકો લગાવે યહ ભી ધ્યાનતુલ્ય હી હૈ, ક્યોંકિ શાસ્ત્રમેં પરમાત્માકે સ્વરૂપકા નિર્ણય હૈ...**' એમ. શાસ્ત્રમાં તો પરમાત્માનું સ્વરૂપ આવું અભેદ છે, અખંડ છે એવો નિર્ણય છે ને? એટલે એમ કે વિકલ્પમાં પણ એ વિચાર કરીને એનો નિર્ણય અભેદમાં લઈ જાય. '**સો યહ ધ્યાનકા હી અંગ હૈ.**' શાસ્ત્રનું અધ્યયન. મુનિને બે જ કર્તવ્ય હોય છે. ત્રીજું હોઈ શકે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे कहते हैं कि जो रत्नत्रयकी आराधना करता है वह जीव आराधक ही हैं :-**

## ગાથા-૩૪

**रयणत्तयमाराहं जीवो आराहओ मुणेयव्वो।**
**आराहणाविहाणं तस्स फलं केवलं णाणं।।३४।।**

रत्नत्रयमाराधयन् जीवः आराधकः ज्ञातव्यः।
आराधनाविधानं तस्य फलं केवलं ज्ञानम्।।३४।।

**રત્નત્રયી આરાધનારો જીવ આરાધક કહ્યો;**
**આરાધનાનું વિધાન કેવલજ્ઞાનફળદાયક અહો ! ૩૪.**

**अर्थ :– रत्नत्रय सम्यग्दर्शन–ज्ञान–चारित्रकी आराधना करते हुए जीवको आराधक जानना और आराधनाके विधानका फल केवलज्ञान है।**

**भावार्थ :– जो सम्यग्दर्शन–ज्ञान–चारित्रकी आराधना करता है वह केवलज्ञानको प्राप्त करता है वह जिनमार्गमें प्रसिद्ध है।।३४।।**

**પ્રવચન નં. ૭૫, ગાથા-૩૪ થી ૩૭, રવિવાર, શ્રાવણ વદ ૧૪, તા.૩૦-૮-૭૦**

આ 'અષ્ટપાહુડ'. મોક્ષપાહુડની ગાથા-૩૪.

**'આગે કહતે હૈં કિ જો રત્નત્રયકી આરાધના કરતા હૈ વહ જીવ આરાધક હી હૈ :-'** ઉપરની લીટી છે. શું કહ્યું? મોક્ષના માર્ગની વાત છે ને? મોક્ષપ્રાભૃત. તો મોક્ષ કોને થાય? કે જીવ રત્નત્રયને આરાધે એ આરાધક છે. એ મોક્ષના માર્ગમાં છે. ગાથા.

**रयणत्तयमाराहं जीवो आराहओ मुणेयव्वो।**
**आराहणाविहाणं तस्स फलं केवलं णाणं।।३४।।**

શું કહે છે? જુઓ!

**અર્થ :- 'રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી આરાધના કરતે હુએ જીવકો...'** જીવ કર્તા છે. જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું આરાધન કરે છે. આરાધક જીવ આરાધના દર્શન-જ્ઞાન-ચારિત્રની (કરે છે). નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન અને રાગરહિત ચારિત્ર. જીવ કર્તા થઈને પોતાના ગુણને આરાધે છે. એ ગુણને આરાધે છે એટલે ગુણીને જ આરાધે છે. એ ભેદથી વાત કરી છે. સમજાણું કાંઈ? **'આરાધક જાનના...'** એ મોક્ષના માર્ગમાં છે.

**'ઔર આરાધનાકે વિધાન...'** એ આરાધનાની વિધિ છે. આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્ર, એને આરાધે એ આરાધનાની વિધિની રીત છે. કોઈ પંચમહાવ્રતના વિકલ્પને આરાધે કે નિમિત્તને આરાધે એ માર્ગમાં નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, 'પ્રવીણભાઈ'! નિવૃત્તિ લઈને આ સમજવા જેવી વાત છે. એય..! જુઓ! ત્રણ વાત કરી. આરાધક, આરાધવાયોગ્ય અને આરાધનાનું ફળ. સમજાય છે કાંઈ? રત્નત્રય એ આરાધતા જીવ એટલે જીવ આરાધક. આરાધના કોની કરે? સેવા કોની કરે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની.

ભગવાનઆત્મા આરાધક, મોક્ષના માર્ગને સેવનાર. કોની સેવા કરે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની. આત્મા પરિપૂર્ણ ધ્રુવ શુદ્ધ. એનો ખુલાસો કરશે. જીવ કેવો છે એ ૩૫મી ગાથામાં કહેશે. અહીં તો જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાય છે એને આરાધે છે, સેવે છે, આરાધન કર્તા જીવ છે, આરાધે છે દર્શન-જ્ઞાન-ચારિત્રને. ગુણી ગુણને આરાધે છે એમ ભેદથી કથન કર્યું છે. સમજાણું કાંઈ? બાકી ગુણી અને ગુણ અભેદ છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં ભેદથી કથન કર્યું છે.

જીવ વસ્તુ ભગવાનઆત્મા. એ પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(ની આરાધના કરે

છે). આ તો મોક્ષના માર્ગનો અધિકાર છે એટલે બહુ ટૂંકામાં, સંક્ષેપમાં સાર છે. આ પંચમહાવ્રતના વિકલ્પ ને દયા, દાન ને વ્રતને આરાધવું એ મોક્ષના માર્ગમાં નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? 'દીપચંદજી'! શું છે? સત્ય છે? એ પણ સાધુ થવાના હતા, હોં! 'પ્રકાશદાસજી' ક્યાં ગયા? ત્યાં બેઠા? એ સાધુ થવાના હતા 'દીપચંદજી'. દિગંબર સાધુ, હોં! તમે સ્થાનકવાસી સાધુ થવાના હતા. એ દિગંબર સાધુ થવાના હતા.

મુમુક્ષુ :- કોઈ થવાના નહોતા.

ઉત્તર :- પણ થવાનો વિકલ્પ-ભાવ હતો. એ થવાના નહોતા. થવાના હોય તો થયા વિના રહે નહિ. આહાહા..!

કહે છે કે સાધુ કોને કહેવા? કેવા દ્રવ્યને એ આરાધે-સાધે? સમજાણું કાંઈ? કેવા દ્રવ્યને એટલે કઈ વસ્તુને આરાધે-સેવે એ સાધુ કહીએ? કહે છે કે '**રત્નત્રય સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્રકી આરાધના કરતે હુએ...**' ભાષા એમ છે ને? ભાઈ! ગુણની પર્યાયને આરાધતા. પણ એ પર્યાયનો ધરનાર ગુણ છે, ગુણી છે. ગુણીને આરાધતા આવી દશા થાય છે એથી તેને આરાધે છે એમ કહેવામાં આવે છે. ભાષા શું કથન કરવું? એને વાત કરવી છે કે જીવ શું કરે? કે પુણ્ય-પાપની ક્રિયા અને રાગની ક્રિયાને આરાધે? કહે ના. એને સેવે? ના. ત્યારે કોને (આરાધે)? એમ. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ચૈતન્યદ્રવ્ય એ કર્તા છે, કરનારો છે, આરાધનારો છે. શેની આરાધના (કરે છે)? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની. એ વિધિથી એનું ફળ શું? એનું ફળ કેવળજ્ઞાન. અહીં મોક્ષ લેવું છે ને? આહાહા..! સમજાણું કાંઈ? આ તો ધીરજની વાત છે. આ કાંઈ એકદમ દોડીને, કૂદીને જાય અને બહાર કર્યા અને આ કર્યા અને તે કર્યા એ માર્ગ છે નહિ. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ની શૈલી ! કહે છે કે ભગવાનઆત્મા પોતેપોતાના ગુણને આરાધે. અહીંયા પર્યાય ભલે (કહી) પણ એ ગુણ કહેવાય. સમજાય છે? આરાધનારો એટલે અંતર દૃષ્ટિમાં ચૈતન્ય પોતે દૃષ્ટિમાં લીધો છે. આહા..! મૂળ તો આરાધક આત્મા છે. પણ અહીંયાં ગુણીથી (વાત કરી છે). એને ઓલા રાગાદિનું આરાધન કરવું નથી, નિમિત્તનું આરાધન કરવું નથી એ અપેક્ષાએ એને દર્શન-જ્ઞાન-ચારિત્રનું આરાધકપણું કહેવામાં આવ્યું છે. આહાહા..! દોષને આરાધવા નથી. સમજાણું કાંઈ? તેમ એક સમયની પર્યાયને આરાધવી છે એમ કહેવામાં આશય કે ગુણ અને ગુણી અભેદ છે એમ અભેદ કરીને ગુણને આરાધે છે. આરાધે છે ગુણીને. સમજાય છે કાંઈ? આવી વાત. ભગવાન આ તો કેવો છે એ ૩૫ ગાથામાં કહેશે. અનાદિ વસ્તુ કેવી છે એ. એવો જે આત્મા નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. નિશ્ચય. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આરાધનાનું કારણ નથી અને એ આરાધનાનું ફળ કેવળજ્ઞાન નથી એમ કહે છે. '**ઔર આરાધનાકે વિધાન...**' હૈ. આ વિધિ છે, આ રીત છે. જેને મોક્ષની પર્યાય, સિદ્ધની દશા પ્રગટ કરવી છે, સિદ્ધદશા કહો કે કેવળજ્ઞાન કહો. કેવળજ્ઞાન આવ્યું ને? જેને કેવળજ્ઞાન, પરમાત્મદશા, મોક્ષદશા જેને પ્રગટ કરવી છે એવા જીવે પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. પોતે છે તો અનંતગુણ સંપન્ન એ પછી કહેશે. પણ એને આરાધવાનો મોક્ષમાર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી આરાધના કરતા હૈ વહ કેવલજ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ વહ જિનમાર્ગમેં પ્રસિદ્ધ હૈ.**' બહુ ટૂંકું અને ઘણું સંક્ષેપ. ભગવાનઆત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ કેવળજ્ઞાનનો ઘન છે એ આત્મા. એવા આત્માને એના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું આરાધવું, સેવવું છે. જુઓ! આવ્યું હતું ને બીજી ગાથામાં? ભાઈ! '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' બીજી ગાથામાં. 'સમયસાર'. જીવ પોતે પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર થાય છે. 'સમયસાર'ની બીજી ગાથા. '**जीवो चरित्त-दंसणणाणठिदो तं हि ससमयं जाण।**' એનો અર્થ કે ભગવાનઆત્મા ગુણના સ્વભાવથી ભરેલો ગુણી, એ ગુણને આરાધે છે એમ કહેતા એ આત્માને આરાધે છે. આહાહા..! ધર્મીનો, મોક્ષનો માર્ગ એ વિકલ્પ અને પંચમહાવ્રત રાગ અને એ આરાધે એ માર્ગ નથી. એય..! 'પ્રકાશદાસજી'! આ પાંચ મહાવ્રત હોય ત્યારે તમે યાદ આવો. આહાહા..!

ભગવાનઆત્મા ક્યાં એમાં ખોટ છે અને ઊણપ છે? પરિપૂર્ણ આનંદ ને જ્ઞાન ને શાંતિથી ભર્યો છે. એવો આત્મા પોતાના ગુણને આરાધે એમ કહે છે. એ રાગને અને પુણ્યને અને નિમિત્તને સેવતો નથી, આરાધતો નથી. આહાહા..! ભારે વાત! અહીં તો કહે છે કે વ્યવહાર મોક્ષમાર્ગને જીવ સેવતો નથી. અહીંયાં તો નિશ્ચય મોક્ષમાર્ગ આત્માની સન્મુખ થઈને અંતરની નિર્વિકલ્પ શ્રદ્ધા, વિકલ્પ વિનાનો આત્મા એની નિર્વિકલ્પ શ્રદ્ધા, એનું નિર્વિકલ્પ સ્વસંવેદન ચૈતન્ય સન્મુખનું જ્ઞાન અને ચૈતન્ય સ્વભાવસન્મુખની સ્થિરતા, આત્મામાં ચરવું, રમવું, જમવું એનું નામ ચારિત્ર. લ્યો, આનું નામ ચારિત્ર. સમજાણું કાંઈ? આ પાંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણને ચારિત્ર કહે છે એ ચારિત્ર નહિ. ચારિત્ર તો સ્વસ્વભાવમાં રમે, પૂર્ણાનંદનો નાથ આત્મા પોતામાં રમે, ટકે અને લીન થાય એને ચારિત્ર કહે છે. એ લોકો ઈ ઠરાવે છે માળા. પંચમહાવ્રતને સેવો, કરો, અંગીકાર કરો. તમારું કલ્યાણ થઈ જશે. નિગોદમાં જાશે. મિથ્યાત્વને સેવતા એનું ફળ તો નિગોદ છે. આહાહા..!

મુમુક્ષુ :- કહે છે કે 'સોનગઢ'ના ભાઈઓને ચારિત્ર નથી પ્રગટ કરવું...

ઉત્તર :- એને એ સ્વતંત્ર છે. ભાઈ! એને શું કહેવાય? એને જે વાત કલ્પનામાં આવે એ કહે. બીજું શું કહે? એને વસ્તુની સ્થિતિની ખબર ન હોય. ચારિત્ર કોને કહેવું? ભગવાન! ચારિત્ર તો સ્વરૂપમાં રમવું એ ચારિત્ર છે. પણ એ ચારિત્ર ક્યારે થાય? પહેલો વ્યવહાર કરે કે આત્માની દ્રવ્યની દૃષ્ટિ કરે ત્યારે?

મુમુક્ષુ :- એની દૃષ્ટિ કરે ત્યારે થાય.

ઉત્તર :- એ બધી વ્યવહારની વાતું. એમ છે નહિ. વ્યવહાર બોલે છે એમ.

મુમુક્ષુ :- બહાર શુદ્ધિ કરે તો અંતર શુદ્ધિ થાય.

ઉત્તર :- હા. અંતર સ્વરૂપની શુદ્ધિ કરે ત્યારે આત્માનું કલ્યાણ થાય છે એમ કહે છે. બહારનો શુદ્ધો કોણ કરતું હતું? એ માટે તો અહીં આટલા ત્રણ બોલ મૂક્યા છે. '**रयणत्तयमाराहं जीवो**' છે ને? રત્નત્રયનો આરાધક જીવ અને '**आराहओ**' એને આરાધક કહેવામાં આવે છે. એને પાંચ મહાવ્રત પાળે અને ફલાણું એમ કહ્યું નથી અહીં.

મુમુક્ષુ :- એને આરાધક વ્યવહારે કહેવાય.

ઉત્તર :- વ્યવહાર આરાધક એટલે? નિશ્ચય વિરાધક. એ વસ્તુમાં છે નહિ ને પછી એ પ્રશ્ન ક્યાં એ? પાંચ મહાવ્રતના, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ એ તો રાગ છે, વિભાવ છે. વિભાવની સાથે તન્મય થઈને અધ્યાસ કર્યો છે કે આ મારા છે. વસ્તુમાં છે નહિ. માન્યતાથી ઊભું કર્યું છે કે એ વિભાવ હું છું.

મુમુક્ષુ :- મુનિને પણ રાગ હોય છે.

ઉત્તર :- રાગ નથી એને. રાગ કેવો? સમકિતીને રાગ નથી ને. પ્રશ્ન ક્યાં છે?

મુમુક્ષુ :- આહાર લેવા શું કરવા જાય છે?

ઉત્તર :- ક્યાંય જતા નથી. એ તો જાણે ને જોવે ને ઠરે છે એ ક્રિયા છે એની. આહાહા..! સમજાય છે કાંઈ? આહાર લેવા જાય કોણ? લે કોણ? ખાય કોણ? દે કોણ? આહાહા..!

મુમુક્ષુ :- મુનિ ઉપદેશ દે છે, શાસ્ત્રો લખે છે.

ઉત્તર :- કોઈ દેતું નથી, લેતું નથી. બધી વ્યવહારની વાતું છે. લખે કોણ? બોલે કોણ? જે બોલે ઈ બીજો અને લખે ઈ બીજો. આત્મા નહિ એ. આહાહા..!

એ આહારનો વિકલ્પ ઉઠ્યો એને જાણનારો તે આત્મા. વિકલ્પ તે આત્મા નહિ. બોલનારો આત્મા નહિ, બોલાય તેનું જ્ઞાન કરનારો તે આત્મા. ચાલવાની ક્રિયા તે આત્માની નહિ, ચાલવાની ક્રિયા થાય તેને પોતામાં એના અવલંબન વિના જાણે એનું નામ આત્મા. એવો માર્ગ છે, ભાઈ! ખબર જ ન મળે જ્યાં લક્ષમાં નથી કે શું માર્ગ છે. એ કોને નિશાન વિના ક્યાં નિશાન મારવું એની તો ખબર નથી. એમ ને એમ હાથમાં બંદુક લઈને આવે એ તમારા.. પોલીસ હતા ને પોલીસ? શું કહેવાય પોલીસ સુપ્રીટેન્ડેન્ટ. વાણિયા છે પણ એ શીખવતા હશે આમ મારવું ને આમ મારવું.

મુમુક્ષુ :- સૂચના આપે.

ઉત્તર :- સૂચના આપે શું? પોલીસ સુપ્રીટેન્ડેન્ટ હતા ને આ બધા. ફોજદારના મોટા ઉપરી હતા. હેં! હા આમ મારો ને તેમ મારો. અને રાખતા ને તમે?

મુમુક્ષુ :- રિવોલ્વર.

ઉત્તર :- રિવોલ્વર. અને ઓલું રાખતા શું કહેવાય એ? કારતુસ. પટ્ટામાં રાખે કારતુસ. વાણિયા હતા એ. આહાહા..! એ તો એ જગતના, એ બધા વ્યવહારના ભેખ છે બધા. ભગવાનનો ભેખ તો આત્માનું નિર્મળ ચારિત્રનું દર્શન-જ્ઞાનસહિતનું આરાધન એ આત્માનો ભેખ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**वह जिनमार्गमें प्रसिद्ध है.**' એમ વળી લખ્યું. સમજ્યા ને? '**तस्स फलं केवलं णाणं।।**' એટલે શું? કે જૈનમાર્ગને વિષે જે આત્મા કહ્યો અને તેના દર્શન-જ્ઞાન-ચારિત્ર ભગવાને કહ્યાં એનું આરાધન કરે તેને જૈનમાર્ગમાં કેવળજ્ઞાન થાય એમ પ્રસિદ્ધ છે. બીજાને કેવળજ્ઞાન અને મોક્ષ થાય એમ છે નહિ. એમ કહેવા માગે છે. જૈનમાર્ગમાં પ્રસિદ્ધ છે એટલે વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ આત્મા કહ્યો, એના જે ગુણ કહ્યા, એનું સેવન જેણે કર્યું, એટલે ગુણનું સેવન એટલે દ્રવ્યનું. ગુણ-ગુણી અભેદ. એવા સેવન કરનારને

જૈનમાર્ગમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એમ જે કહ્યું છે એ પ્રસિદ્ધ છે. એ કાંઈ ખાનગી વાત નથી. એ પ્રસિદ્ધ છે જગતમાં. જૈનમાર્ગ આવો સેવે તેને કેવળજ્ઞાન થાય જ એમ વીતરાગમાર્ગની અંદરમાં પ્રસિદ્ધ છે. સમજાણું કાંઈ? પંચમહાવ્રતની ક્રિયા, રાગની ક્રિયાને સેવે અને કેવળજ્ઞાન પામે એમ જૈન માર્ગમાં પ્રસિદ્ધ નથી એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- બાકીનો માર્ગ ઊંધો ને?

ઉત્તર :- બાકીના બધા ઊંધા. એકેએક. આ વેદાંત ને ફેદાંતને. સોએ સો ટકા ઊંધા. એક જ આત્મા અને સર્વવ્યાપક આત્મા અને શુદ્ધ બુદ્ધ અનંત અખંડ આનંદ એક જ, પર્યાય-ફર્યાય અવસ્થાનું બદલવું છે નહિ.

મુમુક્ષુ :- અવસ્થા ક્યાં આપણી છે?

ઉત્તર :- પર્યાય એની છે. નથી કોણે કીધું? કોણે કીધું પર્યાય એની નથી? એ તો દ્રવ્યમાં નથી. પણ પર્યાયની પર્યાયમાં નથી? સમજાણું કાંઈ? ફેર તો આ પાડ્યો ને કે ઓલું દ્રવ્યમાં પર્યાય નથી તો કહે આખી પર્યાય જ નથી. પર્યાય નથી તો મોક્ષનો માર્ગ અને મોક્ષ અને સિદ્ધ બધું પર્યાય છે. સમજાણું કાંઈ? પર્યાય એટલે અવસ્થા. દ્રવ્યમાં, ધ્રુવમાં શું હોય? ધ્રુવમાં મોક્ષ પણ નથી, મોક્ષનો માર્ગ નથી, બંધ નથી, બંધની પર્યાય નથી. ધ્રુવ તો ત્રિકાળ વસ્તુ છે. પણ એ ધ્રુવમાં નથી. પણ પર્યાયમાં છે કે નહિ? પર્યાય પ્રમાણનો વિષય એનું પ્રમાણ કરે ત્યારે પર્યાય એની છે. કંઈ જડની નથી, પરની નથી અને પર્યાય વિનાનું એ દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? આહાહા..! પર્યાય વિનાનું એટલે? ઓલો ધ્રુવ તો પર્યાય વિનાનું છે પણ પર્યાય ત્યાં નથી એવું એ ધ્રુવ નથી. એમ. પર્યાય ત્યાં નથી જ એવું ધ્રુવ નથી.

મુમુક્ષ :- પર્યાય તો બધાને હોય એમાં જીવને શું?

ઉત્તર :- જીવને ને બધાને એમ છે. દ્રવ્ય છે અને સાથે પર્યાય છે. પર્યાયમાં જ મોક્ષમાર્ગ અને મોક્ષ હોય. બીજે ક્યાંય હોઈ શકે નહિ. એથી એમ કહે છે ને આરાધવું એ પર્યાય છે અને એનું ફળ પણ પર્યાય છે.

---

**आगे कहते हैं कि शुद्धात्मा है वह केवलज्ञान है और केवलज्ञान है वह शुद्धात्मा हैं :-**

## ગાથા-૩૫

**सिद्धो सुद्धो आदा सव्वण्हू सव्वलोयदरिसी य।**
**सो जिणवरेहिं भणिओ जाण तुमं केवलं णाणं।।३५।।**

**सिद्धः शुद्धः आत्मा सर्वज्ञः सर्वलोकदर्शी च।**
**सः जिनवरैः भणितः जानीहि त्वं केवलं ज्ञानं।।३५।।**

**છે સિદ્ધ, આત્મા શુદ્ધ છે ને સર્વજ્ઞાનીદર્શી છે,**
**તું જાણ રે! – જિનવરકથિત આ જીવ કેવળજ્ઞાન છે. ૩૫.**

**अर्थ :– आत्मा जिनवर सर्वज्ञदेवने ऐसा कहा है, कैसा है? सिद्ध है–किसीसे उत्पन्न नहीं हुआ है स्वयंसिद्ध है, शुद्ध है–कर्ममलसे रहित है, सर्वज्ञ है–सब लोकालोक को जानता है और सर्वदर्शी है–सब लोक–अलोकको देखता है, इसप्रकार आत्मा है वह हे मुने! उसहीको तू केवलज्ञान जान अथवा उस केवलज्ञानहीको आत्मा जान। आत्मामें और ज्ञानमें कुछ प्रदेशभेद नहीं है, गुण–गुणी भेद हैं वह गौण है। यह आराधनाका फल पहिले केवलज्ञान कहा, वही है।।३५।।**

## ગાથા-૩૫ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ શુદ્ધાત્મા હૈ વહ કેવલજ્ઞાન હૈ ઔર કેવલજ્ઞાન હૈ વહ શુદ્ધાત્મા હૈ :-**' ત્રિકાળની વાત કરે છે હવે, હોં!

**सिद्धो सुद्धो आदा सव्वण्हू सव्वलोयदरिसी य।**
**सो जिणवरेहिं भणिओ जाण तुमं केवलं णाणं।।३५।।**

એ જ્ઞાન અને આત્મા એક ગણીને કેવળ આત્મા છે એમ માન કહે છે. એકલું જ્ઞાન તે આત્મા. એમ.

'**અર્થ :- આત્મા જિનવર સર્વજ્ઞદેવને ઐસા કહા હૈ,...**' ભગવાનઆત્મા પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં આત્મા એવો આવ્યો છે. '**કૈસા હૈ? સિદ્ધ હૈ–કિસીસે ઉત્પન્ન નહીં હુઆ હૈ...**' અથવા પોતાના શુદ્ધસ્વભાવની ઉપલબ્ધિસહિત જ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? મુક્તિ છે ને? મુક્તિ આત્માની પ્રાપ્તિ છે. આત્માની ઉપલબ્ધિ. પણ અહીં દ્રવ્ય શુદ્ધ સ્વભાવની ઉપલબ્ધિથી જ સિદ્ધ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? '**કિસીસે ઉત્પન્ન નહીં હુઆ હૈ...**' વસ્તુ નથી એમ નહિ, નિપજી નથી. વસ્તુ જ છે એમાં. સિદ્ધપદની પ્રાપ્તિ એટલે આત્માની ઉપલબ્ધિ પર્યાયમાં, અહીં દ્રવ્યમાં પોતે જ ઉપલબ્ધિ, ધ્રુવમાં ગુણની ઉપલબ્ધિવાળો જ એ આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા પૂર્ણ સિદ્ધની જે પર્યાય છે એવા જ અહીંયાં ગુણથી ઉપલબ્ધરૂપ ત્રિકાળ આત્મા છે. એને આત્મા કહીએ. જેથી પૂર્ણ ગુણના પ્રાપ્તવાળો ભગવાન, એનો આશ્રય કરતાં પર્યાયમાં પૂર્ણ ગુણની ઉપલબ્ધિરૂપ મુક્તિ પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ આમાં? મોક્ષપ્રાભૃત છે ભાઈ આ. મોક્ષનો સાર. આહાહા..!

જિનવરદેવે ભગવાનઆત્માને સિદ્ધ કહ્યો છે. એટલે? '**સ્વયંસિદ્ધ હૈ,...**' એનો કોઈ કર્તા નથી. પણ સિદ્ધ જ છે એ. પોતાના સ્વભાવની પ્રાપ્તિથી એ સિદ્ધ સાબિત જ છે. સમજાણું કાંઈ? જુઓ! આવો આત્મા છે એક એક. એવો ભગવાન જિનવરે કહ્યો છે. જિનવર સિવાય બીજો આત્મા એવો કોઈ કહી શકે નહિ. કેવળજ્ઞાની ભગવાને જોયો એવો. બાકી કેવળજ્ઞાન વિના વાતું કરે એ બધા કલ્પિત વાતું કરનારા છે. સમજાણું કાંઈ? અનંતગુણની પ્રાપ્તિ સ્વરૂપ જ આત્મા છે એમ કહે છે. એની પર્યાયમાં પ્રાપ્ત જે ગુણ છે એ પર્યાયમાં પ્રાપ્ત થાય તેનું નામ મુક્તિ. આહાહા..! 'શોભાલાલજી'! બહુ ઝીણું! બહું ઝીણું!

કથા વાર્તા હોય (તો સમજાય). આ ભગવાનની જ કથા છે. ભાગવત કથા છે આ. પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરે કહેલી કથા છે આ.

ભાઈ! તું આત્મા છો ને નાથ ! તારામાં જેટલા ગુણો, બધા ગુણોની પ્રાપ્તિવાળો તું છો. ગુણો કાંઈ બહારથી આવતા નથી. એટલે ગુણ બહારથી નથી આવતા, અનંતા ગુણના પિંડની પ્રાપ્તિવાળું તારું તત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? સ્વયંસિદ્ધ છે. સ્વયંસિદ્ધ જ છે એના ગુણો અનાદિના. વસ્તુ તો સ્વયંસિદ્ધ છે પણ એના જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંતા ગુણો સ્વયંસિદ્ધ છે. એ ક્યાંયથી લાવવા છે અને ક્યાંયથી ઊપજે છે એમ છે નહિ.

'**શુદ્ધ હૈ, કર્મમલસે રહિત હૈ,...**' ભાવકર્મ અને દ્રવ્યકર્મ આત્મામાં છે નહિ. આહાહા..! ત્રિકાળ એવો છે એમ કહે છે. ત્રિકાળ એવો છે તો પર્યાયમાં એવો થઈ જાય છે. પર્યાય એટલે સિદ્ધદશા. એમ. સમજાણું કાંઈ? એને આવો આત્મા દૃષ્ટિમાં આવવો એનું નામ સમ્યગ્દર્શન. પછી કહેશે તરત જ. સમજાણું કાંઈ? '**जं जाणइ तं णाणं जं पिच्छइ तं च दसणं णेयं**' ૩૭ ગાથામાં કહેશે. ૩૬માં આરાધન કહી ૩૭માં કહેશે. કહો, સમજાણું કાંઈ?

કેવો છે આ ભગવાન આ આત્મા? શુદ્ધ છે. વિકલ્પનો ભાગ એમાં નથી અને કર્મના રજકણો ભગવાનઆત્મામાં નથી. વસ્તુમાં છે નહિ. આહાહા..! ક્યારે? અત્યારે. સમજાણું કાંઈ? આહાહા..! કર્મના રજકણો અને પુણ્ય-પાપના વિકલ્પ ભાવકર્મ એનાથી તો રહિત છે. એવો આ આત્મા અંદરમાં બિરાજમાન છે. એવા આત્માની દૃષ્ટિ અને જ્ઞાન કરવું એમાં રમણતા કરવી એનું નામ મોક્ષનો માર્ગ છે. અમથો અજ્ઞાનીઓ આત્મા-આત્મા કરે અને વાતું કરે એ આત્મા નથી. એથી અહીં આચાર્ય કહે છે. '**जिणवरेहिं भणिओ**' એમ કહ્યું ને? વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની ભગવાન, એણે આત્મા આવો જોયો છે અને કહ્યો છે. ભાઈ! તું આત્મા આવો છો. અનાદિનો એવો છો. શુદ્ધ છો, હોં! આહાહા..! મુક્તસ્વરૂપ જ તું છો એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીં એ આવે છે. '**સર્વજ્ઞ હૈ,...**' લ્યો. તારો સ્વભાવ સર્વજ્ઞ છે. આહાહા..! પર્યાયમાં સર્વજ્ઞ થાય છે ને? એ મુક્તિ. પણ એ સર્વજ્ઞ છે તો એમાંથી સર્વજ્ઞ પર્યાય પ્રાપ્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સર્વજ્ઞ હૈ-સબ લોકાલોક કો જાનતા હૈ...**' એવો એનો સ્વભાવ છે. 'સર્વજ્ઞ સર્વદર્શી' આવે છે ને પુણ્ય-પાપમાં? નિજ અપરાધના અજ્ઞાનને કારણે એની ખબર પડતી નથી. ઢંકાઈ ગયો છે. સ્વરૂપ તો સર્વજ્ઞ પૂર્ણ ચૈતન્યઘન છે. ત્રણકાળ ત્રણલોકને જાણે એથી અનંતગુણા લોકાલોક અને કાળ હોય જેને જાણવા, સર્વને જાણવાનો સ્વભાવ છે. એવો એનો અનાદિ દ્રવ્યમાં ગુણસ્વભાવ આવો છે. તો એનો આશ્રય લેતા પર્યાયમાં તેવડો જ ગુણ અનંત સર્વજ્ઞ પ્રગટ થાય છે. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભારે કઠણ! દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જ્ઞાન નહિ અને એમાં પછી આ મૂંઝવણ ઊભી થાય માણસને. તારી પર્યાય તારા ગુણમાંથી, દ્રવ્યમાંથી આવે છે. એમ અહીં કહે છે. પર્યાય કાંઈ રાગમાંથી આવે અને નિમિત્તમાંથી આવે, બહારથી આવે એમ છે નહિ. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ '**સબ લોકાલોક કો જાનતા હૈ ઔર સર્વદર્શી હૈ-સબ લોક-અલોકકો દેખતા હૈ,...**' એ તો જ્ઞાતા અને દૃષ્ટા જ એનો ત્રિકાળ સ્વભાવ છે. સમજાણું કાંઈ? રાગમાં અટકવું

કે રાગને કરવો એ એનો સ્વભાવ નથી. આહાહા..! એક એક આત્મા આવો છે એમ કહે છે. બધા થઈને આત્મા સર્વજ્ઞ છે એમ નહિ. '**લોક-અલોકકો દેખતા હૈ, ઈસપ્રકાર આત્મા હૈ...**' એવો આત્મા છે. એનું હોવાપણું જ આવડું છે એમ કહે છે. આત્માનું અસ્તિત્વ, સત્તા હોવાપણે જ આવડો છે કે જે સ્વયંસિદ્ધ ગુણથી પ્રાપ્ત છે. રાગ અને કર્મના મળથી રહિત છે. સર્વજ્ઞ અને સર્વદર્શી છે એવો આત્મા જ અનાદિથી છે. આહાહા..! આ આત્માની કાંઈ ખબર ન મળે અને કરો આ વ્રત અને કરો મહાવ્રત અને કરો ક્રિયા. સમજાણું કાંઈ? રખડવાના રસ્તા છે.

મુમુક્ષુ :- .. સાર્થકતા થઈ ને?

ઉત્તર :- સાર્થકતા થાય રખડવાની. મોક્ષની સાર્થકતા ન થાય. આત્મામાં જે ગુણ છે એને આરાધીને, સેવીને પર્યાય પ્રગટ કરવી એમાં સાર્થકતા છે. આહાહા..! પણ આત્મા કેવો અને ક્યાં છે અને કોણ એની તો ખબર ન મળે. એની તો વાતું પણ ન મળે. આ કરો, આ મૂકો, આ લ્યો ને આ લ્યો. જે એનામાં નથી એની ભાંગજડ મોટી. સમજાણું કાંઈ?

'**વહ હે મુને!**' એવો આત્મા હે મુનિ! '**ઉસહીકો તૂ કેવલજ્ઞાન જાન...**' એ કેવળજ્ઞાનનો પિંડ જ આત્મા છે એમ જાણ. આહાહા..! સમજાય છે? જ્ઞાનનો પિંડો એમાં છે. જ્ઞાનનો જ પિંડો છે. લ્યો, એ વળી વાત શું યાદ આવી ગઈ? આ લોટના પિંડા બાંધે છે ને? ગોળણા રોટલી કરે છે ને એમાંથી? એ પિંડામાંથી એટલો કાઢે ઈ. શું કહેવાય તમારે? ગોળણું. અમારે ગોળણું કહે. એમાંથી કટકા કાઢે, કાંઈ વેલણમાંથી રોટલી થાતી નથી.

મુમુક્ષુ :- વેલણ વિના પણ થતી નથી.

ઉત્તર :- વેલણ વિના જ થાય છે. રોટલી છે વસ્તુ છે પિંડો એમાંથી થાય છે. એમ ભગવાનઆત્મા અનંત આનંદ અને કેવળજ્ઞાનનો પિંડ છે, એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થઈને કેવળજ્ઞાન થાય છે એમ કહે છે. આહાહા..! એ તો કટકો છે. સાધકભાવ એક કટકો છે નાનો. અને કેવળજ્ઞાન એક કટકો છે અનંતજ્ઞાન પાસે. કેવળજ્ઞાન. આહાહા..! કટકો સમજાય છે? ટૂકડા હૈ થોડા નાના. આહાહા..! એ કેવળજ્ઞાનમય છે. વસ્તુ ચોખ્ખી ગુણગુણી અભેદ છે. સમજાણું?

'**ઉસહીકો તૂ કેવલજ્ઞાન જાન અથવા ઉસ કેવલજ્ઞાનહીકો આત્મા જાન.**' એમ ગુણગુણી અભેદ લેવું. એને કેવળજ્ઞાનમય ભગવાનઆત્મા અને કાં એ કેવળજ્ઞાનસ્વરૂપી આત્મા. એ કેવળજ્ઞાનને આત્મા જાણ. રાગને, પુણ્યને, નિમિત્તને તું આત્મા ન જાણ. આહાહા..! સમજાણું કાંઈ? આ દયા, દાન અને વ્રતના વિકલ્પ ઉઠે ને? કહે છે, એને આત્મા ન જાણ. પર્યાયમાં પણ ન જાણ. ગુણમાં તો એ છે નહિ. આહાહા..! '**ઉસહીકો તૂ કેવલજ્ઞાન જાન અથવા ઉસ કેવલજ્ઞાનહીકો આત્મા જાન.**' ગુણ-ગુણીનો અભેદ.

'**આત્મામેં ઔર જ્ઞાનમેં કુછ પ્રદેશભેદ નહીં હૈ,...**' ક્ષેત્રભેદ નથી. આત્મા અને જ્ઞાન બે એક જ ક્ષેત્રે એક જ પ્રદેશે છે. અહીં ગુણ-ગુણીની ભેદથી વ્યાખ્યા કરી. '**ગુણ-ગુણી ભેદ હૈ વહ ગૌણ હૈ.**' દેખો! ગુણી ત્રિકાળ અને આ ગુણ એવો ભેદ પણ ગૌણ છે. અભેદ જ છે ગુણ તે આત્મા, બસ. ગુણ તે આત્મા. ભારે વાતું ભાઈ આ. સમજાણું કાંઈ? વર વિનાની

જાન. ભગવાનઆત્મા ન મળે અને પછી જોડી દીધી જાન. વ્રત કર્યા ને અપવાસ કર્યા.

મુમુક્ષુ :- એનાથી જૈનપણાની ઓળખાણ થાય છે.

ઉત્તર :- જૈનપણું એનાથી ઓળખાય (છે) થાય છે? આ જૈન તો આમ કહે છે. જૈનપણાની ઓળખાણ તો વીતરાગભાવથી થાય છે. શેઠ પક્ષ કરે છે થોડો પૂર્વનો. સમજવા માટે કરે છે, હોં! એમ કે આ બધી ઓળખાણ એમ ચાલતી હતી. તો એ પ્રમાણે ઓળખાણ થાય ને? ધૂળેય ન થાય એમ કહે છે. શેઠ! 'છોટાભાઈ' એમ કહે છે. આહાહા..!

ભગવાન! વીતરાગમાર્ગની ઓળખાણ વીતરાગભાવથી થાય છે. વીતરાગભાવની ઓળખાણ રાગથી થાય? અને રાગાદિ જે છે મહાવ્રતનો વિકલ્પ એ પણ નિમિત્ત-નૈમિત્તિકને પ્રસિદ્ધ કરે છે, ભાઈ! એ નૈમિત્તિક અંદર વીતરાગદશા છે એને પ્રસિદ્ધ કરે છે. રાગ રાગને પ્રસિદ્ધ કરતો નથી. આહાહા..! એ પંચમહાવ્રતના વિકલ્પ છે, તો પાછળ એક આત્મા આનંદકંદવાળો શુદ્ધ પરિણમનવાળો છે એમ પ્રતીત કરે છે. આ છે એને, હોં! એકલા મહાવ્રત-ફહાવ્રત શું કરે? અંદર છે નહિ કાંઈ ને પ્રસિદ્ધ કોને કરે? નૈમિત્તિક વસ્તુ નથી ત્યાં નિમિત્ત કોને પ્રસિદ્ધ કરે? એકલા પંચમહાવ્રતના અને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પોથી પ્રસિદ્ધ કોને કરે? એ તો પોતાને પ્રસિદ્ધ કરે છે કે હું રાગ છું. સમજાણું કાંઈ? પણ પાછળ આવી દશાવાળાને આવા અઠ્યાવીસ મૂળગુણ કે પંચમહાવ્રતના વિકલ્પ હોય એ વ્યવહાર તરીકે. એ વ્યવહાર પોતે પોતાને પ્રસિદ્ધ નથી કરતો, નિત્યને પ્રસિદ્ધ કરે છે કે અંદરમાં એક આરાધક જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો આરાધક જીવ છે એમ પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- પટ્ટાવાળા દરબારને પ્રસિદ્ધ કરે છે.

ઉત્તર :- હા, પટ્ટાવાળા હોય તો થાય. પિત્તળનો નાખે છે નહિ પટ્ટો. આ ફલાણા દરબારનો ઓલો છે આ. પટ્ટાવાળા લાગે કે નહિ? એય..! આહાહા..! અમારા ઓલા 'વાકાનેર'માં આવ્યા હતા અમે ૯૧માં. તમારા દરબાર આવ્યા હતા. તમે હતા? તમે હતા વ્યાખ્યાનમાં? ઘણું માણસ પણ. દરબાર અને એનો દીકરો બેય આવ્યા હતા. પછી ભાઈ 'મોહનભાઈ' પીએ. શું કહેવાય? પોલીસ સુપ્રીટેન્ડન્ટ. એમ.પી. સાહેબ. કહે ઊભા, ઊભા રહો બારણા પાસે. શું મોટો રાજા આવ્યો છે? પોલીસની પાસે ઊભો રહે મોઢા આગળ બારણા પાસે. જૂનો હતો ને ઉતારો? 'વાંકાનેર'નો. હવે તો નવો થયો. અપાસરો. ત્યાં ઓલા બારણા પાસે ઉભા રહેતા. માણસ ખીચોખીચ. દરબાર પોતે આવ્યા અને એનો દીકરો આવ્યો. પણ એ એમ જણાવે છે કે મોઢાઆગળ કે અંદર દરબાર છે. નહિતર આ મોઢા આગળ માણસ ઊભો રહે, આવો પોલીસ સુપ્રીટેન્ડેન્ટ ઊભો રહે નહિ. એય..! 'છગનભાઈ'! આ પણ ત્યાં પોલીસ સુપ્રિટેન્ડેન્ટ હતા ને? એ પોતે નાના હતા. આ તો મોટા હતા, હોં! સમજાણું કાંઈ? પણ એ મોટા પ્રસિદ્ધ કોને કરે? કે એનો રાજા કે સરકાર કોણ છે એને પ્રસિદ્ધ કરે છે. એમ પંચમહાવ્રતના વિકલ્પ અને નિમિત્ત નૈમિત્તિક દશા અંદરમાં નૈમિત્તિક હોય એને આ નિમિત્ત પ્રસિદ્ધ કરે છે. પણ જ્યાં નૈમિત્તિક નથી ત્યાં નિમિત્ત કોને પ્રસિદ્ધ કરે? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે **'આત્મામેં ઔર જ્ઞાનમેં કુછ પ્રદેશભેદ નહીં હૈ, ગુણ-ગુણી ભેદ હૈ વહ ગૌણ હૈ.'** પ્રદેશભેદ નથી. પણ આત્મા ગુણી અને કેવળજ્ઞાન આદિ ગુણ ત્રિકાળ એ ભેદનું અહીં કામ નથી કહે છે. એ તો ગૌણ છે. ફક્ત જ્ઞાન તે આત્મા એમ બતાવીને અભેદને બતાવવું છે. **'યહ આરાધનાકા ફલ પહિલે કેવલજ્ઞાન કહા, વહી હૈ.'** લ્યો! આવા કેવળજ્ઞાનનું આવું સ્વરૂપ છે એ એને આરાધે છે. **'યહ આરાધનાકા ફલ પહિલે કેવલજ્ઞાન કહા, વહી હૈ.'** એનું ફળ કેવળજ્ઞાન છે. આવો આત્મા અંદર આરાધે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી, એને કેવળજ્ઞાન મોક્ષ થાય છે.

---

**आगे कहते हैं कि जो योगी जिनदेवके मतसे रत्नत्रयकी आराधना करता है वह आत्माका ध्यान करता है हैं :-**

## ગાથા-૩૬

**रयणत्तयं पि जोई आराहइ जो हु जिणवरमएण।**
**सो झायदि अप्पाणं परिहरइ परं ण संदेहो।।३६।।**

**रत्नत्रयमपि योगी आराधयति यः स्फुटं जिनवरमतेन।**
**सः ध्यायति आत्मानं परिहरति परं न सन्देहः।।३६।।**

**જે યોગી આરાધે રત્નત્રય પ્રગટ જિનવરમાર્ગથી,**
**તે આત્મને ધ્યાવે અને પર પરિહરે;-શંકા નથી. ૩૬.**

**अर्थ :- जो योगी ध्यानी मुनि जिनेश्वरदेवके मतकी आज्ञासे रत्नत्रय-सम्यग्दर्शन, ज्ञान, चारित्रकी निश्चयसे आराधना करता है वह प्रगटरूपसे आत्माका ही ध्यान करता है, क्योंकि रत्नत्रय आत्माका गुण है और गुण-गुणीमें भेद नहीं है। रत्नत्रयकी आराधना है वह आत्माकी ही आराधना है वह ही परद्रव्यको छोड़ता है इसमें सन्देह नहीं है।**

**भावार्थ :- सुगम है।।३६।।**

---

## ગાથા-૩૬ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો યોગી જિનદેવકે મતસે રત્નત્રયકી આરાધના કરતા હૈ વહ આત્માકા ધ્યાન કરતા હૈ :-'** ગુણને સેવે એ ગુણીને સેવે એમ કહે છે. ૩૬-૩૬.

**रयणत्तयं पि जोई आराहइ जो हु जिणवरमएण।**
**सो झायदि अप्पाणं परिहरइ परं ण संदेहो।।३६।।**

મોક્ષના અધિકારમાં જિનવરના અભિપ્રાયથી જિનવરના મતમાં. બીજે ક્યાંય હોતું નથી. એ કહે છે કે રત્નત્રયને આરાધે એ આત્માને જ આરાધે છે. આવું આરાધકપણું કરે એ રાગને છોડી દે છે. રાગ છૂટી જાય છે એમાં સંદેહ નથી. સંસાર છૂટી જાય અને મોક્ષ થાય એમાં સંદેહ નથી એમ કહે છે.

‘**અર્થ :- જો યોગી ધ્યાની મુનિ જિનેશ્વરદેવકે મતકી આજ્ઞાસે...**’ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવની આજ્ઞા વડે ‘**રત્નત્રય-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકી નિશ્ચયસે આરાધના કરતા હૈ...**’ લ્યો! આહાહા..! ભગવાને કહેલો આત્મા અને ભગવાને કહ્યું એવું દર્શન, જ્ઞાન અને ચારિત્ર, એને જે આરાધે છે, નિશ્ચયથી આરાધે છે. ખરેખર આરાધક. એમ. એટલે શું? એના ખ્યાલમાં છે કે આવું આરાધવા જેવું અને ફલાણું એમ નહિ. આરાધે છે, સેવે છે અંતરમાં. આહાહા..! પરિણમન જેનું દર્શન-જ્ઞાન-ચારિત્રનું (થયું છે). દ્રવ્યને આધારે, દ્રવ્યને આશ્રયે જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીતરાગી નિશ્ચય અવશ્ય કર્તવ્યરૂપ પર્યાય પ્રગટ થઈ છે. એને અહીંયાં આરાધક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

‘**આત્માકા હી ધ્યાન કરતા હૈ,...**’ લ્યો. એ પોતે પ્રગટપણે આત્માનું જ ધ્યાન કરે છે એમ કહે છે. રત્નત્રયને સેવે એ આત્માને જ સેવે છે. કારણ કે રત્નત્રયની પર્યાય એ આત્માની છે. સમજાણું કાંઈ? આહાહા..! થોડા થોડા શબ્દોમાં.. જે કોઈ ભગવાનઆત્મા માથે કહ્યો એવો, એને જે સેવે, આરાધે એ જ રત્નત્રયને આરાધે. અને રત્નત્રયને આરાધે એ આત્માને આરાધે. આ દેવની સેવા નથી કરતા? દેવ-દેવીની આરાધના? એ આરાધના દેવ-દેવીની (નહિ), આ દેવ પોતે ભગવાન એની આરાધના. સમજાણું કાંઈ? આહાહા..! બહારની ધમાલ-ઘોંઘાટ આડે આ સૂઝ પડે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દેવ-દેવીનું આરાધન કરે છે ને કેટલાક મૂઢ. મંત્ર-બંત્ર કરતા હોય ને પુણ્ય હોય તો દેખાય. એમાં શું છે ધૂળ? દેવ પોતે દુર્ગતિના દુઃખી છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ક્ષેત્રપાળ ને.. એય..! ‘દીપચંદજી’! તમારે ત્યાં ક્ષેત્રપાળને બહુ હોય છે. ઘણા છે. એક તો અડધા પથરા હશે. વીતરાગના ધર્મનો રક્ષક, વીતરાગના રક્ષક દેવ હોય. પોતાનો માર્ગ પોતાથી રક્ષક છે. રાખે કોણ બીજા? પથરા એ મોટો લીલો આમ કરી મોટું આમ ચોપડે સીંદુર. પહેલો એની પાસે ચોખા મૂકે પછી ભગવાન પાસે જાય. આવા ને આવા મૂઢ જીવો. ગામ કાંઈ એના જુદા હોય?

ત્રણલોકના નાથ વીતરાગની મૂર્તિ પ્રતિમા એ તો વીતરાગપણામાં ઠરી ન શકે ત્યારે એવો શુભભાવ હોય. એટલી વાત છે. એને ઠેકાણે બેસે ક્ષેત્રપાળ અને બેસે પદ્માવતી. દેવીના મોટા મંદિરો અને એની આરતી ઉતરે. આ જૈન માર્ગની અંદર..

મુમુક્ષુ :- ... કરે.

ઉત્તર :- બધું કરે દેવી-દેવલાનું. શ્વેતાંબરમાં બહુ આવે છે. આરાધક ને ઉપગ્રહ. નવ ગ્રહ. આહા..! અહીં તો કહે છે કે આ દેવને આરાધ, ભાઈ! આહાહા..! એ જિનવરની પ્રતિમાનું આરાધન એ પણ એક શુભભાવ છે. એ નિશ્ચય આરાધન નથી. આહાહા..! ભારે

કામ!

જે કોઈ ભગવાનઆત્માના દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગી પર્યાયને સેવે છે, આરાધે છે એ પ્રગટપણે આત્માને જ ધ્યાવે છે. એ આત્માનું જ ધ્યાન છે. **'ક્યોંકિ રત્નત્રય આત્માકા ગુણ હૈ...'** લ્યો! એ રત્નત્રય આત્માની પર્યાય છે. **'ગુણ-ગુણીમેં ભેદ નહીં હૈ.'** ગુણ-ગુણીમાં ભેદ છે નહિ. **'રત્નત્રયકી આરાધના હૈ વહ આત્માકી હી આરાધના હૈ. વહ હી પરદ્રવ્યકો છોડતા હૈ...'** લ્યો! શું કહે છે? જુઓ! આ મોક્ષનો અધિકાર છે ને? ભગવાનઆત્મા પોતાના પવિત્ર ગુણોનો ભંડાર, એમાં સમ્યગ્દર્શન-જ્ઞાનને આરાધે એ આત્માને આરાધે, એ વિકલ્પ આદિ પરદ્રવ્યને છોડી દે. પરદ્રવ્ય આદિ છૂટી જાય છે. પાઠ તો એમ લેવાય ને? સમજાણું કાંઈ? '**परिहरइ परं ण संदेहो।**' સ્વની આરાધનામાં વિકલ્પનો ભાવ રહેતો નથી. પરિહરિ નામ છૂટી જાય છે. નિઃસંદેહ છૂટી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? છે? '**सो झायदि अप्पाणं परिहरइ परं ण संदेहो**'.

આપણે આવ્યું હતું પહેલું. '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**' ૧૬મી ગાથા. ભારે આકરું કામ. દેવ-ગુરુ કહે છે કે અમારા ઉપરનું લક્ષ હશે ત્યાં સુધી તને રાગ થશે, તને આત્માની ગતિ નહિ થાય. એવો વીતરાગ માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**' ચૈતન્ય ભગવાન અનંતગુણનો નાથ, એની સેવા કરે એને સુગતિ થાય. 'શોભાલાલજી'! સમવસરણની સેવા કરે તો કહે છે રાગ એ પરદ્રવ્ય છે, વિકલ્પ છે. આહાહા..! વીતરાગમાર્ગમાં એ હોય. બીજાને મોઢા સામે કોળિયો કોને ન ગોઠે? એમ કહે છે. આ તો કહે નહિ. અમને આરાધે, અમારું નામ લે તો પણ રાગ છે. આત્માનું આરાધન નહિ.

મુમુક્ષુ :- ઘણી વાતની ખબર ન હોય એટલે...

ઉત્તર :- પણ એ તો ન ખબર હોય માટે તો આ કહે છે. સમજાણું કાંઈ? વચમાં પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે એવો ભાવ આવે, હો. પણ એ કાંઈ મોક્ષનો માર્ગ છે એમ નથી. જેને સાધકમાં નિમિત્ત કહ્યું એ બાધક છે. આહાહા..! વીતરાગમાર્ગ આવો છે, ભાઈ! ત્રિકાળ પ્રસિદ્ધ છે આ તો. ઓલામાં આવે છે ને? સિદ્ધ પ્રસિદ્ધં. સ્તુતિમાં આવે છે ને પૂજામાં? સિદ્ધ તો પ્રસિદ્ધ છે. એમ આવું આરાધન કરે એને કેવળજ્ઞાન તો પ્રસિદ્ધ છે. સિદ્ધ થાય એમાં પ્રસિદ્ધ છે. અને એને રાગાદિ પરદ્રવ્ય છૂટી જાય છે. છૂટી જાય, બંધ રહે નહિ. અબંધ સ્વભાવી ભગવાન, એની શ્રદ્ધા-જ્ઞાન અને આરાધના કરી, બંધભાવ રાગ રહે નહીં એકલો આત્મા સિદ્ધપદને પામશે એમ કહે છે. પરદ્રવ્યનો વિકલ્પ ન રહે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'યહ હી પરદ્રવ્યકો છોડતા હૈ ઈસમેં સંદેહ નહિ હૈ.'** સ્વ ચૈતન્યમૂર્તિ ગુણ અને ગુણી અભેદ એવા સ્વદ્રવ્યની સેવા કરે એને પરદ્રવ્યની રાગની, વિકલ્પ સેવા છૂટી જાય છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- સુગમ હૈ.'** એમ કરી નાખ્યું. અર્થ ન કર્યો.

पहिले पूछा था कि आत्मामें रत्नत्रय कैसे है उसका उत्तर अब आचार्य कहते हैं :–

## ગાથા-૩૭

जं जाणइ तं णाणं जं पिच्छइ तं च दंसणं णेयं।
तं चारित्तं भणियं परिहारो पुण्णपावाणं।।३७।।

यत् जानाति तत् ज्ञानं यत्पश्यति तच्च दर्शनं ज्ञेयम्।
तत् चारित्रं भणितं परिहारः पुण्यपापानाम्।।३७।।

જે જાણતું તે જ્ઞાન, દેખે તેહ દર્શન જાણવું,
જે પાપ તેમ જ પુણ્યનો પરિહાર તે ચારિત કહ્યું. ૩૭.

**अर्थ :–** जो जाने वह ज्ञान है, जो देखे वह दर्शन है और जो पुण्य तथा पापका परिहार करे वह चारित्र है, इस प्रकार जानना चाहिये।

**भावार्थ :–** यहाँ जाननेवाला तथा देखनेवाला और त्यागनेवाला दर्शन, ज्ञान, चारित्रको कहा ये तो गुणीके गुण हैं, ये कर्ता नहीं होते हैं इसलिये जानन, देखन, त्यागन क्रियाका कर्ता आत्मा है, इसलिये ये तीनों आत्मा ही है, गुण–गुणीमें कोई प्रदेशभेद नहीं होता है। इसप्रकार रत्नत्रय है वह आत्मा ही है, इस प्रकार जानना।।३७।।

## ગાથા-૩૭ ઉપર પ્રવચન

**'પહિલે પૂછા થા કિ આત્મામેં રત્નત્રય કૈસે હૈ ઉસકા ઉત્તર અબ આચાર્ય કહતે હૈં :–'** એ રત્નત્રય કહેવું કોને? આપે અત્યાર સુધી કહ્યું કે રત્નત્રયની સેવા એ આત્માની સેવા અને એનું ફળ કેવળજ્ઞાન. પણ હવે કહેવું કોને રત્નત્રય? એ વ્યાખ્યા તો આવી નહિ. સમજાણું કાંઈ? **'પહિલે પૂછા...'** પૂછ્યું, હો! એને જવાબ આપે છે એમ કહે છે. એય..! માલ લેવા દુકાને આવ્યો એને માલ આપે છે. ઘરે દેવા જાતો નથી. પૂછે છે. મહારાજ! તમે આ દર્શન–જ્ઞાન–ચારિત્ર એની સેવના, એ આત્માની સેવના, એનું ધ્યાન તે આત્માનું ધ્યાન, એનું ફળ તે કેવળજ્ઞાન, એનું ફળ તે પરદ્રવ્યનું છૂટી જવું. પણ એ છે શું ચીજ? રત્નત્રય રત્નત્રય પોકારો છો પણ કહેવાય કોને?

जं जाणइ तं णाणं जं पिच्छइ तं च दंसणं णेयं।
तं चारित्तं भणियं परिहारो पुण्णपावाणं।।३७।।

**'અર્થ :– જો જાને વહ જ્ઞાન હૈ,...'** ભગવાન જ્ઞાનસ્વરૂપીને જાણે એ જ્ઞાન. એને જાણે એ જ્ઞાન. શાસ્ત્રને જાણે અને પરને જાણે એ જ્ઞાન નહિ. એમ કહે છે અહીં. પંડિતજી! આત્મા જ્ઞાનસ્વરૂપ છે એને જાણે એ જ્ઞાન. આ તમારું બધું .. ફલાણું એ જ્ઞાન નથી, એ બધું કુજ્ઞાન,

અજ્ઞાન. રખડવાના જ્ઞાન એ. 'ચંદુભાઈ'! આ અમારા ઈજનેર હતા ને. વાંકાનેર.

મુમુક્ષુ :- એ અજ્ઞાનમાં આવે?

ઉત્તર :- અજ્ઞાન. આ શાસ્ત્રના ભણતર, આત્મજ્ઞાન વિનાના એ અજ્ઞાન. આહાહા..!

અહીં તો કહ્યું ને કે તું કેવળજ્ઞાનનો પિંડ છો ને. તો એમાંથી કણિયો આવે જ્ઞાનનો પર્યાય તે જ્ઞાન. આહાહા..! વિધિની ખબર ન મળે એ કોને સેવે અને કોને છોડે? સમજાણું કાંઈ? '**જો જાને વહ જ્ઞાન હૈ,...**' એમાં જાણ શબ્દ આવી ગયો. જાણે તે જ્ઞાન. '**જો દેખે વહ દર્શન...**' '**जाणइ तं णाणं**' છે ને? કોને જાણવું? આત્માને. કેવો આત્મા? પૂર્વે કહ્યો એવો. આહાહા..! ૩૫ ગાથામાં આવી ગયો. દૃષ્ટિને પલટાવી નાખ એમ કહે છે. દાખલો આપ્યો હતો ને ઓલા અરિસાનો? અરિસો હાથમાં પણ પાછળના ભાગમાં જોવે લાકડામાં. દેખાય? સવળો કરી નાખે તો દેખાય આમ અરિસો. એમ અનાદિનો આત્મા સન્મુખ જોવાને નહિ, પરની સન્મુખ જોવાને માટે... જ્યાં આત્મા નથી એમાં જોવે, રાગને જોવે, શરીરને જોવે, આને જોવે. શું છે પણ? ત્યાં ક્યાં આત્મા હતો?

મુમુક્ષુ :- સંસાર દેખાય.

ઉત્તર :- એ તો સંસાર પણ જણાય નહિ યથાર્થપણે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્મા સન્મુખ થવું એટલે શું?

ઉત્તર :- અંતર્મુખ થવું એ. અરિસો હોય કે નહિ?

મુમુક્ષુ :- એ અરિસો ખ્યાલમાં આવે છે.

ઉત્તર :- એ ખ્યાલમાં આવે છે પણ આ.. એ તો દૃષ્ટાંત છે. આત્માની પર્યાય જે આમ વળેલી છે એના પૂંઠ વાળીને બીજે જાય છે. એ પર્યાય અંદર વાળ. આહાહા..! સમજાણું કાંઈ? અરિસાનો ભાગ જે ઊંધો છે, દેખાય છે. એમાં .. દેખાય છે. એમ રાગ અને પરને દેખવામાં આત્મા દેખાશે નહિ. આહાહા..! એમ કહે છે.

મુમુક્ષુ :- પ્રથા જ ઊંધી ચાલી છે.

ઉત્તર :- ઊંધી ચાલી છે. બહારનું આ ને આ.. આ ને આ.. રાગને જો, શરીરને જો, આને જો, આને જો, પણ ત્યાં ક્યાં આત્મા હતો તે જોવે?

મુમુક્ષુ :- અનાદિકાળથી એ જ કર્યું છે.

ઉત્તર :- એ જ કર્યું છે એણે. માટે તો આ કહે છે. 'ચીમનભાઈ'! હજી તો બહારથી નવરો થાતો નથી. એમાં આ ક્યાંથી પાછા? આ થાય તો પાછા અંદરમાં જાવું એ નવરો થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઊંધી દૃષ્ટિ છે માટે. પરમાં પ્રેમ પોતે કરે છે. કોણ કરે છે? કોઈ બીજો કરે છે? પરનો પ્રેમ કરે છે તો અહીં ખુશ થાય છે, અહીં પ્રેમ કરે ત્યાં એની પૂંઠ મળે છે જા. મારા સ્વભાવમાં રાગાદિ કોઈ ચીજ નથી. હું તો એકલો જ્ઞાન અને આનંદનો સાગર છું. એમ અંદર દૃષ્ટિ થતાં તેને જાણ્યું તે જ્ઞાન કહેવામાં આવે. આહાહા..! સમજાણું? અને દેખે તે દર્શન. દેખવું એટલે શ્રદ્ધવું. જેવો ભગવાનઆત્મા છે એવો પ્રતીતમાં આવવો એનું નામ સમકિત.

આત્માને શ્રદ્ધવું તે સમકિત. સમજાણું કાંઈ? તત્ત્વરુચિ લેશે પણ એ તત્ત્વમાં આત્મા પહેલું તત્ત્વ. આત્મા એકલો પવિત્રનો પિંડ, કેવળજ્ઞાનનો કંદ, એની સન્મુખની પ્રતીતિ, એના સન્મુખની શ્રદ્ધા તેને સમકિત કહે છે. એને જાણવું તેને જ્ઞાન કહે છે. આ ઓળખાણ આપે છે ત્રણ રત્નની.

મુમુક્ષુ :- દર્શન એ દેખવું નહિ?

ઉત્તર :- એ દેખવું એ શ્રદ્ધા છે.

'**જો પુણ્ય તથા પાપકા પરિહાર હૈ વહ ચારિત્ર હૈ,...**' લ્યો! એ મહાવ્રત અને અવ્રતના વિકલ્પનો અભાવ તેનું નામ ચારિત્ર. કહો, સમજાણું કાંઈ? 'દીપચંદજી'! ત્યાં શું નગ્ન થઈને પંચમહાવ્રતના ગોટા વાળે છે. નગ્ન સાધુ થઈ જવાના હતા, ખબર છે? એક બીજા છે 'દિલ્હી'વાળા 'શાંતિભાઈ' છે. એ પણ દિગંબર સાધુ થઈ જવાના હતા. રહી ગયા. કોને કહેવા સાધુ? આત્મા કોને કહેવો એની ખબરું ન મળે, અને સાધવો કોને એની ખબર ન મળે અને સાધુ. સાધવો છે તો આત્મા. રાગ સાધવો છે? નિમિત્ત સાધવું છે? આવો આત્મા. એમાં જે ઠરે, પરિહાર કરે પુણ્ય-પાપનો એ ચારિત્ર. '**ઈસ પ્રકારના જાનના ચાહિયે.**' વિશેષ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૭૬, ગાથા-૩૭ થી ૩૯, સોમવાર, શ્રાવણ વદ ૧૫, તા.૩૧-૮-૭૦

મોક્ષપાહુડ. ગાથા-૩૭. એનો ભાવાર્થ. એમ અંદર આવ્યું હતું ને અર્થમાં '**જો જાને વહ જ્ઞાન હૈ,...**' તો કહે છે કે '**જો જાને વહ જ્ઞાન હૈ,...**' તો જ્ઞાન જાણનાર છે. છે ને? '**જો જાને વહ જ્ઞાન હૈ, જો દેખે વહ દર્શન હૈ ઔર જો પુણ્ય તથા પાપકા પરિહાર હૈ વહ ચારિત્ર હૈ,...**' એમ જે કહ્યું છે એનો અર્થ એવો લેવો.

'**ભાવાર્થ :- યહાં જાનનેવાલા તથા દેખનેવાલા ઔર ત્યાગનેવાલા દર્શન, જ્ઞાન, ચારિત્રકો કહા...**' શું કહે છે? જાણવાવાળો, દર્શનવાળો, દેખવાવાળો અને ત્યાગ કરવાવાળો એને જ્ઞાન, દર્શન અને ચારિત્ર કહ્યું. પણ '**યે તો ગુણીકે ગુણ હૈં,...**' જાણવાવાળી પર્યાય, શ્રદ્ધવાવાળી પર્યાય, પુણ્ય-પાપના વિકલ્પના ત્યાગરૂપ ચારિત્રની પર્યાય એ તો પર્યાય છે. '**યે કર્તા નહીં હોતે હૈં...**' પર્યાય કર્તા હોઈ શકે નહિ. એટલે કે જાણવું એ જાણનાર ગુણ પોતે જાણવાનો કર્તા નથી. જાણવું એ આત્મા જાણે એટલે આત્મા એનો કર્તા છે. શું કહ્યું વળી?

મુમુક્ષુ :- જીવ ન કરે ને પર્યાય કરે ને...

ઉત્તર :- અત્યારે અહીં એ વાત નથી. અત્યારે ગુણ-ગુણી પર્યાય... અહીં પર્યાયને કર્તા કીધો. જાણે તે જ્ઞાન, શ્રદ્ધે તે સમકિત, પુણ્ય-પાપના પરિણામ વિનાનું ચારિત્ર ત્યાગ-પુણ્ય-પાપનો ત્યાગ તે ચારિત્ર. બહુ ટૂંકી વ્યાખ્યા. ત્યારે કહે છે, પણ એ જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાય છે એ કર્તા છે. 'અમરચંદભાઈ'! પર્યાય કર્તા ન હોય અત્યારે અહીં એમ સિદ્ધ કરવું છે. અત્યારે ઓલી વાત ૩૨૦ની ગાથા યાદ કરે એ ન કામ આવે અહીં. એય..! 'વજુભાઈ'!

જ્યાં જે અપેક્ષાએ કહ્યું ત્યાં તેને સમજવું જોઈએને? બધે ઠેકાણે સરખું લગાડી દે તો તો આ કથનની પદ્ધતિ છે એ બધી ફરી જાય. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે આ મોક્ષના માર્ગ ત્રણ. જાણવું, શ્રદ્ધવું અને પુણ્ય-પાપના પરિણામનો ત્યાગ એવું ચારિત્ર, એનું નામ મોક્ષનો માર્ગ. અહીં તો કહે છે કે જાણે તે જ્ઞાન, શ્રદ્ધે તે સમકિત, પુણ્ય-પાપનો પરિહાર કરે તે ચારિત્ર. એમાં તો એની પર્યાય જાણે તો તો પર્યાય કર્તા થઈ. સમજાણું કાંઈ? અહીં એ નથી લેવું. પહેલા આરાધકમાં આવી ગયું ને કે આરાધક કરનારો જીવ. એમ આવ્યું હતું ને? ૩૪ ગાથામાં. આરાધક. સમ્યગ્દર્શન-જ્ઞાન શુદ્ધ પર્યાય એનો આરાધક, આરાધક-આરાધના કરનારો જીવ. આરાધનાની પર્યાય એ આરાધનાની વિધિ અને આરાધનાનું ફળ એ કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? પાઠમાં તો આવી શૈલી ચાલી આવે છે. પાઠમાં એમ કહ્યું જાણે એ જ્ઞાનની પર્યાય જાણે કોઈએ કહ્યું છે. પણ ત્યાં પહેલા ચાલ્યું આવ્યું છે. કર્તા જીવ છે. જાણવાના પર્યાયનો કર્તા જીવ છે. શ્રદ્ધવાની પર્યાયનો કર્તા જીવ છે. પુણ્ય અને પાપના ત્યાગરૂપ પરિણમન ચારિત્રનો કર્તા જીવ છે. સમજાણું કાંઈ?

'**ગુણીકે ગુણ હૈં, યે કર્તા નહીં હોતે હૈં...**' ઝીણું છે, શેઠ! શું કહ્યું એમાં એ સમજાય નહિ. હા હા પાડે એમ ન ચાલે. આત્મા વસ્તુ, એમાં જ્ઞાન-દર્શન-આનંદ એ ત્રિકાળી ગુણ, એની અત્યારે વાત નથી. અત્યારે એના પરિણમનની વાત છે. આત્મા પોતાને જાણે એવું જે જ્ઞાન, એ જ્ઞાન જાણે, શ્રદ્ધા સમકિતરૂપ, પુણ્ય-પાપનો ત્યાગ ચારિત્રરૂપ ત્યાં ત્રણ પર્યાયને કર્તા સિદ્ધ કર્યા છે. પાઠની ધ્વનિ તો એમ છે. પણ મૂળ કહેવાનો આશ્રય પર્યાય કર્તા નથી અહીં લેવી. સમજાણું કાંઈ? ૩૨૦ ગાથામાં પર્યાય પર્યાયની કર્તા, દ્રવ્ય પર્યાયનો કર્તા નહિ. તો આ મેળ નહિ ખાય પાછું. ૩૪ ગાથા ત્યાં પર્યાય આરાધનાની કરનારી, આત્મા આરાધનાનો કરનારો નહિ. એય..! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ'. જ્યાં જ્યાં જે અપેક્ષાએ છે તે તેને એ પ્રકારે સમજવું જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયનો દાતા જીવ નથી.

ઉત્તર :- એ કઈ અપેક્ષાએ? એ બીજી અપેક્ષાએ. પર્યાયનું અસ્તિત્વ સત્ છે. તેથી તેનો સત્ દ્રવ્ય દાતા નથી. એ તો તદ્દન બે સત્‌ને ભિન્ન પાડીને એક સત્ બીજા સત્‌નો કર્તા નથી. એમ વાત છે ત્યાં.

જ્યાં 'પંચાસ્તિકાય' આદિમાં કહ્યું કે પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. લ્યો! દ્રવ્ય વિનાની પર્યાય હોય નહિ. એ 'પંચાસ્તિકાય'માં મૂળ પાઠ 'કુંદકુંદાચાર્ય'નો (છે). સમજાણું કાંઈ? ત્યાં પર્યાયને દ્રવ્યને બે સામાન્ય અને વિશેષને એક ગણીને સામાન્ય વિશેષ વિનાનું હોય નહિ. ધ્રુવ છે તે પર્યાય વિનાનું હોય નહિ એમ કહે છે અને પર્યાય જે છે એ ધ્રુવ વિના હોય નહિ. આહાહા..!

વળી 'પ્રવચનસાર'માં એમ કહ્યું છે કે ઉત્પાદની પર્યાયનો કર્તા વ્યય નહિ. 'અમરચંદભાઈ'! આત્મા, સમ્યગ્દર્શનની પર્યાય જે થાય તે પર્યાયનો કર્તા.. સમજાય છે કાંઈ? ધ્રુવ નહિ. ત્યાં એમ આવ્યું છે. એ પર્યાયનો કર્તા પૂર્વની પર્યાયનો વ્યય થયો એ નહિ.

અને મિથ્યાત્વની પર્યાયનો વ્યય થયો એનો કર્તા ઉત્પાદ નહિ. દરેક પર્યાય અને દરેક ધ્રુવ સ્વતંત્ર પોતપોતાના ભાવમાં અસ્તિત્વ ધરાવે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કઠણ પડે એવું છે.

ઉત્તર :- કઠણ પડે એવું છે પણ.. એય..! 'અમરચંદભાઈ'! સમજ્યે છૂટકો છે. ત્યાં બહારના બધા થોથામાં કાંઈ છે નહિ. પથરા છે ત્યાં બધા. આ પુણ્ય-પાપના ભાવ એ પથરા છે જડ-અચેતન. એમાં પણ કાંઈ છે નહિ. અહીં તો ત્રણની વાત કરી. પુણ્ય-પાપના પરિહારરૂપી ચારિત્ર લીધું છે ને ? સમજાણું કાંઈ?

કહે છે, કદાચિત 'જયચંદ્ર પંડિતે' આવો અર્થ કર્યો હોય તો? એમ. પાઠમાં જ્ઞાન-જ્ઞાનનો કર્તા, દર્શન-દર્શનનો કર્તા, ચારિત્ર-ચારિત્રનો કર્તા હોય અને અર્થમાં 'જયચંદ્ર પંડિતે' આમ લખ્યું હોય તો? પ્રશ્ન ઊઠે છે. એય..! 'ખીમચંદભાઈ'! એક પ્રશ્ન એમ ઊઠે તો? ના, એ લખાણ છે એ પૂર્વાપરના સંબંધવાળું લખાણ છે. કારણ કે પહેલેથી ચાલ્યું આવે છે ૩૪ ગાથામાંથી. આરાધક જીવ કહ્યો છે. આરાધનાનો કર્તા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનો કર્તા, આરાધના કરનાર જીવ કહ્યો છે. પર્યાય પર્યાયની આરાધક છે, પર્યાય પર્યાયની કર્તા છે એમ કહ્યું નથી. એમ કહ્યું? કહ્યું છે કહ્યું નથી શું? એમ કહ્યું નથી ત્યાં. સમજાણું કાંઈ?

જુઓને! ૩૬માં શું કહ્યું? '**रयणत्तयं पि जोई आराहइ जो हु जिणवरमएण।**' છે ને? '**જો યોગી ધ્યાની મુનિ જિનેશ્વરદેવકે મતકી આજ્ઞાસે રત્નત્રય-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રકી નિશ્ચયસે આરાધના કરતા હૈ વહ પ્રગટરૂપસે આત્માકા હી ધ્યાન કરતા હૈ,...**' પાઠ જ છે ઈ. એય..! શું કહ્યું સમજાય છે કાંઈ? એને કર્તા બતાવવું છે. ત્યાં પર્યાયને કર્તા બે અંશ ભિન્ન છે એમ બતાવવું છે. ... બધે ઠેકાણે એક ઠેકાણે બધું લે એમ વાતનો મેળ નહિ ખાય. સમજાણું કાંઈ?

'પ્રવચનસાર'માં તો એમ કહ્યું કે પર્યાય કર્તા દ્રવ્યની. દ્રવ્ય કાર્ય અને પર્યાય કર્તા. લ્યો, એમ લીધું છે. એ તો સાબિત કરવા માટે. દ્રવ્યનું શુદ્ધપણું સાબિત કરવા પર્યાય કર્તા અને એને લઈને દ્રવ્ય સિદ્ધ થાય છે કે આ દ્રવ્ય છે. એય..! 'દેવાનુપ્રિયા'! આવી વાતું છે બધી.

મુમુક્ષુ :- આમાં કઈ વાત માનવી?

ઉત્તર :- બધી વાત માનવી. જે અપેક્ષાએ કીધી છે એ. કઈ વાત માનવી એટલે શું? જે જે અપેક્ષાએ જ્યાં કહ્યું તે તે અપેક્ષાએ બરાબર જાણવું જોઈએ. એમાં કાંઈ વિરોધ છે નહિ. સમજાણું કાંઈ? આમાં આવ્યું. પાઠ તો પર્યાય પર્યાયની કર્તા છે. આમાં એમ તો પછી વળી અર્થમાં 'જયચંદ્ર પંડિતે' દ્રવ્ય ક્યાંથી નાખ્યું? એ તો ૩૬ ગાથામાંથી ચાલ્યું આવે છે માટે નાખ્યું. સમજાણું કાંઈ? માથે આવ્યું હતું ને ૩૬માં? '**रयणत्तयं पि जोई आराहइ**' મુનિ, ધર્માત્મા '**जिणवरमएण।**' વીતરાગના અભિપ્રાયના દર્શનથી ત્રણ રત્નને આરાધે. '**सो झायदि अप्पाणं** ' તે ત્રણ રત્નને આરાધે તે આત્માને આરાધે એમ કહે છે. છે ને એમાં? 'દેવીલાલજી'! શું છે એમાં? ભારે ભાઈ! એક કોર વાંચે ઓલું 'સોગાની'નું. અમારે તો કાંઈ આરાધવું નથી અને કરવું નથી. કેવળજ્ઞાન પણ કરવું નથી, મોક્ષમાર્ગ પણ કરવો નથી. અમે તો જ્યાં છીએ.. એક કોર એમ આવે. અમારે કેવળજ્ઞાન પણ કરવું નથી, નિર્વિકલ્પતા પણ

કરવી નથી. એય..! કઈ અપેક્ષાએ વાત છે? કરવું... કરવું... કરવું... એમ જે બુદ્ધિનો વિકલ્પ છે કરવું એવું ત્યાં નથી. સમજાણું કાંઈ? એય..! 'ચીમનભાઈ'! આવું અટપટું છે, ભાઈ!

મુમુક્ષુ :- બધું બંધ બેસાડો.

ઉત્તર :- બધી વાત બંધ બેસાડી છે. ક્યાંય કોઈ ઠેકાણે અર્થ ખાતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અમને તો આમાંથી એકાદું કો'ક સત્ય લાગે છે.

ઉત્તર :- એકસાથે બધું સત્ છે સત્‌ની અપેક્ષાએ. એય..! આહાહા...!

અહીંયાં આપણે ૩૨૦માં એમ આવ્યું, લ્યો! મોક્ષના માર્ગનો પરિણામનો કર્તા ધ્રુવ નથી. 'અમરચંદભાઈ'! ૩૨૦ ગાથા. 'જયસેનાચાર્ય'ની વંચાઈ ગઈ બહુ હમણા. ૧૨ વ્યાખ્યાનો થઈ ગયા.

મુમુક્ષુ :- એમાં તો આપ બહુ જોર દેતા હતા.

ઉત્તર :- જે વખતે જે હોય એ જોર અપાયને! ૩૨૦ ગાથામાં ભગવાનઆત્મા ધ્રુવ તો સામાન્ય તરીકે એકરૂપ સદશ્ય છે. એમાં પર્યાયનો કર્તા એ કેમ હોય? પરિણમે છે ક્યાં એ? એમ. ધ્રુવ તે પરિણમે છે ક્યાં? એની પરિણમનની પર્યાયનો કર્તા પરિણમન છે, ધ્રુવ નહિ. આહાહા...! બે આમ ભિન્ન પાડ્યા છે. પણ જ્યારે બેને એક તરીકે ગણવું છે.. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભિન્ન જાણવું કે...

ઉત્તર :- એ જે અપેક્ષાએ છે એમ ગણવું. 'સમયસાર'ની બીજી ગાથામાં શરૂઆત કરી. '**जीवो चरित्तदंसणणाणठिदो**'. જ્ઞાન દર્શન આમાં ઠર્યા છે એમ ન લીધું, આમ લીધું. શરૂઆત ત્યાંથી કરી છે. પણ એનો અર્થ તો ઈ જ થાય છે. જીવ રાગમાં, પુણ્યમાં, નિમિત્તમાં ન ઠરતાં પર્યાયમાં ઠરે એનો અર્થ કે દ્રવ્યનો આશ્રય છે માટે પર્યાયમાં ઠરે છે. સમજાણું કાંઈ? ભારે! ભારે! એય..! 'સુજાનમલજી'! બરાબર છે? આ બધું સમજવામાં.. વ્રત, તપ કરે એમાં કાંઈ સમજવાનું રહે છે? વ્રત-તપ કરીને નાખે આઠ દિ'ના અપવાસ પર્યુષણના દસ દિ'ના. દસ લક્ષણી.

મુમુક્ષુ :- કાગળમાં લખાય.

ઉત્તર :- કાગળમાં પણ લખાય, જુઓ! ભાઈ કહે છે. અમારે ઘરે બૈરાએ આઠ અપવાસ કર્યા હતા એનું આ ઉજવણું છે માટે પધારજો. આપને લઈને શોભા થાશે. 'ભગવાનજીભાઈ'! એમ લખે. આહાહા...! બાપુ! માર્ગ જે છે એ છે, ભાઈ!

અહીં કહે છે કે '**દર્શન, જ્ઞાન, ચારિત્રકો કહા...**' જાણવાવાળું જ્ઞાન, શ્રદ્ધવાવાળું સમકિત, પુણ્ય-પાપના ત્યાગવાળું ચારિત્ર. તો એ તો પર્યાય અને પર્યાયની કર્તા સિદ્ધ કરી છે, આમ ભાષા દેખો તો. પણ ખરેખર તો '**યહ ગુણીકે ગુણ હૈં,...**' ગુણ શબ્દે અહીં પર્યાય, હોં! '**યે કર્તા નહીં હોતે હૈં ઇસલિયે જાનન, દેખન, ત્યાગન ક્રિયાકા કર્તા આત્મા હૈ,...**' એ જાણવાની પર્યાય સમ્યક્, એમાં એનો કર્તા આત્મા છે. રાગ અને નિમિત્ત તે

પર્યાયની કર્તા નથી એમ અહીંયા સિદ્ધ કરવું છે. શું કહ્યું સમજાય છે કાંઈ? આત્માનું જ્ઞાન એ જ્ઞાનને જ્ઞાન કરે એમ કેમ બને? એમ કહે છે. એ જ્ઞાનની પર્યાયને આત્મા કરે. કેમકે આત્મા ઉપર દૃષ્ટિ જતાં જે જ્ઞાનની પર્યાય થાય એને આત્મા કરે. એને વિકલ્પ રાગ, નિમિત્ત કરતી નથી એમ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- પર્યાય છે ને પર્યાય પણ કરતી નથી.

ઉત્તર :- પર્યાય પણ કરતી નથી અહીં તો. દ્રવ્ય કરે છે પર્યાય પછી આમ કરે છે ને. પરિણમન દ્રવ્ય કરે છે એમ કહે છે. દ્રવતિ ઇતિ દ્રવ્યં. દ્રવ્ય પોતે જ પર્યાયપણે દ્રવે છે એમ કહે છે અહીં. એય..! 'અમરચંદભાઈ'!

મુમુક્ષુ :- ઝીણું થઈ ગયું.

ઉત્તર :- ઝીણું નથી. ત્યાં આગળ વસ્તુ પોતે સામાન્ય દ્રવ્ય છે એનો ભેદ પાડીને કહ્યું કે દ્રવ્ય પરિણમે છે. અંશપણે પરિણમે છે એ ભેદથી કથન છે. અને અભેદ એકલો સામાન્ય હોય એ પોતે જ કેમ પરિણમે? આખું સામાન્ય ધ્રુવ કેમ પરિણમે? સમજાણું કાંઈ? આહાહા...! ઝીણું છે, 'પોપટભાઈ'!

આત્માં આવું દ્રવ્ય તે આખું ધ્રુવ, એ ધ્રુવ અપેક્ષાએ લ્યો તો એમાં એક અંશરૂપે પરિણમન એવું એમાં ક્યાં છે અભેદમાં? એમ. પણ જ્યારે પરિણમન ને પર્યાય ત્યાંથી જ દ્રવે છે એમ સિદ્ધ કરવી છે ત્યારે અંશ એમાં તે કાળે તે પ્રકારનો અંશ હતો સામાન્યમાં ભિન્નરૂપે, સામાન્ય એકરૂપ છે, એમાં એક અંશ હતો એ અંશ પોતે આ રૂપે સમ્યગ્દર્શન-જ્ઞાનપણે પરિણમે છે. ઝીણું તો ખરું થોડું. થોડું ઝીણું, હોં! બહું ઝીણું નથી.

મુમુક્ષુ :- આ પણ મોક્ષમાર્ગનું કથન અને એ પણ મોક્ષના માર્ગનું કથન.

ઉત્તર :- એ પણ મોક્ષમાર્ગનું કથન છે. ત્યાં અભેદથી કથન છે, અહીં ભેદથી કથન છે. સમજાણું કાંઈ?

'**ઇસલિયે જાનન, દેખન, ત્યાગન ક્રિયાકા કર્તા આત્મા હૈ,...**' માટે જાણવાની ક્રિયા સમ્યક્, હોં! શ્રદ્ધવાની ક્રિયા સમ્યગ્દર્શનની ક્રિયા, સમ્યગ્દર્શનની ક્રિયા અને પુણ્ય-પાપના વિકલ્પરહિત ચારિત્રના પરિણમનની ક્રિયા, એનો કર્તા આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા...! સાધારણ માણસ બિચારા અપવાસ, વ્રત કરીને મરી જાય. એને તો આ કાંઈ સમજે નહિ કે શું છે આ? ઘૂંચાઈ ગયા એમાં અનંતકાળથી. સમજાણું કાંઈ?

વસ્તુ પ્રભુ ચૈતન્યમૂર્તિ દ્રવ્ય કર્તા હોય એમ કહે છે. પર્યાય કર્તા કેમ હોય? કેમકે દ્રવ્ય સામાન્ય સ્વભાવ જે છે એમાંથી પર્યાય પરિણમે છે માટે તે કર્તા અને પર્યાય તેનું કાર્ય. પર્યાય કર્તા અને પર્યાયનું કાર્ય એ તો એકદમ પર્યાય સિદ્ધ કરવી હોય સીધી (ત્યારે એમ કહેવાય). આહાહા...! ભારે વાત, ભાઈ! એ સમ્યગ્જ્ઞાનની પર્યાય પોતે કર્તા, પોતે કર્મ, ષટ્કારક એક સમયની પર્યાયમાં લાગુ પડે. એકલી પર્યાયને સિદ્ધ કરવી હોય દ્રવ્યની અપેક્ષા વિના તો એક સમયની પર્યાયમાં ષટ્કારક લાગુ પડે. આહાહા...! ભારે આકરો માર્ગ.

વિકાર છે એક સમયનો વિકાર, એ એક સમયના વિકારમાં ષટ્કારક લાગુ પડે. દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના, નિમિત્તની અપેક્ષા વિના અને પૂર્વ ને પછીની પર્યાયની અપેક્ષા વિના.

એવું જ વસ્તુનું સ્વરૂપ જ્યારે સિદ્ધ (કરવું હોય), અંશે અને અંશીએ ભિન્ન સિદ્ધ કરવું છે, અપેક્ષા લઈને આ સામાન્યનો આ અંશ છે એમ ભેદ પાડીને એનું પરિણમન કરે. દ્રવતિ ઈતિ દ્રવ્ય. દ્રવે તે દ્રવ્ય. પહેલું શિખવાય છ ગુણમાં. દ્રવ્યત્વનું કાર્ય (શું)? કે દ્રવે, પરિણમે. ષટ્ગુણમાં આવે છે છોકરાવને. છોકરાઓ .. છે ને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે એકરૂપ થતા નથી એવી અપેક્ષાએ દ્રવ્ય તે દ્રવ્ય અને પર્યાય તે પર્યાય. પણ દ્રવે છે દ્રવ્ય એમ સિદ્ધ કરવું છે. આવી ક્યાંથી પણ પર્યાય? અદ્ધરથી આવે છે ક્યાંયથી? સમજાણું કાંઈ? આહાહા...!

મુમુક્ષુ :- .. પર્યાયને અને ધ્રુવને કાંઈ સંબંધ નહિ? આપે કીધું, ધ્રુવને આખો એકલો જ છે.

ઉત્તર :- એકલો જ છે. જ્ઞાનપ્રધાન કથનમાં એ વસ્તુ જાણવામાં એમ આવે. દૃષ્ટિપ્રધાન ઉત્કૃષ્ટ કથનમાં દ્રવ્ય તે દ્રવ્ય અને પર્યાય તે પર્યાય. પર્યાયનો કર્તા દ્રવ્ય નહિ અને દ્રવ્યનો કર્તા પર્યાય નહિ. એમ જાણવું જોઈએ ને એને? સમજાણું કાંઈ? આહાહા...! આવા કાંઈ વેદાંતમાં ભાગ હોય? દરબાર! ઓઘે-ઓઘે કુટાય ને પછી જાય. વસ્તુનું સ્વરૂપ એમ નથી.

'**યે તીનોં આત્મા હી હૈ,...**' જુઓ! '**તીનોં આત્મા હી હૈ,...**' એમ લેવું છે ને? આત્માનો મોક્ષમાર્ગ તે આત્મા જ છે એમ અહીં સિદ્ધ કરવું છે ને? સમજાણું કાંઈ? આ કીધું ને? દર્શન-જ્ઞાન-ચારિત્ર તે પર્યાય છે, અવસ્થા છે, દશા છે. વસ્તુ ત્રિકાળ છે. હવે એ ત્રિકાળ વસ્તુ છે એમાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા એ પર્યાય છે, હાલત છે. તો પર્યાય પર્યાયની કર્તા એ અત્યારે નથી સિદ્ધ કરવું. પર્યાયનો કર્તા દ્રવ્ય છે. દ્રવ્ય પર્યાયને કરે છે. સમજાણું? કેમ? કે એ ત્રણે એક છે. દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય તે આત્મા જ છે. એમ અહીં સિદ્ધ કરવું છે ને? પર્યાય છે એ આત્મા છે. એ પર્યાય કોઈ પર વસ્તુ છે એમ નથી. સમજાણું કાંઈ? નહોતા આવતા ઓલા દાઢીવાળા? એ કહેતા હતા ને? ભોપાલવાળા. પર્યાય તો હજી સિદ્ધમાં પણ...?

મુમુક્ષુ :- પીછા નહીં છોડા.

ઉત્તર :- પીછા નહીં છોડા. પર્યાય પર્યાયમાં સિદ્ધને છે કે નહિ? સિદ્ધને પણ પર્યાય પર્યાયમાં છે. પર્યાય વિના એકલું દ્રવ્ય સામાન્ય કૂટસ્થ રહે? દ્રવ્ય કેવું એ? સિદ્ધને પણ પર્યાય છે. ત્યારે એ બોલ્યા હતા કે લ્યો, હજી પર્યાયે સિદ્ધને છોડી નહિ? કાંઈ ખબર જ ન મળે. આંધળે-આંધળે.. એય..! 'શોભાલાલજી'! 'ભોપાલ'માં રહે છે ને? ખબર ન મળે. કાં ગાંધીની લાઈનમાં લૌકિકમાં ચડી ગયા હોય. એના ભાષણે વળગ્યા હોય. કોઈક કાંઈક વળગ્યા હોય એમાં આ જૈનદર્શન વીતરાગનું તત્ત્વ એવું સૂક્ષ્મ, એને સમજવા માટે ઘણી લાયકાત જોઈએ. એ બધા દુનિયાના કામ કરવા, આ કરવા ને તે કરવા, દુનિયાનો સુધાર કરવો. ધૂળેય કરે નહિ. કરે કોણ? સમજાણું કાંઈ?

'**યે તીનોં આત્મા હી હૈ,...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ એ વીતરાગી પર્યાય એ દ્રવ્યને આશ્રયે પ્રગટ થઈ એ આત્મા જ છે એમ અહીં સિદ્ધ કરે છે. એ કાંઈ

અનાત્મા નથી. પુણ્ય-પાપના વિકલ્પો છે એ અનાત્મા છે અને આ સિવાય બીજા બધા આત્માઓ અને શરીર બધા અણાત્મા છે. સમજાણું કાંઈ? પણ આ ત્રણ આત્મા જ છે. '**ગુણ-ગુણીમેં કોઈ પ્રદેશભેદ નહીં હોતા હૈ.**' પ્રદેશભેદ-ક્ષેત્રભેદ નથી. શું કહે છે?

વસ્તુ ભગવાનઆત્મા અને એની આ પર્યાય, એના પ્રદેશભેદ નથી. વળી એક બાજુ તકરાર ચાલે 'મુંબઈ'માં કે પર્યાય અને દ્રવ્યને સર્વથા ભેદ છે. એય..! કઈ અપેક્ષાએ ત્યાં વાત છે? અહીં કઈ અપેક્ષાએ વાત છે? સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે પરથી જુદો પાડીને એની પર્યાય એ દ્રવ્ય છે એમ સિદ્ધ કરવું છે અહીં. સમજાણું કાંઈ? પરથી જુદો પાડી અને એની પર્યાય એની છે, એ જ આત્મા છે એમ સિદ્ધ કરવું છે. અને એના પ્રદેશ પણ એનામાં એ છે. લ્યો!

ઉપયોગના (સંવર) અધિકારમાં 'સમયસાર'માં તો એમ આવ્યું કે વિકારના પરિણામના પ્રદેશ જુદા છે. ક્યા જુદા હશે? અસંખ્ય પ્રદેશી દળ છે, શુદ્ધ દળ એ વસ્તુ. એના પ્રદેશના અંશમાં જેટલી અશુદ્ધતા ઉત્પન્ન થાય એ પ્રદેશો જુદા. શુદ્ધ અને અશુદ્ધના પ્રદેશ જુદા. અસંખ્યનો એક અંશ જે છે એ આ પ્રદેશના શુદ્ધના ધામથી અશુદ્ધનો પ્રદેશ જુદો છે એમ કીધું છે ત્યાં. સમજાણું કાંઈ? ત્યાં આગળ અશુદ્ધતા અને શુદ્ધતાને તદ્દન ભિન્ન પાડવી છે. અને એક સમયની પર્યાય, નિર્મળ પર્યાય ને દ્રવ્ય પણ ભિન્ન છે એમ સિદ્ધ કરવું હોય ત્યારે એક સમયની પર્યાયને પણ પરદ્રવ્ય કહીને સ્વદ્રવ્યથી ભિન્ન છે (એમ કહે). એ અપેક્ષાએ તો એના અંશો પણ છે ભલે અસંખ્ય માયલો ભાગ. પણ એ અસંખ્ય માયલા ભાગનો અંશ એ પર્યાયનું ક્ષેત્ર છે અને એ ગુણીનું આખું ક્ષેત્ર છે બે તદ્દન ભિન્ન છે. આમાં ક્યાં એ?

અમારે 'ફાવાભાઈ' કહેતા સવારે કાંઈક સાંભળીએ ત્યાં બપોરે બીજું આવે એમાં શું નક્કી કરવું? સવારે કાંઈક આવે કે આમ છે. રાગ એ આત્મા કરે. આત્મા કરે, જડ કરે નહિ. બપોરે કહે કે રાગ આત્મા કરે તો મિથ્યાદષ્ટિ થાય. અરે! અરે! એય..! કઈ અપેક્ષાએ? પર્યાયમાં વિકાર જીવની પર્યાયમાં થાય છે. કાંઈ પરને લઈને અને પરમાં થાતો નથી. એ અપેક્ષાએ. પણ પછી જ્યારે દ્રવ્યદષ્ટિ થઈ, સ્વભાવનું ભાન થયું કે હું તો જ્ઞાનાનંદ છું, એ આત્મા રાગરૂપે પરિણમનારો નથી. સમજાણું કાંઈ? વસ્તુની દષ્ટિ થતાં જ્ઞાન-દર્શન-આનંદસ્વરૂપ છું એમ થતાં એ વિકારનું પરિણમન સમકિતીને છે જ નહિ એમ સિદ્ધ કર્યું ને બપોરે? સમજાણું કાંઈ? બપોરે આવ્યું નહિ શું કહેવાય? '**चरित्तदंसणणाण**' નથી વિષયમાં, નથી કર્મમાં, નથી કાયામાં. મોહ પણ નથી અને દોષ પણ નથી ત્યાં એમ બેય સિદ્ધ કર્યું છે. ગુણ છે આત્મામાં, દોષ છે એની પર્યાયમાં. કાંઈ આ ગુણ-દોષ પરના છે એમ છે નહિ. આ તો ભાઈ શાંતિથી, ધીરજથી અભ્યાસ કરે તો સમજાય એવું છે. એકદમ કાંઈ ઉપર ઉપરથી લાડવો ખાઈ જવો નથી.

મુમુક્ષુ :- અભ્યાસ કરવો એ તો પરવસ્તુ છે.

ઉત્તર :- વાત પણ સાચી છે. પણ વાત એ આવ્યા વિના રહેતી નથી. એક ન્યાયે સ્વભાવના લક્ષ ને દષ્ટિ રાખીને જેની દષ્ટિ સ્વભાવ ઉપર જામી છે એ વાંચન, પઠન, મનન કરે તોપણ ત્યાં સુધી વધે નહિ. ઓલાને લઈને નહિ, હોં! માટે કાંઈ બંધનું કારણ છે એ તો

વિકલ્પની અપેક્ષાએ લીધું. પણ તે વખતે જ્ઞાયકની દૃષ્ટિનું જોર વર્તે છે એથી તેને વાંચન, પઠન કાળમાં શુદ્ધિ વધે છે.

મુમુક્ષુ :- .. .. પણ વાંચન કરવાની શું જરૂર છે? એ તો પરપદાર્થ છે.

ઉત્તર :- પણ એટલું લક્ષ આવ્યા વિના રહે નહિ. વ્યવહારે. શું શાસ્ત્ર કહે છે, કેવું તત્ત્વ છે એ પરલક્ષી જ્ઞાન થયા વિના સ્વમાં આવશે ક્યાંથી? છતાં એને લઈને નહિ આવે. અરે..! કાંઈક એના ખ્યાલમાં... અરે..! એવી વાત છે, બાપુ! આ તો પચાવવાની વાત છે. વાંચન તદ્દન.. આ સાંભળે નહિ અને કાંઈ નહિ પછી તો એનો અર્થ કે એને હજી સ્વભાવને સમજવાની દરકાર થઈ નથી. છતાં સમજે છે...

મુમુક્ષુ :- દૃષ્ટિના જોરમાં કાંઈ આવતું જ નથી.

ઉત્તર :- એ હજી તો દૃષ્ટિના જોરમાં પણ દૃષ્ટિ થાય ત્યારે ને? અને દૃષ્ટિ થઈ ક્યારે તો પછી? રાગાદિના વિકલ્પ આવે તોપણ દૃષ્ટિના ધ્યેયને લઈને સુધારો થતો જાય છે. જુઓ! આચાર્યે પહેલું ન કહ્યું? 'અમૃતચંદ્રાચાર્યે' અમને આત્માની અશુદ્ધિ છે પર્યાયમાં. એ આ ટીકા કરતા શુદ્ધિ થઈ જજો. આવે છે?

મુમુક્ષુ :- ત્રીજો કળશ મૂક્યો છે.

ઉત્તર :- લ્યો, ત્રીજો કળશ છે. ટીકા કરતા તો વિકલ્પ છે. અમારું તે વખતે પણ ધ્યેયમાં દ્રવ્ય તરવરે છે. દ્રવ્ય છે આ શુદ્ધ છે, આ અભેદ છે એની દૃષ્ટિના કાળમાં આ ટીકાનો વિકલ્પ ભલે હો પણ એના કાળમાં અમારી શુદ્ધિ વધી જશે. એના કાળમાં. એને લઈને નહિ. એય..! આરે..! ભારે!

મુમુક્ષુ :- મેળ બરાબર ખાતો નથી.

ઉત્તર :- મેળ બરાબર ખાય છે ચારે કોરથી.

મુમુક્ષુ :- જ્ઞાનમાંથી જ્ઞાન આવે ને?

ઉત્તર :- જ્ઞાનમાંથી જ્ઞાન આવે એમેય કહેવું પણ જ્ઞાનમાંથી જ્ઞાન ન આવે પણ પર્યાયમાંથી પર્યાય આવે, દ્રવ્યમાંથી નહિ, એ પણ એક વાત છે. એય..!

અહીં તો રાગ અને નિમિત્તથી ધર્મની પર્યાય થતી નથી એ સિદ્ધ કરવું છે. મોક્ષનો માર્ગ એ વ્યવહાર, વિકલ્પ, દયા, દાનમાંથી નથી આવતો, નિમિત્તમાંથી નથી આવતો. એની પર્યાય દ્રવ્યમાંથી આવે અને મોક્ષમાર્ગ પ્રગટ થાય છે એમ કહે છે. આહાહા...! એક કોર કહે, વાંચવું અને સાંભળવું એ વિકલ્પ છે અને નુકશાનનું કારણ છે. એમ કહ્યું છે ને ભાઈએ પણ? 'ન્યાલભાઈ'એ. છે ને એમ? વળી એક બાજુ લખે આચાર્યોના શબ્દે શબ્દે વાંચતા આનંદની બુંદ ઝરે છે.

મુમક્ષુ :- તો પછી વાંચ્યું કેમ?

ઉત્તર :- એ વાંચવાના લક્ષમાં દૃષ્ટિનું જોર પડ્યું છે એને લક્ષે એના ભાવમાં શુદ્ધતા વધે છે. એમ કહેવું છે. આહાહા...! એય..! 'વજુભાઈ'! જુઓ! માર્ગ વીતરાગનો છે, એવો માર્ગ બીજે આ શૈલી હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- અલૌકિક વાત છે.

ઉત્તર :- અલૌકિક વાત છે. અનોખી વાત છે.

**'આત્મા હી હૈ, ગુણ-ગુણીમેં કોઈ પ્રદેશભેદ નહીં હોતા હૈ.'** અહીં પર્યાય અને દ્રવ્યમાં પ્રદેશ ભેદ નથી એમ સિદ્ધ કરવું છે. **'ઈસપ્રકાર રત્નત્રય હૈ વહ આત્મા હી હૈ, ઈસ પ્રકાર જાનના.'** એ રત્નત્રયની પર્યાય તે દ્રવ્ય છે એમ જાણવું. એ રાગ છે ને નિમિત્ત છે ને પરદ્રવ્ય છે એમ જાણવું નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- એક સમયની પર્યાયમાં આખો આત્મા જણાય?

ઉત્તર :- હા. આખો આત્મા છે ને, એનાથી આખો આત્મા જણાય છે કે નહિ? શ્રદ્ધામાં આખો આત્મા કબુલાય, જ્ઞાનમાં આખું જ્ઞેય પકડાઈ જાય. આખા દ્રવ્યમાં સ્થિરતા થાય છે, લ્યો! આહાહા...! સમજાણું કાંઈ? થોડું ઝીણું પડી ગયું ખરું. ઘણા બોલ આવી ગયા.

---

**आगे इसी अर्थको अन्य प्रकारसे कहते हैं :–**

## ગાથા-૩૮

**तच्चरुई सम्मत्तं तच्चग्गहणं च हवइ सण्णाणं।**
**चारित्तं परिहारो परूवियं जिणवरिंदेहिं।।३८।।**

**तत्वरुचिः सम्यक्त्वं तत्त्वग्रहणं च भवति संज्ञानम्।**
**चारित्रं परिहारः प्रजल्पितं जिनवरेन्द्रैः।।३८।।**

**છે તત્ત્વરુચિ સમ્યક્ત્વ, તત્ત્વ તણું ગ્રહણ સદ્જ્ઞાન છે,**
**પરિહાર તે ચારિત્ર છે;-જિનવરવૃષભનિર્દિષ્ટ છે. ૩૮.**

**अर्थ :– तत्त्वरुचि सम्यक्त्व है, तत्त्वका ग्रहण सम्यग्ज्ञान है, परिहार चारित्र है, इस प्रकार जिनवरेन्द्र तीर्थंकर सर्वज्ञदेवने कहा है।**

**भावार्थ :– जीव, अजीव, आस्रव, बंध, संवर, निर्जरा, मोक्ष इन तत्त्वोंका श्रद्धान रुचि प्रतीति सम्यग्दर्शन है, इनहीको जानना सम्यग्ज्ञान है और परद्रव्यके परिहार संबंधी क्रियाकी निवृत्ति चारित्र है; इसप्रकार जिनेश्वरदेवने कहा है, इनको निश्चय–व्यवहारनयसे आगमके अनुसार साधना।।३८।।**

---

## ગાથા-૩૮ ઉપર પ્રવચન

હવે ૩૮. શાંતિથી, ધીરજથી, પક્ષ મૂકીને સત્ય શું છે એ સમજવા માગે તો બધી વાત સમજાય એવી છે. ન સમજાય એવી કોઈ વાત છે નહિ. **'ઈસી અર્થકો અન્ય પ્રકારસે કહતે હૈ :–'**

**तच्चरुई सम्मत्तं तच्चग्गहणं च हवइ सण्णाणं।**
**चारित्तं परिहारो परूवियं जिणवरिंदेहिं।।३८।।**

જિનવરે કહ્યું છે, દેખો!

**'અર્થ :– તત્ત્વરુચિ સમ્યક્ત્વ હૈ,...'** સાચી તત્ત્વની શ્રદ્ધાની વાત છે, હોં! તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન એને અહીંયાં વર્ણવે છે. છે નિશ્ચય સમકિત. સમજાણું કાંઈ? 'ઉમાસ્વામી'એ કહ્યું ને? તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ એ નિશ્ચય સમકિત છે. એને અહીં લીધું છે. **'તત્ત્વરુચિ સમ્યક્ત્વ હૈ,...'** નીચે કહેશે કે **'ઈનકો નિશ્ચય-વ્યવહારનયસે આગમકે અનુસાર સાધના.'** છેલ્લો શબ્દ કહેશે ભાવાર્થમાં.

**'તત્ત્વકા ગ્રહણ સમ્યગ્જ્ઞાન હૈ,...'** ગ્રહણનો અર્થ જાણવું. સાતેય તત્ત્વ જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એમ **'તત્ત્વકા ગ્રહણ સમ્યગ્જ્ઞાન હૈ,..'** સમજાણું? કહે છે ને શબ્દમાં એમાં? ભાવાર્થમાં. જીવ, અજીવ, આસ્રવ પાછો બંધ છે, સંવર, નિર્જરા પાછો બંધ છે. કઢાવી નાખ્યું છે. એ આસ્રવ પછીનો બંધ કાઢી નાખવું. કારણ કે ત્યાં આસ્રવ પછી તો આપણે સંવર આવ્યું છે ને? સંવર-નિર્જરા આવ્યું છે ને? પછી બંધ, પછી મોક્ષ એમ આવ્યું છે ને? 'સમયસાર'માં. એ શૈલી લીધી. બે ઠેકાણે બંધ છે ને એટલે ખોટું છે. એમ.

મુમુક્ષુ :– બીજો બંધ કઢાવી નાખ્યો છે.

ઉત્તર :– હા. પહેલો બંધ કાઢી નાખવો. 'સમયસાર'ને હિસાબે. તત્ત્વાર્થસૂત્ર..

કહે છે, તત્ત્વનું જ્ઞાન તે સમ્યક્. ગ્રહણ શબ્દે જ્ઞાન. દેખો! ગ્રહણ શબ્દ આવ્યો છે અહીંયાં. જેવા સાત તત્ત્વો ભગવાને કહ્યા તેને તે રીતે શ્રદ્ધવા તે સમ્યગ્દર્શન છે. અને તે તત્ત્વનું તે રીતે જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે. અને પરિહાર તે ચારિત્ર. ઓલાએ અર્થમાં કર્યું છે પાપનો પરિહાર તે ચારિત્ર. પણ અહીં તો પુણ્ય-પાપનું પહેલેથી બધામાં ચાલ્યું આવે છે.

મુમુક્ષુ :– પુણ્ય-પાપ બેય પાપ જ છે ને?

ઉત્તર :– પણ એને એમ નથી કહેવું. પુણ્ય-પાપ ચાલ્યા આવે છે પહેલેથી. પહેલા કીધું ને પુણ્ય-પાપ છોડીને. ૩૭ ગાથામાં જ કહ્યું. **'परिहारो पुण्णपावाणं।'** પુણ્ય અને પાપ બેય વિકલ્પો છૂટે ત્યારે ચારિત્ર થાય. આહાહા..! માણસને જાણે મોટો મેરુ ઉપાડવાનો હોય એવું લાગે. વસ્તુનો એને પોતાને અભ્યાસ ન મળે અને વાસ્તવિક તત્ત્વ સર્વજ્ઞે કહ્યા એ શું છે એનું જ્ઞાન ન મળે એટલે પછી ગડબડ ગડબડ થયા વિના રહે નહિ. અને પહેલું સમ્યગ્દર્શન છે એની તો ખબર ન મળે અને એ વિના વ્રત ને તપ ને બધા કરે એટલે આ ઘૂંચવણ ઊભી થાય બધી. સમજાણું કાંઈ? માર્ગ એવો છે. કહેશે, ખુલાસો કરશે.

અને '**પરિહાર...**' પુણ્ય અને પાપનો પરિહાર. શુભ-અશુભ રાગનો ત્યાગ એનું નામ ચારિત્ર. પાંચ મહાવ્રતના વિકલ્પ તો રાગ છે, એ ચારિત્ર નહિ. એય..! 'પ્રકાશદાસજી'! છે એમાં? પુણ્ય-પાપના વિકલ્પનો ત્યાગ. મહાવ્રતનો વિકલ્પ એ રાગ પુણ્ય છે. અવ્રતનો ભાવ એ પાપ છે. બેય વિકલ્પનો અભાવ તે ચારિત્ર છે. સમજાણું કાંઈ? '**ઈસ પ્રકાર જિનવરેન્દ્ર તીર્થંકર સર્વજ્ઞદેવને કહા હૈ.**' લ્યો! '**जिणवरिंदेहिं परूवियं**' '**प्रजल्पितं**' ભગવાનની વાણીમાં એમ આવ્યું છે એમ 'કુંદકુંદાચાર્ય' કહે છે, લ્યો! '**जिणवरिंदेहिं**' ગણધરના પણ ઈન્દ્ર એવા વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જેણે વીતરાગતા, રાગ વિનાની એકલી પરિણમેલી છે. એવા જિનવરે વાણી દ્વારા આમ કહ્યું છે. શું કરે? વાણી દ્વારા ભગવાને કહ્યું, વળી પાછું ભગવાન કર્તા વાણીના થઈ ગયા. જુઓ! કહ્યું છે ને? ભગવાને કહ્યું કે નહિ?

મુમુક્ષુ :- બીજું કોણ કહે?

ઉત્તર :- અરે..! કોણ કહે? એ તો અહીં નિમિત્તથી કથન છે. વાણી વાણીને કહે. આત્મા વાણી કરે?

મુમુક્ષુ :- આમાં જ આવ્યું છે.

ઉત્તર :- અહીં તો પ્રજલ્પિતં-ભગવાન બોલ્યા છે. એ તો નિમિત્તથી કથન (છે). એમાં બોલવામાં નિમિત્ત કોનું હતું એ બતાવવા એમ ભાષા આવે. તકરાર કરે, વાદવિવાદ કરે તો પાર પડે એવું નથી. વાસ્તવિક રીતે ભગવાને વાણી કરી છે. પણ વાણી તારી જડ, જડની વાણી આત્મા કરે? ઉપદેશ આત્મા આપે? ઉપદેશની ક્રિયા તો જડની છે? પણ ઉપદેશમાં નિમિત્તપણે કોણ હતું એનું જ્ઞાન કરાવવા એ ભાષા કહેવામાં આવે છે. બીજું શું થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજે ક્યાંય છે જ નહિ. દિગંબર શાસ્ત્ર એટલે અનાદિ સનાતન શાસ્ત્ર. વીતરાગનો કેવળીનો કહેલો માર્ગ એ કોઈ સંપ્રદાય નથી. દિગંબર એ કોઈ સંપ્રદાય પક્ષ નથી. અનાદિ સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ કહેલો, જોયેલો, જાણેલો માર્ગ છે. સમજાણું કાંઈ? એવી વાત સ્પષ્ટ આ સિવાય બીજે હોઈ શકે નહિ. પક્ષની વાત નથી. વસ્તુનું સ્વરૂપ એ છે. આહાહા..!

'**ઈસપ્રકાર જિનવરેન્દ્ર તીર્થંકર સર્વજ્ઞદેવને કહા હૈ.**' '**સર્વજ્ઞદેવને કહા હૈ.**' એમ હિન્દીમાં તો એમ જ આવે ને. સર્વજ્ઞદેવે કહ્યું છે. એમ.

'**ભાવાર્થ :- જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઈન તત્ત્વોંકા શ્રદ્ધાન રુચિ પ્રતીતિ સમ્યગ્દર્શન હૈ,...**' લ્યો! અભેદની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન, નવ તત્ત્વના ભેદની દૃષ્ટિ તે વ્યવહાર સમ્યગ્દર્શન. એમ નિશ્ચય-વ્યવહાર સમજી લેવો. નીચે છેલ્લે અર્થ કરશે એનો. વળી '**શ્રદ્ધાન રુચિ પ્રતીતિ...**' એમ ત્રણેય લીધું છે ને? સમ્યગ્દર્શન. નિશ્ચય સ્વભાવ જ્ઞાયકભાવની દૃષ્ટિ થઈ ત્યાં જીવ-અજીવ આદિ પર્યાયો એનામાં નથી એવું જ્ઞાન સાથે થાય માટે સાતેયનું જ્ઞાન અને સાતેયની શ્રદ્ધા નિર્વિકલ્પપણે થઈ એને અહીંયાં સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

'**ઈનહીકા જાનના સમ્યગ્જ્ઞાન હૈ...**' સાત તત્ત્વનું અભેદપણે જે જ્ઞાન કરવું એનું નામ

સમ્યગ્જ્ઞાન. અને સાત તત્ત્વનું ભેદપણે જ્ઞાન કરવું એ વ્યવહાર સમ્યગ્જ્ઞાન. કહો, સમજાણું કાંઈ? **'ઔર પરદ્રવ્યકે પરિહાર સંબંધી ક્રિયાકી નિવૃત્તિ ચારિત્ર હૈ;...'** પરદ્રવ્યના લક્ષે જેટલા વિકલ્પો ઊઠે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એ બધા વિકલ્પ રાગ. એની ક્રિયાથી નિવૃત્તિ. બાહ્ય-અભ્યંતર ક્રિયાનો નિરોધ. આવે છે? ચારિત્રની વ્યાખ્યામાં આવે છે ત્યાં. પ્રવેશિકા. 'સિદ્ધાંત પ્રવેશિકા' બાહ્ય-અભ્યંતર ક્રિયાનો નિરોધ તે ચારિત્ર. જડની ક્રિયા નહિ અને અભ્યંતરમાં વિકલ્પ નહિ. એનાથી રહિત આત્માનું વીતરાગી પરિણમન, તેને ભગવાને નિશ્ચય ચારિત્ર કહ્યું છે. એની ભૂમિકામાં પંચમહાવ્રતના જે વિકલ્પ હોય એને વ્યવહાર કહેવામાં આવે છે. આવું હોય એને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય નથી એના પંચમહાવ્રત તો એને વ્યવહાર ચારિત્ર પણ કહેવામાં આવતા નથી. વ્યવહારાભાસ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહાર પ્રમાણે હોય તો વ્યવહારાભાસ કહેવાય કે? વ્યવહારથી વિરૂદ્ધ હોય?

ઉત્તર :- વ્યવહારથી વિરૂદ્ધ શેનું હોય? નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય એને યોગ્ય પંચમહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણના વિકલ્પ હોય એને વ્યવહારે વ્યવહાર હોય તો એને વ્યવહાર કહેવામાં આવે છે. આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી અને ત્યાં પંચમહાવ્રત છે એને વ્યવહાર કહેવાતો નથી. એ વ્યવહારાભાસ. પણ આ બીજાઓ જે સમ્યગ્દર્શન-જ્ઞાન વિનાના ગૃહીત મિથ્યાદષ્ટિના મહાવ્રત આદિ તો વ્યવહારાભાસ પણ નથી.

મુમુક્ષુ :- ક્રિયાકાંડકા લોપ હો જાયેગા.

ઉત્તર :- ક્રિયાકાંડ હતા કે દિ'? લોપ જ થઈ ગયો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિરોધ, વિકલ્પનો નિરોધ. રાગ છે, વિકલ્પ આસ્રવ છે, પંચમહાવ્રત આસ્રવ છે. એનો નિરોધ. સ્વને આશ્રયે નિરોધ થવો તે ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? એકેય વાતની ખબર ન હોય અને પછી આચાર્ય, સાધુ નામ ધરાવે અને વાત ચાલે ત્યારે એય..! આનું આમ થાય. પણ બાપુ! આ તો વસ્તુનું સ્વરૂપ કહેવાય, ભાઈ! તારા પરિણામનો જવાબદાર તું છો. આ તો વસ્તુની સ્થિતિ આવી છે. એમાં બીજું શું થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ એવી છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ?

**'ઈનહીકો જાનના સમ્યગ્જ્ઞાન હૈ ઔર પરદ્રવ્યકે પરિહાર સંબંધી ક્રિયાકી નિવૃત્તિ ચારિત્ર હૈ; ઈસપ્રકાર જિનેશ્વરદેવને કહા હૈ,...'** જિનવરદેવ પરમાત્મા વીતરાગદેવે આમ કહ્યું છે. એમ તો 'કુંદકુંદાચાર્ય' વીતરાગદેવનો આશ્રય લઈને વાત કરે છે. જુઓ! ભગવાને આમ કહ્યું છે, ભાઈ! વીતરાગદેવ આમ કહે છે. આહાહા..! **'ઈનકો નિશ્ચય-વ્યવહારનયસે આગમકે અનુસાર સાધના.'** સ્વભાવને આશ્રયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર (થયા) એ સાચા જ્ઞાન-દર્શન અને પરના લક્ષે જેટલો વ્યવહાર શ્રદ્ધા જ્ઞાન હોય એ વ્યવહાર, પુણ્યબંધનું કારણ. એમ એને જાણવું જોઈએ. એકલો નિશ્ચય ન હોય અને વ્યવહાર હોય એમ બની શકે નહિ. જ્યાં નિશ્ચય આત્માનું ભાન અનુભવ છે, દર્શન છે, ચારિત્ર છે ત્યાં વ્યવહાર વિકલ્પ હોય એને વ્યવહાર કહેવામાં આવે છે. આટલી વાત છે.

आगे सम्यग्दर्शनको प्रधान कर कहते हैं :–

## ગાથા-૩૯

**दंसणसुद्धो सुद्धो दंसणसुद्धो लहेइ णिव्वाणं।**
**दंसणविहीणपुरिसो ण लहइ तं इच्छियं लाहं।।३९।।**

दर्शनशुद्धः शुद्धः दर्शनशुद्धः लभते निर्वाणम्।
दर्शनविहीनपुरुषः न लभते तं इष्टं लाभम्।।३९।।

**દગશુદ્ધ આત્મા શુદ્ધ છે, દગશુદ્ધ તે મુક્તિ લહે,**
**દર્શનરહિત જે પુરુષ તે પામે ન ઈચ્છિત લાભને. ૩૯.**

**अर्थ :– जो पुरुष दर्शनसे शुद्ध है वह ही शुद्ध है, क्योंकि जिसका दर्शन शुद्ध है वही निर्वाणको पाता है और जो पुरुष सम्यग्दर्शनसे रहित है वह पुरुष ईप्सित लाभ अर्थात् मोक्षको प्राप्त नहीं कर सकता है।**

**भावार्थ :– लोकमें प्रसिद्ध है कि कोई पुरुष वस्तु चाहे और उसकी रुचि प्रतीति श्रद्धा न हो तो उसकी प्राप्ति नहीं होती है, इसलिये सम्यग्दर्शन ही निर्वाणकी प्राप्तिमें प्रधान है।।३९।।**

## ગાથા-૩૯ ઉપર પ્રવચન

'**આગે સમ્યગ્દર્શનકો પ્રધાન કર કહતે હૈં :–**' સમ્યગ્દર્શન મૂળ ચીજ છે. એ વિના બધા એકડા વિનાના મીંડા કોરે કાગળે છે. એ આપણે ચાકળો છે.

**दंसणसुद्धो सुद्धो दंसणसुद्धो लहेइ णिव्वाणं।**
**दंसणविहीणपुरिसो ण लहइ तं इच्छियं लाहं।।३९।।**

કહે છે કે ઈચ્છા કરે મોટી મોટી મોક્ષની, સંવરની, નિર્જરાની એથી શું? સમ્યગ્દર્શન વિના એને કાંઈપણ લાભ થાય નહિ.

'**અર્થ :– જો પુરુષ દર્શનસે શુદ્ધ હૈ વહ હી શુદ્ધ હૈ,...**' વસ્તુ પરમાત્મા, નિજ પરમાત્મ દ્રવ્ય એની અંતરમાં સન્મુખ થઈને દૃષ્ટિ નિશ્ચય પ્રગટવી, એનું નામ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન કરી શુદ્ધ ચીજને શુદ્ધ કહેવામાં... જુઓ ખુબી! કહ્યું ને ઓલામાં? છઠ્ઠી ગાથામાં. પરનું લક્ષ છોડી ચૈતન્યની સેવા કરે એને શુદ્ધ કહેવામાં આવે. ઓલું દ્રવ્ય, હોં! આહાહા..! ત્યારે શુદ્ધ કહેવાય. દૃષ્ટિમાં આવ્યું નથી, જ્ઞેય બન્યું નથી ને શુદ્ધ ક્યાંથી લાવ્યો? કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં દર્શન ઉપર જોર દેવું છે. '**જો પુરુષ દર્શનસે શુદ્ધ હૈ વહ હી શુદ્ધ હૈ,...**' એ શુદ્ધ છે. દ્રવ્યમાં તો શુદ્ધ છે પણ દર્શનથી શુદ્ધ એ જ પવિત્ર શુદ્ધ છે. પર્યાયમાં પણ એ જ

પવિત્ર અને શુદ્ધ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું! સાધારણ માણસને મગજને બોજો પડે. બોજો એવો નથી, આ તો હળવો થાય એવી વાત છે. હેં! વસ્તુની દરકાર ન કરે (તો શું થાય?) મહાપ્રભુ ચૈતન્ય ચમત્કારી પદાર્થ, જેના ચમત્કારની વાતું દુનિયામાં વાણીમાં ન કહેવાય એવી ચીજ છે કહે છે. એવા ભગવાનઆત્મા, એની અંતર્મુખની દૃષ્ટિ શુદ્ધ સમ્યગ્દર્શન એ જ શુદ્ધ અને પવિત્ર છે. આહાહા..! 'રત્નકરંડ શ્રાવકાચાર'માં નથી આવ્યું? ચંડાળ. માતંગ દેવ ભસ્મથી જેમ અગ્નિ ઢાંકેલી હોય એ અગ્નિ છે. એમ ચંડાળનું શરીર હોય, નીચ કુળમાં અવતાર હોય, કાળું-કુબડું શરીર હોય, કંઠ બેસી ગયો હોય, નાક ... હોય, કાન તૂટેલા હોય, આંખે ફૂલા પડ્યા હોય... આહાહા..! પણ કહે છે કે એ ચંડાળને પણ સમ્યગ્દર્શન છે તો ગણધરદેવ એને દેવ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને ઈ શ્લોક?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. અહીં નાખ્યું છે એ. સંસ્કૃત ટીકામાં છે. દંસણ સુદ્ધો સુદ્ધો. આમાં કેમ નથી? એમાં છે? હોવું તો જોઈએ. દંસણ શુદ્ધો. હા છે. 'સમ્યગ્દર્શનસે શુદ્ધ ચંડાલકો ભી ગણધરાદિદેવ ભસ્મ કે ભીતર છીપે અંગારકે સમાન અભ્યંતર તેજસે યુક્ત દેવ કહતે હૈં.' **'સમ્યગ્દર્શનસે શુદ્ધ ચંડાલ...'** **'दंसणसुद्धो सुद्धो दंसणसुद्धो लहेइ णिव्वाणं।'** ચંડાળનો દેહ હોય. ગણધરાદિ દેવ.. એને ગણધરદેવો 'ભસ્મકે ભીતર છીપે અંગાર કે સમાન અભ્યંતર તેજસે યુક્ત દેવ કહતે હૈં.' એકલા સમ્યગ્દર્શનના માહાત્મ્યની વાત છે. આહાહા..! સમ્યગ્દર્શન એ કાંઈ નહિ. ચારિત્ર આવે તો સમ્યગ્દર્શન કહેવાય. તો એનું ફળ (આવે). હવે સાંભળને!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મોક્ષમાર્ગ છે એ. સમ્યગ્દર્શન મોક્ષમાર્ગ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કહ્યું ને? દેવા દેવં. એમ દેવા શબ્દ છે ને? દેવો એટલે ગણધરદેવો. દેવં. ... દેવ ગણધરદેવ તેને સમ્યગ્દષ્ટિને, ચંડાળ હોય પણ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ્યું છે... આહાહા..! એને ગણધરદેવ દેવ કહે છે. અને પછી આવે છે ને ગાથા બીજી એમાં? 'અષ્ટપાહુડ'ની ગાથામાં ટીકામાં 'શ્રાવકરત્નકરંડચાર'ની ગાથા-ટીકા છે. 'રત્નકરંડ શ્રાવકાચાર' એનો આધાર આપ્યો છે. બીજું આવ્યું છે ને એમાં? ગૃહસ્થ.. સમકિતદૃષ્ટિ હોય તો ગૃહસ્થાશ્રમમાં પણ મોક્ષમાર્ગ છે. પણ મિથ્યાદૃષ્ટિ રાગને ધર્મ માને અને પુણ્યની ક્રિયાને ધર્મ માને એ અણગાર પણ મિથ્યાદૃષ્ટિ સંસારી છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ અહીં આચાર્ય કહે છે, **'दंसणसुद्धो सुद्धो'** **'જો પુરુષ દર્શનસે શુદ્ધ હૈ વહ હી શુદ્ધ હૈ, ક્યોંકિ જિસકા દર્શન શુદ્ધ હૈ વહી નિર્વાણકો પાતા હૈ...'** સમ્યગ્દર્શન શુદ્ધવાળો, બીજ ઊગી છે એ પૂનમ થયા વિના રહે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'જો પુરુષ સમ્યગ્દર્શનસે રહિત હૈ વહ પુરુષ ઈપ્સિત લાભ અર્થાત્ મોક્ષકો પ્રાપ્ત નહીં કર સકતા હૈ.'** એની ભાવના કે અમારે તો મોક્ષ કરવો છે. આ ભાવથી મોક્ષ કરવો છે. પણ હજી સમ્યગ્દર્શનના ભાન વિના મોક્ષ ક્યાંથી થાશે? સંવર, નિર્જરા, જ્યાં થઈ નથી. અમે તો મોક્ષની અભિલાષા રાખીએ છીએ કે આ મહાવ્રતનું ફળ અમે મોક્ષ ઈચ્છીએ છીએ. સમજાણું

કાંઈ? પણ મિથ્યાદૃષ્ટિ તને સમ્યગ્દર્શન નથી અને તારી અભિલાષા ક્યાંથી પ્રાપ્ત થશે? અમે તો મહાવ્રત પાળીએ, અણુવ્રત પાળીએ તો એમાંથી અમારે મોક્ષ જ જોવે છે. એમ અભિલાષા રાખનારા મિથ્યાદૃષ્ટિને મોક્ષ મળશે નહિ. લાભ નહિ મળે, ધાર્યો લાભ નહિ મળે. કાંઈકનું કાંઈક થશે. ભૂતડા-બુતડા થાશે દેવ. એય..! 'પ્રકાશદાસજી'! આહાહા..! ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણ બ્રહ્મ પરમાત્મા પોતે, એની અંદર નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ નથી એને ઈચ્છિત લાભ કોઈ જાતનો સંવર, નિર્જરા અને મોક્ષ મળતો નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૭૭, ગાથા-૩૯ થી ૪૧, મંગળવાર, ભાદરવા સુદ ૧, તા.૧-૯-૭૦

આ 'મોક્ષપાહુડ'. એની ૩૯મી ગાથા. આપણે ત્યાં સ્વાધ્યાય મંદિરમાં ચાકળો છે. '**दंसणसुद्धो सुद्धो** ' શું કહે છે? જે પુરુષ દર્શનથી શુદ્ધ છે એ શુદ્ધ છે. જેને સમ્યગ્દર્શન જ નથી એના જ્ઞાન અને બહારની બધી ક્રિયાઓ નિરર્થક છે. એનું નગ્નપણું, એના અઠ્યાવીસ મૂળગુણ સમ્યગ્દર્શન વિના બધું નિરર્થક છે. એવી શુદ્ધતા એને હોતી નથી. '**જો પુરુષ દર્શનસે શુદ્ધ હૈ...**' આત્મા પરિપૂર્ણ અખંડ નિર્વિકલ્પ પ્રતીતિનો અંદર અનુભવમાં થાય એ સમ્યગ્દર્શન, એનાથી જ આત્મા શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જિસકા દર્શન શુદ્ધ હૈ વહી નિર્વાણકો પાતા હૈ...**' જેનું સમ્યગ્દર્શન શુદ્ધ છે, પરિપૂર્ણ આત્મા સમ્યગ્દર્શનમાં-પ્રતીતમાં લીધો છે એ શુદ્ધ છે અને એ શુદ્ધને લઈને એ નિર્વાણને પામે છે. સમજાણું કાંઈ? '**ઔર...**' એટલે વળી અર્થાત્ '**જો પુરુષ સમ્યગ્દર્શનસે રહિત હૈ...**' જેને આત્મા નિર્વિકલ્પ શુદ્ધ પ્રતીતિમાં અનુભવમાં આવ્યો નથી અને બાહ્ય ક્રિયાઓ લાખ, કરોડ, અબજ, નગ્નમુનિ અને અઠ્યાવીસ મૂળગુણ પાળે તો એને કાંઈ પણ '**ઈપ્સિત લાભ...**' ઈચ્છેલો લાભ '**મોક્ષકો પ્રાપ્ત નહીં કર સકતા હૈ.**' અમારે તો મોક્ષ જ જોઈએ. પણ મોક્ષના ભાન વિના? આ સમ્યગ્દર્શન જૈનદર્શનનો એકડો છે.

હજી સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હો એ ત્યાગી થાય સમ્યગ્દર્શનના ભાનસહિત, તોપણ તે સમ્યગ્દર્શનથી જ શુદ્ધિ છે. બીજા પંચમહાવ્રત આદિ અઠ્યાવીસ મૂળગુણ વિકલ્પથી એની શુદ્ધિ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? '**જો પુરુષ સમ્યગ્દર્શનસે રહિત હૈ વહ પુરુષ ઈપ્સિત લાભ...**' અભિલાષિત લાભ '**મોક્ષકો પ્રાપ્ત નહીં કર સકતા હૈ.**' સંસારમાં રખડશે. દ્રવ્યલિંગ મુનિવ્રત ધારે... 'મુનિ વ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન...' નામ સમ્યગ્દર્શન વિના આત્માના આનંદનો સ્વાદ ન આવ્યો તો એને પરનો સ્વાદ મુકાણો નહિ. રાગનો ભોગવટો અંદર વિકલ્પનો.. સમજાય છે કાંઈ? વિકલ્પ જે રાગ છે, મંદ રાગ પણ એ મારો છે એવો જે અભિપ્રાય, તેમાં એકલું દુઃખનું વેદન છે. ચાહે તો અઠ્યાવીસ મૂળગુણ પાળે, નગ્નપણે રહે, હજારો રાણી છોડી જંગલમાં રહે પણ એ રાગની ક્રિયા અને દેહની ક્રિયા મારી છે અને રાગના વિકલ્પથી મને લાભ થશે એવો જ્યાં દૃષ્ટિમાં મિથ્યાત્વભાવમાં રાગનો જ અનુભવ છે એ દુઃખનો અનુભવ છે. સમજાણું કાંઈ? ચાહે તો

પંચમહાવ્રતના પરિણામ પાળે પણ એ દુઃખનો અનુભવ છે, દુઃખ છે. કારણ કે વૃત્તિનું ઉત્થાન છે કે આની દયા પાળું, બીજાને ન મારું, બ્રહ્મચર્ય (પાળું) એ બધી વૃત્તિનું ઉત્થાન વૃત્તિ છે. એ વૃત્તિ તે કષાય અગ્નિ છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! આ જૈનદર્શનનો ફેર માર્ગ છે. દર્શનશુદ્ધિ એ શુદ્ધિ. છે ને આપણે ત્યાં? સ્વાધ્યાય મંદિરમાં છે? એક ચાકળો છે. એય..! શેઠ! છે જોયો ચાકળો? મોટો ચાકળો છે. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જે આત્મા કહ્યો એ આત્મા દયા, દાન, પૂજા, ભક્તિના વિકલ્પથી રહિત છે અને અનંતઆનંદ અને જ્ઞાનની શાંતિથી સહિત છે. એવા આત્માની અનુભૂતિ થવી, એવા આત્માનો અનુભવ થવો, એ જ્ઞાનસ્વભાવની અનુભૂતિ થવી એ આત્માની અનુભૂતિ કહો. એમાં જે પ્રતીતિ-સમ્યગ્દર્શન વર્તે એ જ શુદ્ધતાના કારણે શુદ્ધ છે. 'અમરચંદભાઈ'! આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન રહિત ચાહે તો જૈન સાધુ દિગંબર થાઓ, શ્રાવક થાઓ, અનેક પ્રકારના બાર વ્રત અને અઠ્યાવીસ મૂળગુણ પાળે પણ એને મોક્ષ નહિ મળે. ચાર ગતિ રખડવાની મળશે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સંથારો કરે તો?

ઉત્તર :- હા. સંથારો કરે તો મરી જશે, ચાર ગતિમાં રખડશે. સંથારો કોને કહેવો? જેને રાગની ક્રિયાના વિકલ્પથી આત્મા ભિન્ન છે એવું ભાન નથી એ સંથારા બબ્બે મહિનાના કરે. એનામાં કર્યો છે. ... બધા ચાલી નીકળ્યા હતા પછી. સંથારો કર્યો હતો. ખબર છે? ખમાવવા બધા. શું થયું પણ સંથારો? સંથારો સમજ્યા? સંલેખના મરણ. કાંઈ ભાન ન મળે અને આહાર-પાણી છોડીને.. એવું તો અનંતવાર કર્યું છે. નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે બબ્બે મહિના સંલેખના, ચાર-ચાર દિ' સુધી આહાર નહિ, પાણીનું ટીપું નહિ અને શુક્લલેશ્યા. એવી ક્રિયા અનંતવાર કરી પણ સમ્યગ્દર્શન વિના એ ચાર ગતિમાં રખડવા માટે થઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તમને ઠેકાણું નથી એટલે બીજાનું તમને ઠીક લાગે. એમ કહે છે અહીં. મિથ્યાત્વનો અંદર આદર છે અને સમકિતનો ત્યાગ છે. શેઠ! સમકિતનો ત્યાગ છે ત્યાં. રાગનો ત્યાગ કરું અને આનો ત્યાગ કરું એવી દૃષ્ટિ છે ત્યાં મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? પરનો ત્યાગ કરું અને અમુકને ગ્રહણ કરું, શુભરાગને ગ્રહણ કરું અને અશુભરાગને છોડું, આ સામગ્રી પ્રતિકૂળ એને છોડું અને અનુકૂળ એવા અપવાસ આદિ કરું. એ બધો ભાવ મિથ્યાત્વભાવ છે. કેમકે એ વિકલ્પની ક્રિયાને પોતે ધર્મક્રિયા માને છે. કહો, શેઠ! શું છે? પોતે આ છોડી શકે નહિ. એ કરતા કાંઈક છોડીને બેઠા એ તો સારા હોય ને કાંઈક? એમ કહે છે. એય..! 'શોભાલાલજી'! આહાહા..! ભાઈ! ભગવાનનું આ વાક્ય મહા છે.

'**ભાવાર્થ :- લોકમેં પ્રસિદ્ધ હૈ કિ કોઈ પુરુષ કોઈ વસ્તુ ચાહે ઔર ઉસકી રુચિ પ્રતીતિ શ્રદ્ધા ન હો તો ઉસકી પ્રાપ્તિ નહીં હોતી હૈ,...**' ઇચ્છા કરે શું કામ આવે? જે વસ્તુ જોઈએ છે એની રુચિ, શ્રદ્ધા, જ્ઞાન તો નથી. '**ઇસલિયે સમ્યગ્દર્શન હી નિર્વાણકી પ્રાપ્તિમેં પ્રધાન હૈ.**' દેખો! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન પછી ચારિત્ર તો અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? પણ પહેલાં સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે, જે વસ્તુ મુક્ત છે, એ પૂર્ણ સ્વભાવથી પ્રાપ્તિ અને

રાગથી મુક્ત છે. એવો જ મુક્તસ્વરૂપ આત્મા છે. રાગના વિકલ્પથી મુક્તસ્વરૂપ આત્મા છે. એવા પરમાનંદરૂપી મુક્તિની પ્રતીત, રુચિ નથી તો એને મુક્તિનો માર્ગ મળ્યો નથી તો મુક્તિ થતી નથી.

**'કોઈ પુરુષ કોઈ વસ્તુ ચાહે ઔર ઉસકી રુચિ પ્રતીતિ શ્રદ્ધા ન હો...'** મોક્ષ તો એકલો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ એનું નામ મોક્ષ છે. મોક્ષ એટલે કે રાગ અને વિકલ્પ વિનાની ચીજ, એવા આત્માની જ્યાં પ્રતીત, રુચિ અને શ્રદ્ધા નથી એને ધર્મ થાય નહિ અને એને મોક્ષ મળે નહિ. સમજાણું કાંઈ? કહ્યું નહોતું કાલે? ચંડાળ, સમ્યગ્દષ્ટિ ચંડાળ. આવ્યું હતું ને આમાં?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન...

ઉત્તર :- હા માતંગ દેવોને ગણધરો પણ તેને દેવ કહે છે. ચંડાળ. કાળુમશ શરીર, નાક ટૂંકી વાંઢો હોય, સ્ત્રી હોય તો વાંઝિયો હોય, કાંઈ ન હોય પણ સમ્યગ્દર્શન જો હોય.. ભગવાનઆત્મા.. આહાહા..! જેને અનુભવમાં આત્મા આવ્યો, એ અનુભવમાં આત્મા આવ્યો બાકી શું રહ્યું એને? એક ચારિત્રની સ્થિરતા બાકી. પણ એને ચારિત્ર આવવાનું અને મુક્તિ થવાની. આહાહા..! સમજાણું કાંઈ? '..ભાઈ'! સમ્યગ્દર્શન વિના બધા થોથા છે, એકડા વિનાના મીંડા. સંસાર ફળશે અને નિગોદમાં જાશે. ભારે આકરું, ભાઈ!

**'ઈસલિયે સમ્યગ્દર્શન હી...'** એમ છે ને? જૈનદર્શનમાં વીતરાગમાર્ગમાં સમ્યગ્દર્શન જ મુક્તિની પ્રાપ્તિ વિષે મુખ્ય છે. પ્રધાન, પ્રધાન એટલે મુખ્ય છે. પ્રધાન એટલે? ઓલા રાજા અને પ્રધાન એમ નહિ. પ્રધાન એટલે અહીં મુખ્ય છે. જૈન વસ્તુમાં આત્મા જેને આત્મા પરમાનંદ સ્વરૂપ પ્રભુ.. સમજાણું કાંઈ? એકલો આત્મા. એક સમયની પર્યાયની રુચિ છોડીને. આહાહા..! સમજાય છે કાંઈ? ત્રિકાળ જ્ઞાયકભાવ. ભલે અહીં તત્ત્વાર્થ શ્રદ્ધાન કહેશે આગળ. 'ઉમાસ્વામી'ની શૈલી છે ને .. તો એમાં એ આવી જાય. ત્રિકાળ ભગવાનઆત્મા ધ્રુવનું ધ્યેય કરીને જે સમ્યગ્દર્શન થાય, એમાં એની સાત પર્યાયો એમાં નથી એવું એમાં જ્ઞાન આવી જાય છે. એ અસ્તિ-નાસ્તિની શ્રદ્ધા ત્યાં થઈ જાય છે. સમજાણું કાંઈ? ભારે વાતું. ભાઈ! હવે ૪૦ (મી ગાથામાં) કહેશે.

---

**आगे कहते हैं कि ऐसा सम्यग्दर्शनको ग्रहण करनेका उपदेश सार है, उसको जो मानता है वह सम्यक्त्व है :–**

## ગાથા-૪૦

**इय उवएसं सारं जरमरणहरं खु मण्णए जं तु।**
**तं सम्मत्तं भणियं सवणाणं सावयाणं पि।।४०।।**

इति उपदेशं सारं जरामरणहरं स्फुटं मन्यते यत्तु।
तत् सम्यक्त्वं भणितं श्रमणानां श्रावकाणामपि।।४०।।

**જરમરણહર આ સારભૂત ઉપદેશ શ્રદ્ધે સ્પષ્ટ જે,**
**સમ્યક્ત્વ ભાખ્યું તેહને, હો શ્રમણ કે શ્રાવક ભલે. ૪૦.**

**अर्थ :– इस प्रकार सम्यग्दर्शन–ज्ञान–चारित्रका उपदेश सार है, जो जरा व मरणको हरनेवाला है, इसको जो मानता है श्रद्धान करता है वह ही सम्यक्त्व कहा है। यह मुनियोंको तथा श्रावकोंको सभीको कहा है इसलिये सम्यक्त्वपूर्वक ज्ञान चारित्रको अंगीकार करो।**

**भावार्थ :– जीवके जितने भाव हैं उनमें सम्यग्दर्शन–ज्ञान–चारित्र सार हैं उत्तम हैं, जीवके हित हैं, और इनमें भी सम्यग्दर्शन प्रधान है क्योंकि इसके बिना ज्ञान, चारित्र भी मिथ्या कहलाते हैं, इसलये सम्यग्दर्शनको प्रधान जानकर पहिले अंगीकार करना, यह उपदेश मुनि तथा श्रावक सभीको है।।४०।।**

## ગાથા-૪૦ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ ઐસા સમ્યગ્દર્શનકો ગ્રહણ કરનેકા ઉપદેશ સાર હૈ,...**' આ ઉપદેશ સાર છે જુઓ, ભાઈ! ઓલા કહે કે સમ્યગ્દર્શન.. પણ સમ્યગ્દર્શનનો ઉપદેશ જ સાર છે. આહાહા..! એ વિનાના ચારિત્ર અને વ્રત, નિયમ ને ઉપદેશ આપવા એ બધા અસાર છે. એમ કહે છે.

મુમુક્ષુ :– અંતરદષ્ટિ...

ઉત્તર :– અંતરદષ્ટિ વસ્તુ શું છે એની પ્રતીત અને અનુભવ વિના શું? આહાહા..! જુઓને શું કહે છે? 'કુંદકુંદાચાર્ય' કહે છે, જુઓ! '**ઉસકો જો માનતા હૈ વહ સમ્યક્ત્વ હૈ.**' દેખો.

**इय उवएसं सारं जरमरणहरं खु मण्णए जं तु।**
**तं सम्मत्तं भणियं सवणाणं सावयाणं पि।।४०।।**

સમ્યગ્દર્શનનો ઉપદેશ આ જગતમાં મુખ્ય અને સાર છે. એ જરા-મરણને હરનારું છે એ સમ્યગ્દર્શન. એમ જે કોઈ માને છે... આહાહા..! સમજાય છે કાંઈ? એને સમકિત કહ્યું વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ. કોને? શ્રમણ અને શ્રાવકને બેયને. શ્રમણ હો કે શ્રાવક હો. આવું જેને સમ્યગ્દર્શન હોય તે ઉપદેશમાં અને ભાવમાં સાર વસ્તુ છે. જુઓ! શ્રાવકનું નામ આવ્યું છે અંદર. આહાહા..!

'**અર્થ :– ઈસ પ્રકાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા ઉપદેશ સાર હૈ,...**' એમ કે સમ્યગ્દર્શનસહિત જ્ઞાન-ચારિત્રનો ઉપદેશ એ સાર છે. '**જો જરા વ મરણકો હરનેવાલા હૈ,...**' એને જન્મ જરા મરણ રહેશે નહિ. આહાહા..! કેમ કે ભગવાનઆત્મા વિકલ્પ એટલે રાગના ભાવ વિનાની ચીજ એટલે ભવ અને ભવના ભાવ વિનાની ચીજ, એનું જ્યાં ભાન

થયું એને ભવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય સાહેબ પૂર્ણાનંદનો નાથ... આહાહા..! કલ્પવેલી, કામકુંભ કલ્પવૃક્ષ સમાન એવો ભગવાનઆત્મા તદ્દન વીતરાગના ભાવથી ભરેલો, એમાંથી અંકુરા ફૂટે તો વીતરાગના ફૂટે. ત્યાં કાંઈ પુણ્ય-પાપના વિકલ્પ ફૂટે એવો ભાવ નથી જીવને.

દેડકો-મંડુક પણ સમકિતી હોય તો કહે છે, અલ્પકાળમાં મુક્તિને પામશે. અને મનુષ્ય થઈને પંચમહાવ્રત અને અઠ્ઠાવીસ મૂળગુણ જૈને કહેલા વ્યવહાર, જિનવરે .. વ્યવહાર કહ્યો એ પાળે તો એને મુક્તિ થશે નહિ. આહાહા..! ભારે આકરું કામ. .. કહે છે, ચારિત્ર વિના મુક્તિ? પણ ચારિત્ર વિના મુક્તિ ત્રણકાળમાં ન હોય. પણ ક્યું ચારિત્ર? એ આત્માનો સમ્યક્ અનુભવ થઈને એમાં આનંદમાં લીન થાય. અતીન્દ્રિય આનંદની ઉગ્ર સ્વસંવેદન આનંદદશા પ્રગટે એનું નામ ચારિત્ર છે. ચરવું. શેમાં ચરવું? આ ઢોર ઘાસ ચરે છે કે નહિ? એમ આત્મામાં આનંદને ચરે, અનુભવે, ઉત્કૃષ્ટપણે આનંદને અનુભવે, ચરે એને ચારિત્ર કહીએ. પંડિતજી! ભારે. શરીરની ક્રિયા કાં રાગની ક્રિયા આ અમારું ચારિત્ર છે. બાપુ! ચારિત્રની વ્યાખ્યા (તને ખબર નથી). સમ્યગ્દર્શનના પુરુષાર્થ કરતાં ચારિત્રનો પુરુષાર્થ અનંતગુણો ઊંચો છે. પણ એમાં સમ્યગ્દર્શન ન હોય તો એ બધું થોથા છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

આ જૈનમાર્ગનો ટ્રેડ માર્ગ છે. દંસણ શુદ્ધો સુદ્ધો. કેમકે આત્મા પવિત્ર અને શુદ્ધ ચૈતન્યઘન, એનો અનુભવમાં પ્રતીતિ એ દંસણ શુદ્ધિએ શુદ્ધ થાય છે. કેમકે શુદ્ધ પોતે વસ્તુ શુદ્ધ છે. એવા શુદ્ધની શ્રદ્ધાનો અનુભવ એ સમ્યગ્દર્શન એ શુદ્ધ છે. પર્યાયે શુદ્ધ છે, એમ કહે છે. અને એને નિર્વાણ-મુક્તિ નજીકમાં છે.

શ્રેણિક રાજા. રાજ છોડી શક્યા નહિ, ભોગ છોડી શક્યા નહિ. સમજાણું કાંઈ? પણ ક્ષાયિક સમકિત પ્રગટ કર્યું. પહેલું ક્ષયોપશમ સમકિત થયું, ક્ષાયિક થયું, તીર્થંકર ગોત્ર બાંધ્યું. નરકની ગતિ બંધ પડી ગયેલી હતી (એટલે) નરકમાં જવું પડ્યું. પણ ત્યાં એ આનંદમાં છે સમકિતી. આહાહા..! એ નરકગતિમાં નથી. આહાહા..! 'અમરચંદભાઈ'! એ તો આનંદની દશામાં છે. પરગતિ અને રાગમાં જ્ઞાની છે નહિ. આહાહા..! ભારે વાત! સમજાણું કાંઈ?

**'ઈસકો જો માનતા હૈ શ્રદ્ધાન કરતા હૈ વહ હી સમ્યક્ત્વ કહા હૈ.'** શું કહે છે? ભગવાનઆત્મા પૂર્ણ પવિત્ર શુદ્ધ આનંદઘન..(ધર્મદાસ ક્ષુલ્લકનું) 'સ્વાત્માનુભવ મનન'માં એ લીધું છે. કાલે વાત કરી હતી ને? સાત તત્ત્વમાં જીવ એક તત્ત્વ અને છ અજીવ છે. એય..! જીવ નથી, રસ્તામાં કહ્યું હતું. કહ્યું હતું ને? એક ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ જીવ દ્રવ્ય છે. એક સમયની પર્યાય પણ જીવદ્રવ્ય નહિ. મોક્ષની પર્યાય પણ જીવદ્રવ્ય નહિ. આહાહા..! એ ઉપરાંત તો ત્યાં સુધી એમણે કહ્યું કે જીવને અજીવને સૂર્ય અને અંધારાની પેઠે ભિન્નતા છે. આહાહા..! વસ્તુ જે છે ચૈતન્ય દ્રવ્ય જ્ઞાયકભાવ, એમાં એ પુણ્ય-પાપ-આસ્રવ-બંધ તો નથી પણ સંવર, નિર્જરા, મોક્ષ એક સમયની પર્યાય એમાં નથી. આહાહા..! એને તો પરદ્રવ્ય કહી દીધું. એય..!

એકલો ચૈતન્ય આનંદને હિલોળે ચડેલો પ્રભુ, અતીન્દ્રિય આનંદને હિલોળે.. હિલોળા સમજ્યા? ઝૂલા. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન એનો અનુભવ થઈને

પ્રતીત થઈ તો અતીન્દ્રિય આનંદને ઝૂલે ઝુલે છે. એને દુઃખ નથી, એને સંસાર નથી, એને વ્યવહાર નથી. ધર્મનો વ્યવહાર, હોં! લૌકિક વ્યવહારની વાત પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, આવો જે અંદર આત્મા પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પ્રભુ એને જન્મ-જરા મરણના હરનારો માને અને એવી શ્રદ્ધા કરે, એવો અનુભવ કરે એ ચોક્કસ નિર્વાણને પામે અને એને સમકિત કહેવામાં આવ્યું છે. આ તો કહે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો (એ) સમકિત. એય..! 'પ્રકાશદાસજી'! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, સમકિત છે તમારે. હવે પંચમહાવ્રત લઈ લ્યો એટલે ચારિત્ર થઈ જાય. અરે..રે..! કાળા કેર કર્યા છે ને. જૈનમાર્ગમાં આખું તત્ત્વ શું છે એ પડ્યું રહ્યું. વર વિનાની જાન (જોડી દીધી). સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું લીધું છે? અજ્ઞાન લીધું. શું લીધું છે? લીધું શું? અજ્ઞાન લીધું છે. આહાહા..! સમજાણું કાંઈ? લેવું છે ક્યાં અને છોડવું છે ક્યાં? જે છે તેમાં રહેવું છે. આહાહા..! શેઠ! ઝીણી વાત છે. પૂર્ણ વસ્તુ જ્યાં પડી છે એમાં લેવું છે ક્યાં ને મૂકવું છે ક્યાં ને છોડવું છે ક્યાં? આહાહા..! એવા પૂર્ણ સ્વભાવનો અનુભવ અને એમાં થવી પ્રતીતિ, કહે છે કે એવું જે માને કે એનાથી જન્મ-મરણ નષ્ટ થશે. એમ માનનારો સમકિતી છે.

'**વહ મુનિયોંકો તથા શ્રાવકોંકો સભીકો કહા હૈ...**' દેખો! શ્રાવક નામ ધરાવનારા હો કે મુનિ નામ ધરાવનારા હો. બધાને માટે આ સમકિતની વાત પહેલી કરી છે. સમજાણું કાંઈ? મૂળ વાત રહી ગઈ. ઉપરના ડાળા અને પાંખડા તોડવા માંડ્યા. મૂળ સાજું એમનું. ઝાડના ડાળા-પાંખડા સમજ્યા ને? પાંદડા. મૂળ સાજું તો મહિના પાછું પાંગરી જશે, પાલવી જશે. જેના મૂળ છેદયા એના પાંદડા પંદર દિ'એ સૂકાઈ જશે. એમ જેણે આત્મા પૂર્ણાનંદનો નાથ જેણે પ્રતીત અને અનુભવમાં લીધો એણે સંસારને છેદી નાખ્યો છે. થોડા કાળ રાગ-દ્વેષ રહેશે એને સ્વરૂપની સ્થિરતા દ્વારા ટાળશે અને પરમાત્મા થઈ જશે. આહાહા..!

'**મુનિયોંકો તથા શ્રાવકોંકો સભીકો કહા હૈ...**' ભગવાને. શ્રાવકને માટે બીજો રસ્તો હોય પુણ્યનો, દયા, દાન અને વ્રતનો. મુનિ માટે બીજો એમ છે કાંઈ? આવે છે ને 'પ્રવચનસાર'માં? શ્રાવકને.. પ્રશ્ન બહુ ચાલે છે બહારથી. દેખો! શુભભાવથી પરંપરાએ એને મોક્ષ થાય. શુભભાવથી મોક્ષ થાય ત્યાં તો એમ લીધું છે. શ્રાવકને શુભભાવથી જ મોક્ષ થાય. એમ. એનો અર્થ શું? શુભભાવથી થાય એટલે? એના અભાવથી થાય. એમ. સમજાણું કાંઈ? શું થાય? લૂંટ્યો છે આત્માને અનાદિનો. લૂંટાણો છે અને માને કે મને સંપદા મળી છે. કાંઈક બહારથી આ થયો ને ત્યાં લૂંટાણો છે અંદર શ્રદ્ધામાં તો. અને માને છે કે મને કાંઈક લાભ થયો. આમ જ અનાદિથી પોતે પોતાને છેતરતો આવે છે.

'**ઈસલિયે સમ્યક્ત્વપૂર્વક જ્ઞાન ચારિત્રકો અંગીકાર કરો.**' સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ સ્વરૂપમાં રમણતા અલૌકિક છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને પણ મુક્તિ થશે પણ ચારિત્ર પ્રાપ્ત થયા પછી થશે. ચારિત્ર પ્રાપ્ત થયા વિના મુક્તિ ન થાય. પણ ચારિત્ર ક્યું? અંતરના આનંદમાં હિલોળે, આનંદની મોજે પ્રચુર સ્વસંવેદન. સમજાય છે કાંઈ? આનંદની લહેરે ચડતો, આનંદના ઊભરા (આવે).. શું કહેવાય તમારે દરિયાને? ભરતી-ભરતી. ભરતી-

ઓટ કહે છે ને? આવે. જાય એની વાત નથી. આવે. આનંદના અંદરથી ઉભરા (આવે).

શેરડીનો રસ હોય ને? શેરડી-ગન્ના. તૃષા લાગી હોય, ઉનાળાનો દિ' હોય. ૧૧૮ (ડિગ્રી) તડકો બહાર હોય. સમજાણું? 'ભાવનગર'થી અહીંયાં 'ચમારડી' છે. છ ગાઉ રસ્તામાં ઝાડ નહિ, પાણી નહિ, કાંઈ નહિ. અમે ચાલ્યા છીએ એકવાર. ઝાડ નહિ, પાણી નહિ. ખાર એકલો ભાઈ! ખારો. એક કોર 'ઘાંઘળી' છે 'ઘાંઘળી'. આઘી રહી જાય, આઘી. બહુ ખારો. દરિયો આઘો. ઝાડ નહિ, પાંદડું નહિ. એક સાધુ નીકળ્યો હતો તો મરી ગયો એમાં. કારણ કે એવી તૃષા લાગી અને ઉનાળાનો દિ'. છાંયો નહિ ઝાડનો. એકલી ખારેલી જમીન. અમે એક ફેરી નીકળ્યા હતા. (સંવત) ૧૯૭૭ની સાલની વાત છે. 'કમળેજ'થી. 'ભાવનગર'થી 'કમળેજ' અને 'કમળેજ'થી 'ચમારડી'. છ ગાઉ. ... હતો ને? માણસ જુવાન 'કમળેજ'નો હતો. છ ગાઉ, હોં! પણ તે દિ' તો જુવાન અવસ્થા ને? ૧૯૭૭ની વાત છે. કેટલા વર્ષ થયા? ૪૯. ૪૯ વર્ષ થયા. ૩૧ વર્ષની ઉંમરે. છ ગાઉ તો ચાલીએ... ...

મુમુક્ષુ :- રસ્તો ભૂલ્યા નહિ હોય.

ઉત્તર :- રસ્તો ગાડાનો હતો. ભૂલવાનું શું? રસ્તો જ ગાડાનો હતો. ક્યાંય બીજો રસ્તો જ નહિ ને. ઝાડ-પાંદડું ન મળે ક્યાંય. એક દેરાવાસી સાધુ બિચારો નીકળ્યો હતો. ખબર નહિ એને અને રસ્તામાં તૃષા (લાગી). .. અને મરી ગયો. એટલે શું કીધું? આહાહા..! કહે છે કે સમ્યગ્દર્શન વિના આવી બધે ઉજ્જડમાં જઈને ગમે એટલા પરિષહ સહન કરે એને કાંઈપણ આત્માનો લાભ છે નહિ. આહાહા..! જુઓ!

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાર હૈં...**' દેખો! '**જીવકે જિતને ભાવ હૈં ઉનમેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાર હૈં, ઉત્તમ હૈં, જીવકે હિત હૈં,...**' ત્રણ બોલ લીધા. '**ઔર ઈનમેં ભી સમ્યગ્દર્શન પ્રધાન હૈ...**' ત્રણમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શેરડીના રસનો...

ઉત્તર :- આ શેરડીના રસની છે. ઠીક યાદ કર્યું. શેરડીના રસ.. ત્યાં શેરડીનો રસ મળે, એમ મારું કહેવું છે. એમાં શેરડીના રસ મળે એટલે આહાહા..! ઘૂંટડે ઘૂંટડે પીવે. ઘૂંટડે સમજો છો? ઘટક-ઘટક. અમારી તો નાની ઉંમર હતી તેદિ' એટલે કરતા હતા. ચોવિહાર જ ત્યાં પાળીએ. છ ગાઉ પછી. 'કમળેજ'થી નીકળ્યા 'ચમારડી'. વાણિયાનું ઘર. ..ભાઈનું. પાણી છ ગાવ પછી પીવાનું. ચોવિહાર પાળવાનો પછી હોય. એમાં કાંઈ .. હોય, ... જેને તૃષા લાગી હોય અને એવામાં એને...આહાહા..!

નપાલીતાણા' દરબાર હતા. માનસિંહ 'માધવસિંહ'ના બાપ. ત્યાં .. જંગલમાં આજુબાજુમાં. મરવાની તૈયારી. રસ્તામાં.. રાજા. બે-ત્રણ લાખના આસામી હતા. તે દિ' બે-ત્રણ લાખના. અત્યારે ... મરવામાં લોહી સૂકાયને? ગોળનું પાણી જોવે, ગોળ મળે નહિ. આહાહા..! રસ્તામાં એવું થઈ ગયું. નથી છેલ્લે આપતા ગોળનું પાણી? પછી ગોતતા ગોતતા એક પડિયો હતો. .. રહેતો હતો. એ તમાકુ પીતો. એ તમાકુનો ગોળ હતો થોડો. તમાકુનો ગોળ. એને કહ્યું, લાવ ભાઈ! દરબારને જોઈએ છે. તમાકુમાં ચામડામાં રાખે ને ઓલું?

એકમાં તમાકુ અને એકમાં ગોળ. ચામડાની કોથળી હોય. ચામડાની કોથળી હોય લાંબી. બજરિયો. એકમાં બજર ભરી હોય અને એકમાં ગોળ ભર્યો હોય. જોયું છે ને બધું. એ બિચારો એક હતો અને એની પાસે ગોળ થોડો હતો. તમાકુમાં નાખીને ખાવાનો. તો ઓલા જઈ ચડ્યા કે દરબારને અત્યારે .. છે. થોડો ગોળ દયો. ગોળ દીધો અને પાણી આપ્યું. થઈ રહ્યું. મરી જવાની તૈયારી. .. મરી ગયા દરબાર. એય..! પણ ખુશી થઈ ગયા ઓલો ગોળ મળ્યો એટલે. ગોળ સમજો છો કે નહિ? ગુડ.

એમ આત્માના અંદર જંગલમાં ચોર્યાશીના અવતારમાં રખડે છે. એને જ્યાં આત્માનું ભાન થાય છે ત્યાં આનંદના સડકા અને આનંદના ઊભરા આવે છે. એ આનંદના ઊભરા. એને ચારિત્ર હોય. આહાહા..! એને તો સાતમું ને છઠ્ઠું, સાતમું ને છઠ્ઠું આનંદ... આનંદ... આનંદ... આનંદ... દુઃખ અને પરિષહ છે ક્યાં જગતમાં? હું જ એક આનંદમય આત્મા છું, બીજી ચીજ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા આનંદ જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણમાં પણ સમકિત મુખ્ય છે. જુઓ!

**'ઈનમેં ભી સમ્યગ્દર્શન પ્રધાન હૈ...'** આહાહા..! જ્યાં આનંદના અનુભવની શરૂઆત થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદના સ્વાદની શરૂઆત થાય છે. એ વિના ત્રણમાં સમ્યગ્દર્શન વિના બધું કોઈ પ્રધાન-મુખ્ય છે નહિ. **'ક્યોંકિ ઈસકે બિના જ્ઞાન, ચારિત્ર ભી મિથ્યા કહલાતે હૈં,...'** લ્યો! એ વિના જ્ઞાન અને ચારિત્ર, શાસ્ત્રના ભણતર અને પંચમહાવ્રતના વિકલ્પ, અઠ્યાવીસ મૂળગુણ, નગ્નપણું એ બધું વૃથા એકડા વિનાના મીંડા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઈસલિયે સમ્યગ્દર્શનકો પ્રધાન જાનકર પહિલે અંગીકાર કરના,...'** પહેલામાં પહેલી એ ચીજ અંગીકાર કરો, બાકી પછી બીજી વાત. 'પોપટભાઈ'! દાન ને ફલાણું ને ઢીકણું.. એમાં પહેલું આ કરો કહે છે. એય..! દાન ન દેવું એમ નહિ, હોં! કહો, સમજાણું કાંઈ? શેઠ! એમ કે આપણે સંઘરી રાખો. કારણ કે પહેલું સમ્યગ્દર્શન આપણે કરવું છે. કારણ કે રાગને મંદ કરવો એનાથી સમ્યગ્દર્શન થાય નહિ. માટે આપણે... રાગ મંદ હો પણ એ સમ્યગ્દર્શનનો ઉપાય નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો ઉપાય તો ભગવાન.. અને જ્યાં આત્મા નિર્વિકલ્પ રાગ વિનાની ચીજનું ભાન થાય ત્યાં આગળ રાગ ઘટ્યા વિના રહે નહિ. રાગ અનંતાનુબંધી તો નાશ થાય પણ બીજો પણ રાગનો રસ ઘટી જાય. સમજાણું કાંઈ?

**'ઈસલિયે સમ્યગ્દર્શનકો પ્રધાન જાનકર પહિલે અંગીકાર કરના, યહ ઉપદેશ મુનિ તથા શ્રાવક સભીકો હૈં.'** લ્યો! બધાને. મિથ્યાદષ્ટિ હોય એને પણ એ કહે છે. પહેલું સમ્યગ્દર્શન કર, પહેલી વાત એ કર. પછી બીજી વાત. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ધ્રુવની સંભાળ કર. સમજાણું કાંઈ? આહાહા..! બહુ સારી ગાથા આવી. ૩૯ અને ૪૦. મોક્ષપ્રાભૃત છે ને આ? મોક્ષનો માર્ગ ત્યાંથી જ શરૂ થાય છે. આહાહા..!

પર્યાયબુદ્ધિ ઉડાવી દે. ચાહે તો ક્ષયોપશમ જ્ઞાનનો એક સમયનો ઉઘાડ (હો) પણ એ રુચિ છોડી દે. રાગની રુચિ તો છોડી દે પણ ક્ષયોપશમ જ્ઞાનમાં ઉઘાડ થયો અગિયાર અંગ નવ પૂર્વનો, એ જ્ઞાન નથી. એની રુચિ છોડી દે. આહાહા..! શાસ્ત્રના ભણતરનો ઉઘાડ એની

રુચિ છોડી દે. આહાહા..! ભગવાન જ્ઞાનનો પિંડલો પ્રભુ જ્ઞાનકંદ છે એ તો. જ્ઞાનનું દળ છે એ. ઓલા દળ નથી? દળના લાડવા થાય છે કે નહિ? દળના લાડવા થાય છે. અમારે કાઠિયાવાડમાં થતા પહેલાં. હવે નથી થતા. પહેલા થાતા. દળના લાડવા કરતા. દળ-દળના કરતા. આ આત્મા ચૈતન્યનું દળ છે. એ દળનો લાડવો છે. સમજાણું કાંઈ? એને માટે તું અનુભવ કર અને શ્રદ્ધા કર. એ પહેલાં ... એ છે પછી બીજી વાત. જાણપણું ઓછુંવત્તું હોય એની પછી વાત. સમજાણું કાંઈ? આ વસ્તુ એકલી ભગવાનઆત્મા... આહાહા..!

---

आगे सम्यग्ज्ञानका स्वरुप कहते हैं :–

## ગાથા-૪૧

जीवाजीवविहत्ती जोई जाणेइ जिणवरमएण।
तं सण्णाणं भणियं अवियत्थं सव्वदरसीहिं।।४१।।

जीवाजीवविभक्तिं योगी जानाति जिनवरमतेन।
तत् संज्ञानं भणितं अवितथं सर्वदर्शिभिः।।४१।।

જીવ-અજીવ કેરો ભેદ જાણે યોગી જિનવરમાર્ગથી,
સર્વજ્ઞદેવે તેહને સદ્‌જ્ઞાન ભાખ્યું તથ્યથી. ૪૧.

अर्थ :– जो योगी मुनि जीव–अजीव पदार्थके भेद जिनवरके मतसे जानता है वह सम्यग्ज्ञान है ऐसा सर्वदर्शी – सबको देखने वाले सर्वज्ञदेवने कहा है अतः वह ही सत्यार्थ है, अन्य छद्मस्थका कहा हुआ सत्यार्थ नहीं है असत्यार्थ है, सर्वज्ञका कहा हुआ ही सत्यार्थ है।

भावार्थ :– सर्वज्ञदेवने जीव, पुद्गल, धर्म, अधर्म, आकाश, काल ये जाति अपेक्षा छह द्रव्य कहे हैं। (संख्या अपेक्षाए एक, एक, असंख्य और अनंतानंत हैं।) इनमें जीवको दर्शन–ज्ञानमयी चेतनास्वरूप कहा है, यह सदा अमूर्तिक है अर्थात् स्पर्श, रस, गंध, वर्णसे रहित है। पुद्गल आदि पाँच द्रव्योंको अजीव कहे हैं ये अचेतन हैं–जड़ हैं। इनमें पुद्गल स्पर्श, रस, गंध, वर्ण, शब्दसहित मूर्तिक (–रूपी) है, इन्द्रियगोचर है, अन्य अमूर्तिक हैं। आकाश आदि चार तो जैसे हैं वैसे ही रहते हैं। जीव और पुद्गल के अनादिसंबंध है। छद्मस्थके इन्द्रियोगचर पुद्गलस्कंध हैं उनको ग्रहण करके जीव राग–द्वेष–मोहरुप परिणाम करता है शरीरादिको अपना मानता है तथा इष्ट–अनिष्ट मानकर राग–द्वेषरूप होता है इससे नवीन पुद्गल कर्मरूप होकर बंधको प्राप्त होता है, यह निमित्त–नैमित्तिक भाव है, इसप्रकार यह जीव अज्ञानी होता हुआ जीव–पुद्गलके भेदको न जानकर मिथ्याज्ञानी होता हैं। इसलिये आचार्य कहते हैं कि जिनदेवके मतसे जीव–अजीवका भेद जानकर सम्यग्दर्शनका स्वरुप जानना। इस प्रकार जिनदेवने कहा है वह ही सत्यार्थ है, प्रमाण–नयके द्वारा ऐसे ही सिद्ध होता है इसलिये जिनदेव

सर्वज्ञने सब वस्तुको प्रत्यक्ष देखकर कहा है।

अन्यमती छद्मस्थ हैं, इन्होंने अपनी बुद्धिमें आया वैसे ही कल्पना करके कहा है वह प्रमाणसिद्ध नहीं है। इनमें कई वेदान्ती तो एक ब्रह्ममात्र कहते हैं, अन्य कुछ वस्तुभूत नहीं है मायारूप अवस्तु है ऐसा मानते हैं। कई नैयायिक, वैशेषिक जीवको सर्वथा नित्य सर्वगत कहते हैं, जीवके और ज्ञानगुणके सर्वथा भेद मानते हैं औ अन्य कार्यमात्र हैं उनको ईश्वर करता है इसप्रकार मानते हैं। कई सांख्यमती पुरुषको उदासीन चैतन्यस्वरूप मानकर सर्वथा अकर्ता मानते हैं ज्ञानको प्रधानका धर्म मानते हैं।

कई बौद्धमती सर्व वस्तुको क्षणिक मानते हैं, सर्वथा अनित्य मानते है, इनमें भी अनेक मतभेद हैं, कई विज्ञानमात्र तत्त्व मानते हैं, कई सर्वथा शून्य मानते हैं, कोई अन्यप्रकार मानते हैं। मीमांसक कर्मकांडमात्र ही तत्त्व मानते हैं, जीवको अणुमात्र मानते हैं तो भी कुछ परमार्थ नित्य वस्तु नहीं है–इत्यादि मानते हैं। चार्वाकमती जीवको तत्त्व नहीं मानते हैं, पंचभूतोंसे जीवकी उत्पत्ति मानते हैं।

इत्यादि बुद्धिकल्पित तत्व मानकर परस्परमें विवाद करते हैं, वह युक्त ही है – वस्तुका पूर्णस्वरूप दिखता नहीं है तब जैसे अंधे हस्तीका विवाद करते हैं वैसे विवाद ही होता है, इसलिये जिनदेव सर्वज्ञने ही वस्तुका पूर्णरूप देखा है वही कहा है। यह प्रमाण और नयोंके द्वारा अनेकान्तरूप सिद्ध होता है। इनकी चर्चा हेतुवादके जैनके न्याय–शास्त्रोंसे जानी जाती है, इसलिये यह उपदेश है–जिनमतमें जीवाजीवका स्वरूप सत्यार्थ कहा है उसको जानना सम्यग्ज्ञान है, इस प्रकार जानकर जिनदेवकी आज्ञा मानकर सम्यग्ज्ञानको अंगीकार करना, इसीसे सम्यक्‌चारित्रकी प्राप्ति होती है, ऐसे जानना।

## ગાથા-૪૧ ઉપર પ્રવચન

‘**आगे सम्यग्ज्ञानका स्वरूप कहते हैं :–**’ દર્શનની પ્રધાનતા કરી, હવે સમ્યગ્જ્ઞાન એની સાથે કેવું હોય એની વાત કરે છે. સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન કેવી જાતનું, કોને કહેવું એની વ્યાખ્યા કરે છે.

**जीवाजीवविहत्ती जोई जाणेइ जिणवरमएण।**
**तं सण्णाणं भणियं अवियत्थं सव्वदरसीहिं।।४१।।**

જ્યાં હોય ત્યાં ‘**जिनवरमतेन**’ ‘**जिनवरमतेन**’ નાખે છે. વીતરાગના માર્ગની અંદર જે કહ્યું તેને જાણ તું. અન્યમતિઓએ જે કાંઈ કહ્યું એમાં કાંઈ છે નહિ. પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ, એના મત અને અભિપ્રાયથી જે માર્ગ છે તે જાણ. સમજાણું કાંઈ? ‘**सम्मत्तं भणियं**’ હતું ૪૦માં. અહીંયાં ‘**सण्णाणं भणियं**’ સત્યાર્થ ભગવાન એવા સર્વદર્શીએ આ કહ્યું છે.

**'અર્થ :- જો યોગી મુનિ જીવ-અજીવ પદાર્થકે ભેદ જિનવરકે મતસે જાનતા હૈ...'** દેખો! જીવ અને અજીવ બેને જાણે એમાં બધા સાતેય, નવ તત્ત્વ આવી જાય છે. '**જો યોગી મુનિ જીવ-અજીવ પદાર્થકે ભેદ...**' હોં! જુદા. એમ. બે જુદા એમ જાણે. એ જિનવરના મતથી. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવાધિદેવ એમણે જે કહ્યું તે અભિપ્રાયથી. અજ્ઞાની તો ઘણા પ્રકારના કહે એ નહિ. '**વહ સમ્યગ્જ્ઞાન હૈ...**' તેને સમ્યગ્જ્ઞાન મોક્ષનો માર્ગ '**ઐસા સર્વદર્શી-સબકો દેખને વાલે સર્વજ્ઞદેવને કહા હૈ...**' સર્વદર્શી ભગવાને એને સમ્યગ્જ્ઞાન કહ્યું છે. જીવ-અજીવના ભેદ જુદા... જુદા.. જુદા... એમ. જીવ અને અજીવ બે જુદા. એટલે આવી ગયું એમાં. પુણ્ય-પાપ અને આસ્રવ-બંધ પણ જીવથી જુદા અને ખરેખર જીવ દ્રવ્યથી સંવર-નિર્જરા પર્યાયની, એક સમયની પર્યાય પણ જુદી. આહાહા..! સમજાણું કાંઈ? 'કુંદકુંદાચાર્યદેવ' ત્રીજે નામે આવ્યા. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો. છતાં એ કહે છે. એને લોકોએ પોતે જ નાખ્યા. છતાં પોતે કહે છે કે સર્વજ્ઞ જિનવર કહે છે તે મતથી તું સમ્યગ્જ્ઞાન જાણ. આહાહા..! સમજાણું કાંઈ?

'**વહ હી સત્યાર્થ હૈ,...**' લ્યો. '**अवियत्थं**' '**अवियत्थं**' સત્ય છે. '**અન્ય છદ્મસ્થકા કહા હુઆ સત્યાર્થ નહીં હૈ અસત્યાર્થ હૈ,...**' અજ્ઞાનીઓએ કલ્પના કરીને એક જ આત્મા, કાં એકલા પુદ્‌ગલ જ છે, જીવ અને અજીવ દ્રવ્ય જ છે, બીજી કોઈ પર્યાયો નથી એમ જે અજ્ઞાનીએ કહ્યું હોય એ બધી વાત જૂઠી છે. '**છદ્મસ્થકા કહા હુઆ સત્યાર્થ નહીં હૈ અસત્યાર્થ હૈ,...**' ગણધર આદિ છદ્મસ્થ કહે છે ને? પણ એ ઘરનું ક્યાં કહે છે? એ તો કેવળી કહે છે ઈ કહે છે. સમજાણું? અહીં છદ્મસ્થ એટલે અજ્ઞાની. જ્ઞાની છદ્મસ્થ કહે એ તો કેવળીએ કહેલું એ જ કહે છે. ભગવાન આમ કહે છે અને ભગવાને કહેલું તે આમ છે. સમજાણું કાંઈ?

'**સર્વજ્ઞકા કહા હુઆ સત્યાર્થ હૈ.**' ભગવાને કહ્યું એ સત્યાર્થ એના જ્ઞાનમાં આવવું જોઈએ. ત્વમેવ સત્યં.. એમ નહિ. એના જ્ઞાનમાં આવવું જોઈએ. ભગવાને કહ્યું ઈ સાચું. ભગવાને શું કહ્યું એની ખબર વિના સાચું ક્યાંથી તને આવ્યું? જીવ અને અજીવ, રાગ અને આત્મા બે તદ્દન જુદા. સમજાણું કાંઈ? મહાવ્રતનો વિકલ્પ અને આત્મા તદ્દન જુદા. એય..! 'પ્રકાશદાસજી'! મહાવ્રત ચારિત્ર થઈ ગયું અને અહીં કહે જુદા. આ ક્યાંથી આવ્યું? આટલો બધો ફેર?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમ જ છે. સૂર્યથી જેમ અંધકાર ભિન્ન છે એમ ભગવાનઆત્માથી પંચમહાવ્રતના વિકલ્પ પણ તદ્દન જુદા છે. એની એ ચીજ જ નથી, એનામાં એ છે જ નહિ. એમ ભેદજ્ઞાન કર કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અહીંયા છદ્મસ્થ એટલે અજ્ઞાની લેવાને?

ઉત્તર :- અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છદ્મસ્થ છે ને. એને અહીં .. જ્ઞાની છદ્મસ્થ છે એ તો કેવળીનું કહેલું કહે છે. અહીં કહ્યું પહેલા આવ્યું. ગણધરો આદિ સમકિતી કહે એ બધું કેવળજ્ઞાનનું કહેલું કહે છે. એ કાંઈ પોતાની કલ્પનાનું (નથી કહેતા). આ અજ્ઞાની છદ્મસ્થ

પોતાની કલ્પનાથી કરે એ વાત સાચી હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? .. છે ને એ સ્થાનકવાસી સાધુ. છતા માને વેદાંત. એક જ આત્મા. સર્વજ્ઞ સિવાયની માનેલી વાત બધી જૂઠી છે. સમજાણું કાંઈ? એવા વેષમાં પડ્યા હોય એનું પણ ચાલે. સૌના ગાડા ચાલે છે. ત્વમેવ સત્ય ન ચાલે સમજ્યા વિનાનું એમ કીધું. ભગવાન કહે એ સાચું. પણ શું કીધું એણે? એનું કાંઈ ભાન ન મળે ને સાચું ક્યાંથી આવ્યું? એના ભાવનું ભાસન તો છે નહિ કે આ રાગ છે, આ સ્વભાવ છે. ભાવ વિના ભગવાને કહ્યું એ સાચું એને ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા બોલે. ત્વમેવ સત્યં.. પહેલું એનું ભાન છે અને પછી કોઈ સૂક્ષ્મ વાત હોય તો ભગવાને ... ... આગમના શાસ્ત્રથી પણ પાર ચીજ કોઈ એવી હોય. કેવળજ્ઞાની જ જાણી શકે તો ભગવાને કહ્યું ઈ સાચું. આ તો મૂળ જે વસ્તુ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ભગવાન કહે તે સાચું. ભાન વિના ક્યાંથી સાચું થઈ ગયું? સમજાણું કાંઈ?

'આનંદઘનજી'એ કહ્યું હતું એકવાર. 'આનંદઘનજી'એ ભગવાનની સ્તુતિ કરી. 'મનડું કિનહી ન લાગે હો કુંથુ જિન મનડું કિનહી ન લાગે.' ભગવાન! 'મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું.. મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આંણુ આનંદઘન પ્રભુ મારું આણો તો સાચું કરીને જાણું.' હું નિર્વિકલ્પ થાઉં ત્યારે જાણું કે તમે મનને આરાધ્યું છે. મને ભાન (થયા) વિના તમે આરાધ્યું એ શી રીતે હું જાણું? સમજાણું કાંઈ? 'આનંદઘન પ્રભુ મારું આણો તો સાચું કરીને જાણું.' 'અમરચંદભાઈ'! આહાહા..! રાગનો વિકલ્પ અને ભગવાન નિર્વિકલ્પ પ્રભુ, બેના ભેદજ્ઞાન કરીને મનને જીતવું, તે હું જીતું ત્યારે મને ખબર પડે કે આ બરાબર છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ '**સર્વજ્ઞકા કહા હુઆ હી સત્યાર્થ હૈ.**'

'**ભાવાર્થ :- સર્વજ્ઞદેવને જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ યે જાતિ અપેક્ષા છહ દ્રવ્ય કહે હૈં.**' ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય જાતિએ આવ્યા છે. સંખ્યાએ અનંત. એક જ આત્મા નહિ પણ અનંત આત્મા. અનંત આત્મા દરેક પરમાત્મસ્વરૂપ એવા અનંત આત્મા, એથી અનંતગુણા પરમાણુઓ, અસંખ્ય કાળાણું, એક ધર્મ, અધર્મ અને આકાશ. એ છ દ્રવ્ય. '**ઇનમેં જીવકો દર્શન-જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ કહા હૈ,...**' લ્યો! ભગવાન કોણ છે આત્મા? કે એ દર્શન અને જ્ઞાન ચેતનાસ્વરૂપ છે. એ કાંઈ દયા, દાન, વ્રત ને વિકલ્પ સ્વરૂપ અને શરીરની ક્રિયા સ્વરૂપ છે નહિ.

'**જીવકો દર્શન-જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ કહા હૈ,...**' ભગવાને તો. એકલું જાણવું, દેખવું એવી ચેતના તે સ્વરૂપે ભગવાનઆત્મા છે. પુણ્ય, પાપ, આસ્રવ અને બંધવાળો આત્મા છે જ નહિ. આહાહા..! જુઓ! અનાદિની ... સમજાણું કાંઈ? '**યહ સદા અમૂર્તિક હૈ...**' ભગવાનઆત્મા જાણવા-દેખવાનો સ્વભાવ તો અમૂર્તિક છે. એમાં કાંઈ રંગ, ગંધ, (રસ) સ્પર્શ નથી. '**અર્થાત્ સ્પર્શ, રસ, ગંધ, વર્ણસે રહિત હૈ. પુદ્ગલ આદિ પાંચ દ્રવ્યોંકો અજીવ કહે હૈં યે અચેતન હૈં...**' લ્યો! પાંચ દ્રવ્ય. '**જડ હૈં. ઇનમેં પુદ્ગલ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દસહિત મૂર્તિક (-રૂપી) હૈ,...**' લ્યો! પુદ્ગલ સ્પર્શ, રસ, રંગ અને શબ્દ એ બધા

પુદ્ગલ શબ્દસહિત છે. આત્મા શબ્દસહિત નહિ. આહાહા..!

**'ઇન્દ્રિયગોચર હૈ,...'** પુદ્ગલો તો. **'અન્ય અમૂર્તિક હૈં. આકાશ આદિ ચાર તો જૈસે હૈં વૈસે હી રહતે હૈં.'** ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. ઔર **'જીવ ઔર પુદ્ગલ કે અનાદિ સંબંધ હૈ. છદ્મસ્થકે ઇન્દ્રિયગોચર પુદ્ગલસ્કંધ હૈં ઉનકો ગ્રહણ કરકે...'** ગ્રહણ કરી એટલે પ્રેમ કરી. **'રાગ-દ્વેષ-મોહરૂપ પરિણમન કરતા હૈ...'** અજ્ઞાની પુદ્ગલનું લક્ષ કરીને રાગ-દ્વેષ અને મોહપણે પરિણમે. **'શરીરાદિકો અપના માનતા હૈ.'** શરીરને, વાણીને પોતાની માને. પોતાનું શરીર છે ને? મારું શરીર છે ને? એ તારું ક્યાંથી? એ તો જડનું છે, માટીનું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પુણ્ય કે દિ' કર્યું છે તેં? પુણ્ય કરવાનો સ્વભાવ ક્યાં છે એનો? અજ્ઞાનભાવે કર્યું છે અને અજ્ઞાનભાવે આ મળ્યું અને અજ્ઞાનભાવે કર્યું. પુણ્ય કરવાનો સ્વભાવ જીવમાં નથી. એ તો દર્શન અને જ્ઞાનચેતના સ્વરૂપ છે. ભાન નહોતું અને માન્યું હતું એ કાંઈ ચેતનાસ્વરૂપને જાણ્યું નહોતું. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ!

જાણીને હાથમાં દીવો લઈને પડે છે કૂવામાં. પડે કૂવામાં. આહાહા..! એને ખબર નથી કે હું એક ચૈતન્ય દીવો, પ્રકાશની મૂર્તિ (છું). મારા પ્રકાશમાં જગતની આખી ચીજ પ્રકાશી તો એક સાથે પણ એક સમયમાં જણાય જાય એવો પ્રકાશનો પુંજ પુંજ પિંડ હું છું. એ સિવાય આ બધા પુદ્ગલો આદિ ગ્રહણ કરી, લક્ષમાં લઈ, રાગ-દ્વેષ અને મોહપણે થાય. શરીરને આત્મા માને. શરીર, દેહ, બાયડી, છોકરા, કુટુંબ, એ અમારા... અમારા...અમારા. ધૂળમાંય તારા નથી, સાંભળને! આ છોકરા અમારા. આ પૈસા અમે ભેગા કર્યા છે. અમારા બાપ કાંઈ મૂકીને નહોતા ગયા અમે આ બધું બાવડેબળુકે ભેગું કર્યું છે. બાવડાના બળે કર્યું છે. ધૂળેય કરી નથી. બાવડું ક્યાં તારું હતું? આહાહા..! એય..! 'પોપટભાઈ'! 'પોપટભાઈ' ક્યાં તમારા બાપા કાંઈ મૂકી ગયા હતા? એણે ભેગું કર્યું છે ને એમ કહે ને માણસો? 'પોપટભાઈ'ના બાપા પાસે ક્યાં હતું? આ બધા ૫૦-૫૦ લાખ, ૬૦-૬૦ લાખ એના બાપ પાસે ક્યાં હતા? આ '..ભાઈ' એ તો સાધારણ હતા. એના બાપ હતા ૩૦ રૂપિયાનો પગાર મળતો. ... મગજ અસ્થિર હતું એનું. ૩૦ રૂપિયાનો પગાર. પછી એમ કહે અમે હોંશિયાર થયા, બરાબર આવડ્યું માટે અમને ભેગું કરતા આવડ્યું. મિથ્યાત્વ ભેગું કર્યું છે. 'પોપટભાઈ'! તમારા બાપ પાસે હતું આ બધું?

**'શરીરાદિકો અપના માનતા હૈ...'** છે ને? આપા આપા માને. આપો કહેવાય ને? **'તથા ઇષ્ટ-અનિષ્ટ માનકર રાગ-દ્વેષરૂપ હોતા હૈ.'** લ્યો! આ ઠીક છે અને અઠીક. અરે..! ઠીક-અઠીક હતું કે દિ' જગતમાં? એકલો જાણનાર-દેખનાર. જગતમાં ઠીક-અઠીક કોઈ ચીજ છે નહિ. જ્ઞેય છે. આત્મા જ્ઞાતા અને એ જ્ઞેય છે. જાણનાર. બાકી કોઈ ઠીક-અઠીક ચીજ જગતમાં છે નહિ. અજ્ઞાની ઠીક-અઠીક કલ્પી મિથ્યાત્વભાવે, મિથ્યાત્વ અને રાગ-દ્વેષને ઉત્પન્ન કરે છે.

**'ઇસસે નવીન પુદ્ગલ કર્મરૂપ હોકર બંધકો પ્રાપ્ત હોતા હૈ, યહ નિમિત્ત-નૈમિત્તિક**

**ભાવ હૈ,...**' મોહભાવ કરે રાગ-દ્વેષ (કરે) અને કર્મ એની મેળાએ બંધાય અને કર્મનો ઉદય હોય અને આત્મા પોતાની મેળાએ વિકાર કરે એવો નૈમિત્તિક ભાવ છે, લ્યો. '**ઈસપ્રકાર યહ જીવ અજ્ઞાની હોતા હુઆ જીવ-પુદ્‌ગલકે ભેદકો ન જાનકર...**' એમ છે ને પાઠમાં? '**जीवाजीवविहत्ती**' વિભક્ત-ભેદ એમ ન જાણતા. મૂળ પાઠમાં છે. આહાહા..! '**ભેદકો ન જાનકર મિથ્યાજ્ઞાની હોતા હૈ.**' ભેદ તો જાણતો નથી. હું કોણ અને આ કોણ? આહાહા...! પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠે એ આત્માનો નથી, એ રાગ છે, વિકાર છે અને દુઃખ છે. અજીવ છે. એ અજીવ અને જીવનું જ્ઞાન નથી એ મિથ્યાજ્ઞાની.

'**ઈસલિયે આચાર્ય કહતે હૈં કિ જિનદેવકે મતસે જીવ-અજીવકા ભેદ જાનકર...**' ભગવાનના અભિપ્રાયથી જીવ-અજીવની જુદાઈ જાણી '**સમ્યગ્દર્શનકા સ્વરૂપ જાનના.**' સમ્યગ્જ્ઞાન બરાબર ભેદજ્ઞાન કરીને કરવું. એ ભેદજ્ઞાન તે જ્ઞાન, હોં! એમ અહીં સિદ્ધ કરવું છે. રાગ અને શરીરથી આત્માનું ભેદપણું તે જ્ઞાન તે જ્ઞાન. '**ઈસ પ્રકાર જિનદેવને કહા વહ હી સત્યાર્થ હૈ. પ્રમાણ-નયકે દ્વારા ઐસે હી સિદ્ધ હોતા હૈ...**' ભગવાને કહ્યું એ પ્રમાણ અને નિશ્ચય-વ્યવહારથી એવી રીતની વાત સાબિત થાય છે. '**ઈસલિયે જિનદેવ સર્વજ્ઞ સબ વસ્તુકો પ્રત્યક્ષ દેખકર કહા હૈ.**' લ્યો! '**અન્યમતી છદ્મસ્થ હૈં, ઈન્હોંને અપની બુદ્ધિમેં આયા વૈસે હી કલ્પના કરકે કહા હૈ...**' અજ્ઞાનીએ. '**વહ પ્રમાણસિદ્ધ નહીં હૈ. ઈનમેં કઈ વેદાંતી તો એક બ્રહ્મમાત્ર કહતે હૈં,...**' કલ્પના છે અજ્ઞાનીની. સમજાણું કાંઈ? સુધરેલામાં અત્યારે આ બહુ ચાલ્યું છે. એક બ્રહ્મ, અદ્વૈત. બસ. બીજું કાંઈ નહિ. અજ્ઞાનીઓએ કલ્પનાથી એવું મનાવ્યું છે.

મુમુક્ષુ :- એણે માન્યું કેવી રીતે?

ઉત્તર :- માન્યું અજ્ઞાનીએ. એ તો કહે છે.

'**વેદાંતી તો એક બ્રહ્મમાત્ર કહતે હૈં, અન્ય કુછ વસ્તુભૂત નહીં હૈ માયારૂપ અવસ્તુ હૈ...**' પાછી માયા કહે પણ પાછી અવસ્તુ. સમજાણું કાંઈ? '**કઈ નૈયાયિક, વૈશેષિક જીવકો સર્વથા નિત્ય સર્વગત કહતે હૈં,...**' લ્યો! કેટલાક તો આખા વ્યાપક કહે. '**જીવકે ઔર જ્ઞાનગુણકે સર્વથા ભેદ માનતે હૈં...**' કેટલાક એ ગુણી ગુણ જુદા તદ્દન, એમ કેટલાક માને. એ મૂઢ પોતાની કલ્પનાથી કહે છે. '**સર્વથા ભેદ માનતે હૈં ઔર અન્ય કાર્યમાત્ર હૈં ઉનકો ઈશ્વર કહતે હૈં,...**'એમ માને. આ બધું કરે એ ઈશ્વર કરે, ભાઈ! આપણે ક્યાં, કર્તા હર્તા ઈશ્વર છે. એમ અજ્ઞાની મૂઢ માને. સમજાણું કાંઈ? એય..! અજ્ઞાનીઓએ પોતાની કલ્પનાથી આ બધું માન્યું છે. એ સમ્યગ્જ્ઞાન નહિ, મિથ્યાજ્ઞાન.

'**કઈ સાંખ્યમતી પુરુષકો ઉદાસીન ચૈતન્યસ્વરૂપ માનકર સર્વથા અકર્તા માનતે હૈં,...**' લ્યો! બિલકુલ આત્મા રાગનો પણ કર્તા નથી અને પર્યાયનો કર્તા નથી એમ માને છે. '**જ્ઞાનકો પ્રધાનકા ધર્મ માનતે હૈં.**' એ જ્ઞાનને રજો, સત્વ, તમો એનો ગુણ માને. આવે છે રજો, સત્વ, તમો એનો એ જ્ઞાન ધર્મ છે. જ્ઞાન આત્માનો ધર્મ નહિ. એમ અજ્ઞાની પોતાની કલ્પનાથી અનેક પ્રકારે કહે છે. '**કઈ બૌદ્ધમતી સર્વ વસ્તુકો ક્ષણિક માનતે હૈં, સર્વથા**

**અનિત્ય માનતે હૈં, ઇનમેં ભી અનેક મતભેદ હૈં, કઈ વિજ્ઞાનમાત્ર તત્ત્વ માનતે હૈં, કઈ સર્વથા શૂન્ય માનતે હૈં, કોઈ અન્યપ્રકાર માનતે હૈં. મીમાંસક કર્મકાંડમાત્ર હી તત્ત્વ માનતે હૈં,...'** લ્યો! કર્મકાંડ કાંઈક કરવું એ જ તત્ત્વ છે. બાકી જ્ઞાનમાત્ર તત્ત્વ બીજું છે નહિ. એમ **'જીવકો અણુમાત્ર માનતે હૈં તો ભી કુછ પરમાર્થ નિત્ય વસ્તુ નહીં હૈ-ઇત્યાદિ માનતે હૈં.'** લ્યો! વગેરે.. વગેરે... કહેશે હવે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૭૮, ગાથા-૪૧ થી ૪૩, બુધવાર, ભાદરવા સુદ ૨, તા.૨-૯-૭૦

'મોક્ષપાહુડ' ગાથા-૪૧. જિનવર ભગવંતે કહેલા જીવ અને અજીવ એ બેમાં નવેય તત્ત્વને સમાડી દીધું. બેનું ભેદજ્ઞાન કરીને સાચું તત્ત્વજ્ઞાન પ્રગટ કરવું. અને ભગવાને કહેલાં બે તત્ત્વો જીવ-અજીવ એ જ સાચા છે. અન્યમતિએ અનેક પ્રકારના કહ્યા એ સાચા નથી. અહીં સુધી આવ્યું છે, જુઓ!

**'ચાર્વાકમતી જીવકો તત્ત્વ નહીં માનતે હૈં,...'** કેટલાક નાસ્તિક છે એ તો જીવ માનતા નથી. **'પંચભૂતોંસે જીવકી ઉત્પત્તિ માનતે હૈં. ઇત્યાદિ બુદ્ધિકલ્પિત તત્ત્વ માનકર પરસ્પરમેં વિવાદ કરતે હૈં,વહ યુક્ત હી હૈ-વસ્તુકા પૂર્ણસ્વરૂપ દિખતા નહીં હૈં તબ જૈસે અંધે હસ્તીકા વિવાદ કરતે હૈં...'** હાથી હાથી. એક પૂંછડાને હાથી માને. એક એક અંગને માને. આખો હાથી તો દેખ્યો નથી. આંધળાઓ એક એકને પકડીને માને, એમ અજ્ઞાની આત્માનું વાસ્તવિક પૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞે જોયું એવું એને જાણવામાં નથી. તેથી કલ્પિત કલ્પીને આવો આત્મા હોય, નાનો હોય, મોટો હોય, વ્યાપક હોય. એક જણો તો કહે, અહીં આવ્યો હતો ને? અણુમાત્ર હોય. નાનામાં નાનો આટલો જ આત્મા હોય. એક વળી કહે સર્વવ્યાપક હોય. એ બધા મિથ્યાદૃષ્ટિ પોતાની કલ્પનાએ તત્ત્વને વર્ણવ્યું છે.

**'વૈસે વિવાદ હી હોતા હૈ, ઇસલિયે જિનદેવ સર્વજ્ઞને વસ્તુકા પૂર્ણરૂપ દેખા હૈ...'** દેખો! **'जिणवरमएण'** શબ્દ હતો ને અંદર? **'जिणवरमएण'** જિનવર પરમેશ્વરે (જોયું) સર્વજ્ઞ સ્વભાવ આત્માનો છે. આ આત્મા છે એનો સ્વભાવ જ સર્વજ્ઞ છે. એટલે જેણે અનાદિ અનંતકાળથી જેને સર્વજ્ઞપદ પ્રગટ્યું છે. સર્વજ્ઞશક્તિ પણ અનાદિની છે અને સર્વજ્ઞની વ્યક્તિ પણ અનાદિની છે જગતમાં. સમજાણું કાંઈ? એવા સર્વજ્ઞે આ સર્વજ્ઞસ્વરૂપ આત્મા, એવા અનંત આત્માઓ, એથી અનંતગુણા પરમાણુઓ ભગવાને જોયા એનું પ્રમાણ નયથી **'અનેકાંતરૂપ સિદ્ધ હોતા હૈ.'** દ્રવ્ય પર્યાય સ્વરૂપ સિદ્ધ છે. એક એક દ્રવ્ય અને એક એક પર્યાય નયનો વિષય એ પણ ત્યાં જિનવર માર્ગમાં સાબિત થાય છે.

**'ઇનકી ચર્ચા હેતુવાદકે જૈનકે ન્યાય-શાસ્ત્રોંસે જાની જાતી હૈ, ઇસલિયે યહ ઉપદેશ હૈ-જિનમતમેં જીવાજીવકા સ્વરૂપ સત્યાર્થ કહા હૈ...'** **'अवियत्थं'** શબ્દ પડ્યો છે ને? **'अवियत्थं'** વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે જીવનું, અજીવનું સ્વરૂપ બરાબર કહ્યું છે. જેવું છે

એવું જાણીને કહ્યું છે. '**ઉસકો જાનના સમ્યગ્જ્ઞાન હૈ, ઈસ પ્રકાર જાનકર જિનદેવકી આજ્ઞા માનકર સમ્યગ્જ્ઞાનકો અંગીકાર કરના,...**' દર્શનની વ્યાખ્યા આવી હતી. આ સમ્યગ્જ્ઞાનની છે. ૪૦માં સમ્યગ્દર્શનની કીધી કે સમ્યગ્દર્શન આ જગતમાં સાર છે. પછી ૪૧માં જ્ઞાનની આવી. હવે ૪૨માં ચારિત્રની આવે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક ચારિત્ર હોય એને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. એ ચારિત્રની વ્યાખ્યા કહેશે.

---

**आगे सम्यक चारित्रका स्वरुप कहते हैं :–**

## ગાથા-૪૨

**जं जाणिऊण जोई परिहारं कुणइ पुण्णपावाणं।**
**तं चारित्तं भणियं अवियप्पं कम्मरहिएहिं।।४२।।**

यत् ज्ञात्वा योगी परिहारं करोति पुण्यपापानाम्।
तत् चारित्रं भणितं अविकल्पं कर्मरहितैः।।४२।।

**તે જાણી યોગી પરિહરે છે પાપ તેમ જ પુણ્યને,**
**ચારિત્ર તે અવિકલ્પ ભાખ્યું કર્મરહિત જિનેશ્વરે. ૪૨.**

अर्थ :– योगी ध्यानी मुनी उस पूर्वोक्त जीवाजीवके भेदरूप सत्यार्थ सम्यग्ज्ञानको जानकर पुण्य तथा पाप इन दोनोंका परिहार करता है, त्याग करता है वह चारित्र है, जो निर्विकल्प है अर्थात् प्रवृत्तरूप क्रियाके विकल्पोंसे रहित है वह चारित्र घातिकर्मसे रहित ऐसे सर्वज्ञदेवने कहा है।

भावार्थ :– चारित्र निश्चय–व्यवहारके भेदसे दो भेदरूप है, महाव्रत–समिति–गुप्तिके भेदसे कहा है वह व्यवहार है। इसमें प्रवृत्तिरूप क्रिया शुभकर्मरूप बंध करती है और इन क्रियाओंमें जितने अंश निवृत्ति है (अर्थात् उसीसमय स्वाश्रयरूप आंशिक निश्चय–वीतराग भाव है) उसका फल बंध नहीं है, उसका फल कर्मकी एकदेश निर्जरा है। सब कर्मोंसे रहित अपने आत्मस्वरूपमें लीन होना वह निश्चयचारित्र है, इसका फल कर्मका नाश ही है, यह पुण्य–पापके परिहाररूप निर्विकल्प है। पापका तो त्याग मुनिके है ही और पुण्यका त्याग इस प्रकार है।

शुभक्रियाका फल पुण्य कर्मका बंध है उसकी वांछा नहीं है, बंधके नाशका उपाय निर्विकल्प निश्चयचारित्रका प्रधान उद्यम है। इस प्रकार यहाँ निर्विकल्प अर्थात् पुण्य–पापसे रहित ऐसा निश्चयचारित्र कहा है। चौदहवें गुणस्थानके अंतसमयमें पूर्ण चारित्र होता है, उससे लगता ही मोक्ष होता है ऐसा सिद्धांत है।।४२।।

---

## ગાથા-૪૨ ઉપર પ્રવચન

૪૨ ગાથા.

**जं जाणिऊण जोई परिहारं कुणइ पुण्णपावाणं।**
**तं चारित्तं भणियं अवियप्पं कम्मरहिएहिं।।४२।।**

જ્ઞાનની સાથે મેળવ્યું.

જુઓ! અજ્ઞાની ચારિત્ર કોને કોને માને છે? કોઈ પંચમહાવ્રતના વિકલ્પને ચારિત્ર માને, કોઈ દયા-દાનના ભાવને ચારિત્ર માને. એ બધી ચારિત્રની વ્યાખ્યા તદ્દન જૂઠી છે. સમજાણું કાંઈ?

'**અર્થ :- યોગી ધ્યાની મુનિ ઉસ પૂર્વોક્ત જીવાજીવકે ભેદરૂપ સત્યાર્થ સમ્યગ્જ્ઞાનકો...**' દેખો! ઓલાની સાથે મેળવ્યું. પહેલું તો રાગ અને અજીવથી મારી ચીજ ભિન્ન છે એવું જેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું છે પણ પુણ્ય અને પાપના ભાવ હજી વર્તે છે. એથી કહે છે કે જેને '**ઉસ પૂર્વોક્ત જીવાજીવકે ભેદરૂપ સત્યાર્થ સમ્યગ્જ્ઞાનકો જાનકર...**' એને બરાબર જાણીને ભગવાનઆત્મા નિર્મળાનંદ શુદ્ધ પૂર્ણ છે, દયા, દાન વ્રતના વિકલ્પ એ આસ્રવ અને રાગ છે, કર્મ ને શરીર ને વાણી તે અજીવ છે. એમ અજીવ આસ્રવ અને આત્માનું ભેદજ્ઞાન કરી પછી એને ચારિત્ર લેવું. એ ચારિત્ર એટલે શું? એ કહે છે.

'**પુણ્ય તથા પાપ ઈન દોનોંકા પરિહાર કરતા હૈ, ત્યાગ કરતા હૈ વહ ચારિત્ર હૈ,...**' શુભ અને અશુભરાગ, એના રહિત આત્માના આનંદના સ્વરૂપનું જ્ઞાન અને શ્રદ્ધા છે એમાં સ્થિરતા કરવી આનંદમાં, એનું નામ ચારિત્ર છે. કહો, સમજાય છે કાંઈ? '**પુણ્ય તથા પાપ ઈન દોનોંકા પરિહાર કરતા હૈ, ત્યાગ કરતા હૈ વહ ચારિત્ર હૈ,...**' '**ઘાતિકર્મસે રહિત ઐસે સર્વજ્ઞદેવને કહા હૈ.**' લ્યો! કોણે કહ્યું છે આ? '**भणियं**' ભગવાને કહ્યું છે. સર્વજ્ઞ પરમાત્માએ આ ચારિત્ર કહ્યું છે. જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ. એ જ્ઞાન કોણ? કે વિકલ્પ જે રાગ એનાથી ભિન્ન આત્માનું જ્ઞાન તે જ્ઞાન અને રાગરહિત સ્વરૂપમાં સ્થિરતા તે ક્રિયા અને તે ચારિત્ર. સમજાણું કાંઈ? એ ભગવાન, જેણે ચાર કર્મનો નાશ કરી અને સર્વજ્ઞદેવ પ્રગટ થયા એમણે આવું ચારિત્ર કહ્યું છે. અજ્ઞાનીઓ બીજી રીતે ચારિત્ર માને છે, એમ કહે છે.

ઓલામાં પણ એમ કહ્યું હતું ને કે આખા ઉપદેશનો સાર સમકિત લેવો. શ્રમણ અને શ્રાવક બેયને. ૪૧માં એમ કહ્યું વીતરાગદેવે જીવ-અજીવની વ્યાખ્યા જે કરી એવું એને ભેદજ્ઞાન કરવું, અહીં કહે છે, વીતરાગદેવે ચારિત્ર જેને કહ્યું તે ચારિત્ર અંગીકાર કરવું. પોતાનો આત્મા રાગના વિકલ્પરહિત શુદ્ધ આનંદ અને જ્ઞાનનો સ્વભાવ (છે). રાત્રે કહ્યું હતું કે જેમ આકાશનો અંત નથી, કાળનો અંત નથી એમ આત્માના એક એક ગુણના ભાવનો અંત નથી. સમજાણું કાંઈ? ક્ષેત્રનો અંત છે ક્યાંય આકાશનો? કે હવે આકાશ નથી. એમ કાળનો ક્યાંય આદિ છે કે આ કાળ અહીંથી શરૂ થાય છે ? અનંત... અનંત... અનંત... એમ કાળનો જેમ

છેડો નથી, અંત નથી, ક્ષેત્રનો અંત નથી. એમ ભગવાનઆત્માના જ્ઞાનગુણના સ્વભાવનો અંત નથી. એવો અનંત જ્ઞાનસ્વભાવ આત્મામાં પડ્યો છે. સમજાણું કાંઈ? એવો અનંત આનંદ સ્વભાવ આત્મામાં પડ્યો છે. એવો અનંત શ્રદ્ધાસ્વભાવ આત્મામાં પડ્યો છે. એવો એક એક ગુણ અનંત છે, ભાવ અનંત છે. બહુ ઝીણી વાત છે.

ક્ષેત્ર અસંખ્યપ્રદેશી શરીર પ્રમાણે ભલે હો. ક્ષેત્રની મહત્તા નથી. એના સ્વભાવમાં ઊંડું... ઊંડું... ઊંડું... ગંભીરપણું, ઊંડે... ઊંડે... ઊંડે... ઉતરતા વર્તમાન પર્યાયને ઊંડે-ઊંડે વાળતા અનંત સ્વભાવને પકડે એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને પછી ચારિત્ર. આહા..! એ તો અલૌકિક વાત છે! પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત સ્વરૂપની રમણતાની દશા. વૈરાગી જીવો માતા પાસે જ્યારે રજા માગે છે. આઠ-આઠ વર્ષના બાળકો, હોં! હે મા! મને ક્યાંય ચેન પડતું નથી મારા આનંદ સિવાય, બા! હું તો હવે વનમાં ચાલ્યો જાવ છું. આહાહા..! માણસનો જ્યાં પગરવ નથી. રસ્તો જ્યાં માણસનો નથી. માતા! મને રજા દે. અમારો આત્મા આનંદસ્વરૂપ છે એનું ભાન છે અમને, અમને એનું જ્ઞાન થયું છે. પણ અમારે હવે અંતર રમણતા માટે માતા! વનવાસમાં અમે જશું. ત્યાં એકલા આત્માને સાધશું. શેઠ!

મુમુક્ષુ :- વનવાસમાં મળે છે?

ઉત્તર :- વનવાસમાં જઈને મળે અહીંથી. ન્યાં ક્યાં મળે વનવાસમાં તો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લડકા, દીક્ષિત હોતા હૈ ન દીક્ષિત? તો એની માને કહે છે. શાસ્ત્રમાં ઘણું આવે છે. શ્વેતાંબરમાં એક મૃગા પુત્ર (આવે) છે. જેને ઘરે મણિરત્નની લાદી. લાદી સમજ્યા? આ પત્થર. મણિરત્નની લાદીઓ અને ૩૨ કન્યા રાજાની રાણી-દીકરીઓ મોટી. એવો વૈરાગ્ય થયો. એવું આવે છે શાસ્ત્રમાં. આદિપુરાણમાં બીજી રીતે આવે છે. બધા ઘણાં (આવે છે). સુકુમાલ સ્વામી આદિ એકે એક મુનિઓ. આમ વૈરાગ્ય થાય છે અંદરમાં. તો કહે છે, માતા! રજા દે. 'ક્ષણ રે ન રાખું રે આ સંસારમાં.. મારી મોહી રે હવે નહિ રે રાખું આ સંસારમાં.' એમ રુંવાટા ઊભા થાય એવા વૈરાગ્યથી વાત એની માને કરે. માની આંખમાંથી આંસુ ચાલ્યા જાય. બેટા! ચાલ્યો જા, ભાઈ! રસ્તો તો એ છે. તારે ને મારે બેયને. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરે? રસ્તા બધા છે. સિંહના રસ્તા હશે ત્યાં ચાલતા હશે. સિંહ માટે રસ્તા કર્યા હશે વનમાં જવાના?

મુમુક્ષુ :- સડક બનાવી હશે.

ઉત્તર :- સડકું કરી હશે ન્યાં. મુનિઓ તો ફાટેલ પ્યાલા અંદરથી હોય છે. આહાહા..! મુનિ એટલે શું દશા! પરમેશ્વર. ચાલતા પરમેશ્વર. આહાહા..! જેને વ્રતના, અવ્રતના વિકલ્પોથી રહિત ચારિત્ર જેને અંતરમાં પ્રગટ્યા છે. આનંદની લહેર કરે છે એ તો. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! ત્યાં ખાવા-પીવામાં અને મજા કરવામાં રહેતા રહેતા કલ્યાણ થાય એમ નથી એમ કહે છે. એને આત્માનું દર્શન અને જ્ઞાન પ્રગટ્યા પછી પણ પુણ્ય-પાપનો ત્યાગ

કરી. ભાષા તો શું (આવે)? ઉપદેશ તો એમ જ આવે ને? બાકી સ્વરૂપમાં ઠરવું એમાં પુણ્ય-પાપનો ત્યાગ થઈ જાય છે. સમજાણું કાંઈ?

એ માતા પાસે રજા લેતા લેતા.. આપણે આવે છે ને ભાઈ? 'પ્રવચનસાર' ચરણાનુયોગ છેલ્લો અધિકાર. માતા-પિતા પાસે રજા માગે છે. 'પ્રવચનસાર' ત્રીજો અધિકાર. માતા! આ શરીરની તું માતા, હોં! આ આત્માની નહિ. મા મને રજા દે. અમારી અનુભૂતિ, આત્માની અનુભૂતિ માતા પાસે જવા માગીએ છીએ. આહાહા..! અમે જે આનંદનો નાથ એવો જે અમને અનુભવમાં આવ્યો છે, અતીન્દ્રિય આનંદનો સાગર અંદર ડોલે છે પ્રભુ! એ અમને જ્ઞાનમાં, શ્રદ્ધામાં, અનુભવમાં આવ્યો છે. પ્રભુ માતા! રજા દે હવે. અમે અંતર સ્વરૂપમાં ઠરવા માગીએ છીએ. 'પ્રવચનસાર' ત્રીજા ભાગમાં આવે છે. પત્નીને કહે છે કે હે શરીરની રમાડનારી, શરીરને રમાડનારી. મને રમાડનારી નહિ, હું તો આત્મા છું. રજા દે. મારી અનુભૂતિની પત્નિ મારી અનુભૂતિ. આહાહા..! આ તો દર્શન-જ્ઞાન સહિતની વાત છે, હોં! હા તેથી પહેલા દર્શન-જ્ઞાનની વ્યાખ્યા કરી ગયા. સમજાણું કાંઈ? સંધિ કરીને પછી ચારિત્રની વાત છે. આહાહા..! ધન્ય અવતાર! જેને કેવળજ્ઞાન આમ હાથમાં-હથેળીમાં વર્તે છે એવી ચારિત્રદશા! 'કુંદકુંદાચાર્ય' કહે છે કે, ભાઈ! એ ચારિત્ર '**जं जाणिऊण**' એમ. સમ્યગ્દર્શન-જ્ઞાનમાં બરાબર આત્માને ઓળખી, આત્માનો અનુભવ કરી, ભાઈ! એ પુણ્ય અને પાપને છોડ. આહાહા..! એ દયા, દાન, વ્રતનો વિકલ્પ પણ આસ્રવ છે.

મુમુક્ષુ :- બધી વાત કઠણ બહુ લાગે છે.

ઉત્તર :- બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..! એના ચાર ગતિના દુઃખો એણે વેઠ્યા છે એની ખબર નથી. દુઃખ એટલે પ્રતિકૂળતા એ નહિ. આકુળતા એ દુઃખ છે. પ્રતિકૂળતાએ દુઃખી એમ નહિ. સ્વર્ગમાં પણ આત્મા દુઃખી છે. આહાહા..! કેમ? આનંદસ્વરૂપમાંથી ખસીને એ અનુકૂળતાની વાસનામાં જ્યાં આમ આવે છે એ અગ્નિનો દાહ છે. એ દુઃખ છે, એ દુઃખ છે. સમજાણું કાંઈ?

કહે છે, આહા..! '**अवियप्पं कम्मरहिएहिं**' જેને સર્વજ્ઞપણું પ્રગટ્યું હતું એવા પરમાત્માએ ચારિત્રની આ વ્યાખ્યા કરી છે. લોકો આ બહારથી માંડે વ્રત ને તપ ને ત્યાગ. ભાઈ! એ તો બધી વિકલ્પની વૃત્તિઓ છે. એ વૃત્તિનું ઉત્થાન છે, ભાઈ ! એ તો વૃત્તિ આસ્રવ છે. એ સંવર ધર્મ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ પણ વસ્તુ જ આવી છે ને? વસ્તુ જ આવી આનંદમૂર્તિ પ્રભુ એમાં ઠરવું એ ચારિત્ર છે. આ વ્રત ને તપ ને આ કરું ને તે કરું એ તો બધા વિકલ્પોનો, લાગણીનું ઉત્થાન રાગ અને દુઃખ છે. સમજાણું કાંઈ?

આ રાજાના રાજકુંવરો પણ ચાલ્યા જાય છે. અંદરથી વૈરાગ્ય થાય છે આત્માનું ભાન, પછી ચારિત્ર માટે (જંગલમાં ચાલ્યા જાય છે). જંટિયા તાણે રાણીઓ. સોનાના રંગ જેવી જે રાણીઓના શરીર ચંદન, સુંવાળા ને અરે..! સુગંધ મારતી હોય ને ભમરા (એની આજુબાજુ) ફર્યા કરતા હોય. અરે..! અમારો આનંદનો નાથ જ્યાં ભમરો આત્મા ત્યાં ફરે એ

અમારું ચારિત્ર છે. આ માંસ ને હાડકા... આહાહા..! સમજાણું કાંઈ? એવી ક્રિયાઓમાં, વાસનામાં ભગવાન! હું અનંતવાર રોકાઈ ગયો. એમ કહે છે. મારા સ્વરૂપના આનંદમાં હું આવ્યો નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે દેવના પરિહાર. એ કોણે કહ્યું ચારિત્ર? '**ઘાતિકર્મસે રહિત ઐસે સર્વજ્ઞદેવને કહા હૈ.**' આહાહા..! આ વસ્તુનું સ્વરૂપ એવું છે ત્યાં હવે લોકો એમ કહે કે લ્યો, આવું ચારિત્ર ન હોય એને ચારિત્ર ન માને. આ ક્રિયાઓ બધી કરે એને ચારિત્ર ન માને. બાપુ! માર્ગ એ નથી, ભાઈ! આ તો વસ્તુનો સ્વભાવ છે તે માર્ગ છે. દુનિયા કલ્પીને બેસે અને ન માને ત્યારે (એમ કહે કે) એને માનતા નથી, દેવ-ગુરુને માનતા નથી. ક્યાં માને? ભગવાન સ્વતંત્ર છે, ભાઈ! સમજાણું કાંઈ? આહા..!

ચારિત્ર એટલે આત્માના આનંદના જેને સ્વાદ આવ્યા છે. એ અતીન્દ્રિયનો સ્વાદ આવ્યો છે સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં. એ સ્વાદને વિશેષ લેવા માટે સ્થિર થવું એનું નામ ચારિત્ર છે. આહાહા..! એય..! 'પ્રકાશદાસજી'! શું થઈ ગયું ચારિત્રમાં? આનંદનો નાથ આનંદનો ઢીમ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા છે. શેઠ ! 'શોભાલાલજી'! આ તમારું સાગર આવ્યું. આહાહા..!

કહ્યું નહિ? આકાશ અને કાળનો અંત ક્યાં? ભગવાન! એ અંત નથી એને જાણનારના ભાવનો અંત શુ? આહાહા..! '**णाणसहावाधियं मुणदि आदं**' રાગના વિકલ્પથી ભિન્ન ભગવાન, એવા પૂર્ણાનંદના નાથને પકડી અને જેણે આનંદના વેદન કર્યા છે, એ આનંદના ઉગ્ર વેદન માટે પુણ્ય અને પાપને છોડીને ઠરે તો આનંદની ઉગ્રતા આવે એમ કહે છે. પંડિતજી! આહાહા..! ભાઈ! આ તો તારો માર્ગ જ આ છે ને, નાથ! બીજો કોઈ માર્ગ કહે એથી શું થાય? એથી સત્ય કાંઈ અસત્ય થઈ જાય? સમજાણું કાંઈ? અનંતવાર એવા દુઃખમાં પીડાઈને એકલો મર્યો, એકલો જન્મ્યો. કોઈ સહાય નહોતી સાથે. જન્મતા વખતે હતું કોઈ મદદગાર? મરતાં?

મુમુક્ષુ :- અત્યારે કોણ છે?

ઉત્તર :- અત્યારે કોણ છે? પણ આ તો જન્મ-મરણના એ વખતે આમ. 'કાઢો કાઢો રે એને સૌ કહે. જાણે જન્મ્યો જ નહોતો.' દેહ છૂટી જાય. મોટા રળી રળી પાપ કરીને મરી ગયો, બધું કરીને, બધાને મૂકીને. કાઢો, ઝટ કાઢો, ઝટ કાઢો. 'પોપટભાઈ'! જલ્દી કરો. જીવાત પડશે નહિતર, વળી એમ કહે. સમુર્છિમ ભગવાન કહે છે કે લાંબો કાળ .. પણ ઝટ કાઢો. એય..! શેઠ! આ બંગલા-બંગલા પડ્યા રહેશે, હોં! આહાહા..!

મુમુક્ષુ :- પડ્યા જ છે.

ઉત્તર :- પડ્યા જ છે એમાં. એ ક્યાં ગરી ગયા હતા અહીં? આહાહા..!

જરીએ જેને ક્ષણ પણ ચેન પડતું નથી આત્મા સિવાય, એ જીવો વિકલ્પનો ત્યાગ કરીને સ્વરૂપમાં રમે છે તેને ચારિત્ર કહેવામાં આવે છે. એને ચારિત્ર ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરે (ચારિત્ર કહ્યું છે). કહ્યું ને? '**વહ ચારિત્ર ઘાતિકર્મસે રહિત ઐસે સર્વજ્ઞદેવને કહા હૈ.**' આહાહા..! હજી એની શ્રદ્ધા તો કરે કે ચારિત્ર આવું હોય. સમજાણું કાંઈ?

કેવી છે નિર્વિકલ્પ પ્રવૃત્તિરૂપ ક્રિયા? **'અર્થાત્ પ્રવૃત્તિરૂપ ક્રિયાકે વિકલ્પોંસે રહિત હૈ...'** લ્યો! **'अवियप्पं'** છે ને? એ ચારિત્ર કેવું છે? કે વિકલ્પરહિત છે. દયા, દાન, વ્રતના વિકલ્પથી રહિત છે ચારિત્ર. ચારિત્ર નવ તત્ત્વમાં હજી સંવર-નિર્જરા કોને કહેવી એની શ્રદ્ધાની ખબર ન મળે. આ તો ચારિત્ર સંવર-નિર્જરા. એ તત્ત્વની ખબર ન મળે અને એમ શ્રદ્ધા થઈ જાય. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ પ્રવૃત્તિરૂપ ક્રિયા. આ સમિતિ, આ પાળું, આને ન મારું, આને આ કરું, આને ધ્યાન રાખું એ બધી પ્રવૃત્તિરૂપ વિકલ્પ છે એ તો રાગ છે. એ **'વિકલ્પોંસે રહિત હૈ...'** આહાહા..! કેટલી વાત! ભાઈ! ત્યારે આ ચારિત્ર વિના તારી મુક્તિ ક્યાંય છે નહિ. કેમકે ચારિત્ર એટલે સ્વરૂપમાં રમણતા, રમણતા થતાં અસ્થિરતા નાશ થઈ જાય છે. એમ એને શ્રદ્ધામાં લેવું જોઈએ ને? સમજાણું કાંઈ? ચારિત્ર આવું કહેવાય, એને કહેવાય. આગળ કહેશે. ૪૨ ચાલે છે ને આ? ૪૩માં કહેશે. દર્શનની વ્યાખ્યા કરી ગયા, જ્ઞાનની (કરી), આ ચારિત્રની. પછી કહેશે કે શક્તિ ન હોય તો ગોટા વાળીશ નહિ. શ્રદ્ધા તો સાચી આવી રાખજે. સમજાણું કાંઈ? એ કહેશે હમણાં. પછી આવે છે, હોં! હવે આનો ભાવાર્થ ૪૨ ગાથાનો.

**'ભાવાર્થ :- ચારિત્ર નિશ્ચય-વ્યવહારકે ભેદસે દો ભેદરૂપ હૈ, મહાવ્રત-સમિતિ-ગુપ્તિકે ભેદસે કહા હૈ વહ વ્યવહાર હૈ.'** એ તો વ્યવહાર ચારિત્ર પુણ્યબંધનું કારણ. પંચમહાવ્રત સમિતિ, ગુપ્તિ ભેદ કહ્યું એ તો વ્યવહાર છે. **'ઈસમેં પ્રવૃત્તિરૂપ ક્રિયા શુભકર્મરૂપ બંધ કરતી હૈ...'** એ તો પુણ્યના બંધનું કારણ છે. એ ચારિત્ર છે નહિ. આમાં ખુલાસો વધારે નથી. પાઠમાં છે ને? **'अवियप्पं'** એનો ખુલાસો કર્યો છે. પંચમહાવ્રતના પરિણામ, પાંચ સમિતિ-ગુપ્તિ એ તો વિકલ્પ રાગનો અંશ છે, એ તો બંધનું કારણ છે. એ ચારિત્ર સાચું છે નહિ.

**'શુભકર્મરૂપ બંધ કરતી હૈ ઔર ઈન ક્રિયાઓંમં જિતને અંશ નિવૃત્તિ હૈ ઉસકા ફલ બંધ નહીં હૈ,...'** અશુભમાં ઓલો શુભ થયો એમાં અશુભ છે ને એટલા અંશે બંધ નથી. **'ઉસકા ફલ કર્મકી એકદેશ નિર્જરા હૈ. સબ કર્મોંસે રહિત અપને આત્મસ્વરૂપમેં લીન હોના વહ નિશ્ચયચારિત્ર હૈ,...'** ઓલું તો શુભમાંથી લીધું એકલું. શુભભાવમાં જેટલો અશુભ રાગ ટળ્યો છે એટલી એને નિર્જરા પડે. સમજાય છે? પણ ખરી નિર્જરાનું ચારિત્ર.. એમ કહે છે **'અપને આત્મસ્વરૂપમેં લીન હોના વહ નિશ્ચય ચારિત્ર હૈ.'** આનંદસ્વરૂપ ભગવાન, એમાં તરબોળ થઈ જવું આનંદમાં... આહાહા..! આનંદ-આનંદ અતીન્દ્રિય આનંદમાં અંતર જવું, સ્થિરતા થવી એ ચારિત્ર. **'ઈસકા ફલ કર્મકા નાશ...'** લ્યો! એનું ફળ બધું પુણ્ય-પાપ બેયનો નાશ છે. કહો, સમજાણું કાંઈ?

**'યહ પુણ્ય-પાપકે પરિહારરૂપ નિર્વિકલ્પ હૈ.'** લ્યો! એ ચારિત્ર તો દયા, દાન, વ્રતના વિકલ્પથી રહિત તેને ચારિત્ર કહેવામાં આવે છે. **'પાપકા તો ત્યાગ મુનિકે હૈ હી ઔર પુણ્યકા ત્યાગ ઈસ પ્રકાર હૈ-શુભક્રિયાકા ફલ પુણ્યકર્મકા બંધ હૈ...'** દેખો! એ મહાવ્રતાદિ ક્રિયા શુભ પરિણામ એનું ફળ તો બંધ છે. **'ઉસકી વાંછા નહીં હૈ, બંધકે નાશકા ઉપાય નિર્વિકલ્પ નિશ્ચયચારિત્રકા પ્રધાન ઉદ્યમ હૈ.'** એ બંધના નાશનો ઉપાય સ્વરૂપમાં રમણતા ચારિત્ર તે

ઉપાય છે. આહાહા..! સમજાણું કાંઈ? **'चौदहवें गुणस्थानके अंत समयमें पूर्ण चारित्र होता है, उससे लगता ही मोक्ष होता है ऐसा सिद्धांत है.'** લ્યો!

आगे कहते हैं कि इस प्रकार रत्नत्रयसहित होकर तप संयम समितिको पालते हुए शुद्धात्माका ध्यान करनेवाला मुनि निर्वाणको प्राप्त करता है :–

## ગાથા-૪૩

जो रयणत्तयजुत्तो कुणइ तवं संजदो ससत्तीए।
सो पावइ परमपयं झायंतो अप्पयं सुद्धं।।४३।।

यः रत्नत्रययुक्तः करोति तपः संयतः स्वशक्त्या।
सः प्राप्नोति परमपदं ध्यायन् आत्मानं शुद्धम्।।४३।।

રત્નત્રયીયુત સંયમી નિજશક્તિતઃ તપને કરે,
શુદ્ધાત્મને ધ્યાતો થકો ઉત્કૃષ્ટ પદને તે વરે. ૪૩.

अर्थ :– जो मुनि रत्नत्रयसंयुक्त होता हुआ संयमी बनकर अपनी शक्तिके अनुसार तप करता है वह शुद्ध आत्माका ध्यान करता हुआ परमपद निर्वाणको प्राप्त करता है।

भावार्थ :– जो मुनि संयमी पाँच महाव्रत, पाँच समिति, तीन गुप्ति यह तेरह प्रकारका चारित्र वही प्रवृत्तिरूप व्यवहारचारित्र संयम है, उसको अंगीकार करके और पूर्वोक्त प्रकार निश्चयचारित्रसे युक्त होकर अपनी शक्तिके अनुसार उपवास, कायक्लेशादि बाह्य तप करता है वह मुनि अंतरंग तप ध्यानके द्वारा शुद्ध आत्माका एकाग्र चित्त करके ध्यान करता हुआ निर्वाणको प्राप्त करता है।।४३।।

(नोंध :– जो छठवें गुणस्थानके योग्य स्वाश्रयरूप निश्चयरत्नत्रय सहित है उसीके व्यवहार संयम–व्रतादिको व्यवहारचारित्र माना है।)

## ગાથા-૪૩ ઉપર પ્રવચન

**'आगे कहते हैं कि इस प्रकार रत्नत्रयसहित होकर...'** દેખો! **'तप संयम समितिको पालते हुए शुद्धात्माका ध्यान करनेवाला मुनि निर्वाणको प्राप्त करता है :–'** પહેલાં દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યું. હવે ભેગું તપ ભેળવે છે.

जो रयणत्तयजुत्तो कुणइ तवं संजदो ससत्तीए।
सो पावइ परमपयं झायंतो अप्पयं सुद्धं।।४३।।

જુઓ! ત્રણ ભેળવીને ઉપરાંત વાત કરે છે હવે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર.

**'અર્થ :- જો મુનિ રત્નત્રયસંયુક્ત હોતા હુઆ સંયમી બનકર અપની શક્તિકે અનુસાર તપ કરતા હૈ...'** શક્તિ. શક્તિ તપ ત્યાગઃ આવે છે ને? ષોડશ ભાવનામાં. તીર્થંકરપણું સોળ પ્રકારે બંધાય. એમાં આવે છે શક્તિ તપ ત્યાગઃ. શક્તિથી હઠ કરીને કરે એ માર્ગ નથી. સહજ સ્વભાવમાં આનંદમાં લહેર થાય એ પ્રમાણે શક્તિથી તપ ત્યાગ કરે. હઠની અંદર દુઃખ થાય, ક્લેશ લાગે, અણગમો (થાય) એ તો આર્ત્તધ્યાન છે. સમજાણું કાંઈ?

**'અપની શક્તિકે અનુસાર તપ કરતા હૈ...'** શક્તિ પ્રમાણે તપ કરે. **'વહ શુદ્ધ આત્માકા ધ્યાન કરતા હુઆ પરમપદ નિર્વાણકો પ્રાપ્ત કરતા હૈ.'** એ અંદર સંસ્કૃતમાં શ્લોક છે અથવા 'નિયમસાર'માં છે, ભાઈ! 'નિયમસાર' ૧૫૪ (ગાથા છે) અને આમણે એક બીજો શ્લોક લીધો છે સંસ્કૃતમાં. સંસ્કૃતમાં શ્લોક છે. ૪૩ ગાથામાં શ્લોક છે. છે એમાં.

છે? છે એમાં? ... શક્તિ પ્રમાણે કરવું. હઠથી કરવા જશે તો મિથ્યાત્વ થશે અને પાપનું બંધન થશે, એમ કહે છે. માણસ કહે છે ને કેમ લઈ શકતા નથી ચારિત્ર? કેમ ફલાણું? બાપુ! એ ચારિત્ર બહારથી લે એ કાંઈ ચારિત્ર છે? સહજ આનંદમાં અંદર ઉગ્ર પુરુષાર્થથી સહજ શક્તિ પ્રમાણે વીતરાગતા પ્રગટે એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? ... શક્તિ પ્રમાણે કરવું. ... ન કરી શકે તો તેની શ્રદ્ધા બરાબર રાખવી. શ્રદ્ધામાં ગોટા વાળવા નહિ કે ના આવું પણ પંચમકાળમાં ચારિત્રમોહના ઉદયનું જોર હોય તો એનું ચારિત્ર ઢીલું પણ હોય, ફલાણું પણ હોય. એમ શ્રદ્ધાનો નાશ નહિ કરીશ. શ્રદ્ધામાં તો જેમ છે તેમ રાખજે. સમજાણું કાંઈ?

પંચમકાળના પ્રાણી છે, સંઘયણ નબળા છે તો એને એવું ચારિત્ર ભગવાને કહ્યું એવું ન હોય તો આ વ્રત આદિ પાળે તોપણ અંદર લાભ થાય એમ માનીશ નહિ. એ શ્રદ્ધા તારી મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ? ... વાસ્તવિક શ્રદ્ધા રાખનારો જીવ ... જેમાં જરા મરણ નથી એવા મોક્ષપદને પામે. સાચી શ્રદ્ધા કરનારો મોક્ષપદને પામશે. પણ શ્રદ્ધામાં ગોટા વાળશે તે મિથ્યાત્વને પામીને નિગોદમાં જશે. કહો, સમજાણું કાંઈ? આ પંચમકાળમાં ભગવાને કહ્યા એવા ચારિત્ર અત્યારે ન હોય, સંઘયણ ન હોય. ન હોય તો ન હોય. ભલે. એથી શું? ન હોય તો કાંઈ ખોટામાં માનવું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય તરફથી ભ્રષ્ટ છે. .. ગૃહસ્થાશ્રમમાં રહ્યા એને સાધુપણું છે નહિ. આહાહા..! માર્ગ એવો છે.

કહ્યું હતું ને? (સંવત) ૧૯૯૦નું સાલનું. એક સ્થાનકવાસીના સાધુ હતા. અમે ઉતર્યા ભેગા. 'ચોટીલા'. બહુ વૃદ્ધ હતા. ૫૫ વર્ષની તે દિ' દીક્ષા હતી. પછી પણ ૭૫ વર્ષની દીક્ષા હતી. વાત થઈ એની સાથે. જુઓ! જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ કહ્યો છે. તે દિ' તો સંપ્રદાયમાં હતા. એ જ્ઞાનક્રિયા આ નહિ, કીધું. ક્યું જ્ઞાન? જ્ઞાન આત્માનું અને ક્રિયા સ્વરૂપમાં ઠરવું એ. જ્ઞાન આત્માનું અને પંચમહાવ્રતના પરિણામ ક્રિયા અને બહારની પ્રવૃત્તિ ક્રિયા બે થઈને મોક્ષ એમ નહિ. હા. વાત તો સાચી લાગે છે. કબુલ કર્યું હતું. સંપ્રદાયમાં સ્થાનકવાસી સાધુ હતા. સમજાણું કાંઈ? કબુલ કર્યું. વાત તો સાચી લાગે છે. આવું વ્રત કેમ કરતા નથી એ જાતનું? ન

કરીએ તો શું કરવું? કીધું. માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? વૃદ્ધ સાધુ હતા સ્થાનકવાસીના. પણ એને અંદરમાં હતું કે વાત તો સાચી લાગે છે.

બે વાત કરી હતી મેં તો. એક મૂર્તિની કરી હતી. સિદ્ધાંતમાં મૂર્તિ છે. એમાં હતા ખરાને એટલે. બહારમાં કહેવાય કાંઈ? એ વાત નીકળતા નીકળી. બે વાત કરી હતી. બીજી વાત ૯૦ના જેઠ મહિનામાં 'ચોટીલા'માં. પ્રતિમા શાસ્ત્રમાં છે. સિદ્ધાંત ભગવાનના શાસ્ત્રમાં પ્રતિમા છે. એની પૂજા, ભક્તિનો ભાવ છે શાસ્ત્રમાં છે. વાત સાચી લાગે છે. મને પણ શંકા તો થઈ ગયેલી. શું શંકા? શાસ્ત્રમાં પ્રતિમા તો છે. પણ ગુરુ ભણેલા, શિષ્યો ભણેલા જો જાણશે તો આ મૂર્તિ આમાં છે તો અમને નહિ માને. એમ બોલ્યા હતા બિચારા. જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ કહો છો એવો કોઈ અર્થ કરતા નથી. ન કરે એટલે શું કરવું? કીધું. ૯૦ના જેઠ મહિનાની વાત છે. પછી ૯૧માં પરિવર્તન અહીં થયું. જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ. આમાં આવે છે ને? ભાઈ! આ 'બનારસીદાસ'માં સાત શ્લોક. નહિ? સાત શ્લોક આવે છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. આ ક્રિયા. મહાવ્રતની ક્રિયા નહિ. ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાન અને ભાન અને પ્રતીત થઈ, પછી એમાં લીનતા, લીનતા, રમણતા, ક્રિયા અને આનંદમાં લીન-જામી જાવું. એમાં જામવું એ ક્રિયા છે. એનું નામ ચારિત્ર છે. કહો, સમજાણું કાંઈ?

અહીં એક વાત થઈ હતી. ઓલા હતા ને? દેરાવાસી સાધુ હતા. 'કપૂરવિજય' હતા. અમે અહીંયાં હતા ત્યારે. (સંવત) ૧૯૯૧માં. સદ્‌ગુણાનુરાગી કહેવાતા શ્વેતાંબરમાં. નરમ હતા માણસ. પ્રકૃતિ નરમ. એની વાત આવી હતી કે અહીં આવો પધારો મહારાજ તમે. અહીં કોઈ વાંચનાર નથી. તમે વાંચો એમ કહેતા. ૧૯૯૨ની વાત છે. ત્યાં તો ગુજરી ગયા બિચારા. પણ પછી એક અહીં કામદાર હતા 'કાંતિલાલ' કરીને. કામદાર એ સાંભળવા આવતા ત્યાં. 'હીરાભાઈ'ના મકાનમાં હતા ને? એ ત્યાં ગયા હશે એણે કીધું, એક મહારાજ એમ કહે છે કે જ્ઞાન અને ક્રિયા એટલે આત્માની સ્થિરતા એ ચારિત્ર. આ નહિ. એ કોણ કહે છે? આ તો નરમ હતા. એક મહારાજ કહે છે. જ્ઞાન એટલે રાગથી ભિન્ન આત્માનું જ્ઞાન અને ક્રિયા એટલે સ્વરૂપમાં લીનતા, પંચમહાવ્રતની પ્રવૃત્તિ અને અપવાસની ક્રિયા એ ક્રિયા નહિ. એ અપવાસ બહુ કરતા, આંબેલ બહુ કરતા. હેં? હા. પછી એણે નામ આપ્યું. વાત તો સાચી લાગે છે. સમજાણું કાંઈ? પણ પાછું જાવું ક્યાં? ૫૦-૫૦ વર્ષથી મુંડીને બેઠા હોય, માન હોય, ખોટી આબરૂ હોય એ છોડાય કેમ? સમજાણું કાંઈ? એ બિચારા કહેતા, હોં! 'કપૂરવિજય' હતા. બહુ .. 'ભાવનગર'માં. આ દાદાસાહેબનું દેરું છે ને? ત્યાં મળ્યા હતા. આ વસ્તુ શું છે? ભાઈ 'ચેતનજી' તો ઓળખે. 'કપૂરવિજય'ને. એ તો ઓળખે ને. પણ નરમ માણસ હતા, હોં! પ્રકૃતિ નરમ. આ વસ્તુ ન મળે તો શું કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ 'કપૂરવિજય'. 'કપૂરવિજય'ને?

મુમુક્ષુ :- સદ્‌ગુણાનુરાગી.

ઉત્તર :- હા, સદ્‌ગુણાનુરાગી ઈ 'કપૂરવિજય'. સદ્‌ગુણાનુરાગી એવું એનું ઓલું હતું.

નરમ માણસ બહુ. કહેવડાવ્યું અમને અહીં. કીધું, અમે તો ક્યાંય જાતા નથી. એને પણ ઓલા 'કાંતિભાઈ' હતા ને? ભાઈ! ઓલા 'કાંતિભાઈ' કામદાર એણે વાત કરી. આમ એક મહારાજ કહે છે ત્યાં. તમે કહો છો કે આ જ્ઞાન એટલે આ શાસ્ત્રનું ભણતર અને આંબેલ, ઓળી ને અપવાસ કરવા એ ક્રિયા. એ બેની ના પાડે છે. આત્માનું જ્ઞાન રાગથી ભિન્ન, ચૈતન્ય જડથી ભિન્ન એવું અંતરનું ભાન. અને એમાં ઠરવું એને ક્રિયા ચારિત્ર કહે છે. બહાર આવી ગઈ હતી. ૧૯૯૨ની સાલની વાત છે. ૮ ને ૨૬, ૩૪ વર્ષ થયા.

અહીં ભગવાન કહે છે કે એવું જો તારાથી પાળી શકાય નહિ તો .. શ્રદ્ધા રાખજે. ગોટા વાળીશ નહિ કે આવું પણ ચારિત્ર પંચમકાળમાં હોય. એમ ગોટા વાળીશ નહિ, શ્રદ્ધાભ્રષ્ટ થઈ જઈશ. સમજાણું કાંઈ? અને આપણે આમાં પણ છે. આ 'નિયમસાર' ૧૫૪. જુઓ! 'કુંદકુંદાચાર્ય'ની ગાથા છે. ૧૫૪. 'નિયમસાર'. '**जदि सक्कदि कादुं जे पडिकमणादिं करेज्ज झाणमयं।**' ધ્યાનમાં રહેવું એ ક્રિયા છે. પડિક્કમણું, સામાયિક એ બધું અંતર આનંદના ધ્યાનમાં રહેવું એનું નામ પડિક્કમણું અને સામાયિક છે.

'**जदि सक्कदि कादुं जे**' '**જો કરી શકાય તો અહો ! ધ્યાનમય પ્રતિક્રમણાદિ કર;...**' સમજાણું? પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત તે બધી ક્રિયાઓ ધ્યાનની છે. એ ધ્યાનમાં અંદર આનંદમાં ધ્યાનમાં ક્રિયા થાય તેને નિશ્ચય પ્રતિક્રમણ કહેવામાં આવે છે. '**જો તું શક્તિવિહીન હોય તો ત્યાં સુધી શ્રદ્ધાન જ કર્તવ્ય છે.**' ૧૫૪ ગાથા 'નિયમસાર'. 'કુંદકુંદાચાર્ય'. જો તને એ ચારિત્ર ધ્યાનમાં સ્થિરતાનો પ્રસંગ ન હોય, એટલી શક્તિ ન હોય તો શ્રદ્ધા રાખજે સાચી કે ધ્યાનમાં સ્થિરતા થાય. આહાહા..!

શું કહે છે ભગવાન 'કુંદકુંદાચાર્ય'? કે નિશ્ચય પ્રતિક્રમણ તો આત્માના સમ્યગ્દર્શન ભાનસહિત અંદર ધ્યાનમાં રહેવું એ નિશ્ચય પ્રતિક્રમણ. 'અમરચંદભાઈ'! નિશ્ચય પચ્ચખાણ એ આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાનના ભાનસહિત સ્વરૂપમાં ઠરવું આનંદમાં એ નિશ્ચય પચ્ચખાણ છે. નિશ્ચય પ્રાયશ્ચિત? એ પણ રાગરહિત સ્વરૂપમાં વીતરાગતામાં રમણતા એ નિશ્ચય પ્રાયશ્ચિત છે. એને જો ન કરી શક તો શ્રદ્ધા બરાબર રાખજે. શ્રદ્ધામાં ગોટો વાળીશ નહિ કે ના ના એ તો આમ પણ હોય અને આમ પણ હોય, પંચમકાળ છે માટે આમ હોય. રહેવા દે, શ્રદ્ધાભ્રષ્ટ થઈ જઈશ. જુઓ! '**ત્યાં સુધી શ્રદ્ધાન જ કર્તવ્ય છે.**' આપણે ગુજરાતી એનું છે ને હરિગીત?

'**કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો !**' વિકલ્પની વૃત્તિઓ પુણ્યની છોડીને ધ્યાનમાં રહેવું એ જ પ્રતિક્રમણ આદિ છે. '**કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો.**' '**કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો.**' પોતાની તાકાત ચારિત્રની, ધ્યાનની એટલી ન હોય તો તું શ્રદ્ધામાં તો બરાબર રાખજે. ધ્યાનમાં નિર્વિકલ્પ આનંદમાં રહેવું એ પ્રતિક્રમણ છે, એ પ્રત્યાખ્યાન છે, એ ચારિત્ર છે એવી શ્રદ્ધા તો પાકી રાખજે. સમજાણું કાંઈ? હવે એક શ્લોક બીજો છે કાંઈક અંદર. આ શ્લોક બીજો છે. આ 'નિયમસાર'નો છે. એ શ્લોક બીજો છે. આધાર નથી આપ્યો. એમાં આધાર છે.

અહીં કહે છે '**અર્થ :- જો મુનિ રત્નત્રયસંયુક્ત હોતા હુઆ...**' સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપમાં આનંદમાં રહેનારા હોવા છતાં '**સંયમી બનકર અપની શક્તિકે અનુસાર તપ કરતા હૈ.**' ઇચ્છા નિરોધ કરીને આનંદમાં વિશેષ ઉગ્રપણે પુરુષાર્થ કરે. '**વહ શુદ્ધ આત્માકા ધ્યાન કરતા હુઆ...**' નિર્જરામાં આવે છે ને? શુદ્ધ આત્માનું ધ્યાન કરતા શુદ્ધપણું પ્રાપ્ત થાય. આવે છે નિર્જરામાં? '**सुद्धं तु**' '**सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो**' અને હું દોષવાળો છું, રાગવાળો છું, મલિન છું એવું માનનારા મલિનપણાને પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ? છે કે નહિ? શેમાં? 'સમયસાર' નિર્જરા અધિકાર.

મુમુક્ષુ :- સંવર અધિકાર.

ઉત્તર :- સંવર-સંવર. ૧૮૬ ગાથા. સંવરની ૧૮૬ ગાથા.

**सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो।**
**जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि।।१८६।।**

'**જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;**' હું નિર્મળ, શુદ્ધ છું એવું જ્ઞાનમાં, લક્ષમાં, દૃષ્ટિમાં લઈને શુદ્ધ આત્માનું જે ધ્યાન કરે તે શુદ્ધ આત્માને પામે. '**અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે.**' પણ હું રાગવાળો અને મેલો છું, અશુદ્ધ છું એવું જે માને તેને અશુદ્ધતાની પ્રાપ્તિ થાય. આહાહા..! એય..! 'જયસાગરજી'! 'જયકુમાર'નું 'જયસાગર' થઈ ગયું. સારું ને થાય તો બહુ સારું હતું. આહાહા..! ધન્ય અવતાર! બાપુ! જોયું! '**શુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે. અશુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે.**' મલિનતાને પામે. જ્યાં જેની દૃષ્ટિ ત્યાં તેની સૃષ્ટિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? 'સમયસાર'માં તો દરિયો ભર્યો છે એક એક ગાથાની ટીકાએ.

અહીં આચાર્ય કહે છે કે '**જો મુનિ સંયમી પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, તીન ગુપ્તિ યહ તેરહ પ્રકારકા ચારિત્ર વહી પ્રવૃત્તિરૂપ વ્યવહારચારિત્ર...**' એ વ્યવહારચારિત્ર. '**સંયમ હૈ, ઉસકો અંગીકાર કરકે...**' એ વ્યવહાર એટલે પુણ્ય વિકલ્પ. '**પૂર્વોક્ત પ્રકાર નિશ્ચયચારિત્રસે યુક્ત હોકર...**' અને અંતરમાં આનંદસહિતની સ્થિરતાવાળા-ચારિત્રવાળા થયા. '**અપની શક્તિકે અનુસાર ઉપવાસ કાયક્લેશાદિ...**' દેખો! કેમકે એ એને હઠથી ન કરે. સોળ પ્રકારના છે ને? શક્તિ તપ ત્યાગ. છે એ વિકલ્પ. તીર્થંકરગોત્ર બંધાય છે ને? શક્તિ તપ ત્યાગ એ વિકલ્પ છે. પણ એને વિકલ્પ એવો આવે કે મારી પુરુષાર્થની ગતિ આટલી છે, ભાઈ! વધારે મારી ગતિ કામ કરતી નથી. એ પ્રમાણે સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત શક્તિ પ્રમાણે તપ અને ત્યાગ અંદર રાગનો અભાવ હોય તો એમાં વિકલ્પ છે તે તીર્થંકરગોત્ર બાંધે. સમજાય છે કાંઈ? ષોડશકારણ આવે છે ને? ષોડશકારણ ભાવના? શક્તિ તપ ત્યાગઃ. છે તો વિકલ્પ, રાગ. પણ એના વિચારમાં એમ છે કે મારા પુરુષાર્થની ઉગ્રતા હોય એટલો હું ત્યાગ કરું. મારામાં પુરુષાર્થ ઓછો હોય અને હઠ કરીને બેસે દસ અપવાસ, પાંચ અપવાસ સૌની સાથે હોડાહોડ. 'પોપટભાઈ'! અપવાસ-બપવાસ કર્યા છે કે નહિ થોડા? એકાદ કર્યો હશે. બે-ત્રણ કર્યા છે.

કહે છે, '**અપની શક્તિ અનુસાર...**' શક્તિ અનુસાર એટલે? શક્તિ અનુસાર એટલે શક્તિ પ્રમાણે. ભાષા છે ને? શક્તિ પ્રમાણે અંદર .. કરીને જાણે કે આમાંથી હઠ થઈ જશે. મારી શક્તિ નથી અને હઠ થશે તો એવો ત્યાગ જ્ઞાની કરે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ત્યારે વળી એમ કોઈ કહે કે જો શક્તિ ઓછી છે ત્યારે એમાં કર્મનું જોર છે કે નહિ? કર્મના જોરને લઈને શક્તિ ઓછી છે કે નહિ? ના. એમ નથી. પુરુષાર્થની પોતાની જ મંદતા છે. પોતાને કારણે છે એ. ઉગ્ર પુરુષાર્થ કરીને ચારિત્રમાં રહેવું એવી પુરુષાર્થ ગતિ નથી એ પોતાના પુરુષાર્થની કચાશ છે. કર્મને લઈને નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શુદ્ધ નહિ શુભ, પુણ્ય. રાગ, મેલ, ઝેર. અને રાગરહિત સ્વરૂપમાં રમણતા તે અમૃત, એ અનાસ્રવ, એ સંવર, એ નિર્જરા અને એ ચારિત્ર. હોય છે એ બતાવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુભ હોય છે નિશ્ચય હોય છે ત્યાં. નિશ્ચય આત્માનું ધ્યાન, જ્ઞાન, ચારિત્ર હોય ત્યાં આવા વિકલ્પ હોય છે પણ શુભ પ્રવૃત્તિ બંધનું કારણ છે. જેને નિશ્ચયનું ભાન નથી એને તો શુભ આચારની વાત છે જ નહિ અહીંયાં. આંધળો છે એને શુભ ક્યાંથી લાવ્યો? પણ જેને આત્મા જાગૃત થયો છે. સમજાણું કાંઈ? 'જાગીને જોઉં તો જગત દિસે નહિ.' પોતામાં, હોં! જગત જગતમાં છે. 'જાગીને જોઉં તો જગત દિસે નહીં, ઉંઘમાં અટપટા ખેલ ભાસે.' અજ્ઞાનમાં બધું ઊંલટું લાગે કે હું મેલો છું, શરીરવાળો છું, કર્મવાળો છું એ બધું અજ્ઞાનમાં ભાસે. ભાસ જ્ઞાનનો થતાં જગત-બગત, રાગ-બાગ આત્મામાં છે નહિ. જગતમાં જગત છે. જગત જગતમાં નથી એમ નહિ. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એટલે જગત નથી એમ નહિ. સમજાણું કાંઈ? આવે છે ને વેદાંતની વાત? 'અખા ભગત' ને બધા ઘણા આવે છે. 'અંધારો કૂવો નિર્ણય કરીને કોઈ ન મૂવો' એવું આવે છે એમાં. બધા નિર્ણય કરીને સમ્યગ્દર્શન પામીને ઘણા મોક્ષ ગયા. સમજાણું કાંઈ? ભાન નહિ ને એટલે પછી બિચારા એમ કહી ગયા. અખો કહે, આ બધા દર્શન છે ને છએ. અખો કહે અંધારો કૂવો. શું કીધું પછી પાછળ? 'અખો કહે અંધારો કૂવો...'

મુમુક્ષુ :- ઝઘડો...

ઉત્તર :- ઝઘડો હા, બસ એ. શબ્દ આવવો જોઈએ ને સરખો. 'ઝઘડો ભાંગી કોઈ ન મૂવો.' એમ કાંઈક છે. એમ ઝઘડા ભાંગીને અનંતા મોક્ષ પધાર્યા. એને તો કાંઈ ખબર નહોતી વસ્તુની. એ વાત સાચી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખબર ન પડી? અચ્છા. 'અખા ભગત' એક થઈ ગયા. 'અખો કહે અંધારો કૂવો...' એટલે આ શું ચીજ છે એની કાંઈ અમને ખબર પડતી નથી. કોઈ કાંઈક કહે... કોઈ કાંઈક કહે... કોઈ કાંઈક કહે... અંધારો કૂવો. અંધારો કૂવો સમજ્યા ને? કૂવામાં અંધારું. અંધકારમય કૂવો. 'ઝઘડા ભાંગી કોઈ ન મૂવા.' આ બધા ષટ્ દર્શનમાં આ સાચી વાત છે એવો નિર્ણય કર્યા વિના બધા મરી ગયા કહે છે. એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધી ખરી. જેણે સર્વજ્ઞપદે કરી એની ખરી વાત છે. એ સિવાય અજ્ઞાનીઓએ આંધળાએ કરી એ બધી સાચી વાત નથી. એમ વાત છે. નથી એમ નહિ. કોઈએ ખરી વાત કરી નથી એનું કહેવું છે.

સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા પૂર્ણાનંદનો નાથ જોયો અને પ્રગટ કરીને પરમાત્મપદ પ્રાપ્ત કર્યું. એવા અનંતા પરમાત્મા થઈ ગયા, અનંતા સંતો થઈ ગયા. આહાહા..! લોકો કહે ને અત્યાર સુધી કોઈ ધર્મી થયો જ નથી. 'રજનીશ' એમ કહે. એય..! તમારો. એ વળી એમાં લખ્યું હતું એક ફેરી. સંત તારણ શૂન્યનું કહે છે. પણ તને ક્યાંથી? સંત તારણ બીજી વાત કરે છે. એ તો અસ્તિપણાનો મહા ભગવાન પૂર્ણાનંદ અસ્તિપણાની દૃષ્ટિ કરતાં વિકલ્પની શૂન્યતા થઈ જાય એમ કહે છે ઈ. 'શોભાલાલજી'! 'સંત તારણસ્વામી' તો એમ કહે છે કે, ભગવાન! તું તો પરમાત્મા શૂન્ય નિર્વિકલ્પ છો ને. એવી અંતર દૃષ્ટિ કરતાં વિકલ્પથી શૂન્ય થઈ જા. એમ કહે છે ઈ. એય! આ બધા અર્થ કરવામાં પોતાની દૃષ્ટિએ ઊંધું ભરડે અને તમને સાંભળનારને ખબર ન હોય કાંઈ. જય નારાયણ.

મુમુક્ષુ :- ના પાડવી?

ઉત્તર :- ના પડાય? એમ કહે છે. ભાન ન હોય તો શું ના પાડે અને હા પાડે. કાંઈક હશે કહેતા હશે.

અહીં કહે છે શક્તિ. શબ્દ બહુ સરસ મૂક્યો છે આચાર્યે. આહાહા..! શક્તિના પુરુષાર્થના પરિણામને જોજે કે આ મારા પરિણામ કેવા વર્તે છે અને આ પરિણામમાં કેટલી જાગૃતિ અને કેટલી અસ્થિરતા છે? સમજાણું કાંઈ? એમ કરીને અંદરમાં તપનો ભાવ લેજે. .. એટલે ઓઘેઓઘે લાવો મહિનાના અપવાસ કરી નાખીએ, ફલાણા કરી નાખીએ. હદ થઈ જશે, મરી જઈશ પછી. સમજાણું કાંઈ?

જુઓ! આચાર્ય પોતે કહે છે. '**रयणत्तयजुत्तो कुणइ तवं संजदो ससत्तीए।**' છે ને? ૪૩ ગાથા. તારી શક્તિ પ્રમાણે કરવું. આહાહા..! શેઠ! પંડિતજી! ૪૩ ગાથા, દેખો! ૪૦ અને ૩. શક્તિસહિત. શક્તિ હોય એ પ્રમાણે કરજે. શ્રદ્ધામાં શક્તિ હોય એ પ્રમાણે કરજે એમ નહિ. શ્રદ્ધા તો પૂર્ણ નિર્વિકલ્પ આનંદઘન છે એની શ્રદ્ધા પૂર્ણ કરજે. ચારિત્ર અને તપમાં શક્તિ પ્રમાણે કરજે. ચારિત્રમાં ક્રમ પડે. લાખો-કરોડો વર્ષ સુધી ચારિત્ર ન હોય. લ્યો! 'ઋષભદેવ' ભગવાન. ચોર્યાશી લાખ પૂર્વ સુધી ચારિત્ર નહોતું. સમકિત હતું. .. એ ચારિત્ર કાંઈ ઝટ આવી જતું હશે?

મુમુક્ષુ :- પૂર્વનો ઉદય ભોગવતા..

ઉત્તર :- નહિ... નહિ... નહિ. પુરુષાર્થની નબળાઈ. વર્તમાન પુરુષાર્થની કમજોરી. પૂર્વકર્મનું કાંઈ નહિ. પુરુષાર્થની કમજોરી કેમ? કેમ શું પુરુષાર્થની કમજોરી. નબળાઈ છે પોતાને કારણે. પુરુષાર્થ તો એ જ ...

જે કોઈ શુદ્ધાત્માને ધ્યાવતા પરમપદને પામે. લ્યો! '**અપની શક્તિકે અનુસાર ઉપવાસ, કાયક્લેશાદિ બાહ્ય તપ કરતા હૈ વહ મુનિ અંતરંગ તપ ધ્યાનકે દ્વારા શુદ્ધ**

**આત્માકા એકાગ્ર ચિત્ત કરકે ધ્યાન કરતા...**' જોયું! એ તપ. અંતરંગ તપ તો એને કહીએ કે આત્માના આનંદમાં લીન એકાગ્ર થાય એનું નામ તપ છે. પણ એવા તપમાં બાહ્ય વિકલ્પમાં હોય તો એને જેવી શક્તિ હોય એ પ્રમાણે અપવાસ આદિ કરે. '**નિર્વાણકો પ્રાપ્ત કરતા હૈ.**' લ્યો! એ જીવ નિર્વાણને પામે છે. બહુ સરસ ગાથા હતી.

શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનમાં ક્રમ ન પડે. એટલે કે પહેલી થોડી શ્રદ્ધા થાય અને પછી વધારે શ્રદ્ધા થાય એમ ન હોય. શ્રદ્ધા તો આખી એકસાથે થાય. પૂર્ણ નિર્વિકલ્પ આત્મા પરમાનંદ પ્રભુ (છું) એવી શ્રદ્ધા એક સમયમાં પૂરી એકસાથે થાય. સમ્યગ્જ્ઞાન પણ ભલે વિશેષ જ્ઞાન ન હોય પણ સમ્યજ્ઞાન જે થાય, સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાન એકસાથે જ થાય. પહેલું થોડું અજ્ઞાન થાય, થોડું જ્ઞાન, વળી પાછું અજ્ઞાન થાય એમ નહિ. અજ્ઞાન બિલકુલ ટળીને આત્માના તરફનું જ્ઞાન થાય એમાં કોઈ ક્રમ પડે નહિ. ચારિત્રમાં ક્રમ પડે. ચારિત્રમાં ક્રમ પડે. સ્થિરતા થોડી હોય, વિશેષ હોય. શ્રદ્ધા જ્ઞાનમાં ક્રમ પડતો નથી. લ્યો! એ રીતે વસ્તુનો સ્વભાવ છે. એવું જ ભગવાને કહ્યું છે, જોયું છે, જાણ્યું છે એમ પોતે વર્ત્યા છે અંદરમાં.

'**આગે કહતે હૈં કિ ધ્યાની મુનિ ઐસા બનકર પરમાત્માકા ધ્યાન કરતા હૈ :-**' આવા ધ્યાનમાં આનંદકંદમાં વિશેષ લઈ ગયા જુઓ હવે. તપ. દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, ધ્યાનમાં. એકાગ્રતા વિશેષ કેવી કરે એ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे कहते हैं कि ध्यानी मुनि ऐसा बनकर परमात्माका ध्यान करता है :-

## ગાથા-૪૪

**तिहि तिण्णि धरवि णिच्चं तियरहिओ तह तिएण परियरिओ।**
**दोदोसविप्पमुक्को परमप्पा झायए जोई।।४४।।**

**त्रिभिः त्रीन् धृत्वा नित्यं त्रिकरहितः तथा त्रिकेण परिकरितः।**
**द्विदोषविप्रमुक्तः परमात्मानं ध्यायते योगी।।४४।।**

**ત્રણથી ધરી ત્રણ, નિત્ય ત્રિકવિરહિતપણે, ત્રિકયુતપણે;**
**રહી દોષયુગલ વિમુક્ત ધ્યાવે યોગી નિજ પરમાત્મને. ૪૪.**

**अर्थ :- 'त्रिभिः' मन वचन कायसे, 'त्रीन्' वर्षा, शीत, उष्ण तीन कालयोगोंको धारणकर 'त्रिकरहितः' माया, मिथ्या, निदान तीन शल्योंसे रहित होकर, 'त्रिकेण परिकरितः' दर्शन, ज्ञान, चारित्रसे मंडित होकर और 'द्विदोषविप्रमुक्तः' दो दोष अर्थात् राग-द्वेष इनसे रहित होता हुआ योगी ध्यानी मुनि है, वह परमात्मा अर्थात् सर्वकर्म रहित शुद्ध परमात्मा उनका ध्यान करता है।**

**भावार्थ :- मन वचन कायसे तीन कालयोग धारणकर परमात्माका ध्यान करे, इसप्रकार**

**कष्टमें दृढ़ रहे तब ज्ञात होता है कि इसके ध्यानकी सिद्धि है, कष्ट आनेपर चलायमान हो जाये तब ध्यानकी सिद्धि कैसी ? कोई प्रकारकी चित्तमें शल्य रहनेसे चित्त एकाग्र नहीं होता है तब ध्यान कैसे हो ? इसलिये शल्य रहित कहा; श्रद्धान, ज्ञान, आचरण यथार्थ न हो तब ध्यान कैसा ? इसलिये दर्शन, ज्ञान, चारित्र मंडित कहा और राग-द्वेष, इष्ट-अनिष्ट बुद्धि रहे तब ध्यान कैसे हो ? इसलिए परमात्माका ध्यान करे वह ऐसा होकर करे, यह तात्पर्य है।।४४।।**

## પ્રવચન નં. ૭૯, ગાથા-૪૪, ગુરુવાર, ભાદરવા સુદ ૩, તા.૩-૯-૭૦

૪૪મી ગાથા. આત્માને મોક્ષ કેમ થાય? એનો અર્થ કે આત્મામાં સંસારભાવ પડ્યો છે. સમજાય છે કાંઈ? વસ્તુ છે એમાં સંસારભાવ નથી. દ્રવ્ય અને ગુણ જે છે એ તો સંસારભાવથી રહિત છે. સંસારભાવ એટલે ઉદયભાવ. એનાથી રહિત આત્મા (છે). પર્યાયમાં એનાથી રહિત થવું એનું નામ મોક્ષ. પણ એને દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન હોવું જોઈએ. વસ્તુ છે એ ત્રિકાળ આનંદ શુદ્ધ છે, એનો ગુણ પણ ત્રિકાળ પૂર્ણ શુદ્ધ છે. એના લક્ષ વિના અનાદિથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવથી દુઃખી થયો, સંસારમાં રખડે છે. એ રખડવાનું બંધ કરવું હોય તો એણે શું કરવું? એ વાત છે. કારણ કે રખડવાની તારી પર્યાય એ દુઃખરૂપ છે. એ દુઃખના નાશ માટે દુઃખ જેમાં નથી એવો આત્મા, એને બરાબર જ્ઞાનમાં, ધ્યાનમાં લઈ અને એમાં એકાકાર થવું એ દુઃખથી મુક્ત થવાનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? એ કહે છે.

'**ધ્યાની મુનિ...**' મોક્ષના મુખ્ય કારણની વાત છે ને? મુનિ છે તે દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત છે એથી તે મોક્ષ જવાને, મોક્ષ થવાને લાયક છે. એણે પણ ધ્યાન કરવું, મુનિએ પણ પરમાત્માનું ધ્યાન કરવું. પરમાત્મા એટલે પોતે પરમસ્વરૂપ. આનંદ જ્ઞાન, શાંતિ, વીતરાગ મુદ્રા, જેનો વીતરાગસ્વભાવ, એની દૃષ્ટિ કરી એનું જ્ઞાન કર્યું છે. એણે એમાં લીન અને એકાગ્ર થવું એ મોક્ષનો ઉપાય છે. એ કહે છે, જુઓ!

**तिहि तिण्णि धरवि णिच्चं तियरहिओ तह तिएण परियरिओ।**
**दोदोसविप्पमुक्को परमप्पा झायए जोई।।४४।।**

'**અર્થ :- મન વચન કાયસે...**' '**तिहि**' એનો અર્થ એ છે કે મન, વચન અને કાયા છે અને તેના તરફના વલણમાં કંપન્ન પણ અંદર પ્રદેશમાં છે. તેમ મન, વચન અને કાયા તરફના વલણમાં શુભ અને અશુભ વિકલ્પ ને રાગ છે. ત્રણ યોગ રહિત થવું. કેમકે ત્રણ યોગ સ્વરૂપમાં નથી. એ ત્રણ યોગ મન, વચન અને કાયા, એનાથી રહિત અને '**વર્ષા, શીત, ઉષ્ણ તીન કાલયોગોંકો...**' એ ત્રણે શિયાળો, ઉનાળો અને ચોમાસુ ત્રણેમાં આ કરવાનું છે. સમજાણું કાંઈ? આ ચોમાસામાં પાક પાકે ને ઉનાળામાં ખવાય અને શિયાળામાં ઠંડી લાગે તો કપડા-બપડા (સરખા પહેરવા) એ નહિ, આ તો ત્રણે ઋતુમાં પરમાત્મા મુનિને તો આત્માનું ધ્યાન કરવું એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

વળી '**ત્રિકરહિત માયા, મિથ્યા, નિદાન તીન શલ્યોંસે રહિત હોકર,...**' જેણે આત્માનું કલ્યાણ કરવું છે એને કપટ અને માયાભાવ ન હોવો જોઈએ. સમજાય છે કાંઈ? '**માયા, મિથ્યા,...**' શ્રદ્ધા, ઊલટી માન્યતા, પર્યાયબુદ્ધિ, રાગથી લાભ થાય, નિમિત્તથી મારામાં કલ્યાણ થાય એવો જે મિથ્યાદર્શનનો ભાવ, એનાથી એણે રહિત થવું જોઈએ. સમજાણું કાંઈ? દ્વેષથી લાભ થાય, રાગથી લાભ થાય એવી જે મિથ્યાત્વબુદ્ધિ એનાથી એણે રહિત થવું જોઈએ. કેમકે આત્મામાં એ છે નહિ. આત્માનું જેને ધ્યાન કરવું હોય અને મુક્તિ જોઈતી હોય, આનંદ જોઈતો હોય એણે આ કરવું. આહાહા..! સમજાણું કાંઈ?

'**માયા, મિથ્યા, નિદાન...**' આપણે તો શાસ્ત્રમાં આવે છે-નિઃશલ્યો વૃત્તિ. ચારિત્રવંત એને કહીએ કે જેને મિથ્યાદર્શન શલ્ય ન હોય. મિથ્યાદર્શન શલ્ય હોય તો એ ચારિત્ર ન હોય તો એ ધ્યાન કરવાને લાયક છે નહિ. જુઓ! આ ૩૬૩ પાખંડ મિથ્યાત્વ છે અને જૈનમાં રહ્યા પણ શુભરાગ અને દેહની ક્રિયા અને મનની ક્રિયાથી આત્માને લાભ થાય એ માન્યતા મિથ્યાત્વ શલ્ય છે. એ મિથ્યાશલ્યના નાશ વિના આત્મા તરફનું વલણ, ધ્યાન, ચૈતન્યને ધ્યેય બનાવીને એમાં રહેવું એ બની શકે નહિ. જ્યાં સુધી મિથ્યાત્વભાવ છે ત્યાં સુધી સ્વભાવ સન્મુખ (થઈ શકે નહિ). મિથ્યાત્વભાવ બહિર્મુખ છે. મિથ્યાત્વભાવમાં તો બહિર ભાવ છે. આ નિમિત્તથી લાભ થાય, રાગથી લાભ થાય, પુણ્યથી લાભ થાય આ દેહની ક્રિયાથી બીજાને ભલું કરી દે, બીજાથી ભલું મારામાં થાય. એ બધી બહિર બુદ્ધિ છે. એ બહિર બુદ્ધિનો નાશ થયા વિના અંતર્મુખ બુદ્ધિ થઈ શકશે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? નિઃશલ્યો વૃત્તિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પહેલેથી.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને?

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિને શલ્ય હોતું જ નથી. મિથ્યાત્વનું શલ્ય હોતું નથી. અને વૃત્તિમાં માયા અને નિદાન ત્રણે નથી હોતા. સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ નથી હોતું. બાકી હજી બીજા કપટ આદિ ભાવ હોય છે. પણ નિદાન અને શલ્ય આદિ નથી હોતા. શલ્ય નથી.

મુમુક્ષુ :- માયા?

ઉત્તર :- માયા હોય છે. પણ એ માયા શલ્યરૂપ માયા નહિ. આહાહા..! શલ્ય અંદર ખટકે ખટકે. સૂક્ષ્મ શલ્ય. બાણ જેમ વાગેલું હાડકા માંસમાં ખટકે, એમ ખટક ખટક કપટ માયાની જીવને સ્વરૂપ તરફની સાવધાની થવાનો અવસર ન આવે. સરળપણાનો માર્ગ છે. સમજાણું કાંઈ? હોય કાંઈક, માનવું કાંઈક, મનાવવું કાંઈક. એવો જ્યાં કપટભાવ છે એ આત્મા તરફ નહિ જઈ શકે? પણ એની બુદ્ધિ બહાર માટે છે. એમ નિદાન. કંઈપણ ફળની ઈચ્છા. કાંઈક સ્વર્ગ મળે, અનુકૂળતા મળે, ભવ મળે આવો એવું શલ્ય જેને હોય છે એને આત્મા તરફનું વલણ નહિ થઈ શકે.

મુમુક્ષુ :- નિદાનમાં પુણ્યની વાંછા?

ઉત્તર :- વાંછા. નિદાન. ઈચ્છાથી કંઈ પણ મેળવવું. આ કરીશ તો મને કાંઈક મળશે.

સ્વર્ગ મળશે, આબરૂ મળશે, પુણ્ય મળશે, રાજા થશું વગેરે વગેરે ઈચ્છા એ બધું નિદાન છે. અંદરના ઊંડાણમાં જ્યાં સુધી અભિપ્રાય એવો રહે એને સ્વભાવ સન્મુખ થવાનો અવસર નથી એમ આચાર્ય કહે છે, જુઓ!

'**તીન શલ્યોંસે રહિત હોકર,...**' '**त्रिकेण परिकरितः**' ત્રણથી ઘેરાયેલો. (સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્રથી ઘેરાયેલો.) '**દર્શન, જ્ઞાન, ચારિત્રસે મંડિત હોકર...**' આહાહા..! જેને આત્મા ધ્રુવનું ધ્યાન કરીને ધ્રુવને પકડીને સમ્યગ્દર્શન થયું છે, જેને ધ્રુવનું જ્ઞાન થયું છે અને ધ્રુવમાં રમણતા જેને થઈ છે એવા દર્શન-જ્ઞાન-ચારિત્રવંતને સ્વભાવની એકાગ્રતા ધ્યાન કરવાનો અવસર છે. એમ કહે છે. સમજાણું કાંઈ? '**દર્શન, જ્ઞાન, ચારિત્રસે મંડિત હોકર....**' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. દર્શનની પ્રધાનતા તો પહેલા કહી ગયા છે, પછી જ્ઞાનની કહી, પછી ચારિત્રની કહી, પછી તપની કહી હતી અને અહીં ધ્યાનની કહે છે. એક એક ગાથામાં વધારતા જાય છે. સમજાણું કાંઈ?

આવે છે ને શબ્દ કળશમાં? નિભ્રત. નિભ્રત ને? નિભ્રતઃ એને માટે આ છે. જે ચિંતાથી રહિત છે. બહારની ચિંતાનો જેને ખટકભાવ નિકળી ગયો છે. આ તો અંતરની ધીરજની વાતું છે. આ કાંઈ બહારથી મળી જાય એવી ચીજ નથી. ભગવાન પરમાત્મસ્વરૂપ આખો પૂર્ણ પ્રત્યક્ષ પડ્યો જ છે. સમજાણું કાંઈ? પોતે પરમાત્મા પૂર્ણાનંદ પૂર્ણ પરમાત્મા, પૂર્ણ સ્વરૂપ જ પ્રત્યક્ષ જ દ્રવ્ય સ્વભાવ પડ્યો જ છે. ક્યાંય બહારથી લાવવો પડતો નથી. આહાહા..! એવા દ્રવ્ય સ્વભાવની જેને દૃષ્ટિ થઈ નથી એ એની કોર કેમ વળશે? ધ્યાનમાં ધ્યાન એનું તો પરમાં જશે. સમજાણું કાંઈ? અને જેનું જ્ઞાન સ્વ તરફનું વળેલું સ્વસંવેદન થયું નથી અને એકલા પરના જ્ઞાન થયા છે એ અંતરમાં નહિ વળી શકે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ ધ્યાન. સમજ્યા વિના ધ્યાન કરે, આમ બેસી રહે, શું કરે? એનું ભાન જ નથી. માણસ વાતું કરે કે અમે ધ્યાન કરીએ છીએ. બે ઘડીને ઉઠીને આમ કરીએ. શેના પણ ધ્યાન? હજી વસ્તુ શું છે? એની પર્યાયમાં ભૂલ શું છે? અને ભૂલ ટાળવાનો ઉપાય શું છે? સમજાણું કાંઈ? એની તો ખબર ન મળે ને ધ્યાન કરીએ છીએ ધ્યાન. નિર્વિકલ્પ થઈ જાવ.. નિર્વિકલ્પ થઈ જાવ. શેઠ!

મુમુક્ષુ :- શૂન્ય થઈ જાવ.

ઉત્તર :- શૂન્ય થઈ જાવ. શું શૂન્ય થઈ જાય? ક્યાંથી? આત્મા જ પોતે વિકલ્પથી રહિત છે અને પૂર્ણાનંદ સ્વભાવથી પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ ભરેલો છે. સોહમ તે હું આત્મા. સોહમ વિકલ્પ નહિ, હોં! પૂર્ણ આનંદ અને જ્ઞાન, પૂર્ણ શ્રદ્ધા અને આનંદ એના સ્વભાવની સત્તાનું દળ, મહા પરિપૂર્ણ સ્વભાવથી ભરેલું તત્ત્વ, એમાં કહે છે કે એને દર્શન એનું હોવું જોઈએ.

એની પ્રતીત અંદરમાં જ્ઞાન કરીને હોવી જોઈએ. એનું જ્ઞાન કરીને પ્રતીત, હોં! આમ ને આમ પ્રતીત ન કામ આવે. વસ્તુનો જ્ઞાનમાં ભાસ થઈને અને પ્રતીત થવી એનું નામ સમ્યગ્દર્શન છે. અને એ વસ્તુનું જ્ઞાન સ્વસંવેદન જ્ઞાન, એને ધ્યાન હોઈ શકે. એકલા શાસ્ત્રના

જ્ઞાન અને બહારના જ્ઞાન, એનાથી આત્મા તરફ નહિ વળી શકે, એમ કહે છે. પંડિતજી! આકરું બહુ લાગે છે માણસને. ભાઈ! માર્ગ તો એવો છે. કારણ કે આમ દિશા છે એની દિશા ફેરવી નાખવી. જે દૃષ્ટિ અનાદિની સંયોગ ઉપર, વિકાર ઉપર અને પર્યાય ઉપર છે એ દૃષ્ટિને અંતરમાં લાવવી એ કાંઈ અપૂર્વ પુરુષાર્થ છે કે સાધારણ છે? અપવાસ કરી નાખવા પંદર દિ', મહિનો એ સહેલા છે. કારણ કે મહિના-મહિનાના અપવાસ અનંતવાર કર્યા. બાર-બાર મહિના, છ-છ મહિનાના અપવાસ અનંતવાર કર્યા. સહેલા છે એ. એમાં શું છે? રાગની કોઈ મંદતા અને શલ્ય તો મિથ્યાત્વનું ભેગું પડ્યું છે. પણ અંતર્મુખ થઈને, બહિર્મુખથી વળીને અંતર્મુખ થવું એ જ પુરુષાર્થ છે.

બહિર્મુખનો પુરુષાર્થ એને પુરુષાર્થ નપુંસક ગણ્યો છે. આહાહા..! શુભભાવના પુરુષાર્થને પણ નપુંસક ગણ્યો છે. પુરુષાર્થ તો એને કહીએ કે જ્યાં સ્વભાવ જેમાં અનંત અનંત પુરુષાર્થનો પિંડ ભગવાન પડ્યો છે, એના તરફના પુરુષાર્થને પુરુષાર્થ કહેવામાં આવે છે. આ તો મોક્ષનો અધિકાર છે એટલે એકલો માલ જ ભરેલો છે આમાં. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ ન હોય એણે પણ આ રીતે સ્વભાવની સન્મુખનું ધ્યાન કરતાં સમકિત થાય છે. બીજી રીતે સમકિત થતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહીવટ એને ઘરે રહ્યો. વહીવટ વહીવટને કારણે હોય. હોય તો શું છે? અંતરંગની દૃષ્ટિમાં એનાથી રહિતપણે થવું એમાં ક્યાં ઈ વહિવટ નડે છે? છ ખંડના રાજ હોય સમકિતીને. છન્નું હજાર સ્ત્રી હોય. એમાંથી બહારથી છૂટે તો ધ્યાન કરી શકે એમ નહિ. અંતરથી છૂટે તે ધ્યાન કરી શકે એમ અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અંતર એટલે?

ઉત્તર :- આ આત્મા. શું કહેવાય છે? આ આત્મા આનંદસ્વરૂપ એમાં અંતર વળવું. છન્નું હજાર સ્ત્રીવાળો પણ ફડાક અંદર વળી જાય છે ધ્યાનમાં અંદર. વિષયની વાસના વખતે વાસના હો પણ એનાથી દૃષ્ટિ મુક્ત છે. તેથી બીજે ક્ષણે ધ્યાનમાં લાગી જાય છે તો આનંદનો સ્વાદ ઉગ્રપણે લઈ લે છે. સમજાણું કાંઈ? ભલે ગૃહસ્થાશ્રમ હો. ગૃહસ્થાશ્રમ આત્મામાં ક્યાં છે? 'ભગવાનજીભાઈ'! આહા..! એ માટે તો કહ્યું પહેલું કે મન, વચન, કાયા પણ જેમાં નથી અને ત્રણ ૠતુમાં કોઈ કાળે આ આત્મા તરફ ન વળી શકાય એવું નથી. કોઈ કાળ નડતો નથી એને કે વર્ષાકાળમાં આમ ઠંડી હોય અને શિયાળામાં આમ હોય અને ઉનાળામાં આમ હોય. સમજાણું કાંઈ?

કહે છે કે ત્રણ મિથ્યાત્વ શલ્ય આદિથી રહિત હોય અને ત્રણથી સહિત હોય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી સહિત હોય. ઉત્કૃષ્ટ વાત લેવી છે ને. જ્ઞાન અને યોગ સામગ્રીમાં... ત્યારે એનું ધ્યાન જામે. ત્રણ કષાયનો અભાવ છે ને? એને અંદરમાં ધ્યાન જાણે વિશેષ. એમ. ચતુર્થ ગુણસ્થાને ધ્યાન હોય છે પણ થોડું હોય છે, થોડો કાળ હોય છે. સમજાય છે કાંઈ? સમકિતીને પણ કોઈ વખતે અંદરમાં સામાયિકમાં બેઠા હોય અંદરમાં તો ધ્યાનમાં શુદ્ધોપયોગ આવી જાય. શુદ્ધોપયોગ ચોથા ગુણસ્થાનમાં આવી જાય, પાંચમાં

ગુણસ્થાનમાં આવી જાય. વસ્તુ પ્રગટી છે ને! ચૈતન્ય આનંદદળ આત્મા દૃષ્ટિમાં આવ્યો છે. આહાહા..! વર્તમાન એક સમયની અવસ્થા પણ જેણે ગૌણ કરી નાખી છે. પર્યાય બુદ્ધિ નહિ. આવે છે ને 'સમયસાર નાટક'માં? માર્ગ એવો ઝીણો છે, ભાઈ! સાધારણ માણસને એમ કે આવો જ માર્ગ બધા માટે? બધા માટે આત્મા જેવો છે તેના તરફ વળીને શ્રદ્ધા-જ્ઞાન કરીને ઠરવું તે માર્ગ છે. બાળક હોય તોપણ એ, પંડિત હોય તોપણ એ, દેવ હોય તોપણ એ અને નારકી હોય તોપણ એ.

'**દર્શન, જ્ઞાન, ચારિત્રસે મંડિત હોકર...**' એને અંતરમાં ધ્યાન કરવા માટે ઘણી અનુકૂળતા છે. કેમકે શ્રદ્ધા-જ્ઞાનની શાંતિ પ્રગટી છે એ દ્વારા અંદરમાં જઈને સ્થિર થઈ શકે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આ રીત છે અને આ માર્ગ છે એમ પહેલું એને શ્રદ્ધામાં તો લેવું પડશે ને? આ રીત સિવાય એનું ધ્યાન (કરી શકશે નહિ). ઓલા કહે અમે ધ્યાન કરશું. પણ શું ધ્યાન? ધ્યાનનો વિષય શું છે? એ વિષયમાં શું ચીજ નથી? અને કઈ ચીજથી મુક્ત છે, એવું જ્ઞાન કર્યા વિના અંતર્મુખમાં જઈ શકાશે નહિ. સમજાણું કાંઈ?

વળી, '**દો દોષ અર્થાત્ રાગ-દ્વેષ ઈનસે રહિત હોતા હુઆ યોગી ધ્યાની મુનિ હૈ,...**' યોગી મુનિ '**પરમાત્મા અર્થાત્ સર્વકર્મ રહિત શુદ્ધ પરમાત્મા ઉનકા ધ્યાન કરતા હૈ.**' લ્યો! આત્મા રાગરહિત અને કર્મરહિત એનું આ ધ્યાન કરે છે. સમજાણું કાંઈ? ધ્યાન તો આવડે છે. નથી આવડતું એમ નહિ પણ આર્ત્તધ્યાન આવડે છે. રાગમાં એક્તા એ પણ એક ધ્યાન છે. પણ એ સંસારમાં રખડવાનું ધ્યાન છે. આવડે છે આમ એકાગ્ર થતાં, એને અહીં એકાગ્રતા કરવી એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણ શલ્ય રહિત કીધું ને પાછું? જેટલા ત્રણસો ત્રેસઠ પાખંડ છે અને સૂક્ષ્મ પર્યાયબુદ્ધિ છે એ બધા શલ્યો નીકળી ગયા પછી આત્માનું ભાન થાય અને પછી ઠરી શકે અંદર. સમજાણું કાંઈ?

એ શુદ્ધ પરમાત્મા. કોણ પરમાત્મા? પોતે. બહિરાત્મ બુદ્ધિ છોડી અંતરાત્મ દૃષ્ટિ કરી અને પરમાત્માનું ધ્યાન કરવું. આહાહા..! ભારે કામ. સમજાણું કાંઈ? એમાં કોઈની મદદની ત્યાં આગળ જરૂર છે નહિ. આહાહા..! 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે ને? દિવ્યધ્વનિથી પણ જે પમાય નહિ એવો એ આત્મા છે. મુનિઓની વાણીથી પણ એ મળે નહિ એવો આત્મા છે. કારણ કે એ તો પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? 'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે અને 'ધર્મદાસ ક્ષુલ્લકે' કહ્યું છે 'સ્વઆત્માનુભવ મનન'માં. શુભ અને અશુભભાવ કષાયરૂપી અગ્નિ છે ને? 'પંચાસ્તિકાય'માં કહ્યું છે છેલ્લે. સ્વર્ગમાં ત્યાં કષાયના અંગારામાં દેવ બળે છે. આહાહા..! દુનિયા એમ કહે છે કે સુખી છે. ભગવાન કહે છે, સ્વર્ગના સુખમાં દેવો કષાય અગ્નિથી બળે છે, ભાઈ! પૂર્વે કર્યા હતા પુણ્ય, એના ફળ તરીકે બંધાણું પુણ્ય, એના ફળ તરીકે આ સ્વર્ગની ધૂળની ઈન્દ્રાણીઓ મળી. એ કહે છે કે અગ્નિથી સળગે છે. 'પોપટભાઈ'! શું આ છ છોકરા અને પૈસા એ બધું તમારું લાદીનું ઓલું એના ઉપર લક્ષ જાય તો અંદર કષાયમાં સળગે છે એમ કહે છે. શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં ક્યાં ઠંડો હતો? ઠંડક ક્યાં હતી? હોળી (છે). એ ઠંડા ઉપર લક્ષ જાય એ

જ રાગની હોળી સળગે છે. આહાહા..!

દેવતા પણ કષાયની અગ્નિથી બળી રહ્યા છે, જેને દુનિયા સુખી કહે છે. સમજાણું કાંઈ? સુખ તો આત્માના આનંદમાં છે. એ કષાય શુભાશુભ વિકલ્પો એ અગ્નિની ભઠ્ઠી છે. આહાહા..! સમજાણું કાંઈ? એનાથી ખસી, એનો પ્રેમ છોડી, એની રુચિ છોડી, એની એકાગ્રતા છોડી ભગવાનઆત્માના પ્રેમમાં અને જ્ઞાનમાં આવે અને એમાં એકાગ્રતા થાય ત્યારે તેને મોક્ષનો માર્ગ પ્રગટ થાય. આવી વાત છે. ત્યારે એમ કહે કે આવી વાત સમાજ સેવી જીરવી શકે? સમાજને માટે બીજું જોઈએ. ભાઈ! માર્ગ તો આ છે. એકને માટે હોય કે સમાજને માટે હો. માર્ગ આ છે.

'**ભાવાર્થ :- મન વચન કાયસે તીન કાલયોગ ધારણકર પરમાત્માકા ધ્યાન કરે,...**' કહે છે કે ધ્યાનમાં એટલી એકાગ્રતા હોય '**કષ્ટમેં દૃઢ રહે...**' વીજળી ઉપરથી પડે તોપણ ખ્યાલ ન રહે એવું ધ્યાન કરે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ આસન લગાવતા થોડોક વખત થાય ત્યાં ગરમી થાય કે આ બળે કે આ થાય, એના ઉપર લક્ષ જાય તો અંદરમાં એકાગ્ર થઈ શકે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! જે ચીજ એનામાં નથી એમાં કાંઈક ફેરફાર થતાં એને સખ ન આવે, એ અંદરનું ધ્યાન કરી શકે નહિ એમ કહે છે, લ્યો! સમજાણું કાંઈ?

'**કષ્ટમેં દૃઢ રહે...**' આહાહા..! જેની દૃષ્ટિ અંતરમાં જામી છે અને જામવામાં ધ્યાનમાં પડ્યો છે એને વીંછી કરડે તોપણ ખબર પડે નહિ એમ કહે છે. શું કહ્યું? '**કષ્ટમેં દૃઢ રહે...**' વીંછી કરડ્યાની ખબર ન રહે અંદર એકાગ્ર નિર્વિકલ્પ ધ્યાનમાં થાય તો, એમ કહે છે. આ ખાવા, પીવાને લહેર કરતા કરતા મોક્ષ ન મળે એમ કહે છે. અંદરમાં આત્માના આનંદમાં ઉતરતા પહેલી તો દૃષ્ટિ જામતા પછી સ્થિર થતાં શરીર આદિમાં કષ્ટો આવે, કમર દુઃખે, ઓઠીકણ હોય નહિ, નીચે પાતળું લૂગડું પાથરીને બેઠો હોય. અરે..! ગાદી લઈને બેઠો હોત તો ઠીક થાત. આહાહા..! કહે છે કે એ બધા પ્રતિકૂળ સાધનો તને લાગ્યા એ દૃષ્ટિ તારી ત્યાં છે. સમજાણું કાંઈ? આમ કરવા જાય તો કમર દુઃખે, માથુ દુઃખે, ગેસ માથામાં ચડે તો ભારે માથું થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જ કહે છે. પણ એ થાય છતાં એની સામું ન જોવું. એ તો બહારની ચીજ છે. એ ક્યાં તારામાં છે? 'અમરચંદભાઈ'! આહાહા..! એ અમર થવાના રસ્તા જુદા છે જગતના. જગતથી જુદા પડે તો થાય એવું છે.

કહે છે, '**ઈસપ્રકાર કષ્ટમેં દૃઢ રહે તબ જ્ઞાત હોતા હૈ કિ ઈસકે ધ્યાનકી સિદ્ધિ હૈ,...**' આહાહા..! ખ્યાલ ન રહે બહારની ચીજનો. પહેલી તો દૃષ્ટિમાં બહારની ચીજ મારામાં નથી. વિકલ્પ આદિ પણ મારામાં નથી અને છે એ તો આનંદ અને જ્ઞાનનું ધામ હું છું, એમ દૃષ્ટિમાં જામવું જોઈએ. સમજાણું કાંઈ? અને પછી જ્યારે ધ્યાનનો વિષય છે, બહારની અનુકૂળતા આવી હોય તો ધ્યાન થાય અને પ્રતિકૂળતા ન થાય એ પણ તેમાં છે નહિ. આ ગિરીગુફામાં જઈએ તો ધ્યાન થાય એમ નથી, એમ કહે છે અહીં. જ્યાં બેઠો ત્યાં રાગ અને પરથી જુદો

છે. હવે ક્યાં એને જુદો થઈને ક્યાં જવું છે એને? સમજાણું કાંઈ? ભજનમાં નહોતું આવ્યું? ચાહે તો દુનિયામાં રહે કે ચાહે દુનિયાથી દૂર રહે. સમકિતની વાત છે, મુનિની વાત નથી. સમજાણું કાંઈ? દુનિયામાં રહે એટલે બાયડી-છોકરા ભેગો હોય કે જંગલમાં હોય સમકિતી, એને કાંઈ બહાર નડતું નથી. આહાહા..! એમ વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનુકૂળતાની આ એ જ વાત કહે છે. અનુકૂળતા માને ત્યાં સુધી મૂઢ જીવ છે. આત્માની અનુકૂળતા તો અંતરની એકાગ્રતા થવી એ અનુકૂળતા છે. એ સિવાય બહારની અનુકૂળતા હોય તો મને ઠીક પડે એ માન્યતામાં મોટું શલ્ય છે. આહાહા..! ત્રીજા નરકનો નારકી, ત્રીજા નરકનો નારકી એટલો બહારનો પ્રતિકૂળ સંયોગ અને દેવ આવીને ત્રીજી નરક સુધી જાય છે. એક તો પીડા એટલી ઉષ્ણતાની. એટલી ઉષ્ણતાની પીડા કે લાખ મણનો લોઢાનો ગોળો છ-છ મહિના સુધી નિરોગ લુહારના જુવાન છોકરાએ, લુહારના જુવાન છોકરાએ ૩૨ વર્ષના જુવાને છ મહિના સુધી એને ઊનો કરી ટીપ્યો હોય. મજબૂત. એક લાખમણનું લોઢું. એ ત્રીજી નારકીએ ત્યાં મૂકે અગ્નિમાં જેમ ઘી ઓગળી જાય એમ ઓગળી જાય ગોળો. એટલી ઠંડી. ત્યાં પણ સમકિતી પોતાના ધ્યાનમાં જાય છે. આહાહા..! એય..! શેઠ! ત્યાં કાંઈ દવા-બવા નથી તમારી ઓલા જરાની, ફલાણાની, ઢીકણાની. શું કહે એને? .. ત્યાં તો માથે ધોકા પડતા હોય. આહાહા..! આખું શરીર વાળી લોઢાના સરિયા બનાવી .. આખા શરીરનો ગોટો વાળે અને ઉપરથી મારે ઘણ. અંદર ધ્યાનમાં જામે સમકિતી. એય..! બહારની પ્રતિકૂળતા એને અડતી જ નથી. આહાહા..! એથી તો પહેલો નિર્ણય અનુભવમાં કર્યો છે કે બહારની ચીજ મારામાં નથી. રાગાદિ બહારમાં મારામાં નથી, પછી મારામાં નથી એ મને નડતર કરે એ હોય શી રીતે શકે? સમજાણું કાંઈ?

અંદર શલ્યમાં શલ્ય રહી જાય છે. મિથ્યાશલ્યની વ્યાખ્યા બહુ સૂક્ષ્મ છે. ઊંડે ઊંડે એને એમ કે આ સગવડતા હોય, આમ હોય તો ઠીક. એ બહારના જ્ઞેયની સગવડતા હોય તો મારું ધ્યાન થઈ શકે (એ) દૃષ્ટિમાં શલ્ય છે મોટું. એય..! શેઠ!

મુમુક્ષુ :- ચોથા કાળમાં...

ઉત્તર :- આ પાંચમા કાળની વાત ચાલે છે. ઠીક શેઠ કહે છે, આ ચોથા આરાની વાત ચાલે છે. ઠીક છે ને. પ્રશ્ન તો કરે છે ને? કોને સંભળાવે છે આ 'કુંદકુંદાચાર્ય'? ચોથા આરા માટે? આહાહા..! અરે..! આત્મા! ચોથા કાળનો હોય કે પાંચમા કાળનો હોય કે નારકીમાં હોય, આત્મા તો આત્મા છે. આત્મામાં તો વિકલ્પ પણ નથી, રાગ પણ નથી, અનુકૂળતા-પ્રતિકૂળતાને અડતો પણ નથી. આહાહા..! કાળને ગળી ગયેલો ભગવાનઆત્મા છે. કાળ કેવા ત્યાં? કાળને કોળિયો કરી ગયો છે. પોતે જ્ઞાતા-દૃષ્ટામાં સમાઈને. સમજાણું કાંઈ? એવા સાતમી નરકના નારકીની પીડામાં સમકિતી થાય. નવું સમકિત થાય છે. સાંભળ્યું છે? શેઠ! સાતમી નરક રવરવ નરક. અપઈઠાણા ૩૩ સાગરની સ્થિતિ, રાજા મોટા રાજના કુંવર હોય. મરીને ગયા હોય ત્યાં બિચારા. પણ અહીંયાં સાંભળેલું હોય મુનિઓ પાસે, ધર્માત્મા જ્ઞાની પાસે. અરે..! ભાઈ! તું તો શુદ્ધ ચૈતન્ય આનંદ છો ને. સાંભળેલું પણ પ્રયોગમાં મૂક્યું નહોતું.

એ ત્યાં આગળ એને ઓલી પીડા..આહાહા..! અરે..! આ શું છે? આ પિડાનો ક્યાંય અંત (ખરો)? આ શું છે? એમ વિચારમાં આવી જતાં પૂર્વનું સ્મરણ થઈ જાય છે. સમજાણું કાંઈ? અરે..! ધર્માત્મા અમને કહેતા, અરે..! રાજકુમાર! તું આમાં ગૃદ્ધિ ન થા. તારી ચીજ બીજી છે એમ મુનિઓ અમને કહેતા પણ અમે ત્યાં ન કર્યું. એમ કરીને અંદર ઉતરી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાતમી નરકનો...

ઉત્તર :- સાતમી નરકના પાંચ પાસડા છે. એનો પાંચમો અપઈઠાણ નારક આકરામાં આકરી છે. ૩૩ સાગરની સ્થિતિ અને વેદનામાં ઉત્કૃષ્ટતા. ઠંડી. રવરવ નરક જેને કહે છે ને? એ પાંચ પાસડા છે, પાંચ. એમાં એક લાખ યોજનનો છે ઈ. એના નારકીઓને મહા દુઃખ, ઘણું દુઃખ. એમાં પણ સમકિત પામે છે એમ કહેવું છે અહીં તો.

રોગ થાય અને સરખું સુવાય નહિ અને ભાઈ આમાં અમારે કેમ વિચાર કરાય? પણ એ તો તારામાં નથી પહેલેથી તો વાત કરી. મન-વચન-કાયા તારામાં નથી. એ નથી એના માટે કાંઈક સગવડતા હોય તો ઠીક. એ વસ્તુના સ્વરૂપને જાણતો નથી. આહાહા..! સંકેલ દૃષ્ટિને આમ બહારથી મૂકી અંદર લાવ એમ કહે છે. મન-વચન-કાયા ગમે તેવી ચીજ બહારની જડની છે. આહાહા..! મારામાં નથી એની સગવડતા હું કેમ ઈચ્છું? જે મારામાં નથી એની સગવડતા અને અગવડતામાં મારું લક્ષ કેમ જાય? એય..! 'ભીખાભાઈ'! આવી વાતું છે. 'હીરાભાઈ' ઠીક થાય, પૈસા-બૈસા સરખા હોય તો આપણને વિચારમાં ઠીક પડે. ધંધો-બંધો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ ભી કહો આત્મા તો આત્મામાં પડ્યો છે. કોઈ ક્ષેત્ર કાળમાં આત્માને સમકિત થઈ જાય છે? આહાહા..! એ તો તેથી પહેલું કહ્યું. મન-વચન અને કાયા તારામાં નથી. જુઓ! એથી કહ્યું ને?

**'મન, વચન કાયસે કાલયોગ ધારણકર પરમાત્માકા ધ્યાન કરે,...'** એટલે? કે ત્રણનું લક્ષ છોડી દઈને અહીં ધ્યાન કર. **'ઈસપ્રકાર કષ્ટમેં દઢ રહે તબ જ્ઞાત હોતા હૈ કિ ઈસકે ધ્યાનકી સિદ્ધિ હૈ,...'** આહાહા..! ..માં એકાગ્ર થાય એને બહારના.. કહે છે, રૂંવાટે રૂંવાટે લોઢાની સળીયું ઊની કરીને (પહેરાવી). ખબર નથી. જુઓ! આ પાંડવો. છે? પાંડવા. ધર્માત્મા મુનિ, સમકિતી આનંદકંદમાં ઝુલનારા છે. 'દુર્યોધન'ના ભાણેજે આ શેત્રુંજયે, આ શેત્રુંજય. અહીંથી ચૌદ માઈલ છે. પાંચેય પાંડવો ધ્યાનમાં હતા. લાવીને લોઢાના માથે પહેરાવ્યા. રાજ આપે છે. રાજ જોઈતું હતું ને તારે મારા મામાનું? લ્યો રાજ. આહાહા..! અંતરના આનંદમાં ઉતરી જાય છે. એ અગ્નિનો સ્પર્શ પણ જેને નથી. એવું અંતર ધ્યાન જામે છે, ત્યાં ધ્યેયમાં જેની નજરું છે. બહારની નજર ખૂલી જાય છે. કહો, સમજાણું કાંઈ? અહીંયાં શેત્રુંજયથી મોક્ષ પધાર્યા છે ત્રણ. કારણ કે ધ્યાનમાં હતા. ત્રણ મોક્ષ પધાર્યા છે. બે ગયા સર્વાર્થસિદ્ધમાં. જેલ થઈ ગઈ 'સહદેવ', 'નકુલ'ને કે અરે..! ભાઈને શું થતું હશે? ધર્મરાજા, ભીમ અને અર્જુન. મોટા ભાઈને પિતા તુલ્ય માનતા. અરે..! ધર્મરાજાને શું થતું

હશે? એવો જરી વિકલ્પ આવ્યો તો પુણ્ય બંધાઈ ગયું. ભવ થઈ ગયા બે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સહદેવને એવો વિકલ્પ આવ્યો. એ વિકલ્પ એવો આવ્યો કે એમને કેમ આમ થયું? એમને કેમ હશે? એમ. ભાઈ છે. મહા સુંવાળા. રાજકુમાર માખણના પિંડલા જેવા જેના શરીર છે. હાથીના અંદર તાળવા જેવા જેના પગ લાલચોળ છે. અરે..! એટલો શુભ વિકલ્પ આવ્યો, જુઓ હજી! બે ભવ થઈ ગયા. એક સર્વાર્થસિદ્ધનો અને એક મનુષ્યનો. બે ભવ થઈ ગયા. સમજાણું કાંઈ? આમ તો સાધર્મી તરીકે હતા. ભાઈનું સગપણ તૂટી ગયું હતું. પાંચેય પાંડવો સાધર્મી તરીકે સાધુ, ધર્માત્મા આનંદકંદમાં. વીર.. વીર... વીર.. મોટા વીર પરાક્રમ કરીને અંદરમાં ઉતર્યા હતા. આહાહા..! રાગ જ નથી. આ વળી વેરી છે કે આ અગ્નિ છે એ વાત જ ક્યાં હતી? જગતમાં હું છું, એક જ ચીજ આનંદકંદ છું. બીજી ચીજ જ નથી ને, બીજી ચીજ જ નથી ને. દુઃખ આદિ ચીજ જ નથી ને. સંયોગ આદિ ચીજ જ નથી ને. આહાહા..!

પોતાના મહાપ્રભુના અસ્તિત્વમાં જામી ગયેલું જ્ઞાન, એને બીજી ચીજ છે કે નથી એનો વિકલ્પ પણ જ નથી ને. આહાહા..! સમજાણું કાંઈ? એક જ ભગવાન આનંદમાં વ્યાપેલો. અતીન્દ્રિય આનંદના સડકાના રસ લે છે એ. સમજાણું કાંઈ? દુનિયા એને દુઃખી દેખે છે કે અર..ર..ર..! આ ભાઈ શું? ધર્માત્માના પરિણામ પરિણામી ઉપર હોય છે. એથી એને બહારની ચીજનું કાંઈ લક્ષ હોતું નથી. ધ્યાનમાં, હોં! બહારમાં આવીને લક્ષ હોય તોપણ એને જાણે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! આ પોપાબાઈના રાજ નથી કે ઝટ દઈને એની મુક્તિ થઈ જાય, અપવાસ કર્યા ને આ વ્રત પાળ્યા ને. સમજાણું કાંઈ? મહાવ્રતનો વિકલ્પ છે એ ઝેર છે, કહે છે. જ્યાં અમૃતના ઓડકાર આવે, પડ્યો છે અમૃતમાં એને કહે છે કે એવા ધ્યાનમાં '**કષ્ટમેં દૃઢ હૈ...**' આહાહા..! લાખ વીંછી આવીને આમ કરડે. અડતું જ નથી ને જેને. અડે એમ કહો તો બે દ્રવ્ય એક થઈ જાય છે. સમજાણું કાંઈ? માન્યતામાં એમ કરે કે આ મને અડે છે તો એની માન્યતા જૂઠી થઈ જાય છે. સમજાણું કાંઈ? શું કહ્યું આ?

આ મને અડે છે, મને કરડે છે. કરડે કોને? પરમાણુની પર્યાયને વીંછી કરડે? કરડે કોને? આહાહા..! આ તે કાંઈ વાત છે! જે વસ્તુમાં એ શરીર અને વાણી છે જ નહિ. છે નહિ પછી આમાં કાંઈક થાય છે માટે મને થાય છે એ વાત રહેતી નથી, એમ કહેવા માગે છે. આહાહા..! પરમાત્માના ભગત થાવું છે કે પરમાત્માના સેવક થાવું છે. એ કોણ પરમાત્મા? પોતે, હોં! આહાહા..! ખરો માર્ગ હાથ આવે નહિ અને ઊંધે રસ્તે જાય અને જિંદગી પૂરી થાય. ચોર્યાશીના અવતારમાં ઘાણીની પેઠે પિલાય. આહાહા..! સાંભળવા મળતું નથી. વાત જ .. છે આખી. શું થાય? અરે..! આવા મોસમના દાડા માણસના. આત્માના કલ્યાણ કરવાની આ મોસમું. એય..! 'મનસુખ'! એની આ પૈસાની મોસમ આવે ને ત્યાં. ધાર ધરી કરી હોય એ વખતે મળે. પોષ મહિનાથી તે એવું હશે કાંઈક. બહુ ખબર નથી આપણને. પોષ મહિનાથી વૈશાખ સુધી. સાત, આઠ લાખની ઉઘરાણી નાખી હોય, બધા દેવા આવે. લઈ

જાવ, લાવ, લઈ જાવ અને લાવ. એ મોસમ હશે? પાપની છે મોસમ. આહાહા..!

બાપુ! તારો મોસમનો કાળ, ભાઈ! અનંતે કાળે આવા મનુષ્યદેહ (મળ્યો)... આહાહા..! અરે..! દેહ પણ નહિ, વિકલ્પ નહિ. એ તારામાં વિકલ્પ અડ્યો પણ નથી, હોં! આ જ્ઞાયકભાવ વિકલ્પ અને રાગથી એકત્વ કોઈ દિ' ત્રણકાળમાં થયો જ નથી. આહાહા..! માન્યું છે એ જુદી વાત છે. એ તો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ એવો ને એવો અનાદિથી છે. સાતમી નરકમાં અનંતવાર ગયો. એક પ્રદેશ પણ ઓછો થયો નથી, કરમાયો નથી. અને નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો તો ત્યાં પ્રદેશ પોઢા થયા, પોચા થયા ખુશી છે માટે (એમ નથી). આહાહા..! સમજાણું કાંઈ? ચણાને પાણીમાં નાખે અને જેમ ચણો પોઢો થાય. પોઢો સમજ્યા ને? .. ચણા હોય છે ને ચણા? પાણીમાં ફૂલે. એમ ભગવાનઆત્મા આનંદની શક્તિમાં ફૂંક મારે જેમ ઓલો. શું કહેવાય તમારે આ છોકરાને ફુગો... ફુગો. એ તો પોલોભમ ફૂલે છે. આ તો નક્કોર. આનંદધામ ભગવાન એમાં ફૂંક મારે એકાગ્રતાની ત્યાં ધ્યાન પ્રગટ થાય અને આનંદથી ફૂલે. આહાહા..! જુઓ! આ માર્ગ વીતરાગનો. એટલે કે તારો. એય..! 'પ્રકાશદાસજી'! કરો આ ને કરો આ. મહાવ્રત લઈને અણુવ્રતનું પછી આંદોલન કરશું. ઝેરનું. શેઠ! એ તો જ્યાં હોય ત્યાં બીજું શું કહે? મળ્યું હોય એમાં પ્રેમ હોય ને? જે વાત સાંભળી ન હોય શું કરવું? આહાહા..! હે ભગવાન!

મુમુક્ષુ :- આ તો અંદરની દુકાન.

ઉત્તર :- આ તો અંદરના વેપારની વાતું છે, બાપા! આહાહા..! ભાઈ! તારી દયા કર.. દયા કર.. દયા કર. કહે છે, ભગવાનમાં કાંઈ નથી ને બીજું. નથી એટલે એમાં પ્રતિકૂળતા-અનુકૂળતાનું લક્ષ હોઈ શકે નહિ, એમ કહે છે. આહાહા..!

'**કષ્ટ આનેપર ચલાયમાન હો જાયે તબ ધ્યાનકી સિદ્ધિ કૈસી**?' જરી પ્રતિકૂળતા (આવે ત્યાં) આમ (થઈ જાય). શું છે પણ આ? સમજાય છે? અહીં શું કહેવા માગે છે? કે પ્રતિકૂળતાની ચીજ અને અનુકૂળતાની ચીજ વિનાનો આત્મા છે. એવું જેને શ્રદ્ધા અને જ્ઞાન થયું એને અંતરમાં એકાગ્ર વળવામાં બહારની પ્રતિકૂળતા નડતી નથી. અને પ્રતિકૂળતા વખતે ચગી જાય તો એને વસ્તુની બરાબર સ્થિરતાની ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..! 'કુંદકુંદાચાર્ય'ની વાણી વસ્તુની સ્થિતિ ઊભી કરે છે. આમ થઈ શકે છે અને એમ થાય છે એમ એણે શ્રદ્ધામાં લેવું જોઈએ. આમ ન થઈ શકે એમ નહિ.

ભગવાનઆત્મામાં એકાગ્ર ન થઈ શકે એવો એનો સ્વભાવ છે? એકાગ્ર થઈ શકે એવો સ્વભાવ છે. રાગમાં એકાગ્ર થાય એવો એનો સ્વભાવ છે જ નહિ. એવો તો પહેલો અંદર નિર્ણય આવવો જોઈએ. સમજાણું કાંઈ? દયા, દાનના વિકલ્પમાં એકાગ્ર થાય એવો એનો સ્વભાવ જ નથી. કારણ કે એનામાં એ ચીજ નથી. એ વિકલ્પથી રહિત ભગવાન નિર્વિકલ્પાનંદ પ્રભુ એમાં એકાગ્ર થાય એ તો એનો ગુણ, કાર્ય અને સ્વભાવ છે. સમજાણું કાંઈ?

આ તો પરમાત્મા થવાની વાત છે. એ પરમાત્મા પોતે છે એને ચોંટે અંદરમાં એકાગ્ર થાય તો પરમાત્મા થાય. સમજાણું કાંઈ? લોકોને એમ કે આ તો નિશ્ચય નિશ્ચય છે. નિશ્ચય

એટલે સાચું, નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે આરોપિત-ખોટી વાત છે બધી. આહાહા..! ઓલાને એ .. પાંચ પર્યાયના ભેદ લીધા ને? ભાઈ! 'કળશટીકા'માં લીધું છે ને? એ તો મૂળ પાઠમાં લીધું છે, ૨૦૫મી ગાથામાં. નિર્જરા (અધિકારમાં). મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ચાર ભેદ નહિ. એકરૂપ વસ્તુ અભેદ છે. આહાહા..! ત્યારે ઓલા કહે, જુઓ! આ પાંચ ભેદ પાડે છે એ આગમથી વિરૂદ્ધ છે. ભેદ-ભેદ વસ્તુમાં છે. ભેદનો નિષેધ કેમ કરે? સાંભળને હવે. 'રતનચંદજી' લખે છે આમાં. કોણ જાણે શું કરે છે ભગવાન? અરે..! તારી ચીજ અભેદની વાત કરે છે, પ્રભુ! તું મુંઝા નહિ. પાંચ ભેદ ઉપર લક્ષ જાય તો વિકલ્પ ઊઠે છે. આ મતિ ને આ શ્રુત ને આ અવધિ અને એવા જે ભેદ પડે છે એ વિકલ્પ ઉઠે છે. ચિદાનંદ ભગવાન અભેદ ચિદાનંદ છે. એમ વાત કહે છે ત્યાં. ત્યારે કહે, નહિ. એ આગમ વિરૂદ્ધ છે. 'રાજમલ'નું આગમ વિરૂદ્ધ છે. 'સમયસાર નાટક' પણ ખોટા છે. ... ભાઈ! નીકળવાનો ટાણો આવ્યો હોય મુશ્કેલ થશે, પ્રભુ! આહાહા..!

ધ્યાનકી શુદ્ધિ ચાહી '**કોઈ પ્રકારકી ચિત્તમેં શલ્ય રહનેસે...**' દેખો! કોઈ પ્રકારનું શલ્ય રહે કે પરની અનુકૂળતા હોય તો મને ઠીક પડે, ધ્યાનમાં ઠીક પડે. એ બધું શલ્ય છે. એય..! શેઠ! શ્રદ્ધાનું શલ્ય છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પહેલી શ્રદ્ધા તો રાખે. શ્રદ્ધામાં જો ફેર પડે તો જ્ઞાન એકાગ્ર નહિ થઈ શકે. શલ્ય છે કહે છે આ. જરીક બહારની અનુકૂળતા હોય, ખાવા-પીવાની અનુકૂળતા હોય, પેટમાં ભૂખ લાગી હોય તો. આહાહા..! ભાઈ! અનુકૂળતા એ વસ્તુનું સ્વરૂપ જ નથી. એ તો જ્ઞેય છે. હવે અનુકૂળ કોને કહેવું અને પ્રતિકુળ કોને છાપ તારે મારવી છે? 'ચંદુભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શરીર એવું કાંઈ નહિ. એ તો ગમે તે રાગ હો. શરીરમાં શું? ..નો રાગ હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના પણ રાગ હોય. આ રણે ચડ્યા રાજના કુમાર. શરીર ઉપર રાગ ઓછો હોય છે. પણ એને રાજમાં પ્રીતિ છે તો શરીર પર બાણ પડે તો એને .. રાગ થઈ ગયો છે એનો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શરીરનો રાગ હોય. એને ઘણા પ્રકારના રાગ (હોય). આ અનુકૂળ હોય તો ઠીક પડે એવું શલ્ય રહી જાય તોપણ મિથ્યાત્વ છે કહે છે. શિષ્ય અનુકૂળ હોય તો સેવામાં મને ઠીક પડે.

મુમુક્ષુ :- રાગ તો..

ઉત્તર :- રાગ હોય એ જુદી વાત છે અને આ માને કે આ પ્રમાણે થાય એ તો શલ્ય છે. અસ્થિરતાનો રાગ આવે એનો તો જ્ઞાતા છે. પણ આવું શલ્ય આવે. એકાદ શિષ્ય અનુકૂળ હોય, માંદે સાજે કામ આવે.

મુમુક્ષુ :- શરીર જ મારું નથી.

ઉત્તર :- શરીર તો નહિ પણ વિકલ્પ મારો નથી. શરીર તો બહારની વાત છે. શરીર તો બહાર રહી ગયું. આ તો પંચમહાવ્રતના વિકલ્પ મારા નહિ. એવી અંતર દૃષ્ટિ થાય ત્યારે તો સમ્યગ્દર્શન થાય છે. શરીર તો હવે બાહ્ય હો સ્થુળ. એ માટી છે. શરીરને આત્મા અડતો પણ નથી. વિકલ્પને તો અડેલો છે અજ્ઞાની અનાદિથી. સમજાણું કાંઈ?

'પરમાત્મપ્રકાશ'માં લીધું છે. શરીરને આત્મા સ્પર્શ્યો નથી કોઈ દિ'. એમ શરીર આત્માને સ્પર્શ્યું નથી. એ તો માટી ધૂળ છે. અજીવ તત્ત્વ છે. પણ અંદર વિકલ્પ જે સૂક્ષ્મ છે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો. એની સાથે એક્તાબુદ્ધિ એ જ મહામિથ્યાત્વ છે. એ અનંતાનુબંધીનો રાગ (છે). આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! થોડા .. કારણે જ્યાં અનેક પ્રકારના .. ભગવાનના પણ વિરહ પડી ગયા. સમજાય છે કાંઈ? ત્રિલોકના નાથ... એ અંતરનો દોષ શું ન કરે? આહાહા..! એ સંસાર છે. સમજાણું કાંઈ?

'**ધ્યાનકી સિદ્ધિ કૈસી? કોઈ પ્રકારકી ચિત્તમેં શલ્ય રહનેસે...**' આહાહા..! '**શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ યથાર્થ ન હો તબ ધ્યાન કૈસા?**' જેને વાસ્તવિક વસ્તુની શ્રદ્ધા, પુણ્ય-પાપથી ભિન્ન ભગવાનઆત્મા, એનું ભાન જ નથી તો એ દ્રવ્ય તરફ વલણ કેમ કરી શકે? સમજાણું કાંઈ? '**તબ ધ્યાન કૈસા? ઈસલિયે દર્શન, જ્ઞાન, ચારિત્ર મંડિત કહા ઔર રાગ-દ્વેષ, ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ રહે,...**' જુઓ! એ આવ્યું. કંઈ પણ બાહ્યની ચીજ ઠીક છે, ઈષ્ટ છે, અનિષ્ટ છે એવી બુદ્ધિ રાગ-દ્વેષમાં રહે એને પણ અંતર વલણ થઈ શકે નહિ. શરીર તો ક્યાંય રહી ગયું. સમજાણું કાંઈ? લ્યો! આ ઈષ્ટ છે-અનિષ્ટ છે એ તો મિથ્યાત્વે ભાગલા પાડ્યા. કોઈ ચીજ ઈષ્ટ-અનિષ્ટ છે જ નહિ. જ્ઞાનનું જ્ઞેય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શરીરની વાત નહિ. અહીં તો બહારની ચીજ હો અનુકૂળ. શરીર તો બહાર સ્થૂળ રહી ગઈ વાત. પણ અનુકૂળમાં કોઈ બાહ્ય ચીજ હો, તીર્થંકર જેવી સગવડતા હો એ પણ ઠીક છે એ પણ એક શલ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. વિકલ્પ હોય તો .. એનાથી ધ્યાન થાય છે એમ નહિ. ગિરી ગુફા અંદરને કહે છે. 'સમયસાર'ની ૪૯ ગાથામાં છે. અનુભૂતિરૂપી ગિરીગુફામાં મુનિ ધ્યાન કરે છે. આ ગુફા બુફા નહિ. બહારનું શું કામ છે તારે? એ 'મલૂકચંદજી'! એ 'સમયસાર નાટક'માં છે. 'સમયસાર નાટક' શું 'જયસેનાચાર્ય'ની ટીકામાં. 'જયસેનાચાર્ય'ની ટીકામાં. અનુભૂતિરૂપી ગિરીગુફા. ગિરીગુફા બહારની ધૂળમાં ક્યાં હતું? સમજાણું કાંઈ?

'**પરમાત્માકા ધ્યાન કરે વહ ઐસા હોકર કરે, યહ તાત્પર્ય હૈ.**' લ્યો! લ્યો એક જ ગાથા ચાલી આજ તો. બહુ લાબું લાબું હતું તો વળી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे कहते हैं कि जो इस प्रकार होता है वह उत्तम सुखको पाता है :–

## ગાથા-૪૫

मयमायकोहरहिओ लोहेण विवज्जिओ य जो जीवो।
णिम्मलसहावजुत्तो सो पावइ उत्तमं सोक्खं।।४५।।

मदमायाक्रोधरहितः लोभेन विवर्जितश्च यः जीवः।
निर्मलस्वभावयुक्तः सः प्राप्नोति उत्तमं सौख्यम्।।४५।।

જે જીવ માયા-ક્રોધ-મદ પરિવર્જીને, તજી લોભને,
નિર્મળ સ્વભાવે પરિણમે, તે સૌખ્ય ઉત્તમને લહે. ૪૫.

अर्थ :– जो जीव मद, माया, क्रोध इनसे रहित हो और लोभसे विशेषरूपसे रहित हो वह जीव निर्मल विशुद्ध स्वभावयुक्त होकर उतम सुखको प्राप्त करता है।

भावार्थ :– लोकमें भी ऐसा है कि जो मद अर्थात् अति मानी तथा माया कपट और क्रोध इनसे रहित हो और लोभसे विशेष रहित हो वह सुख पाता है; तीव्र कषायी अति आकुलतायुक्त होकर निरन्तर दुःखी रहता है। अतः यही रीति मोक्षमार्गमें भी जानो–जो क्रोध, मान, माया, लोभ चार कषायोंसे रहित होता है तब निर्मल भाव होते हैं और तब ही यथाख्यातचारित्र पाकर उत्तम सुखको प्राप्त करता है।।४५।।

---

**પ્રવચન નં. ૮૦, ગાથા-૪૫ થી ૪૭, શુક્રવાર, ભાદરવા સુદ ૪, તા.૪-૯-૭૦**

'અષ્ટપાહુડ' મોક્ષપાહુડની ગાથા ચાલે છે. ૪૪ ગાથા થઈ ગઈ. ૪૫. '**આગે કહતે હૈં કિ જો ઈસ પ્રકાર હોતા હૈ વહ ઉત્તમ સુખકો પાતા હૈ :-**' મોક્ષનો અધિકાર છે ને? મોક્ષ એટલે? આત્મામાં પૂર્ણ આનંદ છે એ પૂર્ણ આનંદની દશામાં પ્રાપ્તિ થવી એનું નામ મુક્તિ. શું કહ્યું? આત્મામાં, આત્મા વસ્તુ છે એમાં અતીન્દ્રિય આનંદથી ભરેલો એ પદાર્થ છે. સમજાણું? આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, સુખ છે, શાંતિ છે. એવા સ્વભાવથી આશ્રય કરીને જેણે પર્યાયમાં એટલે અવસ્થામાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરવી, થવી એનું નામ મોક્ષ છે. એ મોક્ષ કેમ થાય એ કહે છે. જુઓ! '**વહ ઉત્તમ સુખકો પાતા હૈઃ-**' ઉત્તમ સુખ એટલે મુક્તિ.

मयमायकोहरहिओ लोहेण विवज्जिओ य जो जीवो।
णिम्मलसहावजुत्तो सो पावइ उत्तमं सोक्खं।।४५।।

શું કહે છે? '**અર્થ :- જો જીવ મદ, માયા, ક્રોધ ઈનસે રહિત હો ઔર લોભસે**

**વિશેષરૂપસે રહિત હો...**' એટલે કે ક્રોધ, માન, માયા, લોભ એના બે પ્રકાર. ક્રોધ-માન થઈને દ્વેષ છે અને માયા અને લોભ થઈને રાગ છે. એ રાગ અને દ્વેષ એ આસ્રવ છે. સમજાય છે? પુણ્ય અને પાપના ભાવ એ મલિન આસ્રવ બંધનું કારણ છે. જેને મોક્ષ કરવો છે એને આસ્રવ રહિત ધર્મ કરવો છે જેને, એને એ પુણ્ય-પાપ એટલે રાગ-દ્વેષના ભાવ, એને ઓળખવા પડશે ને પહેલા? જેની પર્યાયમાં બંધ છે. પર્યાયમાં બંધ છે તો પર્યાયમાં બંધથી રહિત થઈને મુક્તિ કરવી છે. સમજાણું કાંઈ?

પર્યાય એટલે અવસ્થા. ત્રિકાળી જે જ્ઞાયક તત્ત્વ છે વસ્તુ એ તો બંધ અને મુક્તિની પર્યાયરહિત વસ્તુ છે. સમજાણું કાંઈ? પણ એ ચીજની જે વર્તમાન અવસ્થા, પર્યાય, હાલત, દશા. મિથ્યાભ્રાંતિ (અર્થાત્) પરમાં સુખ છે અને પરના રાગના વિકલ્પો આદિ ભાવ એ મને મારા સ્વભાવને મદદ કરનારા છે. એવો જે મિથ્યા ભ્રમભાવ એની સાથે રહેલો રાગ-દ્વેષનો ભાવ એ આસ્રવભાવ છે. એ પર્યાય એટલે અવસ્થામાં-દશામાં આસ્રવ એટલે બંધના કારણનો ભાવ છે. અને મુક્તિ જેને કરવી છે અને એ આસ્રવભાવ રહિત આત્માના સ્વભાવની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા પ્રગટ કરે તો તેને મુક્તિ થાય, એમ કહે છે. સમજાય છે કાંઈ?

જુઓ! ઓલા લોભમાં '**વિવજ્જિઓ**' શબ્દ વાપર્યો છે વધારે. કારણ કે લોભ, ઈચ્છા, રુચિ એમાં રાગનો પ્રેમ રહી જાય, બહાર કોઈ ચીજનો પ્રેમ રહી જાય, ગૃદ્ધિ થાય તો એને આત્માના તત્ત્વની દૃષ્ટિ અને રુચિ થઈ શકે નહિ. તેથી કહે છે કે ક્રોધ, માન, માયા, લોભ, એનાથી રહિત હોય એટલે કે આસ્રવથી રહિત હોય. બીજી ભાષાએ કહીએ તો અહીં મુક્તિનો માર્ગ છે. એટલે બંધભાવથી રહિત હોય. સમજાણું કાંઈ? બંધભાવ કોને કહેવો એની ખબરું ન મળે. અને બંધભાવ રહિત કેમ થવાય એવા દ્રવ્ય-વસ્તુની ખબર ન મળે. એને મુક્તિનો ઉપાય હાથ આવે નહિ. એને મુક્તિ થઈ શકે નહિ. રખડે અનાદિ કાળ.

મુમુક્ષુ :- આપ બતાવો.

ઉત્તર :- આ શું આવે છે? અત્યાર સુધી શું કર્યું? પૈસા કમાણા? બંધભાવ કર્યો. એ તો અહીંયાં ચાલે છે. સમજાણું કાંઈ? બંધ.. બંધ. ભગવાનઆત્મા વસ્તુ છે ને વસ્તુ? આત્મતત્ત્વ છે ને? દ્રવ્ય છે ને? પદાર્થ છે ને? વસ્તુ છે ને? એ વસ્તુ પોતે જે ત્રિકાળ છે એ વસ્તુની કાંઈ ઉત્પત્તિ નથી, કોઈ નવી થઈ નથી. એ તો અનાદિની છે. આવા અનંતભવો કર્યા એમાં આત્મા તો એનો એ... એનો એ... એનો એ... એમ ને એમ રહ્યા કરે છે. અનંતા ભવ કર્યા. નારકીના, પશુના, ઢોરના, કીડાના, કાગડાના.

મુમુક્ષુ :- સોથા નીકળી ગયા.

ઉત્તર :- સોથા નીકળી ગયા એવું એને લાગે છે ક્યાં? લાગે તો તો એનો રસ્તો લે. 'પોપટભાઈ'! એને બહારમાં મજા લાગે છે થોડી માળાને કાંઈક કાંઈક છોકરા સારા, પૈસા સારા, શરીર કાંઈક નિરોગી હોય, આબરૂ થોડી લાંબુ નાક હોય.

મુમુક્ષુ :- પૈસા હોય તો ...

ઉત્તર :- ધૂળેય પૈસા હોય તો કાંઈ નથી. પૈસા હોય અને ભૂખે મરી જાય. અંદર

જઠરમાં ભૂખ લાગી હોય પણ અનાજ પચતું ન હોય તો શું કરે? હેં! એય..! ત્યાં હતો અમારે એક. સુરખા છે ને? ત્યાં 'સુરખા ગાંધી' નહિ. સુરખાનો હતો એક. આપણા દિવાન હતા 'ભાવનગર'ના દિવાન હતા. સુરખાના. 'વજુભાઈ'. 'વજુભાઈ' દિવાન હતા, લ્યો! પછી 'પાળીયાદ'વાળા માણસો આપણા છે ને? બધા ગયેલા. માલ પાકે. હજારો મણ અનાજ લેવા જાય. 'શોભાલાલજી' ત્યાં માલ લેવા જાય. માલ પાકેલો. દિવાન હતા. માલ લેવા જાય અને એમાં ઘરે વાડીયું. જમરૂખ પાકે ઊંચા આવા શેર-શેર દોઢ-દોઢ શેરના. એના ટોપલા પડેલા જમરૂખના. જમરૂખ સમજો છો? ત્યાં પડેલા. ઓલા વાણિયા આવ્યા વેપારી. એટલે પોતે 'વજુભાઈ' બે રોટલી ખાય અને પા શેર દૂધ ખાય. વધારે પચે નહિ. વાડીયું પૈસાના મોટા દિવાન હતા. સમજાણું? વાણીયાને કહે, ખાશો આપ? ઓલા જમરૂખ મોટા તોલદાર મજબૂત દોઢ-દોઢ શેરના. ઘરની વાડીના. હા. આખો ટોપલો ખલાસ કરી નાખ્યો. અરે..! વાણિયા મરી જશો. એ તમે ખાવા નથી આવ્યા. તમે આ જોવા આવ્યા છો. હજી લાવો બીજો ટોપલો. .. પાળિયાદના માણસ ગયેલા. ઓલા ખાઈ શકે નહિ પા શેર. શું કહેવાય એ? જમરૂખ. પા શેરની ચીરી ખાઈ શકે નહિ. ભાર પડે અંદર. દાણા-દાણા. ભાર લાગે. રોટલી પચવી (મુશ્કેલ). માંડ બે રોટલી ને દૂધ ખાતા હોય. સમજાણું કાંઈ? અહીંયાં તો દષ્ટાંત દેતા તમારે પણ એં.. થાતું હોય ત્યારે બધું પડ્યું રહે. ત્યાં કાંઈ ખાઈ શકતો નથી. .. દવા તો પછી પાંચ-પાંચ હજારની દવા પડી હોય. ધૂળેય કરે નહિ ત્યાં. દવા શું કરે ત્યાં? ભાઈ ત્યાં ઉભા રહે 'શોભાલાલજી'. ભાઈને આમ છે, ભાઈને ઠીક નથી. ડોક્ટરને બોલાવો. કોઈ શાલ નાખે એવું છે? આહાહા..!

કહે છે, ભાઈ! એ સાધનમાં સુખ-બુખ છે નહિ. આહાહા..! એ સુખ પણ નથી અને સુખના કારણો નથી. બાપા! સુખ તો પ્રભુ તારામાં છે. એની એને ખબર નથી. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા. કાલે દાખલો નહોતો આપ્યો? મૃગલાની નાભીમાં કસ્તુરી. એને કસ્તુરીની કિંમત ન મળે. હરણિયા-હરણિયાની નાભી-દૂંટીમાં કસ્તુરી પણ એને કસ્તુરીની કિંમત ન મળે. કેમકે પાંદડા સૂકા ખડખડે ત્યાં ભય પામે. એને એમ નથી કે મારી પાસે આવી કોઈ ઊંચી ચીજ (છે). પાંદડું ખડખડે ત્યાં ભય પામે. એમ અહીંયાં જરી અનુકૂળતા હોય ત્યાં ખશી ખુશી થઈ જાય. પ્રતિકૂળતા (આવે તો) નારાજ (થઈ જાય). એને ખબર નથી પ્રભુ! તારા આત્મામાં અતીન્દ્રિય આનંદ તારી નાભી-પેટમાં પડ્યો છે. સમજાણું કાંઈ? જરી અનુકૂળતા, છોકરો કાંઈક ઠીક પાક્યો, પૈસા કાંઈક થયા. બસ! હું પહોળો ને શેરી સાંકડી. શેરી સાંકડી થઈ જાય. સાંકડી થઈ જાય એટલે અમે આઠ છોકરા છીએ. અમારે જગ્યા જોશે. કોઈ સ્ત્રીને કહે રસ્તો કરી દે. અમારી સિફારીશ પહોંચશે કોર્ટમાં. તારી નહિ પહોંચે. ભાઈસા'બ! પણ હવે પૈસા જેટલા હોય એટલા તો અમને આપો. એય..! 'પોપટભાઈ'! બને છે ને. અમે તો કંઈક જોયા છે ને નજરે. આઠ આઠ છોકરાઓ અને બબ્બે ત્રણ-ત્રણ ઓરડાઓ ને એને પાયખાનું ને એને શું કહેવાય નહાવાનું બાથરૂમ. એકલા ધમાલ-ધમાલ. જગ્યા ન મળે ત્યારે જોડેવાળાને કાઢે. પૈસાવાળાનું ચાલે કોર્ટમાં. ઓલા બિચારા ગરીબ પણ હું પહોળો થઈ ગયો અને શેરી સાંકડી થઈ ગઈ. આહાહા..! ભગવાન! ઠર, ઠર, શાંત ઠર, ભાઈ! આહાહા..!

કહે છે. જુઓ! અહીં એમ પણ કહે છે કે પછી કહેશે. એ ચાર કષાયરહિત હોય '**વહ જીવ નિર્મલ વિશુદ્ધ સ્વભાવયુક્ત હોકર...**' અંદર ભગવાનઆત્મા આનંદનું રૂપ છે પ્રભુ. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ પણ એ આનંદને આરાધીને પરમાત્મા થયા. સમજાણું કાંઈ? અરિહંત થયા, અરિહંત થયા. નમો અરિહંતાણં. એ અરિહંત પણ આત્માના અંતરમાં આનંદ છે એનું સેવન, આરાધન કરીને થયા છે. એ ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ તો બંધના કારણ છે. એ મૂળ તો કહેવું છે અહીં. મોક્ષનો અધિકાર છે ને. એ બંધના કારણભાવ છે એને ઓળખીને એનાથી રહિત થવું. અને એનાથી રહિત થતાં મોક્ષના કારણભાવ શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ થાય એ આત્માને મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ?

'**નિર્મળ વિશુદ્ધ સ્વભાવયુક્ત...**' આહાહા..! ચૈતન્ય ભગવાન પરમેશ્વર તીર્થંકરે જે પ્રગટ કર્યો એવો આ આત્મા છે. સમજાણું કાંઈ? એવા આત્માની અંતર દૃષ્ટિ કરવી અને એ આત્માનું જ્ઞાન કરવું અને એ આત્મામાં રમણતા, લીનતા, લીનતા કરવી એ સ્વભાવ '**નિર્મળ વિશુદ્ધ સ્વભાવયુક્ત...**' જગતની જંજાળમાંથી બહાર નીકળીને નવરો થાતો નથી માળો. ભાઈએ કાલે કહ્યું કે પુસ્તક લેવાની ફુરસદ ન મળે.

મુમુક્ષુ :- કામ-ધંધા વધારે રહે.

ઉત્તર :- કામ-ધંધા હોળીના. પાપના ધંધા છે બધા. શેઠ! બે-પાંચ લાખ પેદા થાય એમાં તારે શું આવ્યું તારે ઘરે? એ પૈસા તો ધૂળ છે. સમજાણું કાંઈ? તારે ઘરે તો ખોટ આવી છે અંદર. અમને આ મળ્યા, અમે આ કર્યા એ મિથ્યા ભ્રાંતિ અને અજ્ઞાન, એમાં મરી ગયો, .. લખ્યું છે શાસ્ત્રમાં-'પરમાત્મપ્રકાશ'માં. પંચમકાળના પૈસાવાળાઓ, વૈભવવાળા એને પુણ્યને લઈને વૈભવ મળે અને વૈભવને લઈને એને મદ ચડે. આ મદ કહ્યો ને અહીં? જુઓને! અતિ અભિમાની લેશે. જુઓ! ભાવાર્થમાં. અભિમાની. એને અભિમાન ચડી જાય. પાવર ચડી જાય કે અમારી પાસે કરોડ રૂપિયા, અમારી પાસે પાંચ કરોડ રૂપિયા. ધૂળેય નથી, સાંભળને હવે. તારી પાસે લક્ષ્મી છે એ તો અંદર જુદી છે. પંડિતજી! આહાહા..! ભારે વાત, ભાઈ! ધુમાડાના બાચકા ભરી કોથળા ભરવા છે એને. ધુમાડા સમજો છો ને? ધુમાડા નથી સમજતા? ધુંઆ. ધુંઆ. ધુંઆ નીકળે ને? કાચા લાકડા બળે ને? કાચા લાકડા, કાચા છાણા. કાચા છાણા હોય એને સળગાવે તો ધુમાડા નીકળે. પછી ભરો કોથળામાં. ધૂળેય નહિ ભરાય. કોથળામાં ધુમાડા રહેતા હશે? પકડી રાખો આ પૈસાને અને શરીરને. નહિ પકડાય. એ તો પરચીજ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમ કહે છે પરમાત્મા..

ઉત્તર :- હા, પણ કહું છું ને એ. એમાંથી જ આ ચાલે છે. એમાંથી જ ચાલે છે આ.

એને પૈસા મળે એને વૈભવથી મદ ચડે. સમજાણું કાંઈ? નથી પુસ્તક. મદ ચડે અને મદથી મતિનું વિભ્રમ થઈ જાય. અમારા જેવા કોઈ ડાહ્યા નથી, અમારા જેવા કોઈ અગ્રેસર ઊંચા નથી. જ્ઞાની હોય એને પણ તુચ્છ ગણે છ જ્ઞાની? મહિને પાંચસો પેદા કરવાની શક્તિ નથી. અને અહીં તો કહે અમે મહિને પાંચ-પાંચ લાખ, બબ્બે લાખ પેદા કરીએ છીએ.

ધૂળેય નથી હવે સાંભળને. એ તો બહારની ચીજ છે. એ તો પૂર્વના પુણ્યને લઈ આવે છે. મતિભ્રમ થઈ જાય પછી કહે છે. અને મતિભ્રમ થઈને પછી મોહ (થાય). મોહ થઈને પછી ચાર ગતિમાં રખડે.

મુમુક્ષુ :- એવું પુણ્ય અમને ન હજો.

ઉત્તર :- એવું પુણ્ય અમને ન હશો, આચાર્ય એમ કહે છે. એય.! 'પોપટભાઈ'! 'ભગવાનજીભાઈ'! આચાર્ય કહે છે કે એવા પુણ્ય અમારે ન હજો. જે પુણ્ય લઈને પૈસા અને પૈસાને લઈને મદ ચડી જાય. મદ ચડી જાય. મદ-અભિમાન એ દારૂ છે. અને એને લઈને મતિભ્રમ થઈ જાય. મતિ ભ્રષ્ટ થઈ જાય ભ્રમણામાં. અમે પણ હોંશિયાર છીએ, હોં! અમે ડાહ્યા છીએ. આહાહા..! અને એને લઈને મોહ. મોહને લઈને ચાર ગતિ. આચાર્ય કહે છે કે એવા પુણ્ય અમને ન હશો, હોં! દરબાર! તમારે ગરાસિયાને તો લાખ-બે લાખની ઊપજ હોય એટલે પછી થઈ જાય જાણે કે.. આહાહા..!

મુમુક્ષુ :- ગાંડા તો હોય જ.

ઉત્તર :- ગાંડા તો હોય. સમજાણું કાંઈ? આહાહા..!

પ્રભુ! તારી લક્ષ્મી તો અંદર છે ને નાથ! આહાહા..! તને ખબર નથી. તારા નિધાનની તને ખબર નથી. અંદરમાં ચિદાનંદ આનંદ સ્વરૂપ છે, પ્રભુ! જેના આનંદનો આસ્રવ અને બંધભાવ રહિત થઈને જરી આનંદનો સ્વાદ લે સ્વભાવનો તો તને ખબર પડે કે આ આત્મા આવો છે. એ વાત અહીં કરે છે, જુઓ!

સ્વભાવ '**નિર્મલ વિશુદ્ધ સ્વભાવયુક્ત હોકર ઉત્તમ સુખકો પ્રાપ્ત કરતા હૈ.**' મૂળ એમ કહે છે. શું કહ્યું? ઝીણી વાત તો છે, ભાઈ! એને અભ્યાસ ન મળે અનંતકાળથી. આ દુનિયાના રંગે ચડી ગયો છે. ઓલા સંઘાડીયા નથી રંગ ચડાવતા? સંઘાડીયા હોય છે ને? ભાઈ લાકડા? સંઘાડીયા સમજો છો?

મુમુક્ષુ :- અમારે ત્યાં મણિયાર કહે.

ઉત્તર :- મણિયાર કહે. અહીં સંઘાડીયા કહે. ઓલા છોકરા ભણે ને. પછી ઓલી આંકડી હોય ને આંકડી. અમે તો આંકડીનું જોયેલું. 'ગારિયાધાર' હતા ને તો આંકડીને રંગ દેવા લઈ ગયા. નાની ઉંમરની વાત છે આ તો. આંકણી હોય છે આમ. આંકણી સમજો છો? કાદવ ઉપર નાખીને આમ દોરી... આંકડી કહે છે. સંઘાડિયાને ત્યાં ગયા હતા ઓલો ચડાવતો હતો આમ. ઉની કરીને લાકડું હોય ને લાકડું ગોળ? એમાં ભરાવતો હતો. એવું કરે કે પાછું નીકળે નહિ. રંગ ચડાવ્યો આંકણીએ લાકડા ઉપર. શેઠ! એમ પુણ્ય અને પાપના વિકલ્પનો રંગ ચડાવ્યો અજ્ઞાનીએ. એ આંકણી ઉપર રંગ ચડાવ્યો પછી આંકે અજ્ઞાનભાવ. નાની ઉંમરની વાત છે. બાર મહિના ગારિયાધાર રહેતા. ભણતા ને. ગોળ ગોળ આંકડી.

મુમુક્ષુ :- 'મહુવા'માં એના જ રમકડા થાય.

ઉત્તર :- હા. રમકડા આવે ને. 'મહુવા'ના બહુ રમકડા. શેરડીના કટકા જેવા લાગે. હોય લાકડા. મહુવાના લાકડા શેરડીના. શેરડીના નાના થાય છે ને? ધૂળેય નથી. એ લક્કડના લાડુ ખાય તોપણ પસ્તાય અને ન ખાય તોપણ પસ્તાય. અંદર કાંઈક હશે. એમ આ દુનિયામાં,

વિષયમાં, ભોગમાં, પૈસામાં કાંઈક હશે. ધૂળેય નથી હવે સાંભળને. આહાહા..!

કહે છે. જુઓ! અહીં તો સુખથી વાત લીધી છે. ભગવાનઆત્મા આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ છે. સચ્ચિદાનંદ-સત્ શાશ્વત જ્ઞાન અને આનંદથી ભરેલો પદાર્થ છે. એને પુણ્ય-પાપના, રાગ-દ્વેષના આસ્રવ બંધભાવ છે એનાથી રહિત કર અને ત્રિકાળી આનંદસ્વરૂપ છે એના ભાવથી સહિત કર, એમ કહે છે. ભારે કામ, ભાઈ! આ સામાયિક કરી નાખવી તો કરી નાખીએ, પોષા કરી નાખીએ, પડિકમણા કરી નાખીએ, લ્યો! ધૂળેય નથી તારા સામાયિકમાં. કોને સામાયિક કહેવી એની તો ખબર નથી.

એ અહીં વાત કરે છે, કે ભાઈ! તારો સ્વભાવ છે ને. શુદ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એની ભાવના કરવી અને પુણ્ય-પાપની ભાવનાને છોડી દેવી એ મુક્તિનો ઉપાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સુખને ઉત્તમ સુખ (કહે છે). આ દુનિયાના માને છે ને? એ સુખ નથી. ઈન્દ્રના સુખ જેને ઈન્દ્રાણીઓ કરોડો અને એ કાંઈ ધાનના ઢોકળા નથી. એ તો વૈક્રિયક શરીર. આ તો ધાનના ઢોકળા. બે દિ' ન ખાય તો એં...એં.. થઈ જાય. ઓલા તો વૈક્રિયક શરીર. હજારો વર્ષે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય. એમ પખવાડિયે પખવાડિયે જેને શ્વાસ (આવે). ઊંચો લેવો અને મૂકવો એવો એક પખવાડિયે તો શ્વાસ લે. એવા દેવના સુખો પણ સુખ નથી.

મુમુક્ષુ :- અંદર તો શાંતિ રહેતી હશે ને?

ઉત્તર :- ધૂળમાંય શાંતો નથી. ત્યાં કષાયના અંગારા સળગે છે. સમજાણું કાંઈ? માને કે અમને છોકરા આવા થયા, ભાઈ આવા થયા, ઢીકણા આમ થયા. મૂઢ માને નહિ તો શું કરે? ભૂંડ તો વિષ્ટા જ ખાય ને? એ કાંઈ અનાજ ખાય? માણસ અનાજ ખાધેલા કાઢી નાખે એ ભૂંડ ખાય. એમ જ્ઞાનીએ રાગ-દ્વેષને કાઢી નાખ્યા એને એ ખાય-ભોગવે. એમ કહે છે. શેઠ! આકરી વાત છે અહીં તો, ભાઈ! આહાહા..! અહીં તો કહે છે કે એ આત્મા બંધભાવના ભાવથી રહિત થઈને અબંધ સ્વરૂપી ભગવાનઆત્મા, એની શ્રદ્ધા-જ્ઞાન અને શુદ્ધતા પ્રગટ કરે એવા સ્વભાવ સહિત હોય એને ઉત્તમ સુખ એટલે પરમ આનંદની પ્રાપ્તિ થાય. એટલે મુક્તિ. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- લોકમેં ભી ઐસા હૈ...**' લોકમાં પણ એવું છે એમ કહે છે આ. '**કિ જો મદ અર્થાત્ અતિ માની...**' અભિમાની બહુ હોય એ લોકમાં પણ દુઃખી થાય. જ્યાં ત્યાં અથડાય. માન મળે નહિ, ધોકા ખાય જ્યાં ત્યાં. એમ કહે છે. લોકની રીત કહે છે હોં! અહીં તો હજી લોકમાં પણ બહુ માની હોય ને જ્યાં ત્યાં અપમાન થાય પછી કહે જુઓને આ.. 'રણવીરસિંહ' હતા ને ભાઈ? 'જામનગર'ના દરબાર. કરોડની ઊપજ. વાઈસરોય આવેલા ત્યારે કેટલાય ખર્ચેલા? વીસ લાખ એટલા રૂપિયા ખર્ચેલા. વાઈસરોય માટે. એક ત્રણ લાખનું પાયખાનું બનાવ્યું છે. એના માટે એટલે એમ કરતા એને એમ કે હવે તો મેં આટલા પૈસા ખર્ચ્યા છે એટલે મારું માન સરકારમાં રહે. એમાં રાજા બધા ભેગા થયેલા. સભા મોટી. રાજાઓ બધા ભેગા થયેલા. આને એમ કે .... ઊભી કરી છે. એમાં કાંઈક સરકારથી વિરૂદ્ધ બોલવા માંડ્યા અને રાજાને અનુકૂળ મોઢા આગળ જઈને. બેસી જાવ. એ ભાષા કાંઈક

બીજી. આપણને બહુ ન આવડે. શું હતું એય?

મુમુક્ષુ :- સીટ ડાઉન.

ઉત્તર :- સીટ ડાઉન. હાય.. હાય..! જેને માટે આટલા આટલા લાખ ખર્ચ્યા, એને ત્રણ દિ' રહેવું, ચાર દિ' રહેવામાં ત્રણ લાખનું તો પાયખાનું બનાવ્યું હતું. રાજી કરવા. એ ટાણા આવ્યા. 'ભગવાનજીભાઈ'ને ખબર હશે. નહિ?

મુમુક્ષુ :- ...સાંભળેલું.

ઉત્તર :- .. બહુ કર્યું હતું. સાંભળ્યું હતું આપણે તો.

મુમુક્ષુ :- લાખ..

ઉત્તર :- .. એ રાજા. કરોડ કરોડ તાલુકાની ઉપજવાળા બધા રાજા ભેગા થયેલા અને અપમાન-અપમાન. એમાં મરી ગયા. અપમાન એટલું લાગ્યું એને ધક્કો લાગ્યો. બધું સાંભળ્યું હતું. પછી ડોક્ટરે ચડાવી દીધું. એ ખબર છે. આહાહા..! કરોડની ઊપજ એક વર્ષની રાજની. એને અપમાન લાગ્યું અંદરથી. મોટા રાજાની સભા હતી. એમ કે હું આના કક્ષનો છું અને આની ઓલી કરી. શું કહે એ? સરભરા. એટલે મારું કાંઈક રાખશે. બોલ્યા થોડું કાંઈક. બેસી જાવ. હાય.. હાય. એ અપમાન લાગ્યા તે.. એય..! 'પોપટભાઈ'! આ અભિમાની જુઓ! સંસારના અભિમાની દુઃખી છે એમ કહે છે.

મુમુક્ષુ :- કામકાજ...

ઉત્તર :- .. પણ બધાનું એમ જ છે. આહા..! જેટલા જેટલા માન પોષ્યા છે એટલી જ આ પ્રતિકૂળતા આવે ત્યાં.. એવો ખેદાય.. એવો ખેદાય. માનમાં ચડ્યો હોય અને એકલું એપમાન આવે તો હાય.. હાય.. મરી જાઉં. આહાહા..! સંસારમાં પણ અતિ માનીને સખ નથી તો ધર્મમાં અભિમાન કરે એને સુખ અને ધર્મ હોઈ શકે નહિ. એમ કહેવા માગે છે.

'**તથા માયા કપટ ઔર ક્રોધ ઇનસે રહિત હો...**' કપટ નહિ. અહીં તો ધર્મ વાત છે. સંસારમાં કાંઈક ને કાંઈક કપટ ચલાવે. વાણિયા ગયા હોય કાંઈક અને કહે કે ફલાણે જાવ છું. હોય તોળવાનું કપાસ ત્રણ ગાવને છેટે. ક્યાં જાવ છો? જૂઠા બોલે. એય..! 'પોપટભાઈ'! એવા કપટ અને ક્રોધ. દુનિયામાં પણ કહે છે આવા કપટ અને ક્રોધી હોય તો દુઃખી થાય એમ કહે છે હોં! હજી તો. '**ઔર લોભસે વિશેષ રહિત હો વહ સુખ પાતા હૈ;...**' એમાં પણ માનરહિત હોય, કપટરહિત હોય, બહુ તીવ્ર ક્રોધ રહિત તો લૌકિક સુખ પામે. લૌકિકમાં એની સજ્જનતા હોય.

'**તીવ્ર કષાયી અતિ આકુલતાયુક્ત હોકર નિરંતર દુઃખી રહતા હૈ.**' ખેદાય-ખેદાય. બાયું પણ કેટલી એવી અભિમાની હોય ને કે એનું જરાક અપમાન થાય ત્યાં મરી જાય, કૂવામાં પડે, અફીણ ખાય. શું છે ત્યાં? બેઠી છે માસીબા ત્યાં? માસીબા ત્યાં બેઠી છે કે આવો ભાણેજ અહીં. મરીને ત્યાં જઈશ તો દુકાન છોડશે દેણદાર? પાપ જે કર્યા છે એના પડકાર ત્યાં આવશે જ. ક્યાં જાઈશ તું? અપમાન-અપમાન. કીધું નહિ? અમારે લુહારની. સાસુએ કહ્યું મારા દીકરાને દીકરો થતો નથી. ત્રણ-ત્રણ છોડીયું. અને અમારું ઘર ઠીક કહેવાય. છોકરો થાતો નથી. બીજી પરણાવવી છે મારા દીકરાને. એ કહ્યું અને અપમાન એવું

લાગ્યું બાઈને. એવું લાગ્યું. ત્રણ છોડીયું, પોતે અને મોટી છોડી બે જીવ સાથે ચારેય કૂવામાં જઈને પડી દશ વાગે. અમારા 'ઉમરાળા'ની વાત છે. એય..! 'પોપટભાઈ'! એ આવે છે ભાઈ આપણે. 'મહુવા'ની. અહીંના મુમુક્ષુ છે. લુહાર. નવા પરણ્યા છે ને છોકરા-બોકરા વ્યવસ્થિત. પણ એની બાએ એટલું કહેલું એને કે મારા દીકરાને દીકરો નથી. ત્રણ-ત્રણ છોકરી. ઉંમર હવે એની આટલી થઈ ૩૫ ઉપર. ... એવી લાગી ગઈ. માનના પૂતળા. ત્રણ છોડી અને પોતે ચાર અને બે જીવ સાથે એટલે પાંચ જીવ પડ્યા કૂવામાં. મડદા સવારે જોવે ત્યાં. આહાહા..! બંધિયાર કૂવો છે. મહાણિયો. આ માનમાં આમ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. એક એક દાખલો...

ઉત્તર :- એક એક દાખલો બધાને બને છે એવું અનંતવાર. એમ છે ને? એય..! 'નેમિદાસભાઈ'! કાકા-કાકી કહેવાતા હોય અને કોક ઉતારી પાડે ત્યાં. ગામમાં કાકા-કાકી કહેવાય બેય જણા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધાય જાણે. ઠીક કહે છે. આ તો શેઠ કહે છે, વળી કાકીનું નામ આપે. મોટા મોટા.. બધું કાકીને સોંપ્યું છે. આહાહા..! એ કહે એમ કરવું ને પછી તારવી-તારવીને પૈસા ... કહો, સમજાણું આમાં?

કહે છે, '**તીવ્ર કષાયી અતિ આકુલતાયુકત્ હોકર નિરન્તર દુઃખી રહતા હૈ.**' ખેદાયા કરે. સાસુએ મને આમ કહ્યું, મારી બાએ મને આમ કહ્યું, ધણીએ મને આમ કહ્યું, ઢીંકણીએ મને આમ કહ્યું. દુઃખી બિચારા ખેદાય અંદર કાળજામાં. સંસારમાં પણ તીવ્ર ક્રોધી, તીવ્ર માની, તીવ્ર કપટી, લોભી પણ દુઃખી થાય છે. એમ કહે છે અહીં. બરાબર છે કે નહિ? એય..! 'દીપચંદભાઈ'! આ અમારા મોટા મોટા પૈસાવાળા હોય કરોડપતિ એનું ઘરે અપમાન થાય. હાય. હાય... અમે કરોડોપતિઓ. અમારી ગણતરી નહિ નાતમાં? ના નહીં.

મુમુક્ષુ :- માફી મગાવે.

ઉત્તર :- હા. અરે એક રાણી હતી રાજાની. મોટા કરોડોપતિ, હોં! કરોડો. રાણીનું જરી નામ લીધું રાજાએ કાંઈક ફેરફાર કરીને. દરબાર ધ્યાન રાખજો અમે ગરાસિયાની દિકરી છીએ. અમારું નામ લેશો તો.. ધણીને એમ કહ્યું ખાનગી. ધણી કહે, હાય.. હાય.. બહારમાં માનના પાર ન મળે. આ ઘરમાં બાયડી આમ બોલે. હવે બળે અંદર શું કરે? બહારમાં ખમ્મા ખમ્મા કરતા હોય. પણ ઘરમાં બાયડી કહે, અમારું નામ ન લેશો. અમે ગરાસણી છીએ. વાણિયા નથી કાંઈ. ... એય..! ઓલાની વાત બહાર આવી. બળે અંદરથી દરબાર બિચારા. શું કરે? ક્યાં જાવું? આ બધા સંસારમાં પણ તીવ્ર, ક્રોધી, માની, દુઃખી છે. તો અહીં ધર્મમાં તો તીવ્ર કષાય આદિ હોય તો ધર્મ પામી શકે નહિ.

'**અતઃ યહી રીતિ મોક્ષમાર્ગમેં ભી જાનો-**' છે ને? જુઓ! આ રીત મોક્ષમાર્ગમાં પણ જાણો. અર્થ બહુ સારા કર્યા છે. '**જો ક્રોધ, માન, માયા, લોભ ચાર કષાયોંસે રહિત હોતા હૈ તબ નિર્મલ ભાવ હોતે હૈં...**' એ પુણ્ય અને પાપના વિકારી ભાવ રહિત આત્માની દૃષ્ટિ અને જ્ઞાન કરે તો એને નિર્મળ સારો ભાવ થાય. શ્લોક છે, શ્લોક. હિન્દી છે. મૂળ શ્લોક છે. અર્થ

એવો નથી. સમજાણું કાંઈ? કહે છે કે જેટલા પ્રમાણમાં પુણ્ય અને પાપરૂપી ક્રોધ, માન, રાગ-દ્વેષના ભાવ રહિત થઈને શુદ્ધતા પ્રગટ કરે એટલા પ્રમાણમાં એને શાંતિ મળે. પૂર્ણ રાગ અને દ્વેષ રહિત થાય તો યથાખ્યાત શાંતિ મળીને કેવળજ્ઞાનને પામે. કહો, સમજાણું આમાં? આહાહા..!

---

**आगे कहते हैं कि जो विषय–कषायोंमें आसक्त है, परमात्माकी भावनासे रहित है, रौद्रपरिणामी है वह जिनमतसे पराङ्मुख है, अतः वह मोक्षके सुखोंको प्राप्त नहीं कर सकता :–**

## ગાથા-૪૬

**विसयकसाएहि जुदो रुद्दो परमप्पभावरहियमणो।**
**सो ण लहइ सिद्धिसुहं जिणमुद्दपरम्मुहो जीवो।।४६।।**

विषयकषायैः युक्तः रुद्रः परमात्मभावरहितमनाः।
सः न लभते सिद्धिसुखं जिनमुद्रापराङ्मुखः जीवः।।४६।।

**પરમાત્મભાવન હીન, રુદ્ર, કષાયવિષયે યુક્ત જે,**
**તે જીવ જિનમુદ્રાવિમુખ પામે નહીં શિવસૌખ્યને. ૪૬.**

**अर्थ :–** जो जीव विषय–कषायोंसे युक्त है, रौद्र परिणामी है, हिंसादिक विषय–कषायादिक पापोंमें हर्षसहित प्रवृत्ति करता है और जिसका चित्त परमात्माकी भावनासे रहित है, ऐसा जीव जिनमुद्रासे पराङ्मुख है वह ऐसे सिद्धिसुखको मोक्षके–सुखको प्राप्त नहीं कर सकता।

**भावार्थ :–** जिनमतमें ऐसा उपदेश है कि जो हिंसादिक पापोंसे विरक्त हो, विषय–कषायोंमें आसक्त न हो और परमात्माका स्वरूप जानकर उसकी भावनासहित जीव होता है वह मोक्षको प्राप्त कर सकता है, इसलिये जिनमतकी मुद्रासे जो पराङ्मुख है उसको मोक्ष कैसे हो? वह तो संसारमें ही भ्रमण करता है। यहाँ रुद्रका विशेषण दिया है उसका ऐसा भी आशय है कि रुद्र ग्यारह होते हैं, ये विषय–कषायोंमें आसक्त होकर जिनमुद्रासे भ्रष्ट होते हैं, इनको मोक्ष नहीं होता है, इनकी कथा पुराणोंसे जानना।।४६।।

---

## ગાથા-૪૬ ઉપર પ્રવચન

**‘આગે કહતે હૈં કિ જો વિષય-કષાયોંમેં આસક્ત હૈ, પરમાત્માકી ભાવનાસે રહિત હૈ, રૌદ્રપરિણામી હૈ વહ જિનમતસે પરાઙ્મુખ હૈ, અતઃ વહ મોક્ષકે સુખોંકો પ્રાપ્ત નહીં કર સકતા :–’** રુદ્રની વાત લઈને.

**विसयकसाएहि जुदो रुद्दो परमप्पभावरहियमणो।**
**सो ण लहइ सिद्धिसुहं जिणमुद्दपरम्मुहो जीवो।।४६।।**

**અર્થ :- 'જો જીવ વિષય-કષાયોમેં યુક્ત હૈ,...'** રુચિવાળા અને અસ્થિરતાવાળા છે. વિષય અને કષાય મેલા પરિણામસહિત છે એને આત્માના શાંતિના સુખની પ્રાપ્તિ થતી નથી. બધો અર્થ નથી એમાં, થોડો અર્થ છે. **'રૌદ્રપરિણામી હૈ,...'** રુદ્ર આ શંકર છે ને અંદરમાં? એ રુદ્ર પરિણામી હતા. જૈનમાં સાધુ થયેલા પણ પછી ભ્રષ્ટ થઈ ગયેલા. અગિયાર અંગ ભણેલા. આ શંકર કહેવાય છે ને? અગિયાર અંગ ભણેલ, સાધુ થયેલ પછી ભ્રષ્ટ થયા, જિનમુદ્રા છોડી દીધી, નગ્નપણું છોડી દીધું વિષયની તીવ્ર અભિલાષાથી.

**'હિંસાદિક વિષય-કષાયાદિક પાપોંમેં હર્ષસહિત પ્રવૃત્તિ કરતા હૈ...'** જુઓ! હર્ષસહિત પ્રવર્તે. આ ભાષા છે. વિકારભાવમાં હોંશથી પ્રવર્તે તે મૂઢ છે. જ્ઞાનીને રાગ હોય છે પણ હોંશથી એમાં પ્રવર્તતો નથી. આટલો ફેર છે. શું કીધું? અજ્ઞાની, પાંચ ઈન્દ્રિયના વિષયો અને કષાય સહિત રુદ્ર પરિણામી અને હર્ષસહિત પ્રવર્તે. રાગનો નાનામાં નાનો ભાગ હોય પણ પ્રેમથી પ્રવર્તે તે મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહાહા..! વિકારના પરિણામ તો જ્ઞાનીને સમકિતીને પણ હોય. સમજાય છે?

ભરત ચક્રવર્તી. એને ઘરે છન્નું હજાર રાણીઓ. એ કેવી? જેના શરીરમાં ભમરા ફરે એવા સુગંધી શરીરવાળી. છતાં એને રાગનો ભાગ છે પણ એમાં રુચિ અને હરખ નથી. સમજાણું કાંઈ? ખેદ છે. અરે..! આ રાગ. એની રુચિ જ્ઞાનીને હોતી નથી. આસક્તિનો ભાગ છે થોડો. પણ એને હરખ નથી એમાં. અજ્ઞાનીને નાનામાં નાનો રાગ પુણ્ય-દયા-દાનનો હોય એમાં હરખ છે. હરખને લઈને હેરાન થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? હરખ સહિત પ્રવર્તે. છે ને? '**रुद्दो परमप्पभावरहियमणा सो ण लहइ सिद्धिसुह**'. મૂળ તો લેવું છે કે વિષય કષાયના (ભાવમાં) હર્ષ છે. રુદ્ર પરિણામ છે ને.

વળી '**પરમાત્માકી ભાવનાસે રહિત હૈ,...**' જેને પુણ્ય અને પાપના રાગમાં હરખ છે. અહીં એમ કહેવું છે કે બંધભાવમાં જેને હરખ છે. એમ કહેવું છે. એને આત્માના મોક્ષમાર્ગ પ્રત્યેની રુચિ અને દૃષ્ટિ થતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! રુદ્ર. '**પરમાત્માકી ભાવનાસે રહિત હૈ,...**' ભગવાનઆત્મા ધ્રુવ ચૈતન્ય આનંદમૂર્તિ પ્રભુ એવો આ આત્મા પરમાત્મા જ છે અંદર. એની એને ભાવના ન હોય. એના તરફની એને એકાગ્રતા ન હોય. જેને વિકારભાવના અંદરમાં હરખ અને ઉત્સાહ વર્તે છે એને આત્માના સ્વભાવની ભાવના ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? આમ ગાથાઓ સાદી છે પણ ભાવ બહુ સરસ છે. ગંભીર છે. આહાહા..!

જેને પરમાત્મા પોતાનો ભગવાન ચૈતન્યપ્રભુ, એની જેને ભાવના એટલે અંતર એકાગ્રતા નથી એને હરખ શોકમાં જેનો બધો પ્રેમ વર્તે છે. પુણ્ય-પાપના ભાવમાં જ આખો અર્પાઈ ગયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપના કષાયભાવ, વિષયકષાયભાવ એમાં આખો અર્પાઈ ગયો છે. જુદો આત્મા છે એનો કાંઈ અવકાશ રાખ્યો

નથી એ આત્માની ભાવના કરી શકતો નથી. સમજાણું કાંઈ? ભારે વાતું! આવો ધર્મ કઈ જાતનો? ઓલા તો કહે, રાત્રે ખાવું નહિ, કંદમૂળ ખાવા નહિ, ચોવિહાર કરવો, સામાયિક કરવા, પોષા કરવા, પડિક્કમણા કરવા, જાત્રા કરવી, શેત્રુંજય, સમ્મેદશિખર જાવું. એ તો બધો શુભરાગ હોય એની વાત છે. પણ અહીં તો કહે છે કે શુભરાગનો પણ જેને હરખ છે તે મિથ્યાદૃષ્ટિ છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કુકષાય એ જ છે ને? બીજો કોણ હતો? 'તારું દર્શન સુખકારી હો પ્રભુજી, તારું દર્શન સુખકારી. .. તારું દર્શન સુખકારી.' પ્રભુ આત્મા એનો વહાલમ પ્રભુ પોતે, એનો પ્રેમ કરનારો પોતે, એમાં સુખ છે, બાકી ક્યાંય સુખ છે નહિ.

બહારમાં ૪૦-૪૦ લાખનો બંગલો. એક 'ગોવા'માં છે ને? આપણો 'શાંતિલાલ ખુશાલ'. ૪૦ લાખનો બંગલો. ૪૦ કરોડ રૂપિયા. બે અબજ બીજા ગણાય છે. ગણવા છે ને ત્યાં ક્યાં ખાવા છે? આહાહા..! આમ હીચકતા હોય અંદરથી. ભાઈસાહેબ! આપણે અહીં મળવા માગે છે. હમણાં નહિ, થોડીવાર પછી. પણ સાહેબ મોટો કારકુન આવ્યો છે એ રોકાય નહિ. ના પાડી પછી હા પાડવી પડી. શું કહેવાય આ તમારા પૈસાના? ઈન્કમટેક્ષવાળા.

મુમુક્ષુ :- ઓફિસરો.

ઉત્તર :- ઓફિસરો આવ્યા હોય અને એને કહે કે હમણાં ખાવ છું હમણા નહિ. .. એમ ન કહેવાય. હાથ ધોઈ નાખો. હેરાન હેરાન થાય અંદરથી. ભાઈ! .. કારકુન .. મારી નાખશે તમને. રાજી રાખો એને. એય..! શેઠ! એ વળી શેઠને ખબર પડી હશે ને બેય જણાને. આહાહા..! પોતાના આત્માનું શું થાય એની દરકાર નહિ. ઓલાને રાજી રાખો. નહિતર ખેદ થઈ જાય, ખેદ થઈ જાય. .. એમ કહે. દઈ દ્યો એને ભાઈસાહેબ ફલાણું દેવું હોય તે. આહાહા..! કૂતરાને રોટલો નાખે તો પૂંછડી પટપટ કરે. કૂતરા હોય છે ને? રોટલા નાખો તો આમ આમ કરે નહિતર તો આમ આમ થાય. કેટલાક હોય એને નાખો ચા-પાણી તો ઠીક થાય. નહિતર હેરાન કરી નાખે. એય..! આ સંસારમાં આવા હખ છે કહે છે. એમ કહે છે.

અહીં તો વિશેષ વાત બીજી કહેવી છે. પરમાત્માની ભાવના નથી. ભગવાનઆત્મા જ્ઞાનનો પિંડલો પ્રભુ ચૈતન્યનો હીરો, ચૈતન્યસૂર્ય આત્મા છે, ચૈતન્યનો હીરો છે આત્મા અંતર. આનંદનો કંદ પ્રભુ, શક્કરકંદ જેમ છે એમ આત્મા આનંદનો કંદ છે. આત્મા. ક્યાં ગયો ખબર ન મળે. એની ભાવના વિષય-કષાયના રાગના રસવાળાને આ ચૈતન્યની ભાવના હોતી નથી. અને જેને ચૈતન્યની ભાવના હોય એને વિષય-કષાયના રસમાં પ્રેમ અને ભાવ હોતો નથી. આસક્તિ હોય એ જુદી વાત છે પણ એનો રસ અને હરખ હોતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- રસ એટલે એકાગ્રતા અને રુચિ. આ બહારનો રસ છોડે તો અંદરમાં રાગનો રસ છે તે રસ છોડ્યો નથી એમ કહે છે. આહાહા..!

**'ઐસા જીવ જિનમુદ્રાસે પરાङ्मुख હૈ...'** વીતરાગ મુદ્રા અંદર ભાવ હતો એને છોડી દીધો. અને મુદ્રા વીતરાગ દિગંબર દશા જે હતી એ છોડી દીધી. રુદ્રે. સમજાણું કાંઈ? મોટી લાંબી કથા છે એની. **'જિનમુદ્રાસે પરાङ्मुख હૈ વહ ઐસે સિદ્ધિસુખકો મોક્ષકે-સુખકો પ્રાપ્ત નહીં કર સકતા.'** આહાહા..! જે વિષય અને કષાયના રાગે રંગાઈ ગયેલો આત્મા, એને આત્માનો રંગ નહિ ચડે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! અને આત્માનો જેને રંગ ચડે એને વિષય કષાયના પરિણામનો રંગ ઉતરી જાય. રંગ નહિ રહે-રસ નહિ રહે. આહાહા..! ભારે કામ, ભાઈ! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જિનમતમેં ઐસા ઉપદેશ હૈ કિ જો હિંસાદિક પાપોંસે વિરક્ત હો,...'** હિંસા આદિ પાપના પરિણામથી તો વિરક્ત **'વિષય-કષાયોમેં આસક્ત ન હો...'** થોડા પરિણામ હોય એમાં પણ રુચિ નહિ. **'ઔર પરમાત્માકા સ્વરૂપ જાનકર ઉસકી ભાવનાસહિત જીવ હોતા હૈ વહ મોક્ષકો પ્રાપ્ત કર સકતા હૈ,...'** આહાહા..! જે આત્મા અંદર વસ્તુ આનંદસ્વરૂપ પ્રભુ, એની ભાવના, એનો પ્રેમ લાગે ભાવના કરે એને મુક્તિ થાય. સમજાણું કાંઈ?

મીરાંબાઈની કથા. મીરાબાઈનું (નાટક) જોવા ગયા હતા ને તે દિ'. 'ભરૂચ'માં ગયા હતા એક ફેરી. 'ભરૂચ'. સાધુ આવ્યા હતા. અમે ભગત કહેવાઈએ. ... સાધુ અપાસરામાં ગયા હતા. 'ભરૂચ'ના શું કહેવાય? સ્ટેશનની સામે નાટક જોવા ગયા હતા. ૬૪-૬૫ની વાત છે. સંવત ૧૯૬૪-૬૫. 'મીરાબાઈ'નું નાટક. ડાહ્યાભાઈ ધોળશા. માળા એવું ભજવે. એકવાર તો વૈરાગ્યની ધૂન ચડાવી દે. એને ભલે ન હોય કાંઈ. સમજાણું? 'મીરાબાઈ' રાણાની સાથે લગન કરે છે. પછી રાણો કહે કે ચાલ મારા ઓલામાં લઈ જાવ. છોકરા તો જુવાન. પગાર તો મોટો. તે દિ' ૧૫-૨૦ રૂપિયાનો પગાર હોય મહિને. ૧૯૬૪ની સાલ વાત છે. પણ એવું મલાવે. '.. મારા પિયું એની સાથ બીજાના મીંઢોળ નહિ રે બાંધુ, હે રાણા પરણી મારા પિયુજીની સાથ.' મારો પરમેશ્વર. એણે માનેલા. 'પરણી મારા પિયુજીની સાથ રે બીજાના મીંઢોળ નહિ રે બાંધુ. નહિ રે બાંધુ રે રાણા નહિ રે બાંધું. પરણી મારા પરમેશ્વરની સાથ, બીજાના મીંઢોળ...' મીંઢોળ સમજો છો? લાકડું નથી બાંધતા આ લગન કરે ત્યારે?

મુમુક્ષુ :- કંગન..

ઉત્તર :- કંકણ કહો. લાકડા છે. અહીં બાંધે ને લાકડું? મીંઢોળ-મીંઢોળ કહે અમારે કાઠિયાવાડમાં. મીંઢોળ બાંધ્યા છે. બાંધ્યા છે ને? 'ભગવાનજીભાઈ'! એવું સાંભળીને આવીએ તો ઉંઘ ન આવે. એટલો તો વૈરાગ્ય ચડી જાય અંદરથી. 'ભરૂચ'. ધર્મશાળામાં બહાર સૂઈ રહ્યા હતા. હું અને ફાવાભાઈ હતા. બે હતા. સુઈ રહ્યા બહાર. પણ ઉંઘ ન આવે એટલો વૈરાગ્ય. ધૂન ચડી જાય અંદર. આહાહા..! આવી મીરાબાઈ. વાહ! ઓલો રાણો કહે છે કે અરે! ચાલ તને આ આપું. બસ.

એમ 'સીતાજી'ને લ્યો ને! 'સીતાજી'ની પરીક્ષા કરી અગ્નિમાં. લોકો ધ્રુજી ઉઠયા. લક્ષ્મણ કહે, ભાઈ! આવા સુકોમળ 'સીતાજી'ને અગ્નિની પરીક્ષા ન હોય. નહિ ચાલે. પ્રજામાં

કોલાહલ થયો છે. પ્રજા કહે છે કે આ રાવણને ઘરે રહી. કેમ જાણે શું થયું? અને રામે ઘરે રાખી. અગ્નિમાં પડવું પડશે. અગ્નિમાં પડ્યા વિના ઘરે નહિ લઈ જાવ. આહાહા..! કરી અગ્નિ અને એ તો લાખો મણ લાકડા. ઝળહળ હોળી સળગી. નમો અરિહંતાણં. હે અગ્નિ! ધ્યાન રાખજે આ લોકમાં ધર્મની લાજ જાશે. મેં જો મારા 'રામ' સિવાય બીજો વિકલ્પ કર્યો હોય તો બાળીને રાખ કરી દેજે. પણ જો બીજો ન કર્યો હોય તો ધ્યાન રાખજે. નહિતર ધર્મની લાજ જાશે આ જગતમાં. એમ કરીને પડ્યા. કુદરતે એવું થયું કે દેવ ઉપરથી એક નીકળતો હતો. દેવ. દેવે કર્યું પાણી અને કમળ કરીને સીતાજી બેઠા.

મુમુક્ષુ :- દેવ મદદ માટે આવ્યા.

ઉત્તર :- દેવ આવ્યા. કુદરતી પૂણ્ય હતું ને? વાતનો મેળ ઈ હતો. પુણ્યનો યોગ હતો અને એકદમ.. મારે તો બીજું કહેવું છે.

પછી પસાર થયા, નીચે ઉતર્યા. ચાલો રાણી. રાજના પટરાણી બનાવું. રામ બસ કરો. બસ થયું. સંસાર સ્વાર્થીનો ઢગલો. તમે જાણતા મને ચોખ્ખી છું, સતી છું, તમારા હૃદયમાં વસું છતાં લોક ખાતર આવી પરીક્ષા થઈ. બસ થયું. હવે હું સાધુ થવા માગુ છું. એય..! .. ચડી જાય ને? આ સંસાર? 'રામ' જેવા પુરુષોત્તમ પુરુષ મોક્ષગામી. આ ભવમાં મોક્ષ જવાના છે. એને પણ આવું સૂઝયું? અરે..! સંસાર. ધીક્કાર દરબાર! એવી અંદરની લગની હોય છે એને પોતાના આત્માની ભાવના છૂટતી નથી. અને પરના વિષયકષાયનો રસ આવતો નથી. રામ કહે, ચાલ ઘરે. હવે અમે અમારા ઘરમાં જાશું. સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**જિનમુદ્રાસે પરાङ्मુખ હૈ...**' નગ્ન દિગંબર દશા કહેવા માગે છે મૂળ તો. દિગંબર દશા, હોં! રુદ્રનું કહે છે ને. વીતરાગભાવ પણ છૂટી ગયો છે અને મુદ્રા દિગંબર જે આમ નિષ્પરિગ્રહ દશા જોઈએ એ છૂટી ગઈ. '**ઉસકો મોક્ષ કૈસે હો? વહ તો સંસારમેં હી ભ્રમણ કરતા હૈ. યહાં રુદ્રકા વિશેષણ દિયા હૈ ઉસકા ઐસા ભી આશય હૈ કિ રુદ્ર ગ્યારહ હોતે હૈં,...**' રુદ્ર અગિયાર હોય. '**યે વિષય-કષાયોંમેં આસક્ત હોકર જિનમુદ્રાસે ભ્રષ્ટ હોતે હૈં,...**' ટીકામાં છે મોટું. એમાં મોટી ટીકા છે. રુદ્રની કથા છે. મોટી લાંબી કથા છે. બોધ કથા છે. એમાં બહુ મોટી મોટી કથા છે. '**જિનમુદ્રાસે ભ્રષ્ટ હોતે હૈં, ઈનકો મોક્ષ નહીં હોતા હૈ, ઈનકી કથા પુરાણોંસે જાનના.**' લ્યો!

आगे कहते हैं कि जिनमुद्रासे मोक्ष होता है किन्तु यह मुद्रा जिन जीवोंको नहीं रुचती है वे संसारमें ही रहते हैं :–

## ગાથા-૪૭

जिणमुद्दं सिद्धिसुहं हवेइ णियमेण [1]जिणवरुद्दिट्ठं।
सिविणे वि ण रुच्चइ पुण जीवा अच्छंति भवगहणे।।४७।।

जिनमुद्रा सिद्धिसुखं भवति नियमेन जिनवरोद्दिष्टा।
स्वप्नेऽपि न रोचते पुनः जीवाः तिष्ठंति भवगहने।।४७।।

જિનવરવૃષભ-ઉપદિષ્ટ જિનમુદ્રા જ શિવસુખ નિયમથી;
તે નવ રુચે સ્વપ્નેય જેને, તે રહે ભવવન મહીં. ૪૭.

अर्थ :– जिन भगवानके द्वारा कही गई जिनमुद्रा है वही सिद्धिसुख है मुक्तिसुख ही है, यह कारणमें कार्यका उपचार जानना; जिनमुद्रा मोक्षका कारण है मोक्षसुख उसका कार्य है। ऐसी जिनमुद्रा जिनभगवानने जैसी कही है वैसी ही है। तो ऐसी जिनमुद्रा जिस जीवको साक्षात् तो दूर ही रहो, स्वप्नमें भी कदाचित् भी नहीं रुचती है, उसका स्वप्न आता है तो भी अवज्ञाआती है तो वह जीव संसाररूप गहन वनमें रहता है, मोक्षके सुखको प्राप्त नहीं कर सकता।

भावार्थ :– जिनदेवभाषित जिनमुद्रा मोक्षका कारण है वह मोक्षरूप ही है, क्योंकि जिनमुद्राके धारक वर्तमानमें भी स्वाधीन सुखको भोगते हैं और पीछे मोक्षके सुखको प्राप्त करते हैं। जिस जीवको यह नहीं रुचती है वह मोक्षको प्राप्त नहीं कर सकता, संसारहीमें रहता है।।४७।।

## ગાથા-૪૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જિનમુદ્રાસે મોક્ષ હોતા હૈ કિન્તુ યહ મુદ્રા જિન જીવોંકો નહીં રુચતી હૈ વે સંસારમેં હી રહતે હૈં :–'** શું કહે છે? આહાહા..! જેને આત્માની અંતરની દૃષ્ટિનો નિધાનનો ખજાનો ખુલી ગયો છે, રાગ અને આત્મા એક માનનારે ખજાને તાળું માર્યું છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા આનંદનું ધામ પ્રભુ, એ રાગના વિકલ્પથી ભિન્ન છે એમ જ્યાં તાળા ખોલી નાખ્યા છે એના નિધાન, નિધાન નીકળ્યા જ કરે છે અંદરથી. એવા નિધાનવાળાને બહારની દિશા તદ્દન દિગંબર નગ્નદશા થઈ જાય છે. એની વાત કરે છે જરી. સમજાણું કાંઈ? આહાહા..! એ જિનમુદ્રા જેને સ્વપ્નામાં પણ રુચતી નથી એ અનંતસંસારી પ્રાણી છે એમ કહે છે. આ નાગા, આ આવા. અરે..! સાંભળ રે સાંભળ. નાગા બાદશાહથી

१. पाठान्तर :– जिणविरुद्दिट्ठा।

આઘા. સમજાણું કાંઈ? એમાં લખ્યું છે. જિનમુદ્રા .. એમ એમાં લખેલું છે. એમાં છે. સંસ્કૃત ટીકામાં છે. મોટી કથા છે, લાંબી લાંબી છે. આહા..!

કહે છે, અહો..! ધન્ય અવતાર! જેની વીતરાગદશા પ્રગટ થઈ છે અંદર, સ્વભાવની ભાવનાની વાત ચાલે છે ને પરમાત્માની? પરમાત્મા પોતે નિજાનંદ પ્રભુ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાની ભાવના છે એને શરીરની મુદ્રા નગ્ન થઈ જાય છે. એક વસ્ત્રનો તાણો પણ એને રહેતો નથી. આવી વીતરાગતા થાય તેને. સમજાણું કાંઈ? જિનમુદ્રા અંદરની અને જિનમુદ્રા બહારની. બેય. આહાહા..! મોક્ષનો માર્ગ બતાવવો છે ને? અહીં તો આચાર્ય એ કહેશે. '**जिणमुद्दं सिद्धिसुहं**'. અહીં તો કાર્યનો ઉપચાર કરે છે ને? જિનમુદ્રા એ જ સિદ્ધિસુખ છે. કેમકે જ્યાં અંદર વીતરાગ મુદ્રા પ્રગટ થઈ છે ત્યાં બહારમાં પણ વીતરાગ મુદ્રા દિગંબર નગ્નદશા (હોય છે). આહાહા..! એ વાત સાંભળતા જેને સ્વપ્નામાં આવતા ઘૃણા લાગે એને વીતરાગમાર્ગની રુચિ નથી. આહાહા..! સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ હોય અને એની નગ્ન દશા દિગંબર થઈ જાય. એને વસ્ત્રનો તાણો પણ હોઈ શકે નહિ. એવી...

**जिणमुद्दं सिद्धिसुहं हवेइ णियमेण [१]जिणवरुद्दिट्ठं।**
**सिविणे वि ण रुच्चइ पुण जीवा अच्छंति भवगहणे।।४७।।**

સ્વપ્નામાં પણ ન રુચે એ ચોર્યાશીના ભવભ્રમણમાં રખડવાના છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આચાર્ય મહારાજ તો સ્વપણામાં પણ ન રુચે. છે ને? જિનમુદ્રા વીતરાગભાવ અંદર. એને બાહ્યના પરિગ્રહ, વસ્ત્રનો તાણો (ન હોય). નગ્ન (હોય). માએ જેવો જન્મ્યો એવું બાળક જેવું શરીર એનું. નિર્વિકારી મુદ્રા. આહાહા..! એને પણ વ્યવહારે... આહાહા..!

મુમુક્ષુ :- વૈરાગ્ય ઉદાસીનતા...

ઉત્તર :- એ વૈરાગ્ય કેટલો! કેટલો ઉદાસ! સમજાણું કાંઈ? કહ્યું હતું નહિ? હમણાં બે દિ' પહેલા? 'મારી માવડી રે હવે નહિ રાચું રે આ સંસારમાં,...' અમને હે માતા! એક ક્ષણ પણ લાખેણી જાય છે. અમારા સ્વભાવના સાધન કરવામાં. માતા! આ ગૃહસ્થાશ્રમમાં છીએ .. છે. મા! રજા દે. મા! તને રોવરાવી એકવાર, હોં! હવે બીજી મા નહિ કરું. કોલ કરાર કરીએ છીએ. બીજી મા ન કરીએ, બા! પણ રજા મને દે. અમે વનમાં ચાલ્યા જશું. આહાહા..! એ શ્લોક આવે ત્યારે બોલતા ભાઈ! અજૈવ ધમ્મમ પડિવક્ઝયામી... એ ૧૪મો અધ્યયન ઉતરાધ્યયની ગાથા બોલાવે 'બોટાદ'માં. અજૈવ ધમ્મમ પડિવક્ઝયામી, જહિંપવનામ પુણંભવામિ... હે માતા! અમે આજે જ આત્માના ધર્મને અંગીકાર કરશું. જણેતા ફરીને બીજી મા હવે નહિ કરીએ. અજૈવ ધમ્મમ પડિવક્ઝયામી... આજે જ અમે ધર્મને અંગીકાર કરીશું. જહિંપુવંના.. જેને અંગીકાર કર્યે માતા! ફરીને ભવને કરવાના નથી. આહાહા..! બેટા! જા ભાઈ! ભાઈ! જા તારો રસ્તો અમને હજો. એમ કહીને રજા આપે છે. એય..! 'ભગવાનજીભાઈ'! એમ અહીં કહે છે. આહાહા..! જેની વીતરાગ દશા પ્રગટી જેની જિનમુદ્રા... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे कहते हैं कि जो परमात्माका ध्यान करता है वह योगी लोभरहित होकर नवीन कर्मका आस्रव नहीं करता है :–

## ગાથા-૪૮

परमप्पय झायंतो जोई मुच्चेइ मलदलोहेण।
णादियदि णवं कम्मं णिद्दिट्ठं जिणवरिंदेहिं।।४८।।

परमात्मानं ध्यायन् योगी मुच्यते मलदलोभेन।
नाद्रियते नवं कर्म निर्दिष्टं जिनवरेन्द्रैः।।४८।।

પરમાત્મને ધ્યાતાં શ્રમણ મલજનક લોભ થકી છૂટે,
નૂતન કરમ નહિ આસ્રવે-જિનદેવથી નિર્દિષ્ટ છે. ૪૮.

अर्थ :– जो योगी ध्यानी परमात्माका ध्यान करता हुआ रहता है वह मल देनेवाले लोभकषायसे छूटता है, उसके लोभ मल नहीं लगता है इसीसे नवीन कर्मका आस्रव नहीं होता है, यह जिनवरेन्द्र तीर्थंकर सर्वज्ञदेवने कहा है।

भावार्थ :– मुनि भी हो और परजन्मसंबंधी प्राप्तिका लोभ होकर निदान करे उसके परमात्माका ध्यान नहीं होता इसलिये जो परमात्माका ध्यान करे उसके इस लोक परलोक संबंधी परद्रव्यका कुछ भी लोभ नहीं होता है, इसलिये उसके नवीन कर्मका आस्रव नहीं होता ऐसा जिनदेवने कहा है। यह लोभ कषाय ऐसा है कि दसवें गुणस्थान तक पहुँच जाने पर भी अव्यक्त होकर आत्माको मल लगाता है, इसलिये इसको काटना ही युक्त है, अथवा जब तक मोक्षकी चाहरूप लोभ रहता है तब तक मोक्ष नहीं होता, इसलिये लोभका अत्यंत निषेध है।।४८।।

## પ્રવચન નં. ૮૧, ગાથા-૪૮થી ૫૧, સોમવાર, ભાદરવા સુદ ૮, તા.૭-૯-૭૦

... સમજમેં આયા? હમ તો દુકાનપર ભી બહુત પઢતે થે ન. સજ્ઝાય બહુત કરતે થે. હજારોં. હૈ ન વહ સજ્ઝાય? ચાર સજ્ઝાયમાલા હૈ ન? સજ્ઝાય માલા દેખી નહીં હોગી 'પોપટભાઈ'ને. યહાં દેખી હૈ? ઠીક, યહાં દેખી હૈ કહતે હૈં. ચાર સજ્ઝાય માલા હૈં. હજારોં સજ્ઝાય હૈ. દુકાન પર સબ દેખા થા. બહુત વાંચન કિયા થા. સંવત ૧૯૬૪-૬૫-૬૬. ઉસમેં વહ શ્લોક આયા થા. 'સાચા મેં સમકિત બસે, માયા મેં મિથ્યાત્વ.' પહલે દો ભૂલ ગયે. 'સમકિતનું મૂળ જાણીયે સત્ય વચન સાક્ષાત્'. ઐસા ઉસમેં આતા હૈ. 'સમકિતનું મૂળ જાણીયે સત્ય વચન સાક્ષાત્, સાચામેં સમકિત વસે, માયા મેં મિથ્યાત્વ.' ઐસા શ્લોક હૈ. સરલપના હોના ચાહિયે. જૈસી અપની સ્થિતિ હૈ ઐસા મન, વચન, કાયા સે વક્રતા ન કરે. ઐસા ધર્મ હૈ, લો. આજ તો આર્જવ ધર્મ હૈ ન.

અબ, યહાં ૪૮ ગાથા. ચાર ઔર આઠ. અષ્ટપાહુડ, મોક્ષપાહુડ કી ૪૮ ગાથા. ક્યા કહતે હૈં? અડતાલીસ.

**परमप्पय झायंतो जोई मुच्चेइ मलदलोहेण।**
**णादियदि णवं कम्मं णिद्दिट्ठं जिणवरिंदेहिं।।४८।।**

**અર્થ :-** '**જો યોગી ધ્યાની પરમાત્માકા ધ્યાન કરતા હુઆ રહતા હૈ...**' પરમાત્મા અપના નિજ સ્વરૂપ. જૈસા સિદ્ધ હૈ વૈસા હી અપના અંતર સ્વરૂપ હૈ. જિસમેં પુણ્ય-પાપકે વિકલ્પકા ભી મૈલ હૈ નહીં. કર્મ હૈ નહીં, શરીર હૈ નહીં ઐસા અપના નિજ સ્વરૂપ અંતર હૈ. ઐસા '**પરમાત્માકા ધ્યાન કરતા હુઆ રહતા હૈ વહ મલ દેનેવાલે લોભકષાયસે છૂટતા હૈ,...**' ઉસકો લોભ હોતા નહીં. ઈસ લોક કી કોઈ ઈચ્છા નહીં, પરલોકકી (કોઈ ઈચ્છા નહીં). મોક્ષ અધિકાર આયા હૈ, ૪૮. મોક્ષ અધિકાર ૪૮ ગાથા હૈ. મિલી? '**परमप्पय**'.

મુમુક્ષુ :- ૪૮ હો ગઈ હૈ.

ઉત્તર :- યે ૪૮ હો ગઈ હૈ? ૪૮ પઢતે હૈં, ૪૭ હો ગઈ હૈ. વહાં અપને આયા થા, સ્વપ્નમેં ભી જિસે નગ્ન મુદ્ર રુચતી નહીં હૈ વહ માયાવી મિથ્યાદષ્ટિ હૈ. વહ પહલે ૪૭મેં આ ગયા હૈ. સમજમેં આયા? નગ્ન મુદ્રા દિગંબર વીતરાગ સ્વભાવ, અંદરમેં વીતરાગ સ્વભાવ પ્રગટ હુઆ હો ઔર બાહ્યમેં નગ્ન દશા. જૈસે માતાને જન્મ દિયા ઐસી નગ્ન મુદ્રા ઔર ભાવ મુદ્રા વીતરાગ જિસકો નહીં રુચતી હૈ, સ્વપ્નમેં નહીં રુચે વહ મૂઢ મિથ્યાદષ્ટિ હૈ. સમજમેં આયા? વહ ૪૭ મેં ચલ ગયા હૈ. યહાં તો ૪૮ ચલ રહી હૈ.

કહતે હૈં, જો '**પરમાત્માકા ધ્યાન કરતા હુઆ...**' ક્યા કહતે હૈં? મૈં તો આનંદ ઔર શુદ્ધ દ્રવ્ય સ્વભાવ મેરા પવિત્ર હૈ ઐસા ધ્યેય લગાકર ધ્યાન નામ અંતરમેં એકાગ્રતા કરતા હૈ ઉસકો લોભકષાય છૂટતા હૈ. ઉસકો ઈસ લોક ઔર પરલોકકી કોઈ ઈચ્છા રહતી નહીં. પરમાત્માકે ધ્યાનમેં આલોક પરલોકકી ઈચ્છા કહાં રહી? ઐસા કહતે હૈં. આહાહા..! લોભકા અર્થ-અપના આનંદસ્વરૂપ શુદ્ધાત્માકા જહાં ધ્યાન લગાતે હૈં તો ભાવના વહ લોભ હુઆ, લોભ વહ હુઆ. અંતર ભાવના હુઈ વહ લોભ હૈ. અપની પ્રાપ્તિ. ઐસી પ્રાપ્તિકી દષ્ટિવંતકો પરપદાર્થકી કોઈ ઈચ્છા ઈસ લોકકી ઔર પરલોકકા નિદાન આદિ હોતે નહીં. હૈ હી નહીં. મહાપરમાત્મા નિજ સ્વરૂપ હૈ, ઉસકી જિસકો રુચિ ઔર પ્રેમ જાગા હૈ વહ પરલોક ઔર ઈસ લોક કી ઈચ્છા કરતે નહીં. સમજમેં આયા?

'**ઉસકે લોભ મલ નહીં લગતા હૈ...**' કહના ઐસા હૈ કિ યહાં જહાં આત્માકા ધ્યાન અથવા સ્વરૂપકી ઓર ઝુકના હુઆ ઉસકો પર ઓરકા વિકલ્પ હૈ નહીં તો ઉસકો લોભ મલ લગતા નહીં. નિર્મલતા પ્રગટ હોતી હૈ. સમજમેં આયા? મોક્ષપાહુડ હૈ ન. બહુત સંક્ષિપ્ત ભાષા હૈ. ટૂંકી સમજે? સંક્ષેપમેં. યહાં ભગવાનઆત્મા ચૈતન્ય આનંદકા ધામ હૈ, ઐસી દષ્ટિ હોકર જહાં ઉસ ઓર ઝુકાવ હુઆ (તો) ચાર ગતિકા ઝુકાવ છૂટ ગયા. સમજમેં આયા? દેવગતિકા ભી વિકલ્પ છૂટ ગયા કિ દેવગતિ હોગીકી નહીં? ઈસ આત્માકી પરમાત્મગતિ હોગી ઉસમેં દેવગતિ હો, ઐસા આયે કહાંસે? આહાહા..! 'પોપટભાઈ'! ફિર ઉસે પુત્ર અચ્છે હો

ઔર પૈસે અચ્છે હો, ઐસી ઈચ્છા હોતી નહીં, ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- પુત્ર થે હી કબ?

ઉત્તર :- યહાં સાથમેં હાથ જોડકે બૈઠા હૈ. કિતને પૈસે ખર્ચ કરકે, પાપ કરકે પૈસા ઈકઠ્ઠા કિયા. ફિર ઉસકે નામપર ખર્ચ કિયા. કહો, સમજમેં આયા? 'રામજીભાઈ'કા જીવન નૈતિક બહુત અલૌકિક થા. સંસારમેં ભી ઉનકી લાઈન બહુત.. ઉનકી છાપ... ધારણા ભી ઈસ ઉમ્રમેં.. ઓહોહો..! બહુત ધારણા. એય..! આપકી ભી કિતની ધારણા તો નહીં હોગી. ... મેરેસે જ્યાદા હૈ, ઐસા કહે. બાહ્ય બુદ્ધિકા યહાં ક્યા કામ હૈ? એ.. 'ભગવાનજીભાઈ'! આહાહા..! યહાં તો અંતરકી દૃષ્ટિ કરનેકે વિષયમેં જો બુદ્ધિ કામ કરે વહ બુદ્ધિ હૈ. બુદ્ધયતે ઈતિ બુદ્ધિ. અપને સ્વભાવકો જાનનેમેં કામ આવે વહ બુદ્ધિ. સમજમેં આયા? ... મૈં નહીં. દેખો!

યહાં તો કહતે હૈં, મોક્ષકા અધિકાર હૈ ન. મોક્ષ તો અપના વસ્તુસ્વભાવ શુદ્ધ આનંદઘનકી ઓર કે ઝુકાવસે યાની ધ્યાનસે, ઝુકાવકા અર્થ ધ્યાનસે, ધ્યાનસે કા અર્થ ઝુકાવસે, અંતરકે ઝુકાવસે સ્વદ્રવ્યકે આશ્રયસે આત્માકો સંવર, નિર્જરા ઔર મોક્ષ હોતા હૈ. જૈસે સંવર નિર્જરા જ્યું અંતમેં અપને દ્રવ્ય સ્વભાવમેં દૃષ્ટિ લગાઈ ઉસકો આલોક, પરલોકકી કોઈ ઈચ્છા રહતી નહીં. સમજમેં આયા? યે તો સમ્યગ્દૃષ્ટિકી બાત કરતે હૈં. બાદમેં ચારિત્ર. લેકિન સમ્યગ્દૃષ્ટિકો જહાં અપના ધ્યેય હૈ ઉસકા ધ્યાન કરનેકી જહાં ભાવના હૈ, ઉસકો દૂસરી કોઈ ઈચ્છા હોતી નહીં. સમજમેં આયા? તીનલોકકા રાજ હો તો ભી (ઉસકી ઈચ્છા નહીં હૈ). અપને આલોચનામેં આયા થા. હે નાથ! આપને હમેં જો ઉપદેશ દિયા, હે ભગવાન! ઉસ ઉપદેશકી જમાવટમેં... હમારે 'જયકુમારજી' કહતે હૈં, વિસ્તારસે પઢિયે. લેકિન એક ઘંટેમેં પૂરા કરના થા. ક્યા કરેં? ઉસમેં વહ આયા થા, આખિરમેં આયા થા. હે નાથ! તેરે ઉપદેશમેં હમારા આત્મા ઐસા આયા હૈ કિ ઉસકી હમેં જમાવટ લગી હૈ. ઉસકે આગે મુઝે પૃથ્વીકા રાજ તો ક્યા હૈ? દેવલોકમેં જાના હૈ ન? ઈસલિયે ના કહતે હૈં. પૃથ્વીકા રાજ તો ક્યા લેકિન તીનલોકકા રાજ મુઝે સડે હુએ તિનકે કે જૈસે દિખતા હૈ. ઐસા ચિદાનંદ ભગવાનકા ધ્યાન કરતા હૈ ઔર અપને શ્રદ્ધા-જ્ઞાનમેં આત્માકો લિયા તો સબ લે લિયા. સબ જાના, સબ દેખા, સબ કિયા. આહાહા..! સમજમેં આયા?

**ભાવાર્થ :-** કહતે હૈં, '**મુનિ ભી હો ઔર પરજન્મસંબંધી પ્રાપ્તિકા લોભ હોકર...**' દેખો! લોભ લેના હૈ ન. '**નિદાન કરે ઉસકે પરમાત્માકા ધ્યાન નહીં હોતા હૈ,...**' જિસે કુછભી બાહરકી રુચિ ઔર ઈચ્છા રહ જાય, ઉસકી ઈચ્છા હો જાયે તો અપને સ્વરૂપકી દૃષ્ટિ નહીં હોગી, સ્વરૂપકી ઓર ઝુકના નહીં હોગા. સમજમેં આયા? બાહ્યમેં કોઈભી શુભરાગકી મીઠાસ ઔર પ્રેમ રહ જાયે તો અંતરમેં રાગરહિત સ્વભાવકી રુચિ, દૃષ્ટિ, ધ્યાન ઔર ધ્યાતા નહીં હોગા. આહાહા..! સમજમેં આયા? ઐસા કહતે હૈં. જિસકો પરમાત્મા અપના નિજ સ્વરૂપ, પરમ આત્મા યાની પરમ સ્વરૂપ, ઐસી જહાં પ્રીતિકી જમાવટ અંદરમેં હુઈ ઐસે ધર્માત્માકો લોભમાત્ર રહતા નહીં. અસ્થિરતા હોતી હૈ વહ કુછ નહીં, વહ ગિનતીમેં નહીં આતા.

**'નિદાન કરે ઉસે પરમાત્માકા ધ્યાન નહીં હોતા હૈ, ઈસલિયે જો પરમાત્માકા ધ્યાન કરે ઉસકે ઈસ લોક પરલોક સંબંધી પરદ્રવ્યકા કુછ ભી લોભ નહીં હોતા હૈ,...'** દેખો! સમજ મેં આયા? પરજન્મ ઔર ઈસ જન્મકા લોભ, ઉસકો પરમાત્માકા ધ્યાન નહીં હોતા. ઔર આત્માકા ધ્યાન જિસે હોતા હૈ, ઉસકો પરલોક ઔર ઈસ લોકકી ઈચ્છા નહીં હોતી. આહાહા..! સમજમેં આયા? **'ઉસકે ઈસ લોક પરલોક સંબંધી પરદ્રવ્યકા કુછ ભી લોભ નહીં હોતા હૈ, ઈસલિયે ઉસકે નવીન કર્મકા આસ્રવ નહીં હોતા ઐસા જિનદેવને કહા હૈ.'** વીતરાગદેવ પરમાત્મા ઐસા કહતે હૈં કિ ભગવાન! તેરા પરમાનંદ સ્વરૂપ તેરે પરમાત્મામેં જિસને દૃષ્ટિ લગાઈ, ઉસ ઓરકા ઝુકાવકા ધ્યાન હુઆ ઉસે કિસી ભી પ્રકારકા બાહ્ય લોભ રહતા નહીં. સમજમેં આયા?

**'યહ લોભ કષાય ઐસા હૈ કિ દસવેં ગુણસ્થાન તક પહુંચ જાને પર ભી અવ્યક્ત હોકર આત્માકો મલ લગાતા હૈ,...'** દસવેં ગુણસ્થાન તક આતા હૈ ન? **'ઈસલિયે ઈસકો કાટના હી યુક્ત હૈ,..'** ઈસલિયે સ્વભાવ સન્મુખ હોકર ઉસકા નાશ કરના હી વ્યાજબી હૈ. કાટના (કહા તો) ભાષા તો ક્યા કરે? લોભકો કાટે ક્યા? ઈસ લોભ કો કાટુ, ઐસા હૈ? ઉપદેશમેં વાક્ય કૈસા આયે? લોભરહિત અપના નિર્લોભ સંતોષ આનંદસ્વરૂપકી દૃષ્ટિ હુઈ ઔર સ્થિરતા હુઈ તો ઈચ્છાકી ઉત્પત્તિ નહીં હુઈ તબ ઈચ્છાકા કાટના કહનેમેં આતા હૈ. ઐસી બાત હૈ. ભારે કથની અલગ જાતકી, ભાવ અલગ જાતિકા. કથની ઉસ પ્રકારસે આયે. વસ્તુ ભગવાન ભિન્ન હૈ, ભાષા જડ ભિન્ન હૈ. ભાષા દ્વારા આત્માકી બાત કરની, દુશ્મન દ્વારા પ્રશસ્તિ કરવાને (જૈસા હૈ). ભગવાન તો મૌન હૈ. કૌન ભગવાન? આત્માતો મૌન હૈ. ઉસે વિકલ્પ ભી નહીં ઔર વાણી ભી નહીં. ઐસે આત્માકા જિસકો દૃષ્ટિ ઔર ધ્યાન લગા ઉસકો પરલોકકી ઈસ લોકકી કોઈ ઈચ્છા હૈ નહીં. ઈચ્છા હોનેપર ભી ઈચ્છા નહીં હૈ. ઈચ્છાકી ઈચ્છા નહીં હૈ. આહાહા..! પરમાત્મા આનંદસ્વરૂપમેં જહાં પ્રીતિ જમી હૈ... આતા હૈ ન? નિર્જરા અધિકારમેં. રતિ, કલ્યાણ, સંતોષ ઈતનેમેં કર દે. બાહ્ય મેં સંતોષ આદિ હૈ નહીં. નિર્જરા અધિકારમેં આતા હૈ.

**'અથવા જબ તક મોક્ષકી ચાહરૂપ લોભ રહતા હૈ...'** દેખો! અરે..! મોક્ષકી ઈચ્છા રહે તબતક આત્મા વહાં રુક જાતા હૈ. ક્યોંકિ ઈચ્છાકા ભી અભાવ હોતા હૈ તબ મોક્ષ હોતા હૈ. 'ક્યા ઈચ્છત ખોવત સબ, હૈ ઈચ્છા દુઃખ મૂલ. ક્યા ઈચ્છિત ખોવત સબ હૈ ઈચ્છા કરે નહીં.' તેરા આત્મા તો ઉસમેં ખો જાતા હૈ. આહાહા..! બહુત સૂક્ષ્મ. છોટે સે છોટા લોભ હો લેકિન ઉસકી રુચિ ઔર પ્રેમ રહતા હૈ તો ખલાસ! આત્માકા પ્રેમ નહીં રહતા. એક મ્યાનમેં દો તલવાર નહીં રહતી. આહાહા..! જહાં ભગવાનઆત્માકા અંદરમેં પ્રેમ લગા, ઉસકા તીનલોક તીનકાલકે પરકા પ્રેમ છૂટ જાતા હૈ. ઔર વહાં કા પ્રેમ રહે ઔર આત્માકા પ્રેમ હો જાયે ઐસા બનતા નહીં. સમજમેં આયા?

आगे कहते हैं कि जो ऐसा निर्लोभी बनकर दृढ़ सम्यक्त्व–ज्ञान–चारित्रवान होकर परमात्माका ध्यान करता है वह परम पदको पाता है :–

## ગાથા-૪૯

होऊण दिढचरित्तो दिढसम्मत्तेण भावियईओ।
झायंतो अप्पाणं परमपयं पावए जोई।।४९।।

भूत्वा दृढ चरित्रः दृढसम्यक्त्वेन भावितमतिः।
ध्यायन्नात्मानं परमपदं प्राप्नोति योगी।।४९।।

પરિણત સુદ્દઢ-સમ્યક્ત્વરૂપ, લહી સુદ્દઢ-ચારિત્રને,
નિજ આત્મને ધ્યાતાં થકાં યોગી પરમ પદને લહે. ૪૯.

अर्थ :– पूर्वोक्त प्रकार जिसकी मति दृढ़ सम्यक्त्वसे भावित है ऐसायोगी ध्यानी मुनि दृढ़चारित्रवान होकर आत्माका ध्यान करता हुआ परमपद अर्थात् परमात्मपदको प्राप्त करता है।

भावार्थ :– सम्यग्दर्शन, ज्ञान, चारित्ररूप दृढ़ होकर परिषह आने पर भी चलायमान न हो, इस प्रकारसे आत्माका ध्यान करता है वह परम पदको प्राप्त करता है ऐसा तात्पर्य है ।।४१।।

---

### ગાથા-૪૯ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો ઐસા નિર્લોભી બનકર દઢ સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રવાન હોકર...'** દઢ સ્વરૂપ મેં ચારિત્રવંત હોકર. દઢ સમકિત, દઢ જ્ઞાન ઔર દઢ ચારિત્ર. **'હોકર પરમાત્માકા ધ્યાન કરતા હૈ વહ પરમ પદકો પાતા હૈ :-'** લો, વહ કહતે હૈં.

होऊण दिढचरित्तो दिढसम्मत्तेण भावियईओ।
झायंतो अप्पाणं परमपयं पावए जोई।।४९।।

યોગી. આત્મા આનંદકંદમેં જુડાન કરે વહ યોગી. સમ્યગ્દૃષ્ટિ ભી ઉતના યોગી હૈ. આહાહા..! સમજમેં આયા? રાગકી એકતા તોડકર વીતરાગ ચૈતન્યમૂર્તિ પરમાત્મામેં જહાં એકતા હુઈ તો ઉતના વહ યોગી હૈ, વહ આત્માકા યોગ સાધતા હૈ. સમજમેં આયા? ભરત ગૃહસ્થાશ્રમમેં વૈરાગી, નહીં કહતે હૈં? ભરતજી ઘરમેં વૈરાગી. ૯૬ હજાર સ્ત્રિયાં પદમણી જૈસી. ૯૬ હજાર સમજે. ૯૬ લાખ તો હાથી, ૯૬ ક્રોડ પાયદળ, ૯૬ ક્રોડ ગાંવ કોઈ મેરા નહીં. મૈં તો આનંદસ્વરૂપ હૂં. ૯૬ હજાર પદમણી જૈસી સ્ત્રિયાં ઘરમેં. રાગ ભી થોડા હોતા હૈ લેકિન ઉસ રાગકા રાગ નહીં હૈ. આહાહા..! સમજમેં આયા? અપના નિજ સ્વરૂપ ભિન્નકી દૃષ્ટિ રુચિકે આગે જગતકે કોઈ ભી પદાર્થકા પ્રેમ યા રુચિ ઉસે લૂટ લે ઐસા હૈ નહીં. સમજમેં આયા?

**અર્થ :-** ‘**પૂર્વોક્ત પ્રકાર...**’ યોગી ધ્યાની મુનિ ઈતને વિશેષણ લગાયે. ‘**દૃઢ સમ્યક્ત્વસે ભાવિત હૈ...**’ પહલે તો આત્મા અખંડ આનંદમૂર્તિકી પ્રતીતિ-સમ્યગ્દર્શનમેં પક્કી હોની ચાહિયે. સમ્યગ્દર્શનકે બિના ચારિત્ર હોતા નહીં ઔર ચારિત્ર બિના મોક્ષકા કારણ ધ્યાન ઉગ્ર હોતા નહીં. આહાહા..! સમજમેં આયા? પહલે તો ‘**જિસકી મતિ દૃઢ સમ્યક્ત્વસે ભાવિત હૈ...**’ જિસકા મતિજ્ઞાન, મતિમેં દૃઢતા હો ગઈ હૈ કિ મૈં પૂર્ણ આનંદ શુદ્ધ ધ્રુવ (હૂં). મેરે સ્વભાવમેં રાગ ઔર પરકા પ્રવેશ તો નહીં લેકિન એક સમયકી વીતરાગી પર્યાયકા ભી પ્રવેશ નહીં. સમજમેં આયા? ઐસા વજ્ર કિલ્લા ચિદાનંદ ભગવાન આત્મા (હૈ), ઐસા સમકિત દૃઢ હો, ઐસી જિસકી મતિ હો. ઔર ‘**દૃઢ ચારિત્રવાન હોકર...**’ ઓહો..! સ્વરૂપકા સમ્યગ્દર્શનપૂર્વક જહાં સ્વરૂપમેં લીનતા હો ગઈ, ધ્યાન હુઆ, જમાવટ ધ્યાન હુઆ. સ્વરૂપમેં રમના, જમના, લીન હોના, આનંદકા વિશેષ ભોજન લેના. યે દવાઈ કી પુડિયાં લેતે હૈં ન? દો પુડિયાકા ભોજન લેના. ઐસા કહતે હૈં કિ નહીં? ભોજન-બોજન કુછ નહીં હૈ ધૂલમેં. આત્મા આનંદકા ભોજન. ખોરાક સમજતે હૈ કે નહીં ભોજન. સમ્યગ્દર્શન ભાનસહિત આનંદકા ભોજન કરતે હૈં ઉસકા નામ ચારિત્ર હૈ. આહાહા..! સમજમેં આયા?

‘**જિસકી મતિ દૃઢ સમ્યક્ત્વસે ભાવિત હૈ ઐસા યોગી ધ્યાની મુનિ દૃઢચારિત્રવાન હોકર આત્માકા ધ્યાન કરતા હુઆ...**’ ઐસા બનકર અપને સ્વરૂપ મેં લીનતા કરતા હુઆ ઔર અપને ધ્રુવ સ્વભાવકી ઓર ઝુકાવ હોને સે ‘**પરમપદ અર્થાત્ પરમાત્મપદકો પ્રાપ્ત કરતા હૈ.**’ અપના પરમાત્માકા ધ્યાન કરનેસે પર્યાયમેં પરમાત્મપદ પ્રગટ હોતા હૈ, ઐસા કહતે હૈં. સમજમેં આયા? કઠિન બાત લગે. લેકિન બાપૂ! માર્ગ હી યહ હૈ. સ્વયં નિજ સ્વરૂપ પરમાત્માકે ધ્યાન સે હી શુદ્ધ પરમાનંદરૂપી મુક્તિ પ્રાપ્ત હોતી હૈ. દૂસરા કોઈ કારણ હૈ નહીં. બીચમેં પંચમહાવ્રત આદિકા વિકલ્પ આતા હૈ વહ તો બંધકા કારણ હૈ, ઐસા કહતે હૈં. મોક્ષકા કારણ નહીં. સ્વદ્રવ્ય સ્વભાવ પૂર્ણકી ઓરકા ઝુકાવસે જિતની લીનતા હુઈ વહી મોક્ષકા કારણ હૈ.

મુમુક્ષુ :- યે યોગી હૈ.

ઉત્તર :- ઈસકા નામ યોગી. યે સબ ઐસા કરકે બૈઠે, ધ્યાન લગાયે, ક્યા ધ્યાન લગાયા? એક આદમી લંપટી થા. વહ ભી સમાધિ લેતા થા. ગઢ્ઢે કે અંદર ડાલે ઔર રહતા. બાહર નીકલે તો ... ઉસપ્રકારકી પ્રેક્ટીસ કી થી. યહાં આયા થા. ‘રામજીભાઈ’કો મિલા થા. યહાં ગુરુકુલમેં આયા થા. જમીનકે અંદર રહે, ઉપર સે બંદ કર દે, થા લંપટી. લેકિન ઉસપ્રકારકા અભ્યાસ કિયા હો તો પાંચ-દસ-પંદ્રહ દિન રહે. ઉસકે સાથ ક્યા સંબંધ હૈ? સમજમેં આયા? યહાં ગુરુકુલમેં આયા થા. ભગવાનકે નામ સે ધ્યાન કરકે રહ સકો? નહીં. મૈંને જિસકા વિચાર ત્રાટક કિયા હો ઉસમેં રહ સકતા હૂં. ઉસમેં ક્યા? યે સબ સમાધિ કરનેવાલે થોથા હૈ. આત્મા આનંદસ્વરૂપકા જબતક અંતર્મુખ હોકર દૃઢ સમ્યગ્દર્શન હુઆ નહીં, તબતક ઉસમેં લીનતાકા ચારિત્રકા ધ્યાનકા ભાવ આતા નહીં. લોગોંકા રંજન કરે કિ આહાહા..! પંદ્રહ દિન સમાધિ લગાઈ ઔર ઉપર લકડી રખકર ધૂલ ડાલી. સમજમેં આયા?

ઉમરાલામેં દેખા થા. બહુત સાલ પહલેકી બાત હૈ. (સંવત) ૧૯૫૮-૫૯કી બાત હૈ.

કબીરકા સાધુ થા. વાળંદકે ઘર.. વાળંદ સમજે? હજામકે ઘર રહતા થા. આખિરકે દિન જીવીત રહકર સમાધિ લી. હમ દેખને ગયે થે. એય..! 'પ્રકાશદાસજી'! ... વહાં દેખા થા. કબીરકા સાધુ થા. ઐસે સુંદર શરીર થા. લેકિન ઉસે ઐસી ધૂન લગી થી કિ મુઝે જીવિત (સમાધિ લેની હૈ). મકાનકે અંદર ખાલી જગહ હો વહાં ગઢ્ઢા કરકે જીંદા બિઠાયા. ફિર ઉપર લકડી ડાલકર, ધૂલ ડાલકર ઢોલ બજાયા. વહ આવાજ કરે તો કોઈ સુને નહીં. ઢોલ.. ઢોલ સમજતે હો? નગારા. ગઢ્ઢેમેં ડાલા, ઉસપર લકડી ડાલી, ઉસકે ઉપર ડાલી ધૂલ. હમ તો છોટી ઉમ્રકે થે. (સંવત) ૧૯૫૭ યા ૧૯૫૮કી બાત હૈ. કબીરકા સાધુ થા. કુછ ભાન નહીં.

મુમુક્ષુ :- જબરજસ્તી..?

ઉત્તર :- નહીં, ઉસને કહા થા. હમ તો બાહર ખડે થે. નગારા બજાયા. ઉં.. ઉં.. કુછ ભી હુઆ હોગા, અંદરસે જીવ નિકલ ગયા હોગા. યે તો હઠ હૈ, મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા?

યે તો આત્મા પરમાનંદ સ્વરૂપકી જાગૃતિ દૃષ્ટિમેં હુઈ, ફિર ઉસમેં લીન હોકર બાહ્યમેં ચાહે કુછ ભી દબાવ હો, ચાહેતો ઉપર લકડી ડાલે યા ધૂલ ડાલે, લેકિન અંદર ધ્યાનમેં લીનતા હૈ. સમજમેં આયા? ઉસસે આત્માકી મુક્તિ ઔર મોક્ષ હોતા હૈ. ઐસી હઠ સમાધિસે અનંત બાર કિયા, ઉસમેં ક્યા હૈ?

**ભાવાર્થ :- 'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ દઢ હોકર પરિષહ આને પર ભી ચલાયમાન ન હો,...'** દેખો! અપના નિજ સ્વભાવકા ઐસા ભરોસા અંતરમેં ભાન હોકર આયા, ઈતના ભરોસા અંતરમેં જ્ઞાનકા ખ્યાલમેં આકર આયા કિ જિસકી દઢતા ચૌદહ બ્રહ્માંડ ફિરે લેકિન દઢતા ફિરે નહીં. સમજમેં આયા? ઐસા અંદરમેં દઢ સમકિત સહિત '**પરિષહ આને પર ભી ચલાયમાન ન હો...**' પ્રતિકૂલતાકા સંયોગ હો લેકિન અંદરમેં ડિગે નહીં. '**ઈસ પ્રકારસે આત્માકા ધ્યાન કરતા હૈ વહ પરમ પદકો પ્રાપ્ત કરતા હૈ...**' ઐસે આત્માકા ધ્યાન કરે વહ પરમપદકો પ્રાપ્ત કરતા હૈ. અભી સમ્યક્ત્વકા ઠિકાના નહીં, જ્ઞાનકા ઠિકાના નહીં ઔર કરો ધ્યાન. બહુત લોગ પૂછને આતે હૈં કિ હમેં કિસકા ધ્યાન કરના? અભી વસ્તુ ક્યા હૈ ઉસકી તો દૃષ્ટિ કર. સમજમેં આયા? ધ્યેય જો આત્મા હૈ ઉસકા તો પત્તા નહીં, ધ્યાન કિસકા કરના? ધ્યાન તો સમ્યગ્દર્શન હોને કે બાદ સ્વરૂપમેં સ્થિરતા કરના વહ ધ્યાન હૈ. સમજમેં આયા? પંડિતજી! યે સામાયિકમેં ધ્યાન કરતે હૈં ન? લેકિન સમ્યગ્દર્શન બિના સામાયિકમેં ધ્યાન કહાંસે આયા?

સમ્યગ્દર્શન જો ધ્યાનકા મૂલ કારણ હૈ, વહ તો સમ્યગ્દર્શન હૈ. ઔર સમ્યગ્દર્શનમેં કારણ તો ત્રિકાલી તત્ત્વ હૈ. ઐસા ત્રિકાલી તત્ત્વ દૃષ્ટિમેં ઔર જ્ઞાનમેં-મતિમેં આયા નહીં તો કહાં ધ્યેય લગાના વહ તો માલૂમ નહીં, ઉસકો ધ્યાન હોતા નહીં. મુફ્તમેં સમય જાતા હૈ. ઐસા લગા દે, ઉસમેં ક્યા હુઆ? વહ કહતે હૈં.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન આયેગા.

ઉત્તર :- કહાંસે આયેગા? દૃષ્ટિ મેં ભાન નહીં હુઆ, કહાંસે આયેગા? સેઠ બચાવ કરતે હૈં. ઐસા કહતે હૈં કિ ઐસા કરેગા તો આયેગા. ઐસા તો અનંત બાર કિયા. દો-દો મહિનેકા

સંથારા. સંથારા સમજે? સંલેખના. દો-દો માસ, સાઠ-સાઠ દિન. અનંત બાર કિયા. અપના નિજાનંદ સ્વભાવકા સ્પર્શ કિયે બિના આત્મા કો લાભ હુઆ નહીં. આહા..! સમજમેં આયા? વહ તો બાહ્ય ક્રિયાકાંડકા વિકલ્પ હૈ. વહ હઠ હૈ, હઠ. આહાહા..! ૪૮ હુઈ.

આત્માકે સમ્યગ્દર્શન સહિત, સમ્યગ્જ્ઞાન સહિત ઔર બાદમેં સ્વરૂપમેં સ્થિરતા સહિત યદિ ધ્યાન કરે તો ઉસકો પરમપદકી પ્રાપ્તિ હો. સમ્યગ્દર્શનકા ઠિકાના નહીં, સમ્યગ્જ્ઞાનકા ઠિકાના નહીં, ચારિત્રકા ઠિકાના નહીં ઔર ધ્યાન કરે. કિસકા ધ્યાન? આકાશ કે ફૂલકા ધ્યાન જૈસા ધ્યાન હૈ. આકાશકા ફૂલ હૈ નહીં, ઐસા તેરા ધ્યાન હૈ. વસ્તુ ક્યા હૈ અંદરમેં? ઐસા જ્ઞાનમેં સ્વજ્ઞેય આયે બિના, શ્રદ્ધામેં જ્ઞેય આનેકી પ્રતીત હુએ બિના સ્વરૂપમેં સ્થિરતા હોતી નહીં. ઔર સ્થિરતા હોને કે બાદ ધ્યાન જમતા હૈ. ઐસા યહાં કહતે હૈં. ઉસકી ગાથા હૈ. આહાહા..!

---

आगे दर्शन, ज्ञान, चारित्रसे निर्वाण होता है – ऐसा कहते आये वह दर्शन, ज्ञान तो जीवका स्वरूप है, ऐसा जाना, परन्तु चारित्र क्या है? ऐसी आशंकाका उत्तर कहते हैं :–

## ગાથા-૫૦

**चरणं हवइ सधम्मो धम्मो सो हवइ अप्पसमभावो।**
**सो रागरोसरहिओ जीवस्स अणण्णपरिणामो।।५०।।**

**चरणं भवति स्वधर्मः धर्मः सः भवति आत्मसमभावः।**
**सः रागरोषरहितः जीवस्य अनन्यपरिणामः।।५०।।**

**ચારિત્ર તે નિજ ધર્મ છે ને ધર્મ નિજ સમભાવ છે,**
**તે જીવના વણ રાગ રોષ અનન્યમય પરિણામ છે. ૫૦.**

**अर्थ :–** स्वधर्म अर्थात् आत्माका धर्म है वह चरण अर्थात् चारित्र है। धर्म है वह आत्मसमभाव है सब जीवोंमें समानभाव है। जो अपना धर्म है वही सब जीवोंमें है अथवा सब जीवोंको अपने समान मानना है और जो आत्मस्वभावसे ही (स्वाश्रयके द्वारा) रागद्वेष रहित है, किसीसे इष्ट–अनिष्ट बुद्धि नहीं है ऐसा चारित्र है, वह जैसे जीवके दर्शन–ज्ञान हैं वैसा ही अनन्य परिणाम है, जीवका ही भाव है।

**भावार्थ :–** चारित्र है वह ज्ञानमें रागद्वेष रहित निराकुलतारूप स्थिरताभाव है, वह जीवका ही अभेदरूप परिणाम है, कुछ अन्य वस्तु नहीं है।।५०।।

---

## ગાથા-૫૦ ઉપર પ્રવચન

**'આગે દર્શન, જ્ઞાન, ચારિત્રસે નિર્વાણ હોતા હૈ-ઐસા કહતે આયે વહ દર્શન, જ્ઞાન તો જીવકા સ્વરૂપ હૈ, ઐસા જાના, પરંતુ ચારિત્ર ક્યા હૈ? ઐસી આશંકા કા ઉત્તર કહતે હૈં :-'** જીવકા સ્વરૂપ ક્યા હૈ ઔર ફિર ચારિત્ર ક્યા હૈ? ઉન સબકી વ્યાખ્યા કરતે હૈં. કઠિન બાત, ભાઈ!

**चरणं हवइ सधम्मो धम्मो सो हवइ अप्पसमभावो।**

**सो रागरोसरहिओ जीवस्स अणण्णपरिणामो।।५०।।**

**અર્થ :- 'સ્વધર્મ અર્થાત્ આત્માકા ધર્મ હૈ વહ ચરણ અર્થાત્ ચારિત્ર હૈ.'** દેખો, ચારિત્રકી વ્યાખ્યા. પંચમહાવ્રતકા વિકલ્પ ઔર દેહકી નગ્ન દશા વહ કોઈ ચારિત્ર નહીં હૈ. આહાહા..! **'સ્વધર્મ અર્થાત્ આત્માકા ધર્મ હૈ વહ ચરણ અર્થાત્ ચારિત્ર હૈ.'** આત્મા વીતરાગસ્વભાવ હૈ, ઐસા વીતરાગસ્વભાવ પ્રગટ હો ઉસકા નામ ચારિત્ર હૈ. સમજમેં આયા? સ્વધર્મ અર્થાત્ આત્મા કે ધર્મ કો ચરણ કહતે હૈં.

**'ધર્મ હૈ વહ આત્મસમભાવ હૈ...'** આત્મા સમભાવ હૈ **'સર્વ જીવોંમેં સમાનભાવ હૈ.'** મૈં આનંદમય જ્ઞાનમય હૂં, વૈસે સબ આત્મા જ્ઞાનમય હૈં. સર્વ જીવ હૈં જ્ઞાનમય, વહ આતા હૈ કિ નહીં? 'યોગીન્દ્રદેવ' 'યોગસાર'. 'સર્વ જીવ હૈ જ્ઞાનમય' બાદમેં? 'જાણે સમતા ધાર' અર્થાત્ સમતાકા અર્થ વીતરાગભાવ પ્રગટ કરકે સર્વ આત્મા મેરે જૈસે હૈં, ઐસા સમાન. કિસીપર વિષમતા નહીં હૈ. સમજમેં આયા? સર્વ જીવ હૈ જ્ઞાનમય. 'શ્રીમદ્'મેં ઐસા આયા, 'સર્વ જીવ છે સિદ્ધસમ'. વહાં 'આત્મસિદ્ધિ'મેં સિદ્ધસમ કહા હૈ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' ઔર સર્વ જીવ સિદ્ધ સમાન હી હૈં....

**'સબ જીવોંમેં સમાનભાવ હૈ.'** સમજમેં આયા? 'શ્રીમદ્'મેં આતા હૈ કિ નહીં? 'બહુ પુણ્ય કેરા..' (કાવ્યમેં). અંતમેં આતા હૈ. 'સર્વ આત્મમાં સમદૃષ્ટિ દો, સર્વાત્મમાં સમદૃષ્ટિ દો'. ઉસકા અર્થ સર્વ જીવ જ્ઞાનકા પિંડ હૈ, પરમાત્મસ્વરૂપ હૈ. મૈં કિસકા પક્ષ કરું કિ વહ મેરા હૈ ઔર વહ મેરા નહીં. સબ મેરે સ્વભાવ જૈસે ભગવાનઆત્મા હૈં. કોઈ દુશ્મન નહીં હૈ, કોઈ સજ્જન હૈ નહીં. સમભાવ. સમજમેં આયા? દેખો! 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દો'. વહ બાત ૧૬ વર્ષકી ઉમ્રમેં કહી. ૧૬ વર્ષમેં! આનંદ જ્ઞાનસ્વરૂપી મૈં હૂં, વૈસે હી સબ આત્મા હૈં. ચાહે તો દુશ્મન હો તો ભી વહ તો ભગવાનઆત્મા હી હૈ. પર્યાયમેં જો ઉસકી વિરૂદ્ધતા હૈ તો પર્યાયદૃષ્ટિ તો મેરી છૂટ ગઈ હૈ તો ઉસ દૃષ્ટિસે મૈં ઉસકો ક્યોં દેખું? ઐસા કહતે હૈં. સમજમેં આયા? મેરી ભી પર્યાયદૃષ્ટિ છૂટ ગઈ હૈ. રાગ ઔર એક અંશ મૈં, ઐસી દૃષ્ટિ છૂટ ગઈ હૈ તો દૂસરેકો ભી ઐસે ક્યોં દેખું કિ વહ રાગ-દ્વેષવાલા હૈ. વહ તો અંદર જ્ઞાનમય સ્વભાવ હૈ ઐસે સબ આત્મા હૈં. આહા..! સમજમેં આયા?

ભગવાન હોકર વહ ભી મૈં હૂં, લો ન. વહ મૈં હૂં ઔર મૈં હૂં વૈસે વહ હૈં. સ્વભાવકી અપેક્ષાસે, હોં! વસ્તુ તો ભિન્ન-ભિન્ન હૈ. ઐસા અર્થ કિયા હૈ. ટીકા મેં ઐસા અર્થ કિયા હૈ. મૈં

'**सुहजोएण**'નો અર્થ શુભજોગ નહિ. શુભનો મેળાપ. ઇષ્ટ વસ્તુનો સંબંધ. એમાં '**परदव्वे**' પરદ્રવ્યનો મેળાપ છે ને? '**सुभावं**' સુભાવ એટલે એને પ્રીતિ થાય છે. એવો જે રાગ કરે છે તો તે '**अण्णाणी**' તેથી તે અજ્ઞાની છે. આહાહા..! '**વહ પ્રગટ રાગ-દ્વેષ હૈ, ઇષ્ટમેં રાગ હુઆ તબ અનિષ્ટ વસ્તુમેં દ્વેષભાવ હોતા હી હૈ,...**' ઇષ્ટ વસ્તુને કારણે રાગ થયો, અનિષ્ટ વસ્તુને કારણે ત્યાં દ્વેષ થયા વિના રહેશે જ નહિ. આહાહા..! એ તો રાગ-દ્વેષ કરવાનો અભિપ્રાય થયો. મોક્ષ અધિકાર છે ને. પરદ્રવ્ય પ્રત્યેના વલણનો રાગ અસ્થિરતાનો હોય તો ધર્માનુરાગ છે. એ ઇષ્ટ માનીને આ મને બહુ લાભદાયક છે, એમ માનીને થાય તે અજ્ઞાનભાવ છે. બે માં આટલો ફેર છે. સમજાણું કાંઈ? '**અનિષ્ટ વસ્તુમેં દ્વેષભાવ હોતા હી હૈ,...**'

**'ઈસપ્રકાર જો રાગ-દ્વેષ કરતા હૈ...'** ઈષ્ટતા જાણીને રાગ કરે, અનિષ્ટ માનીને દ્વેષ કરે. ઈષ્ટ-અનિષ્ટ વસ્તુ નથી, એ તો જ્ઞેય છે. આહાહા..! **'ઈસપ્રકાર જો રાગ-દ્વેષ કરતા હૈ વહ ઉસ કારણસે રાગી-દ્વેષી-અજ્ઞાની હૈ...'** દેખો! **'ઈસપ્રકાર જો રાગ-દ્વેષ કરતા હૈ વહ ઉસ કારણસે...'** પરના કારણે માનીને રાગ-દ્વેષ કરે છે એ તો અજ્ઞાની છે. આહાહા..!

**'ઔર જો ઈસસે વિપરીત અર્થાત્ ઉલ્ટા હૈ પરદ્રવ્યમેં રાગ-દ્વેષ નહીં કરતા હૈ...'** પરદ્રવ્ય પ્રત્યેના વલણનો રાગ-દ્વેષ પોતાની અસ્થિરતાથી થાય પણ એ પરદ્રવ્ય પ્રત્યે પ્રીતિ-અપ્રીતિ કરીને રાગ-દ્વેષ નથી કરતો એ જ્ઞાની છે. આહાહા..! કેમકે આત્મા તો જ્ઞાનસ્વરૂપી જ્ઞાની છે અને પરચીજ અરિહંતથી માંડીને દુશ્મન બધા કહો, એ બધા જ્ઞેય છે. જ્ઞેયમાં આ પ્રતિકૂળ અને આ અનુકૂળ એવું એમાં નથી કાંઈ. એ જ્ઞાનમાં ઈષ્ટના સંયોગના સંબંધકાળમાં ઈષ્ટ છે માટે હું પ્રીતિ રાગ કરું છું, **'सुभावं'** શબ્દ લીધો છે ને? **'सुभावं'** એટલે રાગ ત્યાં. એમ જ્યારે અનુકૂળ સંયોગના મેળાપ કાળમાં જ્યારે તેને કારણે પ્રીતિ થાય છે ત્યારે અનિષ્ટ સંયોગમાં એને કારણે એને દ્વેષ થશે જ. આહાહા..! **'ઔર જો ઈસસે વિપરીત અર્થાત્ ઉલ્ટા હૈ પરદ્રવ્યમેં રાગ-દ્વેષ નહીં કરતા હૈ વહ જ્ઞાની હૈ.'**

**ભાવાર્થ :- 'જ્ઞાની સમ્યગ્દષ્ટિ મુનિકે પરદ્રવ્યમેં રાગ-દ્વેષ નહીં હૈ...'** આહાહા..! કેવળીને દેખીને પણ જ્ઞાનીને રાગ થાય એમ નથી, એમ કહે છે. પરપદાર્થને દેખીને રાગ થાય એમ નથી. એમ પરપદાર્થને અનિષ્ટ દેખીને દ્વેષ થાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! વીતરાગ માર્ગ તો જુઓ! **'ક્યોંકિ રાગ ઉસકો કહતે હૈં કિ-જો પરદ્રવ્યકો સર્વથા ઈષ્ટ માનકર રાગ કરતા હૈ...'** સર્વથા ઈષ્ટ શબ્દ લીધો છે. વ્યવહારે દેવ-ગુરુ ઈષ્ટ છે એમ જાણીને રાગ થાય છે એ પોતાની નબળાઈને લઈને થાય છે. એ પદાર્થ ઈષ્ટ છે માટે થાય છે એમ નથી. ત્યાં 'પંચાસ્તિકાય'માં લીધું છે, પ્રશસ્ત પદાર્થ. આ રાગનું લક્ષ ત્યાં જાય છે ને એટલે એ પ્રશસ્ત કહેવાય છે. બાકી તો પદાર્થ છે ઈ છે. વ્યવહારથી કહે. આવે છે તેથી અહીં શબ્દ વાપર્યો છે ને? **'પરદ્રવ્યકો સર્વથા ઈષ્ટ માનકર રાગ કરતા હૈ, વૈસે હી અનિષ્ટ માનકર...'** જોયું! **'ઈષ્ટ માનકર...'** એમ છે ને? **'વૈસે હી અનિષ્ટ માનકર દ્વેષ કરતા હૈ...'**

**'પરંતુ સમ્યગ્જ્ઞાની પરદ્રવ્યમેં ઈષ્ટ-અનિષ્ટકી કલ્પના હી નહીં કરતા હૈ...'** પરવસ્તુ ઈષ્ટ-અનિષ્ટ છે એવી કલ્પના જ જ્ઞાનીને હોતી નથી. કેમકે એ તો પરવસ્તુ સળંગ બધી જ્ઞેય છે. સળંગ કીધી. દુશ્મન હો કે કેવળી હો, જ્ઞેય તરીકે છે. એક ધારાવાહી જ્ઞેય તરીકે છે. એ અજ્ઞાની એને તોડી નાખે છે. ઈષ્ટ આવે તો રાગ, અનિષ્ટ આવે તો દ્વેષ, એ ખંડ કરી નાખે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈષ્ટ માનીને નહિ, પોતાના ધર્માનુરાગને કારણે. ધર્મનો પ્રેમ-રાગ થાય છે એટલું. એને ઈષ્ટ માનીને નહિ. રાગને ઈષ્ટ માનીને નહિ. બધું અટપટું છે. જુઓને! અહીં કહેશે, ખુલાસો પોતે કરશે.

**'પરંતુ સમ્યગ્જ્ઞાની પરદ્રવ્યમેં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના હી નહીં કરતા હૈ તબ રાગ-દ્વેષ કૈસે હો?'** પરને ઈષ્ટ-અનિષ્ટ માનીને રાગ-દ્વેષ કરતો નથી માટે એને રાગ-દ્વેષ કેમ થાય?

એમ કહે છે. આ ઈષ્ટ છે માટે મને રાગ થાય છે, આ અનિષ્ટ છે (માટે દ્વેષ થાય છે), એમ છે જ નહિ. એવી કલ્પના જ નથી. બધી વસ્તુ જ્ઞેય છે. આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્તને તો સ્વીકારે છે.

ઉત્તર :- એ પૂજાનો ભાવ પોતાને આવે છે. ધર્માનુરાગ. એને દેખીને નહિ, એનાથી નહિ. ... છે ને એમાં? આહાહા..!

'**તબ રાગ-દ્વેષ કૈસે હો?**' હવે આવ્યું, જુઓ! '**ચારિત્રમોહકે ઉદયવશ હોનેસે કુછ ધર્મરાગ હોતા હૈ...**' ઈષ્ટ-અનિષ્ટ વસ્તુ માનીને નહિ, પણ અંદરમાં જરી ચારિત્રમોહનો ઉદય છે, ઉદય એટલે એમાં પ્રગટ પરિણમે છે. '**ધર્મરાગ હોતા હૈ...**' ધર્મનો એ જાતનો પ્રેમ હોય છે. '**ઉસકો ભી રોગ જાનતા હૈ...**' પેલો ઈષ્ટ દેખીને રાગ કરીને ઠીક માને છે. આહાહા..! '**ધર્મરાગ હોતા હૈ...**' છે કે નહિ રાગ? જ્ઞાનીને રાગ છે કે નહિ? મુનિને પણ રાગ હોય છે. પણ પદાર્થને કારણે નહિ, પોતાની નબળાઈને કારણે. મોટો ફેર છે. આહા..!

મુમુક્ષુ :- શુભરાગનો લોભ...

ઉત્તર :- એ જ વાત છે કે રાગ છે એ દુઃખ છે, રોગ છે. રાગ છે એ પોતે આકુળતા છે, દુઃખ છે. શાંતિ, આનંદસ્વરૂપમાં એ રોગ છે.

મુમુક્ષુ :- ભઠ્ઠી છે.

ઉત્તર :- ભઠ્ઠી છે ઈ આકરું લાગ્યું છે ને. મોટો ખળભળાટ થઈ ગયો. ભઠ્ઠીમાંથી અત્યારે મોટા .. પડી ગયો. આહા..! કષાય છે. કષાય છે એ તો અગ્નિ છે. પ્રતિકૂળતા કોઈ એવી હોય છે ત્યારે અનુભવમાં એને નથી આવતું? કે ઝણઝણાટ બળે. અંદરમાં.. અંદરમાં. અહીં બળે એનો અનુભવ હોય છે. આ તો કષાય આવે ત્યારે બળે એમ દેખાય, એમ કહેવું છે.

મુમુક્ષુ :- મંદ રાગ પણ બળે છે.

ઉત્તર :- મંદ હોય તોપણ બળે. આમ અંદરમાં ધાર્યા પ્રમાણે ન થાય તો બળે. કષાયભાવ છે. માણસ નથી કહેતા? મારું કાળજું બળે છે, આમ થાય છે, તેમ થાય છે. પણ એ ધીરેથી જોવે તો ખબર પડે ને. સમજાણું કાંઈ? શું થશે? આમ થશે. એવું હોય ત્યાં અંદરથી બળે. અગ્નિ દેખાય. એ તો તીવ્ર અશુભરાગના કાળની વાત કરી. મંદ રાગમાં અગ્નિ તો ત્યારે દેખાય કે જ્યારે (સ્વરૂપની) શાંતિ જોવે તો.

મુમુક્ષુ :- ... અગ્નિ ન હોય તો...

ઉત્તર :- રાગ જ અગ્નિ (છે). રાગ દાહ દહે સદા, ન આવ્યું? 'રાગ આગ દહે સદા, તાતૈં સમામૃત સેઈએ'. આહાહા..! હો, પણ છે તો દુઃખ.

ધર્મીને ચારિત્રમોહના ઉદયવશ, હોં! ઉદય કરાવતો નથી. ઉદયને તાબે થાય છે તેથી '**કુછ ધર્મરાગ હોતા હૈ ઉસકો ભી રોગ જાનતા હૈ, ભલા નહીં સમજતા હૈ...**' આહાહા..! વ્યવહારે કરે છે એમ કહેવાય. ખરેખર કરતો નથી પણ થઈ જાય છે. જ્ઞાનની અપેક્ષાએ પરિણમન છે માટે કર્તા કહેવામાં આવે છે. બે ધારી તરવાર છે. દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો એ પરિણમનનો કર્તા જ નથી. પણ પર્યાયથી જ્યારે જોવે તો રાગનું પરિણમન છે માટે

કર્તાપણે એ છે. આહાહા..! આ વાત.

આ લોકોને ઈ મોટા વાંધા આવ્યા ને. 'દીપચંદજી સેઠિયા' અને એના બધા પક્ષકારને. 'જ્ઞાનચંદજી' ને લાલચંદજીને ... એમ કહે છે. રાગને ભઠ્ઠી કહે છે એ મિથ્યાદષ્ટિ છે. એને એમ કે દુઃખનું વેદન દેખાય છે, જો વેદે તો તીવ્ર કષાયવાળો છે. દુઃખનું વેદન જ્ઞાની બરાબર જાણે છે. કેમકે એને આનંદના વેદનની સાથે દુઃખનું વેદન છે. હેં! આહાહા..! એથી એને દુઃખનું વેદન યથાર્થપણે જણાય છે. અજ્ઞાનીને દુઃખ વેદાય છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? કેમકે આત્મા શાંતિ અકષાયસ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ નથી તેથી શાંતિને અનુભવ્યા વિના આ અશાંતિ છે એવી એની સાથે મિંઢવણી એને થતી નથી. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! એમ છેને કેમ કે કષાયમાં ભઠ્ઠી લાગે છે તો તીવ્ર કષાયી જીવ છે, એમ કહે છે. તીવ્ર કષાયવાળાને ભઠ્ઠી દેખાય. મંદ કષાયવાળાને ન દેખાય. અર..ર..! એમ કહે છે એકદમ...

અહીં તો કહે છે, અકષાય આત્માનું ભાન થયું એને કષાયનું વેદન દેખાય છે એ આકુળતાનો ભોગવટો કરે છે. 'પ્રવીણભાઈ'! ભારે વાત, ભાઈ! આહાહા..! કહે છે કે ધર્માનુરાગ હો, એને પણ રોગ જાણે છે. રોગ છે એમ વેદે છે. આહાહા..! ધર્મીને.. કહ્યું નહિ? ત્રીજા કળશમાં? ત્રીજો કળશ. '**कल्माषितायाः**'. મારા પરિણામમાં નિરંતર કલુષિતતા વર્તે છે. ભાષા તો જુઓ! કલુષિતતા. નહિતર મુનિને તો શુભરાગ છે, એને અશુભરાગ તો છે નહિ.

મુમુક્ષુ :- ... મોહનો નાશ કરનારો..

ઉત્તર :- નાશ કરનારો, એ તો એમ જ કહે ને. નાશ કરવા માટે. મિથ્યાત્વનો મોહ નથી ત્યાં. '**कल्माषितायाः**' મારા મોહના નિમિત્તથી મારામાં મારી પરિણતિમાં કલુષિતતા મને છે. આચાર્ય છઠ્ઠે ગુણસ્થાને કહે છે. લો. કલુષિત છે, શુભભાવ છે. એ શાસ્ત્ર રચવાનો ભાવ, ટીકા કરવાનો ભાવ એ કલુષિત ભાવ છે. અને કહે છે કે એ ટીકા કરતા એ કલુષિત ભાવના કાળમાં મારી શુદ્ધિ થજો. કલુષિતભાવથી નહિ. ટીકા કરતાં, પાઠ એવો છે કે ટીકા કરતાં મારી કલુષિતતા નાશ થજો. પણ ટીકાના પ્રસંગમાં મારું જોર તો અંદર જ્ઞાયકભાવ ઉપર વર્તે છે. એથી ત્યાં સુધી અશુદ્ધતા ટળીને શુદ્ધિ થજો. આહાહા..! શાસ્ત્રના અર્થો પણ જેમ હોય તેમ ન કરે અને બેસે નહિ ને એટલે જ્યાં ત્યાં ઘસડી મારે, જુઓ! ટીકા કરતાં શુભભાવ છે અને એનાથી પણ એની કલુષિતતા ટળશે. એમ ઈ કહે છે. પાઠ એમ બોલે પણ એનો અર્થ સમજવો જોઈએ ને. પેલામાં પણ એમ અર્થ કરે, '**तद्गुणलब्धये**'.

**मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम्।**
**ज्ञातारं विश्व तत्त्वानां वन्दे तद्गुणलब्धधये।।**

તમારા ગુણની પ્રાપ્તિ માટે વંદન કરું છું. વિકલ્પ છે ઈ ગુણની પ્રાપ્તિ માટે છે. અર્થ તો એનો એવો છે. આવે છે ને? ભાઈ! આહાહા..! અર્થ એ આવ્યો છે કે જુઓ! આમાં આમ કહ્યું છે. એની પાસે જે ગુણો છે એની પ્રાપ્તિ માટે હું તમને વંદુ છું, એવો વિકલ્પ કરું છું. એ વિકલ્પથી મને તમારા ગુણ મળશે. એવો અર્થ એ બાજુથી આવ્યો છે. 'બિહાર'થી આવ્યું?

મુમુક્ષુ :- ઉત્તર પ્રદેશ.

ઉત્તર :- ઉત્તર પ્રદેશ. છાપામાં આવ્યું હતું. ઘણાં વર્ષ થયા. '**तद्गुणलब्धये**' તેના ગુણ માટે તમને વંદુ છું. પરને વંદુ એ તો વિકલ્પ છે અને તેના ગુણની પ્રાપ્તિ વિકલ્પથી થાય છે એમ કીધું ત્યાં તો. એનો અર્થ કે મારું લક્ષ તો મારા સ્વરૂપ ઉપર જ છે. તમને વંદન કરું છું તેના વિકલ્પ કાળમાં પણ મારો આશ્રય તો દ્રવ્યનો છે. સમજાય છે કાંઈ? એને આશ્રયે મને ગુણની પ્રાપ્તિ થજો. એમ છે. પેલા કહે, બધા અર્થ ફેરવી નાખ્યા. પણ એનો અર્થ એમ છે. હોય એમ અર્થ કે નહિ? કંઈ ઊંધો અર્થ કરે? રાગ વિકલ્પ બંધનો માર્ગ છે. આહાહા..!

લોઢાનો દાખલો આપ્યો છે ને? લોઢું જ્યારે અગ્નિમાં બહુ તપેલું હોય ત્યારે તો ઉપર હાંઠિકડું મૂકે. હાંઠિકડું સમજ્યા? કઠણ કપાસનું આટલું મૂકે તો બળે. અને જ્યારે અંદર મંદ અગ્નિ થઈ જાય ત્યારે એ હાંઠિકડું મૂકો તો નહિ બળે. રૂ.. રૂ. રૂનું ... લાકડું નહિ બળે, .. નહિ બળે ઉપર મૂકશો તો. પણ રૂનો પોલ પોલો ... એમ કષાયની મંદતાની અંદર અગ્નિ છે. આહાહા..! મંદ રાગ શાંતિને બાળે છે. તીવ્ર રાગ હોય ત્યારે તો બહાર ઘણો દેખાય. મંદ રાગમાં શાંતિ દાઝે છે. આહા..!

દાન અધિકારમાં નથી કહ્યું? દાન કરનારો જીવ, અત્યારે પૈસા આદિ મળ્યા છે એ પૂર્વે શુભભાવ (કર્યો છે). શુભભાવમાં શાંતિ દાઝી હતી. ઉકડિયાનો દાખલો આપ્યો છે ને? ... આ ખીચડી, ચોખા ઉપર ઉપરના ખાઈ ગયા હોય અને અંદર ચોંટેલા હોય ને? ઉખેડીને (બહાર નાખે). ... કહે છે ને? આપણે અહીંયાં ઉકડિયા કહે છે. એ ઉકડિયા જ્યાં નાખે ત્યાં કાગડો એકલો ન ખાય, બધાને બોલાવીને ખાય. એમ કહે છે કે પૂર્વના તારા પુણ્ય બળ્યા હતા, શાંતિ બળી હતી અને તને શુભભાવ થયો હતો. એ શુભભાવના ફળમાં આ ધૂળ આદિ તને મળી છે. એકલો ખાઈશ તો કાગડામાંથી જાઈશ. રાગની મંદતા કરજે, એમ કહે છે. દાન (અધિકારમાં). રાખવાનો ભાવ તીવ્ર છે, દાનમાં રાગ મંદતામાં રાખવાનો ભાવ મંદ છે. છે તો દાગ પૂર્વે દાગ બળ્યું હતું. ત્યારે શુભભાવ (થયો) એનું આ ફળ છે. 'રસિકભાઈ'! સાચું હશે આ? .. એ ચારિત્રમોહના ઉદયને વશ થઈને. ચારિત્રમોહ રાગ કરાવતો નથી. .... ઈશ્વર નય છે ને. એની પોતાની યોગ્યતા. ૪૭ નય. ઈશ્વર નય છે. ધાવ માતાની પાસે જેમ પરાધીન બાળકને ધવરાવે છે. એમ આત્મા પોતાની યોગ્યતાથી પરાધીન થાય છે. આહાહા..! પર એને આધીન કરીને રાગ કરાવે છે એમ નથી. કેટલી સ્પષ્ટતા છે! આ કહે, કર્મને લઈને રાગ થાય, કર્મને લઈને આ થાય ઢીકણાને. પરદ્રવ્યને લઈને જીવમાં વિકાર થાય. આહા..!

અહીં તો કહે છે કે રાગને જો ભલો જાણે તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! રાગ થાય ખરો, ધર્મરાગ, શુભરાગ આસક્તિનો (થાય ખરો) છતાં એને '**ભલા નહીં સમજતા તબ અન્યસે કૈસે રાગ હો?**' ધર્મરાગને ભલો ન જાણે તો બીજાને પ્રીતિ કરીને રાગ થાય એવું ક્યાંથી હોય? એમ કહે છે. આહાહા..! '**પરદ્રવ્યસે રાગ-દ્વેષ કરતા હૈ વહ તો અજ્ઞાની હૈ,...**' લ્યો! ખુલાસો આપે છે. પરદ્રવ્ય છે માટે ઠીક કરીને રાગ કરે, અઠીક કરીને દ્વેષ કરે એ અજ્ઞાની છે. પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટતા છે ક્યાં? સમજાણું કાંઈ? પરદ્રવ્યસે. આ મોક્ષ અધિકારમાં ... '**પરદ્રવ્યસે રાગ-દ્વેષ કરતા હૈ વહ તો અજ્ઞાની હૈ, ઐસે જાનના.**'

आगे कहते हैं कि जैसे परद्रव्यमें रागभाव होता है वैसे मोक्षके निमित्त भी राग हो तो वह राग भी आस्रवका कारण है, उसे भी ज्ञानी नहीं करता है :-

## ગાથા-૫૫

आसवहेदू य तहा भावं मोक्खस्स कारणं हवदि।
सो तेण दु अण्णाणी आदसहावा दु विवरीदु।।५५।।

आस्रवहेतुश्च तथा भावः मोक्षस्य कारणं भवति।
सः तेन तु अज्ञानी आत्मस्वभावात्तु विपरीतः।।५५।।

આસરવ હેતુ ભાવ તે શિવહેતુ છે તેના મતે,
તેથી જ તે છે અજ્ઞ, આત્મસ્વભાવથી વિપરીત છે. ૫૫.

अर्थ :- जैसे परद्रव्यमें रागको कर्मबंधका कारण पहिले कहा वैसे ही राग-भाव यदि मोक्षके निमित्त भी हो तो आस्रवका ही कारण है, कर्मका बंध ही करता है, इस कारणसे जो मोक्षको परद्रव्यकी तरह इष्ट मानकर वैसे ही रागभाव करता है तो वह जीव मुनि भी अज्ञानी है क्योंकि वह आत्मस्वभावसे विपरीत है, उसने आत्मस्वभावको नहीं जाना है।

भावार्थ :- मोक्ष तो सब कर्मोंसे रहित अपना ही स्वभाव है; अपनेको सब कर्मोंसे रहित होना है इसलिये यह भी रागभाव ज्ञानीके नहीं होता है, यदि चारित्र-मोहका उदयरूप राग हो तो उस रागको भी बंधका कारण जानकर रोगके समान छोड़ना चाहे तो वह ज्ञानी है ही, और इस रागभावको भला समझकर प्राप्त करता है तो अज्ञानी है। आत्माका स्वभाव सब रागादिकोंसे रहित है उसको इसने नहीं जाना, इसप्रकार रागभावको मोक्षका कारण और अच्छा समझकर करते हैं उसका निषेध है।।५५।।

---

## ગાથા-૫૫ ઉપર પ્રવચન

'आगे कहते हैं कि जैसे परद्रव्यमें रागभाव होता है वैसे मोक्षके निमित्त भी राग हो तो वह राग भी आस्रवका कारण है, उसे भी ज्ञानी नहीं करता है :-'

आसवहेदू य तहा भावं मोक्खस्स कारणं हवदि।
सो तेण दु अण्णाणी आदसहावा दु विवरीदु।।५५।।

**अर्थ :-** 'जैसे परद्रव्यमें रागको कर्मबंधका कारण पहिले कहा... ' પરવસ્તુમાં રાગ કર્મબંધનું કારણ છે. ભગવાનઆત્મા સ્વભાવ ચૈતન્ય આનંદ, એનો આશ્રય કરીને જે નિર્જરા થાય એ પરદ્રવ્યનો આશ્રય કરીને બંધ થાય. આહાહા..! ચૈતન્ય ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે એનું અવલંબન લેતાં તો શુદ્ધતા પ્રગટે. પરદ્રવ્યનું અવલંબનનો

આશ્રય કરે તો અશુદ્ધતા પ્રગટે. અને એ અશુદ્ધતા પ્રગટે એને સારી જાણે એ અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

**અર્થ :-** '**જૈસે પરદ્રવ્યમેં રાગકો કર્મબંધકા કારણ પહિલે કહા વૈસે હી રાગભાવ યદિ મોક્ષકે નિમિત્ત ભી હો તો આસ્રવકા હી કારણ હૈ,...**' ઇચ્છા ઉઠે કે મોક્ષ થાય ને આ થાય તે આસ્રવનું કારણ છે. ગાથા નથી પેલી? બોહિલાભં. કમ્મખહો.. દુઃખનો ક્ષય થાઓ, કર્મનો ક્ષય થાઓ, સમાધિ મરણ થાઓ. બોધિ લાભ આવે છે. એ તો એક ભાવના છે. સમજાય છે? પણ વિકલ્પથી એને એમ કરે કે આ થાય તો આનાથી થાય, આનાથી થાય. વિકલ્પથી મોક્ષ થાય. મોક્ષની તીવ્ર ઇચ્છા કરીએ તો મોક્ષ થાય. એ તો અજ્ઞાન છે.

મુમુક્ષુ :- લગની... લગની.

ઉત્તર :- લગની શેની? આત્માની લગની.

મુમુક્ષુ :- મોક્ષનો તીવ્ર રાગ હોવો જોઈએ ને?

ઉત્તર :- ના, ના, ના. મોક્ષ તો પર્યાય છે. પર્યાયનો રાગ કેમ? આત્મદ્રવ્ય જે જ્ઞાયકમૂર્તિ છે તેની અંદર લગની લાગવી જોઈએ. ત્યારે એને સાધ્યમાં મોક્ષ છે એમ કહેવામાં આવે. ધ્યેયમાં દ્રવ્ય છે ત્યારે સાધ્યમાં મોક્ષ છે એમ કહેવામાં આવે. સાધક-સાધ્ય કીધું ને? ઉપાય-ઉપેય નથી કીધું? ઉપેય મોક્ષ તે સાધ્ય છે, ઉપાય તે કારણ છે. દ્રવ્યનું ધ્યેય છે એને. જેને એકલી પર્યાયનું ધ્યેય છે એને તો દ્રવ્યની ખબર નથી. આહાહા..! બહુ ઝીણી વાતું, ભાઈ! મોક્ષની પર્યાય પ્રગટ કરવી એ ધ્યેય છે, સાધ્ય છે. પણ એ થાય ક્યાંથી? એ પર્યાય મોક્ષના માર્ગની પર્યાયથી પણ એ ધ્યેય થાતું નથી. અંદરનો દ્રવ્યસ્વભાવ છે એનો આશ્રય લેતાં મોક્ષ થાય છે. આહાહા..!

'**રાગ ભાવ યદિ મોક્ષકે ભી હો તો આસ્રવકા હી કારણ હૈ...**' આહાહા..! મોક્ષ અધિકાર-મોક્ષપાહુડ છે ને. '**કર્મકા બંધ હી કરતા હૈ,...**' કર્મનું બંધન કરે. મોક્ષનો રાગ-ઇચ્છા કરે તો બંધન થાય. આહાહા..! '**ઈસ કારણસે જો મોક્ષકો પરદ્રવ્યકી તરહ ઈષ્ટ માનકર...**' પર્યાય ઈષ્ટ છે, પ્રિય ઈષ્ટ છે. આમ તો 'પ્રવચનસાર'માં કહ્યું નથી? અનિષ્ટનો નાશ કર્યો અને ઈષ્ટની પ્રાપ્તિ કરી. ઈષ્ટ એટલે પૂર્ણ નિર્મળ પર્યાયની પ્રાપ્તિ થઈ. અનિષ્ટનો નાશ થયો. એ તો એક વસ્તુનું સ્વરૂપ જણાવ્યું. પણ એને જ ઈષ્ટ માનીને રાગ કરે કે આ ઠીક છે, સમજાણું કાંઈ? તો પર્યાયબુદ્ધિ થઈ. આહાહા..! આ તો બધો અટપટો માર્ગ છે. 'ભીખુભાઈ'! ન્યાં ક્યાંય હતો નહિ. આહાહા..!

'**ઈસ કારણસે જો મોક્ષકો પરદ્રવ્યકી તરહ ઈષ્ટ માનકર વૈસે હી રાગભાવ કરતા હૈ તો વહ જીવ મુનિ ભી અજ્ઞાની હૈ...**' જોયું! અજ્ઞાની છે એમ કીધું. અહીંયા તો આત્મા ચિદાનંદ ભગવાન, જેમાં સિદ્ધની પર્યાયો પણ અનંતી પડી છે અંદર. એ દ્રવ્યને જેણે કબજે લીધું એને મોક્ષ થયા વિના રહેશે જ નહિ. મોક્ષની ઇચ્છા નથી. એમાં બહુ આવે છે, ભાઈ! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં. અમારે તો મોક્ષ પણ કરવો નથી અને કેવળજ્ઞાન પણ જોઈતું નથી. એ

તો થઈ જશે. આનંદ જોઈએ. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' 'પાટનીજી'! જોયું ને? એમાંથી આ મોટા વાંધા ઉઠ્યા છે ને. 'જ્ઞાનચંદજી'નો કાગળ હતો. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' નિશ્ચયાભાસ છે એવું બહાર પાડો તો અમે આવીએ. તમારા 'જ્ઞાનચંદજી'. મુંબઈમાં હતા ને? કલકત્તા? દિલ્હી હતા, દિલ્હી, હોં! ... પત્ર આવ્યો છે. નિશ્ચયાભાસી ઠરાવો. અરે..! તારે શું કામ છે? સત્ય તો ડગે નહીં. એ તો એને દ્રવ્યના ધ્યેયનું બહુ જોર છે એથી એમાં બહાર આવી ગયું છે. એને કાંઈ ઉપદેશ કરવો નહોતો, બીજાને સમજાવવું નહોતું. આવી ગયું છે અંદરથી.

મુમુક્ષુ :- શુભાશુભ ભાવથી નુકશાન નથી.

ઉત્તર :- એ બીજી વાત છે. એ તો ધ્રુવને નુકશાન નથી એમ કહે છે. ધ્રુવ જે છે એ તો શુભાશુભ ભાવ હોય તોપણ નુકશાન નથી અને કેવળજ્ઞાન થાય તો ધ્રુવને લાભ નથી. બીજી વાત છે એ તો. સદૃશ ધ્રુવ ચિદ્ઘન જે છે એ તો એવું ને એવું છે. ભલે અક્ષરના અનંતમા ભાગનો ઉઘાડ હો તો એમાં કાંઈ ધ્રુવને નુકશાન નથી અને કેવળજ્ઞાન થઈ જાય તો ધ્રુવને લાભ થાય એમ નથી. ધ્રુવ તો ધ્રુવ જ છે. આહાહા..! સમજાણું કાંઈ? માણસની દૃષ્ટિ ફેરે એના અર્થ ફરે ને. ફેર પડે છે. .. દ્રવ્ય ઉપરના જોરને લઈને આ બધું આવે છે. પર્યાય ધ્યાન કરે તો કરો એ કોણ બોલે છે? એ તો પર્યાય જાણે છે. મૈં કિસકા ધ્યાન કરું? પર્યાય મેરા ધ્યાન કરો તો કરો. પણ એ કોણ જાણે છે? હેં! પર્યાય જાણે છે કે ધ્રુવ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ એમાં આવી જ ગઈ અંદર. ૩૨૦માં આવી ગયું ને? જીવ બંધ-મોક્ષ કરતો નથી. પણ ઈ કોણ જાણે છે? પર્યાય. જીવ જે છે એ ઉપજતો પણ નથી, વ્યય થતો નથી. પર્યાયમાં આવતો જ નથી. ઈ પર્યાયને દ્રવ્ય કરતું નથી. પણ ઈ કોણ જાણે છે? જ્ઞાનપર્યાય જાણે છે કે દ્રવ્ય જાણે છે? આહાહા..! ૩૨૦માં ઘણું આવી ગયું. ૩૨૦ ગાથા, 'જયસેનાચાર્યદેવ'ની (ટીકા). આપણે વંચાઈ ગયું છે. આ તો ભાઈ મધ્યસ્થ જીવ હોય એને સત્ય સમજવું હોય એની વાત છે. કોઈ પક્ષ રાખીને મારી વાત સિદ્ધ થાય આમ, ... એ વસ્તુ નથી આ.

**'ક્યોંકિ વહ આત્મસ્વભાવસે વિપરીત હૈ,...'** મોક્ષ થાય એમ રાગ કરે અને રાગમાં ઠીક માને તો એ તો આત્મસ્વભાવથી વિપરીત માન્યતા થઈ. આહાહા..! એમ કે આપણે મોક્ષની ઈચ્છા કરીએ તો મોક્ષ ઝટ આવે-જલ્દી આવે. એમ નથી. ઈચ્છા તો રાગ છે. રાગ કરવાથી મોક્ષ જલ્દી આવે? કે રાગ છોડવાથી આવે? **'અપને આત્મસ્વભાવકો નહીં જાના હૈ.'** લ્યો. ભગવાનઆત્માનો સ્વભાવ એ રાગથી રહિત છે. તો રાગ કરતાં આત્માનો સ્વભાવ પ્રગટ થાય એવું એ સ્વરૂપ છે નહિ. આહાહા..! એનો ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૮૪, ગાથા-૫૫-૫૬, ગુરુવાર, ભાદરવા સુદ ૧૦, તા.૧૦-૯-૭૦

આજે દસલક્ષણી પર્વના ધર્મનો છઠ્ઠો દિવસ છે. ઉત્તમ સંયમ. હૈ તો દસોં બોલ ચારિત્રકા આરાધનકા હૈ. લેકિન ભેદ કરકે એક-એકકા વિશેષ વર્ણન કિયા. ઉત્તમ સંયમ. (કાર્તિકિયાનુપ્રેક્ષા) ૩૯૯ ગાથા. પાનું ગમે તે હો.

**जो जीवरक्खणपरो, गमणागमणादिसव्वकज्जेसु।**
**तणछेदं पि ण इच्छदि, संजमधम्मो हवे तस्स।।३९९।।**

આચાર્ય મહારાજે સંયમકી બહુત સૂક્ષ્મતાકા વર્ણન કિયા હૈ. જૈસા ગુજરાતીમેં ચલે ઐસા ...

**અન્વયાર્થ :-** '**જો મુનિ જીવોંકી રક્ષામેં તત્પર હોતા હુઆ...**' પરકી રક્ષા કર સકતે હૈં ઐસા નહીં. લેકિન પરકો દુઃખ ન દેના ઐસા વિકલ્પ નહીં કરના, દુઃખ દેનેકા વિકલ્પ નહીં કરના ઉસકા નામ છકાયકે જીવકી રક્ષા કહનેમેં આતા હૈ. ઔર '**गमणागमणादिसव्वकज्जेस**' જાના-આના હો, '**ગમન-આગમન આદિ સબ કાર્યોંમેં...**' '**तणछेदं पि ण इच्छदि**' દેખો! યહાં આચાર્ય (કહતે હૈં), ધર્માત્મા સંયમી મુનિ ઈસકો કહતે હૈં કિ જિસકો તૃણ છેદન કરનેકી ભી વૃત્તિ નહીં. તૃણ છેદન કર સકતે નહીં વહ તો પહલે અભિપ્રાયમેં ગયા. સમજમેં આયા? એક તિનકેકા દો ટુકડા ભી કર સકે ઐસી આત્મામેં શક્તિ નહીં હૈ. તૃણકા ટુકડા નહીં કર સકતા? છિલકેકા. યે સબ કામ કરતે હૈં ન? રોટીકા ટુકડા કરતા હૈ, દાલ-ભાત લેતા હૈ, ઐસા કરતા હૈ. એ સેઠ! ગજબ બાત હૈ!

યહ શબ્દ તીન જગહ ખોજા. 'શ્રીમદ્'મેં આતા હૈ ન? 'શ્રીમદ્'મેં દો જગહ આતા હૈ. ઈસમેં સે ઢૂંઢા. 'શ્રીમદ્'કી શૈલી અમુક શૈલીસે બાત કરતે હૈં. ... હૈ ન? સ્વામી 'કાર્તિકિયાનુપ્રેક્ષા' પઢા હૈ. 'કાર્તિકિયાનુપ્રેક્ષા' ઉનકે હાથ આયા હૈ. ફિર લીખતે હૈં, દેખો! ૧૯૨ પૃષ્ઠ પર હૈ. એક તિનકેકે દો ટુકડે કરનેકી હમારેમેં શક્તિ નહીં હૈ. તણખલા સમજે તિનકા, તિનકા. વહ બાત શ્રદ્ધાકી હૈ. એક તિનકેકે દો ટુકડે કરનેકી શક્તિ ભી હમારેમેં નહીં હૈ. એય..!

મુમુક્ષુ :- બાહરમેં.

ઉત્તર :- બાહરમેં હૈ ક્યા? આત્મામેં એક તિનકેકે દો ટુકડે કરનેકી શક્તિ હૈ હી નહીં. વહ તો પર ચીજ હૈ. આત્મા એક તિનકેકા દો ટુકડા કર સકતા નહીં. વહ તો જડકી પર્યાય હૈ. 'શોભાલાલજી'! અભી તક તો દોનોં સેઠને કિયા ન? વહ એક બાત હૈ ઔર દૂસરી બાત હૈ. ૨૩૪ પૃષ્ઠ પર. વહ મૈં ખોજ રહા થા. ક્યા (કહતે હૈં)? યહાં ચલતી હૈ વહ બાત હૈ. એકબાર એક તિનકે કે દો ટુકડે કરનેકી ક્રિયા કરનેકી શક્તિ ભી ઉપશમ હોગી તબ ઈશ્વરઈચ્છા હોગી વહ હોગા. ક્યા કહતે હૈં ઉસમેં? પહલે ઐસા કહા કિ તિનકેકા દો ટૂકડા નહીં કર સકતે. પીછે આયા કિ તિનકેકા દો ટૂકડા કર સકતે તો નહીં, લેકિન જો વૃત્તિ હૈ, કરનેકી વૃત્તિ હૈ વહ ભી ઉપશમકો પ્રાપ્ત હો ઉસકા નામ સંયમ હૈ.

ફિરસે કહતે હૈં. એક તિનકેકા દો ટુકડા તો કર સકતા નહીં. તીનકાલ તીનલોકમેં કોઈ

પ્રાણી. યહ બાત તો અભિપ્રાયકી હુઈ. અબ સંયમકી-સ્થિરતાકી બાત હૈ. એકબાર એક તિનકેકા દો ટુકડા કરનેકી શક્તિ ભી ઉપશમ હો.. દેખો! ક્યા કહતે હૈં? એક તિનકેકા દો ટુકડા કરનેકી વૃત્તિ, ઈચ્છા ભી ઉપશમકો પ્રાપ્ત હો. તિનકેકા ટુકડા કર સકતા નહીં, લેકિન વૃત્તિ ઉઠે કિ ઐસા કરું, અસ્થિરતા ભી ઉપશમ હો તબ બનનેવાલા હોગા બનેગા. ઈશ્વરઈચ્છા અનુસાર બનેગા.

મુમુક્ષુ :- ઉપશમકો પ્રાપ્ત હો માને?

ઉત્તર :- .. વૃત્તિકા છેદ હો જાયે. તિનકેકા દો ટુકડા કરનેકી શક્તિ તો હૈ નહીં, કર સકતે તો હૈ નહીં, લેકિન તિકનેકા દો ટુકડા કરનેકી વૃત્તિ ઉઠતી હૈ વહ ભી શાંત હો તબ આત્માકી ઉપશમ સંયમ દશા પ્રગટ હોતી હૈ.

ફિર સે, ઉપશમ નામ ઠરના, શાંત હોના. ઈતની વૃત્તિ ભી નાશ હો જાયે. તિનકેકા દો ટુકડા કરનેકી વૃત્તિ હૈ, વૃત્તિ નામ ઈચ્છા, કર સકતા નહીં વહ તો પહલે કહા, લેકિન વૃત્તિ ઉઠતી હૈ. તો વહ વૃત્તિ ભી ઉપશમ હો જાયે, સ્વરૂપ કે ભાન અનુભવ સહિત, ઉસકા નામ સંયમ ઔર ઉસકા નામ ચારિત્ર કહનેમેં આતા હૈ. પહલે તો વહ કહા, તીન બોલ આયે હૈં. એક ઔર બોલ 'કાર્તિકિયાનુપ્રેક્ષા'મેં આતા હૈ ન? ભાઈ! પીછે હૈ.

સમ્યગ્દૃષ્ટિ જબતક અપનેમેં કમ શક્તિ હૈ ઔર કેવલજ્ઞાન નહીં હૈ તો અપની પર્યાયમેં તિનકે સમાન માનતે હૈં. તિનકા સમાન માનતે હૈં. ઉસમેં હૈ લેકિન હાથ નહીં આયા. ૩૧૩? દેખો! સ્વામી કાર્તિકિયકી ૩૧૩વીં ગાથા હૈ.

**जो ण य कुव्वदि गव्वं, पुत्त-कलत्ताइसव्वअत्थेसु।**
**उवसमभावे भावदि, अप्पाणं मुणदि तिणमित्तं।।३१३।।**

સમજમેં આયા? યે તો તૃણ શબ્દમેં સે ખ્યાલ આયા. એક તો તૃણમાત્રકી વૃત્તિ ઉઠતી હૈ, તૃણમાત્રકા છેદ તો આત્મા કર સકતા નહીં, ટુકડા કર સકતા નહીં. એ.. 'પોપટભાઈ'! તો લાદી-બાદીકા ક્યા કર સકતા હૈ? સોનગઢમેં ઐસા નહીં, સેઠ કહતે હૈં ન. સમજમેં આયા? 'પ્રવચનસાર'કી ગાથા કહી થી ન? ભાઈ! શુભકર્મ ઔર શુભફલ. વહ બાત ભાઈકો યાદ આયી થી કિ 'પ્રવચનસાર'મેં કહા હૈ. હૈ 'પ્રવચનસાર' મેં. ભાઈને કલ પૂછા થા.

યહાં તો ઈતના લેના હૈ કિ ઓહો..! આચાર્યને એક તૃણમાત્ર કે અર્થમેં ક્યા લિયા? કિ તૃણમાત્રકા છેદ-દો ટુકડા તો કર સકતા નહીં. વહ તો તીનકાલમેં અજ્ઞાની યા જ્ઞાની કોઈ કર સકતા નહીં. બીડી બનાના આત્મા નહીં કર સકતા ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- પરમેં જાતા હૈ.

ઉત્તર :- પરમેં જાતા હૈ? ચીજકો ભેજતે હૈં ન? બંદરકો યે ચીજ વહાં લે જાઓ. વહ તો કહતે હૈં કિ વૃત્તિ હોતી હૈ, લેકિન ઉસસે વહ કામ નહીં હોતા. યહાં તો કહતે હૈં કિ વહ વૃત્તિ ભી ઉપશમ હો જાઓ. પરકા તો હમ નહી કર સકતે, લેકિન ઐસી જો વૃત્તિ ઉઠતી હૈ વહ શાંત હો જાઓ, નાશ હો જાઓ. હમ તો આત્મા જ્ઞાતા-દૃષ્ટા આનંદમેં હૈં. આહાહા..! ભૈયા! ઐસી બાત હૈ. પૈસે-બૈસે કમા નહીં સકતા ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- પરમેં સબમેં યહી બાત હૈ.

ઉત્તર :- પરકી કોઈ ભી ચીજકા દો કામ યા ટુકડા, કાર્ય આદિ કર સકતા નહીં. એક બાત. વહ તો સમ્યગ્દર્શનમેં ગયા. દૂસરી બાત, ઉસકા કામ કરને કી જો વૃત્તિ ઉઠતી હૈ, વૃત્તિ-ઈચ્છા, વહ ઈચ્છા ભી શાંત હો જાઓ. મેરેમેં વહ ઈચ્છા નહીં. વીતરાગભાવ હમારા પ્રગટ હો, ઈચ્છા શાંત હો જાઓ, ઉસકા નામ સંયમ ઔર શાંતિ હૈ. ૩૧૩ 'કાર્તિકિયાનુપ્રેક્ષા'મેં હૈ. વહાં હૈ ન? તુમકો દિયા હૈ. ૩૧૩ હૈ. ટુકડા નહીં કર સકતા, વહ 'શ્રીમદ્' મેં હૈ.

કહતે હૈં ન, ૧૯૨ (પૃષ્ઠ) પર વહ આયા થા કિ એક તિનકેકા દો ટુકડા કરનેકી શક્તિ ભી હમારી નહીં હૈ. હમારેમેં દો ટુકડા કરનેકી, સબ્જીકા દો ટુકડા કરનેકી, રોટીકે દો ટુકડા કરનેકી, શીશપેન ઉઠાકર લિખને કી હમારેમેં શક્તિ નહીં હૈ. વહ શ્રદ્ધા ઔર જ્ઞાનકી બાત કહી. 'પ્રકાશદાસજી'! પહલે સુના થા? કરો.. કરો.. કરો. ક્યા કરો? ભગવાન! તેરી ચીજ ક્યા હૈ? તેરી ચીજમેં તિનકેકા દો ટુકડા કરના, ઐસી શક્તિતેરે મેં હૈ હી નહીં. ક્યોંકિ પરકા કાર્ય કરનેકી શક્તિ હૈ? અપના કાર્ય કરનેકી શક્તિ હૈ.

મુમુક્ષુ :- બાહરમેં કુછ કર હી નહીં સકતા.

ઉત્તર :- કર હી નહીં સકતા તીનકાલમેં. હાથ ઐસા, ઉંગલી ઐસી આત્મા કર સકતા હી નહીં તીનકાલમેં. વહ તો ઉસકે કારણસે હોતા હૈ, જડકે કારણસે. આહાહા..!

યહાં તો દૂસરી બાત લી. યહાં જો કહના હૈ વહ, યહાં જો આચાર્યકો કહના હૈ વહ યહાં લિયા હૈ કિ એકબાર તિનકેકા દો ટુકડા કરનેકી ક્રિયા કરનેકી, વૃત્તિ ઉઠે કે મૈં (ઐસા કરું), વહ વૃત્તિ ભી ઉપશમ હો, ઈશ્વરઈચ્છા હોગી વહ હોગા.

મુમુક્ષુ :- કૌનસે શાસ્ત્રમેં હૈ?

ઉત્તર :- 'શ્રીમદ્ રાજચંદ્ર'મેં હૈ.

યહાં અપને વહ આયા, દેખો! '**तणछेदं पि ण इच्छदि**' વહ વૃત્તિકી બાત હૈ. તૃણકા છેદ-ટૂકડા કર સકતા નહીં વહ તો શ્રદ્ધાકી બાત હુઈ. સમજમેં આયા? શ્રદ્ધામેં જ્ઞાનીકો-સમકિતીકો એક તિનકેકા દો ટૂકડા, તિલકા છિલકા, છિલકા હોતા હૈ ન? ઉસ છિલકેકા દો ટુકડા કર સકે ઐસી આત્મામેં તાકત નહીં હૈ. તિલ મેં ક્યા તાકત લગતી હૈ? વહ તો ઉસકે કારણસે હોતા હૈ. હોં! ઔર અપનેમેં જો કોઈ તિનકા છેદને કી વૃત્તિ-ઈચ્છા ઉઠતી હૈ વહ '**तणछेदं पि ण इच्छदि**'. આચાર્ય મહારાજ 'સ્વામી કાર્તિકેય' કહતે હૈં કિ હમ સમ્યગ્દષ્ટિ તો હૈં, સમ્યગ્જ્ઞાની તો હૈં, પરકા કામ કર સકતે હૈં ઐસા તો હમ માનતે નહીં. કિસીકો ઉપદેશ દે સકતે હૈં, કિસીકા ભલા કર સકતે હૈં, કિસીકી મદદ કર સકતે હૈં, ઐસી શક્તિ તો હમારેમેં હૈ હી નહીં. સમજમેં આયા? ઈસકે અતિરિક્ત સંયમ કિસકો કહતે હૈં? '**तणछेदं पि ण इच्छदि**' તિનકેકો છેદના કભી નહીં ચાહતા હૈ. વહ ઈચ્છામાત્ર નાશ હો જાઓ. દૂસરે કામ તો ક્યા, લેકિન તિનકેકા છેદ કરનેકી વૃત્તિ ઉઠતી હૈ (વહ ભી) શાંત હો જાઓ, શાંત હો જાઓ. હમેં વહ નહીં હો. આહાહા..! 'ભગવાનજીભાઈ'! યે સબ કામ કરતે હૈં ન? યે 'ભગવાનજીભાઈ' વહાં થાણામેં કરતે હૈં, યે સાગરમેં કરતે હૈં.

મુમુક્ષુ :- રાગ કરતા હૈ.

ઉત્તર :- કહતે હૈં કિ જો રાગકી વૃત્તિ ઉઠતી હૈ, દૂસરે કામકી તો નહીં, લડાઈકી, ભોગકી તો નહીં, લેકિન તિનકેકે દો ટુકડા કરનેકી વૃત્તિ ઉઠતી હૈ વહ શાંત હો જાઓ. હમ તો વીતરાગસ્વભાવ હૈ, ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- ...સરાગ સંયમ હુવા?

ઉત્તર :- વહ બાદ મેં આયેગા. વહ છ કાયમેં આયા.

મુમુક્ષુ :- કષાયકી બાત હૈ ન. સમયસારમેં વેદ્યવેદકભાવ આયા હૈ ન?

ઉત્તર :- વહ દૂસરી (બાત હૈ). વહ તો ઈચ્છા હોતી નહીં. યહાં તો ઈચ્છા હોતી હૈ વહ શાંત હો જાઓ. ક્યોંકિ ઈચ્છા અસંયમભાવ હૈ. ઈચ્છા માત્ર અસંયમ ભાવ હૈ. 'ક્યા ઈચ્છત ખોવત હૈ, હૈ ઈચ્છા દુઃખ મૂલ'. 'જયકુમારજી'! આહાહા..! ભગવાન! દેખો ન! આચાર્યને ગજબ કામ કિયા હૈ! દિગંબર આચાર્યોને... ઓહોહો..! ઐસી બાત સુનને નહીં મિલે ઐસી બાત હૈ. એ.. 'પોપટભાઈ'! મુજે તો તિનકેકા યાદ આયા થા. દો પત્ર નિકલે. લિખા હોતા હૈ ન. ઢૂંઢને ગયે થે, તિનકેકા દો ટુકડા નહીં કર સકતા, વહ. તો નિકલે દો. બરાબર બાત હૈ. ઐસી ઉસકી-'શ્રીમદ્'કી સૂક્ષ્મ બુદ્ધિ થી. ઉસ વક્ત ઉસકા ક્ષયોપશમ ઈતના થા ઔર આત્માકા નિર્વિકલ્પ આરાધન ભી બહુત થા. સમજમેં આયા? લોગ બાહર સે દેખે ઉસે સમજમેં નહીં આતા. શ્વેતાંબર દિગંબરકી કુછ સ્પષ્ટ બાત બાહર આયી નહીં. લેકિન ઉસકે આરાધનમેં તો બરાબર થે. આરાધન કરકે વહ તો ચલે ગયે. સમજમેં આયા? યે દેખો ન એક બાત.

૧૯૨ પૃષ્ઠ પર ઉસને વહ કહા. તૃણ છેદન કરનેકી શક્તિ ભી હમારી નહીં હૈ. ઉસકા અર્થ પરકા ટુકડા ભી નહીં કર સકતે, ઐસા હમારા આત્માકા સ્વભાવ હૈ. દૂસરા, ઐસે તિનકેકે (દો ટૂકડે) કરનેકી વૃત્તિ ઉઠતી હૈ, ભલે કર નહીં સકતા, મૈં ઐસા કરું ઐસી વૃત્તિ શાંત હો જાઓ. વહ યે સંયમ કી બાત હૈ. સેઠ! ઓહો..!

**'તૃણકા છેદ માત્ર ભી નહીં ચાહતા હૈ, નહીં કરતા હૈ ઉસ મુનિકે સંયમધર્મ હોતા હૈ.'** લો. **'છ પ્રકારકા કહા ગયા હૈ-ઈન્દ્રિય મનકા વશ કરના ઔર છહકાયકે જીવોંકી રક્ષા કરના. વહ તો સંયમભાવ સો યહાં મુનિકે આહાર વિહાર કરનેમેં ગમન આગમન આદિકા કામ પડતા હૈ તો ઉન કાર્યોંમે ઐસે પરિણામ રહતે હૈં કિ મૈં તૃણમાત્રકા ભી છેદ ન કરું,...'** આહાહા..! ઈતના સંયમ અપનેમેં નમન હો ગયા હૈ. સ્થિર.. સ્થિર.. સ્થિર. સમજમેં આયા? ઔર **'મેરે નિમિત્તસે કિસીકા અહિત ન હો, ઐસે યત્નરૂપ પ્રવર્તતા હૈ, જીવદયામેં હી તત્પર રહતા હૈ.'** લો, ઈતના લિયા. બાકી બાત વિશેષ કરતે હૈં.

અબ અપને ચલતા હૈ વહ. ક્યા ચલતા હૈ? ૫૫ ગાથા, અષ્ટપાહુડ. સમજમેં આયા? દ્રવ્ય.. દ્રવ્ય બહુત યાદ આતા હૈ. સમજમેં આયા? આહાહા..! કહતે હૈં. ૫૫ ગાથાકા ઉપોદ્ઘાત. **'આગે કહતે હૈં કિ જૈસે પરદ્રવ્યમેં રાગભાવ હોતા હૈ વૈસે મોક્ષકે નિમિત્ત ભી રાગ હો તો વહ રાગ ભી આસ્રવકા કારણ હૈ,...'** આહાહા..! જૈસે પરદ્રવ્યકે આશ્રયસે વિકલ્પ ઉઠતા હૈ, રાગ વહ આસ્રવ હૈ, લેકિન મોક્ષકી ઈચ્છા, મોક્ષ ભી એક પર્યાય હૈ ઔર એક ન્યાયસે પરપદાર્થ હૈ, ઉસકી ભી ઈચ્છા આસ્રવકા કારણ હૈ. આહાહા..! સમજમેં આયા?

કહાં લે જાતે હૈં? દેખો! ભગવાન 'કુંદકુંદાચાર્ય' મોક્ષપાહુડકી ૫૫ ગાથામેં યહ કહતે હૈં. આહા!

ભગવાન! તુજે મોક્ષ કે નિમિત્ત ભી રાગ હો તો વહ ભી આસ્રવકા કારણ હૈ. એ..! 'પ્રકાશદાસજી'! મહાવ્રતકા વિકલ્પ તો આસ્રવ હૈ ઔર મેરા મોક્ષ હો ઐસી ઇચ્છા વહ ભી આસ્રવ હૈ. આહાહા..! સમજમેં આયા?

**आसवहेदू य तहा भावं मोक्खस्स कारणं हवदि।**

**सो तेण दु अण्णाणी आदसहावा दु विवरीदु।।५५।।**

**અર્થ :- 'જૈસે પરદ્રવ્યમેં રાગકો કર્મબંધકા કારણ પહિલે કહા...'** દેખો! આહા..! અપને દ્રવ્યકી શ્રદ્ધા, જ્ઞાન ઔર ભાવનાકે સિવાય કોઈ ભી પરદ્રવ્ય ત્રિલોકનાથ તીર્થંકર હો, ઉસકા આશ્રય કરના (બંધકા કારણ હૈ). ઉસકી અનંત બૈર પૂજાકી. ભગવાનકે સમવસરણમેં અનંત બૈર મણિરત્નકા દીપક, હીરેકા થાલ, કલ્પવૃક્ષકે ફૂલ (લેકર) જય ભગવાન (કિયા). સમજમેં આયા? લેકિન વહ તો રાગ થા, પુણ્ય થા, ધર્મ નહીં. સમજમેં આયા? ભૈયા! આપકા કલ પ્રશ્ન થા ન? ૪૯ ભવકા. કહતે હૈં કિ સમ્મેદશીખરકા દર્શન (તો ઠીક), સાક્ષાત સમવસરણમેં ભગવાનકા દર્શન અનંત બૈર કિયા. 'પરમાત્મપ્રકાશ'મેં લિયા હૈ, ભવેભવે પૂજિયો. ભાઈ આતા હૈ ન? ભવ-ભવમેં ભગવાનકો પૂજા. ભગવાન તો પરદ્રવ્ય હૈ. ઉસકી ભક્તિ, ઉસકી સ્તવના, ઉસકા આશ્રય તો સબ રાગકા કારણ હૈ. ભવકે અભાવકા કારણ વહ ચીજ હૈ નહીં. આહાહા..! ગજબ બાત હૈ! વીતરાગ જૈનદર્શન પરમાત્મા સર્વજ્ઞને કહા, હાં! આહા..! અલૌકિક માર્ગ હૈ, બાપૂ! સાધારણ કાયરકા કામ નહીં. કાયર તો સુનકર અંદરસે કાંપ ઉઠે. અરે..! યે! એ.. 'હિંમતભાઈ'! યે મંદિરકા આશ્રય કરે તો પુણ્યભાવ હોતા હૈ, ઐસા કહતે હૈં. સંવર-બંવર ધર્મ નહીં. આહાહા..! હો, અશુભસે બચનેકો ભાવ હોતા હૈ, લેકિન હૈ બંધકા કારણ. આહાહા..!

તીનલોકકે નાથ સમવસરણમેં સાક્ષાત્ કેવલજ્ઞાની બિરાજતે હોં. ૩૪ અતિશય સહિત. ગણધરોં, સિંહ ઔર બાઘ, જંગલમેંસે સિંહ ઔર બાઘ સમવસરણમેં સુનનેકો આતે થે. વહાં ગયા ઔર આરતી ઉતારી. હીરેકા થાલ, મણિરત્નકા દીપક ઔર કલ્પવૃક્ષકા ફૂલ. જય પ્રભુ, જય નારાયણ.. જય નારાયણ (કિયા). જય જય નાથ પરમગુરુ હો. આતા હૈ, યે બોલતે હૈં. 'શ્રીચંદજી' બહુત બોલતે હૈં. અકેલે જબ હો તબ ... શુભભાવ હોતા હૈ દૂસરી બાત હૈ. વહ ક્રિયા હોતી હૈ ક્રિયા કે કારણસે. વહ પુદ્ગલકી ક્રિયા ઐસે હોતી હૈ, આત્માસે નહીં. વહ તો આયા કિ તિનકેકા દો ટુકડા કર સકતે નહીં. .. બજા સકતે નહીં, ઐસા કર સકતે હૈં, ઐસા તીનકાલમેં નહીં હૈ. સિર્ફ વૃત્તિ ઉઠતી હૈ શુભભાવ.

તીનલોકકે નાથ સમવસરણમેં બિરાજતે હૈં ઉસકી ભક્તિ, ઉસકી સ્તુતિ, ઉસકી સેવા, ઉસકા શ્રવણ કિયા. અનંત બૈર! એક ભવ નહીં ઘટા. આહાહા..! તો સમેદશીખરકે દર્શનસે ૪૯ ભવ (હી) હોંગે? કિસીને ગપ લગાયા હૈ. સમજમેં આયા? યહાં તો માર્ગ હૈ વૈસા હોગા. ગપ સમજે? ક્યા કહતે હૈં? ગપ કહતે હૈં ન? ગપ મારા હૈ. વીતરાગકી વાણી ઐસી નહીં. વીતરાગકી વાણી જિનવાણી વીતરાગભાવકા પોષણ કરતી હૈ. અપના સ્વદ્રવ્ય વીતરાગભાવસે ભરા હૈ, ઉસકા આશ્રય કરનેસે હી ભવકા અભાવ હોતા હૈ. બાકી તીનલોકકે

નાથ તીર્થંકરકા ભી આશ્રય કરનેસે ભવકા અભાવ હોતા નહીં. બડી કઠિન બાત. દેખો!

યહાં કહતે હૈં, '**જૈસે પરદ્રવ્યમેં રાગકો કર્મબંધકા કારણ પહિલે કહા વૈસે હી રાગભાવ યદિ મોક્ષકે નિમિત્ત ભી હો તો આસ્રવકા હી કારણ હૈ,...**' આહાહા..! મોક્ષ ભી એક પર્યાય હૈ ન? ઉસકી ઇચ્છા હો કિ મોક્ષ મુજે હો, વહ ઇચ્છા આસ્રવકા, બંધકા કારણ હૈ. આહાહા..! મોક્ષકી ઇચ્છા નહીં. ક્યા ઇચ્છાસે મોક્ષ મિલતા હૈ? ભગવાનઆત્મા મોક્ષસ્વરૂપ હૈ, ઉસમેં એકાગ્ર હોકર મોક્ષ હોતા હૈ. કોઈ ઇચ્છા હુઈ મોક્ષ કી વહ ભી આસ્રવકા, બંધકા કારણ હૈ. વીતરાગ ઐસા ફરમાવે. અજ્ઞાની ઐસા ફરમા સકતા નહીં. સમજમેં આયા? 'શોભાલાલજી'! 'શોભાલાલજી'કો બહુત ઉત્સાહ હૈ, હોં! આપસે ભી ઉસકા ઉત્સાહ બઢ ગયા હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- વહ ભી હો જાયેંગે.

ઉત્તર :- ધીરે-ધીરે હોગા. મૈં તો ઓળંભા (તાના) દેતા હૂં ન. 'તારાચંદજી' થે વે કહતે થે, 'તારાચંદજી' નહીં થે? 'શોભાલાલજી'કો ઉત્સાહ હૈ. યહ પહલે સમજો તો સહી કિ ક્યા ચીજ હૈ? યે સમજે બિના તેરા એક કદમ ભી સચ્ચા હોગા નહીં. ધૂલ-ધાણી કરે ક્યા? વ્રત કરે, તપ કરે ઔર મર જાય, સૂખ જાય ઉસમેં ક્યા હૈ?

સ્વદ્રવ્ય ભગવાનઆત્માકી એકાગ્રતાકી ભાવના વહી મોક્ષકા કારણ હૈ. બાકી પરદ્રવ્ય મોક્ષપર્યાય ભી એક ન્યાયસે તો અપને દ્રવ્યકી અપેક્ષાસે પર્યાયકો પરપદાર્થ-પરદ્રવ્ય કહનેમેં આયા હૈ ન? એ.. 'અમરચંદભાઈ'! આહા..! એ.. 'જયકુમારજી'! આહાહા..! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન'. સમવસરણકે મધ્ય 'સીમંધર' ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ મહાવિદેહક્ષેત્રમેં યહ કહતે હૈં. વર્તમાન મૌજૂદ હૈં. અહો..! કહતે હૈં કિ હમારા આશ્રય કરનેસે ભી તેરેકો તો આસ્રવ હોતા હૈ, નાથ! તેરા આશ્રય કરનેસે તુજે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર હોતા હૈ. 'પ્રકાશદાસજી'! યહાં કિસીકા પક્ષપાત હૈ કિ ઉસકો લગાઓ. ત્રિલોકનાથ ભગવાન પરમાત્મા હૈ ઉસકા આશ્રય કરો તો સંસારકા નાશ હોગા. નહીં. ઉસ ઓરકા ભક્તિ આદિકા ભાવ હૈ વહ તો વિકલ્પ હૈ, રાગ હૈ, શુભ હૈ. હો, દૂસરી બાત. લેકિન ઉસસે ભવકા અભાવ હો ઔર સમકિત હો ઉસકે આશ્રયસે ઔર ઉસકે આશ્રયસે સમ્યગ્જ્ઞાન હો, બિલકુલ નહીં. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શુભભાવ હોતા હૈ, શુભભાવ હોતા હૈ, બંધકા કારણ. ભગવાનકે નામકા લાખ મંત્ર જપે, લાખ ક્રોડ જપે, અનંત જપે, સબ પુણ્ય ઔર આસ્રવ હૈ. ઉસમેં ધર્મ માને તો મિથ્યાદૃષ્ટિ મૂઢ હૈ.

મુમુક્ષુ :- અનુક્રમસે ઉસસે મોક્ષ હોગા.

ઉત્તર :- એ તો લખે ને. વહ તો સમ્યગ્દર્શન હૈ, શુભભાવ આયા હૈ તો અશુભ છોડકર આયા ઔર શુભ છોડકર શુદ્ધ હોગા ઐસા. ઉસસે ક્યા હોતા હૈ? ધૂલ. પરસે બિલકુલ કિંચિત્ ભી લાભ માને વહ મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હૈ. આચાર્ય તો વહાં તક કહતે હૈં કિ અભવિ જૈસા હૈ. સમજમેં આયા? ઐસી બાત હૈ. યહ તો વીતરાગમાર્ગ હૈ. યે કોઈ ઇચ્છા ઔર

રાગકા માર્ગ નહીં હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભૈયા! વહ તો દુ:ખ હૈ. સુખ હૈ કહાં? ધૂલ મેં સુખ હૈ? યે સબ પૈસેવાલે બૈઠે હૈં, દેખો! યે રહે. દો વહાં બૈઠે હૈં, દો યહાં બૈઠે હૈં. દેખો! ચાલીસ-ચાલીસ, પચાસ-પચાસ, સાંઠ-સાંઠ, સત્તર-સત્તર લાખ હૈં. પહાડા ગીનનેકા ધર્મ નહીં હૈ. ધૂલમેં ભી સુખ નહીં હૈ. શરીરમેં સુખ હૈ? ઈસ મિટ્ટીમેં? અભી એક વિચાર આયા થા. યુવાન શરીર હો, યુવાન. ઐસે ચલે. ચલનેકી ગતિ તેરી નહીં, ભગવાન! વહ તો જડકી હૈ. આહાહા..! યુવાન શરીર હો, બીસ વર્ષકા યુવાન. સમજે ન? રોગ આયા ન હો. ઐસા શરીર ... મેરા અવયવ દેખો. લેકિન અવયવ તેરા નહીં, વહ તો જડકા હૈ. તુમ ક્યા બતાના ચાહતે હો? કિ મૈં ઐસે યુવાનીવાલા હૂં, મૈં ઐસી યુવાનીવાલા હૂં. તુમ યુવાનીવાલે હો? યુવાની તો જડકી હૈ, શરીરકી હૈ. સમજમેં આયા? એય..! 'શોભાલાલજી'! યે તો અભી થોડા વિચાર આયા થા. યુવાન શરીર હો. કોઈ રોગ ઉત્પન્ન નહીં હુઆ હો. ફુટડી યુવાની ફટતી હો. જડકી, હોં! મિટ્ટીકી, ધૂલકી. ક્યા હૈ? વહ ક્રિયા તેરી નહીં. વહ ક્રિયા તેરી નહીં ઔર ઉસ ક્રિયામેં તુમ નહીં. આહા..! અરે..! જહાં તુમ હો વહાં દૂસરી ચીજ હૈ. ઐસે બાહરકી ચીજસે ભી અપના અધિકપના બતાના વહ મૂઢ હૈ, ઐસા કહતે હૈં. એ.. 'ભીખાભાઈ'! યહાં તો જો હૈ વહ આયેગા, દૂસરા કુછ નહીં આયેગા. આહા..!

પ્રભુ! તુમ કિસકો લેકર તેરી અધિકતા માનતા હૈ? હૈં! બડા હમારા શરીર, સુંદર શરીર, આંખ ઐસી, શરીર ઐસા, હાથ-પૈર ઐસા, કેલેકે સ્તંભ જૈસા. શાસ્ત્રમેં સબ આતા હૈ. કેલેકે સ્તંભ જૈસે પૈર. હાથ-કોમલ લતા જૈસે હાથ. ગરુડ જૈસા નાક, હીરન જૈસી આંખ, કુંડલ જૈસે કાન, મુખ ચંદ્રમાં કે જૈસા. ધૂલ હૈ, વહ તો મિટ્ટી હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લેકિન વહ તો આયા નહીં? તિનકેકા દો ટુકડા (નહીં કર સકતા). વહ મેરી ચીજ નહીં. આહા..! ભગવાન! ક્યા હૈ? એ.. 'નટુ'! 'નટુભાઈ' વહાં હમારી દુકાનમેં કામ કરતે થે. કર્તા-હર્તા થે. હોશિયાર કહલાતા હૈ. શરીર નિરોગી. તીનોમેં સે ઉસકા શરીર અચ્છા. બડા દસ-દસ, પંદ્રહ-પંદ્રહ લાખકા કામ. યહાં કહતે હૈં, કિસીકે ધ્યાન રખનેસે કુછ હોતા નહીં. એ.. 'નટુભાઈ'! એ.. 'છોટાભાઈ'! આહાહા..!

ભગવાન! તેરેમેં ચીજ હૈ વહ બતાના ચાહે તો તો યથાર્થ હૈ. લેકિન તેરેમેં જો ચીજ નહીં હૈ ઔર ઉસસે તૂ બતાના ચાહતા હૈ કિ મૈં ઉસમેં હૂં ઔર વહ ચીજ મેરી હૈ. આહાહા..! ભગવાન! ક્યા કહે? તેરી શાંતિકા ખૂન હોતા હૈ. સમજમેં આયા? ઓહોહો..! દેખો ન! આજ સંયમ અધિકારમેં ભી વહ તિનકેકા આયા. ઔર ઈસ અધિકારમેં ભી મોક્ષકી ઈચ્છા કરના વહ ભી આસ્રવ હૈ. ગજબ બાત હૈ ન! દિગંબર સંત મુનિઓં સનાતન કેવલજ્ઞાની પરમાત્માને જો કહા વહ પરંપરાસે ચલા આતા હૈ. ઉસમેં થોડી ભી ગડબડી ચલતી નહીં. સમજમેં આયા? આહાહા..!

કહતે હૈં, **'मोक्खस्स कारणं आसवहेदू'** મોક્ષકા કારણ શબ્દ હૈ ઉસકા અર્થ ઐસા કિયા. ટીકામેં ઐસા હૈ. મોક્ષ નિમિત્ત હો તો ભી આસ્રવકા કારણ હૈ. મોક્ષકે કારણ ભી રાગ હો,

વૃત્તિ હો કિ મોક્ષ હો તો ઠીક, મેરી પૂર્ણ પર્યાય પ્રગટ હો, (વહ તો) આસ્રવ હૈ, રાગ હૈ. આહાહા..! '**કર્મકા બંધ હી કરતા હૈ, ઈસ કારણસે...**' જિસ ભાવસે બંધ હો, ઉસ ભાવસે ભવકા અભાવ હો? સમજમેં આયા? ભગવાન! તેરા માર્ગ અલૌકિક હૈ. તેરા સ્વરૂપ આનંદ ઔર શાંતસે ભરા હૈ. ઉસકા આશ્રય કરતે હૈં તો સમ્યગ્દર્શન હોતા હૈ, ઉસકા આશ્રય કરતે હૈં તો સમ્યગ્જ્ઞાન હોતા હૈ, ઉસમેં સ્થિર હોતે હૈં તો ચારિત્ર હોતા હૈ, ઉસમેં સ્થિર હોતે હૈં તો શુક્લધ્યાન હોતા હૈ. ઔર ઉસમેં સ્થિર હોતે હૈં તો કેવલજ્ઞાન હોતા હૈ. બાકી બાહ્યકે, વિકલ્પકે ઔર પર્યાયકે આશ્રયસે ભી લાભ હોતા નહીં. આહા..! યહાં યહ કહતે હૈં, દેખો તો સહી! વાહ..! આચાર્યકી ભાષા સાદી હૈ લેકિન અંદર ભાવ (ગહરે હૈં). તેરી દૃષ્ટિ દ્રવ્યપર હોની ચાહિયે, ઐસા કહતે હૈં.

'**મોક્ષકો પરદ્રવ્યકી તરહ ઈષ્ટ માનકર...**' દેખો! મોક્ષકો ભી પરદ્રવ્યકી તરહ ઈષ્ટ માનકર. જૈસે શરીર ઈષ્ટ માને, સ્ત્રી ઈષ્ટ માને, પૈસા ઈષ્ટ માને ઐસે મોક્ષકો ભી '**પરદ્રવ્યકી તરહ ઈષ્ટ માનકર વૈસે હી રાગભાવ કરતા હૈ તો વહ જીવ મુનિ ભી અજ્ઞાની હૈ...**' દેખો! યહાં તો અજ્ઞાની લે લિયા. આહાહા..!

મુમુક્ષુ :- અજ્ઞાનીકી વ્યાખ્યા આયી.

ઉત્તર :- હૈ તો જ્ઞાની બનાને કો. લેકિન અજ્ઞાની કૈસા હોતા હૈ ઉસકા સાથમેં વર્ણન કરતે હૈં. મોક્ષકી ઈચ્છા ભી મુઝે હિતકર હૈ ઐસા માને તો વહ મુનિ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હૈ. આહાહા..! અજ્ઞાની શબ્દ હૈ ન મૂલમેં? અજ્ઞાની હૈ. '**सो तेण दु अण्णाणी**'. મૂઢ હૈ, બરાબર હૈ. વહ તો એક હી હૈ.

અજ્ઞાની હૈ વહ કૈસા હૈ? '**આત્મસ્વભાવસે વિપરીત હૈ,...**' આહાહા..! ભગવાનઆત્માકા તો જ્ઞાતા-દૃષ્ટા, આનંદ ઔર વીતરાગસ્વભાવ હૈ. ઉસકે સિવા મોક્ષકી ઈચ્છામેં ભી લાભ હૈ ઐસા માને તો મુનિ ભી અજ્ઞાની મૂઢ મિથ્યાદૃષ્ટિ હો જાતા હૈ. આહાહા..! હૈ? 'પ્રકાશદાસજી'! પુસ્તક નહીં હૈ તુમ્હારે પાસ. હૈ? શબ્દ હૈ. હૈ ન? સમજમેં આયા?

યહાં તો પરમાત્મા સંત 'કુંદકુંદાચાર્ય' ઐસા ફરમાતે હૈં, પ્રભુ! તેરા સ્વભાવ પવિત્ર ઔર આનંદ હૈ, ઉસકી દૃષ્ટિ, ઉસકા જ્ઞાન ઔર ઉસમેં લીનતા વહીં મોક્ષકા માર્ગ હૈ. યહ મોક્ષપાહુડ ચલતા હૈ ન. ઔર ઈસકે સિવા મોક્ષકી પર્યાય ભી ઈષ્ટ માનકર રાગ કરે, ઉસે ઈષ્ટ માનકર રાગ કરે તો મિથ્યાદૃષ્ટિ હૈ. આહા..! વાહ! કઠિન કામ. સાધારણ પ્રાણીકો તો 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ'. ઐસા હોતા હૈ? ઐસા હોતા હૈ? એકાંત હૈ. સુન ન! એકાંત યા ફેકાંત તેરે ઘરપર રહા. સમજમેં આયા? ભગવાનઆત્મા અપને દ્રવ્યકી રુચિ છોડકર મોક્ષકી પર્યાયકી ઈચ્છા હુઈ ઉસમેં ભી રુચિ કર લે (તો વહ) મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા?

'**આત્મસ્વભાવસે વિપરીત હૈ, ઉસને આત્મસ્વભાવકો નહીં જાના હૈ.**' દેખો! મોક્ષકી ઈચ્છામેં પ્રેમ હૈ, રુચિ હૈ તો વહ તો આસ્રવ હૈ. તો આસ્રવમેં પ્રેમ હુઆ. તો આત્માકા સ્વભાવ ક્યા હૈ ઉસને જાના નહીં. આહાહા..! લોગ શાસ્ત્રકા સ્વાધ્યાય નહીં કરતે હૈં. અપની દૃષ્ટિસે પઢે. ઉસમેં ઐસા હૈ, ઉસમેં ઐસા હૈ. દેખો! શુભભાવસે પરંપરા મોક્ષ કહા હૈ. લેકિન

કિસકી બાત કિસ અપેક્ષાસે કહી હૈ, સુન તો સહી. સમજ મેં આયા?

**ભાવાર્થ :-** **'મોક્ષ તો સર્વ કર્મસે રહિત અપના હી સ્વભાવ હૈ,...'** મોક્ષ તો વિકલ્પસે રહિત અપના નિર્મલ પૂર્ણ જ્ઞાનસ્વભાવ પૂર્ણ હોના વહ મોક્ષ હૈ. **'અપનેકો સબ કર્મોંસે રહિત હોના હૈ ઈસલિયે યહ ભી રાગભાવ જ્ઞાનીકે નહીં હોતા હૈ,...'** લો દેખો! આહા..! **'યદિ ચારિત્રમોહકા ઉદયરૂપ રાગ હો તો ઉસ રાગકો ભી બંધકા કારણ જાનકર રોગકે સમાન છોડના ચાહે...'** ઈચ્છા હો તો ભી ઉસે રોગ સમાન જાનકર છોડના ચાહે. ઉસસે લાભ હૈ ઐસા માને નહીં. 'જયચંદ્ર પંડિત'ને ભી ઠીક અર્થ કિયા હૈ. **'રાગકો ભી બંધકા કારણ જાનકર રોગકે સમાન છોડના ચાહે તો વહ જ્ઞાની હૈ હી,...'** રાગ તો ચારિત્રમોહકે કારણસે આતા હૈ. લેકિન ઉસમેં હિતબુદ્ધિ હો જાય ઔર આસ્રવસે મુજે લાભ-મોક્ષ હોગા, (તો) મૂઢ હોગા. જ્ઞાનીકો રાગ આતા હૈ લેકિન રાગકો રોગવત જાનતે હૈં. આહાહા..! એ.. 'ચંદ્રકાંતજી'! હિન્દુસ્તાનમેં સબકો જી લગાતે હૈં ન? અપને યહાં ભાઈ કહતે હૈં. આહાહા..! ઈસમેં કહાં પુત્ર ઔર પુત્રી રહા? આહાહા..!

**'ઔર ઈસ રાગભાવકો ભલા સમઝકર પ્રાપ્ત કરતા હૈ તો અજ્ઞાની હૈ.'** મોક્ષકી ઈચ્છા કો ભી ભલી જાને (તો) મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હૈ. આહાહા..! **'આત્માકા સ્વભાવ સબ રાગાદિકોંસે રહિત હૈ ઉસકો ઈસને નહીં જાના,...'** ભગવાનઆત્માકા સ્વભાવ તો રાગ ઔર ઈચ્છાસે રહિત હૈ. તો તૂને રાગકો ભલા જાના તો આત્માકા સ્વભાવ ભલા જાના નહીં. આહાહા..! ઐસે **'રાગભાવકો મોક્ષકા કારણ ઔર અચ્છા જાનકર કરતે હૈં ઉસકા નિષેધ હૈ.'** રાગકા ભી નિષેધ ઔર ભલા જાને ઉસકા ભી નિષેધ-દોનોંકા નિષેધ.

---

**आगे कहते हैं कि जो कर्ममात्रसे ही सिद्धि मानता है उसने आत्मस्वभावको नहीं जाना है वह अज्ञानी है, जिनमतसे प्रतिकूल है :-**

## ગાથા-૫૬

**जो कम्मजादमइओ सहावणाणस्स खंडदूसयरो।**
**सो तेण दु अण्णाणी जिणसासणदूसगो भणिदो।।५६।।**

यः कर्मजातमतिकः स्वभावज्ञानस्य खंडदूषणकरः।
सः तेन तु अज्ञानी जिनशासनदूषकः भणितः।।५६।।

**કર્મજ મતિક જે ખંડદૂષણકર સ્વભાવિક જ્ઞાનમાં,**
**તે જીવને અજ્ઞાની, જિનશાસન તણા દૂષક કહ્યા. ૫૬.**

**अर्थ :-** जिसकी बुद्धि कर्मही में उत्पन्न होती है ऐसा पुरुष स्वभावज्ञान जो केवलज्ञान उसको खंडरूप दूषण करनेवाला है, इन्द्रियज्ञान खंडखंडरूप है, अपने-अपने विषयको जानता

**है, जो जीव इतना मात्रही ज्ञानको मानता है इस कारणसे ऐसा माननेवाला अज्ञानी है जिनमतको दूषण करता है। (अपनेमें महादोष उत्पन्न करता है)**

**भावार्थ :– मीमांसक मतवाला कर्मवादी है, सर्वज्ञको नहीं मानता है, इन्द्रियज्ञानमात्र ही ज्ञानको मानता है, केवलज्ञानको नहीं मानता है, इसका यहाँ निषेध किया है, क्योंकि जिनमतमें आत्माका स्वभाव सबको जाननेवाला केवलज्ञानस्वरूप कहा है। परन्तु वह कर्मके निमित्तसे आच्छादित होकर इन्द्रियोंके द्वारा क्षयोपशमके निमित्तसे खंडरूप हुआ, खंड–खंड विषयोंको जानता है; (निज बलद्वारा) कर्मोंका नाश होने पर केवलज्ञान प्रगट होता है तब आत्मा सर्वज्ञ होता है, इसप्रकार मीमांसक मतवाला नहीं मानता है अतः वह अज्ञानी है, जिनमतसे प्रतिकूल है, कर्ममात्रमें ही उसकी बुद्धि गत हो रही है, ऐसे कोई और भी मानते हैं वह ऐसा ही जानना।।५६।।**

## ગાથા-૫૬ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો કર્મમાત્રસે હી સિદ્ધિ માનતા હૈ ઉસને આત્મસ્વભાવકો નહીં જાના હૈ વહ અજ્ઞાની હૈ, જિનમતસે પ્રતિકૂલ હૈ :-'**

**जो कम्मजादमइओ सहावणाणस्स खंडदूसयरो।**
**सो तेण दु अण्णाणी जिणसासणदूसगो भणिदो।।५६।।**

જો કર્મ નામ રાગાદિ કાર્ય, રાગાદિ કર્મસે '**જિસકી બુદ્ધિ કર્મહીમેં ઉત્પન્ન હોતી હૈ ઐસા પુરુષ સ્વભાવજ્ઞાન જો કેવલજ્ઞાન ઉસકો ખંડરૂપ દૂષણ કરનેવાલા હૈ,...**' ક્યા કહતે હૈં? જિસને કાર્ય-રાગસે લાભ માના ઐસા જો પુરુષ હૈ વહ '**સ્વભાવજ્ઞાન જો કેવલજ્ઞાન ઉસકો ખંડરૂપ દૂષણ કરનેવાલા હૈ,...**' અખંડ જ્ઞાનકે આધારસે, અખંડ જ્ઞાનસ્વભાવકે આધારસે આત્માકો કેવલજ્ઞાન આદિ ધર્મ હોતા હૈ, ઐસા ન માનકર ખંડ-ખંડ ક્રિયા-રાગાદિ ક્રિયાસે હોતા હૈ. '**ઇન્દ્રિયજ્ઞાન ખંડખંડરૂપ હૈ, અપને-અપને વિષયકો જાનતા હૈ,...**' દેખો! યહાં તક લે લિયા. ઇન્દ્રિયજ્ઞાન જો ખંડ હૈ ઉસસે ભી મેરા મોક્ષ હોગા, મોક્ષકા પ્રેમ-રાગ કરતા હૈ વહ મિથ્યાત્વ હૈ, (ઉસકો) ઉડાયા. યહાં તો અબ ઇન્દ્રિયજ્ઞાન ખંડખંડ હૈ, મિમાંસક માનતે નહીં, લેકિન જૈનમેં ભી કોઈ માને કિ ઇન્દ્રિયજ્ઞાન જો ખંડખંડ હૈ વહી સ્વરૂપ હૈ ઔર વહી ક્રિયા કરનેસે, ખંડખંડ જ્ઞાનકી ક્રિયા કરનેસે આત્માકો મુક્તિ હોગી. વહ ભી મૂઢ ઔર મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા..! કઠિન બાત.

'**ઇન્દ્રિયજ્ઞાન ખંડખંડરૂપ હૈ, અપને-અપને વિષયકો જાનતા હૈ, જો જીવ ઇતના માત્ર હી જ્ઞાનકો માનતા હૈ...**' દેખો! ઇતના ઇન્દ્રિયજ્ઞાન વર્તમાન ક્ષણિક હૈ, એક-એક વિષયકો જાને ઉતના હી મૈં આત્મા હૂં, વહ કર્મ (હૈ), ઉસકા નામ અજ્ઞાનકા કર્મ-કાર્ય હૈ ઉસસે મુજે ધર્મ હોગા. આહાહા..!

મુમુક્ષુ :- અખંડ પર દૃષ્ટિ હો...

ઉત્તર :- અખંડ જ્ઞાયક પર દૃષ્ટિ હો ઔર અખંડ જ્ઞાન પ્રગટ હો વહ મુક્તિકા કારણ હૈ. ઇન્દ્રિયકે જ્ઞાનસે ભી મુક્તિકા કારણ નહીં. ઇન્દ્રિયજ્ઞાનકો કર્મ કહા. સમજમેં આયા?

**'ઇન્દ્રિયજ્ઞાન ખંડખંડરૂપ હૈ, અપને-અપને વિષયકો જાનતા હૈ, જો જીવ ઇતના માત્રહી જ્ઞાનકો માનતા હૈ ઇસ કારણસે ઐસા માનનેવાલા અજ્ઞાની હૈ જિનમતકો દૂષણ કરતા હૈ.'** ઇન્દ્રિયજ્ઞાનસે અપનેકો લાભ હોતા હૈ, ઐસા માનનેવાલા જૈનદર્શનસે વિરુદ્ધ હૈ. સમજમેં આયા? આહાહા..! ક્યા કહતે હૈં? શાસ્ત્ર સુનના ઔર સમજના ઉસસે જો જ્ઞાન હોતા હૈ વહ ઇન્દ્રિયજ્ઞાન હૈ, ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિકલ્પ હૈ ન સબ. આહાહા..! કઠિન બાત, ભાઈ!

યહાં તો કહતે હૈં, જો ઇન્દ્રિયજ્ઞાન હૈ, યે ઇન્દ્રિયજ્ઞાન હૈ, સુનતે હૈં જો શાસ્ત્ર આદિકા જ્ઞાન હોતા હૈ વહ ઇન્દ્રિયજ્ઞાન હૈ, વહ અતીન્દ્રિય જ્ઞાન નહીં. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિયસ્વરૂપ ત્રિલોકનાથ અનાદિઅનંત, ઉસકા આશ્રય કરકે જો અતીન્દ્રિય જ્ઞાન ઉત્પન્ન હોતા હૈ વહ મુક્તિકા કારણ હૈ. સમજમેં આયા? **'ઐસા માનનેવાલા અજ્ઞાની હૈ જિનમતકો દૂષણ કરતા હૈ.'** યહાં તો ફિર કહા હૈ કિ મિંમાસકમતિ ઐસા માનતા હૈ. લેકિન મિમાંસકકા અર્થ કોઈ ભી અભિપ્રાયમેં ઇન્દ્રિયજ્ઞાન સે લાભ હોતા હૈ ઐસા માનનેવાલા મિંમાસક જૈસા મિથ્યાદૃષ્ટિ હૈ. ઓહોહો! નિમિત્તસે ધર્મ હોતા નહીં, શુભભાવસે ધર્મ હોતા નહીં, ઇન્દ્રિયજ્ઞાનસે ધર્મ હોતા નહીં. ગજબ બાત કરતે હૈં ન! બાત કહાં લે જાતે હૈં, દેખો! સમજમેં આયા?

કેવલજ્ઞાનકો માનતા નહીં હૈ. અખંડ એક જ્ઞાનમૂર્તિ આત્મા હૈ ઔર ઉસકે આશ્રયસે કેવલજ્ઞાન હોતા હૈ. અકેલા જ્ઞાનસ્વરૂપ હૈ, ખંડખંડ જ્ઞાન નહીં. ઇન્દ્રિયસે ખંડખંડ જ્ઞાન હોતા હૈ વહ આત્મા નહીં. આહાહા..! નિમિત્ત તો આત્મા નહીં, તીનલોકકે નાથ હો તો ભી વહ પર હૈ, નિમિત્ત હૈ. વહ આત્મા નહીં હૈ કિ ઉસસે આત્માકો લાભ હો. ઔર ઉનકી ઓર ઉત્પન્ન હુઆ રાગ ભી આત્મા નહીં, વહ તો આસ્રવ હૈ. ઉનકી ઓરસે જ્ઞાન હુઆ વહ ભી પર હૈ. ઇન્દ્રિયજ્ઞાન પર હૈ, બંધકા કારણ હૈ. આહાહા..! મોક્ષકે કારણકા વર્ણન કરના હૈ ન. ગજબ બાત હૈ. આહા..! ઇસકા પાચન હોના ચાહિયે, પાચન. સમજમેં આયા?

ભાઈ! તેરે જન્મકે અવતારકી બાત હૈ. આહાહા..! જન્મ, જરા, મરણ વહ તો સંયોગસે કથન હૈ, હોં! જન્મ, મરણ, જરા. અંતરમેં આત્માસે વિપરીત મિથ્યાત્વ આદિકી આકુલતા વહ દુઃખ હૈ. કથન તો ઐસે ચલે ન.

**जम्मं दुक्खं जरा दुक्खं रोगाणि मरणाणि य।**
**अहो दुक्खो हु संसारो जत्थ कीसंति जंतवो।।**

એ આતા હૈ. 'ઉત્તરાધ્યયન'મેં મૃગાપુત્રકા આતા હૈ. ઉસકી માતા જબ ઇજાજત દેતી હૈ કિ માતા! ઇજાજત દે. મુજે કહીં ચૈન નહીં હૈ. યે ૩૨ રાનિયાં પદ્મણિ જૈસી. અભી તુને બ્યાહ કિયા હૈ. યુવાન હો. માં! મુજે કહીં ચૈન નહીં હૈ. મેરા ચૈન તો અંતરમેં હૈ. ફિર ગાથા કહતે હૈં,

**जम्मं दुक्खं जरा दुक्खं रोगाणि मरणाणि य।**
**अहो दुक्खो हु संसारो जत्थ कीसंति जंतवो।।**

... માં! યહ જીવ અનાદિસે આકૂલતા કી ઘાણી મેં પીસા જા રહા હૈ. '**अहो सव्वो दुक्खो संसारो**' દુઃખી ભી આશ્ચર્યકારી હૈ, કહતે હૈં. આહાહા..! '**अजत्थं कीसंति**' ક્લેષ પાતા હૈ, માતા! ઈજાજત દે, માં! હમ જિવીત હી સ્મશાનમેં જાયેંગે. આહાહા..! યહાં થોડા છોડના હો તો દુનિયાકી કિતની પ્રશંસા ચાહે. મૈંને ઈતના છોડા હૈ, મૈંને ઐસા છોડા હૈ. ધૂલ છોડી હૈ, સુન તો સહી. પરકા છોડના-ગ્રહના આત્મામેં હૈ કહાં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હાં. એ.. 'પોપટભાઈ'! છ-છ લડકે બડે યોદ્ધા જૈસે. 'રામજીભાઈ'કો ભી છહ હૈ ઔર આપકો ભી છહ હૈં. કૌન 'રામજીભાઈ'? કામાણી. એય..! દો-ઢાઈ ક્રોડ, તીન ક્રોડ રૂપયે ધૂલ કે. ગિનતી કરની હૈ ન, તેરે કહાં થે? વહ તો અજીવ હોકર રહે હૈં. યે પુત્રકા આત્મા પરકા હોકર રહા હૈ, વહ તેરા હોકર કહાં રહા હૈ? ... ગલે પડનેવાલા હૈ. વહ આકર થોડી દેર ખડા રહા તો મેરે હૈં. ગલે ક્યોં પડતા હૈ તૂ? સમજ મેં આયા? કથામેં આતા હૈ ન?

ચોરને ચોરી કીથી. ઉસે બચના થા. ક્યા નામ હૈ? ... ચોરને વહાં પોટલી ડાલ દી. ક્યોંકિ પકડને આયે. ઔર ચોરને ચોરી કી થી. વહાં પુલીસ આઈ. દેખો! ... રાજકુમાર થા ન? 'શ્રેણિક' રાજાકા પુત્ર થા. લેકિન બહુત વૈરાગી. ધ્યાનમેં જતા કોઈ કોઈવાર... ગૃહસ્થાશ્રમમેં. મુનિને કહા સ્મશાનમેં, હોં! પીછે સે પુલીસ પકડને આઈ. પોટલી ઉસકે પાસ રખી ઔર ચોર ભાગ ગયા. માલૂમ નહીં પડા કિ વહ ચોર થા. ઈસે પકડા. આહાહા..! ફિર દેવ આયે. ઐસા કુછ હૈ ન? કથા હૈ. કથા બહુત યાદ નહીં હૈ. સમજમેં આયા? ફિર તો ઉસકી પ્રશંસા હુઈ હૈ. અહો..! ધન્ય અવતાર રાજકુમાર! ગૃહસ્થાશ્રમમેં ઐસા તેરા વૈરાગ્ય! તુઝે ઝીંદા સ્મશાનમેં ધ્યાન કરનેકી ભાવના. આત્મામેં અંતર .. દેવ આયે. ફાંસીકી સજા દી થી. દેવ આયે. આહાહા..! કથાકી બાત બહુત ... ન્યાય દિમાગ મેં યાદ રહ ગયા હો. વૈરાગ્ય.. વૈરાગ્ય.. ઐસે જગતકી ચીજ સાથ આઈ તો ગલે પડુ (કહતા હૈ), મેરે હૈં.

યહાં તો પરમાત્મા ત્રિલાકનાથકી બાત ભગવાન 'કુંદકુંદાચાર્ય' જગતકે પાસ પ્રસિદ્ધ કરતે હૈં. આહાહા..! ભગવાન! જિસને ઈન્દ્રિયજ્ઞાનકો માના, ઉસે ત્રિકાલ જ્ઞાન સ્વરૂપ અખંડ હૈ ઉસકી માન્યતા હૈ નહીં.

**ભાવાર્થ :- 'જિનમતમેં આત્માકા સ્વભાવ સબકો જાનનેવાલા કેવલજ્ઞાનસ્વરૂપ કહા હૈ.'** લ્યો. આહાહા..! અકેલા ખંડખંડ જાનના વહ ભી કર્મ હૈ-અજ્ઞાનકા કાર્ય હૈ, વહ આત્માકા સ્વભાવ નહીં. '**સબકો જાનનેવાલા કેવલજ્ઞાનસ્વરૂપ કહા હૈ.**' ત્રિકાલ જ્ઞાન હો, સર્વકા જાનનેવાલા. ખંડખંડ એક-એક વિષયકો જાને ઐસા નહીં, વહ ચીજ નહીં. ઓહો..! મોક્ષપ્રાભૃતમેં ઈન્દ્રિયકે જ્ઞાનસે લાભ માને વહ મૂઢ હૈ યહ સિદ્ધ કરતે હૈં. અકેલા કેવલજ્ઞાનમય ભગવાનઆત્મા પૂર્ણ સ્વભાવ, ઉસકે આશ્રયસે દૃષ્ટિ કરે વહ અખંડ જ્ઞાનકી દૃષ્ટિ હુઈ. વહી ૩૧વીં ગાથામેં આતા હૈ ન? '**जो इंदिये जिणित्ता**'મેં આતા હૈ ન? ભાઈ! ઉસમેં ભાવઈન્દ્રિય આ ગઈ. 'સમયસાર'. ભાવઈન્દ્રિય જીતની હૈ. ભાવઈન્દ્રિય મૈં હૂં ઐસા નહીં. દ્રવ્યઈન્દ્રિય તો

દૂર રહી, યે તો જડ મિટ્ટી હૈ, લેકિન ભાવઈન્દ્રિયકો અપની માને ઉસને ખંડખંડ જ્ઞાનકો અપના માના, ઐસા કહતે હૈં. આહાહા..! આચાર્યકી શૈલી ચારોં ઓરસે દેખો, કોઈ ભી શાસ્ત્ર દેખો પૂર્વાપર અવિરોધ પૂરા મંડપ ખડા હૈ. ઐસી સંતોંકી વાણી. સમજમેં આયા?

કહતે હૈં કિ ઈન્દ્રિયજ્ઞાનકો હી અપના માને, ખંડખંડકો માના ઉસને અખંડ આત્માકા જ્ઞાન માના નહીં. મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા..! અર્થાત્ વહ ઈન્દ્રિયજ્ઞાન જો હુઆ ઉસસે મુઝે લાભ હોગા, ઉસસે મુઝે સમકિત હોગા (વહ) જૈનમતસે ભિન્ન હૈ. આહાહા..! '**વહ કર્મકે નિમિત્તસે આચ્છાદિત હોકર ઈન્દ્રિયોંકે દ્વારા ક્ષયોપશમકે નિમિત્તસે ખંડરૂપ હુઆ, ખંડ-ખંડ વિષયોંકો જાનતા હૈ,...**' દેખો! ભાવઈન્દ્રિય હૈ તો ખંડખંડ એક-એક વિષયકો એક ઈન્દ્રિય જાને વહ તો ખંડખંડ જાને, વહ કોઈ આત્માકા સ્વભાવ નહીં. આહાહા..!

'**કર્મોંકા નાશ હોને પર કેવલજ્ઞાન પ્રગટ હોતા હૈ તબ આત્મા સર્વજ્ઞ હોતા હૈ.**' દેખો! ખંડખંડ જ્ઞાનકા નાશ કરકે, અખંડકા આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ ઔર ફિર કેવલજ્ઞાન હોતા હૈ. ખંડખંડ જ્ઞાન અપના સ્વભાવ હી નહીં. '**ઈસપ્રકાર મિમાંસક મતવાલા નહીં માનતા હૈ..**' યે તો મિમાંસકકા દૃષ્ટાંત દિયા હૈ, હોં! જો ભાવઈન્દ્રિયસે લાભ માને વહ સબ મિમાંસકમતિ હૈ. આહા..! પુણ્યસે ધર્મ માને, શુભભાવસે માને, નિમિત્તસે માને વહ તો ઠીક, લેકિન કહતે હૈં કિ ઈન્દ્રિયજ્ઞાનસે ખંડખંડસે માને વહ ભી મિથ્યાદૃષ્ટિ મિમાંસક જૈસા હૈ. આહાહા..!

મુમુક્ષુ :- અતીન્દ્રિય જ્ઞાન..

ઉત્તર :- અતીન્દ્રિય જ્ઞાન અંદર જાયેગા તો મિલેગા. ભૈયા! અંદર તેરે પાસ પડા હૈ. પહલે કહા ન? કેવલજ્ઞાન સ્વભાવ તેરા પરિપૂર્ણ પડા હૈ. નાથ ઉસકા આશ્રય કરનેસે તુજે સમ્યગ્જ્ઞાન હોતા હૈ. બાકી ઈન્દ્રિયસે જો જ્ઞાન હોતા (હૈ) વહ જ્ઞાન યથાર્થ નહીં, ઐસા કહતે હૈં. યહ તો વીતરાગમાર્ગ હૈ. લાલાપેઠા કરના નહીં હૈ. અચ્છા હૈ, અચ્છા હોગા, અચ્છા હોગા. ધૂલ ભી અચ્છા નહીં હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- ઈન્દ્રિયજ્ઞાન સે લાભ..

ઉત્તર :- માનતા હૈ. ઈન્દ્રિયજ્ઞાન હુઆ તો ઉસસે મુઝે ધર્મ હોગા, ઉસકે કારણ મુઝે સમકિત હોગા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કહા ન, દૃષ્ટાંત દિયા ન. ૩૧વીં ગાથા કા દૃષ્ટાંત દિયા. 'સમયસાર' મેં કહા, '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**'૩૧ ગાથા. ૩૧-તીસ ઔર એક. 'સમયસાર'. જો કોઈ ખંડખંડ ઈન્દ્રિયસે હટકર અપના જ્ઞાનસ્વભાવ ઉસસે-ખંડસે અધિક-ભિન્ન હૈ, જુદા હૈ ઐસે આત્માકો જાને ઉસને ઈન્દ્રિયકો જીતી વહ સમકિતી હૈ. સમજમેં આયા? કઠિન કામ. સત્યકી પરંપરા ટૂટ ગઈ ઈસલિયે લોગોંકો યહ બાત સુનકર (ઐસા લગતા હૈ) અરે..! યે તો એકાંત નિકલા. અરે..! સોનગઢસે એકાંત નિકલા. સોનગઢકા હૈ યા ભગવાનકા હૈ? યે ક્યા કહતે હૈં? શાસ્ત્ર ક્યા કહતા હૈ? આહાહા..!

મુમુક્ષુ :- અસલ સાધન છોડને જાતે હૈં.

ઉત્તર :- અસલ સાધન છોડકે જાતે હૈ ઠીક હૈ. ઐસા બોલતે હૈં. વહ સાધન હી નહીં હૈ. અપના સ્વરૂપમેં સાધન અખંડમેં હૈ.

મુમુક્ષુ :- કચ્ચાપન છોડ દો...

ઉત્તર :- સબ હૈ હી નહીં. ખંડખંડ જ્ઞાન હી અપના સ્વરૂપ નહીં. આહાહા..! ગજબ બાત!

મુમુક્ષુ :- વર્તમાનમેં જિતને દર્શન હૈ...

ઉત્તર :- હૈ હી નહીં. આહાહા..! ભગવાન! તેરી ચીજ તો અખંડ આનંદકંદ જ્ઞાનસ્વરૂપ હૈ. આહાહા..! ઉસકા આશ્રય કિયે બિના કભી સમ્યગ્દર્શન, જ્ઞાન હોતા નહીં. વહ બતાતે હૈં. આહા..! સમજમેં આયા?

**'વહ અજ્ઞાની હૈ, જિનમતસે પ્રતિકૂલ હૈ,...'** દેખો! **'કર્મમાત્રમેં હી ઉસકી બુદ્ધિ ગત હો રહી હૈ,...'** ખંડખંડ જ્ઞાન ભી અજ્ઞાનકા એક કર્મ હૈ. આહાહા..! ગજબ બાત! **'ઐસે કોઈ ઔર ભી માનતે હૈં વહ ઐસા હી જાનના.'** દેખો! મિમાંસક તો માને લેકિન ઐસે કોઈ ઔર ભી માને વહ ઐસા હી જાનના. ઐસા કહતે હૈં. જૈનમેં ભી રહકર ઐસા માને કિ ખંડખંડ જ્ઞાનસે લાભ (હોગા), વહ ભી મિમાંસક મતકા હૈ, વીતરાગકે મતકા હૈ નહીં. વિશેષ કહેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૮૫, ગાથા-૫૬થી ૬૦, શુક્રવાર, ભાદરવા સુદ ૧૧, તા.૧૧-૯-૭૦

દસલક્ષણી પર્વમેંસે.

**इहपरलोयसुहाणं, णिरवेक्खो जो करेदि समभावो।**
**विविहं कायकिलेसं, तवधम्मो णिम्मलो तस्सो।।४००।।**

સમ્યગ્દર્શનકે ભાનસહિત, યહ બાત હૈ. ઉત્તમતપ કહતે હૈં ન? ઉત્તમ. અજ્ઞાનમેં ભી અનંત બૈર ઐસા તપ કિયા. છ-છ મહિનેકા ઉપવાસ, દો-દો મહિનેકા સંલેખના તપ. ઉસકા કોઈ ફલ નહીં. વહ તો મિથ્યાત્વ હૈ. અપના આત્મા આનંદ, જ્ઞાન, શાંતિ આદિ સ્વભાવ સંપન્ન હૈ, ઐસી અંતરમેં દૃષ્ટિ કરકે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કરકે ઉસમેં સ્થિરતા વહ ચારિત્ર, ઇસસે અતિરિક્ત **'ઈસલોક પરલોકકે સુખ કી અપેક્ષાસે રહિત હોતા હુઆ સુખ દુઃખ, શત્રુ મિત્ર, તૃણ કંચન, નિંદા પ્રશંસા આદિમેં રાગ-દ્વેષ રહિત સમભાવી...'** ઉસકા વિશેષ ખુલાસા ... **'અનેક પ્રકાર કાયક્લેશ કરતા હૈ ઉસ મુનિકે નિર્મલ તપધર્મ હોતા હૈ.'** કાયક્લેશ તો નિમિત્તસે કથન હૈ. સમજમેં આયા? અંતરમેં.. દેખો!

**ભાવાર્થ :- 'ચારિત્રકે લિયે જો ઉદ્યમ ઔર ઉપયોગ કરતા હૈ સો તપ કહા હૈ.'** ભગવાનઆત્મા ઉસમેં દર્શનશુદ્ધિપૂર્વક ચારિત્ર-સ્વરૂપમેં રમણતા, ઉસમેં ઉદ્યમ ઔર ઉપયોગ વિશેષ કરતે હૈં ઉસકા નામ તપ (હૈ). સમજમેં આયા? **'વહ કાયક્લેશ સહિત હી હોતા હૈ...'** નિમિત્ત. શરીરમેં ઉપવાસ આદિ હો તો કાયક્લેશ કહનેમેં આતા હૈ. લેકિન અંદરમેં સ્વરૂપકા અનુભવપૂર્વક ચારિત્રમેં ઉપયોગકો ઉગ્રપને લગાના ઉસકા નામ તપ કહતે હૈં. દેખો! **'ઈસલિયે**

**આત્માકી વિભાવપરિણતિકે સંસ્કારકો મિટાનેકે લિયે...**' વિભાવ મૈં નહીં, મૈં સ્વભાવ હૂં ઐસા અપના અસ્તિત્વકા બોધ શ્રદ્ધા-જ્ઞાન હુઆ હૈ. બાદમેં સ્વભાવમેં રહનેકો વિભાવપરિણતિકા સંસાર મિટાનેકો સ્વભાવકી ઓર જોર કરતે હૈં ઉસકા નામ તપ કહને મેં આતા હૈ. તપકી વ્યાખ્યા કઠિન આયી. સમજમેં આયા? '**ઉદ્યમ કરતા હૈ.**'

'**અપને શુદ્ધસ્વરૂપ ઉપયોગકો ચારિત્રમેં રોકતા હૈ,...**' દેખો! અપને શુદ્ધસ્વરૂપ જો ઉપયોગકો ચારિત્રમેં રોકતા હૈ, સ્વરૂપ સ્થિરતામેં રોકતા હૈ. ક્યા કહા સમજમેં આયા? અપના શુદ્ધ સ્વરૂપ ઉપયોગ, વર્તમાન શુદ્ધ પરિણતિકા ઉપયોગ ચારિત્રમેં રોકતા હૈ. તપ કહના હૈ ન?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગડબડ કહાં છોડી હૈ? રાગ હૈ વહ ઉસકા ઘર હૈ. ઉસકો અપના માના હૈ, વહ ઘર હૈ.

મુમુક્ષુ :- ઉપયોગ હટાનેકે લિયે.

ઉત્તર :- ઉપયોગ હટાનેકો ઘરસે હટ જાતે હૈં.

યહાં તો અંતરમેં પહલે સમ્યગ્દર્શન, વિકલ્પસે ભી હટકર... પૂરા સંસાર તો દૂર રહા, સ્ત્રી-પુત્ર તો, શુભરાગ જો વિકલ્પસે હટકર અપને અનુભવમેં દર્શન હુઆ, સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન (હુઆ), ઉસમેં લીનતા હોતી હૈ વહ ચારિત્ર, ઉસ ચારિત્રમેં ઉપયોગકો વિશેષ લગાના ઉસકા નામ તપ (હૈ). આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, સેઠ! ઉપવાસ કિયે ઈસલિયે હો ગઈ તપસ્યા, ઐસા નહીં હૈ.

'**યહ તો યુક્તિ સિદ્ધ હૈ ઔર જિનાગમમેં રાગસે કર્મકા બંધ કહા હૈ,...**' વીતરાગ પરમેશ્વરના માર્ગમાં રાગથી કર્મબંધન કહ્યું. ચાહે તો પરમેશ્વર પ્રત્યેનો રાગ હો, ચાહે તો પંચમહાવ્રતનો રાગ હો, એ મહાવ્રત પોતે રાગ છે. આહાહા..! ઓલા કહે કે પાંચ મહાવ્રત એ ધર્મ છે અને સંવર છે. બહુ ઊંધું. દૃષ્ટિ ઊંધી, શ્રદ્ધા ઊંધી, જ્ઞાન ઊંધું, આચરણ ઊંધું. ખબર ન મળે. જિનાગમમાં વીતરાગ પરમેશ્વર એના શાસનમાં તો ચાહે તો વ્રતનો રાગ હો, ભગવાન પ્રત્યેનો રાગ હો, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રીતિનો રાગ હો '**કર્મકા બંધ કહા હૈ,...**' રાગ તો બંધનું કારણ કહ્યું છે.

'**ઈસકા ઉદય અન્ય જન્મકા કારણ હૈ,...**' એ રાગ તો ભવનું કારણ છે. આહાહા..! '**ઈસ પ્રકાર પરદ્રવ્યમેં રાગસે સંસાર હોતા હૈ,...**' ચૈતન્ય ભગવાનઆત્મા પૂર્ણ પવિત્રનો પિંડ પ્રભુ, એના આશ્રય વિના જે કંઈ પરદ્રવ્યનો આશ્રય કરે ત્યાં તો રાગ જ થાય એને અને એ રાગ રખડવાનું, સંસારનું જ કારણ છે. પહેલી સમ્યક્ શ્રદ્ધા તો કરે. સમજણમાં તો લે વાત કે માર્ગ આવો છે. ઊંધે માર્ગે શ્રદ્ધા કરે તો રખડી મરશે. નરક અને નિગોદમાં જાશે. આહાહા..! પણ ક્યાં એવી પડી છે કોઈને અંદર?

'**ઈસલિયે યોગીશ્વર મુનિ પરદ્રવ્યસે રાગ છોડકર...**' ચોથા ગુણસ્થાનમાં, પાંચમા

ગુણસ્થાનમાં હજી રાગ હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ આદિ બંધનું કારણ હોય છે ત્યાં એ. એ બંધનું કારણ છે એમ જાણે છે. જેટલી આત્માને આશ્રયે નિર્મળ અરાગી-વીતરાગી દશા પ્રગટે તેટલું મોક્ષનું કારણ. ત્યારે મુનિને તો કહે છે કે તને રાગ જ ન હોઈ શકે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો ડુંગર આત્મા છે. એવા અતીન્દ્રિય આનંદના ડુંગરમાં ઠર અને પર તરફના રાગને છોડ. એ '**आत्मामें निरंतर भावना रखते हैं.**' આહાહા..! દુનિયા સાથે મેળ ખાય એવું નથી.

સમ્યગ્દર્શન એ અપૂર્વ ચીજ જેણે અનંતકાળમાં સેકન્ડ પણ પ્રગટ કરી નથી. મુનિપણા પાળ્યા અનંતવાર. મુનિપણા એટલે નગ્ન દિગંબરની ક્રિયા, હોં! એ મુનિપણા. એને અઠ્યાવીસ મૂળગુણ, પંચમહાવ્રત અનંતવાર, અનંત અનંતવાર (પાળ્યા) પણ અંદર આત્મજ્ઞાન એ શું ચીજ છે એને સ્પર્શ્યો નહિ. આહાહા..! એથી કહે છે, એવા આત્મજ્ઞાનસહિત સમભાવ જે પ્રગટ થાય અંદર વીતરાગતા એને ચારિત્ર હોય છે. આહાહા..!

---

**आगे कहते हैं कि ऐसे समभावसे चारित्र होता है :-**

## ગાથા-૭૨

**णिंदाए य पसंसाए दुक्खे य सुहएसु य।**
**सत्तूणं चेव बंधूणं चारित्तं समभावदो।।७२।।**

**निंदायां च प्रशंसायां दुःखे च सुखेषु च।**
**शत्रूणां चैव बंधूनां चारित्रं समभावतः।।७२।।**

**નિંદા પ્રશંસાને વિષે, દુઃખો તથા સૌખ્યો વિષે,**
**શત્રુ તથા મિત્રો વિષે સમતાથી ચારિત હોય છે. ૭૨.**

**अर्थ :-** निन्दा-प्रशंसामें, दुःख-सुखमें और शत्रु-बन्धु-मित्रमें समभाव जो समतापरिणाम, रागद्वेषसे रहितपना, ऐसे भावसे चारित्र होता है।

**भावार्थ :-** चारित्रका स्वरूप यह कहा है कि जो आत्माका स्वभाव है वह कर्मके निमित्तसे ज्ञानमें परद्रव्यसे इष्ट अनिष्टबुद्धि होती है, इस इष्ट-अनिष्ट बुद्धिके अभावसे ज्ञानहीमें उपयोग लगा रहे उसको शुद्धोपयोग कहते हैं, वही चारित्र है, यह होता है वहाँ निंदा-प्रशंसा, दुःख-सुख, शत्रु-मित्रमें समान बुद्धि होती है, निंदा-प्रशंसाका द्विधाभाव मोहकर्मका उदयजन्य है, इसका अभाव ही शुद्धोपयोगरूप चारित्र है।।७२।।

---

## ગાથા-૭૨ ઉપર પ્રવચન

૭૨.

**णिंदाए य पसंसाए दुक्खे य सुहएसु य।**
**सत्तूणं चेव बंधूणं चारित्तं समभावदो।।७२।।**

આત્મજ્ઞાની, ધર્માત્માની મુનિપણાની દશામાં એને સમામૃત, વીતરાગરૂપી અમૃતનો એને સ્વાદ આવ્યો છે. આહાહા..! એવા સમભાવમાં નિંદા-પ્રશંસામાં જેને સમભાવ છે. દુનિયા નિંદા કરે, પ્રશંસા કરે એના પ્રત્યે ધર્મીને તો સમભાવ (છે). અંતરનો સમભાવ, હોં! બહારનો સમભાવ કરે એ સમભાવ નથી. આહાહા..!

'**અર્થ :- નિંદા-પ્રશંસામેં,..**' ધર્મી જીવને અંતર સમભાવ પ્રગટ્યો છે. 'રાગ દાહ દહે સદા તાતે સમામૃત સેઈએ.' 'છ ઢાળા' છે ને? એમાં આવે છે. 'રાગ દાહ દહે...' ચાહે તો શુભરાગ હો કે અશુભ હો. આહાહા..! એ 'રાગ દાહ દહે સદા' આત્માની શાંતિને બાળે છે. આહાહા..! 'તાતે સમામૃત સેઈએ.' તેથી સમ્યગ્દર્શનની ભૂમિકામાં ઠરીને સમામૃત-વીતરાગરૂપી અમૃતને સેવન કરો. આહાહા..! એ રાગના પીણા-વેદન ઝેરના વેદન છે, અંગારાના વેદન છે કહે છે. આહાહા..!

'**દુઃખ-સુખમેં...**' સમભાવથી. પ્રતિકુળ સંયોગ દુશ્મન આદિ આવ્યા હો કે અનુકૂળ સંયોગ સજ્જન આદિ હો, તેમાં સુખ-દુઃખની કલ્પના જેણે છોડી દીધી છે. આહાહા..! એનું નામ સમતા અમૃતનો સાગર આત્મા છે. આહાહા..! '**શત્રુ-બંધુ-મિત્રમેં સમભાવ...**' સજ્જન હો કે શત્રુ હો. બેય પરદ્રવ્ય જ્ઞેય તરીકે જ્ઞાન કરવા લાયક છે. આહાહા..! અંતરમાં સમ્યગ્દર્શન સહિત આત્માના અનુભવના ભાનસહિત ધર્માત્માએ શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ (રાખવા યોગ્ય છે). કોઈ પ્રત્યે વિરોધ નહિ. આહાહા..! અજ્ઞાનીની દૃષ્ટિ વિપરીત હો કે શ્રદ્ધા વિપરીત હો એમ જાણે પણ વેર-વિરોધ નહિ. આહાહા..! કોઈ આત્મા પ્રત્યે વિરોધ નહિ. એ શત્રુ ને મિત્ર પત્યે (સમભાવ રાખે). બંધુ કર્યો છે ને? બંધુનો અર્થ મિત્ર. સમભાવ-સમભાવ. એ સમભાવ વીતરાગીરૂપી અમૃતનો સ્વભાવ એને અહીં સમભાવ કહ્યો છે. આમ તો આ બધા ગાંધીની લાઈનમાં દેશ માટે લાકડીનો માર સહન કરે એ સમભાવ નહિ. એ તો ઝેર છે. જ્યાં હજી સમ્યગ્દર્શન જ નથી. શું કહેવાય તમારે? શહીદ-શહીદ થાય છે ને? શહીદ. એ બધા તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની, એને ક્યાં સમભાવ હતો? આવી વાતું ઝીણી ભારે.

અહીં તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા મન અને રાગના સંબંધ વિનાનો આત્મા અંદર (જોયો), એનું જેને અંતર ભાન થયું છે, એનો જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે. એ સ્વાદની ઉગ્રતામાં આનંદના સ્વાદમાં પડ્યો હોય એને સમતાનો-અમૃતનો સ્વાદ આવે છે. એને સમતાભાવ કહીએ. વ્યાખ્યા પણ જુદી જગતથી. ભગવાન વીતરાગનો માર્ગ બાપુ! જગતથી જુદો છે. અરે..! એને એક સેકન્ડ પણ એણે સાંભળ્યો નહિ. સાંભળ્યો એને કહીએ કે એને રુચવો જોઈએ. આહાહા..!

'**સમભાવ જો સમતાપરિણામ,...**' આમ તો સમતા-બમતા બધા ઘણા કહે છે, એ

સમતા અજ્ઞાનીની વાત કરે છે. અહીંયાં તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા આનંદ છે એવી ચૈતન્યજ્યોતિનો જેને અનુભવ થયો છે. એ અનુભવમાં જેને પ્રતીત સમ્યક્ત્વની દશા થઈ છે એને એ અનુભવમાં આનંદમાં વિશેષ વીતરાગી અમૃતને પીતો હોય છે એને અહીંયાં સમતા અને સમભાવ કહેવામાં આવે છે. શરતું બહુ મોટી. '**રાગદ્વેષસે રહિતપના, ઐસે ભાવસે ચારિત્ર હોતા હૈ.**' આહાહા..! બાહ્યમાં જેને નગ્નદશા હોય, અભ્યંતરમાં જેને આનંદની લહેર ઉઠતી હોય છે અંદર. આહાહા..! અતીન્દ્રિય આનંદનો ઉછાળો જેને પર્યાયમાં-દશામાં આવે છે. એને સમામૃત, વીતરાગ ચારિત્ર અને એને ચારિત્ર કહીએ. આહાહા..! હજી તો એ શું છે એની ખબરું ન મળે. પ્રગટે તો ક્યાંથી? હેં!

'**ભાવાર્થ :- ચારિત્રકા સ્વરૂપ યહ કહા હૈ કિ જો આત્માકા સ્વભાવ હૈ વહ કર્મકે નિમિત્તસે જ્ઞાનમેં પરદ્રવ્યસે ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ હોતી હૈ,...**' ભગવાનઆત્મા તો જ્ઞાન સ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ, જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા. એને જે કર્મના નિમિત્તથી... નિમિત્તથી, હોં! થાય છે તો પોતાથી. '**જ્ઞાનમેં પરદ્રવ્યસે ઈષ્ટ અનિષ્ટ-બુદ્ધિ...**' આત્મા સિવાય બીજી ચીજો ચાહે તો ભગવાન હો કે દેવ હો કે ગુરુ હો. આહાહા..! '**પરદ્રવ્યસે ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ...**' દેવ-ગુરુ-શાસ્ત્રમાં ઈષ્ટ બુદ્ધિ, શત્રુ પ્રત્યે અનિષ્ટ બુદ્ધિ. આહાહા..!

'**ઈસ ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિકે અભાવસે...**' એવી ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિનો અભાવ થઈને આનંદસ્વરૂપ ભગવાનઆત્મામાં '**જ્ઞાનહીમેં ઉપયોગ લગા રહે...**' આહાહા..! અંતર જ્ઞાનસ્વભાવમાં શુદ્ધ ઉપયોગ. પુણ્ય અને પાપનો ઉપયોગ એ તો અશુદ્ધ ઉપયોગ છે. જેના જ્ઞાનમાં એટલે સ્વભાવમાં '**જ્ઞાનહીમેં ઉપયોગ લગા રહે ઉસકો શુદ્ધોપયોગ કહતે હૈં,...**' આહાહા..! એ કહેશે ૭૩માં કે અત્યારે એવું ધ્યાન ન હોય. એમ અજ્ઞાની માનનારા મૂઢ જીવ છે. એમ કહેશે. અહીં શુદ્ધોપયોગની વ્યાખ્યા લીધી છે ખરી ને? '**ण हु कालो झाणजोयस्स**' આ શું હશે? એવા તે અત્યારે ધ્યાન હોય? અરે..! અત્યારે આનંદસ્વરૂપનું ધ્યાન ન હોય તો ધર્મ જ નથી. આહાહા..! આર્ત્ત અને રૌદ્ર ધ્યાન છે કે નહિ? એ પરમાં એકાગ્રતા છે. આ સ્વઆનંદસ્વરૂપ ભગવાનઆત્મા છે એમાં એકાગ્રતાના આનંદના સ્વાદમાં પડ્યો હોય એને ધ્યાન કહીએ. આહાહા..! એ ધ્યાન ચોથે ગુણસ્થાનથી પ્રગટ થાય છે. સમકિત થતાં તે ધ્યાનની દશા (પ્રગટ થાય છે). આહાહા..!

'**વહાં નિંદા - પ્રશંસા, દુઃખ-સુખ, શત્રુ-મિત્રમેં સમાન બુદ્ધિ હોતી હૈ, નિંદા-પ્રશંસાકા દ્વિધાભાવ મોહકર્મકા ઉદયજન્ય હૈ,...**' આહાહા..! '**ઈસકા અભાવ હી શુદ્ધોપયોગરૂપ ચારિત્ર હૈ.**' એ વ્રતના વિકલ્પ છે એ અશુદ્ધઉપયોગ છે. આહાહા..! એમાંથી ખસીને ચૈતન્ય ભગવાનઆત્મામાં અંદર શુદ્ધોપયોગ, પવિત્રતાના પરિણામ જેને પ્રગટ થાય એને અહીંયાં શુદ્ધોપયોગ કહે છે અને એ શુદ્ધોપયોગ એ ચારિત્ર છે. વ્યાખ્યા કેવી આ? ઓલો કહે, પંચમહાવ્રત પાળવા, દયા પાળવી, સત્ય બોલવું એ ચારિત્ર છે. બહુ ફેર. શ્રદ્ધામાં, દૃષ્ટિમાં, માન્યતામાં, ભગવાનના માર્ગથી બહુ ઊંધું. સમજાણું?

આચાર્ય પાછું એ સિદ્ધ કરીને કહે છે કે આત્મામાં પહેલું સમ્યગ્દર્શન થાય એ શુદ્ધઉપયોગમાં થાય છે. અંતર સ્વરૂપમાં લીનતા, ધ્યાન, ધ્યેય, ધ્યાતાને ભૂલી જઈ,...

આહાહા..! જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાન ત્રણમાં ભેદ છોડી દઈ, એકલા આત્મામાં જ્યાં રમણતા શુદ્ધ ઉપયોગની પુણ્ય-પાપના ભાવરહિત (થાય) એવા શુદ્ધોપયોગને અહીંયાં ભગવાને ચારિત્ર કહ્યું છે.

---

**आगे कहते हैं कि कई मूर्ख ऐसे कहते हैं जो अभी पंचमकाल है सो आत्मध्यानका काल नहीं है, उसका निषेध करते हैं :–**

## ગાથા-૭૩

**चरियावरिया वदसमिदिवज्जिया सुद्धभावपब्भट्ठा।**
**केई जंपंति णरा ण हु कालो झाणजोयस्स।।७३।।**

चर्यावृताः व्रतसमितिवर्जिताः शुद्धभावप्रभ्रष्टाः।
केचित् जल्पंति नराः न स्फुटं कालः ध्यानयोगस्य।।७३।।

**આવૃત્તચરણ, વ્રતસમિતિવર્જિત, શુદ્ધભાવવિહીન જે,**
**તે કોઈ નર જલ્પે અરે! – 'નહિ ધ્યાનનો આ કાલ છે'. ૭૩.**

**अर्थ :– कई मनुष्य ऐसे हैं जिनके चर्या अर्थात् आचारक्रिया आवृत है, चारित्रमोहका उदय प्रबल है इससे चर्या प्रकट नहीं होती है, इसीसे व्रतसमितिसे रहित हैं और मिथ्या अभिप्रायके कारण शुद्धभावसे अत्यंत भ्रष्ट हैं, वे ऐसे कहते हैं कि–अभी पंचमकाल है, यह काल प्रकट ध्यान–योगका नहीं है ।।७३।।**

---

## ગાથા-૭૩ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ કઈ મૂર્ખ ઐસે કહતે હૈં જો અભી પંચમકાલ હૈ...**' આવા પંચમકાળમાં તમે આવી વાતું કરો એ અત્યારે ન હોય. એમ મૂર્ખો અજ્ઞાનીઓ, મૂઢ જીવો એમ કહે છે. આહાહા..! છે ને? '**અભી પંચમકાલ હૈ સો આત્મધ્યાનકા કાલ નહીં હૈ,...**' અત્યારે તો આ વ્રત કરીએ, અપવાસ કરીએ, આવું કરીએ બસ. હવે એ અંદરમાં ધ્યાન કરવા અને આવી મોટી વાતું તમે (કરો). '**ઉસકા નિષેધ કરતે હૈં :–**' આચાર્ય. મૂર્ખ! તારી વાત જૂઠી છે. આહા..! આત્મા તરફનું ધ્યાન ન હોય તો ધર્મ જ નથી એને. પંચમકાળ છે એટલે શું? આત્માનું સમ્યગ્દર્શન અંતરના ધ્યાનમાંથી પ્રગટ થાય છે. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**' આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ અંતર આત્માના ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એ કાંઈ બાહ્ય પ્રવૃત્તિમાંથી પ્રાપ્ત થતું નથી.

**પ્રવચન નં. ૯૦, ગાથા-૭૩ થી ૭૫, ગુરુવાર, ભાદરવા વદ ૨, તા.૧૭-૯-૭૦**

૭૩મી ગાથા છે. '**આગે કહતે હૈં કિ કઈ મૂર્ખ ઐસે કહતે હૈં જો અભી પંચમકાલ હૈ સો આત્મધ્યાનકા કાલ નહીં હૈ,...**' એટલે અજ્ઞાની એમ કહે છે કે અત્યારે શુદ્ધભાવ હોય જ નહિ. અશુદ્ધભાવ જ અત્યારે છે, શુદ્ધ નથી. એમ માનનારા મિથ્યાદષ્ટિ છે એમ અહીં સિદ્ધ કરવું છે. ક્યાં ગયા તમારા? આવે છે? સાંભળે તો ખરા.

**चरियावरिया वदसमिदिवज्जिया सुद्धभावपब्भट्टा।**
**केई जंपंति णरा ण हु कालो झाणजोयस्स।।७३।।**

આચાર્ય મહારાજ એમ ફરમાવે છે કે જે કોઈ એમ કહે કે અત્યારે આત્માનું ધ્યાન નથી. કેમકે સમકિત હોય એને ખબર પડે કે ધ્યાન છે. કાં ચારિત્ર હોય એને ખબર પડે કે ધ્યાન એટલે આત્મામાં એકાગ્રતા છે. સમજાણું કાંઈ? 'અમરચંદભાઈ'! જેને એ શુદ્ધભાવની ખબર નથી... પાઠમાં એમ છે ને '**सुद्धभावपब्भट्टा**'? વસ્તુ સ્વભાવ ચૈતન્ય છે એનો આશ્રય કરતાં, ધ્યાન કરતાં, એમાં એકાગ્રતા કરતાં શુદ્ધભાવ પ્રગટ થાય છે. એ શુદ્ધભાવ તે ધર્મ છે. જેને એ શુદ્ધભાવની ખબર નથી એ એમ કહે છે કે અત્યારે શુદ્ધભાવ હોય નહિ. અત્યારે તો આ શુભભાવ વ્રત, નિયમ આદિ હોય, બસ. શું કહ્યું? 'જેઠાભાઈ'! ધ્યાન રાખજો. આ બધી ગાથા અહીંથી શરૂ થઈ છે. ૭૦થી. આમાં બહુ માલ છે. સત્યનો ભણકાર વાગે છે.

જેને આ આત્મા આનંદસ્વરૂપ છે એવી જેને શુદ્ધતા ધ્યાનથી પ્રગટી નથી એ જીવ ફક્ત આ વ્રત, તપ અને બહારથી માનીને અમારે શુદ્ધભાવ ન હોય, અત્યારે ધર્મધ્યાન શુદ્ધ નથી. ધર્મધ્યાન છે એમ કહે પણ એ શુભભાવરૂપી ધર્મધ્યાન છે. સમજાણું કાંઈ? નિશ્ચય ધર્મધ્યાન જે શુદ્ધ છે એ સમ્યગ્દર્શનની ખબર નથી. સમ્યક્ ચારિત્રની ખબર નથી કે સમ્યગ્દર્શન અને ચારિત્ર એ શુદ્ધભાવ હોય છે અને શુદ્ધભાવ આત્માની એકાગ્રતાથી અંદરથી શુદ્ધભાવ આવે છે, ધ્યાનથી આવે છે. સમજાય છે કાંઈ?

'**અર્થ :- કઈ મનુષ્ય ઐસે હૈં જિનકે ચર્યા અર્થાત્ આચારક્રિયા આવૃત્ત હૈ, ચારિત્રમોહકા ઉદય પ્રબલ હૈ ઈસસે ચર્યા પ્રકટ નહીં હોતી હૈ,...**' ચારિત્ર પ્રગટ નથી જેને. જો ચારિત્ર પ્રગટ હોય તો એને ખબર પડે કે આત્માનું ધ્યાન હોય એને ચારિત્ર હોય. આત્માનું ધ્યાન હોય એને સમકિત હોય. પંડિતજી! જરી વાત રહસ્યમય વાત છે. મોક્ષનો અધિકાર છે ને? તો મોક્ષનું કારણ,.. એ આત્માના અંતર સ્વદ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? ૭૩-૭૩. શેઠ! શું છે? ચર્યા-ચર્યા શુદ્ધ છે ને? આચાર એટલે ચારિત્ર. ચારિત્રનું જેને આવરણ છે. '**चरियावरिया**' પહેલો શબ્દ પડ્યો છે ને? '**चरियावरिया**' ચારિત્રને જેને આવરણ છે. એટલે કે જેને ચારિત્ર પ્રગટ છે નહિ. સમજાણું કાંઈ?

'**ઈસીસે વ્રતસમિતિસે રહિત હૈં...**' એને વ્રત-સમિતિ છે નહિ. કારણ કે ચારિત્ર નથી એટલે વ્રત સમિતિ વ્યવહાર જોઈએ એ પણ છે નહિ. એ એમ કહે છે કે વળી મિથ્યા અભિપ્રાયથી '**મિથ્યા અભિપ્રાયકે કારણ શુદ્ધભાવસે અત્યંત ભ્રષ્ટ હૈં,...**' આહાહા..!

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ, એની જેને એકાગ્રતા હોય એને શુદ્ધતા પ્રગટ થાય. સમજાણું કાંઈ? આ બહારના પંચમહાવ્રત આદિ તો વિકલ્પ છે, એ તો અશુદ્ધ છે. થોડો સૂક્ષ્મ વિષય છે.

કહે છે, '**મિથ્યા અભિપ્રાયકે કારણ શુદ્ધભાવસે અત્યંત ભ્રષ્ટ હૈં,...**' જેની શ્રદ્ધામાં જ વિપરીતતા છે કે અત્યારે આત્માના શુદ્ધભાવમાં એકાગ્ર થઈ શકે નહિ. અત્યારે તો આપણે આ પંચમહાવ્રત નિયમ આદિ શુભભાવ છે એ કરીએ. એમાં ધર્મ છે. એમ સમકિતથી રહિત મિથ્યાદષ્ટિ ધ્યાન શું ચીજ છે અને શુદ્ધભાવ કેમ પ્રગટ થાય છે એની એને ખબર નથી. 'શોભાલાલજી'! બહુ ઝીણી વાત છે.

મુમુક્ષુ :- ઉદય હોય તો થઈ જાય?

ઉત્તર :- ઉદય પણ એ.. આહા..! એનો અર્થ કે પુરુષાર્થ કર્યો નથી એમ કહે છે. ચારિત્રનો દ્રવ્યમાં એકાગ્ર થવાનો પુરુષાર્થ કર્યો નથી. એથી એને ચારિત્રમોહના ઉદયનું આવરણ છે એમ કહે છે. ફરીને. આ વિષય ઘણો.. વર્તમાનમાં મોટી ગડબડ દશા છે. સમજાણું કાંઈ?

૭૦મી ગાથાથી આ વાત ઉપાડી છે. '**अप्पा झायंताणं**' ત્યાં આવ્યું હતું ને? '**अप्पा झायंताणं**' ધ્યાન એટલે ભાઈ! સમ્યગ્દર્શન પણ આત્મા ચૈતન્ય વસ્તુ છે ધ્રુવ, એનું ધ્યાન એટલે અંતરમાં એકાગ્ર થવાથી સમકિત થાય છે. અને એ સમકિત તે શુદ્ધભાવ છે. એ શુદ્ધભાવની જેને ખબર નથી એ એમ કહે છે કે અત્યારે ધ્યાન હોઈ શકે નહિ. અત્યારે તો આ વ્રત ને નિયમ ને ક્રિયા કરીએ એમાંથી આગળ વધતા કલ્યાણ થઈ જશે. એમ મિથ્યાદષ્ટિ જીવ .. એમ કહે છે કે એ લાખ વાત તમે કહો પણ અંતર આત્માના આશ્રયથી શુદ્ધતા થાય એ અત્યારે નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બતાવે છે. તમારે બતાવે છે. 'પ્રકાશદાસજી'! એ વાત એવી છે, ભાઈ! બહુ સૂક્ષ્મ છે.

આત્મા ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધનો પિંડ છે. એનું અંતર ધ્યાન કરે ત્યારે અંતર એકાગ્ર થાય અને ધ્યેય પકડે ત્યારે ધ્યાન થાય. ધ્યાન થાય ત્યારે શુદ્ધતા પ્રગટે. એ શુદ્ધતાનું જેને ભાન નથી, ધર્મ જેને પ્રગટ્યો નથી, ચારિત્ર જેને છે નહિ, મિથ્યા અભિપ્રાય છે એ કહે છે અત્યારે શુદ્ધતા હોય નહિ એટલે કે અત્યારે ધ્યાન હોય નહિ એટલે કે આત્માનું સ્વદ્રવ્ય આશ્રયપણું અત્યારે પ્રગટ થઈ શકે નહિ.

મુમુક્ષુ :- કારણ?

ઉત્તર :- કારણ (કે) અત્યારે પંચમકાળ છે માટે. એ જ અજ્ઞાનીની દલીલ છે. એની સામે અહીં 'કુંદકુંદાચાર્ય' કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે જેને ચારિત્રનું આવરણ છે એટલે કે ચારિત્ર પ્રગટ્યું નથી એમ અને વ્રત સમિતિથી રહિત છે અને શુદ્ધભાવથી ભ્રષ્ટ છે. એટલે આત્મા આનંદનું ધામ શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની અંતરની એકાગ્રતાનું ધ્યાન જે સમકિતનું કારણ, જે ચારિત્રનું કારણ એ તો છે

નહિ. 'અમરચંદભાઈ'! સમજાય છે કાંઈ? એ '**મિથ્યા અભિપ્રાયકે કારણ શુદ્ધભાવસે અત્યંત ભ્રષ્ટ હૈં,...**' જુઓ! આ મિથ્યા અભિપ્રાયથી શુદ્ધભાવથી ભ્રષ્ટ છે, આવરણને લઈને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? તમે વાતું મોટી કરો કે આત્માનું ધ્યાન થાય, આત્મામાં શુદ્ધતા પ્રગટે એ અત્યારે ન હોય. અત્યારે તો શુભભાવ (હોય), બસ. સમજાણું કાંઈ? એ શુભભાવ એ અમારું ચારિત્ર, શુભભાવ એ અમારું આચરણ, શુભભાવ એ અમારું તપ, શુભભાવ એ અમારું ધર્મધ્યાન.

મુમુક્ષુ :– એટલે કર્મધ્યાન.

ઉત્તર :– કર્મધ્યાન છે. રાગ છે એ તો. એ શુદ્ધભાવથી ભ્રષ્ટ કહ્યા એને.

ભગવાનઆત્મા ચૈતન્ય શુદ્ધસ્વરૂપ જ્ઞાયક આનંદ, એનો આશ્રય કરીને જે શુદ્ધતા પ્રગટે એની તો એને ખબર નથી. કે દ્રવ્યને આશ્રયે શુદ્ધતા પ્રગટે અને એ શુદ્ધતા પ્રગટે તે ધર્મધ્યાન કહેવાય. એ શુભભાવ ધર્મધ્યાન છે નહિ. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? '**મિથ્યા અભિપ્રાયકે કારણ શુદ્ધભાવસે અત્યંત ભ્રષ્ટ હૈં, વે ઐસે કહતે હૈં કિ–અભી પંચમકાલ હૈ, યહ કાલ પ્રકટ ધ્યાન–યોગકા નહીં હૈ.**' અત્યારે આત્માની શુદ્ધતા પ્રગટે અને આ નિશ્ચય સમકિત પ્રગટે (એ અત્યારે હોય નહિ). આ સમકિત હોય અમારે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એ અમારું સમકિત. અત્યારે આત્મામાં શુદ્ધતા પ્રગટે અને દ્રવ્યનું ધ્યાન થાય એ પ્રગટે એ અમને તો બેસતું નથી. એય..! 'પોપટભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :– એવું ચાલે છે?

ઉત્તર :– છે જ નેં. એના માટે તો આ લખાણ કર્યું છે ભગવાન 'કુંદાકુંદાચાર્યે'. સમજાણું કાંઈ? એય..! શેઠ! 'નેમિદાસ શેઠ'! શું આ કહે છે?

મુમુક્ષુ :– શુભમાંથી ચાલ્યો જશે.

ઉત્તર :– ચાલ્યો જશે. એ ઠીક કહે છે. શુભ પણ કે દિ' કહેવાય? આ શુદ્ધને જ શુભ ભગવાન કહે છે. પુણ્ય-પાપને અધિકાર 'સમયસાર'માં શુદ્ધભાવ એ જ શુભ છે. શુભ-અશુભભાવ તો બેય અશુદ્ધ છે. શું છે હવે? 'ભગવાનજીભાઈ'! વાતું બાપા! આ તો એવી વાત છે..

મુમુક્ષુ :– શુભ-અશુભ...

ઉત્તર :– એ અશુદ્ધ છે ને. પુણ્ય-પાપ અધિકારમાં છે. મોક્ષમાર્ગને શુભ કહ્યો છે. શુભ. અને પુણ્ય-પાપ બેયને અશુદ્ધ (કહ્યા છે). આ શુદ્ધ. સમજાણું કાંઈ? આહાહા..! એ અહીં કહે છે. એમ જે માનતા નથી, જેને એ ખબર નથી કે શુદ્ધતા અંતર દ્રવ્યસ્વરૂપ ચિદાનંદ છે એની અંતર એકાગ્રતા થતાં શુદ્ધતા પ્રગટે અને તે સમકિત અને તે ચારિત્ર છે. આહાહા..! ખબર નથી કાંઈ? શું? એટલે કહે ના, શુદ્ધતા એવું ન હોય. એ શુભભાવમાં જ કાંઈ સંવર અને નિર્જરાનો અંશ હોય. અશુભ ટળ્યું એટલી સંવર-નિર્જરા. રાગ રહ્યો એટલો થોડો આસ્રવ. અમારે તો શુભભાવમાં બે ભાગ પડે.

મુમુક્ષુ :– ...માર્ગ હી ખોટા...

ઉત્તર :– એને બનાવ્યો છે લોકોએ, માન્યો છે. એમ છે નહિ. એ માટે તો આ

ગાથાઓ લીધી. ૭૦થી હજી આગળ ચાલશે. સમજાણું? ૭૭ સુધી ચાલશે. આહાહા..! શાંતિથી સમજવા જેવી ચીજ છે ભાઈ આ. આ કાંઈ વાદવિવાદથી પાર પડે એવી ચીજ નથી.

કહે છે કે આ મિથ્યા અભિપ્રાયવાળા એમ કહે છે કે શુદ્ધભાવથી અત્યંત ભ્રષ્ટ છે. અત્યંત ભ્રષ્ટ છે. ચારિત્ર તો નથી પણ મિથ્યાદર્શનમાં શુદ્ધભાવનો અંશ પણ નથી. અત્યંત ભ્રષ્ટ છે. આહાહા..! સમકિતમાં શુદ્ધતા પ્રગટે છે. અને ચારિત્રમાં ઉગ્ર શુદ્ધતા પ્રગટે છે. શુદ્ધતા એ આનંદનું ધામ આનંદદશા છે. એ વીતરાગ પરિણતિ છે, એ ધર્મ છે. અને એ ધર્મધ્યાન એટલે આત્મામાં એકાગ્ર થવાથી પ્રગટે છે. એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અભી પંચમકાલ હૈ, યહ કાલ પ્રકટ ધ્યાન-યોગકા નહીં હૈ.'** પ્રગટ ધ્યાન યોગ્ય નથી. અત્યારે પ્રગટ ધ્યાન થાય અંદર આત્માનું, શુદ્ધ ચૈતન્યનું ધ્યાન થાય અને એ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટે એ અત્યારે નહિ. એમ અજ્ઞાની (માને છે). માથે તો મૂર્ખ કહ્યા હતા. મૂળ વાંધા જ આખા (અત્યારે આ ચાલે છે). દ્રવ્ય સ્વભાવ ચૈતન્ય ભગવાન, પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપ, એની અંતર એકાગ્રતા થયા વિના ધર્મની દશા સમકિતની પ્રગટે નહિ. 'પ્રકાશદાસજી'! સમજાય છે કાંઈ? એથી એમ કહે કે અમે તો આ શુભભાવની ક્રિયા કરીએ, એ અમારું ચારિત્ર અને એ અમારું સમકિત. એ ધર્મધ્યાન અમારું. એમ કહે છે અત્યારે. એ ધર્મધ્યાન. એ ધર્મધ્યાન નહિ. આહાહા..! ધર્મ તો આત્માનો પવિત્ર વીતરાગ સ્વભાવ ત્રિકાળ, એનું ધ્યાન, એમાં એકાગ્રતા. એ વિકલ્પ રાગરહિત, એવી વીતરાગી પર્યાય, એ ધર્મધ્યાન. એ શુદ્ધતા એ શુદ્ધ દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે. પણ એ વાત બેસતી નથી એટલે અત્યારે નથી જાવ શુદ્ધતા. સમજાણું કાંઈ? આઠમે ગુણસ્થાને શુદ્ધતા પ્રગટે એમ કહે છે અત્યારે. એ માટે આ બધું લીધું. એ વખતે પણ એવા હશે. હેં! આહાહા..!

**'પ્રકટ ધ્યાન-યોગકા નહિ હૈ.'** ભલે ભાવના કરીએ આપણે વિકલ્પથી. સમજાય છે કાંઈ? પણ સમકિતની નિર્વિકલ્પદશા પ્રગટે એવું નિશ્ચય સમકિત એવું આ ધ્યાન-બ્યાન અત્યારે હોય નહિ. એય..! 'જયકુમારજી'! સમજાણું કાંઈ? એમ માનનારા મૂર્ખ મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. આહાહા..! ભારે વાતું! એવી શૈલીએ વાત મૂકી છે.

મુમુક્ષુ :- મુનિને તો હોય આ.

ઉત્તર :- પણ મુનિ હોય એને ને? ચારિત્ર પ્રગટ્યું હોય એને ને? તો એને ખબર પડે કે ચારિત્ર અને સમકિત શુદ્ધ છે. અને શુદ્ધતા આત્માના આશ્રયે પ્રગટે એ ધર્મધ્યાન છે. પણ છે નહિ એટલે પછી અત્યારે શુદ્ધતા ન હોય. અત્યારે શુદ્ધતા ધ્યાનની પ્રગટ દશા કાળ છે નહિ. ચોથે આરે ધ્યાન પ્રગટે. આઠમે ગુણસ્થાને જાય તો શુદ્ધતા પ્રગટે. અત્યારે શુભ જ આઠમા સુધી હોય. એમ કહે છે. કહે છે ને આ છાપામાં. સમજાણું કાંઈ?

वे प्राणी कैसे हैं वह आगे कहते हैं :-

## ગાથા-૭૪

सम्मत्तणाणरहिओ अभव्वजीवो हु मोक्खपरिमुक्को।
संसारसुहे सुरदो ण हु कालो भणइ झाणस्स।।७४।।
सम्यक्त्वज्ञानरहितः अभव्यजीवः स्फुटं मोक्षपरिमुक्तः।
संसारसुखे सुरतः न स्फुटं कालः भणति ध्यानस्य।।७४।।
**સમ્યક્ત્વજ્ઞાનવિહીન, શિવપરિમુક્ત જીવ અભવ્ય જે,**
**તે સુરત ભવસુખમાં કહે-'નહિ ધ્યાનનો આ કાલ છે'. ૭૪.**

**अर्थ :- पूर्वोक्त ध्यानका अभाव कहनेवाला जीव सम्यक्त्व और ज्ञानसे रहित है, अभव्य है, इसीसे मोक्ष रहित है और संसारके इन्द्रिय-सुखोंको भले जानकर उनमें रत है, आसक्त है, इसलिये कहते हैं कि अभी ध्यानका काल नहीं है।**

**भावार्थ :- जिसको इन्द्रियोंके सुख ही प्रिय लगते हैं और जीवाजीव पदार्थके श्रद्धान-ज्ञानसे रहित है, वह इस प्रकार कहता है कि अभी ध्यानका काल नहीं है। इससे ज्ञात होता है कि इस प्रकार कहनेवाला अभव्य है इसको मोक्ष नहीं होगा।।७४।।**

## ગાથા-૭૪ ઉપર પ્રવચન

'**वे प्राणी कैसे हैं वह आगे कहते हैं :-**' હવે ત્યાં સુધી તો એટલી વાત સાધારણ કરી હતી. આચાર્ય તો હવે અભવીની ઉપમા દઈ દેશે. જે કોઈ અત્યારે શુદ્ધતા નથી અને શુદ્ધતા પ્રગટ થઈ શકે જ નહિ એમ માનનારા અભવિ જેવા છે એમ આચાર્ય અહીં કહે છે. કેમકે અભવિને કોઈ દિ' શુદ્ધતા પ્રગટ થતી નથી. એને બહુ તો શુભભાવ (થાય). એવો શુભભાવ કે નવમી ગ્રૈવેયકે જાય. શુદ્ધતાનો અંશ પણ ન હોય એને. એથી શુદ્ધતા એવું જે ધર્મધ્યાન અત્યારે નથી, ન થઈ શકે, એ બનવાયોગ્ય નથી એમ જે માને છે એ અભવિ જેવા છે.

'કુંદકુંદાચાર્ય' ઘણીવાર તો અભવિની ઉપમા આપી દે છે. ભલે એ વર્તમાન ભવિ હોય પણ એ અભવિ જેવો છે. શુદ્ધતા નથી અત્યારે? તો ધર્મ નથી. ધર્મ નથી તો મોક્ષનો માર્ગ નથી. આહાહા..! આ વાંચ્યું નહિ હોય કોઈ દિ' શેઠે. પઢ્યું હશે? પુસ્તક હશે. છે ઘરે. નવરાશ ક્યાં છે? છે ઘરે પુસ્તક? છે કે નહિ? તમે શેઠિયા છો કે નહિ? 'રામજીભાઈ' કહે છે નહિ. પણ તમે હિન્દુસ્તાની છો કે નહિ? કરો ને. પરબારુ કહી દઈએ તો ઠીક ને કે 'રામજીભાઈ'ને કહેતા હતા. એય..! 'ભગવાનજીભાઈ'! આહાહા..! આચાર્યે તો પણ વાત કઈ રીતે કરી નાખી છે, જુઓને! આહાહા..!

હા પાડ તો તને (શુદ્ધતા પ્રગટશે). ના પાડનારને તો શુદ્ધતા પ્રગટશે જ નહિ બિલકુલ

હવે. થઈ રહ્યું. શુદ્ધતા તો પ્રગટશે જ નહિ તને હવે. શુદ્ધતા પ્રગટશે નહિ તો મિથ્યાદષ્ટિ અશુદ્ધતામાં રહીશ. સમજાણું કાંઈ? '**वे प्राणी कैसे हैं वह आगे कहते हैं :-**' ओलामां तो હજી '**चरियावरिया वदसमिदिवज्जिय**' ભ્રષ્ટ કહીને શુદ્ધભાવથી ભ્રષ્ટ કહ્યું હતું. અહીં તો કહે છે...

**सम्मत्तणाणरहिओ अभव्वजीवो हु मोक्खपरिमुक्को।**

**संसारसुहे सुरदो ण हु कालो भणइ झाणस्स।।७४।।**

'**અર્થ :- પૂર્વોક્ત ધ્યાનકા અભાવ કહનેવાલા જીવ...**' કેવો છે? '**સમ્યક્ત્વ ઔર જ્ઞાનસે રહિત હૈ, અભવ્ય હૈ,...**' 'અમરચંદભાઈ'! તારે શુદ્ધતા પ્રગટ કરવી જ નથી. શુદ્ધતા પ્રગટ થઈ શકે એ તારી માન્યતા જ નથી. શુદ્ધતા અભવિને કોઈ દિ' પ્રગટ થતી નથી. અભવિ જેવો છો તું. આહાહા..! જેવો પણ કહ્યું નથી, હોં! અભવિ જેવો. આહાહા..! 'દેવીલાલજી'! શું કહે છે આ જુઓ! ઓહોહો..! અત્યારે શુદ્ધતા ન હોય. અત્યારે શુભભાવની જ પર્યાપ્ત દશા હોય. છઠ્ઠા ગુણસ્થાન સુધી શુભભાવ હોય. પછી શુદ્ધતા વળી આઠમે હોય. વળી એમ કહે છે. વળી કોઈ સાતમું અને આઠમું કહે. આહાહા..!

મુમુક્ષુ :- ...સાતમે...

ઉત્તર :- સાતમે કોઈક ઠેકાણે ના પાડે છે. કોઈ ઠેકાણે વળી .. એમ નાખે છે. એક અને બે પ્રકાર આવે છે. લખાણમાં એવું આવે છે ખરું જરી. પ્રમત્ત-અપ્રમત્ત આવે છે ને? 'જયસેનાચાર્ય'ની ટીકામાં. શુભભાવવાળો પ્રમત્ત-અપ્રમત્ત. એ તો પ્રમત્ત.. અહીં પાછો આવે છે એવા જીવની વાત લીધી છે ત્યાં. પ્રમત્ત-અપ્રમત્ત થઈને આગળ વધી જાય એ વાત નથી ત્યાં લીધી. શુભભાવમાં ક્યાંથી એ હોય? એમ. પ્રમત્તથી આમાં આવે. શુભ ત્યાં સુધી હોય એમ કીધું. 'જયસેનાચાર્ય'ની ટીકામાં. અરે..! ભગવાન! આહાહા..! શાસ્ત્રના અર્થ કરવા માટે જેની સીધાઈ નથી.

અહીં તો ભગવાન આચાર્ય 'કુંદકુંદાચાર્ય' દયા કરીને, કરુણા કરીને કહે છે, હોં! અરે..! ભગવાન! તું છો કે નહિ? અને તું તો શુદ્ધ છો પ્રભુ. આનંદ... આનંદ... આનંદનું સ્વરૂપ તારું છે. એની દૃષ્ટિ થતાં, સ્વરૂપમાં એકાગ્ર થતાં ધ્યાન થાય ત્યારે તેને શુદ્ધતા પ્રગટે. ત્યારે તું કહે છે કે અત્યારે ધ્યાન હોય નહિ, શુદ્ધતા પ્રગટે નહિ, ભાઈ! શું કરવું છે તારે? અત્યારથી આવો નકાર કરીને તારે દ્રવ્ય સ્વભાવ તરફ ઢળવું નથી, વળવું નથી અને શુભભાવમાં રોકાવું છે. આહાહા..! સમજાણું કાંઈ? એય..! 'વજુભાઈ'! આવો અધિકાર આવ્યો છે. સરસ આવ્યો છે, લ્યો! બપોરે અધિકાર સારો આવે છે. ટાઢો પહોર થયો છે ને? ટાઢી મોસમ થઈને. સારી થઈ લ્યો અમારે કહે છે. ટાઢી મોસમમાં બધું ઝીણું-ઝીણું ફંટાય. આહાહા..! ભાઈ! તને ખબર નથી, બાપુ! આત્મા પવિત્રનું ધામ એ પવિત્રતાની સન્મુખ (થવાથી) જે ધ્યાનથી શુદ્ધતા પ્રગટે. આવ્યું છે ને ત્યાં? ૪૭ ગાથા, 'દ્રવ્યસંગ્રહ'.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ બધા અભવિ આવા હોય એમ કહે છે. જે શુદ્ધતાને ન માને એને અહીંયાં અભવિ ઠરાવ્યા છે.

મુમુક્ષુ :- કોઈ કોઈ માનતા હોય..

ઉત્તર :- ના ના કોઈ માને નહિ. અભવિ કોઈ માને નહિ. અહીં તો બીજી વાત છે. અભવિ એટલે શુદ્ધતા પ્રગટ કરવાને લાયક નથી. તો એમ કહે કે અત્યારે શુદ્ધતા હોય નહિ, શુભ જ હોય. ધર્મધ્યાન આત્માને આશ્રયે શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. કહો છો એ ન હોય. તો એ બધા અભવિ જેવા છે. એટલે કે આત્માની શુદ્ધતા પામવાને લાયક નથી. બસ, એટલી વાત. શૈલી છે ઈ. એકદમ નકાર. માળા! અભવિને કોઈ દિ' શુદ્ધતા પ્રગટતી નથી. તું કહે છે કે અત્યારે શુદ્ધતા ન હોય, આ કાળે શુદ્ધતા ન પ્રગટે. અભવિ જેવો છો? ના કેમ પાડે છો? અભવિ છો. જેવો પણ નહિ. ભાષા એ છે. 'પ્રવચનસાર'માં પણ એમ છે. જે કોઈ સુખ કેવળીને પોતાનું સુખ છે એને ન માને તે અભવિ છે. અભવિ છે. અહીં એ કીધું. અહીં એ કહે છે. જુઓ!

'**संसारसुहे सुरदो**' કહેવું છે તો ઈ મૂળ. જેને પુણ્ય પરિણામમાં સુખબુદ્ધિ છે, વિષયબુદ્ધિ છે, ઈષ્ટ વિષય છે. '**संसारसुहे सुरदो**' ત્રીજું પદ છે. એ રાગના પરિણામ છે એ સંસારનું સુખ છે એમાં. એમાં રત છે. એને રાગમાં રત છે, એને રાગરહિત આત્માના શુદ્ધતાની ખબર નથી માટે ના પાડે છે કે અત્યારે શુદ્ધતા હોય નહિ. સંસારસુખમાં લીન છો. રાગના, પુણ્યના સુખમાં લીન છો. તને આત્માના સુખની ખબર નથી એમ કહે છે. આહાહા..! ભારે વાત!

મુમુક્ષુ :- આચાર્ય કહે છે?

ઉત્તર :- આ શું કહે છે? અત્યારે કહે છે ને? આમાંથી આમાં ઉતરે પાછું. અત્યારે કહે છે. છાપામાં આવે છે. અત્યારે શુભભાવ હોય છઠ્ઠા ગુણસ્થાન સુધી. શુદ્ધ ન હોય. શુદ્ધ તો આગળ હોય. એની માંડી છે આ. એનું કારણ છે. પહેલું કહી ગયા ને જેને ચારિત્ર નથી એટલે ચારિત્ર જો હોય તો તો એને ખબર પડે કે આ શુદ્ધતા ધ્યાનથી પ્રગટે છે. દ્રવ્યના ધ્યાનથી પ્રગટે છે. ચારિત્ર નથી. ચારિત્રને આવરણ છે એટલે ચારિત્રનો પુરુષાર્થ નથી. ચારિત્રનો નથી એટલે વ્રત, સમિતિ, વ્યવહાર એ પણ એને છે નહિ. નિશ્ચય નથી તો વ્યવહાર પણ નથી. એ શુદ્ધભાવથી ભ્રષ્ટ છે. એમ કહ્યું ને? '**सुद्धभावपब्भट्ठा**' બહુ આ તો માર્મિક શબ્દો છે બધા. આમાં શુભથી ભ્રષ્ટ છે. શુદ્ધથી ભ્રષ્ટ છે. કારણ કે શુદ્ધથી ભ્રષ્ટ છે એટલે શુભ પણ નથી એને ખરેખર તો. વ્યવહાર એવો નથી. એકલો વ્યવહાર પાંચ મહાવ્રતાદિની ક્રિયા કરે અને માને કે આ મારું આ ધર્મધ્યાન, આ ધર્મધ્યાન છે. કારણ કે ધર્મધ્યાન તો શુદ્ધતા સ્વભાવને આશ્રયે પ્રગટે એ ધર્મધ્યાન છે. 'વજુભાઈ'! ભારે! આવો અધિકાર બહુ સરસ છે.

વસ્તુ સ્થિતિ એમ છે ત્યાં એમાં પ્રશ્ન શું? ન્યાય-લોજિકથી સમજે તો એને આત્મા આનંદનો નાથ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે એ સચ્ચિદાનંદની શુદ્ધતા અંતર એકાગ્ર ધ્યાન કરે તો પ્રગટ થાય છે. એને ધર્મધ્યાન કહે છે. એ ધર્મધ્યાન ન માને એ શુદ્ધતા અત્યારે મને પ્રગટશે નહિ, અત્યારે નહિ પછી ત્રિકાળ નહિ એનો અર્થ એ થયો છે. અભવી જેવો છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે કામ.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ સિદ્ધ થઈ ગયું.

ઉત્તર :- સિદ્ધ થઈ ગયું. આહાહા..!

મુમુક્ષુ :- ખાલી પાંચ મહાવ્રત હોય.

ઉત્તર :- ખાલી પાંચ મહાવ્રત હોય જ નહિ. અહીં નિશ્ચય વિના મહાવ્રતના વિકલ્પ શુભ હોય નહિ એ માટે સિદ્ધ કર્યું છે. એકલા (પંચમહાવ્રત) એ તો વ્યવહારાભાસ છે. શું કહ્યું? આહાહા..!

મોક્ષપ્રાભૃત અધિકાર છે આ. મોક્ષનું કારણ ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એનો આશ્રય કરીને નિર્મળતા પ્રગટ થાય એ મોક્ષનું કારણ છે. અને તું શુભની ક્રિયાકાંડમાં અત્યારે છે ધર્મધ્યાન એનું નામ છે અને એમાં-શુભભાવમાં શુદ્ધતાનો અંશ છે એમ માને છે. ક્યાં ખબર છે કાંઈ? સાંભળનારને જય નારાયણ. દસ બોઘા, દસ બોઘલી, દસ બોઘાના બચ્ચા, માથે ગુરુ કહે ગપ્પા, ઓલો કહે સચ્ચા. ભાન ન મળે. એય..! શેઠ! અહીંયાં કાંઈ માખણ-બાખણ નથી. ઓલા કહે કે એય..! જય મહારાજ, જય મહારાજ. શું છે જય મહારાજ? ભાન છે તને કાંઈ? અહીં ધર્મમાં જય જય કરવું,બાપા! આ કાંઈ શેઠિયાને રાજી નથી કરવા. એય..! 'રાજમલજી'! ભારે ગાથાઓ આવી છે, હોં!

મુમુક્ષુ :- પાઠમાં જેવું કથન કરે તેવું..

ઉત્તર :- ભાન ન મળે ત્યારે તમે હા હા કરો ને અંદરથી? ઓલો કેમ હા હા કરે? એમ કોઈ કહી દે તમારા બાપને મારા બાપે દસ લાખ આપ્યા છે. લાવો. હા પાડી દ્યો? એ પૈસાનું કામ આવ્યું છે. આ તો અંદર લક્ષ્મીની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! હા પાડી દે લ્યો. તારા બાપને મારા બાપે કરોડ રૂપિયા આપ્યા છે ઓલા ભવમાં. લાવ. હા પાડી દેતો હશે?

મુમુક્ષુ :- એ તો જ્યા એની પાસે.

ઉત્તર :- જા એની પાસે. મરી જા એમ એનો અર્થ. એમ કે તું જા એની પાસે. એટલે મરીને જા એની પાસે. ત્યાં તો એવો જવાબ આપે એને. સાચી વાત છે ભાઈ કહે એ. જા એની પાસે. એમ કહે છે અત્યારે. ત્યારે માણસ કહે જા એની પાસે. એટલે શું? મરી જા અને ત્યાં જા એની પાસે. અમારે શું છે? આહાહા..!

જુઓ! વાત તો જુઓ! '**પૂર્વોક્ત ધ્યાનકા અભાવ કહનેવાલા...**' અર્થાત્ ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુ, એની અંતરની શુદ્ધતા, ધર્મધ્યાનરૂપી ભાવ અત્યારે નથી એમ કહેવાવાળા '**સમ્યક્ત્વ ઔર જ્ઞાનસે રહિત હૈ,...**' એને સમકિત પણ નથી અને જ્ઞાન સાચું નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**અભવ્ય હૈ, ઈસીસે મોક્ષ રહિત હૈ...**' મોક્ષનો માર્ગ શુદ્ધ છે એમ કહે છે. અને એ શુદ્ધતા ધર્મધ્યાનથી પ્રગટે છે. ધર્મ એટલે આત્માના સ્વભાવનું ધ્યાન કરવાથી શુદ્ધતા પ્રગટે છે. એ રાગની ક્રિયા અને પુણ્યની ક્રિયાના ધ્યાન કરવાથી પ્રગટતું નથી. આહાહા..! ગજબ વાત છે. કઈ શૈલીએ મૂકે છે. થોડા શબ્દોમાં ઠેઠ મૂળ વાતને અડાડી દે છે. ભાઈ! તને ખબર નથી. શુદ્ધતા તે મોક્ષનો માર્ગ છે. શુદ્ધ ઉપયોગ અને શુદ્ધતાની પરિણતિ તે મોક્ષનો માર્ગ છે. અને શુદ્ધ પરિણતિ અને શુદ્ધ ઉપયોગ એ અંતર ધ્યાનમાં દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે. અને તું બહાર લક્ષમાં ક્રિયાકાંડમાં રહે અને એનાથી તને એમ લાગે કે અત્યારે

શુદ્ધતા ન હોય, અત્યારે ધર્મધ્યાન આવું શુદ્ધતાનું ન હોય, શુભભાવનું ધર્મધ્યાન હોય (તો તું) અભવિ છો. સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! અહીં તો એવી વાત છે, ભાઈ! આહાહા..!

**'और संसारके ईन्द्रिय-सुखोंको भले जानकर उनमें रत है,...'** લ્યો! છે? શુભભાવમાં એને પ્રેમ છે. ઈ સુખ સંસારસુખ છે. એને લઈને શુદ્ધતાનો તું નિષેધ કરે છો. શુદ્ધતા અત્યારે હોય નહિ. પંચમકાળમાં? આ અત્યારે શુદ્ધતા? એમ કહેનારા **'ईन्द्रिय-सुखोंको भले जानकर...'** શું કહે છે? કે રાગમાં ભલાપણું જાણીને રોકાઈ ગયેલો છો. જો આત્માને ભલો જાણીને આવ તો રાગમાં ભલાપણું તને બેસે નહિ. તો તો શુદ્ધતા તે ભલી છે એમ બેસે. આહાહા..! 'પ્રકાશદાસજી'! સમજાય છે કે નહિ? આહાહા..!

કહે છે કે ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનું ધામ, એમાં દૃષ્ટિ દેવાથી એ દૃષ્ટિ પોતે શુદ્ધતા પ્રગટ કરે છે. એવી શુદ્ધતાને જ અહીંયાં ધર્મધ્યાન કહ્યું છે. એવી શુદ્ધતા નથી એમ કહે, એવો ધર્મધ્યાનનો ભાવ અત્યારે ન હોય એ મિથ્યાદૃષ્ટિ સમકિતથી અને જ્ઞાનથી રહિત છે અને એને ઈન્દ્રિયના સુખમાં પ્રીતિ છે. અતીન્દ્રિય સુખ પ્રગટ ન થાય એમ શુદ્ધતા એટલે અતીન્દ્રિય સુખ. આહાહા..! શું વાત નાખે છે! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ, એનો આશ્રય કરતા અતીન્દ્રિય આનંદ પ્રગટે એ શુદ્ધતા. એની ના પાડે એને ઈન્દ્રિયના સુખમાં બુદ્ધિ છે. આહાહા..! ભલે ઈન્દ્રિયના વિષયો છોડી દીધા હોય, મુનિ થયો હોય, પણ અંદરમાં શુદ્ધતા અત્યારે ન હોય, ધર્મધ્યાન ન હોય એટલે અતીન્દ્રિય સુખ પ્રગટે નહિ, દ્રવ્યમાં અતીન્દ્રિય આનંદ છે એ અતીન્દ્રિય આનંદ અત્યારે ન હોય, એટલે શુદ્ધતા ન હોય એવો જેને ભાવ છે એને શુભભાવમાં ઈન્દ્રિયસુખમાં એ શુભભાવમાં સુખ માનીને બેઠો છે. તેથી ત્યાંથી નીકળતો ખસતો નથી. બહુ સારી ગાથાઓ છે આ.

મુમુક્ષુ :- મુનિ થયા તો શું રહ્યું?

ઉત્તર :- મુનિ કોને કહેવા? મુનિ થઈ ગયા બાયડી, છોકરા છોડ્યા, કપડા છોડ્યા તો મુનિ થઈ ગયા? કપડા તો આ કૂતરા અને કાગડા પણ નથી પહેરતા.

મુમુક્ષુ :- ગુરુદેવ ભાવપાહુડમાં ૭૦ ગાથામાં લખ્યું છે.

ઉત્તર :- એ તો આગળ લીધું છે. શીલપાહુડમાં લીધું છે. આગળ લિંગપાહુડમાં ઘણું લીધું છે. લિંગપાહુડમાં તો નટ સમાન છે. નટ-નટ.

મુમુક્ષુ :- સ્વાંગ લીધો.

ઉત્તર :- સ્વાંગ લીધો. એ લિંગપાહુડમાં બહુ આવશે. થોડું ભાવપાહુડમાં તો કર્યું છે પણ ઓલામાં તો બહુ કર્યું છે. લિંગપાહુડમાં નટ સમાન છો (એમ કહ્યું છે). આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યની તો તને ખબર નથી. શુદ્ધતા શું ધર્મ છે એ તો ધર્મની ખબર નથી. અને આ એકલા વિકલ્પ અને ભેખ લઈને બેઠો, નટ સમાન છો. એમ કહે છે. ભાઈ! અહીં વાત આવે તો તો સત્ય આવે.

જુઓને! અહીં શું કહે છે? આહાહા..! શું કહ્યું? क्या कहा? એટલા શબ્દમાં સમજી લેવું થોડું થોડું. થોડું. થોડું ગુજરાતી સમજવું. **'संसारसुहे सुरदो'** આ શબ્દ છે. ત્રીજું પદ. જેને આ શુદ્ધતા અત્યારે થઈ શકે નહિ એટલે કે પરમઆનંદનો અંશ પ્રગટ થઈ શકે નહિ એટલે કે

દ્રવ્યનું ધ્યાન થઈ શકે નહિ, એટલે કે આત્માના આનંદની એકાગ્રતા હોઈ શકે નહિ એમ માનનાર રાગમાં સુખ અને ઇન્દ્રિયમાં સુખ છે તેને માનનારો છે કે જેથી એમાંથી હઠીને આમાં આનંદ છે એ પ્રગટ થશે નહિ એ માન્યતા એની છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- આજ્ઞાવિચય...

ઉત્તર :- એ આજ્ઞાવિચય આ. આજ્ઞાવિચય ક્યો ધર્મધ્યાન આ છે. ભગવાનની આજ્ઞા શુદ્ધતાની છે. એ આજ્ઞા આ શુદ્ધતા દ્રવ્ય તરફ ઢળે એ આજ્ઞા વીતરાગની છે. વીતરાગની આજ્ઞા વીતરાગભાવના પોષકની છે. વીતરાગની આજ્ઞા રાગભાવના પોષકની નથી. ઠીક કાઢ્યું ભાઈએ. આણાવિજય ને વિપાક વિચય આવે છે ને? એ તો વ્યવહારથી વાત કરી છે. પણ ખરી આજ્ઞા આત્માનું આરાધન, વીતરાગપણાની પર્યાયની આજ્ઞા .. સુવિધિ. આવ્યું છે નહિ પુણ્ય-પાપમાં? એ વિધાન ભગવાને કહ્યું છે. પુણ્યની ક્રિયાનું વિધાન ભગવાને કહ્યું નથી ધર્મને માટે. સમજાણું કાંઈ? આહાહા..!

'અગમ પ્યાલા પીવો મતવાલા કિન્હી અધ્યાત્મ વાસા આનંદઘન ચેતનમેં ખેલે દેખે લોક તમાસા.' દુનિયા તો બીજી રીતે જોશે. તું આ જો અંદર કહે છે. આહાહા..! ભગવાન ચૈતન્યદ્રવ્ય, અતીન્દ્રિય આનંદનું ધામ એવો ભગવાનઆત્મા અંતર એકાગ્ર થઈને શુદ્ધતા પ્રગટ કરે, આનંદ પ્રગટ કરે એવું અત્યારે હોય નહિ. એમ માનનારા અભવિ છે. સમજાણું કાંઈ? ત્યાં કાંઈ માખણ-બાખણ ચોપડવું નથી કે આ રાજી થાય, ફલાણા થાય. 'પોપટભાઈ'! કહો, શેઠ! દેખો! 'કુંદકુંદાચાર્ય'.

મુમુક્ષુ :- સત્ ન રહે.

ઉત્તર :- સત્ ન રહે. સાચી વાત એ જ છે.

મુમુક્ષુ :- એને ખબર હતી કે આવું થયું છે...

ઉત્તર :- થઈ ગયું છે અને થશે એવો એને ખ્યાલ હતો. એ કાળે પણ એવા માનનારા હોય છે ને? હજી તો કાળ હલકો આવશે. એવા જાગશે કે નહિ શુદ્ધતા નહિ, શુદ્ધ ધર્મ નહિ, શુભ એ ધર્મ. શુભક્રિયા એ ધર્મ છે અને શુભ કરતા કરતા શુદ્ધતા થશે. ઝેર ખાતા ખાતા અમૃતનો ઓડકાર આવશે. એવા જાગશે. એની સામું આ લખ્યું છે. કહો, 'પોપટભાઈ'! આહાહા..! ભારે વાત, ભાઈ! 'બાબુભાઈ'! કહો સમજાય છે આ? આહાહા..! રુચિમાં ના ન પાડ. શુદ્ધતા નહિ પ્રગટે. ના પાડ તો તો થઈ રહ્યું. શુભમાં રસ છે તને. આહા..! સમજાણું કાંઈ?

**'ઇન્દ્રિય-સુખોંકો ભલે જાનકર ઉનમેં રત હૈ,...'** ભોગવે નહિ એની વાત નથી અહીંયાં. પણ શુભભાવમાં એકાગ્ર છે, ઇન્દ્રિય સુખમાં જ રત છે. શુભભાવમાં જે લીન છે એ કહે છે કે શુદ્ધતા અત્યારે હોય નહિ, શુદ્ધતા હોય નહિ. ઇન્દ્રિય સુખમાં રત છે અંદર. બંધ અધિકારમાં આવ્યું છે ને? ભોગ નિમિત્તં. એ અજ્ઞાની ભોગના નિમિત્તે વ્રતાદિ કરે છે. ભોગ એટલે રાગના અનુભવ માટે. રાગનો અનુભવ એ જ ભોગનો અનુભવ છે. બીજો શું ભોગનો અનુભવ? પરને કોણ ભોગવે છે? સમજાણું કાંઈ?

**'ઈસલિયે કહતે હૈં કિ અભી ધ્યાનકા કાલ નહીં હૈ.'** આહાહા..! પ્રભુ! એને શું કહેવું? અત્યારે એ શુદ્ધતા દ્રવ્ય વસ્તુ ભગવાન પરમાનંદ પ્રભુ, એના સન્મુખ થઈ શકાય નહિ. અત્યારે તો અમારી સન્મુખતા શુભભાવમાં જ છે. એમ માનનારા શુદ્ધતા નથી અને શુદ્ધતા પ્રગટી શકે એવો કાળ નથી. એમ એ કહે. આહાહા..! **'सम्मत्तणाणरहिओ'** 'કુંદકુંદાચાર્ય'ની વાણી ભારે! હેં! અલૌકિક છે, ભાઈ! **'અભી ધ્યાનકા કાલ નહીં હૈ.'** આ ઉપાય છે, જુઓને ઈ. આહાહા..! અંતર્મુખ વળવાનો કાળ જ નથી અત્યારે કહે છે. આહાહા..! ભગવાન! શું તું કહે છો? અભવિ છો માળા. એય..! પંડિતજી! ભારે કઠણ.

મુમુક્ષુ :- પર્યાયમૂઢ છે.

ઉત્તર :- પર્યાયમૂઢ છે. **'ઈસલિયે કહતે હૈં કિ અભી ધ્યાનકા કાલ નહીં હૈ.'**

**'ભાવાર્થ :- જિસકો ઈન્દ્રિયોંકે સુખ હી પ્રિય લગતે હૈં...'** ઊંડે-ઊંડે ઈન્દ્રિયનું સુખ તે જ પ્રિય છે. એથી અતીન્દ્રિય સુખ અત્યારે પ્રગટે એવી એની શ્રદ્ધા થતી નથી. આમ છે. આહાહા..! અતીન્દ્રિય શુદ્ધતા ધર્મધ્યાન થઈને પ્રગટે એ અમારી માન્યતામાં નથી આવતું. અત્યારે આ કાળ એવો હોય? પંચમકાળ, બાપુ! અત્યારે તો આટલું બસ. શુભભાવનું આચરણ એમાંથી શુદ્ધતા પ્રગટશે. અમારે એટલું બસ છે. કહે છે કે ઈન્દ્રિયના સુખમાં એની બુદ્ધિ છે. ચાહે તો સાધુ થયો હોય, ત્યાગી થયો હોય, હજારો રાણીને છોડીને બેઠો હોય, પણ એને આનંદનું ધ્યાન નથી અને આનંદ પ્રગટશે નહિ, શુદ્ધતા નહિ પ્રગટે અને શુદ્ધતાનો કાળ નથી એને અશુદ્ધતા એવા ઈન્દ્રિયના સુખમાં પ્રીતિ છે. તેથી એને અતીન્દ્રિય સુખ તરફના વલણની દશા સારી લાગતી નથી. આહાહા..! ભારે વાત કરે છે, ભાઈ! આ 'અષ્ટપાહુડ'માં લ્યો! સંભળાય છે કે નહિ હવે? 'છગનભાઈ'! સંભળાય છે? થોડું-થોડુ? થોડું તેથી તો નજીક લાવ્યા અહીંયાં. તમારે રાખવું ઓલું ક્યાં ગયું તમારે નથી? એય...! નથી ભૂંગળું-બુંગળું રાખતા? આ તમારા ચિરંજીવીને કહ્યું કે ભુંગળું-બુંગળું રખાવું જોઈએ ને એને. આહાહા..! સમજાણું કાંઈ?

**'જિસકો ઈન્દ્રિયોંકે સુખ હી પ્રિયલગતે હૈં ઔર જીવાજીવ પદાર્થકે શ્રદ્ધાન-જ્ઞાનસે રહિત હૈ,...'** દેખો! જીવની શ્રદ્ધા રહિત છે. જીવ તો આનંદસ્વરૂપ છે. આનંદ સ્વરૂપ છે જીવ અને એની શ્રદ્ધા કરવી એ તો ધર્મધ્યાન અંદર થાય ત્યારે થાય. એને જીવની શ્રદ્ધા નથી, કહે છે. શું કહ્યું ઈ? **'જીવાજીવ પદાર્થકે શ્રદ્ધાન-જ્ઞાનસે રહિત હૈ,...'** જો જીવની શ્રદ્ધા હોય તો તો શુદ્ધતા પ્રગટે અને શુદ્ધતા છે એમ હોઈ શકે. સમજાણું કાંઈ? આહાહા..! એને અજીવની પણ ખબર નથી કે આ રાગાદિમાં સુખબુદ્ધિ તે અજીવભાવ છે. એનું એને જ્ઞાન નથી. જીવનું જ્ઞાન નથી, અજીવનું જ્ઞાન નથી. આહાહા..! અત્યારે ધર્મધ્યાન શુદ્ધતા ન હોઈ શકે એમ માનનારને જીવની શ્રદ્ધા નથી, એને અજીવની શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? જીવની શ્રદ્ધા ત્યારે કહેવાય કે પરમાનંદ પ્રભુ આત્મા, એની એકાગ્રતા થતાં જે આનંદ આવે એ સંવર અને જીવ આનંદની મૂર્તિ તે જીવ અને એના રહિત રાગ તે અજીવ. અજીવમાં સુખબુદ્ધિ છે એને અજીવનું પણ જ્ઞાન નથી. આહાહા..! કહો, 'નેમિદાસભાઈ'! આવી વાત છે. ત્યાં 'પોરબંદર' આવું વાંચો તોય સમજાય એવું નથી ત્યાં. 'અષ્ટપાહુડ' વાચ્યું છે. વાંચતા

તો હશે નવરા છે તો. આહાહા..!

ચૈતન્યને ગળાવ્યો છે અંદરથી. ભગવાન! તું આનંદનું ધામ નાથ છો ને. આહાહા..! અને આનંદનો અંશ અને શુદ્ધતા ન પ્રગટે, ધર્મધ્યાન એવું ન હોય. શું કહે છો તું? તને તો વિષયસુખમાં અને અજીવમાં જ પ્રેમ છે તને. જીવમાં પ્રેમ નથી. આહાહા..! જીવનો પ્રેમ હોય તો શુદ્ધતા હોઈ શકે છે. શુદ્ધ પ્રગટ થઈ શકે. ધર્મધ્યાનમાં. આત્મા તરફના વલણમાં ધર્મધ્યાન હોય છે. એમ આવવું જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? ભારે અધિકાર, ભાઈ! ત્યાંથી બુદ્ધિ ઉપાડ, કહે છે. અને મૂક અહીં એમ થઈ શકે છે. કેમ ના પાડે છે? માળા! આહાહા..! જુઓ! બીજી રીતે કહીએ તો પરમાં સુખબુદ્ધિ એનો અર્થ પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે અને દ્રવ્યમાં સુખ છે એવી શ્રદ્ધા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મ ચીજ કોઈ અલૌકિક છે. લોકોએ બહારથી કલ્પી છે એવું છે નહિ.

'**ભાવાર્થ :- જીવાજીવ પદાર્થકે શ્રદ્ધાન-જ્ઞાનસે રહિત હૈ,...**' કેમ? ભગવાનઆત્મા તો પવિત્ર અને શુદ્ધ અને આનંદસ્વરૂપ છે અને એની શ્રદ્ધા જો હોય તો તો એને શુદ્ધતા પ્રગટ થાય. તો શુદ્ધતા એ ધર્મધ્યાન છે અને એ ધર્મધ્યાન નથી એમ કહે છે. એને આત્માનું ધ્યાન નથી, એને આત્માની શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? તો ઐસે કહે હૈ જીવાજીવ પદાર્થકે શ્રદ્ધાન-જ્ઞાન સે રહિત હૈ. '**વહ ઈસ પ્રકાર કહતા હૈ કિ અભી ધ્યાનકા કાલ નહીં હૈ.**' અરે..! આત્મામાં એકાગ્રતા થવાય, શુદ્ધ દ્રવ્યસ્વભાવમાં લીનતા થાય એવું કાંઈ અમે માનતા નથી. એવું ધર્મધ્યાન હોય નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**જીવાજીવ પદાર્થકે શ્રદ્ધાન-જ્ઞાનસે રહિત હૈ, વહ ઈસ પ્રકાર કહતા હૈ કિ અભી ધ્યાનકા કાલ નહીં હૈ. ઈસસે જ્ઞાત હોતા હૈ કિ ઈસ પ્રકાર કહનેવાલા અભવ્ય હૈ ઈસકો મોક્ષ નહીં હોગા.**' એને મોક્ષ નહિ થાય. એ બંધનો ભાવ જ એને રુચિકર લાગે છે. આહાહા..! એમ કહે છે. અબંધભાવ આત્માની રુચિ હોય તો શુદ્ધતા પ્રગટી અને શુદ્ધતા પ્રગટવાનો ભાવ હોય એને શુદ્ધતા ન પ્રગટે એવી વાત આવે નહિ એને. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સારો અધિકાર આવ્યો છે. ઝીણું છે. તું ઝીણો છો ને ભગવાન! એકલા જ્ઞાન સાથે તારે કામ લેવાનું છે. રાગ સાથે નહિ, પર સાથે નહિ. એવો તો તું છો. સ્વભાવથી જણાય એવો તો છો. સ્વભાવ તો શુદ્ધ છે ને શુદ્ધતાની એકાગ્રતાથી તે શુદ્ધતા પ્રગટ થાય છે. એ આત્માને જાણનાર કહેવામાં આવે છે. અને એ આત્મા શુદ્ધતા ન પ્રગટે, શુદ્ધતાનો કાળ નથી, ધર્મધ્યાનનો કાળ નથી, એને આત્માનું જ્ઞાન નથી, તેમ અજીવનું પણ જ્ઞાન નથી. વિષયના સુખમાં મારી બુદ્ધિ છે એ અજીવ છે અને અજીવમાં એની ખબર નથી કે અજીવમાં સુખ ન હોય. સમજાણું કાંઈ?

**जो ऐसा मानता है–कहता है कि अभी ध्यानका काल नहीं, तो उसने पाँच महाव्रत, पाँच समिति, तीन गुप्तिका स्वरूप भी नहीं जाना :–**

## ગાથા-૭૫

**पंचसु महव्वदेसु य पंचसु समिदीसु तीसु गुत्तीसु।**
**जो मूढो अण्णाणी ण हु कालो भणइ झाणस्स।।७५।।**

पंचसु महाव्रतेषु च पंचसु समितिषु तिसृषु गुप्तिसु।
यः मूढः अज्ञानी न स्फुटं कालः भणिति ध्यानस्य।।७५।।

**ત્રણ ગુપ્તિ, પંચ સમિતિ, પંચ મહાવ્રતે જે મૂઢ છે,**
**તે મૂઢ અજ્ઞ કહે અરે!– 'નહિ ધ્યાનનો આ કાળ છે'. ૭૫.**

**अर्थ :– जो पांच महाव्रत, पाँच समिति, तीन गुप्ति इनमें मूढ़ है, अज्ञानी है अर्थात् इसका स्वरुप नहीं जानता है और चारित्रमोहके तीव्र उदयसे इनको पाल नहीं सकता है, वह इसप्रकार कहता है कि अभी ध्यानका काल नहीं है।।७५।।**

## ગાથા-૭૫ ઉપર પ્રવચન

'**જો ઐસા માનતા હૈ–કહતા હૈ કિ અભી ધ્યાનકા કાલ નહીં, તો અપને પાંચ મહાવ્રત, પાંચસમિતિ, તીન ગુપ્તિકા સ્વરૂપ ભી નહીં જાના :–** ' દેખો! ગજબ વાત કરી છે ને.

**पंचसु महव्वदेसु य पंचसु समिदीसु तीसु गुत्तीसु।**
**जो मूढो अण्णाणी ण हु कालो भणइ झाणस्स।।७५।।**

ત્રણે ઠેકાણે એ લીધું. ઓલામાં '**ण हु कालो झाणजोयस्स**' '**ण हु कालो भणइ झाणस्स।**' '**ण हु कालो भणइ झाणस्स।**' ભારે વાત, ભાઈ!

'**અર્થ :– જો પાંચ મહાવ્રત,...**' અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એના સ્વરૂપને પણ એણે જાણ્યું નથી. જો શુદ્ધતા પ્રગટે જ નહિ અને શુદ્ધતા તે ધર્મધ્યાન અત્યારે હોય નહિ તો એને મહાવ્રતના સ્વરૂપની જ ખબર નથી. મહાવ્રતના સ્વરૂપનું જેને જ્ઞાન હોય એને ચારિત્રનું જ્ઞાન હોય અને ચારિત્ર શુદ્ધતા હોય એની એને ખબર હોય છે. 'શોભાલાલજી'! માર્ગ આવા છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– .. સ્વીકાર પણ નથી કરતા.

ઉત્તર :– નથી કરતા.

'**પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, તીન ગુપ્તિ ઈનમેં મૂઢ હૈ, અજ્ઞાની હૈ અર્થાત્ ઈનકા**

**સ્વરૂપ નહિ જાનતા હૈ...**' અરે..! જેને પંચમહાવ્રતના સ્વરૂપનું જ્ઞાન હોય એને શુદ્ધતાનું જ્ઞાન હોય અને તેને ધર્મધ્યાન હોય. સમજાય છે? જેને આત્માના શુદ્ધ સ્વભાવનું ધ્યાન હોય એને શુદ્ધતા પ્રગટેલી હોય સમકિત જ્ઞાન ચારિત્રની, એને પંચમહાવ્રતના વિકલ્પનું બરાબર જ્ઞાન હોય. આ તો એકેય જ્ઞાન નથી. નથી દ્રવ્યનું, નથી શુદ્ધતાનું, નથી પંચમહાવ્રતનું. સમજાણું કાંઈ? મૂઢ છે એનું સ્વરૂપ જાણતો નથી.

'**ઔર ચારિત્રમોહકે તીવ્ર ઉદયસે ઇનકો પાલ નહીં સકતા હૈ,...**' પાળી ન શકે એટલે અંદર પાળી શકે નહિ એટલે એને ના.. ના... ના... આવી સ્થિરતા અને અંદરનું ધ્યાન એવું હોઈ શકે નહિ. '**વહ ઇસપ્રકાર કહતા હૈ કિ અભી ધ્યાનકા કાલ નહીં હૈ.**' લ્યો! વાસ્તવિક ચારિત્ર અને પંચમહાવ્રત વાસ્તવિકપણે પાળી ન શકે એટલે કહે કે નહિ, આ વાત તમે મોટી કરો છો આવી. આહાહા..! મેરુ પર્વત ઉપાડવો. બાપુ! ચૈતન્ય ભગવાન છે. આહાહા..! મહામેરુ તો ધૂળમાં ક્યાંય રહી ગયો. એવા તો અનંતા મેરુ જેણે જ્ઞાનમાં સમાડી દીધા છે. એવો ભગવાનઆત્મા અનંત આનંદનું ધામ પ્રભુ, એની તને શ્રદ્ધા નથી. એનું તને જ્ઞાન નથી. એનું નથી તો પંચમહાવ્રતનું પણ જ્ઞાન નથી. તારી પાસે ચારિત્ર અને મહાવ્રત પણ નથી. માટે તું કહે છો કે અત્યારે શુદ્ધતા હોય નહિ અને ધ્યાન હોય નહિ. સમજાણું કાંઈ? '**અભી ધ્યાનકા કાલ નહીં હૈ.**' લ્યો ઠીક!

'**આગે કહતે હૈં કિ અભી ઇસ પંચમકાલમેં ધર્મધ્યાન હોતા હૈ, યહ નહીં માનતા હૈ વહ અજ્ઞાની હૈ :-**' અત્યારે પંચમકાળમાં આત્મા શુદ્ધતાનું ધ્યાન કરીને શુદ્ધતા પ્રગટ કરી શકે છે. સમજાણું કાંઈ? આહાહા..! અને આ ધર્મધ્યાન કેવું? આ શુભભાવ એ નહિ. એ ધર્મધ્યાન નથી. એ તો આર્તધ્યાન છે. શુભભાવ પંચમહાવ્રતના એકલા વિકલ્પ તો આર્તધ્યાન છે. આત્માના પ્રાણ પીડાય છે. નિશ્ચય ધર્મધ્યાન હોય તો શુભભાવને વ્યવહાર ધર્મધ્યાન કહેવાય. વ્યવહાર એટલે છે નહિ એને કહેવું. પણ જેને નિશ્ચય ધર્મધ્યાનની હજી ખબર નથી... સમજાણું કાંઈ? આહાહા..! એ ૭૬ ગાથામાં કહેશે લ્યો ને. ૭૬ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे कहते हैं कि अभी इस पंचमकालमें धर्मध्यान होता है, यह नहीं मानता हे वह अज्ञानी है :-**

## ગાથા-૭૬

**भरहे दुस्समकाले धम्मज्झाणं हवेइ साहुस्स।**
**तं अप्पसहावठिदे ण हु मण्णइ सो वि अण्णाणी।।७६।।**

**भरते दु:षमकाले धर्मध्यानं भवति साधो:।**
**तदात्मस्वभावस्थिते न हि मन्यते सोऽपि अज्ञानी।।७६।।**

**ભરતે દુષમકાળેય ધર્મધ્યાન મુનિને હોય છે,**
**તે હોય છે આત્મસ્થને; માને ન તે અજ્ઞાની છે. ૭૬.**

**अर्थ :– इस भरतक्षेत्रमें दुःषमकाल–पंचमकालमें साधु मुनिके धर्मध्यान होता है वह धर्मध्यान आत्मस्वभावमें स्थित है उस मुनिके होता है, जो यह नहीं मानता है वह अज्ञानी है उसको धर्मध्यानके स्वरूपका ज्ञान नहीं है।**

**भावार्थ :– जिनसूत्रमें इस भरतक्षेत्र पंचमकालमें आत्मभावनामें स्थित मुनिके धर्मध्यान कहा है, जो यह नहीं मानता है वह अज्ञानी है, उसको धर्मध्यानके स्वरूपका ज्ञान नहीं है।।७६।।**

---

**પ્રવચન નં. ૯૧, ગાથા-૭૬ થી ૭૯, શુક્રવાર, ભાદરવા વદ ૩, તા.૧૮-૯-૭૦**

'અષ્ટપાહુડ'માં મોક્ષપાહુડ. ૭૬મી ગાથા.

'**આગે કહતે હૈં કિ અભી ઈસ પંચમકાલમેં ધર્મધ્યાન હોતા હૈ, યહ નહીં માનતા હૈ વહ અજ્ઞાની હૈ :–**' શું કહે છે? જુઓ!

**भरहे दुस्समकाले धम्मज्झाणं हवेइ साहुस्स।**
**तं अप्पसहावठिदे ण हु मण्णइ सो वि अण्णाणी।।७६।।**

'**અર્થ :– ઈસ ભરતક્ષેત્રમેં દુઃષમકાલ–પંચમકાલમેં સાધુ મુનિકે ધર્મધ્યાન હોતા હૈ...**' અહીં શું સિદ્ધ કરવું છે? કે શુદ્ધતા તે ધર્મધ્યાન છે. શુભભાવ એ ધર્મધ્યાન નથી. કોઈ કહે કે અત્યારે તો શુભભાવ જ હોઈ શકે. શુદ્ધ હોઈ શકે નહિ. તો એ કહે છે કે એ અજ્ઞાની છે, મૂઢ છે. સમજાણું કાંઈ? '**મુનિકે ધર્મધ્યાન હોતા હૈ...**' કેવું ધર્મધ્યાન? '**યહ ધર્મધ્યાન આત્મસ્વભાવમેં સ્થિત હૈ...**' જુઓ! અત્યારે આ બીજા ઊંધા અર્થ કરે છે એનો અત્યારે અર્થ છે. અત્યારે ધર્મધ્યાન હોય પણ એ શુભભાવ તે ધર્મધ્યાન, શુદ્ધભાવ થાય તો શુક્લધ્યાન. એ વાત ખોટી છે, તદ્દન જૂઠી છે.

આત્મા સ્વભાવ વિષે સ્થિત રહે એ ધર્મધ્યાન છે. પુણ્ય પરિણામ એ આત્મા નથી શુભભાવ. સમજાય છે કાંઈ? ત્યારે શું આમાંથી કાઢે છે વળી કેટલાક? કે જુઓ! અત્યારે ધર્મધ્યાન છે અને મહાવ્રત નથી એમ કહેનારા જૂઠા છે એમ કહે છે. મહાવ્રતથી ધર્મધ્યાન હોય તો મહાવ્રત હોય ને? ધર્મધ્યાન વિના મહાવ્રતી કેવા? સમજાણું કાંઈ? ધર્મધ્યાન આત્માને આશ્રયે થાય છે. જુઓ! છે ને? '**આત્મસ્વભાવમેં સ્થિત હૈ...**' ચૈતન્ય આનંદ સ્વરૂપ એ શુભ-અશુભરાગથી રહિત એવા સ્વભાવમાં સ્થિત આત્મા આશ્રિત એને ધર્મધ્યાન કહે છે. ભાઈ! 'શોભાલાલજી'! આહાહા..! સમજાય છે કાંઈ? અત્યારે આ મોટી ચર્ચા વિરોધની છે. એ 'રતનચંદજી' એટલું હાંકે છે, કાઢે છે. જુઓ! અત્યારે ધર્મધ્યાન છે અને શાસ્ત્રમાં ધર્મધ્યાન શુભઉપયોગને જ કહ્યું છે.

અહીં કહે છે કે આત્મસ્વભાવમાં સ્થિત હોય તેને ધર્મધ્યાન કહ્યું છે. સમજાણું કાંઈ? અને 'નિયમસાર'માં તો ઘણે ઠેકાણે સ્વઆશ્રિત નિશ્ચય ધર્મધ્યાન, સ્વઆશ્રિત ધર્મધ્યાન

(એમ કહ્યું છે). 'નિયમસાર'. સમજાણું કાંઈ? કારણકે મોક્ષનો માર્ગ છે ને? મોક્ષનો માર્ગ એ આત્મા આશ્રિતથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આત્મા અખંડ આનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ એને આશ્રયથી, એકાગ્રતાથી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ધર્મધ્યાન સ્વઆત્માના આશ્રયે પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ આમાં?

'**अप्पसहावठिदे**' અહીં વજન છે. ધર્મધ્યાન તો એને કહીએ કે આત્માનો જે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે, જ્ઞાયક આનંદભાવ એમાં લીન થવું અને શુદ્ધતા પ્રગટ થવી એ શુદ્ધતા સ્વને આશ્રયે થાય તેનું નામ ધર્મધ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'અમરચંદભાઈ'! સ્વઆશ્રિત. છે આ 'નિયમસાર'માં. બે-ત્રણ તો નીકળ્યા હતા. ભાઈ! ઘણા બોલ છે એમાં. 'નિયમસાર'માં ઘણા બોલ છે. ઉઘાડ્યું ત્યાં એ જ નીકળ્યું. ૧૭૫ પાને છે. પહેલું. જુઓ!

'**નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણ સ્વાત્માશ્રિત એવા નિશ્ચયધર્મધ્યાન...**' સ્વઆશ્રિત એવા નિશ્ચય ધર્મધ્યાન. પહેલી હજી સમજણના જ વાંધા છે આખા. શુદ્ધતા એને નથી એટલે કહે છે અત્યારે શુદ્ધતા નથી. એમ. ધર્મધ્યાન શુભભાવ છે એ એને માને છે. અશુદ્ધતા જે શુભભાવ એને ધર્મધ્યાન માને છે. સમજાણું કાંઈ? '**સ્વાત્માશ્રિત એવા નિશ્ચયધર્મધ્યાન અને નિશ્ચયશુક્લધ્યાન...**' બેય સ્વ આત્માને આશ્રયથી થાય તે. શુભભાવ સ્વઆત્મા આશ્રિત નથી એ તો પરાશ્રિત છે. સમજાણું કાંઈ? ૧૭૫ છે. જુઓ! એમાંય છે.

મુમુક્ષુ :- કઈ ગાથા છે?

ઉત્તર :- ૯૨ ગાથા છે. ૯૦ અને ૨. શું કહે છે? બાનવે ગાથા છે. ૧૭૫-૧૭૬ હશે. ૭૭-૭૭ છે જુઓ! ૭૭માં છે. ૯૩ ગાથામાં પણ છે.

'**સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાનમાં લીન થયો થકો અભેદરૂપે સ્થિત રહે છે,...**' લ્યો! ૯૩માં પણ છે. શું કહેવું છે સમજાય છે આમાં કાંઈ? ધર્મધ્યાન-ધર્મધ્યાન લોકો કહે છે ઓલા શુભ વિકલ્પ અને રાગને ધર્મધ્યાન. એ ધર્મધ્યાન તો વ્યવહાર છે, ઓલો નિશ્ચય ધર્મધ્યાન હોય તો. પણ વાસ્તવિક નિશ્ચય ધર્મધ્યાન એ શુદ્ધ ભાવ એ ધર્મધ્યાન હોય છે. 'ભગવાનજીભાઈ'! ચૈતન્યદ્રવ્ય, જુઓ! '**સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન...**' સમજાણું? હમણાં કાઢ્યા હતા થોડા બોલ. હમણા વાંચતા હોં! અત્યારે. ૧૭૫, ૧૭૭ આવ્યું ને? ૧૭૮. ૧૭૮ છે, જુઓ! '**સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન...**' ગાથા તો એની એ છે, હોં! ૯૩. ૯૩ ગાથામાં બે વાર આવ્યું છે.

મુમુક્ષુ :- ગાથા ૭૮? ગાથા ૭૮?

ઉત્તર :- ગાથા તો ૯૩. ૯૨-૯૩ બે. એમાં. ૧૭૫ ને ૧૭૮ પાનું છે.

'**સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન...**' આટલો તો ખુલાસો છે. પણ એ માન્ય નથી એને. 'પદ્મમલધારિદેવ'ની ટીકા માન્ય નથી. આવું ચોખ્ખું કરી નાખ્યું અને હવે અમારે શુભભાવમાં ધર્મધ્યાન માનવું આ શું કરવું? એ ટીકા માન્ય નથી, જાવ. સમજાણું? ૭૮. ૨૪૮-૪૯ એટલું કાઢ્યું છે. બાકી તો ઘણે ઠેકાણે હશે. ૨૪૮ અને ૨૪૯... ધર્મધ્યાન લ્યો એ અધિકાર પરમ સમાધિનો. ૧૨૨ ગાથા. '**ત્રિકાળ નિરાવરણ નિત્ય-શુદ્ધ કારણપરમાત્માને...**' કેવો છે ભગવાનઆત્મા? ત્રિકાળ નિરાવરણ નિત્ય શુદ્ધ એવો

કારણપરમાત્મા ધ્રુવ ચૈતન્ય એ '**સ્વાત્મા...**' એ આત્મા સ્વ એ પોતાનો આત્મા. એને આશ્રયે '**નિશ્ચયધર્મધ્યાનથી અને ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વરૂપમાં લીન પરમશુક્લધ્યાનથી જે પરમ વીતરાગ તપશ્ચરણમાં લીન,...**' થાય છે. એને તપસ્યા કહેવામાં આવે છે. એમ કહે છે અહીંયાં. સમજાય છે કાંઈ? શેઠ! સાંભળ્યું ન મળે અને એમ ને એમ ઓઘે-ઓઘે...

મુમુક્ષુ :- પહેલા અવલંબન લે પછી ...

ઉત્તર :- બસ, એમ છે. પહેલા અવલંબન વળી કેવું? સીધું આત્માનું અવલંબન એમ કહે છે. શેઠને તર્ક કરતા આવડે છે હવે. પહેલું એમ કહે પરનું આલંબન લે અને પછી (સ્વનું આલંબન લે). પહેલું વળી ક્યું? પહેલું નિશ્ચયથી સ્વનું આલંબન લેવું એનું નામ ધર્મધ્યાન છે. સમજાય છે કાંઈ? જુઓ! ૨૪૮ એટલે ગાથા ૧૨૨. આમાં ૨૪૯ (પાનું) છે. અને ૧૨૩ ગાથામાં છે.

'**તે જીવની પરિણતિ વિશેષ તે સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન છે.**' આ તો આટલા કાઢ્યા હતા આચાર્યના, હોં! વાંચતા હતા. બીજા હશે ઘણા અંદર. આ તો એક નમુનો બસ છે ને એમાં. સમજાય છે કાંઈ? શ્રદ્ધાના હજી વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા ન મળે. ચૈતન્ય શુદ્ધ આત્મા પવિત્ર કારણપરમાત્મા નિત્યાનંદ પ્રભુ એ આત્મા, એને આશ્રયે જે ધર્મધ્યાન (થાય) એને ધર્મધ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાપુ! ઝીણી વાત, બાપા! આહાહા..! હમણાં લખ્યા હતા હોં પાંચ બોલ. ધર્મધ્યાન એમ. છે. બીજા છે ઘણા. એમાં ઘણા આવે છે. 'પદ્મપ્રભમલધારિદેવે' બહુ સ્પષ્ટ કર્યું છે. કારણ કે મોક્ષમાર્ગનો અધિકાર છે ને એ? મોક્ષમાર્ગ છે એ ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે. ધર્મધ્યાન સ્વ આત્માને આશ્રયે પ્રગટે. એ શુભભાવ આદિ ધર્મધ્યાન અને મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ? ઠીક છે? ધર્મધ્યાન કોને હોય? '**આત્મસ્વભાવમેં સ્થિત હૈં...**' દેખો! પંચમહાવ્રત અને શુભભાવમાં સ્થિત એ ધર્મધ્યાન નહિ. એ તો રાગ છે, વિકલ્પ છે. સમજાણું કાંઈ?

આત્મા અંદર પરમાનંદ પ્રભુ ત્રિકાળ નિરાવરણ શુદ્ધ કારણપ્રભુ, એનો આશ્રય કરીને જે એકાગ્રતા પ્રગટે એને અહીંયાં ધર્મધ્યાન, શુદ્ધ પરિણામને ધર્મધ્યાન કહ્યું છે. શુદ્ધ. શુભ નહિ. સમજાણું કાંઈ? 'દેવીલાલજી'! ભારે કામ. એવા ઝઘડા. હજી તો આત્માનો આશ્રય કરવો એ ધર્મ છે એ વાત બેસતી નથી. આહાહા..! એ કહે છે કે આવું હોય છે એ જે ન માને, '**ઉસકો ધર્મધ્યાનકે સ્વરૂપકા જ્ઞાન નહીં હૈ.**' આવું ન માને એ અજ્ઞાની છે. એને ધર્મધ્યાન કોને કહીએ એની ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ એ આત્મા. એનો આશ્રય કરીને એકાગ્રતા થાય એ શુદ્ધતા-પવિત્રતા સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ પ્રગટે એને ધર્મધ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શું અત્યાર સુધી ધર્મધ્યાન-ધર્મધ્યાન કહેતા હતા. અણુવ્રત અને મહાવ્રત એ ધર્મધ્યાન. હેં! આહાહા..! જુઓ! આચાર્ય કહે છે. આ ચારેય ગાથા ઉપાડી ત્યાંથી. ૭૦થી ઉપાડી છે ને? '**अप्पा झायंताणं**' ઉપાડી છે. ૭૦થી. ત્યાંથી મૂળ તો એ લેવું છે. ભગવાનઆત્મા પરનું લક્ષ છોડી દઈ, શુભ-અશુભ રાગનું પણ લક્ષ છોડી દઈ અંતર ચૈતન્ય ધ્રુવની ધુનમાં અંદર એકાકાર થાય એને ધર્મધ્યાન કહ્યું છે. એ ધર્મધ્યાન તે શુદ્ધતાના

પરિણામ છે. પછી એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગમે તે કહો. સમજાય છે? એ સ્વઆત્મા આશ્રયે ઉત્પન્ન થાય છે. શુભ વિકલ્પ એ સ્વઆત્મ આશ્રયે નહિ, એ તો પર આશ્રય. વ્યવહારો પરાશ્રિત, નિશ્ચય સ્વઆશ્રિત. સ્વઆશ્રિત નિશ્ચય, પરઆશ્રિત વ્યવહાર. હવે એની વ્યાખ્યા શું? આ બે ગાથા છે અહીં તો. બંધ અધિકારમાં 'સમયસાર'. સ્વઆશ્રિત નિશ્ચય. આત્મા અખંડ આનંદ એનો આશ્રય લઈને જે પરિણતિ પ્રગટી એ નિશ્ચય. પરાશ્રય વિકલ્પ ઉઠે એ વ્યવહાર અશુદ્ધતા. આવી સીધી વાત છે. નિશ્ચય-વ્યવહારની આવી સીધી. કોઈ એમાં કાંઈ બહુ તર્ક કરવા પડે કે બહુ જાણવું પડે કે એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

આ ભરતક્ષેત્રમાં... જુઓને ભાષા કેવી છે! દુષમકાળ હો ભલે પણ મુનિઓને ધર્મધ્યાન હોય છે. ધર્મધ્યાન હોય તેને મુનિપણું કહેવામાં આવે છે. એમ કહેવું છે પાછું. આ બહારના લીધા એને ધર્મધ્યાન હોય છે એમ નહિ. સમજાણું કાંઈ? '**धम्मज्झाणं हवेइ साहुस्स।**' અહીં તો મુખ્યપણે સાધુની વાત લીધી છે ને મુખ્ય? ગૌણપણે ચોથે ગુણસ્થાને પાંચમે ધર્મધ્યાન હોય છે. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધું ને. આ હમણાં શું કીધું? ચોથે-પાંચમે ગૌણપણે ધર્મધ્યાન છે. મુનિને મુખ્યપણે ધર્મધ્યાન. વિશેષ છે ને ત્યાં? અહીં મુનિની વ્યાખ્યા પ્રધાન છે ને. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ તે મુક્તિનું કારણ છે. એથી ચારિત્રસહિત છે એ મુનિ છે અને એને ધર્મધ્યાન હોય એમ સિદ્ધ કરવું છે. એ ધર્મધ્યાન એટલે આત્માને આશ્રિત ભાવ હોય છે, એ ધર્મધ્યાન છે અને એ મુક્તિનું કારણ છે. એવું ધર્મધ્યાન અત્યારે નથી એમ માને એ અજ્ઞાની છે. બીજી વાત. એ ધર્મધ્યાનનું સ્વરૂપ કેવું છે એને જાણતા નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! 'દેવીલાલજી'! ઓલા ધર્મધ્યાનનો કાઉસગ્ગ આવે છે કે નહિ? એ તો કર્યો હશે ઘણીવાર તમે. સ્થાનકસવાસીમાં બહુ આવે એવો ધર્મધ્યાનનો કાઉસગ્ગ આવે છે. સમકિત વિના આ જીવે અનંતવાર ક્રિયા કરી. એમ આવે છે એમાં. ધર્મધ્યાનનો કાયોત્સર્ગ આવે છે. અમારે અહીં બોલે છે તમારે ત્યાં...

એ ધર્મધ્યાન એટલે શું? વસ્તુનો ધર્મ એટલે સ્વભાવ, એનું ધ્યાન એટલે એકાગ્રતા. એ સ્વાત્માશ્રિત એકાગ્રતા. સીધી વાત છે. મીઠી મધુરી આનંદદાયક વાત છે. ધર્મધ્યાન એને કહીએ કે જે આત્માના સ્વભાવને અવલંબીને પરિણતિ પ્રગટે તેને. તેમાં તો શુદ્ધતા જ હોય છે. સ્વઆત્મા આશ્રયમાં અશુદ્ધતા હોતી નથી. આહાહા..! આવું જે ન માને અને શુભભાવને ધર્મધ્યાન માને એને ધર્મધ્યાનના સ્વરૂપની ખબર નથી એમ કહે છે. 'પોપટભાઈ'! પડિક્કમણામાં આવ્યું હશે તમારે નહિ? ધર્મધ્યાન અને કાયોત્સર્ગ કરતા હશો ત્યાં બેય જણા. દરિયાપરીના અપાસરે.

મુમુક્ષુ :- અર્થ કોને ખબર હતી?

ઉત્તર :- વાત તો સાચી. અમે પડિકમણું બધાને કરાવતા. અર્થ બર્થ. કોને ખબર હતી ત્યાં? આ પાંચમું શ્રમણસુત્ર બોલી જઈએ. ચૈતન્ય પરિણામની ભૂલ. સ્થાનકવાસીમાં બોલાય છે ને? શ્રાવકને બોલાય છે. પાલેજમાં હું જ પડિકમણું કરાવતો. સંવત ૧૯૬૩-

૬૪-૬૫. આઠ દિ' બધા ભેગા થાય. પડિકમણું સાંજે કરે અને ચાર અપવાસ કરીએ. આઠ દિ'ના ચાર. લ્યો, ધર્મ થઈ ગયો. લ્યો!

મુમુક્ષુ :- પડિકમણું કરીને જુઓ રે જુઓ રે જૈનો ગાય...

ઉત્તર :- જુઓ રે જુઓ રે એ હું પણ ત્યાં ગાતો. હું ત્યાં ગાતો. 'જુઓ રે જુઓ રે જૈનો કેવા વ્રતધારી, કેવા વ્રતધારી આગે થયા નરનારી.' એવું ગાતા ત્યાં જંબુસ્વામી.. ખબર ન મળે શું છે એની. આઠ દિ'ના અપવાસ કરીએ ચાર, હોં! ચાર અપવાસ. નાની ઉંમરમાં પહેલેથી.

મુમુક્ષુ :- પણ આ વસ્તુની ખબર નહોતી તો શું થાય?

ઉત્તર :- વસ્તુની ખબર શું, કાંઈ (ખબર નહીં) ઊંધા બધા લાકડા. એ બધી ક્રિયા એ ધર્મ થઈ ગયો. આપણને મોક્ષનો માર્ગ થઈ ગયો જાવ. અપવાસ કર્યો એટલે થઈ ગઈ નિર્જરા. અહીં કહે છે કે નિર્જરા સ્વઆત્મા આશ્રયે થાય, પરઆશ્રયે થાય નહિ. આ શેઠે તો બહુ ગોટા વાળ્યા છે. શેઠ હતા 'કલકત્તા'માં. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કેટલો ખુલાસો કર્યો છે આચાર્યે! ધર્મધ્યાન એને કહીએ કે '**અપ્પસહાવઠિદે**' આવો તો ખુલાસો કર્યો છે હવે. ત્યાં ટીકામાં 'પદ્મપ્રભમલધારિદેવે' કહ્યું સ્વઆશ્રયે ધર્મધ્યાન. હવે એમાં ફેર શું? બેય વાત તો એક જ છે. સમજાણું કાંઈ? '**જો યહ નહિ માનતા હૈ વહ અજ્ઞાની હૈ ઉસકો ધર્મધ્યાનકે સ્વરૂપકા જ્ઞાન નહિ હૈ.**' ધર્મધ્યાન કોને કહેવું? આહાહા..! નમો અરિહંતાણં... નમો અરિહંતાણં કરી, કાં ૩૨ વાર ગણીને, ઓલું કરીને સામાયિક પૂરી કરી નાખે. થઈ ગયું ધર્મધ્યાન. એ ધર્મધ્યાન નહિ. જેમાં આત્માનો આશ્રય આવ્યો નહિ, પરાશ્રય છૂટે નહિ એને ધર્મધ્યાન હોઈ શકે નહિ. .. શું આ બધું હલવ્યું છે કે નહિ ત્યાં તમે શેઠ હતા ને? ગોટા હલવ્યા બધા. આ તો હલવ્યાની વાત છે. અત્યારની ક્યાં વાત છે. આ તો ભૂતકાળની વાત છે. આહાહા..! માર્ગની ખબરે ન મળે. જાવું હોય ઉગમણું અને ચાલે આમ 'ઢસે'. 'ઢસા' છે ને 'ઢસા' આ બાજુ નહિ? જાવું 'ભાવનગર' અને જાય 'ઢસે'. એમ 'ભાવનગર' આત્મા સ્વઆશ્રય જાવું છે. એને ઠેકાણે રાગ પરાશ્રય 'ઢસા'માં જાવું છે એને. એમાં એને ધર્મધ્યાન માનવું છે. આહાહા..!

'**ભાવાર્થ :- જિનસૂત્રમેં ઈસ ભરતક્ષેત્ર પંચમકાલમેં આત્મભાવનામેં સ્થિત...**' જુઓ! ખુલાસો કર્યો. આત્મભાવના વિષે સ્થિત. આત્મા પોતાની ભાવના એટલે એકાગ્રતા એમાં સ્થિત છે. ભાવના એટલે સંકલ્પ-વિકલ્પ એમ નહિ. ભાવ એવો જે ત્રિકાળી પ્રભુ, એની ભાવના એટલે એકાગ્રતા. સમજાણું કાંઈ? દ્રવ્યભાવ, જ્ઞાયકભાવ, કારણપ્રભુ, કારણ પરમાત્મા ત્રિકાળી એ ભાવ. એની એકાગ્રતા એ ભાવના. એ આત્મા ભાવના વિષે સ્થિત '**મુનિકે ધર્મધ્યાન કહા હૈ,...**' એવા મુનિને ધર્મધ્યાન (કહ્યું છે). 'જાદવજીભાઈ'! તમે ત્યાં બહુ આવા કર્યા હશે. પડિકમણા ને ફલાણું ધર્મધ્યાન. ઘરે બહેને બહુ કરાવ્યું હશે. સમજણ વગરનું. આહાહા..! માર્ગની ખબર ન મળે અને માર્ગમાં છીએ એમ માનીને ચાલે. આહાહા..!

'**આત્મભાવનામેં સ્થિત મુનિકે ધર્મધ્યાન કહા હૈ,...**' પાછું આ મુનિપણું, આવું, હોં!

એમ. પાછા એમ જાણે કે આ પંચમહાવ્રત ધાર્યા માટે અમે મુનિ અને અમારે ધર્મધ્યાન થઈ ગયું એમ નહિ. એ લખ્યું છે ઓલાએ. એમાં લખ્યું છે. એમાં અર્થમાં લખ્યું. એમાં લખ્યું છે. જુઓ! મહાવ્રત ન માને એ આવા કહેવાય એમ લખ્યું છે એમાં. એ જ ગાથામાં. મહાવ્રતધારીને. પણ મહાવ્રતધારી કોણ? જેને ધર્મધ્યાન નથી એને મહાવ્રત કેવા? સમજાણું કાંઈ? એમ કહે ના પાડે છે અત્યારે ધર્મધ્યાન ન માને એ અજ્ઞાની છે. મહાવ્રત અત્યારે નથી કોઈ એમ માને એ અજ્ઞાની છે એમ કરીને ત્યાં લગાવી દીધું. એ તો સ્વતંત્ર આત્મા છે. હોં! આહાહા..!

અહીં તો ધર્મધ્યાન એટલે આત્માના સ્વરૂપ શુદ્ધ આનંદનો આશ્રય કરીને જે એકાગ્રતા થાય એવું એને ધર્મધ્યાન કીધું છે. '**જો યહ નહિ માનતા હૈં વહ અજ્ઞાની હૈ, ઉસકો ધર્મધ્યાનકે સ્વરૂપકા જ્ઞાન નહિ હૈ.**' લ્યો!

---

**आगे कहते हैं कि जो इस कालमें भी रत्नत्रयका धारक मुनि होता है वह स्वर्गलोकमें लौकान्तिकपद, इन्द्रपद प्राप्त करके वहाँसे चयकर मोक्ष जाता है, इसप्रकार जिनसूत्रमें कहा है :–**

## ગાથા-૭૭

**अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि लहहिं इंदत्तं।**
**लोयंतियदेवत्तं तत्थ चुआ णिव्वुदिं जंति।।७७।।**

**अद्य अपि त्रिरत्नशुद्धा आत्मानं ध्यात्वा लभंते इन्द्रत्वम्।**
**लौकान्तिकदेवत्वं ततः च्युत्वा निर्वृतिं यांति।।७७।।**

**આજેય વિમલત્રિરત્ન, નિજને ધ્યાઈ, ઈન્દ્રપણું લહે,**
**વા દેવ લૌકાંતિક બને, ત્યાંથી ચ્યવી સિદ્ધિ વરે. ૭૭.**

**अर्थ :– अभी इस पंचमकालमें भी जो मुनि सम्यग्दर्शन–ज्ञान–चारित्रकी शुद्धता युक्त होते हैं वे आत्माका ध्यान कर इन्द्रपद अथवा लोकान्तिक देवपदको प्राप्त करते हैं और वहाँसे चयकर निर्वाणको प्राप्त होते हैं।**

**भावार्थ :– कोई कहते हैं कि अभी इस पंचमकालमें जिनसूत्रमें मोक्ष होना कहा नहीं इसलिये ध्यान करना तो निष्फल खेद है, उसको कहते हैं कि हे भाई! मोक्ष जानेका निषेध किया है और शुक्लध्यानका निषेध किया है परन्तु धर्मध्यानका निषेध तो किया नहीं। अभी भी जो मुनि रत्नत्रयसे शुद्ध होकर धर्मध्यानमें लीन होते हुए आत्माका ध्यान करते हैं, वे मुनि स्वर्गमें इन्द्रपदको प्राप्त होते हैं अथवा लोकान्तिक देव एक भवावतारी हैं, उनमें जाकर उत्पन्न होते हैं। वहाँसे चयकर मनुष्य हो मोक्षपदको प्राप्त करते हैं। इसप्रकार धर्मध्यानसे परंपरा मोक्ष होता है तब सर्वथा निषेध क्यों करते हो ? जो निषेध करते हैं वे अज्ञानी मिथ्यादृष्टि हैं, उनको विषय–कषायोंमें स्वच्छंद रहना है इसलिये इसप्रकार कहते हैं।।७७।।**

## ગાથા-૭૭ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ જો ઈસ કાલમેં ભી રત્નત્રયકા ધારક મુનિ હોતા હૈ વહ સ્વર્ગલોકમેં લૌકાન્તિકપદ, ઈન્દ્રપદ પ્રાપ્ત કરકે વહાંસે ચયકર મોક્ષ જાતા હૈ, ઈસપ્રકાર જિનસૂત્રમેં કહા હૈ :–**' લ્યો ઠીક! એ વખતે 'કુંદકુંદાચાર્યે' શ્લોક લખ્યા ત્યારે. અત્યારે પણ રત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, શુદ્ધ હોં, શુદ્ધ. વ્યવહાર રત્નત્રય નહિ. શુદ્ધ આત્માને આશ્રયે. દર્શન આત્મા આશ્રયે, જ્ઞાન આત્મા આશ્રયે, લીનતા (આત્મા આશ્રયે). એવા રત્નત્રયના ધારી મુનિ હોય તો સ્વર્ગ વિષે લૌકાન્તિકપદ (પામે). મુક્તિ તો છે નહિ. '**ઈન્દ્રપદ પ્રાપ્ત કરકે વહાંસે ચયકર મોક્ષ જાતા હૈ.**' ત્યાંથી એકાદ ભવ કરીને મોક્ષ જાય. '**ઈસપ્રકાર જિનસૂત્રમેં કહા હૈ :–**' લ્યો.

**अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि लहहिं इंदत्तं।**
**लोयंतियदेवत्तं तत्थ चुआ णिव्वुदिं जंति।।७७।।**

'**અર્થ :– અભી ઈસ પંચમકાલમેં ભી જો મુનિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી શુદ્ધતા યુક્ત હોતે હૈં...**' આ કાળમાં પણ જે કોઈ મુનિ સમ્યગ્દર્શન આત્માના અનુભવની પ્રતીતિ, આત્માનું જ્ઞાન અને આત્મામાં લીનતા. જુઓ! '**શુદ્ધતા યુક્ત હોતે હૈં...**' ભાષા એમ છે. છે ને? '**तिरयणसुद्धा**' શબ્દ છે ને? અહીં શુદ્ધ સિદ્ધ કરવું છે માટે '**सुद्धा**' શબ્દ નાખ્યો છે. વ્યવહાર રત્નત્રય એ તો અશુદ્ધ છે, રાગ છે. એ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ બધી શુદ્ધની વ્યાખ્યા છે. વિકલ્પથી કરો તો વ્યવહારની વાત છે. અશુદ્ધ હોય એને આવા વિકલ્પ હોય એને વ્યવહારે કહેવામાં આવે છે. પણ એ બંધનું કારણ છે. આત્મા આશ્રિત નિર્વિકલ્પ તેટલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ શુદ્ધ છે, તે મુક્તિનો માર્ગ છે. સમજાણું કાંઈ? છે ને? સામે પુસ્તક છે ને, જુઓને! શેઠ હા પાડે છે.

'**अप्पा झाएवि**' લખ્યું છે, જુઓ! આત્માનું ધ્યાન કરે. એમ. દેખો! એમ છે? '**અભી ઈસ...**' '**तिरयणसुद्धा**' મુનિ '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી શુદ્ધતા યુક્ત હોતે હૈં વે આત્માકા ધ્યાન કર ઈન્દ્રપદ અથવા લોકાન્તિક દેવપદકો પ્રાપ્ત કરતે હૈં.**' એમ છે. આત્માનું ધ્યાન કરતા કરતા વિકલ્પ બાકી રહી જશે પૂર્ણ ધ્યાન નથી એટલે. લોકાન્તિકમાં જશે. ઈન્દ્રપણું પામશે. સમજાણું? આહાહા..! '**અથવા લોકાન્તિક દેવપદકો પ્રાપ્ત કરતે હૈં...**' લોકાન્તિક દેવ થાય. એ લોકાન્તિક દેવો બ્રહ્મચારી હોય છે. એને દેવી હોતી નથી. આઠ સાગરનું આયુષ્ય હોય છે. નાનામાં નાનું આઠ અને મોટામાં મોટું આઠ. જઘન્ય-ઉત્કૃષ્ટ એને આઠ જ સાગરનું આયુષ્ય. કારણ કે એકાવતારી બધા છે. લોકાન્તિક દેવો અસંખ્ય છે. બધા એકભવતારી. મનુષ્ય થઈને મોક્ષ જનારા. એવી શુદ્ધતાનું આરાધન કરી, આત્માનું શુદ્ધ સ્વરૂપનું ભાન અને સ્થિરતા કરી, બાકી વિકલ્પ હશે તો લોકાન્તિકમાં ગયા છે. ત્યાંથી એક ભવ કરીને મોક્ષ જશે. આવશે અર્થમાં આવશે. વળી '**ઔર વહાંસે ચયકર નિર્વાણકો પ્રાપ્ત**

**હોતે હૈં.**' આહાહા..! આત્મા પંચમકાળમાં પણ પોતાના નિજ સ્વભાવને આરાધે, શુદ્ધતાની ભાવના પ્રગટ કરીને એ જીવ પંચમકાળના જીવ પણ ઈન્દ્રપણું અને લોકાંતિકપણું પામી ત્યાંથી એકાદ મનુષ્યનો ભવ કરીને મોક્ષ જવાના છે. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- કોઈ કહતે હૈં કિ અભી ઈસ પંચમકાલમેં જિનસૂત્રમેં મોક્ષ હોના કહા નહિ ઈસલિયે ધ્યાન કરના તો નિષ્ફલ ખેદ હૈ,...**' આહાહા..! સમજાણું? '**ઉસકો કહતે હૈં કિ હે ભાઈ! મોક્ષ જાનેકા નિષેધ કિયા...**' જાણો કે મોક્ષ નથી. એમ અત્યારે જાણો કે મોક્ષ નથી. '**શુક્લધ્યાનકા નિષેધ કિયા હૈ પરંતુ ધર્મધ્યાનકા નિષેધ તો કિયા નહિ.**' ધર્મધ્યાન નથી એમ તો કહ્યું નથી. એ મુનિ સ્વર્ગમાં ઈન્દ્રપણા દેખો આ '**અભી ભી જો મુનિ રત્નત્રયે શુદ્ધ હોકર...**' અહીં વજન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધ. શુદ્ધ સ્વભાવને આશ્રયે પ્રગટેલી પરિણતિ શુદ્ધ. એ શુદ્ધપણું અત્યારે નથી એમ માનનારને ધર્મધ્યાનની ખબર નથી. સમજાણું કાંઈ?

'**ધર્મધ્યાનમેં લીન હોતે હુએ આત્માકા ધ્યાન કરતે હૈં,...**' ધ્યાનમાં આત્માને ધ્યેય બનાવી એટલે કે ધ્યાનનો વિષય બનાવી. વિષય સમજાય છે? એ શબ્દ આવે ઓલામાં બહુ. 'પરમ અધ્યાત્મતરંગિણી' ટીકામાં બહુ આવે છે. વિષયકુરુ. 'પરમ અધ્યાત્મતરંગિણી' છે ને? કળશની ટીકા. એમાં બહુ આવે છે ઈ. વિષયકુરુ. ભગવાનઆત્માનો વિષય કર. વિકલ્પ અને પરનો વિષય છોડી દે. સમજાય છે કાંઈ? ત્યાં છે. બતાવ્યું હતું એક ફેરી. આવ્યું હતું. વિષય એટલે ધ્યેય. આત્માને ધ્યેય બનાવ. આ વિષય જ્યાં પુણ્ય-પાપનો વિષય છે એ તો પરનો વિષય છે. આને વિષય બનાવ, ધ્યેય બનાવ. ધ્યાનમાં વિષયને, વિષય એટલે આત્માનો વિષય કર, ધ્યેય બનાવ. એ ક્યાંક છે. હવે કાંઈ બધું હાથ આવે? ટીકામાં છે. કહ્યું હતું એક-બેવાર બતાવ્યું હતું. એ કાંઈ યાદ રહે છે અહીં બધું? નિશાન કરેલું છે, નિશાન કરેલું છે. પણ આખું જોવે એમાં ક્યાં.. નિશાન કરેલા છે. બતાવ્યું હતું અહીંયાં એક ફેરી. સમજાણું કાંઈ? નિશાન કરેલા છે. બધી જગ્યાએ નિશાન કરેલા છે આખું વાંચ્યું હોય એમાં. સમજાણું કાંઈ? આહાહા..!

પ્રભુ આત્મા તદ્દન શરીર, વાણી અને કર્મ અને વિકલ્પ વિનાનો, રાગ વિનાનો એવો જે આત્મા એને આત્મા કહીએ. કારણ કે વિકલ્પ તો આસ્રવ છે. શરીર કર્મ અજીવ છે. આવો આત્મા એને ધ્યેયમાં લક્ષમાં વિષયમાં બનાવી, એકાગ્ર થવું. સમજાય છે? '**રત્નત્રયસે શુદ્ધ હોકર ધર્મધ્યાનમેં લીન હોતે હુએ આત્માકા ધ્યાન કરતે હૈં,...**' આહાહા..! શાંત થઈ, ધીરો થઈ બહારથી વૃત્તિને સમેટી અંતરમાં પરિણતિ દ્રવ્યને ધ્યેય બનાવે. કહો, સમજાય છે કે નહિ 'રાજમલજી'? એય..! 'રાજમલજી'! આવું છે ધર્મધ્યાન. સાચી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મધ્યાનની પરિણતિ સદાય રહે. 'નિયમસાર'માં તો કહ્યું છે કે ધર્મધ્યાન ન હોય તે બહિરાત્મા છે. એવું 'નિયમસાર'માં કહ્યું છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન ન હોય તો બહિરાત્મા છે. ધર્મધ્યાનમાં લીનતા ન રહે તો પણ પરિણતિ તો શુદ્ધ રહે છે ને કાયમ? ન હોય તો બહિરાત્મા છે. રાગમાં એકતા એ બહિરાત્મા છે એમ કહ્યું છે. લ્યો! 'નિયમસાર'.

બહુ ખુલાસા છે. ઓહોહો..! આચાર્ય 'કુંદકુંદાચાર્ય'ની શૈલીમાં થોડામાં ગાગરમાં સાગર ભરી દીધો છે. એટલી બધી (સ્પષ્ટતા). પણ હવે માણસ શાંતિથી સ્વાધ્યાય કરે, વિચાર કરે, મનન કરે તો એને પત્તો લાગે. એમ ને એમ ઉપર-ઉપર-ઉપર ઉભડક વાંચી જાય. ઉભડક સમજો છો? ઉપર-ઉપરથી વાંચી ગયા, લ્યો! પણ શું છે અંદર ભાવ? સમજાણું કાંઈ?

મહાપ્રભુ વ્યક્તપણે ચૈતન્ય દ્રવ્ય તો એવું ને એવું પડ્યું છે. વસ્તુ તો પડી છે મહાપ્રભુ છે. ચૈતન્ય આનંદનું ધામ મહાપ્રભુ છે. એ સ્થળ એનું સત્તા ધામ મહાસંઘ છે. એનો આશ્રય કરીને લીન થાય એને ધર્મધ્યાન કહે છે. કહો, 'પ્રકાશદાસજી'! અત્યાર સુધી શેનું ધર્મધ્યાન-ધર્મધ્યાન કહેતા હતા. અણુવ્રત પાળો. અમે મહાવ્રત લઈને અણુવ્રતનો ઉપદેશ દઈએ. પાપનો. સમ્યગ્દર્શન વિના અણુવ્રતના પરિણામ એ પાપ છે. સમજાય છે કાંઈ? માર્ગ તો આવો છે.

મુમુક્ષુ :- પાપ કહ્યું છે.

ઉત્તર :- પાપ છે. રત્નત્રયને પાપ કહ્યું છે. વ્યવહાર રત્નત્રયને શાસ્ત્રમાં પાપ કહ્યું છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. રત્નત્રયને પાપ કહ્યું છે. પુણ્ય-પાપનો અધિકાર છે ને? જુઓ!

'**व्यवहारमोक्षमार्गो**' સંસ્કૃત છે. '**निश्चयरत्नत्रयस्योपादेयभूतस्य कारणभूतत्वादुपादेयः**' વ્યવહારે ઉપાદેય કહેવામાં આવે છે. '**परंपरया जीवस्य पवित्रताकरणात् पवित्रस्तथापि बहिर्द्रव्यालंबनत्वेन पराधीनत्वात्वपतति**' પણ શુદ્ધથી પતીત થાય છે વ્યવહારમાં. અને '**नश्यतीत्येकं कारणं। निर्विकल्पसमाधिरतानां व्यवहारविकल्पालंबनेन स्वरूपात्पतितं भवतीति द्वितीयं कारणं। इति निश्चयनयापेक्षया पाप।**'

મુમુક્ષુ :- કઈ ગાથા?

ઉત્તર :- પુણ્ય-પાપની છેલ્લી. પુણ્ય-પાપની છેલ્લી ગાથા. ૧૬૧, ૬૨, ૬૩. સંસ્કૃત છે. અહીં તો બધા ચિહ્નો કર્યા છે. અહીં વળી મીંડુ કર્યું છે વધારે પાછું. આ લ્યો! '**निश्चयनयापेक्षया पाप**'. સમજાણું કાંઈ? આનંદસ્વરૂપ ભગવાનમાંથી પતીત થાય છે ત્યારે વ્યવહારરત્નત્રયનો શુભ વિકલ્પ ઉઠે છે. આહાહા..! પહેલું કહ્યું કે પરંપરા પવિત્રનું નિમિત્ત છે. પરંપરા પછી થશે, આને છોડીને. પણ વર્તમાન દેખો તો એ પાપ છે. એય..! પુણ્ય-પાપની છેલ્લી ગાથાઓ. સરવાળો એમ લીધો છે કે આ અધિકાર તો પુણ્યનો ચાલે છે, તમે વળી પાપનો અધિકાર ક્યાં નાખ્યો આમાં? હવે એ પાપ છે, સાંભળને! 'યોગસાર'માં કહ્યું નથી? 'પાપ પાપને સહુ કહે પણ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે.' 'યોગસાર'માં (૭૧ ગાથામાં) આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ 'યોગસાર'માં છે.

મુમુક્ષુ :- એ તો દરેક ગ્રંથનો સાર છે.

ઉત્તર :- એ તો દરેકમાં દિગંબર સંતોના કોઈપણ ગ્રંથમાં ક્યાંય વિરોધ છે નહિ. કોઈ ગ્રંથમાં વિરોધ નથી. સંતોની વાણી છે, વીતરાગી મુનિની વાણી છે. સમજાય છે કાંઈ? એ

તો સર્વજ્ઞના પેટની વાણી બધી છે. ક્યાંક વ્યવહાર કહ્યો હોય, નિશ્ચય કહ્યો હોય અને ક્યા નયનું કથન છે એને સમજવું જોઈએ.

મુમુક્ષુ :- તેરાપંથી...

ઉત્તર :- એ વળી બીજી રીતે કહે છે. આહા..! લે! તેરાપંથી તો કહે છે કે બીજાની દયાનો ભાવ છે એ પાપ છે. એમ નથી. હિંસાનો ભાવ એ પાપ અને દયાનો ભાવ એ પુણ્ય. એ તો અહીં નિશ્ચયની અપેક્ષાએ દયાના ભાવને પાપ કહ્યું છે. પણ પાપની અપેક્ષાએ દયાના ભાવને પુણ્ય કહ્યું છે. અપેક્ષા લાગવી જોઈએ ને. એકાંત તાણ્યા કરે એમ કાંઈ ચાલે? એ તેરાપંથી એમ કહે છે કે બીજાને બચાવવાનો ભાવ એ પાપ, બીજાને પાણી પાવું, દાણા દેવા, અનાજ દેવા એ પાપ. નહિ. નહિ. એમ નથી. એ અનુકંપા આદિ ભાવ પુણ્ય છે, ધર્મ નહિ. સમજાણું કાંઈ? ધર્મ નહિ પણ પુણ્ય છે. પાપ નાખી દે એમ નહિ. પાપ કહ્યું એ તો નિશ્ચયના સ્વભાવના આનંદની અપેક્ષાએ પુણ્યમાં રાગ છે અને ઝેર છે એ અપેક્ષાએ પાપ. પણ વ્યવહારની અપેક્ષાએ પાપથી પુણ્ય શુભભાવ છે એમ વ્યવહારમાં ભેદ પાડતા એને પાપ ન કહેવાય વ્યવહારથી. નિશ્ચયની અપેક્ષાએ પાપ છે. આ તો કહે નહિ, પાપ જ છે. પરજીવની દયા પાળવી, કોઈને ભૂખ્યાને આહાર-પાણી દેવા, પાણી આપવું તૃષા લાગી હોય તો. એ અસંતિ છે. એને પાપ (છે). એમ ન હોય ભાઈ!

મુમુક્ષુ :- તેરાપંથીમાં છે?

ઉત્તર :- તેરાપંથી છે ને? સ્થાનકવાસીમાં 'તુલસી'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ. નહિ એ માર્ગ નથી.

મુમુક્ષુ :- નિશ્ચય નથી તો પાપ બંધાતું નથી, પુણ્યને પાપ બતાવે છે.

ઉત્તર :- બતાવે છે. ઈ પુણ્ય કોને કહે છે? કે મુનિ છે એના માનેલા. મુનિને આહાર-પાણી દે તો નિર્જરા અને પુણ્ય બે થાય છે. એ વાત કહે છે. બધું વાંચ્યું છે ને. અમે બધું જોયું છે. મુનિ હોય એના માનેલા, હોં! મુનિની ક્યાં એને ખબર છે? તથારૂપ માનેલા મુનિ. .. કહ્યું હતું, હમણાં રાત્રે કહ્યું હતું. ભગવતી સૂત્ર છે. તથારૂપના સાધુને આહાર-પાણી દે તો એકાંત નિર્જરા કરે. અરે..! પરને આહાર-પાણી દેવા, સાચા સંત ગણધર હોય એને આહાર-પાણી દે તોપણ નિર્જરા ન હોય. પુણ્યભાવ છે. સ્વદ્રવ્ય આશ્રિત નિર્જરા હોય. પરદ્રવ્ય આશ્રિત તો પુણ્યનું કારણ છે. એનું બધું વાચ્યું છે અમે તો. એના એકે એક ગ્રંથો, બધા ગ્રંથો જોયા છે. અહીં તો પહેલા જોયા હતા. ત્યાં હતા ને સંસારમાં? પરમદિગંબર શાસ્ત્ર તમારા કાકા ભડકતા હતા. કે આ પરમ દિગંબર શાસ્ત્ર અત્યારે વાંચે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મરી જાય શું? એનો ભાવ શું છે? એવી વાત તો પછી ગાયને ઘાસ-બાસ દેવું એ બધું પાપ છે. એમ છે નહિ. ભાવની વાત છે. ભગવાનની પૂજામાં પાણીમાં હિંસા તો થાય છે. પણ ભાવ શું છે? ભક્તિનો છે તેથી શુભભાવ છે. ધર્મ નહિ. એ બીજી વાત છે. બધું વાંચ્યું એનું છે, હોં! એકે એક પર બોલનો થોકડો છે. .. આખો ગ્રંથ છે. બધું જોયું છે.

તેરાપંથીના શાસ્ત્ર જોયા છે. પહેલાં બધાનું બધું જોયું છે. આ સનાતન સંતો દિગંબરો...

મુમુક્ષુ :- .. કલ્પિત.

ઉત્તર :- બનાવેલા કલ્પિત પોતે બનાવેલા. એના મુખ્ય સાધુ છે. બનાવ્યા છે. આહાહા..! ભાઈ! અહીં તો એમ ન ચાલે. વ્યવહારમાં કોઈ દયા, દાન, શુભભાવથી ભક્તિ, ગાયને પાંજરાપોળમાં ચારો નાખવાનો ભાવ, એ બધો ભાવ છે હિંસા થોડી, અલ્પ પાપ લાગે પણ છે એમાં પુણ્યભાવ-શુભભાવ છે. એનો નિષેધ કરે કે એ પુણ્ય નહિ અને પાપ છે. એમ નહિ. અહીં તો આત્માના આનંદની અપેક્ષાએ ત્યાંથી ખસી જાય છે માટે પાપ છે એમ કહ્યું છે. જે અપેક્ષા છે તેમ સમજવું જોઈએ ને? ખેંચાતાણ કરે એમ ન ચાલે. આ તો તત્ત્વ વીતરાગનો માર્ગ છે. આ તો કેવળીનો કહેલો (માર્ગ છે). આ કાંઈ કોઈએ કલ્પિત છે અને આમ છે, તેમ છે એમ નથી. સમજાય છે? પરમાત્મા ત્રિલોકના નાથ સીમંધર ભગવાને કહેલો માર્ગ છે. મહાવીર આદિ ભગવાન સર્વજ્ઞો એ જ કહેતા આવ્યા છે અને કહેશે. સમજાણું કાંઈ?

**'વે મુનિ સ્વર્ગમેં ઇન્દ્રપદકો પ્રાપ્ત હોતે હૈં અથવા લોકાંતિક દેવ એક ભવાવતારી હૈં,...'** જુઓ! એકભવતારી. એટલો પુરુષાર્થ નથી, મુક્તિ-કેવળજ્ઞાન પ્રાપ્ત કરે એવો તો પુરુષાર્થ છે નહિ. ભવિષ્યમાં એક ભવ કરીને મુક્તિએ જશે.

મુમુક્ષુ :- લોકાંતિકનો નિયમ છે?

ઉત્તર :- નિયમ જ છે. લોકાંતિકનો નિયમ છે અને અમુક સર્વાર્થસિદ્ધના દેવનો નિયમ છે. સર્વાર્થસિદ્ધના દેવ એક ભવ કરીને મુક્તિ જાય. બીજા ચારને કોઈને એક હોય, કોઈને બે હોય. પણ એ તો આરાધક થઈ ગયા, ખલાસ થઈ ગયો. ભવ-ફવ એ તો જરીક થોડોક રાગ બાકી છે એ તો ધર્મશાળામાં રોકાવા પૂરતું છે. સાંજ કોર ચાલતા ચાલતા ૨૫ કોસ ચાલવાનું હોય. ૧૬ કોસ ચાલતા અંધારુ થઈ ગયું. તો કંઈક ધર્મશાળામાં પડાવ નાખ્યો પણ સવાર પડે ચાલતા થાય. ૮ કોસ કાપવાનું બાકી છે. સમજાણું કાંઈ? (એમ) સ્વરૂપનું આરાધન કરતાં કરતાં કચાશ થોડી બાકી રહી જાય, પૂર્ણ ન હોય (એટલે) એકાદ ભવ ધર્મશાળામાં આવી જાય. સ્વર્ગમાં. ત્યાંથી નીકળીને મોક્ષમાં જશે. આ બધા 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'પદ્મપ્રભમલધારીદેવ' બધા એકભવતારી છે. સમજાય છે?

મુમુક્ષુ :- એ લોકાંતિકમાં છે.

ઉત્તર :- એ લોકાંતિકમાં હોય કે ગમે ત્યાં હોય પણ એકભવતારી છે. સમજાણું કાંઈ? એક જ ભવ (છે) ભવિષ્યમાં. એટલી તાકાત લઈને ચાલ્યા ગયા છે. આમાં તો કહ્યું ઇન્દ્રપણું કે લોકાંતિકપણું (પામે).

**'ઇસપ્રકાર ધર્મધ્યાનસે પરંપરા મોક્ષ હોતા હૈ...'** લ્યો, ભાઈ! અહીં પરંપરા આવ્યું. પરંપરા એટલે શું? કે વર્તમાન ધર્મધ્યાનમાં શુદ્ધતા થોડી છે. ધર્મધ્યાનમાં પછી શુદ્ધતા વધારશે ત્યારે આ અશુદ્ધતા થોડી ઘટી (નાશ થાશે) ત્યારે મોક્ષ જાશે. એમ પરંપરા. સમજાય છે કાંઈ? કારણકે ધર્મધ્યાન દ્વારા મુક્તિ કેવળજ્ઞાન નહિ પામે. પછી તો શુક્લધ્યાન થશે ત્યારે કેવળ પામશે. એથી ધર્મધ્યાન શુક્લધ્યાનનું કારણ અને શુક્લધ્યાન કેવળજ્ઞાનનું કારણ (છે).

એમ. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ શુદ્ધ ધર્મધ્યાન, હોં! આહાહા..! એના માટે શુદ્ધ-શુદ્ધ શબ્દ નાખતા આવે છે, જુઓને. '**तिरयणसुद्धा**' ઓહોહો..! અરે..! રુચિ તો કરે, એની શ્રદ્ધા તો કરે અંદરમાં. સમજણને દઢ કરે કે માર્ગ આ છે. બીજો માર્ગ છે નહિ. લાલાપેઠા કરે એમ હશે ને એમ હશે એમ ન ચાલે અહીંયાં. એય..! શેઠ! લાલાપેઠાને હિન્દીમાં શું કહે છે? કહેતા હશે. એવા હશે નરમ.

મુમુક્ષુ :- એક જ વાત...

ઉત્તર :- એક જ માર્ગ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'. જુઓ! શું કહે છે?

'**ધર્મધ્યાનસે પરંપરા મોક્ષ હોતા હૈ...**' એનો અર્થ શું? કે ધર્મધ્યાનમાં થોડી શુદ્ધિ છે, પછી વિશેષ શુદ્ધિ થશે ત્યારે મુક્તિ થશે તો પરંપરા કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? '**તબ સર્વથા નિષેધ ક્યોં કરતે હો?**' આ કાળે શુદ્ધતા ધર્મધ્યાનની નથી એમ સર્વથા કહો તો ધર્મી જીવ નથી. સમજાણું કાંઈ? અને થોડા હો, કોઈ હો પણ શુદ્ધતાના ધર્મધ્યાનવાળા જીવ છે અને ધર્મધ્યાનથી આગળ પરંપરાએ મુક્તિ થશે. થશે, થશે ને થશે જ. પરંપરા મોક્ષ થશે.

'**જો નિષેધ કરતે હૈં વે અજ્ઞાની મિથ્યાદષ્ટિ હૈં, ઉનકો વિષય-કષાયોંમેં સ્વચ્છંદ રહના હૈ...**' કારણ કે રાગમાં એને સ્વચ્છંદપણે રહેવું છે એને આત્માનો આશ્રય પકડવો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? '**ઉનકો વિષય-કષાયોંમેં સ્વચ્છંદ રહના હૈ...**' પરમાં રોકાય. જાવ, આપણને અંતર્મુખ વળવાની શક્તિ તો છે નહિ અત્યારે. બાકી બહિર્મુખમાં ગમે તે કરો હવે. સમજાણું કાંઈ? '**સ્વચ્છંદ રહના હૈ ઈસલિયે ઈસપ્રકાર કહતે હૈં.**' સમજાણું કાંઈ આમાં?

---

**आगे कहते हैं कि जो इस कालमें ध्यानका अभाव मानते हैं और मुनिलिंग पहिले ग्रहण कर लिया, अब उसको गौण करके पापमें प्रवृत्ति करते हैं वे मोक्षमार्गसे च्युत हैं :–**

## ગાથા-૭૮

**जे पावमोहियमई लिंग घेत्तूण जिणवरिंदाणं।**
**पावं कुणंति पावा ते चत्ता मोक्खमग्गम्मि।।७८।।**

ये पापमोहितमतयः लिंगं गृहीत्वा जिनवरेन्द्राणाम्।
पापं कुर्वन्ति पापाः ते त्यक्त्वा मोक्षमार्गे।।७८।।

**જે પાપમોહિત બુદ્ધિઓ ગ્રહી જિનવરોના લિંગને,**
**પાપો કરે છે, પાપીઓ તે મોક્ષમાર્ગે ત્યક્ત છે. ૭૮.**

**अर्थ :– जिनकी बुद्धि पापकर्मसे मोहित है वे जिनवरेन्द्र तीर्थंकरका लिंग ग्रहण करके भी पाप करते हैं, वे पापी मोक्षमार्गसे च्युत हैं।**

**भावार्थ :– जिन्होंने पहिले निर्ग्रंथ लिंग धारण कर लिया और पीछे ऐसी पापबुद्धि उत्पन्न हो**

गई कि–अभी ध्यानका काल तो नहीं इसलिये क्यों प्रयास करें ? ऐसा विचारकर पापमें प्रवृत्ति करने लग जाते हैं वे पापी हैं, उनको मोक्षमार्ग नहीं है।।७८।।

(* 'इस कालमें धर्मध्यान किसीको नहीं होता' किन्तु भद्रध्यान (–व्रत, भक्ति, दान, पूजादिकके शुभभाव) होते हैं। इससे ही निर्जरा और परम्परा मोक्ष माना है और इसप्रकार ७वें गुणस्थान तक भद्रध्यान और पश्चात् ही धर्मध्यान माननेवालोंने ही श्री देवसेनाचार्य कृत 'आराधनासार' नाम देकर एक जालीग्रन्थ बनाया है, उसीका उत्तर केकड़ी निवासी पं. श्री मिलापचन्दजी कटारियाने 'जैन निबंध रत्नमाला' पृष्ठ ४७ से ६० में दिया है कि इस कालमें धर्मध्यान गुणस्थान ४ से ७ तक आगममें कहा है। आधार :– सूत्रजीकी टिकाएँ – श्री राजवार्तिक, श्लोकवार्ति, सर्वार्थसिद्धि आदि।)

## ગાથા-૭૮ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો ઈસ કાલમેં ધ્યાનકા અભાવ માનતે હૈં ઔર મુનિલિંગ પહિલે ગ્રહણ કર લિયા, અબ ઉસકો ગૌણ કરકે પાપમેં પ્રવૃત્તિ કરતે હૈં વે મોક્ષમાર્ગસે ચ્યુત હૈં :–'**

**जे पावमोहियमई लिंग धेत्तूण जिणवरिंदाणं।**
**पावं कुणंति पावा ते चत्ता मोक्खमग्गम्मि।।७८।।**

દેખો! જિનવરનું જિનકારણ કરી અને સ્વદ્રવ્યના આશ્રયે કર્યું નહિ અને એકલા પાપમાં પ્રવૃત્તિ કરે. એના અર્થમાં કર્યું છે. ... એમાં હશે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના, એ નહિ. .. શ્લોક હશે, શ્લોક. ..

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એમાં શ્લોક છે એ. સંસ્કૃત ટીકામાં.

**'અર્થ :–જિનકી બુદ્ધિ પાપકર્મસે મોહિત હૈ...'** જેની પાપકર્મથી મૂઢ થયેલી બુદ્ધિ છે **'વે જિનવરેન્દ્ર તીર્થંકરકા લિંગ...'** નગ્ન. દિગંબર નગ્ન. ભગવાને દિગંબર ધારણ કર્યા હતા એવા દિગંબર નગ્ન ધારણ કરે. **'કરકે ભી પાપ કરતે હૈં, વે પાપી મોક્ષમાર્ગસે ચ્યુત હૈ.'**

**'ભાવાર્થ :– જિન્હોંને પહિલે નિર્ગ્રંથ લિંગ ધારણ કર લિયા ઔર પીછે ઐસી પાપબુદ્ધિ ઉત્પન્ન હો ગઈ કિ–અભી ધ્યાનકા કાલ તો નહીં ઈસલિયે ક્યોં પ્રયાસ કરેં? ઐસા વિચારકર પાપમેં પ્રવૃત્તિ કરને લગ જાતે હૈ...'** પછી ગમે તે સ્વચ્છંદ કરવો. એમ. સમજાણું કાંઈ? **'પહિલે નિર્ગ્રંથ લિંગ ધાર કર લિયા...'** દિગંબર થયો. **'પીછે ઐસી પાપબુદ્ધિ ઉત્પન્ન હો ગઈ કિ અભિ ધ્યાનકા કાલ તો નહીં...'**

મુમુક્ષુ :– પાપ બુદ્ધિ હતી?

ઉત્તર :– ઈ પાપ બુધ્ધિ નહોતી. નિર્ગ્રંથ લિંગ ધાર્યા ત્યારે એવું નહોતું. કાંઈક કરીશું. પછી જ્યાં સાંભળ્યું કે ધ્યાન તો નથી અત્યારે. એમ. ... **'નિર્ગ્રંથ લિંગ ધાર કર લિયા ઔર**

**પીછે ઐસી પાપબુદ્ધિ...**' લિંગ ધારણ કર્યા પછી (વિચાર્યું કે) ધર્મધ્યાન નથી. ધર્મધ્યાન તો નથી, શુદ્ધતા તો નથી. ગમે તે પ્રવર્તો આપણે. એમ. '**ઇસલિયે ક્યોં પ્રયાસ કરે?**' અંતર્મુખમાં ધ્યાનમાં તો કેમ પ્રયાસ કરવો? '**ઐસા વિચારકર પાપમેં પ્રવૃત્તિ કરને લગ જાતે હૈં...**' એમ. '**વે પાપી હૈં, ઉનકો મોક્ષમાર્ગ નહીં હૈ.**' લ્યો! સમજાણું કાંઈ?

---

आगे कहते हैं कि जो मोक्षमार्गसे च्युत हैं वे कैसे हैं :-

## ગાથા-૭૯

**जे पंचचेलसत्ता गंथग्गाही य जायणासीला।**
**आधाकम्मम्मि रया ते चत्ता मोक्खमग्गम्मि।।७९।।**

**ये पंचचेलसक्ताः ग्रंथग्राहिणः याचनाशीलाः।**
**अधः कर्मणि रताः ते त्यक्ताः मोक्षमार्गे।।७९।।**

**જે પંચવસ્ત્રાસક્ત, પરિગ્રહ ધારી યાચનશીલ છે,**
**છે લીન આધાકર્મમાં, તે મોક્ષમાર્ગે ત્યક્ત છે. ૭૯.**

अर्थ :- पंच आदि प्रकारके चेल अर्थात् वस्त्रोंमें आसक्त हैं, अंडज, कर्पासज, वल्कल, चर्मज और रोमज-इसप्रकार वस्त्रोमेंसे किसी एक वस्त्रको ग्रहण करते हैं, ग्रन्थग्राही अर्थात् परिग्रहके ग्रहण करनेवाले हैं, याचनाशील अर्थात् मांगनेका ही जिनका स्वभाव है और अधःकर्म अर्थात् पापकर्ममें रत हैं, सदोष आहार करते हैं वे मोक्षमार्गसे च्युत हैं।

भावार्थ :- यहाँ आशय ऐसा है कि पहिले तो निर्ग्रंथ दिगम्बर मुनि हो गये थे, पीछे कालदोषका विचारकर चारित्र पालनेमें असमर्थ हो निर्ग्रंथ लिंगसे भ्रष्ट होकर वस्त्रादिक अंगीकार कर लिये, परिग्रह रखने लगे, याचना करने लगे, अधःकर्म औद्देशिक आहार करने लगे उनका निषेध है वे मोक्षमार्गसे च्युत हैं। पहिले तो भद्रबाहु स्वामी तक निर्ग्रंथ थे. पीछे दुर्भिक्षकालमें भ्रष्ट होकर जो अर्द्धफालक कहलाने लगे उनमेंसे श्वेताम्बर हुए, इन्होंने इस भेषको पुष्ट करनेके लिये सूत्र बनाये, इनमें कई कल्पित आचरण तथा इनकी साधक कथायें लिखीं। इनके सिवाय अन्य भी कई भेष बदले, इसप्रकार कालदोषसे भ्रष्ट लोगोंका संप्रदाय चल रहा है यह मोक्षमार्ग नहीं है, इसप्रकार बताया है। इसलिये इन भ्रष्ट लोगोंको देखकर ऐसा भी मोक्षमार्ग है,-ऐसा श्रद्धान न करना।।७९।।

## ગાથા-૭૯ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો મોક્ષમાર્ગસે ચ્યુત હૈ વે કૈસે હૈં :-'** વિશેષ ખુલાસો કરે છે.

**जे पंचचेलसत्ता गंथग्गाही य जायणासीला।**
**आधाकम्मम्मि रया ते चत्ता मोक्खमग्गम्मि।।७९।।**

શ્વેતાંબરની ઢળક નાખવી છે. શ્વેતાંબરે પણ પહેલા તો દિગંબરનું લિંગ ધારણ કર્યા હતા ને? પછી દુકાળ પડ્યા. આવશે અંદર. અર્ધ ફાલક ગ્રહણ કર્યું. ચર્યામાં દષ્ટિ મિથ્યાત્વ થઈ ગઈ. સ્વચ્છંદે પોતાની કલ્પનાએ શાસ્ત્રો બનાવ્યા. એ કહે છે. એય..! એમાં છે. જુઓ! અર્થ.

**'અર્થ :- પંચ આદિ પ્રકારકે ચેલ અર્થાત્ વસ્ત્રોંમેં આસક્ત હૈં,...'** મુનિને વસ્ત્ર-ફસ્ત્ર હોતા નથી. પણ વસ્ત્રનો કટકો રાખી અને પછી ઘણા વસ્ત્ર સ્થાપ્યા. કાળક્રમે **'અંડજ,...'** એટલે આ ઈંડાથી ઉત્પન્ન થાય એ વસ્ત્ર. **'કર્પાસજ, કપાસથી ઉત્પન્ન થાય. વલ્કલ,...'** છાલ. **'ચર્મજ...'** ચામડા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમાં થાય છે. શું આવે? રેશમ નથી થાતું? શું કહેવાય? રેશમના કિડા થાય છે ને? મારીને પછી કરે અને કોઈ કટકા કરીને ... બે પ્રકારની થાય છે અત્યારે. શું કહેવાય આ? એરંડી. એરંડી બે પ્રકારની હોય છે. એક તો જે જીવડા હોય છે એને એમાં નાખી દે. જીવડા હોય એ કટકામાં નીકળી જાય. ઘણા કટકા રહી જાય. મારવા ન પડે. પછી કટકાને ..

મુમુક્ષુ :- .. બહાર નીકળી જાય છે.

ઉત્તર :- નીકળી જાય ટુકડા કરીને બહાર નીકળી જાય એની મેળાએ. બે પ્રકારના બને છે. અમે ગયા હતા ને. અમે 'ભાગલપુર' ગયા હતા ને. 'ભાગલપુર'ના લોકોએ વાત કરી હતી. 'ભાગલપુર'. ત્યાંથી 'ચંપાપુરી' ગયા હતા ને અમે. વાસુપૂજ્ય ભગવાન મોક્ષ પધાર્યા. ત્યાં ગયા હતા. સંઘ લઈને ગયા હતા. હિન્દુસ્તાનના બધા તીર્થસ્થાન ગયા હતા. ત્યાં ગયા હતા. તો એ કહેતા હતા ત્યાં. એક તો એવી અરંડી બને છે કે રેશમના જીવડા હોય ને? અંદર ટુકડા કરીને નીકળી જાય. બહુ નાના ટુકડા. પછી એને સાંધીને જેમ આ કપાસમાંથી કપડા બનાવે ને? એમ એરંડીમાંથી કપડા બનાવે. એને એરંડી કહે છે. પહેલી એરંડી આવી હતી. '..ભાઈ'એ આપી હતી. (સંવત) ૧૯૯૦ની સાલ. બહુ ઊંચી હતી. પછી બીજી આપી હતી ભાઈએ 'વીરજીભાઈ'એ. 'વીરજીભાઈએ'. પણ એ બધી આ સૂકી. ટુકડા કાઢી નીકળી જાય એની બનાવે છે. અને જીવતાની બહુ ઊંચી બને. જીવતા મારી નાખે એની ઊંચી બને. કારણ કે આખા ભાગ હોય ને? મૂલ્યવાન. બહુ મૂલ્યવાન. પણ એ ન ખપે. જીવ મારીને બનાવે છે એવી ચીજ તો જૈનને હોઈ શકે નહિ.

**'ઈસપ્રકાર વસ્ત્રોમેંસે એક વસ્ત્રકો ગ્રહણ કરતે હૈં, ગ્રંથગ્રાહી અર્થાત્ પરિગ્રહકે ગ્રહણ કરનેવાલે હૈં,...'** લ્યો! પરિગ્રહ ગ્રહણ કરે. પાત્રા આદિ, હોં! પાત્રથી માગવા જાય. '...ભાઈ'! **'માગનેકા હી જિનકા સ્વભાવ હૈ ઔર અધઃકર્મ અર્થાત્ પાપકર્મમેં રત હૈં,...'**

એને માટે બનાવેલો આહાર લે. શ્વેતાંબરમાં એમ આવે છે. દ્રવ્યાનુંયોગનું જ્ઞાન હોય તો એને માટે બનાવેલ આહારમાં પાપ નહિ એમ લખાણ છે. પણ દ્રવ્યાનુયોગના જ્ઞાન વિના સાધુ અને સમકિતી હોતા નથી. સાધુને અધઃકર્મી હોતો નથી. એના માટે બનાવેલો.. '**સદોષ આહાર કરતે હૈં વે મોક્ષમાર્ગસે ચ્યુત હૈં.**' એને માટે બનાવેલ આહાર લે છે. સાધુ નામ ધરાવે છે, વસ્ત્ર પહેરે છે. બીજું શું કહ્યુ? યાચનાશીલ હૈ, પરિગ્રહ નામ પાત્ર આદિ રાખે છે એ બધા મોક્ષમાર્ગથી ચ્યુત છે. ભગવાન વીતરાગમાર્ગથી ભ્રષ્ટ છે. એય..! 'પ્રકાશદાસજી'!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને .. ન હોય. મુનિ તો નગ્ન જ હોય છે.

મુમુક્ષુ :- વસ્તીમાં આવીને સાધુ .. એટલે પાપ લાગે.

ઉત્તર :- હા, ઈ જ કહે છે. તમારે માટે .. સાધુ એ. તમારે ઘરે દીકરો હતો એ? 'ડાલચંદજી' છે કે એના માટે તમારે કાંઈક કરવું પડે? નહિ. અહીં તો પાઠ જુઓને, કેવા હોય છે.

સાધુ નામ ધરાવીને વસ્ત્ર રાખે, પાત્ર રાખે અને માગે. યાચના કરે ને? બાવીસ પરિષહ છે ... બાવીસ પરિષહમાં યાચના પરિષહ છે. તો યાચના પરિષહનો અર્થ એવો છે કે યાચના નહિ ને મળે એનું નામ યાચના પરિષહ. પણ માગે અને મળે એ યાચના પરિષહ નથી. એ તો માગણ છે. સમજાણું કાંઈ? શું કીધું સમજાણું? બાવીસ પરિષહમાં યાચના પરિષહ છે. પણ યાચના પરિષહનો એવો અર્થ નથી કે માગવું એ પરિષહ નહિ. માગવું નહિ અને મળે એનું નામ યાચના પરિષહ છે. માંગવું નહિ. સહેજે મળે તો લે, ન મળે તો સહન કરે. આ તો માગવા જાય. એ વિશેષ ખુલાસો કરશે ભાવાર્થમાં... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૯૨, ગાથા-૭૯ થી ૮૨, શનિવાર, ભાદરવા વદ ૪, તા.૧૯-૯-૭૦

'અષ્ટપાહુડ' મોક્ષપાહુડની ગાથા-૭૯. મોક્ષમાર્ગની અંદર પાંચ પ્રકારના વસ્ત્રો ન હોય એને. એમ અહીંયાં 'કુંદકુંદાચાર્ય' (કહે છે). '**પંચચેલસત્તા**' પાંચ પ્રકારના વસ્ત્રમાં જે આસક્ત છે એ મુનિ ન હોય.

મુમુક્ષુ :- આસક્ત ન હોય ને રાખે તો?

ઉત્તર :- આસક્ત વિના રાખી શકે જ નહિ. વસ્ત્ર રાખે અને આસક્તિ ન હોય એમ બને નહિ. ઘણા કહે છે અમારે મૂર્છા નથી પણ વસ્ત્ર રાખીએ છીએ. એમ બને નહિ કોઈ દિ'. ઉપકરણ બિલકુલ નથી. વસ્ત્ર ઉપકરણ છે જ નહિ. એ માટે તો ગાથા લીધી છે. લોકો કહે છે કે વસ્ત્ર રાખીને અત્યારે ચારિત્રનો નભાવ કરવો. ચારિત્રનો નભાવ વસ્ત્રથી હોઈ શકે જ નહિ. વસ્ત્ર રાખે એ ચારિત્રવંત જ નથી-મુનિ જ નથી. એય..! 'પ્રકાશદાસજી'! છે અંદર છે. જુઓ! બહુ ઘૂંટીને આવ્યા છે ને ત્યાંથી સાંભળીને. શું કહે છે? જુઓ!

'**ભાવાર્થ :- યહાં આશય ઐસા હૈ કિ પહિલે તો નિર્ગ્રંથ દિગંબર મુનિ હો ગયે થે,...**' સાધુ થાય. શ્વેતાંબર થયા એના પહેલા તો દિગંબર મુનિ હતા. '**પીછે કાલદોષકા વિચારકર**

**ચારિત્ર પાલનેમેં અસમર્થ હો...**' દુકાળ પડ્યો. ચારિત્ર પાળવાને શક્તિ ન રહી. '**નિર્ગ્રંથ લિંગસે ભ્રષ્ટ હોકર...**' દિગંબર લિંગ હતું અનાદિનું એ લીધું હતું, દિગંબરપણું નગ્ન. બાર (વર્ષના) દુકાળ પડ્યા તો વસ્ત્રનો કટકો રાખ્યો પહેલો અર્ધફાલિક. એમાંથી આ શ્વેતાંબર મત (નીકળ્યો). આકરી વાત છે, ભાઈ! એય..! જુઓ! '**નિર્ગ્રંથ લિંગસે ભ્રષ્ટ હોકર વસ્ત્રાદિ અંગીકાર કર લિયે,...**' મુનિને વસ્ત્ર ત્રણકાળમાં હોઈ શકે જ નહિ. વસ્ત્ર રાખે એ મુનિ હોય જ નહિ. એવો મમતાભાવ વસ્ત્રનો જેને છે એને મુનિપણું હોઈ શકે જ નહિ. વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? '**પરિગ્રહ રખને લગે,...**' પાત્રા રાખવા લાગ્યા. '**યાચના કરને લગે,...**' પાત્ર લઈને જાય તો માગે. એ માર્ગ ભગવાનનો નથી.

મુમુક્ષુ :- માગે છે ક્યાં સુજતું છે

ઉત્તર :- પણ શું એનો અર્થ થયો? સુજતુ છે એ. સુજતા છે કે નહિ? એમ કહે છે ને? તો ઈ માગ્યું કહેવાય. માગવાનો કોઈ બાપ હશે બીજો? સુજતા સમજે? સુજતા એટલે નિર્દોષ. નિર્દોષ આહાર છે? એમ શ્વેતાંબર સાધુ પૂછે. નિર્દોષ છે? એમ પૂછે. તો એનો અર્થ શું થયો? માગ્યું. માગે એ તો માગણ થયો. માર્ગ તો આખો ફેરફાર થઈ ગયો. આ પણ સાચું અને આ પણ સાચું (એમ) વીતરાગ માર્ગમાં બે નહિ રહે. એય..!

મુમુક્ષુ :- એક સોળ આના સાચું અને એક ચૌદ આના.

ઉત્તર :- એકે એક દોકડો ખોટો. વાત એ છે. જે નિર્ગ્રંથ માર્ગથી ભ્રષ્ટ થઈ અને પછી શાસ્ત્ર રચ્યા, પછી મિથ્યાત્વથી રચ્યા, ભાઈ! આકરું પડે એવું છે. બીજો માર્ગ છે આખો. એને એમ લાગે કે આ પક્ષની વાત કરે છે. પક્ષ નહિ, વસ્તુનું સ્વરૂપ એવું છે. એય..! જુઓ! છે?

'**યાચના કરને લગે,...**' માગવા સૂજતા છે? આહાર આપશો? એમ કહે છે ને? અમે તો બધું કરેલું છે ને. ખબર છે. ગામડામાં જાય તો ત્યાં હોય કણબી અને ભાઈ એવા. ત્યાં તો જઈને એમ કહે કે આહાર વહોરાવશો? એમ કહે. વહોરાવશો એમ કહે. એ માગ્યું કહેવાય કે શું થયું એ? એ રીત જ નથી મુનિની.

મુમુક્ષુ :- ધર્મલાભ કહે.

ઉત્તર :- શું કહ્યું ધર્મલાભ કહે તો એ એનો બાપ થયો. ધર્મલાભ. અમને આપો તો ધર્મ થાય, આપો. એ તો માગણ કર્યું. એણે કર્યું છે ને એ? માગણ છે. ધર્મલાભ કેવો? મુનિ તો ઉદાસ હોય છે. દિગંબર મુનિ ઉદાસ ચાલ્યા જાય છે. એમાં પુષ્ટ છે તિષ્ઠ તિષ્ઠ જુઓ કહે છે નિર્દોષ આહાર.

મુમુક્ષુ :- ભાવલિંગમાંથી ભ્રષ્ટ કે દ્રવ્યલિંગમાંથી?

ઉત્તર :- ભાવ અને દ્રવ્ય બેયથી. .. શું છે? ભાવલિંગ પણ ભ્રષ્ટ અને દ્રવ્યલિંગ પણ ભ્રષ્ટ. એ આવે છે, જુઓ!

'**અધઃકર્મ ઔદ્દેશિક આહાર કરને લગે...**' એને માટે આહાર-પાણી હોય, બનાવ્યા હોય પાણી કોઈએ કર્યા હોય. '**ઉનકા નિષેધ હૈ વે મોક્ષમાર્ગસે ચ્યુત હૈં. પહિલે તો ભદ્રબાહુ સ્વામી તક નિર્ગ્રંથ થે.**' જુઓ! 'ભદ્રબાહુસ્વામી' નિર્ગ્રંથ દિગંબર મુનિ ભાવલિંગી હતા.

**'પીછે દુર્ભિક્ષકાલમેં ભ્રષ્ટ હોકર જો અર્દ્ધફાલક કહલાને લગે...'** પછીના સાધુ. **'દિર્ભુક્ષકાલમેં ભ્રષ્ટ હોકર જો અર્દ્ધફાલક...'** જુઓ! કપડાનો અડધો કટકો રાખ્યો. ટુકડા. કપડાના થોડા ટુકડા. બસ, આટલો. **'અર્દ્ધફાલક કહલાને લગે ઉનમેંસે શ્વેતાંબર હુએ,...'** પછી આ શ્વેતાંબર થયા. સ્થાનકવાસી હજી તો હમણાં નીકળ્યા છે. એ તો પહેલા હતા જ ક્યાં? આ શ્વેતાંબર જે છે એ એમાંથી નીકળ્યા. **'ઈન્હોનેં ઈસ ભેષકો પુષ્ટ કરનેકે લિયે સૂત્ર બનાયે,...'** જુઓ! સૂત્ર બનાવ્યા એમાં મુનિને આટલા કપડા ખપે, આટલા પાત્ર ખપે (એમ લખ્યું).

મુમુક્ષુ :- ટુકડા લગાડતાં હતા?

ઉત્તર :- પહેલા ટુકડા રાખતા હતા. અર્ધફાલક. એમાંથી શ્વેતાંબર થયા. અમારે નહિ ચાલે.

મુમુક્ષુ :- શિથિલાચાર વધવા લાગ્યો.

ઉત્તર :- શિથિલાચાર. દૃષ્ટિ વિપરીત થઈ ગઈ. એવો આચાર પોષે ક્યાંથી? માર્ગ એવો છે, ભાઈ! સંપ્રદાયને ઠીક ન લાગે, લાગે એની સાથે કાંઈ સંબંધ નથી. એક જણો લખે છે કે તમે એમ કહો છો કે વસ્ત્ર રાખે તો મુનિ નહિ. તો એક આખી ભીંત પડી જશે. શું કહેવાય એ? દિવાલ આડી. એક આખું અંગ છે શ્વેતાંબર જૈનનું એની દિવાલ પડી જશે. તમને નહિ માને, નહિ સાંભળે. એમ સ્વતંત્ર છે ન સાંભળે તો. અહીં અમારે શું? સાંભળે કોણ? જેની ગરજ હોય એ સાંભળે નહિ? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બે ભદ્રબાહુ હતા?

ઉત્તર :- નહિ. ભદ્રબાહુ તો છેલ્લા એક જ હતા. એમાંથી પછી સાધુ થયા એમાંથી એ ભ્રષ્ટ થઈ ગયા.

મુમુક્ષુ :- .. કહ્યું કે બે ભદ્રબાહુ...

ઉત્તર :- એ પહેલા ભદ્રબાહુ જૂના. આ ભદ્રબાહુ છેલ્લે. છેલ્લાની વાત છે.

**'ઈન્હોંને ઈસ ભેષકો પુષ્ટ કરનેકે લિયે સૂત્ર બનાયે,...'** જરી ઝીણી વાત છે. શ્વેતાંબર પંથ નીકળ્યો, એણે શાસ્ત્ર રચ્યા. એમાં આટલા વસ્ત્ર ખપે, આટલા પાત્ર ખપે એવું લખ્યું એ બધું કલ્પિત છે. એય..! 'છોટાભાઈ'!

મુમુક્ષુ :- એ તો એણે લખ્યું છે..

ઉત્તર :- એ છે. એ તો આચારંગમાં છે. પણ સાધારણ માર્ગ આ છે.

મુમુક્ષુ :- એ તો કાળદોષથી એ છે.

ઉત્તર :- કાળદોષથી. એ જ કહે છે ને? કાળદોષથી પણ ભ્રષ્ટ થયા એની દૃષ્ટિ વિપરીત થઈને? કાળને કારણે થઈ? એનું કારણ નિમિત્તથી કહે છે. એમ કે કાળદોષને કારણે ભ્રષ્ટ થયા. ભાવને કારણે ભ્રષ્ટ થયા. કાળ તો નિમિત્ત છે. એવી પરંપરા અનાદિ સનાતન માર્ગ ચાલ્યો આવ્યો છે. અનાદિ વીતરાગ દિગંબર માર્ગ છે, કોઈ નવો નથી. મહાવિદેહક્ષેત્રમાં એકલો દિગંબર માર્ગ છે, નિર્ગ્રંથ માર્ગ છે, બીજો કોઈ માર્ગ છે જ નહિ.

મુમુક્ષુ :- પંચમકાળ ચાલતો હશે...

ઉત્તર :- પંચમકાળ માટે જ કહે છે. ભ્રષ્ટ થયા. અને શાસ્ત્રો નવા રચ્યા એમાં કલ્પિત

રચીને આટલા વસ્ત્ર અમને ખપે, આટલા પાત્ર ખપે અને એક ડંડો ખપે એ બધું...

મુમુક્ષુ : નભાવવા માટે કોઈ વસ્તુ જોઈએ.

ઉત્તર :- નભાવનો અર્થ શું? શેનો નભાવ? શરીરનો નભાવ કે ચારિત્રનો નભાવ? માર્ગ તો આવો છે, ભાઈ! આચાર્ય પોતે 'કુંદકુંદાચાર્ય' કહે છે. પંચશીલ સત્તા. પાંચ પ્રકારના વસ્ત્રમાં આસક્ત રાખે તે મુનિ નહિ. એય..! 'ચંદ્રકાંતજી'! સમજાણું કાંઈ? જુઓ!

**'ઈનમેં કંઈ કલ્પિત આચરણ...'** કલ્પિત આચરણ બનાવ્યા બધા. આમ ખપે, ન ખપે, નિષિત ને વ્યવહાર ને વેદકલ્પ એટલું બધું લખાણ. એ અમે મોઢે-કંઠસ્થ કર્યા હતા. માર્ગ એ વીતરાગનો નથી. એય..! બખાઈ. એક શેઠ હતા ત્યાં? એ હવે પછી લુલુ થઈ ગયું. કહો, સમજાણું કાંઈ? સ્થાનકવાસી તો હમણાં શ્વેતાંબરમાંથી દેરાવાસીમાંથી નીકળ્યા. એ તો વધારે ભ્રષ્ટ થયા. એમાં વળી આ 'તુલસી' નીકળ્યા એ વધારે ભ્રષ્ટ થયા. એક પછી એક ભ્રષ્ટ થતા ગયા એમ નીકળતા ગયા.

મુમુક્ષુ :- એક પછી એક અમે સુધારો કરતા ગયા.

ઉત્તર :- એ જાણે કે સુધારો કરો એમ માને. માને અજ્ઞાની તો માને ને.

મુમુક્ષુ :- ક્રિયા ઉદ્ધારક.

ઉત્તર :- ક્રિયા ઉદ્ધારક. સમકિત ઉદ્ધારક નહિ ને? સમકિતની શુદ્ધિ એની તો નહિ ને? મિથ્યાત્વની ગમે તે ક્રિયા કરો એમાં શું? માર્ગ આવો છે. લોકોને કઠણ પડે કે ન પડે. નિર્ગ્રંથ દિગંબર સંત, ભાવલિંગ સમકિત સહિત છઠ્ઠું ગુણસ્થાન, એને વસ્ત્રનો એક દોરો પણ હોતો નથી. ત્રણકાળ ત્રણલોકમાં એવો એક માર્ગ છે.

મુમુક્ષુ :- શ્વેતાંબર નીકળ્યા કેટલા વર્ષ થયા?

ઉત્તર :- બે હજાર વર્ષ. બે હજાર વર્ષ પહેલા દુર્ભિક્ષકાળ પડ્યો હતો. એમાંથી એ નીકળ્યો. એ કહ્યું ને? દુર્ભિક્ષમેં. **'દુર્ભિક્ષકાલમેં ભ્રષ્ટ હોકર...'** એમ લખ્યું છે ને? બરાબર લખ્યું છે. **'અર્દ્ધફાલક કહલાને લગે ઉનમેંસે શ્વેતાંબર હુએ, ઈન્હોને ઈસ ભેષકો પુષ્ટ કરનેકે લિયે સૂત્ર બનાયે, ઈનમેં કઈ કલ્પિત આચરણ...'** આ ખપે, આમ ન ખપે, પાત્ર આમ લેવું, આમ મૂકવું, કપડાને આમ ધોવા, પાત્રાને આમ રંગવા એવું બહુ લખાણ શાસ્ત્રમાં. બધું કલ્પિત. વીતરાગમાર્ગનો એ માર્ગ નથી.

મુમુક્ષુ :- અર્ધફાલક નીકળ્યો...

ઉત્તર :- પહેલો અર્ધફાલક પછી એમાંથી આ શ્વેતાંબર. એ પહેલો કીધું ને આ? તદ્દન નગ્ન ન રહી શક્યા (એટલે) થોડું રાખ્યું. પછી કહે આપણે તો હવે રાખવું જોઈએ. સમજાણું કાંઈ? બે-ત્રણ ઠેકાણે આવે છે આમાં. ત્રણ ઠેકાણે. ૪૬ પાને, ૩૭૬ પાને. અર્ધફાલકનું બધી જગ્યાએ. બહુ સારું લખ્યું છે. વસ્તુ એમ જ થયેલી છે. સમજાણું કાંઈ? પાનું ૪૬ અને પાનું ૩૭૬ બે જગ્યાએ આનું આ આવે છે.

**'ઈનમેં કઈ કલ્પિત આચરણ તથા ઈનકી સાધક કથાયેં લિખી.'** ધર્મરૂચી અણગાર પાત્ર લઈને વહોરવા ગયા, નાગેશ્રી શાક નાખ્યું, કડું તુબીનું (દુધી) એ બધું કલ્પિત. પાત્ર જ મુનિને હોય નહિ પછી વળી પ્રશ્ન ક્યાં? ગપ્પેગપ્પ.

મુમુક્ષુ :- ગણધરદેવ પણ પાત્ર લઈને જાતા.

ઉત્તર :- કથા બનાવી ખોટી. ગણધર પાત્ર લઈને વહોરવા ગયા ગામમાં. આણંદજી પાસે ગયા અને કહે, મને તો અવધિજ્ઞાન થયું છે. ના, એવું ન થાય. ત્યારે પ્રાયશ્ચિત લ્યો. સાચાનું પ્રાયશ્ચિત કે ખોટાનું? ઓલા આણંદ શ્રાવક કહે. પછી ભગવાન પાસે ગયા. આહારનું પાત્ર .. .. આ ભિખારા જેવા હશે? મુનિમાર્ગ એવા હશે? ભિખારા જેવા લાગે હાથમાં લઈને આમ ચાલે.

મુમુક્ષુ :- હાથમાં લઈને ગયા એમાં શું છે?

ઉત્તર :- ભિખારી છે, એ તો રાંકા જેવા છે. આટલા પાણી ભરે અને ભાર લાવે આટલા એય..! 'ચેતનજી'! મુનિ તો નિર્ગ્રંથ હોય જેવું માતાએ જન્મ્યા. એક ફક્ત મોરપીંછી, કમંડળ, પુસ્તક બસ બાકી હોઈ શકે નહિ. માર્ગ ત્રણકાળ ત્રણલોકમાં એક સત્ય આ છે. એમાં કંઈપણ શંકાને સ્થાન નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ચશ્મા તો રાખે?

ઉત્તર :- ચશ્મા પણ ન હોય. મુનિને ચશ્મા હોય? એ તો પરિગ્રહ છે. એ પરિગ્રહ છે. ચશ્મા પરિગ્રહ છે. એય..! શેઠ!

મુમુક્ષુ :- આંખ ખરાબ થઈ જાય મુનિની તો સમાધિમરણ કરે?

ઉત્તર :- એમ કે આંખે ન સૂઝે તો સમાધિમરણ કરે. માર્ગ કોનો છે? માર્ગ આવો છે. આ તો સિંહનો માર્ગ છે. આ કાંઈ શિયાળિયાનો માર્ગ છે? શિયાળને શું કહે છે સમજ્યા? શિયાળ શિયાળ હોય છે ને? જંગલમાં શિયાળ હોય. એં..એં.. કરે સાંજના. શિયાળ-શિયાળ નથી કહેતા તમારે? જાનવર. શિયાળમાર્ગ નથી, સિંહ માર્ગ છે. આહાહા..! આઠ-આઠ વર્ષના રાજકુમારો પણ નીકળી જતા. નાની મોરપીંછી, કમંડળ, નગ્ન દિગંબર જંગલ વનવાસ. માર્ગ તો આ તે કાંઈ સિંહના માર્ગ છે કે વાણિયાના ટેં..ટેં કરે એના માર્ગ છે? સમજાણું કાંઈ? અમારા શેઠ કહે કે કાળભ્રષ્ટ... શું કીધું? કાળદોષે થયું. પણ કાળદોષનો અર્થ એણે દોષ કર્યો માટે કાળદોષ કહેવામાં આવ્યો.

મુમુક્ષુ :- કાળ દોષ ચાલી રહ્યું છે રેકોર્ડમાં બધું ઉતરે છે.

ઉત્તર :- ભલે ઉતરે પણ અહીં અંદર છે ને. આ અધિકાર છે કે શું છે? અંદર છે એ તો 'કુંદકુંદાચાર્ય' પોતે ફરમાવે છે. આ ક્યાં ગુપ્ત રાખેલી ચિઠ્ઠી છે?

**'કલ્પિત આચરણ તથા ઈનકી સાધક કથાયેં લિખી. ઈનકે સિવાય અન્ય ભી કઈ ભેષ બદલે,...'** લ્યો! પછી આ ઢુંઢીયાનો ભેખ બદલ્યો પાછળથી આ. વળી તેરાપંથીએ બદલ્યું, વળી આ મુહપત્તી આવી અને ફલાણું-ફલાણું કંઈક બદલ્યા. **'ઈસપ્રકાર કાલદોષસે ભ્રષ્ટ લોગોંકા સંપ્રદાય ચલ રહા હૈ યહ મોક્ષમાર્ગ નહિ હૈ,...'** સમજાણું કાંઈ? **'ઈસપ્રકાર બતાયા હૈ.'** આ ગાથામાં એમ જણાવ્યું છે. એવું છે, બાપા!

**'ઈસલિયે ઈન ભ્રષ્ટ લોગોંકો દેખકર ઐસા ભી મોક્ષમાર્ગ હૈ,-ઐસા શ્રદ્ધાન ન કરના.'** એવી શ્રદ્ધા ન કરવી કે આ પણ એક જૈનનો માર્ગ છે. કહો, સમજાય છે કાંઈ?

आगे कहते हैं कि मोक्षमार्गी तो ऐसे मुनि होते हैं :–

## ગાથા-૮૦

णिग्गंथमोहमुक्का बावीसपरीसहा जियकसाया।
पावारंभविमुक्का ते गहिया मोक्शमग्गम्मि।।८०।।

निर्ग्रंथाः मोहमुक्ताः द्वाविंशतिपरीषहाः जितकषायाः।
पापारंभविमुक्ताः ते गृहीताः मोक्षमार्गे।।८०।।

નિર્મોહ, વિજિતકષાય, બાવીશ-પરિષહી, નિર્ગ્રંથ છે,
છે મુક્ત પાપારંભથી, તે મોક્ષમાર્ગે ગૃહીત છે. ૮૦.

अर्थ :– जो मुनि निर्ग्रंथ हैं, परिग्रह रहित हैं, मोह रहित हैं, जिनके किसी भी परद्रव्यसे ममत्वभाव नहीं है, जो बाईस परीषहोंको सहते हैं, जिन्होंने क्रोधादि कषायोंको जीत लिया है और पापारंभसे रहित हैं, गृहस्थके करने योग्य आरंभादिक पापोंमें नहीं प्रवर्तते हैं – ऐसे मुनियोंको मोक्षमार्गमें ग्रहण किया है अर्थात् माने हैं। रत्नकरण्ड श्रावकाचारमें संमतभद्राचार्यने भी कहा है कि – ''विषयाशवशातीतो निरारम्भोऽपरिग्रहः। ज्ञानध्यानतपोरक्तस्तपस्वी स प्रशस्तते।''

भावार्थ :– मुनि हैं वे लौकिक कष्टों और कार्योंसे रहित हैं। जैसा जिनेश्वरने मोक्षमार्ग बाह्य–अभ्यंतर परिग्रहसे रहित नग्न दिगम्बररूप कहा है वैसेही प्रवर्तते हैं वे ही मोक्षमार्गी है, अन्य मोक्षमार्गी नहीं हैं।।८०।।

---

### ગાથા-૮૦ ઉપર પ્રવચન

'**આગે કહતે હૈં કિ મોક્ષમાર્ગી તો ઐસે મુનિ હોતે હૈં :-**'

णिग्गंथमोहमुक्का बावीसपरीसहा जियकसाया।
पावारंभविमुक्का ते गहिया मोक्शमग्गम्मि।।८०।।

લ્યો! ઓલા મોક્ષમાર્ગથી ભ્રષ્ટ હતા. '**चत्ता मोक्खमग्गम्मि**' હતા. આ મોક્ષમાર્ગમાં રહેલા મુનિ આવા હોય. પહેલું કેવું સ્વરૂપ છે દેવનું, ગુરુનું, શાસ્ત્રનું એણે જાણવું પડશે કે નહિ? એમ ને એમ આંધળે-આંધળે ચાલે?

'**અર્થ :- જો મુનિ નિર્ગ્રંથ હૈ,...**' જુઓ! પરિગ્રહ નથી. એક કટકો પણ વસ્ત્રનો નહિ. નગ્ન દિગંબર જેવો માતાએ જન્મ્યા. વૈરાગ્યની મૂર્તિ. વળી '**મોહ રહિત હૈં,...**' મિથ્યાત્વ બિલકુલ નથી. સ્વરૂપમાં સાવધાન... સાવધાન... સાવધાન. આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એમાં ઘણાં સાવધાન, ઘણાં સાવધાન. '**જિનકે કિસી ભી પરદ્રવ્યસે મમત્વભાવ નહિ હૈ,...**'

બિલકુલ પરદ્રવ્ય મારા છે એવી મમતા એને નથી. મારું તો સ્વદ્રવ્ય ચૈતન્ય છે. મારું સ્વદ્રવ્ય ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ તે હું છું. એ સિવાય કોઈ ચીજ મારી છે જ નહિ. આહાહા..!

**'જો બાઈસ પરીષહોંકો સહતે હૈં,...'** ક્ષુધા, તૃષા શાંતિથી સહન કરવું. શાંતિથી, હોં! કષ્ટથી નહિ. કષ્ટથી સહન કરવું એ તો આર્તધ્યાન છે. જ્ઞાતા-દૃષ્ટા રહીને પરિષહને સહન કરવા, પ્રતિકુળતાને ઠંડી-ગરમીમાં આનંદમાં રહે છે. મુનિ તો આત્માના આનંદના ઉગ્ર સ્વાદમાં પડ્યા છે. એને પ્રતિકુળતાનું કોઈ દુઃખ નથી. આહાહા..! જુઓ! માર્ગ આ છે. સમજાય છે કાંઈ? **'જિન્હોંને ક્રોધાદિ કષાયોંકો જીત લિયા હૈ...'** ક્રોધ, માન, માયા, લોભ જીતી લીધા છે. એને ક્રોધ, માન, માયા હોય નહિ. અવિકારી સ્વભાવ વીતરાગમૂર્તિ. નિર્ગ્રંથ લિંગ અને વીતરાગભાવ અંદર. એવું મુનિપણું વીતરાગમાર્ગમાં છે. એવો માર્ગ ક્યાંય બીજે વીતરાગ સિવાય હોઈ શકે નહિ. કહો, સમજાણું?

મુમુક્ષુ :- કષાય..

ઉત્તર :- કષ-સંસાર. આય-લાભ. ક્રોધ, માન, માયા, લોભને કષાય કહે છે, કષાય. કષ એટલે સંસાર, આય એટલે લાભ. જેનાથી રખડવાનો લાભ મળે એનું નામ કષાય. ક્રોધ, માન, માયા, લોભ એને કષાય કહે છે. કષ એટલે સંસાર, આય એટલે લાભ. જેનાથી રખડવાનો લાભ મળે. ઓલા કસાઈ નહિ. આ પોતે કષાયભાવ. રાગ-દ્વેષ. રાગના બે ભાગ. માયા અને લોભ, દ્વેષના બે ભાગ - ક્રોધ અને માન. રાગ-દ્વેષભાવ એ કષાયભાવ છે, જેનાથી મલિનતાથી દુઃખ ઉત્પન્ન થાય અને સંસારમાં રખડવું પડે. સમજાણું કાંઈ?

**'ઔર પાપારંભસે રહિત હૈં, ગૃહસ્થકે કરને યોગ્ય આરંભાદિક પાપોંમેં નહિ પ્રવર્તતે હૈં-'** મુનિને કોઈ બીજા મકાન બનાવવા, ફલાણું કરવું એમ ન હોય. આરંભથી-પાપથી તદ્દન નિવૃત્તિ છે. કોઈનું સગપણ કરાવી દે. સગપણને શું કહે છે? સગાઈ. આ સારો છોકરો છે, તમે પણ સારા છો તો કરો. મુનિને હોય નહિ. મહાપાપ છે એમાં. એવી વૃત્તિ હોય નહિ, એવા ભાવ મુનિને હોય નહિ. મુનિ કોને કહીએ? પરમેશ્વરપદમાં ભળ્યા છે. **'ગૃહસ્થકે કરને યોગ્ય આરંભાદિક પાપ...'** એ કરે નહિ. **'ઐસે મુનિયોંકો મોક્ષમાર્ગમેં ગ્રહણ કિયા હૈ...'** લો આવા મુનિને મોક્ષમાર્ગમાં કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- મુનિ હૈં વે લૌકિક કષ્ટોં ઔર કાર્યોંસે રહિત હૈં.'** લૌકિક કષ્ટ તો કોઈ છે જ નહિ એને. સમજ્યા? લૌકિકકાર્ય. કાર્યથી રહિત છે એમાં કષ્ટ લીધું છે. લખ્યું છે એમાં? સુધાર્યું છે. લૌકિક કાર્યથી રહિત છે. પણ એ લૌકિક કાર્ય બધા કષ્ટ જ છે ને. **'જૈસા જિનેશ્વરને મોક્ષમાર્ગ બાહ્ય-અભ્યંતર પરિગ્રહસે રહિત...'**

મુમુક્ષુ :- લૌકિક કષ્ટ...?

ઉત્તર :- કાર્ય લખવું.

લૌકિક કાર્ય ન કરે. મકાન બનાવવું, આવું પુસ્તક બનાવો, રચો, આમ કરો, લગન કરો, વિવાહ કરો, સગાઈ કરો, વેપાર આમ કરો એવા ભાવ હોતા નથી. એ તો પાપભાવ છે. એવા કાર્યથી રહિત છે.

‘**જૈસા જિનેશ્વરને મોક્ષમાર્ગ...**’ કહ્યો. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા મોક્ષમાર્ગ ‘**બાહ્ય-અભ્યંતર પરિગ્રહસે રહિત...**’ દેખો! બેય. બાહ્યમાં વસ્ત્રાદિ નહિ અને અભ્યંતરમાં રાગ નહિ. આનંદમૂર્તિ ભગવાનઆત્મા, મુનિ તો એમાં લીન રહે છે. અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન એમાં રાગ છે નહિ. બાહ્ય લિંગમાં પરિગ્રહ પણ નથી. એવો માર્ગ છે. ‘કુંદકુંદાચાર્ય’ આમ કહે. હવે બીજા કોઈ કહે કે આમાં વસ્ત્રસહિત રહે, ફલાણું થાય, ઢીંકણું થાય એમ કાંઈ માનવામાં આવે? થોડો વસ્ત્ર સહિત હોય તો નભાવ કરવો ચારિત્રનો. મુનિને હોઈ શકે જ નહિ. માર્ગ તો આવો છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. વીતરાગતા જ્યાં અંતર (પ્રગટી)... આહાહા..! ત્રણ કષાયનો અભાવ થઈ અને વીતરાગતા પ્રગટી એ તો અલૌકિક! એની દશા પણ અલૌકિક, બાહ્યલિંગ પણ અલૌકિક! એવો માર્ગ સનાતન વીતરાગમાર્ગમાં ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ? એનાથી ભ્રષ્ટ થઈને બીજું માને (તો) મિથ્યાત્વ લાગશે. એય..! ‘દેવાનુપ્રિયા’! ‘પ્રકાશદાસજી’! આ તો બધું માન્યું હતું આ બત્રીસ સાચા, ફલાણું-ફલાણું બધું પાકુ કરીને આવ્યા હતા. માર્ગ આવો છે, ભાઈ! માર્ગ એવો છે, ભગવાન! સમજાયું?

‘**નગ્ન દિગંબરરૂપ કહા હૈ...**’ ભગવાને તો. નગ્ન દિગંબરરૂપ મોક્ષમાર્ગમાં તો પરમાત્માએ કહ્યું છે. અનાદિ તીર્થંકરોએ (એ કહ્યું છે). સમજાણું, એમાં વસ્ત્ર રાખીને મુનિપણું મનાવ્યું એ શાસ્ત્ર જ જૂઠા છે. શાસ્ત્ર જ ખોટા. શાસ્ત્રના કરનારની દૃષ્ટિ મિથ્યાત્વ છે. મિથ્યાદૃષ્ટિના કરેલા શાસ્ત્ર છે. આહાહા..! ગજબ વાત! .. સંપ્રદાય બાંધેલો છે ને. બે ભાગ પડી ગયા. શ્વેતાંબર હતા એમાંથી સ્થાનકવાસી (નીકળ્યા). વળી એમાંથી આ તુલસી (નીકળ્યા). ઓલા ગયા? પાવાગઢવાળા ‘તલકચંદભાઈ’? ગયા હશે. બિચારા સાંજે કહેતા હતા. આમ છે તેમ છે. વાડામાં રહીને ભારે કામ આકરું. ગયા હશે. ‘સમયસાર’ પુસ્તક લઈ ગયા છે. આવે છે અહીંયાં વારંવાર આવે છે.

મુમુક્ષુ :- ... ભાઈ આવે.

ઉત્તર :- એ નહિ. એક ‘નવલચંદભાઈ’ છે. કાળાવડવાળા. ‘કાળાવડ’.

મુમુક્ષુ :- અહીંના મુમુક્ષુ છે.

ઉત્તર :- ના, ના આવે છે એટલું. આવે છે એટલું કીધું. આવે છે, સાંભળે છે, ગોઠે છે. પણ પાછું જૂનું હોય ત્યાં એની પાસે જાય. એ વળી કહે કે ભાઈ પાપથી તો અમે છૂટ્યા છીએ. ભલે શુદ્ધભાવ ન હોય. પાપથી છૂટ્યા નથી. મિથ્યાત્વનું પાપ મોટું છે. એમાં ગૃહીત મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ છે એનાથી વિરૂદ્ધ માને છે તો એમાં પાપથી ક્યાં બચ્યા? મિથ્યાત્વને પોષે છે. સમજાય છે કાંઈ? કામદાર શું છે આ? ભારે લાગે આ. ચિતલવાળાને આકરું લાગે. એય..! ‘છોટાભાઈ’! એના બધા કુટુંબીઓને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાંથી બોલે. આ તો વાત એવી છે. બધાને ચેન પડે એવી વાત આ તો સત્ય વાત આ છે. આહાહા..! ધન્ય માર્ગ!

સ્વરૂપની દૃષ્ટિ થયા પછી સ્વરૂપમાં લીનતા જામી જાય. આનંદમાં સચ્ચિદાનંદ પ્રભુમાં

લીન થઈ જાય. ત્યારે એને આનંદ એટલો અતીન્દ્રિય આવે કે જેને વસ્ત્ર-પાત્ર લેવાની વૃત્તિ જ ન હોય. એવી દશાને મુનિપણું કહે છે, ભાઈ! સમજાય છે કાંઈ? ન હોય એને માનવું અને હોય એને ન માનવું એવું કાંઈ બને? નિર્ગ્રંથ દિગંબર... 'કુંદકુંદાચાર્ય' છડે ચોક મોક્ષમાર્ગમાં લખે છે પછી આમાં પ્રશ્ન ક્યાં? અહીં ક્યાં ગુપ્ત રાખ્યું છે? પાંચ પ્રકારના વસ્ત્રમાંથી એક તાણો પણ વસ્ત્રનો રાખે, દર્શનપાહુડમાં આવી ગયું સૂત્રપાહુડમાં, એક તાણો... તાણો સમજો છો ને? ધાગા... ધાગા. એક તાણો રાખે તોપણ નિગોદમાં જાશે. ચોખ્ખી વાત છે. આમાં કાંઈ ઢાંકપછેડો નથી.

મુમુક્ષુ :- દિગંબરમેં ભી તૌલિયા રખને લગે.

ઉત્તર :- રાખે છે. ખબર છે. રાખે. અને કપડા રાખે છે. માથે .. રાખે. ખબર છે. માર્ગ નથી. ભગવાન ન પાળી શકે તો જેમ હોય એવો સમજવો, માનવો. પણ આવી ગડબડ કરવી નહિ કે ના ના આમ પણ છે, આમ પણ છે. એમ ન ચાલે. સમજાણું કાંઈ? એ કહે કે અમે હવે આત્માની વાત કરીએ. અહીંનુ સાંભળે કેટલાક 'આત્મધર્મ' રાખે છે. વાંચે અને પછી પુસ્તક બનાવે એમાંથી. જ્ઞાન આવું હોય. હવે તારે જ્ઞાન ક્યાંથી આવ્યું? ગૃહીત મિથ્યાત્વમાં પડ્યો છે ને. એય..!

મુમુક્ષુ :- પુસ્તક ... બનાવે છે.

ઉત્તર :- ઘણાંય બનાવે છે. અત્યારે તો અહીંનું વાંચી વાંચીને કેટલુંય બનાવે છે. સમજાણું કાંઈ?

જ્યાં સુધી એની શ્રદ્ધામાં વસ્ત્ર, પાત્ર રાખનારાઓને મુનિ માને ત્યાં સુધી એની મિથ્યાદૃષ્ટિ ટળશે નહિ. મુનિ નહિ. સમજાય છે? સાધુ નહિ, આચાર્ય નહિ, ઉપાધ્યાય નહિ. બ્રહ્મચારી હોઈ શકે. સમજાય છે કાંઈ? પણ મુનિ નામ ધરાવવા અને આવું કરવું, વીતરાગ તો .. નિગોદમાં જાશે એક-બે ભવ કરીને. સમકિતી ગૃહસ્થાશ્રમમાં હો, આરાધક થઈને એકાવતારી થઈને મોક્ષ જશે. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં એ ગાથા આવીને? ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગૃહસ્થ હોય અને સમ્યગ્દૃષ્ટિ હો ધર્મી હોય તો મોક્ષમાર્ગી છે. અને મોહવાળો અણગાર મિથ્યાદૃષ્ટિ સંસારમાં રહેશે. નગ્ન હોય તોપણ, હોં! તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ભારે ઘણું ભગવાનજીભાઈ આકરું. આકરું એટલે એને સમજવા કઠણ પડે એમ. આવું બેસાડવું... આહાહા..! ભગવાનજીભાઈ! જતિ-બતિ ક્યાં રહ્યા તમારા ઓલા ત્યાં? પણ તે દિ' કોઈ નહોતું તો શું કરે? હેં! લ્યો આહાહા..!

**'ઈસલિયે ઈન ભ્રષ્ટ લોગોંકો દેખકર ઐસા ભી મોક્ષમાર્ગ હૈ,-ઐસા શ્રદ્ધાન ન કરના.'** આવા પણ મોક્ષમાર્ગી હોય, અત્યારે પંચમકાળ છે તો ચારિત્ર નિર્વાહ કરવા વસ્ત્ર રાખે થોડા. નહિ, બિલકુલ નહિ. એ મોક્ષમાર્ગ નહિ. એની શ્રદ્ધા છોડી દેવી. કહો, સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! આ તમારે આકરું પડે એવું બધું ત્યાં 'ચિતલ'માં. મોટું કુટુંબ બધા સલવાઈ ગયા. અહીં તો કહે છે, **'નગ્ન દિગંબરરૂપ કહા હૈ...'** લ્યો! **'બાહ્ય-અભ્યંતર પરિગ્રહસે રહિત નગ્ન દિગંબરરૂપ કહા હૈ વૈસે હી પ્રવર્તતે હૈં વે હી મોક્ષમાર્ગી હૈ, અન્ય મોક્ષમાર્ગી નહીં હૈ.'**

મુમુક્ષુ :- ગૃહસ્થથી સારા છે.

ઉત્તર :- ગૃહસ્થથી સારા. છાશથી બગડેલું દૂધ જાય. છાશ હોય ને? છાશ અને રોટલો ચાલે. છાશ સમજો છો? મઠ્ઠા-મઠ્ઠા. છાશ ઠીક હોય તો રોટલો ચાલે. પણ બગડેલું દૂધ હોય તો મારી નાખે. એમ સાધુ થઈને બગડેલા દૂધ છે મિથ્યાદૃષ્ટિ.

મુમુક્ષુ :- ફાટી જાય દૂધ?

ઉત્તર :- બગડેલું. આ દૂધ બગડી જાય છે ને? ફાટી જાય. એ તો છાશમાંથી જાય. છાશમાં તો રોટલી પણ ચાલે. બગડેલા દૂધમાં ન ચાલે. એય..!

---

**आगे फिर मोक्षमार्गीकी प्रवृत्ति कहते हैं :–**

## ગાથા-૮૧

**उद्धद्धमज्झलोये केई मज्झं ण अहयमेगागी।**
**इय भावणाए जोई पावंति हु सासयं सोक्खं।।८१।।**

**उर्ध्वाधोमध्यलोके केचित् मम न अहकमेकाकी।**
**इति भावनया योगिनः प्राप्नुवंति स्फुटं शाश्वतं सौख्यम्।।८१।।**

**છું એકલો હું, કોઈ પણ મારાં નથી લોકત્રયે,**
**–એ ભાવનાથી યોગીઓ પામે સુશાશ્વત સૌખ્યને. ૮૧.**

**अर्थ :– मुनि ऐसी भावना करे–ऊर्ध्वलोक, मध्यलोक, अधोलोक इन तीनों लोकोमें मेरा कोई भी नहीं है, मैं एकाकी आत्मा हूँ, ऐसी भावनासे योगी मुनि प्रकटरूपसे शाश्वत सुखकों प्राप्त करता है।**

**भावार्थ :– मुनि ऐसी भावना करे कि त्रिलोकमें जीव एकाकी है, इसका संबंधी दूसरा कोई नहीं है, यह परमार्थरूप एकत्व भावना है। जिस मुनिके ऐसी भावना निरन्तर रहती है वही मोक्षमार्गी है, जो भेष लेकर भी लौकिकजनोंसे लाल–पाल रखता है वह मोक्षमार्गी नहीं है।।८१।।**

---

## ગાથા-૮૧ ઉપર પ્રવચન

'**आगे फिर मोक्षमार्गीकी प्रवृत्ति कहते हैं :–**' ૮૧.

**उद्धद्धमज्झलोये केई मज्झं ण अहयमेगागी।**
**इय भावणाए जोई पावंति हु सासयं सोक्खं।।८१।।**

'**अर्थ :– मुनि ऐसी भावना करे–ऊर्ध्वलोक, मध्यलोक, अधोलोक इन तीनों लोकोमें मेरा कोई भी नहीं है,...**' હું તો આનંદ જ્ઞાનસ્વરૂપ છું એ હું છું. બાકી ત્રણલોકમાં મારી કોઈ

ચીજ છે નહિ. મારો સ્વભાવ વીતરાગ જ્ઞાનાનંદ આત્મા, એ સિવાય રાગનો કણ અને રજકણ આખી દુનિયા ત્રણલોકમાં મારી કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ? **'મૈં એકાકી આત્મા હૂં,...'** પહેલાં નથી એમ કહ્યું. હવે અસ્તિથી કહે છે. **'મૈં એકાકી આત્મા હૂં...'** એકલો આત્મા. આનંદ અને જ્ઞાનનો ભંડાર હું આત્મા ચૈતન્યમૂર્તિ સચ્ચિદાનંદ સ્વરૂપ એ હું છું. એ સિવાય રાગ, દયા, દાન, વિકલ્પ અને શરીર રજકણ ત્રણલોકમાં કોઈ મારી ચીજ નથી. ત્રણલોકમાં ભગવાન તીર્થંકર પણ આવ્યા, સિદ્ધ આવ્યા. એ પણ મારા નથી. સમજાણું કાંઈ? એ અનંતા સિદ્ધ ભગવાન આવ્યા ત્રણલોકમાં. ઉર્ધ્વલોકમાં આવ્યા ને ભગવાન? મધ્યલોકમાં તીર્થંકરો, લાખો કેવળીઓ (આવી ગયા). મારી કોઈ ચીજ ત્રણ લોકમાં મારા આત્મા સિવાય કાંઈ છે નહિ. એવી મુનિને અનુભવદૃષ્ટિ હોય છે એ ઉપરાંત નિર્મમત્વદશા હોય છે. ચારિત્રની વાત છે ને વિશેષ. આહા..! મોક્ષપાહુડ છે ને. મોક્ષસાર-મોક્ષસાર મોક્ષનું પ્રાભૃત. આ અધિકાર મોક્ષનો ઉપાય છે. સાર-સાર. 'સમયસાર' કહે છે ને? સમય પ્રાભૃત.

**'ઉર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક ઈન તીનોં લોકોમેં મેરા કોઈ ભી નહિ હૈ, મૈં એકાકી આત્મા હું,...'** **'अहयमेगागी'** છે ને? હું તો એકલો ચૈતન્યસ્વરૂપ, જ્ઞાન અને આનંદનો સાગર એ હું. એ સિવાય મારી કોઈ ચીજ જગતમાં છે નહિ. સમકિતી પણ એવું માને છે. પણ મુનિને તો નિર્મમત્વ ચારિત્રદશા ઉગ્ર છે. સમજાણું કાંઈ? સમકિતી એમ માને છે કે આત્મા સિવાય મારી કોઈ ચીજ છે નહિ. પણ હજી અસ્થિરતા છે ત્યાં રાગની. રાગ-દ્વેષના પરિણામ અસ્થિરતા છે. મુનિને એ નથી. ચારિત્રમાં રાગનો કણ મારો નથી. પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે એ મારા નથી. સમજાણું કાંઈ?

મુનિ પરમેશ્વર પદ. નમો લોએ સવ્વ સાહુણં. ગણધર જેને નમસ્કાર કરે. સમજાય છે કાંઈ? આવશે પછી જુઓ એ. **'देवगुरूणं भत्ता'** મુનિ ધર્માત્મા સાચા દેવ-ગુરુના ભક્ત હોય છે. સાચા સંત-મુનિ અને સાચા કેવળીના મુનિ ભક્ત હોય છે એ કહેશે ૮૨માં. સમજાય છે કાંઈ? એ અજ્ઞાનીના ભક્ત ન હોય જેને-તેને માનવા. દેવી ને દેવલા ને અંબાજી ને માતાજી ને ઢીકણું. સમજાણું કાંઈ?

**'ઐસી ભાવનાસે યોગી મુનિ પ્રકટરૂપસે શાશ્વત સુખકોં પ્રાપ્ત કરતા હૈ.'** લ્યો! આત્મા આનંદસ્વરૂપ પરમાત્મા પોતે નિજ સ્વરૂપ છે એવી દૃષ્ટિ અને સ્થિરતામાં લીનતાથી એને પૂર્ણ આનંદરૂપી મોક્ષની પ્રાપ્તિ થાય છે. બાકી કોઈ બીજો ઉપાય છે નહિ. મોક્ષપાહુડ છે ને. **'ઐસી ભાવનાસે યોગી...'** યોગી એટલે સ્વરૂપમાં લીન થનારા. યોગ એટલે જોડાણ. ચિદાનંદ ભગવાન ધ્રુવ ચિદાનંદમાં જોડાણ થઈને. જોડાણ સમજો છો ને? એકાગ્ર **'મુનિ પ્રકટરૂપસે શાશ્વત સુખકો...'** આત્માનો આનંદ-સુખ પ્રગટ પર્યાયમાં પ્રગટ પ્રાપ્ત કરે છે. લ્યો! સમજાણું કાંઈ? આહાહા..!

**'ભાવાર્થ :- મુનિ ઐસી ભાવના કરે કિ ત્રિલોકમેં જીવ એકાકી હૈ, ઈસકા સંબંધી દૂસરા કોઈ નહિ હૈ,...'** જ્યાં જ્યાં હું હોઉં ત્યાં મારી ચીજ મારી પાસે છે. એ સિવાય બીજી કોઈ ચીજ મારી છે નહિ. **'ઈસકા સંબંધી દૂસરા કોઈ નહિ હૈ.'** 'એકાકી વિચરતો વળી

સ્મશાનમાં' આવે છે ને? 'શ્રીમદ્'માં આવે છે. અપૂર્વ અવસર. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો.' ચારિત્ર છે.

અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

સિંહ અને વાઘની વચમાં પડ્યો ધ્યાનમાં હું મસ્ત રહું. આસન સ્થિર તો હોય પણ મનમાં સ્થિરતા જેની. મનમાં ક્ષોભ નહિ. એમાં શરીરને લેવા માટે સિંહ અને વાઘ આવે. એ તો મારો મિત્ર છે. મારે જોતું નથી અને એને જોવે છે. લઈ જા. કેટલી સમતા! એવો ભાવ અમને ક્યારે આવે અને અમે આવી દશા ક્યારે પ્રાપ્ત કરીએ એવી ભાવના (ભાવે છે). 'શ્રીમદ્' ભાવના કરે છે ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં. સમજાણું કાંઈ?

ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી
પામી શકે નહિ તે સ્થિરતાનો અંત જો.
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો.

'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સઘળા માન્યા પુદ્ગલ એક સ્વભાવ.' એ તો જડનો સ્વભાવ, મારી ચીજ નહિ. એવી દૃષ્ટિસહિત સ્વરૂપમાં લીનતાની ચારિત્રની વીતરાગની દશા એને ચારિત્રવંત અને મુનિ કહેવામાં આવે છે. એને મોક્ષમાર્ગમાં ભગવાને કહ્યા છે. આહાહા..! કહો, 'નેમિદાસભાઈ'! અંતે આવું કરશે તો મુક્તિ થાશે, હોં! લાડવા ખાવા, માલ ખાવા ને એમ નહિ મળે ત્યાં. મકાન મોટા હજીરા અને બે જણા ઘરના માણસ. ધાર્યું ખાય. છોકરા હોય તો ભાગ માગે. આ તો કહે, શેરો કરો બે શેર. શેર શેર ખાય અને વધે તો થોડોક વળી કુટુંબ-બુટુંબમાં દઈ આવજો થોડો ક્યાંક. સારું લાગે એને.

મુમુક્ષુ :- કુટુંબ સેવા કરે?

ઉત્તર :- સેવા-બેવા ક્યાં હતો? ત્યાં તો સારુ લગાડવા એમ કે કાકા પૈસાવાળા છે અને જરીક આવું કરે તો .. બદામ-બદામનો શિરો કર્યો હોય થોડો. થોડો ખાય અને પછી આપે. મોકલો કાંઈક એવું. કપડું-કપડું કાંઈક આપો વહુને. ખુશી થાય કુટુંબ. રાગના પોષણ છે એકલા. 'ભીખાભાઈ'!

આ મારી ચીજ તો મારી પાસે છે. હું આનંદનો ધામ છું. મારો આનંદ તો જેટલો એકાગ્ર થાઉં એટલો પ્રગટ થાય. મારે ક્યાંયથી લેવું નથી. આહાહા..! એ ચૈતન્યની ખાણ જેની ખુલી ગઈ છે. આહાહા..! 'ન્યાલભાઈ'એ કીધું છે ને ભાઈ? 'ન્યાલચંદભાઈ'એ. મિથ્યાદૃષ્ટિના નિધાન બંધ છે. રાગ અને આત્મા બેય એક માન્યા છે તો મિથ્યાદૃષ્ટિના નિધાનની તિજોરી બંધ છે. સમકિતીની તિજોરી ખુલી ગઈ છે. રાગ અને સ્વભાવ બે ભિન્ન છે એમ જ્યાં ભાન થયું, અનંત આનંદનો ખજાનો ખુલી ગયો છે. હવે ખુલીને જેટલો સ્થિર થાય એટલો કાઢે. સમજાણું કાંઈ? 'ન્યાલભાઈ' થઈ ગયા ને? એ 'ન્યાલચંદભાઈ' નહિ 'કલકત્તા'વાળા? 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'. એમણે લખ્યું છે કે મિથ્યાદૃષ્ટિની તિજોરી બંધ છે. પોતાની તિજોરી છે અંદર આનંદ અને જ્ઞાન. પણ રાગ અને આત્માને એક માન્યા છે તો મિથ્યાત્વ છે

તો તિજોરી બંધ છે અને સમ્યગ્દૃષ્ટિની ખુલી ગઈ છે. 'પ્રકાશદાસજી'! રાગ અને આત્મા બેના તાળા બંધ હતા એ ફડાક દઈને ખોલી નાખ્યા.

હું તો આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... આનંદસ્વરૂપ. રાગ નહિ, વિકલ્પ નહિ. બેની એક્તા તોડી એનો ખજાનો ખુલી ગયો છે. હવે પટારો ખોલીને જેટલું કાઢવું હોય એટલું કાઢ. સમજાણું કાંઈ? આહાહા..! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે વાંચ્યું કે નહિ? 'નટુભાઈ'! ઓલા નાના બે ભાગ? વાંચ્યું છે? આખું કે થોડું? ઠીક, એ તમે સાક્ષી આપી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**ત્રિલોકમેં જીવ એકાકી હૈ, ઈસકા સંબંધી દૂસરા કોઈ નહીં હૈ, યહ પરમાર્થરૂપ એકત્વભાવના હૈ.**' જુઓ! પરમાર્થરૂપ એકત્વ. હું તો એકલો છું. એવી દૃષ્ટિસહિત ભાવના કરવી, એકાગ્રતા કરવી એ જ મોક્ષનો માર્ગ છે. વિકલ્પ-બિકલ્પ વચ્ચે આવે એ તો બંધનું કારણ છે, મોક્ષનો માર્ગ નહિ. '**જિસ મુનિકે ઐસી ભાવના નિરંતર રહતી હૈ...**' જુઓ! સમકિતીને તો ભાવના છે. પણ અહીં નિરંતર શબ્દ વાપર્યો છે. સમજાણું? નિરંતર રહે. આત્મભાન સમ્યગ્દર્શનમાં ભાવના તો છે ઈ, પણ સ્થિરતા નથી, નિરંતર નથી. અને આત્મભાન પછી ચારિત્ર થયું છે. નિરંતર સ્વરૂપની ભાવના અંદર એકાગ્રતા. વીતરાગના ઝૂલે ઝૂલે છે. સંત તો વીતરાગના ઝૂલે (ઝુલે છે). ઝૂલે સમજ્યા? ઝૂલના. ઝોલા. આવે છે એમાં. ઝૂલના. ઓહો..!

મુનિને તો કહે છે કે અંતર્મુહૂર્તમાં હજારો વાર આનંદનો અનુભવ થઈ જાય છે. સાતમે ગુણસ્થાને. ઓહો..! આનંદનું ભાન થઈ ગયું. અનુભવ અને ચારિત્ર છે. મુનિને, સાચા સંતને તો એક અંતર્મુહૂર્તમાં હજારો વાર સાતમું ગુણસ્થાન આવે અપ્રમત્તદશા. આહાહા..! બાપા! આવો માર્ગ છે, ભાઈ! આ વસ્તુનું સ્વરૂપ આવું કહે ત્યાં જાણે એમ લાગે અરે..! અમારી વિરુદ્ધ કહે છે. બાપા! માર્ગ આ છે. ભાઈ! તારા હિતને માટે વાત પણ આ છે. સમજાય છે. ઊંધી રીતે માનીને બેસે અને એને મનાવવું સાધુપણું, બાપુ! તને લાભ શું છે એમાં? સમજાણું કાંઈ?

'**જિસ મુનિકે ઐસી ભાવના નિરંતર રહતી હૈ...**' એકત્વ (ભાવના) નિરંતર (રહે). વિકલ્પથી રહિત, શરીરથી રહિત, કોઈપણ પદાર્થના સંબંધથી રહિત. આપણે આવ્યું ને ૩૮ ગાથામાં? એક પરમાણુમાત્ર પણ મારો નથી. ૩૮ ગાથા. હું તો અખંડ આનંદ પૂર્ણ સ્વરૂપ, એની અંદર લીનતારૂપી ભાવના, એમાં મારો એક પરમાણુ નથી. એવો છેલ્લો શબ્દ છે. જીવનું સ્વરૂપ બતાવવું છે. પોતે પૂર્ણ વીતરાગ ભિન્ન થઈ ગયો. એને એક રજકણ અને રાગનો કણ પણ એનો નથી. આ એના ખ્યાલમાં વાત આવવી જોઈએ, હોં! સમજાણું કાંઈ? કે આવું એનું સ્વરૂપ મુનિપણાનું છે. સમજાણું કાંઈ? જેવું છે એવું એને માનવું જોઈએ. એનાથી ઓછું, અધિક, વિપરીત માને તો મિથ્યાત્વ લાગે.

મુમુક્ષુ :- મુનિ તો નિર્ગ્રંથ જ હોય..

ઉત્તર :- શ્રાવક પણ સમકિતી હોય એ નિર્ગ્રંથને જ માને. વસ્તુ એ છે એમ માને. એમ ભલે મુનિ થઈ શકે નહિ. નિર્ગ્રંથ મુનિ તે મુનિ છે અને મારે પણ નિર્ગ્રંથ જ થાવું છે. ભાવના

હોય કે નહિ શ્રાવકને? ન થઈ શકે એ જુદી વાત છે. પણ ભાવના હોય કે ઓહો..! ધન્ય દશા! એ દશા મુનિની નિર્ગ્રંથપણાની, વીતરાગપણામાં આનંદની લહેરે ચડતો, આનંદની લહેરની મોજું ઉડાડતો... આહાહા..! શાંતિના રસે, શાંતિના ઘૂંટડા પીતો. ગન્નાના પીવે ને? ગન્ના-ગન્ના. શું કહેવાય આ? શેરડી. ગન્ના નથી હોતા? શેરડી. આનંદના ઘૂંટડા અંદરથી પીવે, આહાહા..! અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન સડેલા તરણા લાગે. સમજાણું કાંઈ? સમકિતીને પણ એમ લાગે અને ચારિત્રવંતની તો વાત શું કરવી! ઓહો..! ધન્ય અવતાર! જેણે અંદર મુનિપણા ભાવલિંગ પ્રગટ કર્યા, જન્મ સફળ કર્યો એણે. સમજાણું કાંઈ?

**'જો ભેષ લેકર ભી લૌકિકજનોંસે લાલ-પાલ રખતા હૈ...'** જુઓ! ભેખધારીને પણ **'લૌકિકજનોંસે લાલ-પાલ...'** માખણ ચોપડે ને શેઠિયાને ખુશી કરે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લાલ-પાલ.

ઉત્તર :- માખણ ચોપડે ને માખણ? ઓલું માખણ નથી કહેતા?

મુમુક્ષુ :- ખુશામત.

ઉત્તર :- ખુશામત-ખુશામત. ચાપલુસી.

મુમુક્ષુ :- એ આશીર્વાદ નથી?

ઉત્તર :- આશીર્વાદ કોના? આશીર્વાદ શેના આપે? એનું તો એને ભાન નથી અને આશીર્વાદ શેના આપે? આહાહા..! મુનિ તો આશીર્વાદ આપે કે ભાઈ! તારું કલ્યાણ થાઓ, તારા સ્વરૂપનું. એ આશીર્વાદ. પણ એ આપે માટે થઈ જાય ત્યાં?

મુમુક્ષુ :- .. આશીર્વાદ આપે તો થઈ જાય.

ઉત્તર :- એવા પૈસામાં-ધૂળમાં એ તો અજ્ઞાનના આશીર્વાદ છે. દીકરો થાય, પૈસા થાય. મૂઢ છે દેનાર અને લેનાર બેય. આશીર્વાદ આપે જાવ પૈસાથી સુખી થાઓ. ધૂળમાં-પૈસામાં શું છે? હોળી છે એ તો, કષાયની અગ્નિ છે. પૈસા મળે એમાં કોને મળ્યું? તને હોળી મળે રાખ. અગ્નિ સળગે છે ભઠ્ઠી. પૈસાની મમતાની તો ભઠ્ઠી સળગે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઘણાં તો માળા એવા લોભિયા અંદર (હોય કે) મહારાજનું આમ કરશું તો આમ થાશે. આપણને આશીર્વાદ મળશે. ઢીકણા.. અર..ર..! એને ધર્મ કેમ બેસે? અહીં તો ત્રણલોકનું રાજ હોય તો સડેલા તરણા છે. એ અમારે જોઈતું નથી. અમારે તો અમારો આત્મા આનંદમૂર્તિ તે પૂર્ણ પ્રાપ્ત કરવો (છે). એવી જેને ભાવના હોય એને તો સમકિતી કહીએ અને એવી લીનતા હોય એને ચારિત્ર કહીએ. આહાહા..! 'ચંદ્રકાંતભાઈ'! આવું છે આમાં. સારા પૈસાવાળા અને છોકરાવાળાની કાંઈ ગણતરી હશે ધર્મમાં?

**'લાલ-પાલ રખતા હૈ...'** લાલ-પાલ એટલે... લાલ-પાલ તો હિન્દી ભાષા છે. લાલ-પાલને શું કહે છે? આ તો હિન્દી છે. લાલ-પાલ કરે ને? બાળકને હાથમાં રાખીને નથી કરતા? આમ આમ કરે અને આમ કરે અને આમ કરે. એમ આ બધા ગૃહસ્થોને લાલ-પાલ કરે. માખણ ચોપડે માખણ. ખુશામતિયા. **'વહ મોક્ષમાર્ગી નહિ હૈ.'** સમજાણું કાંઈ? આહાહા..!

आगे फिर कहते हैं :–

## ગાથા-૮૨

देवगुरूणं भत्ता णिव्वेयपरंपरा विचिंतिंता।
झाणरया सुचरित्ता ते गहिया मोक्खमग्गम्मि।।८२।।

देवगुरूणां भक्ताः निर्वेदपरंपरां विचिन्तयन्तः।
ध्यानरताः सुचरित्राः ते गृहिताः मोक्षमार्गे।।८२।।

જે દેવ-ગુરુના ભક્ત છે, નિર્વેદશ્રેણી ચિંતવે,
જે ધ્યાનરત, સુચરિત્ર છે, તે મોક્ષમાર્ગે ગૃહીત છે. ૮૨.

अर्थ :– जो मुनि देव–गुरुके भक्त हैं, निर्वेद अर्थात् संसार–देह–भोगोंसें विरागताकी परंपराका चिन्तन करते हैं, ध्यानमें रत हैं, रक्त हैं, तत्पर हैं और जिनके भला–उत्तम चारित्र है उनको मोक्षमार्गमें ग्रहण किये हैं।

भावार्थ :– जिनने मोक्षमार्ग प्राप्त किया ऐसे अरहंत सर्वज्ञ वीतराग देव और उनका अनुसरण करनेवाले बड़े मुनि दीक्षा देनेवाले गुरु इनकी भक्तियुक्त हो, संसार–देह–भोंगोंसे विरक्त होकर मुनि हुए, वैसी ही जिनके वैराग्यभावना है, आत्मानुभवरूप शुद्ध उपयोगरूप एकाग्रतारूपी ध्यानमें तत्पर हैं और जिनके व्रत, समिति, गुप्तिरूप निश्चय–व्यवहारकात्मक सम्यक्त्वचारित्र होताहै वे ही मुनि मोक्षमार्गी हैं, अन्य भेषी मोक्षमार्गी नहीं हैं।।८२।।

---

## ગાથા-૮૨ ઉપર પ્રવચન

'આગે ફિર કહતે હૈં :-'

देवगुरूणं भत्ता णिव्वेयपरंपरा विचिंतिंता।
झाणरया सुचरित्ता ते गहिया मोक्खमग्गम्मि।।८२।।

જુઓ! મહામુનિ આત્મજ્ઞાની છતાં દેવ-ગુરુના ભક્ત હોય એને ભાવ વિકલ્પ આવે. સમજાય છે? એ કાંઈ બાયડી-છોકરાનો ભક્ત નથી.

'**અર્થ :- જો મુનિ દેવ-ગુરુકે ભક્ત હૈં,...**' એવા મુનિ હોય. દેવ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ દેવાધિદેવ, ગુરુ, નિર્ગ્રંથ મુનિ વીતરાગી દિગંબર આત્મધ્યાની જ્ઞાની એનો મુનિ ભક્ત હોય છે. સમજાય છે? એનો દાસ હોય છે. દેવ-ગુરુનો દાસ હોય છે મુનિ સમકિતી. આહાહા..! છ ખંડના રાજા ચક્રવર્તી હોય અને ચોર્યાસી લાખ હાથીને લશ્કરે નીકળ્યા હોય, પણ એક મુનિ બેઠા હોય બાવળની નીચે. બાવળ સમજ્યા? બબુલ. બબુલ. કાંટા. ધ્યાનની વીણા વાગતી હોય અંદરથી. આનંદની. હેઠે હોય, નગ્ન હોય, કાળું શરીર હોય,

મેલ હોય, તણખલા ચોંટ્યા હોય. તીનકા-તીનકા. ઉપરથી ઉતરીને, ધન્ય મહારાજ! ધન્ય અવતાર! ધન્ય અવતાર! એ તો આનંદની વીણા વગાડતા હોય અંદર. ઝણઝણાટ જેમ વીણાના તારના આવે ને? એમ અંતરના આનંદના ઝણઝણાટ વેદતો હોય છે અંદરથી. ઓલો કહે.. આહાહા..! ઓલાને આશ્ચર્ય થઈ જાય જોડેવાળાને. આ ચોર્યાશી લાખ હાથી અને આ છન્નું હજાર સ્ત્રી એ ચક્રવર્તી આ બાવાને નમે! એ બાવો નથી, એ મોટો બાદશાહ છે આનંદનો. સમજાણું કાંઈ? અને તું બાવો છો ભિખારી. આ પૈસા ને આ ને આ. 'ભગવાનજીભાઈ'! આવી વાતું છે આ. આહાહા..! રહેવાનું મકાન ન હોય. બાવળ હેઠે (બેસે). હેઠે પાથરવાનું કપડું ન હોય. ટાઢી અને ઊની હવા લાગતી હોય. આનંદના અંદરથી ઝણકાર વાગતા હોય અતીન્દ્રિય આનંદના. મુનિ છે ને! સુખી એ છે અને બધા દુઃખીયા છે બિચારા. છ ખંડના રાજવાળા છન્નું હજારની સગવડતાવાળા, રાણીઓની સગવડતાવાળા એ બધા દુઃખીયા છે. એ દુઃખીઓ બધા સુખીને નમસ્કાર કરે, ધન્ય મહારાજ! આહાહા..! પંડિતજી!

'**નિર્વેદ અર્થાત્ સંસાર-દેહ-ભોગોંસે વિતરાગતાકી પરંપરાકા ચિંતવન કરતે હૈં,...**' કોઈ મારું નથી. દેહ નહિ, ભોગ નહિ, આખો સંસાર મારો નથી. '**ધ્યાનમેં રત હૈં,...**' આહાહા..! આનંદમાં મશગુલ રહે અંદર. '**ઔર જિનકે ભલા-ઉત્તમ ચારિત્ર હૈં,...**' વળી સ્વરૂપની દશા ચારિત્રની ઘણી હોય. '**ઉનકો મોક્ષમાર્ગમેં ગ્રહણ કિયે હૈં.**' લ્યો! એને મોક્ષમાર્ગમાં ગ્રહણ કરવામાં આવ્યા છે. બાકી આ સિવાય ભ્રષ્ટ હોય એને મોક્ષમાર્ગમાં ગણવામાં આવ્યા નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૯૩, ગાથા-૮૨-૮૩, રવિવાર, ભાદરવા વદ ૬, તા.૨૦-૯-૭૦

૮૨-ગાથા. મોક્ષપાહુડ. શું કહે છે? ધર્મી મુનિ મોક્ષમાર્ગી કેવા હોય? ધર્મી એટલે આત્માના સ્વરૂપના જાણનાર અને અંદર સ્થિર રહેનાર. ચારિત્રસહિત લેવું છે ને? એવા ધર્માત્મા મોક્ષમાર્ગી જીવ કેવા હોય?

'**ભાવાર્થ :- જિનને મોક્ષમાર્ગ પ્રાપ્ત કિયા ઐસે અરહંત સર્વજ્ઞ વીતરાગ દેવ...**' એમાં એની ભક્તિ હોય. અરિહંત સર્વજ્ઞ વીતરાગદેવ એનો એ મુનિ ભક્ત હોય. એનું બહુમાન એને વર્તતું હોય. સમજાય છે કાંઈ? મૂળમાં પાઠ છે કે નહિ? '**देवगुरूणं भत्ता**' ધર્મી જીવ સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાની અને સ્વરૂપમાં ચારિત્રવંત જીવ, એને દેવ-ગુરુ પ્રત્યે બહુમાન હોય. છે દેવ-ગુરુ પરદ્રવ્ય પણ .. ધર્મની પ્રાપ્તિ થાય એના પ્રત્યે એને બહુમાન હોય. સમજાણું કાંઈ? '**ઔર ઉનકા અનુસરણ કરનેવાલે બડે મુનિ દીક્ષા દેનેવાલે ગુરુ ઇનકી ભક્તિયુક્ત હો,...**' દેવ-ગુરુના ભક્ત હોય. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ નિર્ગ્રંથ વીતરાગ પરમાત્મા અને નિર્ગ્રંથ મુનિ-ગુરુ એના મુનિ ભક્ત હોય, બહુમાન એને હોય. છે શુભ વિકલ્પ. સમજાય છે કાંઈ? એવો એને વ્યવહાર હોય છે. બહુમાનપણું એને જેનાથી ધર્મ પામ્યો છે એવા દેવ-ગુરુ પ્રત્યે એને બહુમાન વર્તતું હોય છે. આચાર્ય પોતે ગાથામાં મૂકે.

મોક્ષપાહુડનો અધિકાર છે આ. '**સંસાર-દેહ-ભોગોંસે વિરક્ત હોકર...**' નિર્વેદ-નિર્વેદ. સંસારના ઉદયભાવ, ભોગ અને શરીર એનાથી જે અંતરથી પરથી ઉદાસ છે. '**વૈસી હી જિનકે વૈરાગ્યભાવના હૈ,...**' એવી વૈરાગ્ય ભાવના મુનિને હોય છે. પરથી ઉદાસ-ઉદાસ. એ તો નાસ્તિથી વાત કરી. હવે અસ્તિથી (કરે છે).

વળી '**આત્માનુભવરૂપ શુદ્ધ ઉપયોગરૂપ એકાગ્રતારૂપી ધ્યાનમેં તત્પર હૈં...**' શું કહ્યું? '**આત્માનુભવરૂપ શુદ્ધ ઉપયોગરૂપ એકાગ્રતા...**' શુદ્ધ ચૈતન્ય આત્મા આનંદસ્વરૂપ, એનો જે શુદ્ધઉપયોગ અનુભવ, આનંદનો અનુભવ, અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન એવા અનુભવસહિત શુદ્ધઉપયોગરૂપ. શુદ્ધઉપયોગ આચરણમાં '**એકાગ્રતારૂપી ધ્યાનમેં તત્પર હૈં...**' સ્વરૂપ તરફના ધ્યાન માટે તત્પર છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગી જીવનું વર્ણન છે. મોક્ષ સ્વદ્રવ્ય આશ્રયથી થાય છે. પરદ્રવ્ય આશ્રયથી થતો નથી. ભક્તિ લીધી, એનો વિકલ્પ બહુમાનનો હોય છે પણ એવું તત્પરપણું તો અંદરમાં શુદ્ધ અનુભવસ્વરૂપ શુદ્ધઉપયોગ, એમાં એની એકાગ્રતા અને તત્પરતા હોય છે. કેમકે એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

વળી '**વ્રત, સમિતિ, ગુપ્તિરૂપ નિશ્ચય-વ્યવહારાત્મક સમ્યક્ચારિત્ર હોતા હૈ...**' મુનિ છે ને? નિશ્ચય સ્વરૂપની ચારિત્રદશા પણ છે અને વ્યવહારના પંચમહાવ્રતાદિ વિકલ્પો પણ વ્યવહારને યોગ્ય જે છે તે હોય છે. સમજાણું કાંઈ? '**વે હી મુનિ મોક્ષમાર્ગી હૈં,...**' આવા મુનિ મોક્ષના માર્ગમાં આવ્યા છે, એ મોક્ષમાર્ગી છે. એને અલ્પકાળમાં મોક્ષ થશે. જુઓ! '**અન્ય ભેષી મોક્ષમાર્ગી નહીં હૈ.**' વીતરાગ માર્ગના દર્શન-જ્ઞાન અને ચારિત્ર અને બાહ્ય નગ્ન દિગંબર લિંગ, અંદરમાં નિશ્ચય ચારિત્ર અને વ્યવહાર વિકલ્પ મહાવ્રત આદિના, એ જીવને મોક્ષમાર્ગમાં ગણવામાં આવ્યા છે. અનેરા ભેષીને મોક્ષમાર્ગમાં ગણવામાં આવ્યા નથી. સમજાણું કાંઈ?

---

**आगे कहते हैं कि –निश्चयनयसे ध्यान इस प्रकार करना :–**

## ગાથા-૮૩

**णिच्छयणयस्स एवं अप्पा अप्पम्मि अप्पणे सुरदो।**
**सो होदि हु सुचरित्तो जोई सो लहइ णिव्वाणं।।८३।।**

**निश्चयनयस्य एवं आत्मा आत्मनि आत्मने सुरतः।**
**सः भवति स्फुटं सुचरित्रः योगी सः लभते निर्वाणम्।।८३।।**

**નિશ્ચયનયે-જ્યાં આતમા આત્માર્થ આત્મામાં રમે,**
તે યોગી છે સુચરિત્રસંયુત; તે લહે નિર્વાણને. ૮૩.

**अर्थ :– आचार्य कहते हैं कि निश्चयनयका ऐसा अभिप्राय है – जो आत्मा आत्माही में अपने ही लिये भले प्रकार रत हो जावे वह योगी, ध्यानी, मुनि सम्यक्चारित्रवान् होता हुआ**

**निर्वाणको पाता है।**

**भावार्थ :– निश्चयनयका स्वरूप ऐसा है कि–एक द्रव्यकी अवस्था जैसी हो उसीको कहे। आत्माकी दो अवस्थायें हैं–एक तो अज्ञान–अवस्था और एक ज्ञान अवस्था। जबतक अज्ञान–अवस्था रहती है तबतक तो बंधपर्यायको आत्मा जानता है कि–मैं मनुष्य हूं, मैं पशु हूं, मैं क्रोधी हूं, मैं मानी हूं, मैं मायावी हूं, मैं पुण्यवान्–धनवान् हूं, मैं निर्धन–दरिद्री हूं, मैं राजा हूं, मैं रंक हूं, मैं मुनि हूं, मैं श्रावक हूं इत्यादि पर्यायोंमें आपा मानता है, इन पर्यायोंमें लीन होता है तब मिथ्यादृष्टि है, अज्ञानी है, इसका फल संसार है उसको भोगता है।**

**जब जिनमतके प्रसादसे जीव–अजीव पदार्थोंका ज्ञान होता है तब स्व–परका भेद जानकर ज्ञानी होता है, तब इस प्रकार जानता है कि–मैं शुद्धज्ञानदर्शनमयी चेतनास्वरूप हूँ अन्य मेरा कुछ भी नहीं है। जब भावलिंगी निर्ग्रंथ मुनिपदकी प्राप्ति करता है तब यह आत्माही में अपने ही द्वारा अपने ही लिये विशेष लीन होता है तब निश्चयसम्यक्‌चारित्रस्वरूप होकर अपना ही ध्यान करता है, तब ही (साक्षात् मोक्षमार्गमें आरूढ़) सम्यग्ज्ञानी होता है, इसका फल निर्वाण है, इसप्रकार जानना चाहिये।।८३।। (नोंध :– प्रवचनसार गा. २४१–२४२ में जो ७वें गुणस्थानमें आत्मज्ञान तत्वार्थश्रद्धान संयतत्व और निश्चय आत्मज्ञानमें युगपत् आरूढ़को आत्मज्ञान कहा है वह कथनकी अपेक्षा यहाँ है।) (गौण–मुख्य समझ लेना))**

## ગાથા-૮૩ ઉપર પ્રવચન

૮૩. '**આગે ઐસા કહતે હૈં કિ નિશ્ચયનયસે ધ્યાન ઇસ પ્રકાર કરના :-**' નિશ્ચય અને વ્યવહાર આ પ્રકારનો હોય છે અને મોક્ષમાર્ગમાં એને ગણવામાં આવે છે. હવે નિશ્ચયનો અભિપ્રાય એકલો વર્ણવે છે.

**णिच्छयणयस्स एवं अप्पा अप्पम्मि अप्पणे सुरदो।**
**सो होदि हु सुचरित्तो जोई सो लहइ णिव्वाणं।।८३।।**

ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, નિશ્ચય એટલે યથાર્થ દૃષ્ટિનો, જ્ઞાનનો એવો અભિપ્રાય છે કે આત્મા-શુદ્ધ આનંદધામ આત્મા એ પોતાના પવિત્ર કાર્યનો કર્તા (છે). સમજાય છે કાંઈ? રાગાદિ વિકલ્પાદિ એ પવિત્ર કાર્યનો કર્તા નહિ. એ પવિત્ર નહિ, એ અપવિત્ર છે. આહાહા..! કીધું ને? બહુમાનનો વિકલ્પ આવે પણ એનો કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવી ભૂમિકામાં દેવ-ગુરુનું બહુમાન હો, પણ કહે છે કે એ કર્તા તો પોતાની પવિત્ર દશાનો છે. શુદ્ધ વીતરાગ આનંદઘન સ્વરૂપ એ જીવ પોતાની નિર્દોષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી કર્મ એટલે કાર્ય, એનો એ આત્મા કર્તા છે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગ એટલે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. નિશ્ચય એટલે કે સ્વવસ્તુને આશ્રયે થયેલી દૃષ્ટિ, સ્વદ્રવ્યને આશ્રયે થયેલું સ્વસંવેદન જ્ઞાન, સ્વદ્રવ્યમાં આશ્રય કરીને સ્થિરતા કરી એવું ચારિત્ર, એવા મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

‘**આત્મા આત્માહીમેં....**’ એ અધિકરણ આવ્યું. કર્તા ભગવાનઆત્મા પવિત્ર શુદ્ધ આનંદ નિર્વિકલ્પ વીતરાગી પર્યાય, એનો પરિણમનાર પોતે કર્તા આત્મા છે. અને તે વીતરાગી પર્યાય ધર્મની નિર્દોષ, એનો આધાર આત્મા છે. સમજાય છે કાંઈ? નિર્દોષ વીતરાગી આનંદ અને શાંતિરૂપી જે પોતાનું નિજકાર્ય, એનો કર્તા આત્મા, અને એનો આધાર આત્મા છે, નિમિત્ત અને વિકલ્પ આધાર નહિ અને નિમિત્ત અને વિકલ્પ એ મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા નહિ. ભારે! ‘અમરચંદભાઈ’! આહાહા..!

મુમુક્ષુ :- દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન આવ્યું.

ઉત્તર :- બહુમાન આવ્યું (એ) વિકલ્પ, પણ કર્તા નથી. કીધું ને એ તો પહેલું? કહ્યું ખરું બહુમાન આવે. ભૂમિકામાં (પણ) મુનિને પણ હોય. મુનિને મુનિની બહુ દશા પોતાના ગુરુ અરિહંત તીર્થંકર પ્રત્યે એ તો પહેલી વાત આવી. પણ હવે અહીં તો કહે છે કે એનો કર્તા નથી. એ જ્ઞાન કરાવ્યું. તેમ જે વિકલ્પ છે તે આત્માની પવિત્રદશાનો કર્તા નથી. રાગનો કર્તા નથી અને પવિત્ર પર્યાયનો એ રાગ કર્તા નથી.

મુમુક્ષુ :- કાંઈ સમજાતું નથી.

ઉત્તર :- સમજાતું નથી? ઠીક કર્યું. વધારે સ્પષ્ટ કરવાનું. એ ભાઈ એમ કહે છે.

ફરીને, ભગવાનઆત્મા તો ચૈતન્યપિંડ અખંડ આનંદકંદ ધ્રુવ, એનું જેને બહુમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એને દેવ-ગુરુ-પ્રત્યેની ભક્તિનો ભાવ આવે અને હોય. આવે અને હોય. છતાં અહીં કહે છે કે એ વિકાર પરિણામનો કર્તા જીવ નહિ. તેમ એ વિકાર પરિણામ કર્તા અને નિર્મળ પર્યાય કાર્ય એમ નહિ. ભારે વાત! સમજાણું કાંઈ? આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ, જેમાં નિર્વિકલ્પ સ્વભાવ પરિપૂર્ણ પડ્યો છે. એવો આત્મા જ્યાં અંતર દૃષ્ટિ કરી તો એ આત્મા પોતાના વીતરાગી નિર્દોષ ધર્મની પર્યાયનો કર્તા આત્મા. એને વિકલ્પ બહુમાનનો, અરિહંત અને ગુરુનું બહુમાન આવે એવો વિકલ્પ હોય, પણ એનો એ કર્તા નહિ. એવો હોય એનો કર્તા નહિ, એનો એ જ્ઞાતા (છે). અને વિકલ્પ કર્તા અને ધર્મની પર્યાય કર્મ એમ નહિ. ધર્મની પર્યાય કાર્ય અને વિકલ્પ કર્તા એમ નહિ. ધર્મની પર્યાયનો કર્તા આત્મા. સીધો દ્રવ્યસ્વભાવ તે ધર્મપર્યાયનો કર્તા. આહાહા..! બહુ ગાથા સરસ લીધી છે. ઉતાર્યા છે ત્રણ કારકો પણ છએ કારક એમાં આવી ગયા. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા વિકલ્પથી, શરીરથી, કર્મથી તો રહિત જ છે. છતાં એને બહુમાન પણ મોક્ષમાર્ગની ભૂમિકામાં દેવ-ગુરુનું આવે એ વાત પહેલી સિદ્ધ કરી. ભગવાન ‘કુંદકુંદાચાર્યે’ સાબિત કરી. પણ પાછું સાબિત કરીને પણ એ સિદ્ધ કર્યું કે એ વિકલ્પ હોય તેનો એ જાણનાર છે. એનો કર્તા નથી. તેમ એ વિકલ્પ કર્તા અને ધર્મની પર્યાય કાર્ય એમ નથી. ભારે વાત! કર્તા-કર્મ આવે છે ને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. ષટ્ (કારક) અંતર ઉતારે છે અહીં તો. આહાહા..!

કહે છે કે આત્મા પોતે જાગૃત થઈને સ્વભાવ સન્મુખ થયો. એથી સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ ચારિત્ર જે પ્રગટ થયું એનો કર્તા સીધો દ્રવ્ય કર્તા છે. એનો કર્તા પુણ્ય અને

વિકલ્પ અને વ્યવહાર એ એનો કર્તા નથી. સમજાણું કાંઈ? ભાઈ! 'શોભાલાલજી'! એક દિ'ના તાવમાં ન આવી શક્યા. શરીર એવું છે, ભાઈ! મડદું છે આ તો. જડ જડને રહેવું હોય એમ રહે. એ આત્માને કારણે શરીર રહે, સંભાળ કરું તો સરખું રહે અને ન રહે એ વાત ભ્રમ છે અજ્ઞાનીનો.

અહીં તો કહે છે, ભગવાન! અહીં મોક્ષપ્રાભૃત છે. મોક્ષનો માર્ગ શું? મોક્ષ પ્રાભૃતસાર એનો માર્ગ શું? એનો માર્ગ ભગવાનઆત્મા પરિપૂર્ણ કારણ સમયસાર પ્રભુ, એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વદ્રવ્યને આશ્રયે પ્રગટ થયું એ '**सदव्वा हु सुग्गइ**'. એ સ્વવસ્તુથી પ્રગટી એ ગતિ-સુગતિ પર્યાય-દશા પોતાની થઈ. સમજાણું કાંઈ? અને તે આત્મા પોતાના સમ્યગ્દર્શન નિશ્ચય સ્વને આશ્રયે નિર્વિકલ્પ અનુભવ, એની પ્રતીતિ એ મોક્ષનો એક અવયવ માર્ગનો. એમ સ્વસંવેદનજ્ઞાન પોતાનું પોતાથી પ્રત્યક્ષ રાગ અને મનના અવલંબન વિનાનું એવું જે સ્વસંવેદન જ્ઞાન એ મોક્ષમાર્ગનો એક અવયવ. જેમ સમ્યક્ અવયવ એમ જ્ઞાન એક અવયવ. એમ એ સ્વરૂપમાં લીનતા, આનંદમાં લીનતા એ ચારિત્ર. એ ત્રણનો કર્તા આત્મા છે સીધો. એનો કર્તા કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર કે દેવ-ગુરુની ભક્તિનો વિકલ્પ એ એનો કર્તા નથી. એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? અને આત્માને વિષે એ અધિકરણ લીધું. આત્મા પોતાના પવિત્રતાને વિષે કાર્ય કરે છે. કોઈ રાગ ને વિકલ્પ ને વ્યવહાર ને નિમિત્તને લઈને કાર્ય (નથી કરતો.) પોતાના કાર્યનો આધાર પોતે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો જે મોક્ષમાર્ગ, એવી જે પવિત્રદશા એનો આધાર-અધિકરણ આત્મા છે. એનો આધાર વ્યવહાર વિકલ્પ અને નિમિત્ત નથી. સમજાણું કાંઈ?

'**અપને હી લિયે...**' એ સંપ્રદાન આવ્યું. પોતાને માટે અંદર કરે છે. એટલે? પોતે પોતા માટે કરીને પોતામાં રાખે છે. આહાહા..! શુદ્ધ ચૈતન્યસ્વભાવ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા, એની પર્યાયમાં વીતરાગતા સ્વદ્રવ્યને અવલંબે પ્રગટ થઈ એ પોતે પોતા માટે કરી છે અને રાખી છે. રાગાદિ હોય એ પોતા માટે નથી અને રાગનું ફળ પાછું બંધન છે. એ આ નથી. સ્વભાવ ચૈતન્ય જ્ઞાયકભાવ, એનું જે કાર્ય પોતે કર્યું એ પોતે રાખ્યું. પોતામાં અભેદપણે એ પર્યાય થઈ. પોતે ભગવાનઆત્માએ પોતાને દાન આપ્યું. આ દાન. એય..! શેઠ! પૈસા-ફૈસા દાન નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ગુરુના ઉપદેશ...

ઉત્તર :- આ દાન છે. ગુરુના ઉપદેશમાં આ દાન છે. પોતે ભગવાનઆત્મા સંપ્રદાન નામની શક્તિથી તો ભરેલો છે. પણ તેનો આશ્રય લઈને જે પર્યાય પ્રગટ થઈ એ પોતે પોતામાં રાખી છે. નિર્મળતા પોતે પોતામાં રાખી છે. એનું નામ દાન અને સંપ્રદાન કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા! સમજાણું કાંઈ?

'**અપને હી લિયે...**' એ ચોથી થઈને? કર્તા, કર્મ, કરણ એમાં આવી ગયું. કારણ કે '**અપને હી લિયે...**' છે ને એ પોતે સાધન આત્મા છે. રાગ ને દયા, દાન કે વ્યવહારના વિકલ્પો એના મોક્ષમાર્ગના સાધન નથી. નથી તેને કહ્યું શાસ્ત્રમાં એને મુંઝવણ આવી કે જુઓ! વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. હવે એ તો વ્યવહારનયના કથન છે. સમજાણું

કાંઈ? આહાહા..! આવે છે કે નહિ? 'પંચાસ્તિકાય'માં વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય બધું ઘણું આવે છે. બધું આવે, સાંભળને હવે. તારા હિતના સાધન વિના બહારના સાધન ક્યાંથી આવ્યા? તારામાં ક્યાં સાધન નથી તે ક્યાંક કો'કને ગોતવું પડે? આહાહા..! અંદર આત્મામાં સાધન સ્વભાવ પડ્યો છે. એનો કર્તાપણાનો જ્યાં આશ્રય લીધો ત્યારે એ સાધન સ્વભાવ સાધન થઈને નિર્મળદશા પ્રગટ થાય છે. વ્યવહાર અને નિમિત્ત સાધન થઈને નિર્મળદશા પ્રગટ થાય છે એમ નથી. કહો, 'વજુભાઈ'! આ બધું સમજવું પડશે. આ શરીર તો થોથા 'માયલુ જરી કામ ન કરે. ખરું કે નહિ? ખબર છે કે નહિ આમ થયું છે અંદર? જુવાન નાની અવસ્થામાં પ્રત્યક્ષ અનુભવ થઈ ગયો. એ તો જુવાન નાની અવસ્થા છે. એય..! મગનભાઈ'! એ તો જડની અવસ્થા છે. એને થવું હોય એમ થાય. એ રોક્યું રોકાય નહિ અને ટાળ્યું ટળે નહિ.

મુમુક્ષુ :- ડોક્ટરની મદદથી થઈ જાય છે.

ઉત્તર :- ધૂળેય મદદથી નહિ. એ તો મટવાની પર્યાય થાય તો મટે છે. ડોક્ટરનો બાપ મરી જાય, ડોક્ટર મરી જાય. બાપ મરી જાય એ તો ઠીક. ડોક્ટર પોતે મરી ગયા. આ નહિ વૈદ? 'હિંમતલાલ'. આખા સર ડોક્ટર હતા 'ભાવનગર'ના. એ ઓપરેશન કરતા હતા. મને કાંઈક થાય છે. બસ, પડી ગયા, મરી ગયા ઊડી ગયું.

મુમુક્ષુ :- પણ એ તો હજારોમાં એક થાય ને.

ઉત્તર :- હવે એ હજારોને એક જ સિદ્ધાંત હોય ને. એય..! 'ચંદુભાઈ'! આહાહા..! અહીં બે-ત્રણ વાર આવ્યા હતા. એક વાર દાંત માટે બોલાવ્યા હતા. એક વાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. દેહની સ્થિતિ જે સમયની જે પર્યાય જે થવાની એને ત્રણકાળ ઈન્દ્ર નરેન્દ્ર રોકી શકે નહિ, જિનેન્દ્ર રોકી શકે નહિ. તું તારી સાવધાનીમાં રહે. ભગવાનઆત્મા આનંદ સ્વરૂપ ચિદાનંદ મૂર્તિ, એને આધારે અને એણે કરેલી નિર્મળ વીતરાગદશા એ પોતે રાખે, એનું સાધન પોતે, અપાદાન પોતે. ચાર તો આમાં આવી ગયા. અને કર્મ એ આવ્યું, જુઓ! '**ભલે પ્રકાર...**' વ્રત હોય એ કર્મ છે. પાઠમાં છે ને? '**सुरदो**' પાઠ છે. '**णिच्छयणयस्स एवं अप्पा**' કર્તા, '**अप्पम्मि**' એ અધિકરણ. '**अप्पणे**' એ સંપ્રદાન, '**सुरदो**' એ કર્મ છે. કર્મ એટલે કાર્ય. આત્મા આનંદનમાં લીન (થાય) એ આત્માનું કાર્ય છે. રાગ અને દયા, દાન, વ્રત, વિકલ્પ એ એનું કાર્ય નથી. આહાહા..! 'નવરંગભાઈ!' પાણી ગળવું એનું કાર્ય નથી એમ કહે છે. પાણી ગળવું ખરું. ક્યું? ચૈતન્યના પાણી જે રાગમાં એકત્વ છે એને છોડીને પોતાના ગળણમાં રાખીને પોતામાં રાખવું. પોતાના તેજને પોતામાં રાખવું. એમાં રાગમાં જવા દેવું નહિ. એનું નામ ખરેખર પાણી ગળીને પીવાનું કહેવાય છે. આહાહા..! બહારને કોણ ગળે અને કોણ પીવે? એ તો જડની ક્રિયા છે. આહાહા..!

'શ્રીમદ્દે' કહ્યું હતું એક ફેરી, હોં! 'શ્રીમદ્દે' એમ કહ્યું હતું. 'શ્રીમદ્'માં એક વાર કોઈએ કહ્યું. નામ ન આપીએ. આવો ચર્ચા કરવા. કહે. તમે આ બધા જ્ઞાની-જ્ઞાની કરીને બેઠા છો. ઓલા કોઈને માનતા નથી. પણ તમારે એ કહેવું છે ને કે પાણી ગાળીને પીવું. અમે પાણી ગાળીને પીએ છીએ. પાણી સમજો છો ને? જલ. એક સાધુએ કહ્યું કે ચર્ચા કરો. ચર્ચા કરો.

આવા આચાર્ય સાધુ કોઈને માનતા નથી. મોટો પચ્ચીસમો તીર્થંકર થઈ ગયો. એ તો કાંઈ કહેતા નહોતા પણ માળા બીજા ઉડાવે એવા. એમ કે આ કોઈને માને નહિ પોતે. આવો ચર્ચા કરવા. પણ બાપુ! ચર્ચા કરીને તમારી સાથે શું? તમારે એ કહેવું છે ને કે પાણી ગાળીને પીવું. છકાયની હિંસા ન કરવી. એ કહેવું છે. અમે પાણી ગાળીને પીએ છીએ. શું કરવા અમને...'અમરચંદભાઈ'! અમે પાણી ગળીને પીએ છીએ. બાપા.. ઓલું પાણી અને આ પાણી, તારે જે સમજવું હોય એ સમજ ને. એવી ચર્ચા થઈ હતી. આહાહા..! અરે..! ભગવાન! તારા ચૈતન્યના પાણીના પૂર છે ને અંદર. બેહદ આનંદ, બેહદ જ્ઞાન, બેહદ જેનો સ્વભાવ છે એની હદ શી? મર્યાદા શી? એવી સ્વભાવની સ્થિતિનું સ્વરૂપ સાગર ભગવાન, એમાં જે પડ્યો, 'માહી પડ્યા તે મહાસુખ માણે, દુનિયા દેખીને દાઝે જો રે.' દુનિયા દેખે કે કાંઈ કરતા નથી. સાંભળને હવે. કરવાનું છે એ તો અંદરમાં છે. બહારમાં છે કરવાનું? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- માહી પડ્યા તે મહાસુખ માણે.

ઉત્તર :- 'માહી પડ્યા તે મહા સુખ માણે' એ અંદરમાં પડ્યા એ મહા આનંદને વેદે એમ. 'દેખનારા તો દાઝે જો ને.' દેખનારા દાઝે બળે. વ્રત પાળતા નથી, ફલાણું કરતા નથી. ભગવાનની પૂજામાં આવતા નથી. ઠીક! એ અમારે અહીં ભજન છે. વેદાંતનું ભજન છે, હોં! 'પ્રકાશદાસજી'! એવું ભજન આવે છે વેદાંતમાં. 'માહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા તે દાઝે જોને. હરિનો માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ જોને. પ્રભુનો રે માર્ગ છે રે શુરાનો.' હરિ એટલે આત્મા. અજ્ઞાન અને રાગ-દ્વેષને હરે એટલે હરિ. એવો પ્રભુનો માર્ગ છે શૂરાનો એ વીરાનો માર્ગ છે, ભાઈ! એ પામર અને રાંકાના માર્ગ નથી. રાંકા અને પામરના કાળજા કંપી જાય. અર..ર.ર..! આ..આ..? અરે..! સાંભળ, બાપા ભગવાન! પૂર્ણાનંદનો નાથ તું પ્રભુ ચૈતન્ય છો. એના જ્યાં સ્વભાવના શરણ લીધા કહે છે કે એ વિકારી દશા એની છે જ નહિ. આહાહા..! જુઓને એ શૈલી રચના! પહેલામાં તો દેવ-ગુરુ ભક્ત કીધો. પાછો એને ઉડાડી દીધો. છે, હોય પણ એનો એ જ્ઞાતા-દૃષ્ટા છે. એનું કાર્ય તો નિર્મળ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘડીક છે ને ઘડીકમાં નથી?

ઉત્તર :- નથી કોણે કહ્યું? છે. નથી કહ્યું નથી. છે એનો કર્તા નથી એમ કહ્યું. છે અને નથી એનો અર્થ કે છે એ ભાવ. એવો હોય છે. કર્તા નથી. એ ભાવ નથી એમ નહિ. એય..! ભારે વાતું! 'કુંદકુંદાચાર્યદેવ' બે વાત કરે છે, જુઓને! બરાબર વાત છે. આહાહા..!

'**रत हो...**' જુઓ! '**सुरदो**' છે ને '**सुरदो**'? એ એનું કાર્ય છે. શુદ્ધ સ્વરૂપમાં લીનતા કરવી એ એનું કાર્ય છે. રાગ અને પરનું કાર્ય એ આત્માનું છે નહિ. આહાહા..! અરે..! નવરો થઈને જરી વિચાર તો કરે આ તે કોણ કેવું તત્ત્વ?

મુમુક્ષુ :- પૈસા આવતા અટકી જાય.

ઉત્તર :- શેના પૈસા આવતા અટકી જાય?

મુમુક્ષુ :- નવરો થાય એટલે.

ઉત્તર :- નવરો થાય એટલે? અંદરમાં પૈસા તો આવવાના હશે એ આવશે જ તે. પુણ્યને લઈને આવ્યા વિના રહેશે? ચક્રવર્તીના રાજ છ ખંડના હોય છે. છતાં અંદરમાં ધ્યાન કરીને લીન થાય છે તો ચક્રવર્તીના રાજ વયા જાય છે કાંઈ? અને વયું જાય તો અહીંથી વયું ગયું. અંદરમાંથી તો છોડી દીધું છે. એ મારું નથી ને. વિકલ્પ મારો નથી વળી છ ખંડના રાજ ક્યાંથી આવ્યા? આવે કોણ ને જાય કોણ? લે કોણ અને દે કોણ? આહાહા..! આ કહે છે કે આવું કરવા જાય તો પૈસા ન મળે, બીડીયુંમાંથી પૈસા મળતા હોય, એમ કહે છે ઈ. આહાહા..! અરે..! અહીં તો વિકલ્પને મેળવવો નથી ત્યાં વળી પરને મેળવવું ક્યાં રહ્યું? સમજાય છે કાંઈ? પર તરફની વૃત્તિ છે એમાં પણ જ્યાં એક્તા કરવી નથી ત્યાં વળી પરની સાથે વાત ક્યાં રહી? આહાહા..! છ ખંડના રાજ હો, ઈન્દ્રના ઈન્દ્રાસન હો એ એના ઘરે રહ્યા. અહીં ક્યાં અંદરમાં હતા? સમજાય છે કાંઈ? ધર્મીનો ધર્મ એનો છે. એનો રાગ પણ નથી તો પર તો ક્યાં રહી ગયું? સમજાણું?

**'વહ યોગી,...'** એમ કેમ કહેવું છે? કે ગૃહસ્થાશ્રમમાં મોક્ષનો માર્ગ પૂર્ણ ન હોય. તેથી અહીં મુનિને લીધા છે. મુનિને ચારિત્ર હોય છે. દિગંબર મુનિ હોય છે, આત્મધ્યાની હોય છે એને મોક્ષનો માર્ગ (હોય) અને એ મોક્ષ જાય. એમ કે આ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં પણ મોક્ષ જાય એમ નહિ. સમજાણું કાંઈ? કારણ કે ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ હોય પણ ચારિત્ર આખું ન હોય, પૂર્ણ ન હોય તો મોક્ષમાર્ગ પૂરો થતો નથી. માટે અહીંયાં યોગી શબ્દ વાપર્યો છે ને? જુઓને! **'जोई'** **'अप्पणे सुरदो। सो होदि हु सुचरित्तो जोई सो लहइ णिव्वाणं।'** એ યોગી મુક્તિને પામે છે. આવા યોગી પણ, હોં! સમજાણું કાંઈ? એનું એને જ્ઞાનમાં પણ સરખા કરવા પડશે નહિ? જ્ઞાનમાં ચોસલા બેસાડવા પડશે કે નહિ ઉંધા બેસાડ્યા છે તે.

**'યોગી, ધ્યાની,...'** એમ. સ્વરૂપમાં લીનતાવાળો. એવા **'મુનિ સમ્યક્ચારિત્રવાન હોતા હુઆ...'** **'સમ્યક્ચારિત્રવાન હોતા હુઆ...'** **'सुचरित्तो'** ત્રીજા પદમાં છે ને? **'सो होदि हु सुचरित्तो'** **'નિર્વાણકો પાતા હૈ.'** આહાહા..! એક એક ગાથામાં પણ આખી પૂરી વાત મૂકી દીધી છે. એવી 'કુંદકુંદાચાર્ય'ની શૈલી. આખો શ્લોક વાંચો કે એક વાંચો. એ એકમાં પણ એ અને લાખોમાં પણ એ. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- નિશ્ચયનયકા સ્વરૂપ ઐસા હૈ કિ-એક દ્રવ્યકી અવસ્થા જૈસી હો ઉસીકો કહે. આત્માકી દો અવસ્થાયેં હૈં - એક તો અજ્ઞાન અવસ્થા ઔર એક જ્ઞાન અવસ્થા.'** બે પર્યાય. **'જબતક અજ્ઞાન-અવસ્થા રહતી હૈ તબતક તો બંધપર્યાયકો આત્મા જાનતા હૈ...'** જ્યાં સુધી મિથ્યાત્વભાવ છે ત્યાં બંધપર્યાય એટલે કર્મનો સંબંધ, એનાથી ઉત્પન્ન થયેલા ભાવો એને પોતાનો માને. **'મૈં મનુષ્ય હૂં,...'** મિથ્યાદૃષ્ટિ એમ માને કે હું મનુષ્ય છું. પણ મનુષ્ય ક્યાં છો? તું તો આત્મા છો. પણ માને કે હું મનુષ્ય છું. **'મૈં પશુ હૂં,...'** છે તો આત્મા આનંદકંદ જ્ઞાયકભાવ તે આત્મા. અજ્ઞાનને લઈને હું મનુષ્ય છું, પશુ છું. **'મૈં ક્રોધી હૂં,...'** હું ક્રોધી છું. અરે..! ભગવાન! ક્રોધી તારું સ્વરૂપ ક્યાં હતું? તારું સ્વરૂપ તો

પરમપવિત્ર આનંદધામ છે. અજ્ઞાન અવસ્થામાં હું ક્રોધી છું એવો ભાવ એને ભાસે છે. ક્રોધ વિનાની ચીજ છે એ ભાવનું ભાસન નથી.

'**मैं मानी हूं,...**' હું માની છું. અભિમાની. નમતું ન મૂકું. મરી જાવ તો નમતું ન મૂકું. વળી એમ બોલે. આહાહા..! બોલે છે કે નહિ? '**मैं मायावी हूं,...**' મહા પ્રપંચજાળ્યો છું. બીજાને પ્રપંચમાં નાખવો હોય તો નાખી દઉં. ભાઈ! એ ક્યાંથી લાવ્યો? તું જ્ઞાન અને આનંદનો કંદ છો ને. માયાવી છું, કપટી છું, દંભી છું. મારા પેટ હાથ ન આવે. ઠીક ભાઈ! એય.. 'નેમિદાસભાઈ'! '**मैं पुण्यवान-धनवान हूं,...**' મૂઢ છે એ એમ માને. '**मैं पुण्यवान-धनवान हूं,...**' મૂઢ છે. ધનવાન-પુણ્યવાન ક્યાંથી તું આવ્યો? તારું તો આનંદ જ્ઞાન સ્વરૂપ છે. એમાં પુણ્યવાન છું, ધનવાન છું, હું વક્તા છું. લ્યો ને! સમજાણું કાંઈ? હું વક્તા છું. બબ્બે કલાક સુધી બોલવું હોય તો લાખ માણસમાં તો એકધારું બોલી શકું. ઠીક ભાઈ! વાણી તો જડ છે, ભગવાન! એ બધા મિથ્યાદૃષ્ટિના અજ્ઞાનભાવ છે. આહાહા..!

'**मैं निर्धन-दरिद्री हूं,...**' દરિદ્રી કેવો? ત્રણલોકનો નાથ અનંત આનંદને સંઘરીને બેઠો છો ને. દરિદ્રી કેવો તું? અજ્ઞાની દરિદ્રી માને છે. આહાહા..! અનંતા સિદ્ધપદને સંઘરીને અંદર બેઠો અને કહે હું દરિદ્રી છું. આહાહા..! મિથ્યાદશામાં એવું ભાન હોય છે અજ્ઞાનીને કહે છે. આહાહા..! '**मैं राजा हूं,...**' લ્યો! રાજા છું. કેટલા હજારો રાજા મને સલામ ભરે. ખમ્મા અન્ન દાતા! તહેનાતમાં ઊભા હોય આમ. રાજાઓ ચામર ઢાળે. ધૂળેય નથી, સાંભળને! રાજા-ફાજા કેવો હતો. એય..! '**मैं रंक हूं,...**' આ અજ્ઞાનદશામાં આવું માને છે. હું શેઠ છું. એમ લેવું એની અંદરમાં. હું શાહુકાર છું, તવંગર છું, મોટી મારી પદવી, મારી માની પદવી મોટી એમાં જન્મેલા. અરે..! મા કે દિ' હતી સાંભળને! મોટા બાપના કુળમાં જન્મેલા. મોટા બાપના. બાપ કેવા? ભાઈ! આહાહા..!

'**मैं मुनि हूं,...**' પર્યાયમાં માન્યું, જોયું! એક સમયની પર્યાયમાં મુનિપણું માને એ મિથ્યાદૃષ્ટિ છે. પર્યાય લીધી. જ્ઞાયકસ્વરૂપમાં પર્યાયના ભેદ ચૌદ ગુણસ્થાન કેવા? આહાહા..! સમજાણું કાંઈ? મુનિની પર્યાય હું મુનિ છું. દ્રવ્યલિંગી હોય એ માને. અમે મુનિ છીએ, પંચમહાવ્રત પાળીએ છીએ, અઠ્યાવીસ મૂળગુણ પાળીએ છીએ. જુઓ! નિર્દોષ આહાર-પાણી લઈએ છીએ. અમારે માટે બનાવેલો લેતા નથી. શેના પણ? એ તો વિકલ્પદશા, પર્યાયની વાત છે. પર્યાયમાં આખું દ્રવ્ય આવી ગયું? એવી પર્યાય હું છું એમ માને એ મૂઢ અજ્ઞાની છે એમ કહે છે. આહાહા..! એમાં એક સમયની પર્યાયનો હજી અભાવ છે એવું તો દ્રવ્ય છે ત્રિકાળી. સમજાણું કાંઈ? જેમાં નથી એને માને છે એ અજ્ઞાની છે. આહાહા..!

'**मैं श्रावक हूं...**' લ્યો! એ આવ્યું. અમે શ્રાવક છીએ. શ્રાવક તો એક સમયની પર્યાયને તું આત્મા માને છે? પર્યાયબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. કહો, 'પોપટભાઈ'! આત્મા આનંદસ્વરૂપ પરિપૂર્ણ પાછું એમ. જેમાં એક સમયની પર્યાય પણ નથી. પર્યાય તો વ્યવહાર છે. નિશ્ચયમાં પર્યાય કેવી? સમજાણું કાંઈ? એક સમયની પર્યાય તો વ્યવહાર છે. નિશ્ચય તો દ્રવ્ય ત્રિકાળી જ્ઞાયક એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાય આવી ક્યાંથી?

ઉત્તર :- પર્યાય આવી પર્યાયમાંથી. કોણે કીધું? પર્યાય આવી પર્યાયમાંથી. પર્યાયનો કર્તા પર્યાય. પર્યાયનો કર્તા દ્રવ્ય નહિ. આવે ત્યારે દ્રવ્યમાંથી, પણ છે પર્યાય પર્યાયથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયની ખાણ તો દ્રવ્ય કહેવાય ને?

ઉત્તર :- એની ભાષા. છતાં પર્યાય પર્યાય સ્વતંત્ર છે. પરિણમન છે.. પરિણમન છે. એ તો ભેદનો અંશ અંદર છે એ અપેક્ષાએ આવી એ ભેદથી કથન છે. અભેદ સદૃશ્યની અપેક્ષાએ તો પર્યાયનો કર્તા આત્મા છે જ નહિ. એકરૂપ વસ્તુ. ભેદ અંદર અંશ છે ને? એ તો ભેદવાળો અંશ છે. ભેદનો અંશ આવ્યો એ ભેદનું કથન છે. અભેદ ચૈતન્યમૂર્તિમાં ભેદ કેવો? આહાહા..! છતાં કહે હું શ્રાવક છું. આમાં હજી બીજું નથી લખેલું. હું પંડિત છું, હું મૂર્ખ છું. એ બધું અજ્ઞાનીએ માનેલું છે. આહાહા..!

'**ઈત્યાદિ પર્યાયોંમેં આપા માનતા હૈ,...**' પોતાપણું માને. એક સમયની પર્યાયમાં જ માને એમ કીધું. કાં રાગવાળો, સંયોગવાળો અને કાં એક સમયની પર્યાયવાળો. એમ ત્રણ. કાં સારા સંયોગવાળો કે ખરાબ સંયોગવાળો કાં રાગવાળો-કષાયવાળો અને કાં એક સમયની પર્યાય. ત્રણે પર્યાયબુદ્ધિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વ્યવહારમાં શું બોલાય? એનો અર્થ કે હું એ નહિ. એમ. એવો અર્થ કરવો. નથી આવ્યું? 'ટોડરમલ'માં નથી આવ્યું? 'ટોડરમલ'માં. વ્યવહાર અન્યથા કહે છે, એમ છે નહિ. એમ છે નહિ. એમ એનો અર્થ સમજવો. બહુ સરસ કીધું. કોણ છો? ક્યાંના? કે 'વઢવાણ'ના. એટલે કે 'વઢવાણ'ના નહિ. શું તમારે વેપાર છે? કે લાદીનો. કે વેપાર લાદીનો નહિ. એમ સમજવું. આહાહા..! બહારમાં શું (બોલાય)? હાથીના બહારના દાંત બીજા અને ચાવવાના બીજા. હાથીના બહારના દેખાડવાના બીજા એના સોનાના ઓલા .. કરે. એ કાંઈ ચાવવામાં કામ આવે? અંદરના ચાવવાના બીજા હોય. એમ અંદરના અભિપ્રાયની વાત બીજી હોય, બોલવાની વાત બીજી હોય. આહાહા..! સમજાણું કાંઈ?

'**પર્યાયોમેં આપા માનતા હૈ,...**' પોતાપણું માને. '**ઈન પર્યાયોમેં લીન હોતા હૈ...**' દેખો ઓલું '**सुरतः**'ની સામે નાખ્યું છે. '**सुरदो**' છે ને પહેલું? એની સામે આ પર્યાયમાં લીન છે અજ્ઞાની. સમજાય છે? ઓલો છે '**अप्पा अप्पम्मि अप्पणे सुरदो।**' બરાબર એમ. સુ શબ્દ છે. અને આ છે '**कुरदो**' એક સમયની પર્યાયને આત્મા માને, પંડિતાઈની, મૂર્ખાઈની, ભણ્યાની. અમે આવ્યું ભણ્યા, અગિયાર અંગ ભણ્યા, નવ પૂર્વ ભણ્યા એ અમારું જ્ઞાન. એ બધી પર્યાયબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. કહો, સમજાણું કાંઈ?

'**પર્યાયોમેં લીન હોતા હૈ...**' આની સામે નાખ્યું. '**अप्पणे सुरदो**' હતો ને એની સામે સવળો અર્થ કર્યો કે આવું જ્યાં સુધી માને ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય અને અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય પણ તે વાળો છું અને તે છું ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અજ્ઞાની હૈ, ઈસકા ફલ સંસાર હૈ ઉસકો ભોગતા હૈ.**' લ્યો! એનું ફળ સંસાર છે. એક સમયની પર્યાયને માનવું,

મિથ્યાદષ્ટિ અને એનું ફળ સંસાર છે. આહાહા..! દ્રવ્ય વસ્તુની ખબર ન મળે અને એક સમયની પર્યાયમાં પોતાનું સર્વસ્વ માને. સમજાણું કાંઈ? હવે સવળું. એ અવળાઈની વાત લીધી. પાઠમાં સવળું છે, હોં! પણ છતાં અર્થ કર્યો. બીજો સામો એક અર્થ કર્યો.

'**જબ જિનમતકે પ્રસાદસે...**' વીતરાગ અભિપ્રાયનો ભાવ, ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા, એણે કહેલાં જીવ-અજીવ, એણે કહેલાં નવ તત્ત્વો, એણે કહેલાં છ દ્રવ્યો '**જ્ઞાન હોતા હૈ તબ સ્વ-પરકા ભેદ જાનકર...**' બેનું જ્ઞાન હોવામાં હું કોણ અને પર કોણ એનું ભેદજ્ઞાન થાય. સમજાણું કાંઈ? પર્યાય પણ હું નહિ, એટલો રાગ પણ નહિ અને અજીવ પણ નહિ. ત્યારે એને ભેદજ્ઞાન થયું કહેવામાં આવે. આહાહા..!

વીતરાગ અભિપ્રાય પ્રમાણે વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ સો ઈન્દ્રોના પૂજનિક પરમાત્મા, એણે કહેલા જીવ-અજીવ તત્ત્વો, એનું બેનું ભેદજ્ઞાન. જીવ અખંડ જ્ઞાયકભાવ, એક સમયની પર્યાય પણ એક જીવની અપેક્ષાએ એ પણ એક ન્યાયે અજીવ છે. જીવદ્રવ્ય નહિ એ અપેક્ષાએ અજીવ છે. વ્યવહાર છે ને વ્યવહાર એ? રાગાદિ પર છે. મારી ચીજ રાગ, પર્યાય અને એનાથી ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ?

'**સ્વ-પરકા ભેદ જાનકર જ્ઞાની હોતા હૈ, તબ ઈસપ્રકાર જાનતા હૈ કિ-મૈં શુદ્ધજ્ઞાનદર્શનમયી ચેતનાસ્વરૂપ હૂં અન્ય મેરા કુછ ભી નહીં હૈ.**' છે? હું તો શુદ્ધ જ્ઞાનદર્શનમય અભેદ એમ ચેતનાસ્વરૂપ (છું). એક સમયની પર્યાય નહિ અહીં તો. સમજાણું કાંઈ? ભેદજ્ઞાન જીવ-અજીવનું પરમાત્માએ કહ્યું એવું. જાણવામાં આવ્યું ત્યારે બેની જુદાઈ જાણી. એમાં હું '**મૈં શુદ્ધજ્ઞાનદર્શનમયી...**' અભેદ. શુદ્ધજ્ઞાનદર્શનવાળો ચેતના એમ પણ નહિ. શુદ્ધજ્ઞાનદર્શનમયી ચેતનાસ્વરૂપ અભેદ. એકલું જ્ઞાતા-દષ્ટાનું અભેદપણું તે હું આત્મા. એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ સાચી દષ્ટિ અને એનું નામ સમ્યગ્જ્ઞાન. આહાહા..! ઝીણું છે. મેનેજર! બેંકના અભ્યાસ .. થયા હતા. આહાહા..! સમજાણું કાંઈ? એ પોતે ભગવાન અનંતા પરમાત્માનું સામર્થ્ય લઈને અંદર ગુપ્ત પડ્યો છે. એ પર્યાયમાં પણ આવતો નથી. આહાહા..! એક સમયની અવસ્થામાં પણ એ આવતો નથી એમ કહે છે. એવો ગુપ્ત ભગવાન એવો શુદ્ધ ચૈતન્યમય, શુદ્ધજ્ઞાનદર્શનમયી ચેતના એ અભેદથી નાખ્યું. એકલો ચેતના સ્વભાવ. શુદ્ધદર્શનજ્ઞાનમય, કેવળ જ્ઞાનદર્શનમય. કેવળ એટલે ત્રિકાળી આ. કેવળ પર્યાય નહિ. એકલા જ્ઞાનદર્શનમય વસ્તુ, અભેદ તે હું. એવો વિકલ્પ પણ નહિ પણ તે હું એવું પરિણમન. સમજાણું કાંઈ?

'**અન્ય મેરા કુછ ભી નહીં હૈ.**' એનો અર્થ શું થયો ? દેખો ને! ઓહોહો..! રાગ તો નહિ પણ એક સમયની પર્યાય કોઈપણ મારી નહિ. એમ. અહીં તો અભેદ એ હું. હું ભેદ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? '**તબ યહ આત્માહીમેં અપને હી દ્વારા અપને હી લિયે વિશેષ લીન હોતા હૈ...**' લ્યો, એ પાછું પાઠમાં હતું એ નાખ્યું. આમ જ્યારે અંદર દષ્ટિ શુદ્ધજ્ઞાનદર્શનમય ચેતનાસ્વભાવ(ની થઈ) ત્યારે તે પોતાની નિર્મળભાવની પર્યાયનો કર્તા પોતે. અહીં તો એ લેવું છે ને? ભેગું લેવું છે. અહીં પર્યાય પર્યાયનો કર્તા એ નથી લેવું. જે ઠેકાણે જે લેવું હોય એ લેવાય ને. બધે ઠેકાણે એક લેવા જાય તો મેળ ખાય નહિ. જ્ઞાનપ્રધાન

કથન શું? દૃષ્ટિપ્રધાન કથન શું? અહીં તો મારી પર્યાયનો કર્તા હું છું એમ સિદ્ધ કરવું છે. ત્યાં વળી ૩૨૦માં આવે કે પર્યાયનો કર્તા દ્રવ્ય નહિ. એ કઈ અપેક્ષાએ વાત છે? સામાન્ય સત્તામાં વિશેષ સત્તા નથી એ અપેક્ષાએ. અહીં વિશેષસત્તાની પર્યાયનો કર્તા તો પરિણમન કરનાર તો દ્રવ્ય છે. પરિણમવું એ તો પર્યાય છે પણ પરિણમનનો કર્તા દ્રવ્ય છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'**અપને હી દ્વારા...**' આત્મા કર્તા થયો. '**આત્માહીમેં...**' અધિકરણ-આધાર. '**અપને હી દ્વારા...**' કરણ થયું, લ્યો! એ કરણ નાખ્યું એમાં. '**અપને હી લિયે...**' એ સંપ્રદાન થયું. આમાં કરણ નાખ્યું, ભાઈ! ઓલામાં નથી એ આમાં નાખ્યું. પાઠમાં ત્રણ બોલ છે. '**अप्पा अप्पम्मि अप्पणे सुरदो**' કર્મ ચાર છે. અહીં પાંચ નાખ્યા. એક અપાદાન નહિ. એ તો અપાદાન-ઉપાદાન પોતાથી થયું એ તો આવી ગયું ને ભેગું. શું કહ્યું? એમાં ત્રણ છે. સંસ્કૃતમાં ત્રણ છે. કર્તા, આધાર અને સંપ્રદાન. ત્રણ છે. સંસ્કૃત ટીકામાં ત્રણ છે. અહીં ચાર લીધા.

આત્મા '**આત્માહીમેં...**' આત્મા કર્તા, '**આત્માહીમેં હી...**' પોતાના આધારે, '**અપને હી દ્વારા...**' પોતાના સ્વભાવ સાધન વડે. દેખો! આ સ્વભાવ સાધન આવ્યું. '**અપને હી દ્વારા...**' શુદ્ધ આનંદના સ્વભાવ સાધન વડે કાર્ય કર્યું છે. એ સાધન. રાગ-ફાગ સાધન, વ્યવહાર-ફ્યવહાર સાધન નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**અપને હી દ્વારા...**' પોતાના આનંદસ્વભાવથી મેં મારું કાર્ય કર્યું છે. રાગથી અને પુણ્યથી કામ કર્યું નથી. આહાહા..! મારું કાર્ય મેં કર્યું છે. એમ આવે છે ને? આવે ને ભાષા શું આવે? 'ન્યાલભાઈ'માં આવે છે એક ઠેકાણે. જેવું મહારાજે બતાવ્યું હતું એ કાર્ય મેં કર્યું છે. એમ આવે છે. કાર્ય તો પર્યાય છે. કથનની શૈલીમાં ક્યો પ્રકાર છે, કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને. સમજાણું કાંઈ? આહાહા..!

'**અપને હી લિયે...**' એ આવ્યું સંપ્રદાન. પોતા માટે મેં કામ કર્યું છે. એ વિકલ્પની વાત નથી, હોં! આ તો સમજાવે તો ભેદથી સમજાવે ને. ત્યાં એમ નથી મારા માટે આ કરું છું. એમ છે? વિકલ્પ છે? પણ પરિણમન એવું થાય છે. '**લીન હોતા હૈ...**' '**અપને હી લિયે વિશેષ લીન હોતા હૈ...**' એ કર્મ છે, લ્યો! એ કાર્ય છે, કર્ત્તવ્ય. કર્તા, કરણ, કર્મ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એક અપાદાન નથી. અપાદાનનો અર્થ ઉપાદાન. ઉપાદાન આવી ગયું- પોતાથી. સમજાણું કાંઈ? આત્મા-આત્મા (કરે) પણ આત્મા સિવાય શું બીજી ચીજ? બીજી ચીજ અજીવ છે લે. સમજાણું કાંઈ?

'**તબ નિશ્ચયસમ્યક્ચારિત્રસ્વરૂપ હોકર...**' લ્યો! જ્યારે આ રીતે આત્મા પોતાના સ્વભાવનો આશ્રય-શરણ લઈ, સ્વભાવનું સાધન કરી પોતે પોતામાં રાખે ત્યારે નિશ્ચય સમ્યક્ચારિત્રસ્વરૂપ હોય. નિશ્ચય સમ્યગ્દર્શન પૂર્ણ વસ્તુનું જ્ઞાન થઈને નિર્વિકલ્પ પ્રતીતિ અને સ્વરૂપની સ્થિરતા-ચારિત્ર. નિશ્ચય સમ્યક્ અને નિશ્ચય ચારિત્ર બે. વ્યવહાર ચારિત્ર અહીં નથી. '**અપના હી ધ્યાન કરતા હૈ,...**' સમજાણું? '**તબ હી સમ્યગ્જ્ઞાની હોતા હૈ,...**' અવસ્થા વર્ણવીને અવસ્થા? અજ્ઞાનીની અવળી અવસ્થા, જ્ઞાનીની આ. એમ વર્ણવવું છે ને

અહીંયાં? સમજાણું કાંઈ? **'ઈસકા ફલ નિર્વાણ હૈ,...'** લ્યો! ઓલાનું ફળ સંસાર હતું. અજ્ઞાનનું ફળ સંસારને ભોગવે. આનું ફળ મોક્ષ. બેયની વાત કરી. એ ગાથા પૂરી થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

आगे इस ही अर्थको दृढ़ करते हुए कहते हैं :-

## ગાથા-૮૪

**पुरिसायारो अप्पा जोई वरणाणदंसणसमग्गो।**
**जो झायदि सो जोई पावहरो हवदि णिद्दंदो।।८४।।**

**पुरुषाकार आत्मा योगी वरज्ञानदर्शनसमग्रः।**
**यः ध्यायति स योगी पापहरः भवति निर्द्वन्द्वः।।८४।।**

**છે યોગી, પુરુષાકાર, જીવ વરજ્ઞાનદર્શનપૂર્ણ છે,**
**ધ્યાનાર યોગી પાપનાશક દ્વંદ્વવિરહિત હોય છે. ૮૪.**

**अर्थ :- यह आत्मा ध्यानके योग्य कैसा है? पुरुषाकार है, योगी है-जिसके मन, वचन, कायके योगोंका निरोध है, सर्वांग सुनिश्चल है और वर अर्थात् श्रेष्ठ सम्यक्‌रूप ज्ञान तथा दर्शनसे समग्र है-परिपूर्ण है, जिसके केवलज्ञान-दर्शन प्राप्त है, इस प्रकार आत्माका जो योगी ध्यानी मुनि ध्यान करता है वह मुनि पापको हरनेवाला है और निर्द्वन्द्व है-रागद्वेष आदि विकल्पोंसे रहित है।**

**भावार्थ :- जो अरहंतरूप शुद्ध आत्माका ध्यान करता है उसके पूर्व कर्मका नाश होता है और वर्तमानमें रागद्वेषरहित होता है तब आगामी कर्मको नहीं बाँधता है।।८४।।**

---

**પ્રવચન નં. ૯૪, ગાથા-૮૪ થી ૮૬, સોમવાર, ભાદરવા વદ ૭, તા.૨૧-૯-૭૦**

ગાથા-૮૪. મોક્ષપાહુડ.

**'આગે ઈસ હી અર્થકો દઢ કરતે હુએ કહતે હૈં :-'** આત્માનું ધ્યાન કેમ કરવું? કેવો આત્મા જાણીને (ધ્યાન કરવું) એની વાત કરી છે.

**पुरिसायारो अप्पा जोई वरणाणदंसणसमग्गो।**
**जो झायदि सो जोई पावहरो हवदि णिद्दंदो।।८४।।**

**'અર્થ :- યહ આત્મા ધ્યાનકે યોગ્ય કૈસા હૈ?'** આત્મા ધ્યાન કરવાલાયક, લક્ષમાં લેવાલાયક, ધ્યેય કરવા લાયક (એ) કેવો આત્મા છે? અન્ય અજ્ઞાનીઓએ તો અનેક પ્રકારનો આત્મા કલ્પ્યો છે. પણ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા જોયો, કહ્યો એ કેવો આત્મા છે? એક તો

'**પુરુષાકાર હૈ,...**' શરીરના આકારે ભિન્ન વસ્તુ (છે), લોકવ્યાપક નથી. સમજાણું કાંઈ? લોકમાં વ્યાપી ગયેલો આત્મા એ નથી. શરીર પ્રમાણે જ એનો આકાર અને વ્યાપેલો છે. કારણ કે ધ્યાન કરવું એટલે એની અંદર આમ એકાગ્ર કરે છે એટલામાં? કે બહારમાં એકાગ્ર થાય છે? એટલામાં શરીર આકાર પ્રમાણે આત્મા છે. પહેલો એણે એવો નિર્ણય કરવો.

વળી '**યોગી હૈ,...**' અહીં મુનિની વ્યાખ્યા છે ને મુખ્યપણે. શ્રાવકની હવે આવશે. .. જેણે આત્મા શુદ્ધ પૂર્ણ જ્ઞાન દર્શન અને પવિત્ર પૂર્ણ સ્વરૂપ, એમાં જેણે એકાગ્રતા સાધી છે એને અહીંયાં યોગી, ધ્યાની, મુનિ કહેવામાં આવે છે. '**મન, વચન, કાયકે યોગોંકા નિરોધ હૈં,...**' મન, વચન અને કાયા, એનો નિરોધ, યોગનો નિરોધ (થયો છે) તે યોગી. એમ. મન, વચન અને કાયા જે કંપનરૂપ ભાવ, શરીર, વાણી, મન તો પર જડ છે એનાથી રહિત અકંપસ્વરૂપ ત્રિકાળ, એનું જેને ધ્યાન છે અથવા મન, વચન અને કાયાના (યોગને) રોકીને નિરોધ (થયો) છે. '**સર્વાંગ સુનિશ્ચલ હૈ...**' યોગી કહ્યા ને? પુરુષાકાર અસંખ્ય પ્રદેશી સુનિશ્ચળ એવો આત્મા ધ્યાન કરવા લાયક છે. એને ધ્યેય બનાવીને એમાં લીન થવા લાયક છે. સમજાણું કાંઈ? લ્યો, આ ધર્મ કેમ કરવો અને ધર્મીને ધર્મ કેમ થાય આ વાત છે.

વળી '**અર્થાત્ શ્રેષ્ઠ સમ્યક્રૂપ જ્ઞાન તથા દર્શનસે સમગ્ર હૈ- પરિપૂર્ણ હૈ, જિસકે કેવલજ્ઞાન-દર્શન પ્રાપ્ત હૈ,...**' એકલું જ્ઞાન અને દર્શન પરિપૂર્ણ સ્વરૂપ આત્માનું છે. કેવળજ્ઞાન એટલે ઓલી કેવળપર્યાય નહિ. જ્ઞાન અને દર્શન, દૃષ્ટા અને જ્ઞાતા એવા સ્વભાવથી પુરુષાકાર સુનિશ્ચલ જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ એવું આત્મતત્ત્વ છે. આવા આત્મતત્ત્વનું ધ્યાન કરવું. સમકિતી હોય એણે એનું ધ્યાન કરવું. સમકિતી ન હોય એને સમકિત પામવા માટે પણ એનું ધ્યાન કરવું. સમજાણું કાંઈ? એની ક્રિયા ધ્યાનની છે. બીજી રીતે સમકિત પમાય એવું નથી, એમ કહે છે. આવશે હમણાં એના પછી.

'**ઈસ પ્રકાર આત્માકા...**' આવો આત્મા. પુરુષાકાર સુનિશ્ચળ સંપૂર્ણ જ્ઞાનદર્શનથી ભરેલો પરિપૂર્ણ પદાર્થ આત્મા, એને '**જો યોગી ધ્યાની મુનિ ધ્યાન કરતા હૈ...**' મુનિ એનું જે ધ્યાન કરે, એના તરફનો આશ્રય કરીને સ્થિર થાય એવા '**યોગી ધ્યાની મુનિ ધ્યાન કરતા હૈ વહ મુનિ પાપકો હરનેવાલા હૈ...**' પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય પાપ જ છે. સમજાય છે કાંઈ? શુભ અને અશુભભાવ બેય ખરેખર તો આત્માના સ્વભાવથી વિપરીત પાપ અને એનાથી બંધાયેલા કર્મો એ પાપ બધા આઠેય. એને હરનારા. કર્મનો નાશ, આત્મા આવો છે એનું ધ્યાન કરે એને કર્મનો નાશ થાય. સમજાણું કાંઈ?

'**નિર્દ્વંદ્વ હૈ-રાગદ્વેષ આદિ વિકલ્પોંસે રહિત હૈ.**' દ્વંદ્વ બે પ્રકાર જેમાં નથી. પુણ્ય અને પાપ એવા વિકલ્પો અને રાગ-દ્વેષ એવા વિકલ્પ એમાં છે નહિ. એવી આત્મ ચીજને અંતર દૃષ્ટિમાં લઈ એકાગ્ર થવું એ કર્મના નાશની રીત અને ઉપાય છે. કહો, સમજાય છે કાંઈ? આટલા અપવાસ કરે તો કર્મનો નાશ થાય એવું નથી આમાં લખ્યું.

મુમુક્ષુ :- અહીંયાં પાપ લખ્યું છે.

ઉત્તર :- એ પુણ્ય-પાપ બેય પાપ છે. કહ્યું ને? આઠેય કર્મ જ પાપ છે અને એના ભાવે બંધાણા એ ભાવ પણ પાપ જ છે. સ્વરૂપથી આત્મા જ્ઞાન, દર્શન પરિપૂર્ણ સ્વરૂપ

એનાથી વિપરીત વિકલ્પ એ તો સ્વભાવને હણનારો ભાવ છે. ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ હો. એને હણનારું આ ધ્યાન છે. આહાહા..! ભારે કામ. એ નિરદ્વંદ્વ છે-દ્વંદ્વ નહિ, વિકલ્પ નહિ. એ અભેદ અખંડ આનંદસ્વરૂપ, એની દૃષ્ટિ કરતાં, એમાં ધ્યાન કરતાં આઠેય કર્મનો નાશ થાય.

'**ભાવાર્થ :- જો અરહંતરૂપ શુદ્ધ આત્માકા ધ્યાન કરતા હૈ...**' દેખો! આત્મા જ અરિહંત સ્વરૂપ જ છે. અરિહંત-અરિ એટલે વિકાર અથવા શરીરનો, કર્મનો નાશ કરનાર. એ આત્માનો સ્વભાવ જ એવો છે એમ કહે છે. અરિહંતસ્વરૂપ જ આત્મા છે. એને જે અંદર ધ્યાવે, વસ્તુ આત્મા એનો જે પ્રયત્ન કરીને એના લક્ષમાં એકાગ્ર થાય, '**ઉસકે પૂર્વ કર્મકા નાશ હોતા હૈ...**' આ ઉપાય છે.

'**વર્તમાનમેં રાગદ્વેષરહિત હોતા હૈ...**' વર્તમાનમાં પણ વીતરાગતા હોય, પૂર્વના કર્મનો નાશ હોય, આગામી કર્મ બાંધે નહિ. સમજાણું કાંઈ? હવે કહે છે કે એ તો ભાઈ મુનિની મુખ્યતાથી વાત કરી. પણ શ્રાવકને શું કરવું? એ તો મુનિની મુખ્યતાથી વાત કરી. ગૌણ શ્રાવક એમાં આવી જાય પણ મુખ્ય શ્રાવકનું શું કરવું?

---

**आगे कहते हैं कि इस प्रकार मुनियोंको प्रवर्तनेके लिए कहा। अब श्रावकोंको प्रवर्तनेके लिए कहते हैं :**

## ગાથા-૮૫

**एवं जिणेहि कहियं सवणाणं सावयाण पुण सुणसु।**
**संसारविणासयरं सिद्धियरं कारणं परमं।।८५।।**

**एवं जिनैः कथितं श्रमणानां श्रावकाणां पुनः श्रृणुत।**
**संसारविनाशकरं सिद्धकरं कारणं परमं।।८५।।**

**શ્રમણાર્થ જિન-ઉપદેશ ભાખ્યો, શ્રાવકાર્થ સુણો હવે,**
**સંસારનું હરનાર શિવ-કરનાર કારણ પરમ એ. ૮૫.**

**अर्थ :- एवं अर्थात् पूर्वोक्त प्रकार उपदेश तो श्रमण मुनियोंको जिनदेवने कहा है। अब श्रावकोंको संसारका विनाश करनेवाला और सिद्धि जो मोक्ष उसको करनेका उत्कृष्ट कारण ऐसा उपदेश कहते हैं सो सुनो।**

**भावार्थ :- पहिले कहा वह तो मुनियोंको कहा और अब आगे कहते हैं वह श्रावकोंको कहते हैं, ऐसा कहते हैं जिससे संसारका विनाश हो और मोक्षकी प्राप्ति हो।।८५।।**

---

## ગાથા-૮૫ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ ઈસ પ્રકાર મુનિયોંકો પ્રવર્તનેકે લિયે કહા. અબ શ્રાવકોંકો પ્રવર્તને કે લિયે કહતે હૈં :–'** લ્યો! ૮૫.

**एवं जिणेहि कहियं सवणाणं सावयाण पुण सुणसु।**
**संसारविणासयरं सिद्धियरं कारणं परमं।।८५।।**

**'एवं जिणेहि कहियं'** વીતરાગ સર્વજ્ઞદેવ એમ કહે છે. **'सवणाणं सावयाण पुण सुणसु'** સાધુને એમ કહ્યું. હવે શ્રાવકને શું કહે છે તે સાંભળ. જુઓ! સાંભળ કહે છે. **'संसारविणासयरं'** શ્રાવકનો પણ સંસારનો નાશ કરનારું. **'सिद्धियरं'** સિદ્ધિને આપનારું. **'कारणं परमं'** એ મોક્ષના પરમ કારણની વ્યાખ્યા શ્રાવકને માટે શું છે એ કહેવામાં આવે છે.

**'અર્થ :– એવં અર્થાત્ પૂર્વોક્ત પ્રકાર ઉપદેશ તો શ્રમણ મુનિયોંકો જિનદેવને કહા હૈ.'** વીતરાગદેવ ત્રિલોકનાથ પરમેશ્વરે મુનિને તો અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને તેનું પરિપૂર્ણ સ્વરૂપ જે આત્માનું છે તેની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા છે એને અંતરમાં એકાગ્ર કરીને ધ્યાન કરવું. એનાથી કર્મનો નાશ થાય છે. બીજી કોઈ ક્રિયાથી નાશ થતો નથી. ભારે!

**'અબ શ્રાવકોંકો...'** કહે છે. સાંભળો! જે કહેશું એ **'સંસારકા વિનાશ કરનેવાલા...'** છે. શ્રાવકને પણ જે ભાવ કહીશું એ સંસારનો નાશ કરવાવાળો છે. **'ઔર સિદ્ધિ જો મોક્ષ ઉસકો કરનેકા ઉત્કૃષ્ટ કારણ...'** સંસારનો નાશ અને સિદ્ધિની ઉત્પત્તિ. સંસારનો વ્યય અને સિદ્ધિની ઉત્પત્તિ એનું ઉત્કૃષ્ટ કારણ **'ઐસા ઉપદેશ કહતે હૈં...'** (ભગવાનનો છે.)

**'ભાવાર્થ :– પહિલે કહા વહ તો મુનિયોંકો કહા ઔર અબ આગે કહતે હૈં વહ શ્રાવકોંકોં કહતે હૈં, ઐસા કહતે હૈં જિસસે સંસારકા વિનાશ હો...'** શ્રાવકને પણ એવો ઉપદેશ દઈએ છીએ કે જે ભાવથી એને સંસારનો નાશ થાય અને મોક્ષની પ્રાપ્તિ થાય.

---

**आगे श्रावकोंको पहिले क्या करना, वह कहते हैं :–**

## ગાથા-૮૬

**गहिऊण य सम्मत्तं सुणिम्मलं सुरगिरीव णिक्कंप।**
**तं झाणे झाइज्जइ सावय दुक्खक्खयट्ठाए।।८६।।**

**गृहीत्वा च सम्यक्त्वं सुनिर्मलं सुरगिरेरिव निष्कंपम्।**
**तत् ध्याने ध्यायते श्रावका दुःखक्षयार्थे।।८६।।**

**ગ્રહી મેરુપર્વત-સમ અકંપ સુનિર્મલા સમ્યક્ત્વને,**
**હે શ્રાવકો! દુખનાશ અર્થે ધ્યાનમાં ધ્યાતવ્ય તે. ૮૬.**

अर्थ :– प्रथम तो श्रावकोंको सुनिर्मल अर्थात् भले प्रकार निर्मल और मेरुवत् निःकंप–अचल तथा चल मलिन अगाढ़ दूषणरहित अत्यंत निश्चल ऐसे सम्यक्त्वको ग्रहण करके दुःखका क्षय करनेके लिए उसका अर्थात् सम्यग्दर्शनका (–सम्यग्दर्शनके विषयका) ध्यान करना।

भावार्थ :–श्रावक पहिले तो निरतिचार निश्चल सम्यक्त्वको ग्रहण करके उसका ध्यान करे, इस सम्यक्त्वकी भावनासे गृहस्थके गृहकार्य संबंधी आकुलता, क्षोभ, दुःख हेय है वह मिट जाता है, कार्यके बिगड़ने–सुधरनेमें वस्तुके स्वरूपका विचार आवे तब दुःख मिटता है। सम्यग्दृष्टिके इसप्रकार विचार होता है कि–वस्तुका स्वरूप सर्वज्ञने जैसा जाना है वैसा निरन्तर परिणमता है वही होता है, इष्ट–अनिष्ट मानकर दुःखी–सुखी होना निष्फल है। ऐसा विचार करनेसे दुःख मिटता है यह प्रत्यक्ष अनुभवगोचर है, इसलिये सम्यक्त्वका ध्यान करना कहा है॥८६॥

## ગાથા-૮૬ ઉપર પ્રવચન

**'અબ શ્રાવકોંકો પહિલે ક્યા કરના,...'** શ્રાવકને પહેલું શું કરવું?

**गहिऊण य सम्मत्तं सुणिम्मलं सुरगिरीव णिक्कंप।**
**तं झाणे झाइज्जइ सावय दुक्खक्खयट्ठाए॥८६॥**

**'અર્થ :– પ્રથમ તો શ્રાવકોંકો સુનિર્મલ અર્થાત્ ભલે પ્રકાર નિર્મલ ઔર મેરુવત નિઃકંપ અચલ તથા ચલ મલિન અગાઢ દૂષણરહિત અત્યંત નિશ્ચલ ઐસે સમ્યક્ત્વકો ગ્રહણ કરકે...'** પહેલું તો એણે સમકિતને પ્રગટ કરવું. શ્રાવકને પહેલામાં પહેલું કરવાનું હોય તો એણે સમ્યગ્દર્શન (પ્રગટ કરવું). કેવું સમ્યગ્દર્શન છે? કે **'ભલે પ્રકાર નિર્મલ ઔર મેરુવત નિઃકંપ...'** છે. શુદ્ધ ચૈતન્યદ્રવ્યની અંતર દૃષ્ટિ અનુભવમાં એ નિષ્કંપ છે. મેરુવત નિષ્કંપ સમકિત છે. ત્રિકાળ જેમ દ્રવ્ય વસ્તુ અખંડ ધ્રુવ નિત્ય છે, એમ એનું સમ્યગ્દર્શન પણ મેરુવત નિષ્કંપ છે. અચળ છે–ચળરહિત છે. એટલે કે ચળ, મલિન અને અઢાર દુષણ રહિત.

**'અત્યંત નિશ્ચલ ઐસે સમ્યક્ત્વકો ગ્રહણ કરકે...'** એવું સમકિતને પ્રથમ ગ્રહણ કરી... પહેલો ઉપદેશ આ છે, લ્યો! ભગવાનનો ઉપદેશ પહેલો આ છે. એય..! 'પ્રકાશદાસજી'! પહેલા મહાવ્રત લઈ લેવા, અણુવ્રત લઈ લેવા એમ નથી એમ કહે છે. **'गहिऊण य सम्मत्तं सुणिम्मलं सुरगिरीव णिक्कंप'** પ્રથમમાં પ્રથમ એણે દ્રવ્ય સ્વભાવ પરમાનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ, દ્રવ્યવસ્તુ જ્ઞાયકભાવ, કારણ પરમાત્મા, એની શ્રદ્ધા અંતર્મુખ થઈને મેરુ પર્વતની (જેવી કરવી). જેમ મેરુ હલે નહિ એવું એનું સમકિત ચળે નહિ. **'અત્યંત નિશ્ચલ...'** જેને ઈન્દ્રો આવે તો ચળે નહિ એવું સમકિત પહેલું એણે ગ્રહણ કરવું. દુનિયાની ઊંધી પ્રરૂપણા, ઊંધી માન્યતાઓ ઘણા આવે. આમ થાય, આનાથી આમ થાય. શુભરાગ મંદ કરતા કરતા સમકિત થાય, ફલાણું કરતા થાય એ બધી વિપરીત શ્રદ્ધાને છોડીને... 'પોપટભાઈ'! ભારે કામ.

એકદમ સમકિત પાછું.. પહેલું આ છે.

'**સમ્યક્ત્વકો ગ્રહણ કરકે દુઃખકા ક્ષય કરને કે લિયે ઉસકા અર્થાત્ સમ્યગ્દર્શનકા ધ્યાન કરના.**' આહાહા..! સમજાણું કાંઈ? મુનિ નથી એણે પહેલું સમકિત ગ્રહણ કરવું. પહેલામાં પહેલું. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ધ્રુવ, અચળ, અખંડ, અભેદ, એકરૂપ શુદ્ધ એમાં દૃષ્ટિ મૂકી અને એકાગ્ર થઈ અને સમ્યક્ પ્રગટ કરવું. કહો, 'પ્રકાશદાસજી'! આ તો પહેલી વાત આવી. પહેલાં શું કરવું? સમજાણું કાંઈ? ઓલા કહે અમારે શ્રાવક છીએ તો વ્રત પાળવા, પહેલું બ્રહ્મચર્ય પાળવું. હવે એ પછી વાત. મૂકને. પહેલું સમ્યગ્દર્શન તો કર. સમજાણું કાંઈ?

કેવું? કહે છે કે મેરુપર્વત ન ફરે જેમ. એમ અંદર શ્રદ્ધા સ્વરૂપનો અનુભવ, રાગરહિત નિષ્ક્રિય સમ્યગ્દર્શન. આ સમ્યગ્દર્શનમાં રાગના અંશની મદદ નથી. વ્યવહારની અપેક્ષા જેને નથી એવું સમ્યગ્દર્શન આત્માના દ્રવ્યને પકડી પ્રગટ કરવું. પહેલામાં પહેલી આ વાત છે. કહો, સમજાણું કાંઈ? શા માટે? એ સમકિત ગ્રહણ કરીને ધ્યાન કરવું એનું જ શા માટે? '**દુઃખકા ક્ષય કરનેકે લિયે...**' જેને સંસારરૂપી દુઃખની દશા ઉદયભાવની, એના નાશને અર્થે સમકિતને ગ્રહણ કરીને સમકિતનું ધ્યાન કરવું. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :- શ્રાવક પહિલે તો નિરતિચાર નિશ્ચલ સમ્યક્ત્વકો ગ્રહણ કરકે ઉસકા ધ્યાન કરે,...**' દેખો! પહેલું તો એ પૂર્ણ પ્રભુ આત્મા... ઉપર કહી ગયા ને પૂર્ણ? મુનિના ઉપદેશમાં. પૂર્ણ કેવળજ્ઞાન-દર્શન એવા સ્વભાવમાં દૃષ્ટિ મૂકી, એકાગ્ર થઈ અને સમકિત ગ્રહણ કરવું. એ સમકિત ગ્રહણ કરવું. કોઈ આપે સમકિત અને ગ્રહણ કર્યું એમ નહિ. આપે છે ને? સમકિત ગ્રહણ કરો જાવ. દેવ-ગુરુ-શાસ્ત્ર માનવા.

મુમુક્ષુ :- દીક્ષા લ્યો તો અમારી પાસે આવજો.

ઉત્તર :- અમારી પાસે આવજો. એમ એનો અર્થ એ. સમકિતનો અર્થ એ કે અમને માનવા. વૈરાગ્ય થાય તો અમારી પાસે આવવું. એવું એનું સમકિત. દેનારો મિથ્યાદૃષ્ટિ છે એને ભાન નથી કે સમકિત કોને કહેવું. સમજાણું કાંઈ?

પાછું શું કહ્યું? '**झाणे झाइज्जइ सावय**' શ્રાવકે એ સમ્યગ્દર્શનને ગ્રહણ કરી અને એને ને એને ધ્યાનમાં ધ્યાવવું પાછું. વસ્તુ જે સમ્યગ્દર્શનનું ધ્યેય અને સમ્યગ્દર્શનનું કારણ એવો જે દ્રવ્યસ્વભાવ એનું ને એનું ધ્યાન કરવું. આહાહા..! લ્યો, આ શું કરવું એ આવ્યું. 'ચંદુભાઈ'! કેટલાક કહે પણ અમારે શું કરવું? શ્રાવકને શું કરવું?

મુમુક્ષુ :- સમકિતનું ધ્યાન?

ઉત્તર :- સમિકતનું એ તો ભાષા છે. સમકિતનું ધ્યાન શું હોય. સમકિતનો અર્થ સમકિતે આ દ્રવ્ય પકડ્યું છે, એનું ધ્યાન કરવું એટલે એ સમકિતનું ધ્યાન કહેવાય. સમકિત તો પર્યાય છે. સમજાણું કાંઈ? પાઠ તો એવો આવશે અહીં. પણ એનો આશય શું? સમ્યગ્દર્શન એટલે પરિપૂર્ણ એવી વસ્તુ છે (એનું) નિષ્ક્રિય નિર્મળ સમ્યગ્દર્શન થયું. ત્યારે એ સમ્યગ્દર્શનનું ધ્યાન કરવું એટલે સમ્યગ્દર્શનનું ધ્યેય જે દ્રવ્ય છે એનું ધ્યાન કરવું એ સમ્યગ્દર્શનનું ધ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઝીણું ભારે, ભાઈ! આ વ્રત કરવા કે

તપ કરવા કે... 'ભગવાનજીભાઈ'! અપવાસ કરવા, કંદમૂળ ન ખાવું, ચોવિહાર કરવા. ભાઈ! હવે મૂકને એ તો વિકલ્પની ક્રિયા છે બહારની. 'ઉત્તમચંદભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- માહાત્મ્ય બહુ થાય છે.

ઉત્તર :- બહુ માહાત્મ્ય થાય છે. સાચી વાત છે. ઘણે ઠેકાણે અત્યારે વરસાદ બહુ આવ્યો ને એટલે ઠંડક રહી એટલે મહિના મહિનાના અપવાસ ઘણાએ કરેલા છે. સ્થાનકવાસીમાં ઘણા.

મુમુક્ષુ :- ... કર્યા.

ઉત્તર :- ... કરેલું. વરસાદ સારો આવ્યો એટલે બહુ તકલીફ ન પડે. પાણી પીવે તોપણ. બહારની બહુ ગરમી ન હોય એટલે કંઈ વાંધો નહિ. અપવાસ થાય, વળી ઠંડી રહે અને વળી માસખમણ એક મહિનાના અપવાસ. લાંઘણું છે. અને એમાં મિથ્યાત્વનું પોષણ છે. એને ધર્મ માને. મેં આહાર છોડ્યો એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહારનો ધણી હતો તે તેં છોડ્યો? એ તો જડ છે. એને અજીવનું પણ જ્ઞાન નથી. અજીવ છોડ્યો છોડે નહિ અને આવ્યો આવે નહિ. એ તો એને કારણે છૂટે. એને જીવનું જ્ઞાન નથી કે જીવ અજીવને છોડી શકે નહિ. બરાબર હશે? 'રતિભાઈ'! તમારા ગામમાં થયું હશે કે નહિ?

મુમુક્ષુ :- ઘણાં થયા છે.

ઉત્તર :- ઘણાં થયા છે.

મુમુક્ષુ :- દ્રવ્યે લાભ અને ભાવે લાભ...

ઉત્તર :- એમ કે દ્રવ્યે લાભ શરીરમાં પણ નિરોગતા રહે અને ભાવે લાભ તપસા નિર્જરા થાય. ધૂળેય થાય નહિ, સાંભળને! હજી આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ સમ્યક્ થયું નથી એને રાગનું સ્વામીપણું મટે નહિ અને પરવસ્તુના ત્યાગ-ગ્રહણનું ધણીપતું ટળે નહિ. સમજાણું કાંઈ? અમે આહાર છોડ્યો. આહાર તો જડ છે. તારામાં પેઠો હતો? પેસી ગયો હતો તે છોડ્યો? એ મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વભાવ સેવે અને માને કે અમારે તપસ્યા થઈ, અમને નિર્જરા થઈ. અનાદિથી ઊંધું એમ જ માર્યું છે ને એણે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્રિયાકોષ ગ્રંથ છે ને.

ઉત્તર :- ગ્રંથ છે. ગ્રંથ છે ક્રિયાકોષ. એ તો સમ્યગ્દર્શનના ભાનમાં રાગની મંદતાના વિકલ્પ કેવા હોય એની ત્યાં વાત છે. ઠીક શેઠ પણ બરાબર યાદ રાખે છે. એમ કે ક્રિયાકોષ છે ને. વાત સાચી. છે ને ક્રિયાકોષ છે આપણે કીર્તનદાસનો ક્રિયાકોષ છે બધું છે અહીં. બધું વાંચ્યું છે. ગ્રંથો બધા પડ્યા છે એકે એક. બધા ગ્રંથ આખા જોયા છે. ચિહ્ન પણ કર્યા હોય ત્યાં પણ આ સમ્યગ્દર્શનની ક્રિયા વિના બીજી ક્રિયાકોષની, રાગની મંદતા આવી ક્યાંથી? સમજાણું કાંઈ?

અહીં આચાર્ય ભગવાન 'કુંદકુંદાચાર્ય' એ વાત કરે છે, જુઓ! '**गहिऊण य सम्मत्तं**' કે પહેલું શ્રાવકે સમકિત ગ્રહણ કરવું. અને એ સમકિત ગ્રહણ કેમ થાય? સમજાય છે? '**झाणे झाइज्जइ सावय**' એ આત્મા ધ્યાન કરવા લાયક છે એનું ધ્યાન કરે તો સમકિત થાય. અને પછી પણ એનું ને એનું ધ્યાન કરે. પછી પણ વ્રત પાળવા, વિકલ્પ કરવા અને એનાથી પછી

નિર્જરા થાય એમ નહિ. એમ સિદ્ધ કરે છે અહીંયાં. આહા..! શું કહે છે? જુઓને! '**झाणे झाइज्जइ सावय दुक्खक्खयट्ठाण**' '**सम्मतं**' સમકિતનું ધ્યાન કરવું. પાઠ તો એમ છે. પણ એનો અર્થ એ. સમ્યગ્દર્શન, જેમાં પ્રતીતમાં, અનુભવમાં આત્મા આવ્યો છે. એ જ્ઞાયક પૂર્ણ અભેદ ચિદાનંદ આત્મા, એનું જે પર્યાયમાં પ્રતીત અને નિર્વિકલ્પ શ્રદ્ધા વર્તે છે, એ વિકલ્પ શ્રદ્ધાપર્યાયનું ધ્યાન કરવા જતાં દ્રવ્યનું જ ધ્યાન થાય છે. સમજાણું કાંઈ?

'**સમ્યક્ત્વકો ગ્રહણ કરકે ઉસકા ધ્યાન કરે,...**' પાઠ તો એમ છે ને? સમકિતનું ધ્યાન કરવું. એનો અર્થ એ. સમકિત તો પર્યાય છે. સમકિત પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો છે. એટલે એ સમકિત પર્યાયનું ધ્યાન કરવા, પર્યાયમાં એકાગ્ર થવા જતાં દ્રવ્યમાં એકાગ્ર થાય છે એ. પર્યાયમાં એકાગ્ર ક્યાંથી થતો હતો? સમજાણું કાંઈ? ભારે વાત!

મુમુક્ષુ :- એકાગ્ર થવું એ જ સમ્યક્ત્વ છે?

ઉત્તર :- હા. એ તો ઠીક પણ પાછું... ઈ બીજી વાત છે. અહીં તો સમકિતનું ધ્યાન કરવું એમ કહ્યું છે ને? સમકિત તો પર્યાય છે. પર્યાયનું ધ્યાન શી રીતે કરવું? પાઠ તો આવો છે. એનો અર્થ કે સમ્યગ્દર્શને જે દ્રવ્યને પકડ્યું અને અનુભવ કર્યો છે એનું ને એનું ધ્યાન કરવું. જે પહેલું દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન થયું તેનો ને તેનો આશ્રય ફરીને લેવો એમ કહે છે. પરને આશ્રયે કાંઈ આત્માને કર્મનો ક્ષય થતો નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ઝીણી. કોના અર્થે એનું ધ્યાન કરવું? કે દુઃખના ક્ષયને અર્થે. કર્મના ક્ષયને અર્થે ભાષા નથી વાપરી.

જે ઉદયભાવ દુઃખ છે, ઉદયભાવ આકુળતા, રાગ-દ્વેષ આકુળતા. દેખો! પુણ્ય અને પાપના ભાવ બેય આકુળતા દુઃખ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે, આનંદનું ધામ છે, આનંદનું શાશ્વત સ્થાન છે. એવો આત્મા એને અંતર્મુખ થઈને અનુભવ કરીને સમ્યક્ત્વ પ્રગટ કરવું. આહાહા..! અને એનું ને એનું ધ્યાન કરવું. એમ કહેવું છે મૂળ તો. જેવું સ્વદ્રવ્યને આશ્રયે સમ્યક્ત્વ થયું પછી પણ એણે ઉગ્રપણે સ્વદ્રવ્યનું ધ્યાન આશ્રય કરવો. બીજી કોઈ પર્યાયનો આશ્રય કે વિકલ્પને આશ્રયે કંઈ ધ્યાન થતું નથી. આહાહા..! શું થાય? જગતને મૂળ વાતમાં પહેલેથી ફેર પડી ગયો છે. સમકિત-બમકિત કાંઈ નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમકિત. હવે મુંડાવ. પંચમહાવ્રત લઈ લ્યો. પછી રખડો અણુવ્રતના આંદોલન કરવા.

મુમુક્ષુ :- એ જ પ્રકારનો ઉપદેશ છે.

ઉત્તર :- એ જ પ્રકારનો ઉપદેશ છે. 'પ્રકાશદાસજી'એ તો બધો અનુભવ કર્યો છે ને? એ ચાલે છે. મૂળ વાતની ખબર નથી.

પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની એ ત્રણકાળ ત્રણલોકને જાણ્યા, એવા પરમાત્માની વાણીમાં શ્રાવકને પહેલું શું કરવું એ આ 'કુંદકુંદાચાર્ય' કહે છે આ આવે છે, ભાઈ! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા આનંદનું ધામ છે, અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એને રાગની કિંમત આવે છે, નિમિત્તની કિંમત આવે છે અને બહુ તો એક સમયના ઉઘાડની કિંમત આવે છે, પણ એ વસ્તુની કિંમત આવતી નથી. સમજાણું કાંઈ? તેથી કહે છે કે પહેલું વસ્તુનું માહાત્મ્ય કર અને વસ્તુની કિંમત કર. એ વિના બધી વાતું થોથા છે તારા. આહાહા..!

સમજાણું કાંઈ?

'**દુઃખકા ક્ષય કરનેકે લિયે...**' ભાષા વાપરી છે, જોયું! કર્મના ક્ષય અર્થે અહીં શબ્દ વાપર્યો નથી. એનો અર્થ કે પુણ્ય અને પાપના બે વિકલ્પો છે એ દુઃખ છે, આકુળતા છે. એણે આત્માના ધ્યાન દ્વારા એ આકુળતાનો નાશ કરવો, બીજી રીતે થતો નથી. સમજાણું કાંઈ? શ્રાવકને આ તો કહ્યું. 'પ્રવચનસાર'માં કહ્યું એ બધું ત્યાં આવ્યું. શ્રાવકને શુભભાવથી મોક્ષ પરંપરા થાય છે. એ તો ચરણાનુયોગની વાતમાં નિમિત્તની વાત કરી છે. એને શુભભાવ વધારે હોય છે અશુભ ટાળવા માટે, એમ. પણ શુભભાવ પોતે શું નિર્જરાનું કારણ છે?

અહીં તો પુણ્ય અને પાપના બેયના વિકલ્પો છે એ બધા દુઃખ છે, આકુળતા છે. ભગવાન તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે. એવા આનંદના ધામની જેણે શ્રદ્ધા-જ્ઞાન કર્યા એને આનંદના ધામનો જ આશ્રય વિશેષ કરવો. એનાથી દુઃખનો નાશ થાય છે. આહાહા..! ભારે! કહો, સમજાણું કાંઈ? ઓલા ક્રિયાવાળા ભડકે. અમારા શેઠે ક્રિયાકોષ યાદ કર્યો ને? ક્રિયા કરવાની છે ને? ક્રિયાકોષમાં આવે છે ને બધો વિસ્તાર? એમ. વાત સાચી.

મુમુક્ષુ :- .. એ જ વાંચ્યું છે.

ઉત્તર :- એ જ વાંચ્યું છે, બસ. પણ પહેલું છોડે કોને? આત્મામાં પરના ગ્રહણ ત્યાગનો અભાવ છે. એને આત્મા કહીએ. આત્મા રજકણને ગ્રહે અને રજકણને છોડે એવું આત્મામાં છે નહિ. એ તો સચ્ચિદાનંદ મૂર્તિ જ્ઞાનનો પિંડ આત્મા છે. એ રજકણ પકડ્યો છે તો રજકણને છોડે? આહાર એણે ગ્રહ્યો છે તો આહારને છોડે? એ તો પરચીજ છે. આહાર ગ્રહ્યો હતો તો હવે છોડું છું એ તો પર્યાયબુદ્ધિ-પરના સ્વામીપણાની બુદ્ધિ થઈ. એને ચૈતન્યના સ્વામીપણાની ખબર નથી. સમજાણું કાંઈ? વાત સાચી. ઓણ વરસાદ ઘણો ને ચારે કોર. બહુ વરસાદ. ૪૦-૪૦ ઈંચ. ઓલા એક જણ ભાઈ કહેતા હતા કાલે. કેવું તમારું ગામ? 'સિયાણી' ૬૫ ઈંચ. 'હિંમતભાઈ'ના સાળા આવ્યા હતા. ૬૫. ગામડું. 'સિયાણી' 'ભલગામ' બધા જોયા છે ને. 'લીંબડી' પછી. 'સિયાણી'માં પોર હતો ચાર ઈંચ, ઓણ આવ્યો ૬૫ ઈંચ. .. કહેતા હતા કાલે. 'સિયાણી, લીંબડી' 'લીંબડી' છે ને? ત્યાં નાનું ગામ છે. ૬૫ ઈંચ વરસાદ. ગયા વર્ષે ચાર ઈંચ. 'રવિન્દ્ર'ના મામા આવ્યા હતા કાલે. એણે કહ્યું હતું. ચાર ઈંચ પોર. ઈ રહેતા હશે ત્યાં.

મુમુક્ષુ :- એ બેંકમાં મેનેજર છે.

ઉત્તર :- મેનેજર છે? હા. ઠીક. 'સિયાણી'માં ઠીક. આવ્યા હતા. ઓણ આવ્યો ૬૫ ઈંચ. ૬૫ ઈંચ વરસાદ. એ તો પરમાણુનું પરિણમન છે. એને કયે કાળે કેમ પરિણમવું એ કાંઈ કોઈને આધીન છે?

અહીં તો કહે છે કે એ બધી વિકલ્પની લાગણી છોડ. આ આવ્યું ને ગયું એ બધું ધૂળેય નથી કાંઈ. સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીતરાગ પરમાત્મા કેવળજ્ઞાનથી જોઈને દિવ્યધ્વનિમાં શ્રાવકને પહેલું શું કરવું એ આવ્યું છે આ. સમજાણું કાંઈ? આમ તો શ્રાવક એટલે શ્રવણ કરવું. પણ શું શ્રવણ કરવું? કે આવી વાત શ્રવણ કરવી. એમાં અર્થ છે શ્રાવકને શ્રવણ કરવું. એમાં છે. શ્રાવક ને શ્રવણ આવે છે ને? શ્ર-શ્રવણ, વ-વિવેક, ક-કરવું.

એવા ત્રણ બોલ આવે છે. શ્રાવક-શ્ર. શ્રવણ કરવું. શું? વીતરાગની વાણી, અભેદ સ્વરૂપને બતાવે તે વાણીને એણે શ્રવણ કરવી. અને પછી વ એટલે વિવેક કરવો. રાગથી ભિન્ન આત્માને પાડીને આત્માની દૃષ્ટિ કરવી અને પછી સ્વરૂપમાં ઠરવું એ ક-ક્રિયા.

મુમુક્ષુ :- ક-કરણી.

ઉત્તર :- હા, એ કરણી આ. શેનું કરવું બીજું? એ તો આવ્યું નહોતું આપણે? નહોતું કહ્યું? શેઠ! એમાં જ કહ્યું હતું ને? બતાવ્યું નહોતું? બતાવ્યું હતું. કરણી, હિતહરણી સદા. નહોતું આવ્યું? એય..! શેમાં? મોક્ષમાં? સર્વવિશુદ્ધમાં આવ્યું હતું. પ્રતિક્રમણની ક્રિયા? સર્વવિશુદ્ધ અધિકારનો. યાદ કર્યું ને શેઠે.

જુઓ! એ તો આવ્યું હતું. '**करनी हित हरनी सदा, मुकति वितरनी नांहि**' કરણી વિકલ્પની ક્રિયા એ બધી હિતની હરનારી છે. રાગ છે. મોક્ષમાર્ગમેં ક્રિયાકા નિષેધ. સર્વવિશુદ્ધ અધિકાર. ૯૬મો શ્લોક છે. '**करनी हित हरनी सदा, मुकति वितरनी नांहि**' મુક્તિને આપનારી નથી. '**गनी बंध-पद्धति विषै,**' બંધ પદ્ધતિમાં એને ગણી. '**सनी महादुखमांहि**' મહાદુઃખથી સની છે એ તો. લિપ્ત છે. એ પુણ્ય પરિણામ ક્રિયાકાંડના એ મહાદુઃખથી લિપ્ત છે. એય..! 'નવરંગભાઈ'! '**करनीकी धरनीमें महा मोह राजा बसै,**' શેઠ પણ ઠીક યાદ રાખે છે. પજોસણમાં આમ કરો, આમ કરો એ જ ચાલે છે. '**करनीकी धरनीमें महा मोह राजा बसै,**' કર્તાબુદ્ધિ એમાં થાય, રાગ મિથ્યાત્વ થાય. '**करनी अग्यान भाव राकिसकी पुरी है।**' સમજાણું? શરીર પુદ્‌ગલની મૂર્તિ રાક્ષસનું નગર છે. અજ્ઞાનભાવ તો રાક્ષસનું નગર છે. આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ એમાં એ શુભવિકલ્પની ક્રિયા રાક્ષસ-રાક્ષસ છે. આત્માની શાંતિને ખાઈ જાય એવો શુભભાવ છે એમ કહે છે. '**करनी करम काया**' એ શુભભાવની ક્રિયા તો કર્મની કાયા છે, આત્માની નહિ. '**पुग्गल की प्रतिछाया**' એ તો પુદ્‌ગલની છાયા છે. આત્મા નહિ. આત્મા ક્યાં આવ્યો શુભભાવમાં? '**करनी प्रगट माया मिसरीकी छुरी है।**' સાકર લપેટી છરી. સાકરને? છુરી. '**करनी के जालमैं उरझि रह्यो चिदानंद, करनीकी वोट ग्यानभाव दुति दुरि है।**' રાગની પર્યાયમાં લીન થતાં એનો સ્વભાવ ત્યાં ઢંકાઈ જાય છે. એને રાગની ઓટમાં સ્વભાવ નજરે આવતો નથી. '**आचारज कहे करनी सौ विवहारी जीव, करनी सदैव निहचे सुरूप बुरी है।।९७।।**'

'**अमृषा मोहकी परनति फैलीं। तातैं कर्म चेतना मैली।।**' એ શુભભાવ કર્મચેતના. '**ग्यान होत हम समझी एती। जीव सदीव भिन्न परसेती।।९८।।**' એનાથી-રાગથી તદ્દન ભિન્ન છે. '**मैं त्रिकाल करनीसौं न्यारा। चिदविलास पद जग उजयारा।। राग विरोध मोह मम नांही। मेरौ अवलंबन मुझमांही।।१००।।**' મારું અવલંબન મારામાં. રાગ બાજુનું અવલંબન મને લાભદાયક નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ કળશ-કળશ. આ ... આપણે આવે ..

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ કીધું. .. કહ્યું ને. બપોરે ચાલે છે ને ૧૪૮ પ્રકૃતિ? એમાં ... એના ઉપર. ૩૭ નંબર છે. સમજાય છે કાંઈ? 'બનારસીદાસ'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો શ્રાવકને લઈને ઉપદેશ છે. શું કહે છે? શું લખ્યું?

મુમુક્ષુ :- ત્યાગી છે તો ઉપદેશ દે.

ઉત્તર :- ત્યાગી હોય એ ઉપદેઈ દે પણ શ્રાવકને આ ઉપદેશ સાંભળવો અને આ કરવું ને? એમ કહે છે. ઓલા ઉપદેશ મને આવો દેતા નથી એમ કહે છે. એમ કે ત્યાગી અમને આવો ઉપદેશ દેતા નથી. પણ ભગવાન આવું કહે છે કે નહિ? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- શ્રાવક પહિલે તો નિરતિચાર નિશ્ચલ સમ્યક્ત્વકો ગ્રહણ કરકે ઉસકા ધ્યાન કરેં, ઈસ સમ્યક્ત્વકી ભાવનાસે...**' જુઓ! ભગવાનઆત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદનું ધામ, અતીન્દ્રિય રસનો સાગર એવો ભગવાનઆત્મા છે. એ આનંદને બહારમાં ગોતવા જાય છે એ મૂર્ખ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે મોક્ષહરણી 'જયચંદ્ર પંડિતે' બહુ સારુ લખ્યું છે. '**સમ્યક્ત્વકી ભાવનાસે ગૃહસ્થકે ગૃહકાર્ય સંબંધી આકુલતા, ક્ષોભ, દુઃખ હેય હૈ વહ મિટ જાતા હૈ,...**' સમજાણું? સમકિતની ભાવનાથી ગૃહસ્થને ગૃહકાર્ય સંબંધી આકુળતા, ક્ષોભ, દુઃખ હોય એ મટી જાય. આ ગૃહસ્થાશ્રમમાં રહેલાની વાત છે.

કેમ? કે '**કાર્યકે બિગડને-સુધરનેમેં વસ્તુકે સ્વરૂપકા વિચાર આવે તબ દુઃખ મિટતા હૈ.**' બગડે-સુધરે શું? વસ્તુનો સ્વભાવ (એવો છે) એમાં હું શું કરું? આ દિકરો મરી ગયો, શરીરમાં રોગ આવ્યો. પણ એ તો વસ્તુનો સ્વભાવ છે. એમાં કરવું ક્યાં? '...ભાઈ'! આ વીસ વર્ષનો ઉછરી ઉછારી કરીને, ખર્ચી કરીને પરીક્ષા એલ.એલ.બી.ની છેલ્લી આપી. મોટી પરીક્ષા એક તો કહેતો હતો. આ શું કહેવાય તમારે મોટી પરીક્ષાને?

મુમુક્ષુ :- આઈ.પી.એસ.

ઉત્તર :- આઈ.પી.એસ. અહીં માસ્તર એક આવ્યા હતા ને? હિન્દુસ્તાનના પંડિત. આઈ.પી.એસ.ની પરીક્ષા આપી છોકરાએ. પૂરી. આઈ.પી.એસ.ની મોટી હશે. આઠ દિ'એ મરી ગયો. પરીક્ષા હતી આપીને આઠ દિ'એ મરી ગયો. આહાહા..! એક કો'ક આવ્યું હતું નહિ આપણે? ક્યાંના હતા?

મુમુક્ષુ :- હિન્દી એક આવ્યા હતા.

ઉત્તર :- હિન્દી આવ્યા હતા. ડોસા. માસ્તર હતા, માસ્તર હતા. કહે, અમારી પાસે શીખ્યો અને પછી વિલાયતમાં પરીક્ષા પણ આપી. આપી અને આઠમે દિ'એ તો મરી ગયો. કેની પરીક્ષા? ધૂળની? સમજાણું? શ્રાવકને આ વસ્તુનો વિચાર આવતા એવો એક દિકરો એકનો એક હોય અને આવું હોય તોપણ વસ્તુનો સ્વભાવ છે. એમ કરીને એને સમતા રહે. કહો, સમજાણું કાંઈ? જુઓને! આપણા આ 'મનસુખભાઈ' નહિ? 'ભાવનગર'વાળા. હમણા તો 'વઢવાણ' ગયા હતા. હમણા 'વઢવાણ' ગયા હતા. આવ્યા હતા. પાંચ છોકરી

અને એક જ છોકરો. ૫૪ વર્ષની ઉંમર પોતાની. એક જ છોકરો ૧૯ વર્ષનો. ‘મનસુખભાઈ’ આવે છે. ત્યાં ‘પોરબંદર’માં. તમે તો ક્યાં હતા? ‘પોરબંદર’ ગયા હતા. ‘વઢવાણ’ રહી ગયા હતા. ૫૪-૫૫ વર્ષની ઉંમર છે. પાંચ છોકરીઓ. મોટી છોકરી પરણાવી. છોકરો ત્યાં રહે છે. ગાંડી થઈ ગઈ. એટલે અહીં ઘરે રાખી છે. ચાર છોકરી અને એમાં આ એક છોકરો ૧૯ વર્ષનો. કાંઈક નાકનું, શું કહેવાય નાકનું? કાંઈક હશે. તો કહે, ચાલ ડોક્ટર પાસે કરાવીએ. નાકનો ભાગ હશે. ૧૯ વર્ષનો જુવાન. કાંઈ નહિ આમ. ડોક્ટર પાસે ગયા. કાંઈક કરો ઓપરેશન. નાકનું કાંઈક હશે. આ નાકના રહ્યા સર્જન. હાડકું વધતું હશે. એ ડોક્ટર પાસે ગયા અને કાંઈક આપ્યું ત્યાં ઉપડ્યો. ખતમ. એકનો એક ૧૯ વર્ષનો. ડોક્ટર કહે કે કોણ છે એના મા-બાપ? શું કહેવું છે તમારે? કે આ થયું. કહ્યું એમાં અમને કાંઈ હરખ-શોક છે નહિ. તરત એનો બાપ ડોક્ટરને જવાબ દે છે. ડોક્ટર કહે આહા..! આ એકનો એક દીકરો, કોણ છે બાપ? હું છું. શું છે? સ્થિતિ પૂરી થઈ ગઈ. સમાધાન કરો. સમાધાન કરવાનું અમારે નથી. આત્મા સમાધાન સ્વરૂપ છે. એમ જવાબ આપ્યો. એય..! ‘મનસુખ’ અહીં આવે છે, નહિ? રવિવારે કોઈ વખત આવે. કાલે હતા, કાલે હતા. ‘વઢવાણ’ ગયા હતા. ‘વઢવાણ’ નહિ, કાંપ.. કાંપ. પહેલાં અમે (સંવત) ૧૯૯૯માં આવ્યા ત્યારે એને સાકરનું કારખાનું હતું. ત્યાં ઉતર્યા હતા. ‘રતિભાઈ’ ક્યાં ગયા? ‘ચીમનભાઈ’! ‘ચીમનભાઈ’ નથી? ઓલું કારખાનું નહોતું પાછળ? ત્યાં ઉતર્યા હતા ને? ૧૯૯૯માં ત્યાં ઉતર્યા હતા. સાકરનું કારખાનું હતું. ડોક્ટર ઓલો થઈ ગયો. ડોક્ટર કહે પણ આ પા કલાકમાં, હોં! હાલતો-ચાલતો. કાંઈ નહિ. ફક્ત .. એકદમ શું થયું કોણ જાણે ગુજરી ગયો. ડોક્ટરને આમ ત્રાસ થઈ ગયો કહેવું શી રીતે? આ છોકરો જુવાન, ૧૯ વર્ષનો જુવાન. કોણ છે આના સગા? શું કહેવું છે તમારે? ફેલ થઈ ગયું છે. કાંઈ અમને છે નહિ. અમને કાંઈ છે નહિ, ડોક્ટર! દિલગીર થશો નહિ. ડોક્ટરને કહે છે, દિલગીર થશો નહિ. થવા કાળે થાય છે. એ પર્યાય ક્રમબદ્ધમાં આવી એને ફેરવે કોણ? એય..! ‘ચંદ્રકાંતભાઈ’!

જુઓ! એને શ્રદ્ધા અને જ્ઞાનનું ભાન હોય તો ‘**કાર્યકે બિગડને-સુધરનેમેં વસ્તુકે સ્વરૂપકા વિચાર આવે તબ દુઃખ મિટતા હૈ.**’ એ તો વસ્તુની સ્થિતિ જેવી હતી એમ થાય. એમાં બીજું શું થાય? ઈન્દ્ર-નરેન્દ્ર પણ કોઈને એક સમય રાખી શકે છે? શું છે? સમજાણું કાંઈ? શ્રદ્ધા હોય હજી વ્યવહારની તોપણ એવી સમતા હોય છે. સમ્યગ્દર્શનમાં તો ત્રિકાળ ત્રિકાળ. એ ચીજની સ્થિતિ જ એવી છે. અરે..! પણ આ પેદા કર્યા પાંચ લાખ ને ચોર ઉપાડી ગયો સવારમાં. ક્યાંથી ખબર પડી? એ સ્થિતિ વસ્તુની એવી છે. જે વસ્તુની સ્થિતિ ત્યાં જવાની હતી એમાં કોઈ ફેરફાર કરી શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એલા..! પણ કાલે પાંચ પેદા કરીને આવ્યા, હિરા-માણેક મૂક્યા છે આમાં. ખબર કોને પડી ગઈ? સવારે ઉઘાડે તો કાંઈ ન મળે. ઓલો દિકરાનો દાખલો આપ્યો, આ પૈસાનો દાખલો. જરી સૂતો હોય ખાય-પીને નિરાંતે પોતે. સવારમાં જ્યાં ઊઠે ત્યાં એકદમ અરે..! આ શું થયું? શું કીધું?

મુમુક્ષુ :- સવારે ઉઠે તો વયો ગયો.

ઉત્તર :- તે થઈ રહ્યું. હાય-હાય અરે..! આ શું થઈ ગયું? આ હાથ ચાલતો નથી.

શરીરની અવસ્થા તે કાળે તે જ થવાની એમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. સમ્યગ્દર્શન હોય તો વસ્તુ બગડવા-સુધરવાનો ખેદ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'કાર્યકે બિગડને-સુધરનેમેં વસ્તુકે સ્વરૂપકા વિચાર આવે...'** દેખો! બગડવું-સુધરવું એટલે શું? એ તો એ સમયની પર્યાય... આહાહા..! જડની અવસ્થા જડને કારણે થવાની હોય એ થાય. 'ભગવાનજીભાઈ'! આહાહા..! કુદરતે એવું થાય કે બે-પાંચ લાખનો માલ હોય, ત્યાં સળગે, વીમાવાળો ભાંગે. અહીં બહાર પડે દુકાળ, પાંચ લાખની ઉઘરાણી હોય એ જાય. અને શરીરમાં ધડાકા લાગતા રોગ આવે. છોકરો બિમાર પડે, છોડી રાંડે. છોડી મરી જાય એનો વાંધો નહિ. વીસ વર્ષની આમ છ મહિને પરણાવેલી રાંડે. હાય-હાય શું થયું? પંદર દિ'એ રાંડે, મરી જાય છે ને. ઈ કહે છે કે સમાધાન કરી શકે જો સમ્યગ્દર્શન હોય તો. સમજાણું કાંઈ? એકનો એક દિકરો ચાલ્યો જાય અને તે પંદર-સોળ વર્ષની મૂકીને કાચા સાઠા જેવી. હાય-હાય. હાય-હાય શું છે? સાંભળને. આનંદ છે કહે ને. હાય-હાય ક્યાં માંડી તેં આ? વસ્તુનો સ્વભાવ છે એવો. એ સમયે એ થવાનું હતું. કર ને સમાધાન. પંડિતજી! અજીવની પર્યાય એ થવાની હતી, ભાઈ! એ કાંઈ નવી થઈ નથી.

**'વસ્તુકે સ્વરૂપકા વિચાર આવે તબ દુઃખ મિટતા હૈ.'** દુઃખ કેવું? અમે તો આનંદમૂર્તિ છીએ, આનંદના ધામ છીએ. કોઈપણ ક્ષેત્ર-કાળ-ભાવમાં અમને દુઃખ છે નહિ. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, હોં! આ એની વાત ચાલે છે. અકસ્માત થઈ જાય, ફેરફાર થઈ જાય, બધું ફરે, ભાઈ! સમજાણું? **'સમ્યગ્દષ્ટિકે ઈસપ્રકાર વિચાર હોતા હૈ કિ-વસ્તુકા સ્વરૂપ સર્વજ્ઞને જૈસા જાના...'** દેખો! લ્યો આવ્યું ભાઈ! આ તો ઓલા કહે છે. સર્વજ્ઞે દેખ્યું એમ થાય એમ ક્યાં તમે આશરો લ્યો છો? એમ કહે છે ને એ લોકો? ક્રમબદ્ધ થાય. કેમ સર્વજ્ઞે દીઠું એમ થાય એ શું કરવા કહો છો. સાંભળને હવે.

મુમુક્ષુ :- એ તો મૂળ વાત છે.

ઉત્તર :- એ તો મૂળ વાત છે.

**'સમ્યગ્દષ્ટિકે ઈસપ્રકાર વિચાર હોતા હૈ કિ-વસ્તુકા સ્વરૂપ સર્વજ્ઞને જેસૈ જાના વૈસા નિરંતર પરિણમતા હૈ...'** ભગવાને જેવું જ્યાં પરિણમન દેખ્યું ત્યાં પરિણમન એને લઈને થાય છે. એમાં ફેરફાર કરવાને કોઈ સમર્થ નથી. 'જે જે દેખી વીતરાગને તે તે હોંશી વીરા.' એ આવે છે કે નહિ?

મુમુક્ષુ :- અનહોની હોને...

ઉત્તર :- 'અનહોની કબહુ ન હોવે કાહે હોત અધિરા, કાહે હોત અધિરા?' એ 'ભૈયા ભગવતીદાસ'નું છે. પુસ્તક છે અહીંયાં. એમાં છે. 'જે જે દેખી વીતરાગને, તે તે હોંશી વીરા રે. અનહોની કબહુ ન હોસે કાહે તું હોત અધિરા રે.' શેનો અધિરો થા છો? નવું થાય છે તારે માટે? જગતની જડ અને ચૈતન્યની પર્યાય ભગવાને દીઠી તે પ્રમાણે થાય. ઘટે ન બઢે. એ છે ને એમાં? સમજાય છે કાંઈ? એનું પણ ખોટું ઠરાવે. માળા! જુઓ! પણ એમાં આમ કહ્યું છે. પછી પાછળની કડી નાખે. એમ કરીને સમતા રાખ એમ કહે છે. જુઓ! સમતા રાખવાનો પ્રયત્ન કર્યો કે નહિ? ત્યાં ક્યાં ક્રમબદ્ધ આવ્યું? વળી એમ કીધું ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- એ જ ક્રમબદ્ધ છે.

ઉત્તર :- અરે..! પણ એ જ ક્રમબદ્ધ છે ત્યાં.

મુમુક્ષુ :- ભાવ...

ઉત્તર :- હા, ઠીક કહે છે. એમ નહિ. જે થયું તે તેમ જ થવાનું છે. એમાં બીજી કાંઈ વાત હતી નહિ. એમ. ઉપાય કરે પણ ન થાય તોપણ સમાધાન રાખે એમ કહે છે. પહેલા તડફડિયા મારે કરવાના. પછી ન થાય તો કાંઈ નહિ. એ ક્યાં સમાધાન રાખ્યું?

મુમુક્ષુ :- એ તો હારી ગયો છે.

ઉત્તર :- એ તો હારી ગયો એટલે. પહોંચ્યો નહિ. એને પહોંચી શક્યો નહિ. નહિતર તો મારે આમ થવા દેવું હતું, આમ થવા દેવું હતું. શું થાય? જડની ક્રિયા દેહની, વાણીની જે અવસ્થા જે કાળે જેમ થવાની એમ થાય. એને તું રોકી શકે નહિ અને ટાળી શકે નહિ. કહો, 'રતિભાઈ'! આવું સમકિતના મહાત્મ્યમાં વસ્તુના સ્વભાવનો વિચાર આવતા તેને સમાધાન અને શાંતિ થાય. આહાહા..!

બબ્બે લાખ રૂપિયા ખર્ચીને 'અમેરિકા' મોકલ્યો હોય અને મોટી પરીક્ષા આપીને પાંચ હજારનો પગાર દેતો હોય. ત્યાંથી ઉતરતા ક્યાંક પડ્યો બોટમાંથી હેઠે. ઉતરતા પડ્યો દરિયામાં. હાય-હાય. આ વડિયા દરબારને થયું હતું ને? આ વડિયા નહિ તમારા? એ દરબાર દરિયામાં .. દરિયામાં કો'કે નાખી દીધા હતા. આ દરબાર એનો બાપ હતા એ. આપણે વ્યાખ્યાનમાં આવતા ને એ દરબાર? એ ગુજરી ગયા. એ ગુજરી ગયા પણ એનો બાપ હતા એ. જતા હતા 'મુંબઈ'. ગમે તેમ થયું. દરિયામાં કોઈકે.. દરબાર હતા. બધા હોંશિયાર, હોં! સંસારના ડાહ્યા હતા બહુ. ઈ એક, આ 'કલાપી'. 'લાઠી'નો દરબાર. એ હોંશિયાર કહેવાય લૌકિકમાં. અને ત્રીજા આ 'રાજકોટ'વાળા 'બગસરા'ના. ત્રણે ભાઈબંધ હતા. ત્રણે ભાઈબંધ હતા, મિત્ર હતા. 'રાજકોટ'વાળા તો અમારી પાસે બહુ આવતા ને. અહીં આવતા. ત્યાં અમે ગયા હતા. એના ગામમાં ગયા હતા ને. 'વડાળા'. આહાહા..! મડદું હાથ ન આવ્યું દરબારનું. કોણે કેમ ધક્કો માર્યો કે શું થયું દરિયામાં. થવાનું હતું એમ. નવું થયું નથી. બીજો તો નિમિત્ત માત્ર કહેવાય છે. એ થવાની ક્રિયા તો એ જ થવાની હતી. હાય-હાય. છેલ્લા મોઢા પણ ન જોયા. બાયું વળી એમ વાતું કરે. 'ભીખાભાઈ'! છેલ્લા મોઢા પણ જોયા નહિ. કેમ થયું? અરે..! મડદા જોયા હોત અને પછી બાળ્યા હોત તો વાંધો નહિ. આવા ઓરતા કરે. મૂઢને તે ઓરતાના પાર છે કાંઈ? ગોતી કાઢે. એવી બાયું હોય ને કેટલીક. ધૂળેય નથી, સાંભળને! મોઢા કોના? એ જડના. જડની પર્યાય તે કાળે તેમ થવાની હતી. તારો સગો દીકરો હોય કે ધણી હોય. સમતા. સમકિતી બાઈ હોય, તે સમયે તે પ્રકાર થવાનો એમાં અમને શોક અને હરખ છે નહિ. આહાહા..!

એકદમ અકસ્માત પાંચ-દસ-પચ્ચીસ લાખ પૈસા આવે તો જ્ઞાનીને હરખ નથી. એ વસ્તુની સ્થિતિ છે. કોઈ પડી હશે પુણ્ય પ્રમાણે. સમજાણું કાંઈ? ઘરમાં ખોદતા નીકળે પાંચ કરોડ અને દસ કરોડ. રાજાના દાટેલા કોઈ હીરા નીકળે. કંઈ નથી. એ ચીજ જગતની છે. એ આવી તોપણ શું? મને ક્યાં છે? એમ જેને વસ્તુમાં વિચાર આવતા તેને તે કાળે હરખ નથી

આવતો, પ્રતિકુળતામાં તેને શોક આવતો નથી. એમ છે. એને ધર્મી કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

**'વસ્તુકા સ્વરૂપ સર્વજ્ઞને જૈસા જાના હૈ વૈસા નિરંતર પરિણમતા હૈ...'** નિરંતર જડ અને ચૈતન્યની પર્યાય તે પણે થાય છે. આમાં પણ આવે છે. શ્વેતાંબરમાં પણ આવે છે. દેવચંદજીએ સ્તુતિ કરી ને શીતલનાથની. 'દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ...' પછી ચાર આવે છે ને. ગુણ. 'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતીએ ચાર જી જડ ચેતનની...' શું છે? આજ્ઞા એમ કે .. વિના જડ ચેતનની પરિણતિ થાય નહિ. ભૂલી ગયા. કોઈ ન રોકે.

મુમુક્ષુ :- ત્રાસ વિના.

ઉત્તર :- ત્રાસ વિના. હા. 'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ. રાજનીતિએ ચાર જે. ત્રાસ વિના જડ ચેતન પ્રભુની કોઈ ન લોપે કારકે' કાર-આજ્ઞા. ત્રાસ નથી જડ ચૈતન્યને. એની પરિણતિ જેવી ભગવાને જોયું છે તે પ્રમાણે જડ ચેતનની પર્યાય તે પ્રમાણે પરિણમે. 'ત્રાસ વિના જડ ચેતન પરિણતિ કોઈ ન લોપે.' પ્રભુ! તારી આજ્ઞા કોઈ ન લોપે. આહાહા..! સમજાણું કાંઈ? એમ કરીને પણ સમ્યગ્દષ્ટિ એવા વિચારકાળે સમતા રાખે છે. પ્રતિકુળતામાં શોક નહિ અને અનુકૂળતામાં હરખ નહિ. પણ પ્રતિકુળ-અનુકૂળ કહેવું કોને? એ તો જ્ઞેય છે. એવો વિચાર રાખીને ધર્મીને સમતા રહે છે. સમજાણું?

**'ઈષ્ટ-અનિષ્ટ માનકર દુઃખી-સુખી હોના નિષ્ફલ હૈ. ઐસા વિચાર કરનેસે દુઃખ મિટતા હૈ યહ પ્રત્યક્ષ અનુભવગોચર હૈ, ઈસલિયે સમ્યક્ત્વકા ધ્યાન કરના કહા હૈ.'** લ્યો! શ્રાવકને આવું સમકિત ગ્રહણ કરી અને પછી પણ સમકિતનું ધ્યાન કરવું. એનાથી દુઃખનો નાશ થાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૯૫, ગાથા-૮૭ થી ૮૯, બુધવાર, ભાદરવા વદ ૯, તા.૨૩-૯-૭૦

૮૬ ગાથા થઈ ગઈ. ૮૬માં એમ કહ્યું કે **'झाणे झाइज्जइ सावय'** પ્રથમ શબ્દ મૂક્યો છે ને? પ્રથમનો અર્થ એ. ભલે અંદર પ્રથમ ન હો. પણ શ્રાવક એમ કહ્યું ને? શ્રાવક તારે પહેલું સમકિતનું ધ્યાન કરવું, સમકિત પ્રગટ કરવું. પહેલામાં પહેલું એ છે. **'तं झाणे झाइज्जइ सावय'** શ્રાવક એમ કહ્યું ને પછી? પણ એનો અર્થ કાઢ્યો કે આચાર્ય શ્રાવકને કહેવા માગે છે એમાં આ પહેલું કહેવા માગે છે. એટલે પ્રથમ કાઢ્યું એમાંથી. સમજાણું કાંઈ? શ્રાવકને પહેલાં આ કરવાનું એમ કહે છે.

સમ્યગ્દર્શન **'दुक्खक्खयट्ठाण।'** આવ્યું ને? દુઃખના નાશને માટે સમકિત તે તેને ગ્રહણ કરવું. તે પહેલામાં પહેલો શ્રાવકનો ઉપાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો જન્મતા સમ્યક્ છે.

ઉત્તર :- જન્મતા સમ્યક્ થઈ ગયું. દિગંબરમાં જન્મ્યા એટલે થઈ ગયા ભેદજ્ઞાની. એમ કહે છે. કહે છે ને એક પંડિત? એ કહે છે.

મુમુક્ષુ :- જીવ-અજીવનું તો ભેદજ્ઞાન હોય.

ઉત્તર :- જીવ-અજીવનું ક્યાં ભાન છે? અહીં વિકલ્પ માત્ર અજીવ છે અને ચૈતન્યમાત્ર એકલો આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ છે. અહીં તો બાહ્ય લક્ષણ વર્ણવશે. એવા આત્માની અંતર અંતર્મુખ થઈને, અંતર્મુખ એવું જે આત્મતત્ત્વ, એની નિશ્ચલ મેરુના પેઠે, ગિરી મેરુ. આવ્યું ને ..ગીરી? નિકંપ સમ્યગ્દર્શન. કોઈ દેવ અને કુદેવ આદિ ચળાવે તોપણ ચળે નહિ. એ પહેલી એ સીખ છે. એમ ત્યાં નથી કહ્યું કે હે શ્રાવક! પહેલી પૂજા કરજે, ભક્તિ કરજે, વ્રત પાળજે. એમ કહ્યું છે? 'કપૂરચંદજી'! જુઓ! આમ, આમ કહ્યું છે.

મુમુક્ષુ :- કરવું શું?

ઉત્તર :- પહેલાં કરવું આ.

દેખો! 'કુંદકુંદાચાર્ય' શ્રાવક. એમ શબ્દ પડ્યો છે. હે શ્રાવક! ભો શ્રાવક એમ છે ક્યાંક. કરવાનું હોય તો તારે પહેલામાં પહેલી ચીજ સમ્યગ્દર્શન અને એનો જે વિષય ધ્રુવ ચૈતન્યમૂર્તિ ભગવાન, એને અંતરમાં નિર્વિકલ્પપણે પ્રતીત કરીને એનું જ ધ્યાન લગાવવું. **'झाइज्जइ'** છે ને? અથવા સમ્યગ્દર્શનનો વિષય-ધ્યેય ધ્રુવ ચૈતન્ય છે તેને પકડીને સમ્યગ્દર્શન જ પહેલી દશા પ્રગટ કરવી. કહો, સમજાણું કાંઈ? અધિકાર મોક્ષમાર્ગનો ચાલે છે. મોક્ષનો. છતાં સમકિતની મુખ્યતા. એ વિના બીજું કાંઈ નથી. સાચુ ને કાચુ બધું કાચું છે.

---

**आगे सम्यक्त्वका ध्यानही की महिमा कहते हैं :–**

## ગાથા-૮૭

**सम्मत्तं जो झायइ सम्माइट्ठी हवेइ सो जीवो।**
**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माणि।।८७।।**

सम्यक्त्वं यः ध्यायति सम्यग्दृष्टिः भवति सः जीवः।
सम्यक्त्वपरिणतः पुनः क्षपयति दुष्टाष्टकर्माणि।।८७।।

**સમ્યક્ત્વને જે જીવ ધ્યાવે તે સુદૃષ્ટિ હોય છે,**
**સમ્યક્‌ત્વપરિણત વર્તતો દુષ્ટાષ્ટકર્મો ક્ષય કરે. ૮૭.**

**अर्थ :–** जो श्रावक सम्यक्त्वका ध्यान करता है वह जीव सम्यग्दृष्टि है और सम्यक्त्वरूप परिणमता हुआ दुष्ट जो आठ कर्म उनका क्षय करता है।

**भावार्थ :–** सम्यक्त्वका ध्यान इस प्रकार है–यदि पहिले सम्यक्त्व न हुआ हो तो भी इसका स्वरूप जानकर इसका ध्यान करे तो सम्यग्दृष्टि हो जाता है। सम्यक्त्व होने पर इसका परिणाम ऐसा है कि संसारके कारण जो दुष्ट अष्ट कर्म उनका क्षय होता है, सम्यक्त्वके होते ही कर्मोंकी गुणश्रेणी निर्जरा होने लग जाती है, अनुक्रमसे मुनि होने पर चारित्र और शुक्लध्यान इसके सहकारी हो जाते हैं, तब सब कर्मोंका नाश हो जाता है।।८७।।

## ગાથા- ૮૭ ઉપર પ્રવચન

હવે કહે છે કે...૮૭. '**સમકત્વકે ધ્યાનહીકી મહિમા કહતે હૈં :-**' ૮૭.

**सम्मत्तं जो झायइ सम्माइट्ठी हवेइ सो जीवो।**
**सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माणि।।८७।।**

ઓલામાં '**दुक्खक्खयट्ठाण।**' હતું. આમાં આઠ કર્મને ખપાવવા સમકિતનું ધ્યાન કરવું (એમ છે).

'**અર્થ :- જો શ્રાવક સમ્યક્ત્વકા ધ્યાન કરતા હૈ...**' કેમ મોડું થયું? પાંચ મિનિટ મોડું થયું. રેલ ખોટી નથી થતી. રેલ ખોટી થાય?

મુમુક્ષુ :- આજકાલ ..

ઉત્તર :- એ આજકાલ નહિ, સદાય ખોટી નથી થતી. બગડે એ જુદી વાત છે.

'**શ્રાવક સમ્યક્ત્વકા ધ્યાન કરતા હૈ...**' પહેલાંમાં પહેલું આચરણ કર્તવ્ય નિશ્ચય સમ્યગ્દર્શન. એ ન પ્રગટ્યું હોય તોપણ એણે પહેલું સમકિતનું ધ્યાન કરવું એમ કહે છે અહીં. '**વહ જીવ સમ્યગ્દષ્ટિ હૈ ઔર સમ્યક્ત્વરૂપ પરિણમતા હુઆ...**' સમકિતરૂપ પરિણમન. અંદર નિર્વિકલ્પ ધ્રુવ સ્વરૂપ... સમજાણું કાંઈ? એવો જે આત્મદ્રવ્ય સ્વભાવ, તેને ધ્યેય એટલે લક્ષમાં લઈ, સમ્યગ્દર્શનનો વિષય બનાવી અને પહેલું સમ્યગ્દષ્ટિ થવું અને પછી પણ '**સમ્યક્ત્વરૂપ પરિણમતા હુઆ...**' એ રૂપે સ્વભાવ સન્મુખનું પરિણમન કરતા કરતા '**આઠ કર્મ ઉનકા ક્ષય કરતા હૈ.**' લ્યો! આટલું વજન 'કુંદકુંદાચાર્યદેવ' મોક્ષપાહુડમાં આપે છે. સમકિતમાં તો-દર્શનપાહુડમાં તો આવી ગયું હતું. સમજાણું કાંઈ? કહો, શેઠ! પહેલું આ કરવું એમ કહે છે. આ દાન કરવા, પૂજા કરવી, ફલાણું કરવું એનાથી સમકિત થઈ જાય એમ નહિ, એમ કહે છે. આહાહા..!

'**ભાવાર્થ :- સમ્યક્ત્વકા ધ્યાન ઈસ પ્રકાર હૈ-યદિ પહિલે સમ્યક્ત્વ ન હુઆ હો તો ભી ઈસકા સ્વરૂપ જાનકર ઈસકા ધ્યાન કરે તો સમ્યગ્દષ્ટિ હો જાતા હૈ.**' એ વજન છે. સમજાણું કાંઈ? '**સમ્યક્ત્વ ન હુઆ હો તો ભી ઈસકા સ્વરૂપ જાનકર...**' સમ્યગ્દર્શનમાં વ્યવહાર શું છે અને નિશ્ચય શું છે? વ્યવહારનો દાખલો અહીં તો આપશે. સમકિતનો ... નો. પણ નિશ્ચય અને વ્યવહાર શું છે એને બરાબર જાણી અને સમકિત શ્રદ્ધા, એનો વિષય ધ્રુવ, એનું ધ્યાન કરતાં સમકિત ન હોય તોપણ સમકિત થાય. એનું ધ્યાન કરતા સમકિત થાય. કોઈ વ્યવહારથી-નિમિત્તથી થાય એ વાતનો અહીં નિષેધ કર્યો છે.

મુમુક્ષુ :- બહારની સહાયતા...

ઉત્તર :- આ શું કહ્યું?

આત્મા અખંડ જ્ઞાયકભાવ પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવ પહેલો જાણવો. વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રને પહેલા જાણવા. જાણીને સમકિતનો વિષય જે ચૈતન્ય ધ્રુવ, તેનું ધ્યાન કરતાં સમકિત પ્રગટ થાય છે. સમકિત કોઈ વ્યવહાર સમકિતથી નિશ્ચય થાય છે કે બાહ્ય વેદના શાસ્ત્રમાં

આવે છે ને? નારકીમાં બહુ વેદનાથી સમકિત થાય, દેવની ઋદ્ધિ દેખીને સમકિત થાય. સમજાણું? એ બધા તો નિમિત્તના કથન છે. સમકિત પામવાનું એ મૂળ સાધન નથી. મૂળ સાધન તો સમકિતનું સ્વરૂપ **'ઈસકા સ્વરૂપ જાનકર...' 'ઈસકા સ્વરૂપ જાનકર...'** સમકિતનું સ્વરૂપ નિર્વિકલ્પ પ્રતીતિ અને એનો આશ્રય ત્રિકાળી જ્ઞાયકભાવ. એ સર્વજ્ઞે કહેલો પરમેશ્વર વીતરાગદેવે કહેલો આત્મા. એ સિવાય બીજાએ આત્મા જાણ્યો એવો એ હોઈ શકે નહિ. અન્યમતમાં એ આત્માનું ધ્યાન હોઈ શકે નહિ. કારણ કે આત્મા એવો જ જેણે જાણ્યો નથી. સમજાય છે કાંઈ? પહેલું આ કરવું. એય..! 'પ્રકાશદાસજી'! મહાવ્રત લઈ લઈને અણુવ્રતનું આંદોલન કરવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. આ તો એક. આ તો જાણવાની. જાણવાની વાત છે. જીવ અનાદિથી એ જ કરે છે ને. આહાહા..!

પહેલામાં પહેલો મોક્ષ માર્ગના અધિકારમાં મોક્ષ પ્રાભૃતમાં સમકિતને પહેલું અંગીકાર કરવું. અંગીકાર કાંઈ ... બહારથી સમકિત નથી. તેથી કહ્યું ને? **'ઈસકા સ્વરૂપ જાનકર...'** સમકિતનું સ્વરૂપ નિર્વિકલ્પ પ્રતીતિ. અને નિર્વિકલ્પ પ્રતીતિ નિર્વિકલ્પ દ્રવ્ય સ્વભાવને આશ્રયે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? જેને ધર્મ કરવો હોય, હિત કરવું હોય એવા ગૃહસ્થે પણ પહેલું શું કરવું એની અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**'સમ્યક્ત્વકા ધ્યાન ઈસ પ્રકાર હૈ–યદિ પહિલે સમ્યક્ત્વ ન હુઆ હો તો ભી ઈસકા સ્વરૂપ જાનકર...'** નિશ્ચય સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે. વીતરાગી પર્યાયનું ધ્યેય દ્રવ્ય છે. સમજાણું કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ અખંડ અભેદ. **'ઈસકા ધ્યાન કરે તો સમ્યગ્દષ્ટિ હો જાતે હૈં.'** આ રીતે વિકલ્પથી, કષાય મંદ કરવાથી ને બાહ્યના આચરણમાં જરી સુધારો કરવાથી સમકિત થઈ જાય એમ છે નહિ. સમજાણું કાંઈ? કેટલી સ્પષ્ટ વાત મૂકી છે. **'ઈસકા સ્વરૂપ જાનકર ઈસકા ધ્યાન કરે...'** શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદકંદ પ્રભુ એ સમકિતનો આશ્રય છે. એને આશ્રયે સમકિત થાય છે. એથી વસ્તુનું સ્વરૂપ જાણવું અને સમકિતનું સ્વરૂપ જાણવું. આને સમકિત કહેવાય અને એનો આશ્રય દ્રવ્ય, આવું દ્રવ્ય હોય એમ જાણીને સમકિતનું ધ્યાન કરતાં **'સમ્યગ્દષ્ટિ હો જાતા હૈ.'** બીજી રીતે સમ્યગ્દષ્ટિ થઈ જાય એમ છે નહિ. એમ થયું કે નહિ આમાં? કંઈ આ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરતા સમકિત થશે. એય..! 'કપૂરચંદજી'! એવું લખ્યું છે એમાં. એ આવે ભલે પણ એ શુભભાવ છે. શુભભાવથી સમકિત થાય એમ નથી. સમકિતની રીતની ઉત્પત્તિની પણ એને ખબર નથી, એમ કહે છે. આચાર્ય પોતે જુઓને પોકાર કરે છે. શ્રાવકનો તો અધિકાર લીધો ૮૬માં. સમજાણું? ૮૫માં એ લીધો. શ્રાવક અને સાધુ બેય સાંભળો. એમ કીધું ને? જુઓ! એમ કહ્યું છે ૮૫માં.

**एवं जिणेहि कहियं सवणाणं सावयाण पुण सुणसु।**
**संसारविणासयरं सिद्धियरं कारणं परमं।।८५।।**

મોક્ષનું પરમ કારણ એ સમ્યગ્દર્શન છે એને તું સાંભળ. પછી એનું સ્વરૂપ જાણવું. એમ

ને એમ ધ્યાન કરવા બેસી જાય એમ નહિ. આત્મા સર્વજ્ઞે કેવો કહ્યો એને નય, નિક્ષેપ, પ્રમાણથી પહેલો જાણવો. અસંખ્ય પ્રદેશી, અનંતગુણ એનું એકરૂપ અભેદ કઈ રીતે છે? એની પર્યાય અનંતગુણની કેમ છે? વિકાર કેમ છે? નિમિત્ત કેમ છે? એના બરાબર બધા પડખાં જેવું એનું સ્વરૂપ છે એવું જાણવું. જાણીને સ્વભાવ તરફનો આશ્રય કરવો.

મુમુક્ષુ :- ભગવાને કહ્યું એ સત્ય છે.

ઉત્તર :- એમ ચાલે? ભગવાને કહ્યું એ સત્ય છે. 'નેમિદાસભાઈ'એ કહ્યું એ સત્ય છે. એની પાસે પૈસા કેટલા અમને કાંઈ ખબર નથી. ઈ કહે એ સાચું. એમ મનાય? એને ખબર હોવી જોઈએ ને શું આ વસ્તુ છે. સમજાણું કાંઈ? એને ખબર વિના શું ભગવાને કહ્યું? ભગવાને શું કહ્યું? શું પણ કહ્યું? એ તો એને ખબર નથી. ખબર વિના ભગવાને કહ્યું એ સાચું ક્યાંથી આવ્યું? એના જ્ઞાનમાં સાચાપણાનું ભાન થાય ત્યારે તેને સાચી પ્રતીત થાય. ત્યારે ત્વમેવ સત્યં એમ કહેવામાં આવે.

વળી, '**સમ્યક્ત્વ હોને પર ઈસકા પરિણામ ઐસા હૈ...**' જુઓ! સમકિત થવાથી પરિણામ સમકિતીના એવા છે કે '**સંસારકે કારણ જો દુષ્ટ અષ્ટ કર્મ ઉનકા ક્ષય હોતા હૈ,...**' સમજાય છે કાંઈ? એમાં 'ધવલ'માં આવે છે ને જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો નાશ થાય. એ તો નિમિત્તના કથન છે. જિનબિંબ આત્મા છે. સમજાણું કાંઈ? આમ સામું જોવે એ તો વિકલ્પ રાગ છે. સમજાણું કાંઈ? જુઓ! એ કહ્યું. ત્યાં નિદ્ધત અને નિકાચિતનો નાશ કહ્યો, અહીં દુષ્ટ અષ્ટ કર્મનો નાશ કહ્યો. સમકિતથી દુષ્ટ અષ્ટ કર્મનો નાશ થાય છે. સમજાણું કાંઈ? અને સમકિતનું ધ્યેય અને વિષય તો ત્રિકાળી જ્ઞાયક છે. આખી વસ્તુ, પૂર્ણ વસ્તુ. એક સમયની પર્યાય પૂર્ણ વસ્તુને પ્રતીત કરે છે. સમજાણું કાંઈ?

'**સંસારકે કારણ જો દુષ્ટ અષ્ટ કર્મ ઉનકા ક્ષય હોતા હૈ,...**' તેનો ક્ષય કરે છે. '**સમ્યક્ત્વકે હોતે હી કર્મોંકી ગુણશ્રેણી નિર્જરા હોને લગ જાતી હૈ,...**' દેખો! સમ્યગ્દર્શન થતાં જ કર્મની ગુણશ્રેણી, કર્મ ખરવા જ માંડે છે. ધારાવાહી કર્મ ખરવા માંડે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઓલામાં ના પાડી છે ને ગુણશ્રેણીની? 'મોક્ષમાર્ગપ્રકાશક'માં આવે છે. એ તો ઉપરની અપેક્ષાએ વાત છે. બાકી ન્યાં ગુણશ્રેણી નિર્જરા છે. જુઓને! અહીં. આહાહા..! '**અનુક્રમસે મુનિ હોને પર...**' જુઓ! સમકિતમાંથી ગુણશ્રેણી કર્મની ધારા ક્ષય થવા માંડે છે. પછી મુનિ હોય, ચારિત્ર અંદરમાં પ્રગટ કરે, સંયમ ચારિત્ર દશા, વીતરાગીદશા ચારિત્ર.

'**ચારિત્ર ઔર શુક્લધ્યાન ઈસકે સહકારી હો જાતે હૈં,...**' દેખો! શું કહ્યું? '**મુનિ હોને પર ચારિત્ર ઔર શુક્લધ્યાન ઈસકે સહકારી...**' ભાઈ! એય..! મુખ્ય સમકિત. એનું સહકારી ચારિત્ર અને શુક્લધ્યાન. સમજાણું કાંઈ? એટલું વજન આપ્યું અહીંયાં. '**અનુક્રમસે મુનિ હોને પર ચારિત્ર...**' એટલે કે સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્ય વસ્તુ, નિષ્ક્રિય એવો જે આત્મસ્વભાવ તેમાં દૃષ્ટિને પ્રસારતા સમકિતનું પરિણમન થાય એને.. કહો, સમજાણું? '**મુનિ હોને પર ચારિત્ર ઔર શુક્લધ્યાન ઈસકે...**' ઈસકે એટલે? સમકિત હોય એ સમકિતને. સમકિતને ચારિત્ર અને શુક્લધ્યાન સહકારી છે. સાથ આપ્યો છે. સમજાણું કાંઈ? હેં! .. સમ્યક્ ઉપર છે ને આખું? કે જે ધ્યેયને પકડીને દર્શન થયું એને ને એને જ્યારે સ્થિર

થાય ત્યારે એ સમ્યગ્દર્શનનો સહકાર છે. બાકી મૂળ તો સમ્યગ્દર્શને આખા દ્રવ્યને પકડ્યું છે તે સાધન છે, એમ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચારિત્ર મુખ્ય નથી?

ઉત્તર :- સમ્યગ્દર્શનની પ્રધાનતા વર્ણવવી છે ને અહીંયાં? મૂળ ચીજ એ છે ને? એનો પાયો એ છે. દંસણ મૂલો ધમ્મો. ધર્મનું મૂળ દર્શન સમકિત છે. સમકિત વિના એને ચારિત્ર શું? અને સમકિત થાય પછી ચારિત્ર થયું એ સહકારી કહેવામાં આવ્યું છે. એને મદદ કરી એણે એમ કહે છે. પોતે જ પરિણમન કરે છે એમાં ચારિત્રની મદદ છે અને શુક્લધ્યાનની મદદ છે. આહા..!

મુમુક્ષુ :- ગુણશ્રેણી ચોથેથી?

ઉત્તર :- ચોથેથી શરૂઆત થાય છે ને. સમજાણું કાંઈ?

'**સમ્યક્ત્વકે હોતે હી કર્મોંકી ગુણશ્રેણી નિર્જરા હોને લગ જાતી હૈ, અનુક્રમસે...**' એમ કે અશુદ્ધતા ઘટતી જાય છે. '**મુનિ હોને પર ચારિત્ર...**' થઈ ગયું અંદર. સ્વરૂપની લીનતા, પ્રચુર સ્વસંવેદન અને શુક્લધ્યાન અનું નામ સમકિતના '**સહકારી...**' નિમિત્ત સહકારી છે. ઉપાદાન સમકિતને રાખ્યું. આહાહા..! '**તબ સબ કર્મોંકા નાશ હો જાતા હૈ.**' લ્યો! ત્યારે ચારિત્ર સ્વરૂપમાં રમણતા અને શુક્લધ્યાન થતાં.. મૂળ તો સમકિતનું પરિણમન જે છે ધ્યેયનું. એ રીતે પરનો આશ્રય છોડીને ધ્યેય વિશેષ ઉગ્રપણે પરિણમે છે એટલે એમાં સમકિતમાં એ ચારિત્રનો સહકાર થયો અને શુક્લધ્યાનનો સહકાર થયો. આહાહા..! વસ્તુ જ આખી દ્રવ્ય, આખું ચૈતન્ય દ્રવ્યને જ્યાં કબજે લીધું. સમજાણું કાંઈ? જુઓ! આ શ્રાવકને પહેલું આ કરવાનું એમ કહે છે. એમ ને એમ સમાજભુષણ ને ફલાણા અને ફલાણા બિરદાવશે (એનાથી) કાંઈ મળે એવું નથી એમ કહે છે.

મુમુક્ષુ :- બહારનું ચારિત્ર કાંઈ કામનું નથી.

ઉત્તર :- કાંઈ નહિ બાહ્ય ચારિત્ર એ ચારિત્ર જ નથી. ચારિત્ર તો સ્વરૂપમાં સમ્યગ્દર્શન સહિતની રમણતા એ ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તબ સબ કર્મોંકા નાશ હો જાતા હૈ.**' જુઓ! બહુ ગાથા સરસ આવી. ૮૫થી ઉપાડી છે, નહિ? શ્રાવક અને મુનિ સુણો-સાંભળો એમ કહ્યું ને 'કુંદકુંદાચાર્યે'? ૮૫માં. હે સાધુ, હે શ્રાવક! જે વીતરાગે કહ્યું એ વાત હું કહીશ તે સાંભળ. એમ. '**जिणेहि कहियं**' જિનેશ્વર ત્રિલોકનાથે આમ કહ્યું છે. પછી કહ્યું હે શ્રાવક! સમકિતને પ્રથમ અંગીકાર કર. એમ જિનેશ્વરદેવે ગૃહસ્થને માટે પણ પહેલું આ ભગવાને કહ્યું છે એમ તું સાંભળ. એમ કહે છે, જુઓ! આહાહા..! સમજાણું કાંઈ?

आगे इसको संक्षेपसे कहते हैं :–

## ગાથા-૮૮

**किं बहुणा भणिएणं जे सिद्धा णरवरा गए काले।**
**सिज्झिहहि जे वि भाविया तं जाणह सम्ममाहप्पं।।८८।।**

किं बहुना भणितेन ये सिद्धाः नरवराः गते काले।
सेत्स्यंति येऽपि भव्याः तज्जानीत सम्यक्त्वमाहात्म्यम्।।८८।।

**બહુ કથનથી શું? નરવરો ગત કાળ જે સિદ્ધયા અહો,**
**જે સિદ્ધશે ભવ્યો હવે, સમ્યક્ત્વમહિમા જાણવો. ૮૮.**

अर्थ :– आचार्य कहते हैं कि–बहुत कहनेसे क्या साध्य है, जो नरप्रधान अतीतकालमें सिद्ध हुए हैं और आगामी कालमें सिद्ध होंगे वह सम्यक्त्वका माहात्मय जानो।

भावार्थ :– इस सम्यक्त्वका ऐसा माहात्म्य है कि जो अष्टकर्मोंका नाशकर मुक्तिप्राप्त अतीतकालमें हुए हैं तथा आगामी होंगे वे इस सम्यक्त्वसे ही हुए हैं और होंगे, इसलिए आचार्य कहते हैं कि बहुत कहनेसे क्या? यह संक्षेपसे कहा जानो कि–मुक्तिका प्रधान कारण यह सम्यक्त्व ही है। ऐसा मत जानो कि गृहस्थके क्या धर्म है, यह सम्यक्त्व धर्म ऐसा है कि सब धर्मोंके अंगोको सफल करता है।।८८।।

## ગાથા-૮૮ ઉપર પ્રવચન

હવે ૮૮.

**किं बहुणा भणिएणं जे सिद्धा णरवरा गए काले।**
**सिज्झिहहि जे वि भाविया तं जाणह सम्ममाहप्पं।।८८।।**

જે કોઈ મુક્તિને પામ્યા, પામશે અને પામે તે સમકિતનું માહાત્મ્ય છે. આ એક જ. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! જિનેશ્વરદેવ એમ કહે છે કે હે શ્રાવક અને સાધુ! સાંભળ તું. ભગવાને તીર્થંકરદેવ, અનંત તીર્થંકરોએ એમ કહ્યું કે જેટલા અનંતા સિદ્ધ થયા, અત્યારે મહાવિદેહમાં સિદ્ધ થાય છે અને અનંત સિદ્ધ ભવિષ્યમાં થશે એ બધું સમકિતનું માહાત્મ્ય છે. ઓલા કહે ના, ના. એ સમકિત કાંઈ નહિ. ચારિત્ર ન હોય તો સમકિત કાંઈ નહિ. ધૂળ નહિ ને એમ કરીને બનાવી દે છે હલકું.

મુમુક્ષુ :- ચારિત્ર તો આવે જ.

ઉત્તર :- હોય જ પણ એને. સમકિત વિના ચારિત્ર કેવું? પહેલું સમ્યગ્દર્શનનું જ માહાત્મ્ય છે. સમજાણું કાંઈ? પછી ચારિત્રની.. અહીં તો સાથે વાત કરી. વસ્તુના આશ્રયથી

થયું. વિશેષ આશ્રય થતાં સ્થિર થાય અને શુક્લધ્યાન થાય. એ બધું સમકિતનું ધ્યેય છે એને એ બધા મદદગાર છે (એમ) કહે છે. સમજાણું કાંઈ?

'**અર્થ :– આચાર્ય કહતે હૈં કિ–બહુત કહનેસે ક્યા સાધ્ય હૈ,...**' શું વિશેષ કહેવું? ઘણું કરીને બહુ બહુ શું કહેવું કહે છે. એમાં શું ધ્યેય છે? '**જો નરપ્રધાન...**' નરવર નરવર. નરના પ્રધાન પુરુષો '**અતીતકાલમેં સિદ્ધ હુએ હૈં...**' એ ભૂતકાળમાં મુક્તિને પામ્યા '**ઔર આગામી કાલમેં સિદ્ધ હોંગેં વહ સમ્યક્ત્વકા માહાત્મ્ય જાનો.**' દેખો! આહાહા..! સમજાણું કાંઈ? '**બહુત કહનેસે ક્યા સાધ્ય હૈ...**' ઘણું કરી કરીને શું કહેવું છે? શું એમાં સાધ્ય સિદ્ધ થાય? આ વસ્તુ છે. જેણે ભગવાનઆત્માને પરિપૂર્ણ આનંદકંદ ધ્રુવધામને પકડ્યો અને તારું સમકિત તારા કેવળજ્ઞાનાદિના કબજે લીધા, બસ! એ સમકિત જ ભૂતકાળમાં અનંતા મોક્ષ પધાર્યા એ સમકિતનું માહાત્મ્ય છે, ભવિષ્યમાં પધારશે એ સમકિતનું માહાત્મ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે સમકિત અંતર્મુખનું પરિણમન પ્રગટ કરે છે. અને અંતર્મુખના પરિણમને જ મુક્તિનું કારણ થાય છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શુદ્ધઉપયોગ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઈ કાળને ક્યાં મેળ છે? ઉપશમ સમકિતનો શુદ્ધ ઉપયોગ હોય છે. કાળનું શાસ્ત્ર જાણે. કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે છે... અહીં તો ઉપશમની સામે સામાન્ય સમકિત લીધું. ઉપશમ થઈને તરત ક્ષયોપશમ થાય અને ક્ષાયિક થયા વિના રહે જ નહિ. અહીં તો એ વાત છે. એનું એ થયું એ પાછું પડવાનું નથી. એ ધારાવાહી ચારિત્ર મદદ અને શુક્લધ્યાનની મદદ ને... એક જ વાત છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :– ઈસ સમ્યક્ત્વકા ઐસા માહાત્મ્ય હૈ કિ જો અષ્ટકર્મોંકા નાશકર...**' આઠ કર્મનો નાશ કરી, સમકિત આઠ કર્મનો નાશ કરે, દેખો! જે '**મુક્તિપ્રાપ્ત અતીતકાલમેં હુએ હૈં તથા આગામી હોંગે વે ઈસ સમ્યક્ત્વસે હી હુએ હૈં ઔર હોંગે,...**' સમકિતથી જ મુક્તિને પામ્યા અને સમકિતથી પામશે. આહાહા..! મૂળ ચીજના આખા વાંધા ઉઠ્યા ને રસ્તો બીજો લઈ લીધો. હવે એમાંથી પાછું ખસવું (કઠણ પડે). અંતર વસ્તુ જે છે એની તો આખી વાત પડી રહી. સમજાણું કાંઈ? અને ઉપરના થોથાં ગ્રહણ કરે એમાં મિથ્યાત્વનું પોષણ થાય. સહજ ધારા ન મળે અને સહજ વિના મુક્તિનો ઉપાય કૃત્રિમ અને હઠ નથી, એમ કહેવા માગે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ શેની વાત ચાલે છે? ગૃહસ્થીની વાત ચાલે છે. ગૃહસ્થીની તો ચાલે છે. ગૃહસ્થીએ સમકિત અંગીકાર કરવું અને એ સમકિત દ્વારા આગળ વધીને ચારિત્ર સહકારી થઈ શુક્લધ્યાન પછી મોક્ષ જશે એમ કહે છે. અહીં તો ગૃહસ્થીની જ વાત ચાલે છે.

મુમુક્ષુ :– પહેલા ચારિત્ર ગ્રહણ કરે.

ઉત્તર :– ચારિત્ર-ફારિત્ર કેવા સમકિત વિના? સમજાણું કાંઈ? ચારિત્ર એટલે રમવું,

ચરવું. શેમાં પણ? જે અનુભવમાં ચીજ આવી નથી એમાં ચરવું ક્યાંથી? રમવું ક્યાંથી?

મુમુક્ષુ :- એના અઠ્યાવીસ મૂળગુણમાં ચરી લે ને?

ઉત્તર :- ચરી લે રાગને. રાગને ચરી લે પછી...

મુમુક્ષુ :- ભૂમિ શુદ્ધિ...

ઉત્તર :- શેનો ભૂમિ શુદ્ધો? ભૂમિ શુદ્ધિ તો આ સમકિત એ શુદ્ધિ છે. સમકિત એ જ મોક્ષની પાત્રતા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ:- ... પાત્રતા...

ઉત્તર :- ક્યાંથી પાત્રતા? એ વાત.. સમજાણું?

'**આચાર્ય કહતે હૈં...**' ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે '**બહુત કહનેસે ક્યા?**' શું કહીએ ઘણું તને? '**યહ સંક્ષેપસે કહા જાનો કિ–મુક્તિકા પ્રધાન કારણ યહ સમ્યક્ત્વ હી હૈ.**' લ્યો!

મુમુક્ષુ :- આખું ક્રિયાકાંડ ઊડી ગયું.

ઉત્તર :- ક્રિયાકાંડ ઉડી ક્યાં ગઈ? હતી ક્યાં એમાં? મોક્ષનું કારણ ક્રિયાકાંડ છે નહિ. ક્રિયાકાંડ વચ્ચે આવે છે ખરું પણ એ બંધનું કારણ છે. અહીં તો મુક્તિનું કારણ બતાવવું છે ને? આહાહા..! એમ કે આચાર્યે આમાં ક્યાંય આપ્યું નહિ. મહાવ્રતના પરિણામ અને અણુવ્રતના પરિણામથી મુક્તિ થાય કે કાંઈ (એ તો આવ્યું નહિ). એ તો બંધ છે, એ તો બંધનું કારણ છે.

અહીં તો આત્માનો સ્વભાવ અખંડ અભેદ, એને આશ્રયે સમ્યગ્દર્શન થયું એ સમ્યગ્દર્શને એમ શીખવ્યું કે એનો આશ્રય ઉગ્ર લે તો શુદ્ધિ વધશે. એ સમ્યગ્દર્શનમાં એ આવ્યું કે જેને આશ્રયે હું થયો છું એનો આશ્રય વિશેષ લે તો ચારિત્ર થશે. એમ ફળશે જ પણ આ રીતે. જેને આશ્રયે હું પ્રગટ્યો છું એનો આશ્રય તું લે પર્યાય નવી... આહાહા..!

મુમુક્ષુ :- એક જ કારણથી બે કાર્ય નહિ?

ઉત્તર :- એ એક જ કારણ છે ત્રણ થઈને..

મુમુક્ષુ :- સમકિત કાર્ય, ચારિત્ર...

ઉત્તર :- એ ચારિત્ર એ સમકિતની સ્થિરતા એ ચારિત્ર. દ્રવ્યનો આશ્રય થઈને સ્થિરતા થાય એ ચારિત્ર. પણ અહીં તો કહે છે દ્રવ્યનો આશ્રય મેં લીધો એનો જ આશ્રય તું લે. તો ચારિત્ર થાય.

મુમુક્ષુ :- સમકિત કહે છે?

ઉત્તર :- હા. સમકિત એમ કહે છે. સમકિત એમ શીખવે છે. એમ જો એમ એ જણાવે છે કે હું જેનો આશ્રય લઈને પ્રગટ્યો એનો આશ્રય લે. સ્વના આશ્રયે તને આગળ વધવાનું બનશે ચારિત્ર અને શુક્લધ્યાન. બીજો કોઈ ઉપાય નથી. બરાબર છે? પંડિતજી! માર્ગ તો એ છે, ભાઈ! લોકોને માર્ગની રીતની જ ખબર નથી. રીતની ખબર વિના ઊંધે માર્ગે ચાલે અને (માને કે) માર્ગ આપણે નજીક કરીએ છીએ. અનાદિથી ભ્રમમાં પડ્યો છે ઈ. એય..! 'પ્રકાશદાસજી'! છે એમાં? શ્રાવકને કહ્યું છે એ. શ્રાવકે પહેલા મહાવ્રત લેવા, પછી અણુવ્રત લેવા એમ લખ્યું છે? નહિ?

મુમુક્ષુ :- ચારિત્ર ગ્રહ્યા વિના સમકિત પ્રગટે જ નહિ ને.

ઉત્તર :- હા. વળી એક જણો એમ પણ કહે છે. ચારિત્ર કોને કહેવું એ તો ખબર નથી.

અહીં ઈ તો કહે છે, '**મુક્તિકા પ્રધાન કારણ યહ સમ્યક્ત્વ હી હૈ.**' સમ્યક્ત્વ જ છે. '**ઐસા મત જાનો કિ ગૃહસ્થકે ક્યા ધર્મ હૈ,...**' જુઓ! એમ ન જાણો કે ગૃહસ્થને.. એય..! 'કપૂરચંદભાઈ'! દેખો! લખ્યું છે. એમ ન જાણો કે ગૃહસ્થને શું ધર્મ? દેખો! '**ઐસા મત જાનો કિ ગૃહસ્થકે ક્યા ધર્મ હૈ, યહ સમ્યક્ત્વ ધર્મ ઐસા હી હૈ કિ સબ ધર્મોંકે અંગોકો સફલ કરતા હૈ.**' ગૃહસ્થને સમ્યગ્દર્શન છે એ બધા ધર્મને સફળ કરનારું સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એય..! 'રતિભાઈ'! હવે કેટલાક કહે, અમને માંડ માંડ બેસે એ બાયડયુંને બેસે નહિ એમ કહે છે, લ્યો! છોકરાને બેસે નહિ.

એક ફેરી એવું બન્યું હતું. 'માંગરોળ'માં એક દેરાવાસી હતો. એનો છોકરો જુવાન માંદો પડ્યો. મરવાની તૈયારી હતી. બાયડી કહે કે હું ફલાણાને માનું. આ કહે નહિ મનાય. પહેલા ચુડલો ભાંગ પછી માન. એવું બનેલું છે. દેરાવાસી હતા. ઓલો કહે કે મારો દિકરો મરે છે. હું માનીશ ફલાણાને. કાંઈક હતું. એવું કાંઈક અન્યમતિનું. હનુમાન કે એવું કાંઈક માનતા. મારા ઘરમાં બીજી માન્યતા ન હોય. છોકરો મારો છે કે નહિ? મરી જાય તો ભલે મરી જાય. પણ બીજી માન્યતા મારે નહિ. તારે માનવી હોય તો ચુડલો ભાંગ પહેલો. હું તારો ધણી નહિ. પછી મનાવ. એય..!

મુમુક્ષુ :- આકરો ખરો

ઉત્તર :- આકરો...

'માંગરોળ'માં ક્યાંક થયું હતું. ઘણા વર્ષ પહેલા સાંભળેલું. વાતું ઘણી આવે ને અહીંયાં? 'નેમિદાસભાઈ'! તમે તો બહાર રખડતા હતા, 'કલકત્તે' ને બધે. અહીં તો બધી વાતું આવે. આમ એક જણો કહે. બીજી માન્યતા મારા ઘરે ન હોય. છોકરો મારો છે કે નહિ? મને એને રાખવાનો ભાવ નથી? કો'કની માન્યતા થાશે અને છોકરો રહેશે? એવી ભ્રમણા મારે ઘરે નહિ. અને તારે કરવી હોય તો ચુડલો ભાંગી નાખ પહેલા. રાંડી થા. હું તારો ધણી નહિ. 'શોભાલાલ'! સમજાણું કે નહિ? બીજી માન્યતા નહિ ચાલે.

છોકરો માંદો પડ્યો. છેલ્લી સ્થિતિ. જુવાન. છેલ્લી સ્થિતિ થઈ ગઈ એટલે એની વહુને એમ થયું, આ છોકરાની માને કે કો'કને માનીએ. કો'ક હશે ગમે તે. અન્યમાં ન હોય તો કો'ક અંબાજી હશે. મારે ઘરે બીજાને મનાશે નહિ. છોકરો મારો નથી? મરી જાય તો મને સારું લાગે છે? અને માન્યતા કરશે તો બચી જશે? એ મારી શ્રદ્ધા નથી.

મુમુક્ષુ :- સ્ત્રી હઠ.

ઉત્તર :- સ્ત્રી હઠ એ જુદું. આ તો ધણીએ એમ કીધું. મારે તો આ ધણીનું કહેવું છે. એ કહે નહિ. અહીં અમારે ઘરે બીજો નહિ મનાય. તમારે ક્યાં આકરું છે? તમે કહો એમ માને છે. ત્યાં ક્યાં એમ છે? સમજાણું કાંઈ? 'કંચનબેન' ભક્તિ કરે છે, મેં જોયું છે ને. બરાબર પ્રેમથી ભક્તિ કરે આમ. ભગવાનની સામે આપણા મંદિરમાં 'પોરબંદર'. ત્યાં બીજી માન્યતા હોય એને શું છે. એય..!

વીતરાગ પરમાત્મા સિવાય બીજાની માન્યતા કેવી? ત્રણલોકનો નાથ વીતરાગ સર્વજ્ઞ, સો ઈન્દ્રનો પૂજનિક એ સિવાય બીજાની માન્યતા કેવી? એ કહેશે અહીંયાં. ૯૦માં. ૯૦માં બાહ્ય લક્ષણો સમકિતના વર્ણવશે. આ તો ૮૮ ચાલે છે ને? '**ऐसा मत जानो...**' એમ ન જાણો. '**कि गृहस्थके क्या धर्म है,...**' ગૃહસ્થમાં શું ધર્મ છે એમ નહિ. ગૃહસ્થમાં મહા ધર્મ છે સમકિતનો એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગૃહસ્થના વ્રત ક્યાં વયા ગયા?

ઉત્તર :- વ્રત ક્યાં હતા? વ્રત કે દિ'? વ્રત જ ક્યાં છે? એ તો રાગ છે. બંધનું કારણ છે. એય..! આહાહા..! જુઓ! 'જયચંદ્ર પંડિત' ખુલાસો કરે છે.

'**ऐसा मत जानो कि गृहस्थके क्या धर्म है, यह सम्यक्त्व धर्म ऐसा है...**' ગૃહસ્થને પણ સમ્યક્ત્વ ધર્મ એવો છે '**कि सब धर्मोंके अंगोको सफल करता है.**' એ સમકિત હોય તો ધર્મ બધા સફળ, નહિતર સફળ છે નહિ. સમજાણું કાંઈ? એ ચારિત્રને, શુક્લધ્યાનને, સમ્યગ્જ્ઞાનને બધાને સફળ કરનાર સમ્યગ્દર્શન છે. આહાહા..! આવ્યું નહિ 'રત્નકરંડ શ્રાવકાચાર'માં? કરણધાર છે એ. કરણધાર સમજ્યાને? ખેવટિયા. શું કહે છે? ખેવટિયા કહે છે? 'સમંતભદ્રાચાર્ય' કહે છે. સમ્યગ્દર્શન ખેવટિયો છે. આખું વહાણ ચલાવનારો. આખું દ્રવ્ય ચલાવનારું શુદ્ધમાં એ સમ્યગ્દર્શન છે. એની કોર પરિણમન કરવું એ દ્રવ્ય સમકિતમાં બધી તાકાત છે. સમજાણું કાંઈ? '**यह सम्यक्त्व धर्म ऐसा है,...**' ગૃહસ્થને. '**कि सब धर्मोंके अंगोको सफल करता है.**' સમ્યગ્જ્ઞાન, શાંતિ, સ્થિરતા વગેરે વગેરે ધર્મો એને લઈને સફળ છે. નહિતર શું છે?

---

**आगे कहते हैं कि जो निरंतर सम्यक्त्वका पालन करते हैं उनको धन्य है :–**

## ગાથા-૮૯

**ते धण्णा सुकयत्था ते सूरा ते वि पडिया मणुया।**
**सम्मत्तं सिद्धियरं सिविणे वि ण मइलियं जेहिं।।८९।।**

**ते धन्याः सुकृतार्थः ते शूराः तेऽपि पंडिता मनुजाः।**
**सम्यक्त्वं सिद्धिकरं स्वप्नेऽपि न मलिनितं यैः।।८९।।**

**નર ધન્ય તે, સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,**
**સ્વપ્નેય મલિન કર્યું ન જેણે સિદ્ધિકર સમ્યક્ત્વને. ૮૯.**

**अर्थ :– जिन पुरुषोंने मुक्तिको करनेवाले सम्यक्त्वको स्वप्न अवस्थामें भी मलिन नहीं किया, अतीचार नहीं लगाया उन पुरुषोंको धन्य है, वे ही मनुष्य हैं, वे ही भले कृतार्थ हैं, वे ही शूरवीर हैं, वे ही पंडित हैं।**

**भावार्थ :– लोकमें कुछ दानादिक करें उनको धन्य कहते हैं तथा विवाहादिक यज्ञादिक**

**करते हैं उनको कृतार्थ कहते हैं, युद्धमें पीछा न लौटे उसको शूरवीर कहते हैं, बहुत शास्त्र पढ़े उसको पंडित कहते हैं। ये सब कहनेके हैं; जो मोक्षके कारण सम्यक्त्वको मलिन नहीं करते हैं,निरतिचार पालते हैं उनको धन्य है, वे ही कृतार्थ हैं, वे ही शूरवीर हैं, वे ही पंडित हैं, वेही मनुष्य है, इसके बिना मनुष्य पशु समान है, इन प्रकार सम्यक्त्वका माहात्म्य कहा।।८९।।**

## ગાથા-૮૯ ઉપર પ્રવચન

‘**આગે કહતે હૈં કિ જો નિરંતર સમ્યક્ત્વકા પાલન કરતે હૈં ઉનકો ધન્ય હૈ :-**’ દેખો! આહાહા..!

**ते धण्णा सुकयत्था ते सूरा ते वि पडिया मणुया।**
**सम्मत्तं सिद्धियरं सिविणे वि ण मइलियं जेहिं।।८९।।**

સપનામાં પણ જો એ વાત નીકળતી હોય તો નકાર કરે કે નહિ. સપનામાં પણ ચર્ચા-વાર્તા નીકળતી હોય તો કહે આમ ન હોય. માર્ગ સ્વને આશ્રયે છે. સમકિત સિવાય કાંઈ ધર્મ-બર્મ છે નહિ. જુઓ! સપનામાં પણ કહે છે. સપનું આવે તો એવું આવે એને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભગવાનને ભૂલવાની વાત તો ન આવી?

ઉત્તર :- આવી ગઈ ને. તારી દૃષ્ટિ કર અંદરમાં ભગવાન ઉપરથી દૃષ્ટિ છોડી દે. ‘કપૂરચંદભાઈ’! વ્યવહાર આવશે ૯૦માં. વ્યવહારશ્રદ્ધા સમજાવવાનું ચિહ્ન બતાવશે. લક્ષ છોડ. પરનું લક્ષ છોડ્યા વિના સ્વનું લક્ષ થશે નહિ. આમ પણ જાય, આમ પણ જાય એમ એક મ્યાનમાં બે તલવાર સમાય? તલવાર સમજો છો? પર ઉપર પણ લક્ષ કરવું અને સ્વ ઉપર પણ લક્ષ કરવું એમ બે નહિ ચાલે. સ્વલક્ષમાં બધાને ભૂલી જા. અરે..! ભગવાન તો ઠીક પણ ભગવાને જણાવેલું જ્ઞાન જે જણાયું એને પણ ભૂલી જા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગૃહસ્થની વાત કરે છે અહીંયાં. ‘કપૂરચંદભાઈ’! પાઠમાં શ્રાવકનું નામ લીધું છે, દેખો! લોકોને સમ્યગ્દર્શન શું ચીજ છે માહાત્મ્ય શું? એ શું કેમ મહા અનંત પુરુષાર્થથી સ્વને આશ્રયે થાય... સ્વ પણ કેવો? ભગવાને કહ્યો એવો. એ આત્મા પણ.. કહ્યો એવો એટલે કે વસ્તુ એવું જ્ઞાન કરીને પછી એના તરફથી લક્ષ છોડીને કર ત્યારે કર્યું કહેવાય. શું કીધું?

મુમુક્ષુ :- આત્માની શ્રદ્ધા...?

ઉત્તર :- એ શ્રદ્ધા હોય કહેશે આગળ. પણ એ વ્યવહાર હોય એને ઓળખવાનું સાધન છે. એટલું. નિશ્ચય પ્રગટ્યું હોય એને આવા વ્યવહારની શ્રદ્ધા હોય છે. એમ. ૯૦માં આવશે. ‘**हिंसारहिए धम्मे अट्ठारहदोसवज्जिए देवे। णिग्गंथे पव्वयणे सद्दहणं होइ सम्मत्तं।**’ ગુરુ નિર્ગ્રંથ વીતરાગી અને પ્રવચન શાસ્ત્ર. ચારની શ્રદ્ધા એને વ્યવહારે અંદર હોય છે. વિકલ્પમાં એ

જાતની હોય છે. પણ ઓલો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કરે તો આ ભાવ એને વ્યવહાર કહેવામાં આવે. આહાહા..! સમજાણું કાંઈ?

**ते धण्णा सुकयत्था ते सूरा ते वि पडिया मणुया।**
**सम्मत्तं सिद्धियरं सिविणे वि ण मइलियं जेहिं।।८९।।**

સપનામાં પણ જેણે મેલું કર્યું નથી. સપનામાં આવે તોપણ સમ્યગ્દર્શન એ આત્માના અનુભવની પ્રતીત. એ સિવાય બીજી ચીજ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! મોટા દેવ ઉપરથી ડગાવવા ઉતરે તો એ ફરે નહિ. સપનામાં પણ કહે છે કે ફરે નહિ. સપનું આવે તો એ આવે. જુઓ! મેલું ન કરે સપનામાં પણ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સપનામાં પણ મલિન ન થવા દે...

ઉત્તર :- સપનામાં એમ કે આ સમકિત આવું છે, વ્યવહારથી થાય એવું સપનામાં પણ ન થાય.

મુમુક્ષુ :- પર આશ્રયથી થાય.

ઉત્તર :- હા. પર આશ્રયથી સમકિત થાય અને આનાથી થાય એ વાત સપનામાં પણ એને ન આવે. સપનામાં પણ સમકિત મેલું કરે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલી સમજણ કરે કે આવી ચીજ છે. સમજ્યા વિના પ્રયત્ન ક્યાં કરશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગુરુ સમજાવે તો થાય.

ઉત્તર :- એ સમજે ત્યારે ગુરુ બીજાને કહેવાય. પહેલા ગુરુ પોતે આત્મા થાય ત્યારે સમજાવનારને ઉપચારે ગુરુ કહેવામાં આવે, એમ કહે છે.

મુમુક્ષુ :- આમાં તો લખ્યું નથી.

ઉત્તર :- એમાં એ લખ્યું છે. એ જ આવશે. જુઓ! આ ગાથા પછી એ જ ગાથા આવશે. નિશ્ચય આવો થયો એને વ્યવહાર આવો હોય. સમજાણું? એના પછી ૯૦ ગાથામાં એ જ આવે છે. 'કુંદકુંદાચાર્ય'ની શૈલી ગજબ! કેવળજ્ઞાનીના કોયડા ઉકેલી નાખ્યા છે. કોયડા-કોયડા કહે છે ને. સમસ્યા.

'**અર્થ :- જિન પુરુષોનેં મુક્તિકો કરનેવાલે સમ્યક્ત્વકો સ્વપ્નાવસ્થામેં ભી મલિન નહીં કિયા, અતિચાર નહીં લગાયા ઉન પુરુષોંકો ધન્ય હૈ,...**' આહાહા..! સમજાણું કાંઈ? જુઓને! આચાર્ય પણ કેટલા પ્રમોદથી વાત કરે છે! હેં! ભગવાન! તારા ઘરમાં તું ન પેઠો અને બીજી મલિનતાની વાતું તેં કરી એ વસ્તુ નહિ. સ્વદ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન થાય. સપનામાં પણ પરદ્રવ્યને આશ્રયે થાય એ વાત એને બેસે નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- .. પરાણે નામ લખી નાખે તો?

ઉત્તર :- નામ લખે શું કરવા?

મુમુક્ષુ :- અમારે તો શ્રદ્ધામાં ફેર નથી. ..

ઉત્તર :- જાતા હશે ને. આ શેઠ પણ જાય છે. તમે પણ જાતા હશો ક્યાંક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરાણે લખી નાખે. ઠીક છે. એ ત્યાં કાકા-કાકી છે ને શેઠિયા છે ગામના આમ ને આમ. નવરા માણસ, પૈસાવાળાને બધા બોલાવે મોઢા આગળ. કાંઈક વળી દેવું હોય. આશા હોય ને કાંઈક આપશે. એવાએ નાખીને આપ્યું હોય તો? એમને પણ એમ થયું છે. એનું નામ લખ્યું એક મોટા ઓલા બાવામાં. મોઢા આગળ બેસાડે જાવું પડે ન્યાં મુંડાવા. એમ ન હોય કહે છે. એના ગામમાં મોટા માણસ છે ને. ...કાંઈક બાવાનું હશે. આપણને કાંઈ ખબર નથી. પણ કો'ક કહે ચાલો, અહીંયાં દેરાવાસી સાધુ મહારાજ આવ્યા છે. કાંઈક હશે કોણ જાણે. નામ લખ્યું હોય તો શું કરે? નામ લખે. અમે ભાઈ ક્યાંય જાતા નથી અને અમે કોઈનું માનતા નથી એટલે જો અનાદર થાય તો તમને ઠીક નહિ લાગે. .. અમે આવીએ. પગે લાગીએ એવું અમારામાં નથી. ત્યાં શરમ સિફારિશ ન રાખે. એ વાતે. ભાઈ! 'શોભાલાલજી'! ભાઈને કહીએ છીએ. જ્યાં ત્યાં જાય છે ને? પહેલા ગયા હશે. હવે તો શું જાય.

મુમુક્ષુ :- પહેલા જઈને નામ છેકાવવું?

ઉત્તર :- આવે તો કોણ કહે છે પરાણે સિપાઈ લઈને બોલાવે છે તમને? સિપાઈ આવીને તેડી જાય છે તમને પકડીને? તમારું નામ લખ્યું આવો ત્યાં. અહીંયાં તો કહે છે કે હજી વ્યવહારના ઠેકાણા સરખા નથી અને નિશ્ચયના ઠેકાણા ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**સ્વપ્નાવસ્થામેં ભી મલિન નહીં કિયા, અતિચાર નહીં લગાયા...**' દેખો! કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને, કુગુરુ-કુશાસ્ત્રને પગે લાગવું, પ્રશંસા કરે બહુ સારું કર્યું. શું ધૂળ કરી સારી કાંઈ? બહુ ત્યાગ કર્યો હોય અને બહુ ઓલું કર્યું હોય ને મહિના-મહિનાના અપવાસ કુગુરુ અને કુશાસ્ત્રના માનનારાએ. એણે મહિના-મહિનાના અપવાસ કર્યા હોય. શું કહે છે શેઠ? તો ન પ્રશંસા કરે એમ કહે છે. મહિના-મહિના અપવાસ કરે છે ને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શંકા-આશંકા...

'**ઉન પુરુષોંકો ધન્ય હૈ,...**' આચાર્ય કહે છે, જુઓ! એ 'કુંદકુંદાચાર્ય' મુનિ. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળા કહે છે, જેણે સપનામાં પણ સમકિતને મેલું ન કર્યું. ધન્ય છે, ભાઈ! આહા..! કહો, આચાર્ય પણ ધન્ય કહે છે! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રમાણે કહે છે. આહાહા..!

'**एवं जिणेहि**' કહ્યું ને? જિને કહ્યું છે, બાપુ! વીતરાગ એમ કહે છે તે હું કહું છું. આહાહા..! સમજાણું કાંઈ? '**ઉન પુરુષોંકો ધન્ય હૈ, વેહી મનુષ્ય હૈં,...**' લ્યો ઠીક! '**मणुया।**' છે ને છેલ્લો શબ્દ? તે મનુષ્ય છે. બાકી પશુ છે. એમ કહે છે.

મુમુક્ષુ :- હાલતા ચાલતા મડદાં કહ્યાં છે.

ઉત્તર :- મડદાં છે. આહાહા..! આગળ લેશે. પશુ છે એ.

**'વિના મનુષ્ય પશુ સમાન હૈ,...'** **'વે હી કૃતાર્થ હૈં,...'** કૃતાર્થ એટલે એણે કાર્ય કર્યા એમ કહે છે. કાર્ય કર્યા એણે. કૃતાર્થ-સુકૃત કર્યા એણે. બાકી સુકૃત બીજું છે નહિ. દયા, દાન, વ્રત અને વિકલ્પ એ સુકૃત નહિ. આહાહા..! ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. મેલું ન થવા દીધું. સપનામાં પણ અતિચાર નથી લાગ્યો. ધન્ય છે કહે છે. એ કૃતાર્થ છે. એણે કામ કર્યા. એણે કરવાનું હતું એ કર્યું. આ કરવાનું મનુષ્યપણામાં છે. સમજાણું કાંઈ?

**'વે હી શૂરવીર હૈ,...'** લ્યો! એ વીરા છે. વીર-વીર. આચાર્યને પણ કેટલી પ્રશંસા! કડક આચાર્ય 'કુંદકુંદાચાર્ય'. ન માને અભવિ છે. એવી વાત એની જ્યાં ત્યાં. ઘણે ઠેકાણે આવે છે. અભવિનું ટૂંકમાં. આ તો શૂરવીર છે. યુદ્ધમાં લડનારા એ પામર છે. ભગવાનઆત્મા સામે સ્વરૂપનું સમકિત પ્રગટ કર્યું અને વિભાવથી જેણે પુંઠ લીધી છે એ શૂરવીર છે. સમજાણું કાંઈ? **'વે હી પંડિત હૈ.'** લ્યો.

**'ભાવાર્થ :- લોકમેં કુછ દાનાદિક કરેં ઉનકો ધન્ય કહતે હૈં...'** દાન કરે કો'ક બે-પાંચ-દસ લાખ રૂપિયા ખર્ચે તો ઓહોહો..! ભાઈ! ધન્ય ભાઈ ધન્ય. **'દાનાદિક કરેં...'** મા-બાપનો કોઈ મોટો દાડો કરે. ઓહો..! ભાઈ! પૈસા આપ્યા, બાપને ઉજાળ્યા એમ કહે. બાપને ઝાડ ઉપર રાખ્યા હતા ને કેટલાક એમ કહે છે. મરી જાય ને. દાડો ન કર્યો હોય. દાડો કરે ને? કારજ. દાડો સમજો છો? પછી ભોજન કરાવે ને? પ્રીતિભોજ. અહીં કહે છે કે એવા જે પાછળ ભોજન કરે કે કરાવે એના અહીં વખાણ કર્યા નથી. એવા તો બધા ઘણા હોય કહે છે. એ કાંઈ વસ્તુ નથી. એમ કહે છે અહીં કહે છે ને. **'દાનાદિક કરેં ઉનકો ધન્ય કહતે હૈં...'** દુનિયા ધન્ય કહે એમ. દુનિયા ધન્ય કહે. **'તથા વિવાહાદિક યજ્ઞાદિક કરતે હૈં...'** જુઓ! વિવાહ આદિ આવ્યું જુઓને! વિવાહ આદિમાં યજ્ઞ કરે, પૈસા ખર્ચે, દાનાદિ આપે, પાઘડી આપે, કુટુંબમાં-નાતમાં .. આપે. લોકો કહે ઓહોહો..! ભાઈ! ભગવાને પૈસા આપ્યા તો ખર્ચ્યાને. બે-પાંચ લાખ લગનમાં ખર્ચી નાખે. **'ઉનકો કૃતાર્થ કહતે હૈં,...'** દુનિયા એને કૃતાર્થ કહે. કર્યા કાર્ય, બાપા!

**'યુદ્ધમેં પીછે ન લૌટે ઉસકો શૂરવીર કહતે હૈં,...'** દેખો! અજ્ઞાની તો આવું બધું કહે છે જગતમાં કહે છે. **'બહુત શાસ્ત્ર પઢે ઉસકો પંડિત કહતે હૈં.'** ઘણા શાસ્ત્ર ભણ્યો હોય એને અજ્ઞાની પંડિત કહે. અજ્ઞાનીને ક્યાં ખબર શું ચીજ છે. **'યે સબ કહનેકે હૈં; જો મોક્ષકે કારણ સમ્યક્ત્વકો મલિન નહીં કરતે હૈં, નિરતિચાર પાલતે હૈં ઉનકો ધન્ય હૈ,...'** લ્યો. આહાહા..! ભારે ગાથા લીધી. સમજાણું કાંઈ? **'યે સબ કહનેકે હૈં;...'** સબ એટલે બધા. ઉપર કહ્યા એ. કહેવામાત્ર છે. એ કોઈ શુરવીર પણ નથી અને કાંઈ કાર્ય કર્યા નથી. કાંઈ પંડિત નથી શાસ્ત્ર ભણ્યો એ. આહાહા..!

મુમુક્ષુ :- પંડિતોને...

ઉત્તર :- પંડિત કોને કહેવા એ તો કહે છે. જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું એ પંડિત છે. આહાહા..!

મુમુક્ષુ :- ભણતરની ડિગ્રી કામ ન આવે.

ઉત્તર :- ભણતર-બણતર ત્યાં શું કામ આવે?

**'મોક્ષકે કારણ સમ્યક્ત્વકો મલિન નહીં કરતે હૈં, નિરતિચાર પાલતે હૈં ઉનકો ધન્ય હૈ, વે હી કૃતાર્થ હૈં,...'** દેખો! કાર્ય કર્યા એણે. આહાહા..! જેને સમ્યક્ થયું એ કાર્ય કર્યું એણે. ખલાસ. એ તો મુક્તિ પામવાનો, પામવાનો ને પામવાનો. આહાહા..! ચાહે તો પશુનો દેહ હોય, સ્ત્રીનો દેહ હોય. એ દેહ ગમે તે હોય પણ સમ્યગ્દર્શન જેણે પ્રગટ કર્યું અને નિરતિચાર કર્યું એ ધન્ય છે કહે છે. એ મંડુક-દેડકાને ધન્ય છે એમ કહે છે. ચંડાળને ધન્ય છે. આહાહા..! વિવાહ આદિમાં મોટા કામ કરે ને? વિવાહ-બિવાહમાં. એય મોટા ખર્ચા લાખ બે લાખના. પહેરામણી આપે. ઓલો એને આપે, ઓલો ઓલાને આપે. કન્યાવાળા વરવાળાને આપે અને વરવાળો એને આપે. ઓહોહો..! શું પણ લગન કર્યા ને પણ.

મુમુક્ષુ :- આવા લગન ગામમાં કોઈ દિ' થયા નહોતા.

ઉત્તર :- હા. એમ પણ કહે. આવું કોઈ દિ' અમે ગામમાં જોયું નથી આવા લગન. લોકોએ ભાઈ માંડવા... ઓહોહો..! દારૂખાના ફોડ્યા છે એમાં. દારૂખાના સમજો છો કે નહિ?

મુમુક્ષુ :- આતશબાજી.

ઉત્તર : આતશબાજી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો હવે થયું. પહેલા દારૂખાનું હતું. અમે તો આ બધું જોયું છે એની વાત છે. તમારે છે ને ત્યાં એક 'પાલેજ'થી ચમારડી ત્યાં લગન થયા હતા વોરાના. નહિ દુકાનની જોડે? અભુ-અભુ. અભુ નહિ? અભુનો છોકરો છે ને અત્યારે એ અભુ. ઘણા વખતની વાત છે. (સંવત) ૧૯૬૬-૬૭. એના લગન હતા ત્યાં. ત્યાં ગયા હતા તો અમારું જમવાનું જુદું. બ્રાહ્મણ. પણ દારૂખાનું. એટલું નાનું ગામ ચમારડી. અત્યારે બીજું નામ છે. નગીનપુર નામ પાડ્યું. દારૂખાનું તે ઓહોહો..! વોરા હતા, હોં! લોટિયા નહિ. ... ઓહોહો..! શું ભાઈ! પાછા .. બોલાવેલા. ઓલા કરે. .. વાત છે. હું અને કુંવરજીભાઈ બે ગયા હતા. બે જણા ગયા હતા. ધૂળનાય નથી બધા, હોળી છે. આહાહા..!

અહીં તો કહે છે કે જેણે ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની અભેદ દૃષ્ટિ પ્રગટ કરી અને સપનામાં પણ જેને દોષ લાગ્યો નથી એને અમે ધન્ય કહીએ છીએ, કૃતાર્થ કહીએ છીએ, શૂરવીર કહીએ છીએ. એ પંડિત અને એ મનુષ્ય છે. એને મનુષ્ય કહીએ. નહિતર મનુષ્ય પણ નહિ એમ કહે છે. આહાહા..! મનુષ્યા સ્વરૂપે મૃગા ચરંતિ નથી આવતું? **'ઇસકે બિના મનુષ્ય પશુ સમાન હૈ, ઇન પ્રકાર સમ્યક્ત્વકા માહાત્મ્ય કહા.'** વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे शिष्य पूछता है कि सम्यक्त्व कैसा है? उसका समाधान करनेके लिए इस सम्यक्त्वके बाह्य चिह्न बताते हैं :–

## ગાથા-૯૦

हिंसारहिए धम्मे अट्ठारहदोसवज्जिए देवे।
णिग्गंथे पव्वयणे सद्दहणं होइ सम्मत्तं।।९०।।

हिंसारहिते धर्मे अष्टादशदोषवर्जिते देवे।
निर्ग्रंथे प्रवचने श्रद्धानं भवति सम्यक्त्वम्।।९०।।

હિંસા સુવિરહિત ધર્મ, દોષ અઢાર વર્જિત દેવનું,
નિર્ગ્રંથ પ્રવચન કેરું જે શ્રદ્ધાન તે સમકિત કહ્યું. ૯૦.

अर्थ :– हिंसारहित धर्म, अठारह दोषरहित देव, निर्ग्रंथ प्रवचन अर्थात् मोक्षका मार्ग तथा गुरु इनमें श्रद्धान होने पर सम्यक्त्व होता है।

भावार्थ :– लौकिकजन तथा अन्यमत वाले जीवोंकी हिंसासे धर्म मानते हैं और जिनमतमें अहिंसा धर्म कहा है, उसीका श्रद्धान करे अन्यका श्रद्धान न करे वह सम्यग्दृष्टि है। लौकिक अन्यमत वाले मानते हैं वे सब देव क्षुधादि तथा रागद्वेषादि दोषोंसे संयुक्त हैं, इसलिये वीतराग सर्वज्ञ अरहंतदेव सब दोषोंसे रहित हैं उनको देव मानते, श्रद्धान करे वही सम्यग्दृष्टि है।

यहाँ अठारह दोष कहे वे प्रधानताकी अपेक्षा कहे हैं इनको उपलक्षणरूप जानना, इनके समान अन्य भी जान लेना। निर्ग्रंथ प्रवचन अर्थात् मोक्षमार्ग वही मोक्षमार्ग है, अन्यलिंगसे अन्यमत वाले श्वेताम्बरादिक जैनाभास मोक्ष मानते हैं वह मोक्षमार्ग नहीं है। ऐसा श्रद्धान करे वह सम्यग्दृष्टि है, ऐसा जानना।।९०।।

## પ્રવચન નં. ૯૬, ગાથા-૯૦ થી ૯૨, ગુરુવાર, ભાદરવા વદ ૧૦, તા.૨૪-૯-૭૦

અહીંયાં 'અષ્ટપાહુડ'ની મોક્ષપાહુડની ગાથા-૮૯ ચાલી. સમકિતનું માહાત્મ્ય કહ્યું. આ જગતમાં ગૃહસ્થાશ્રમમાં શ્રાવકને પણ પ્રથમ સમ્યગ્દર્શન ગ્રહણ કરવું જોઈએ. કેમકે સમ્યગ્દર્શન વિના કોઈ ધર્મ સાચો હોઈ શકે નહિ. સમ્યગ્દર્શનવંતને અહીંયાં ધન્ય કહેવામાં આવ્યા છે. કૃતાર્થ, શૂરવીર અને પંડિત એ મનુષ્ય છે. એ વિના પશુ કહેવામાં આવ્યા છે. આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ.. (અનંતકાળમાં) પ્રાપ્ત ન થયું હોય તો એ સમકિત પ્રાપ્ત નથી થયું. બાકી તો એણે અનંતવાર વ્રત, તપ, નિયમ એવી આચરણની ક્રિયાઓ પણ અનંતવાર કરી. દીક્ષા પણ અનંતવાર લીધી. જૈન સાધુ દિગંબર મુનિ પણ અનંતવાર થયો. પણ એ સમ્યગ્દર્શન વિના કાંઈ લેખે લાગ્યું નહિ.

મુમુક્ષુ :- મુનિ કહો અને લેખે ન લાગ્યું?

ઉત્તર :- મુનિ હતો જ ક્યાં? સમ્યગ્દર્શન નહિ ત્યાં મુનિ કેવો? પંચમહાવ્રત...

મુમુક્ષુ :- ...મોક્ષની પકડી

ઉત્તર :- બંધની પકડી. રાગને પોતાનો ધર્મ માનતો હતો. ક્રિયા જે પંચમહાવ્રત છે એ રાગ છે. એ રાગને ધર્મ માનતો હતો, એને ધર્મનું સાધન માનતો હતા.

મુમુક્ષુ :- હજીપ ણ બહુ ડીમાંડ છે.

ઉત્તર :- એ બધા મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :- બધા?

ઉત્તર :- બધામાં જે છે એ છે.

આત્મા તો સચ્ચિદાનંદસ્વરૂપ શુદ્ધ આનંદ અને જ્ઞાનમાત્ર સ્વભાવવાળો આત્મા છે. એને કોઈપણ વિકલ્પથી લાભ થાય એમ માનવું એ આત્માનું ખૂન મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? તેથી સમકિતનું માહાત્મ્ય વર્ણવ્યું છે ને, જુઓને! શ્રાવકે પહેલામાં પહેલું સમ્યગ્દર્શન દઢ નિશ્ચય કરવો, આત્માનો અનુભવ કરીને. સમજાણું કાંઈ? પહેલી વાત ઘણી આવી ગઈ. ૮૯ સુધી.

જે કોઈ અત્યાર સુધી મુક્તિને પામ્યા, આત્માના પરમપદ પરમાત્મપદને પામ્યા કે પામશે એ બધા સમકિતના માહાત્મ્યથી થશે. કેમકે આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય આત્મા એનો અનુભવ અને એનું સમ્યગ્દર્શન એનું જ અહીં માહાત્મ્ય છે. ધર્મમાં એનું માહાત્મ્ય છે. એ વિના કોઈ ક્રિયાકાંડનું કાંઈ માહાત્મ્ય છે નહિ. પુણ્ય બાંધે મિથ્યાદષ્ટિસહિત. એમાં શું? ભેદ ધાર્યો. શરીર બદલે, મનુષ્યને બદલે સ્વર્ગનું મળે. દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. એમાં કાંઈ આત્માને કિંચિત્ લાભ નથી. એ જ માટે આ કહ્યું, જોયું!

સપનામાં પણ જેણે સમ્યગ્દર્શનને મેલું કર્યું નથી, અતિચાર લગાવ્યો નથી. જુઓ! ક્યાં સુધી વાત આવી! શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદકંદ પૂર્ણ, એના અનુભવમાં, પ્રતીતમાં ક્યાંય દોષ લગાડ્યો નથી. એવા આત્માને અહીંયાં ધન્ય, પંડિત અને કૃતાર્થ-એણે કાર્ય કર્યા બધા એમ કહ્યું. એક સમકિત કર્યું ત્યાં કૃતાર્થ થઈ ગયો એમ કહે છે. કૃતાર્થ કીધું ને? પાઠ છે કે નહિ? કૃતાર્થ છે એ. લ્યો! સમજાણું કાંઈ? સુકૃતાર્થ પાછું એમ. એકલું કૃતાર્થ નહિ. સુકાર્ય કર્યા એણે. જે કરવાના હતા એ કર્યા એમ કહે છે. જોયું! એક કોર સિદ્ધ કૃતાર્થ કહેવાય, એક કોર સમ્યગ્દૃષ્ટિ સુકૃતાર્થ છે. આહાહા..!

ભગવાન પૂર્ણ.. પૂર્ણ... પૂર્ણ... પરમાત્મસ્વરૂપ, જેની એક સમયની પર્યાયના ભરોસે ચૈતન્યના અંતર અનુભવમાં પ્રતીતમાં આવ્યો, કહે છે કે એણે બધું કર્યું. જે કરવાનું હતું મોક્ષને માટે તે એણે કર્યું. કારણ કે એ શ્રદ્ધામાં ચારિત્ર આવું હોય, રમણતા આવી હોય એ પણ ભેગું આવી ગયું છે. માટે એ વિના મનુષ્ય પશુ સમાન છે. એવું સમકિતનું માહાત્મ્ય કહ્યું. ૮૯. સમજાણું? હવે એના બાહ્ય ચિહ્નો વર્ણવે છે થોડા. બાહ્ય ચિહ્ન, હોં!

**'આગે શિષ્ય પૂછતા હૈ કિ સમ્યક્ત્વ કૈસા હૈ? ઉસકા સમાધાન કરનેકે લિયે ઈસ સમ્યક્ત્વકે બાહ્ય ચિહ્ન બતાતે હૈં :-'**

**हिंसारहिए धम्मे अट्ठारहदोसवज्जिए देवे।**
**णिग्गंथे पव्वयणे सद्दहणं होइ सम्मत्तं।।९०।।**

વ્યવહાર સમકિતની વાત કરી છે.

'**અર્થ :- હિંસારહિત ધર્મ,...**' જેમાં કોઈ પંચેન્દ્રિય આદિ હિંસા થાય, યજ્ઞમાં હિંસા થાય અને ધર્મ માને એ ધર્મ નહિ. '**અઠારહ દોષરહિત દેવ,...**' દેવ કેવા હોય? કે જેને ક્ષુધા નહિ, તૃષા નહિ, રોગ નહિ, જન્મ નહિ, મરણ નહિ, જરા નહિ. એવા પરમાત્મદેવને દેવ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એને એ શ્રદ્ધે. ક્યાંય પણ હિંસા હોય એમાં ધર્મ માને નહિ. ત્યારે કહે આ મંદિર આદિમાં એકેન્દ્રિયની હિંસા થાય છે ને? એ તો ધર્માનુરાગના ભાવમાં સાક્ષાત્ ભગવાનની હાજરી ન હોય તેથી પરમાત્માનું મંદિર અને પ્રતિમાને બનાવીને ભક્તિ કરે છે એમાં શુભભાવની પ્રધાનતા છે. થોડી હિંસા એકેન્દ્રિયની છે. અલ્પ પાપ અને ઘણું પુણ્ય છે ત્યાં. સમજાણું કાંઈ? અહીં પંચેન્દ્રિયની હિંસાને ધર્મ માને એની મુખ્યતા અહીંયાં છે. સમજાણું કાંઈ? એ ખુલાસો પહેલો આવી ગયો છે. બોધપાહુડમાં પાછળ. છકાયની હિંસા થાય ને. પાઠ તો એવો છે કે છકાયની હિંસારહિત ધર્મ છે. છકાયના હિત કરવાવાળું મંદિર, છકાય ધર્મ ભગવાનનો છે. એમ કહ્યું છે ને. આવ્યું છે ને પહેલું. બોધપાહુડમાં. ૧૫૫ પાને છે, જુઓ! ૧૫૫ છે. પહેલા પેરેગ્રાફની નીચેની લીટી. ૧૫૫ પાનું. ગાથા નહિ, પાનું. ૧૫૩. પાનું. ૬૦મી ગાથાનો અર્થ છે અંદર. અર્થ-અર્થ.

'**પરંતુ પ્રશ્ન - ગૃહસ્થ જિનમંદિર બનાવે, વસ્તિકા, પ્રતિમા બનાવે ઔર પ્રતિષ્ઠા પૂજા કરે ઉસમેં તો છહકાયકે જીવોંકી વિરાધના હોતી હૈ, યહ ઉપદેશ ઔર પ્રવૃત્તિ કી બાહુલ્યતા કૈસે હૈ?**' છે? આવ્યું? પેરેગ્રાફ છે. '**ઈસકા સમાધાન (ઈસપ્રકાર હૈ કિ) - ગૃહસ્થ અરહંત, સિદ્ધ, મુનિયોંકા ઉપાસક હૈ; યે જહાં સાક્ષાત્ હોં વહાં તો ઉનકી વંદના, પૂજન કરતા હી હૈ. જહાં યે સાક્ષાત્ ન હોં વહાં પરોક્ષ સંકલ્પ કર વંદના-પૂજન કરતા હૈ...**' '**ઈસકા સમાધાન...**' છે ને? '**ગૃહસ્થ અરહંત, સિદ્ધ, મુનિયોંકા ઉપાસક હૈ; યે જહાં સાક્ષાત્ હો વહાં તો ઉનકી વંદના, પૂજન કરતા હી હૈ.**'

'**પરંતુ પ્રશ્ન :- ગૃહસ્થ જિનમંદિર બનાવે,...**' ત્યાંથી લેવું. ત્રણ લીટી છે ઉપર ત્રણ પંક્તિ. '**વસ્તિકા પ્રતિમા બનાવે ઔર પ્રતિષ્ઠા પૂજા કરે ઉસમેં તો છહકાયકે જીવોંકી વિરાધના હોતી હૈ, યહ ઉપદેશ ઔર પ્રવૃત્તિકી બાહુલ્યતા કૈસે હૈ?**' પ્રવૃત્તિનો ઉપદેશ બે કેમ ચાલ્યો ત્યારે? એમ કહે છે. '**ઈસકા સમાધાન (ઈસપ્રકાર હૈ કિ)-ગૃહસ્થ અરહંત, સિદ્ધ, મુનિયોંકા ઉપાસક હૈ; યે જહાં સાક્ષાત્ હો વહાં તો ઉનકી વંદના, પૂજન કરતા હી હૈ. જહાં યે સાક્ષાત્ ન હોં વહાં પરોક્ષ સંકલ્પ કર વંદના-પૂજન કરતા હૈ તથા ઉનકે રહનેકા ક્ષેત્ર તથા યે મુક્ત હુએ ક્ષેત્રમેં તથા અકૃત્રિમ ચૈતન્યાલયમેં ઉનકા સંકલ્પ કર વંદના વ પૂજન કરતા હૈ. ઈસમેં અનુરાગવિશેષ સૂચિત હોતા હૈ;...**' અનુરાગ વિશેષ છે. છકાયની હિંસા થાય છે પણ ત્યાં શુભભાવની વિશેષતા છે.

'**ફિર ઉનકી મુદ્રા, પ્રતિમા તદાકાર બનાવે ઔર ઉનકે મંદિર બનાકર પ્રતિષ્ઠા કર**

**સ્થાપિત કરે તથા નિત્ય પૂજન કરે ઈસમેં અત્યંત અનુરાગ સૂચિત હોતા હૈ, ઉસ અનુરાગસે વિશિષ્ટ પુણ્યબંધ હોતા હૈ ઔર ઉસ મંદિરમેં છહકાયકે જીવોંકે હિતકી રક્ષાકા ઉપદેશ હોતા હૈ....'** છકાયાના જીવનો ઉપદેશ છે ને? માટે એને છહકાયની હિંસાથી રહિત ધર્મ કહેવામાં આવ્યો છે. વિશેષ આખું મોટું છે. '**નિરંતર સુનનેવાલે ઔર ધારણ કરનેવાલેકે અહિંસા ધર્મકી શ્રદ્ધા દૃઢ હોતી હૈ, તથા ઉનકી તદાકાર પ્રતિમા દેખનેવાલેકે શાંત ભાવ હોતે હૈં, ધ્યાનકી મુદ્રાકા સ્વરૂપ જાના જાતા હૈ ઔર વીતરાગધર્મસે અનુરાગ વિશેષ હોનેસે પુણ્યબંધ હોતા હૈ, ઈસલિયે ઈનકો ભી છહકાયકે જીવોંકા હિત કરનેવાલે ઉપચારસે કહતે હૈં.**' લ્યો! '**જિનમંદિર વસ્તિકા પ્રતિમા બનાનેમેં તથા પૂજા-પ્રતિષ્ઠા કરનેમેં આરંભ હોતા હૈ, ઉસમેં કુછ હિંસા ભી હોતી હૈ. ઐસા આરંભ તો ગૃહસ્થકા કાર્ય હૈ, ઈસમેં ગૃહસ્થકો અલ્પ પાપ કહા, પુણ્ય બહુત કહા હૈ;...**' આ અપેક્ષાથી. એકેન્દ્રિયની અપેક્ષાએ.

મુમુક્ષુ :- યત્નાચાર.

ઉત્તર :- યત્નાચાર. થોડી હિંસા થાય છે પણ અનુરાગ છે. ધર્મનો અનુરાગ વિશેષ છે.

મુમુક્ષુ :- એનું સમર્થન મહારાજ સમંતભદ્રાચાર્યએ કર્યું છે.

ઉત્તર :- એ તો કહ્યું છે પણ અહીં તો અલ્પ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ખુલાસો લખ્યો છે. અલ્પ પાપ (છે), પુણ્ય ઘણાં. ધર્મ નહિ. પણ એ હોય છે. એ અહીં વાત નથી. ત્યાં એકેન્દ્રિયની હિંસા થઈ માટે એમાં પુણ્ય નથી. યત્નાચાર. આપણે ચાલતી ૯૦ ગાથા. ચાલતી ગાથા.

'**અર્થ :- હિંસારહિત ધર્મ, અઠારહ દોષરહિત દેવ, નિર્ગ્રંથ પ્રવચન અર્થાત્ મોક્ષકા માર્ગ...**' દેખો! મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મોક્ષના માર્ગના ધરનાર ગુરુ. '**ઈનમેં શ્રદ્ધાન હોને પર સમ્યક્ત્વ હોતા હૈ.**' સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- લૌકિકજન તથા અન્યમત વાલે જીવોંકી હિંસાસે ધર્મ માનતે હૈં...**' પશુ આદિ મારીને હિંસામાં (ધર્મ માને). '**જિનમતમેં અહિંસા ધર્મ કહા હૈ, ઉસીકા શ્રદ્ધાન કરે અન્યકા શ્રદ્ધાન ન કરે વહ સમ્યગ્દષ્ટિ હૈ.**' વ્યવહારથી વાત છે ને. અંદરમાં તો હિંસા રાગનો એક કણ હોય તોપણ એ હિંસા છે. રાગથી રહિત આત્માનો સ્વભાવ તે અહિંસા છે. સમજાણું કાંઈ? '**લૌકિક અન્યમત વાલે માનતે હૈં વે સબ દેવ ક્ષુધાદિ તથા રાગદ્વેષાદિ દોષોંસે સંયુક્ત હૈં,...**' આ દેવની વાત કરે છે. અન્યમતિ આદિ દેવને માને છે. દેવને ક્ષુધા, તૃષા, રોગ, '**રાગદ્વેષાદિ દોષોંસે સંયુક્ત હૈ, ઈસલિયે વીતરાગ સર્વજ્ઞ અરંહતદેવ સબ દોષોંસે રહિત હૈં ઉનકો દેવ માને,...**' સમજાણું કાંઈ? હજી આ વ્યવહારશુદ્ધિની વાત છે.

**નયહાં અઠારહ દોષ કહે વે પ્રધાનતાકી અપેક્ષા કહે હૈં ઈનકો ઉપલક્ષણરૂપ જાનના, ઈનકે સમાન અન્ય ભી જાન લેના. નિર્ગ્રંથ પ્રવચન અર્થાત્ મોક્ષમાર્ગ...**' આત્માનો નિશ્ચય સ્વભાવ શુદ્ધ આનંદઘન પરમાત્મા, એનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એનું ચારિત્ર એ નિશ્ચય મોક્ષમાર્ગ, એની એને શ્રદ્ધા હોય છે. આ માર્ગ છે એવી એને શ્રદ્ધા હોય છે. નિશ્ચય

આવો માર્ગ એનું નામ એને શ્રદ્ધા હોય છે. અથવા એવા માર્ગના સાધનારા એવા ગુરુની એને શ્રદ્ધા હોય છે. '**पव्वयणे णिग्गंथे** ' બે શબ્દ લીધા છે ને?

'**निर्ग्रंथ प्रवचन अर्थात् मोक्षमार्ग वही मोक्षमार्ग है,...**' એવી અંદર શ્રદ્ધા. જુઓ! એ અંદરનું નાખ્યું થોડું. સમજાણું કાંઈ? આત્મા પવિત્ર પૂર્ણાનંદ પ્રભુ, વસ્તુ અને વસ્તુનો સ્વભાવ એવા પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા એ જ આત્માને દુઃખથી મુક્ત થવાનો સાચો મોક્ષમાર્ગ છે. એની શ્રદ્ધા હોય એને. માર્ગ આ છે. અને એવા માર્ગના સાધનારા સંતોની શ્રદ્ધા હોય છે. જુઓ! દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણેય આવી ગયા. સમજાણું કાંઈ?

'**अन्यमत वाले श्वेतांबरादिक जैनाभास मोक्ष मानते हैं...**' અન્ય લિંગ. બાવાનો ભેખ હોય, ફકીરનો ભેખ હોય, આ વસ્ત્રસહિત હોય અને મુક્તિ માને એ માર્ગ મિથ્યામાર્ગ છે. છે? એમાં લખ્યું છે. ઘરનું નથી. '**अन्यमतवाले...**' વસ્ત્રસહિત મુનિ માને, વસ્ત્રસહિત કેવળજ્ઞાન હોય એમ માને એ '**अन्यमत वाले श्वेतांबरादिक...**' શ્વેતાંબર આદિક જે છે કે સ્થાનકવાસી આદિ એ બધા મિથ્યાદૃષ્ટિ અન્યલિંગમાં બીજામાં મુક્તિનો માર્ગ માને છે એ બધા મિથ્યાદૃષ્ટિ છે. એની એને શ્રદ્ધા હોતી નથી. સમકિતી એ શ્રદ્ધા છોડી દે છે. સમજાણું કાંઈ? 'ભગવાનજીભાઈ'! ભારે! માર્ગ તો આવો છે. ત્યાં ક્યાં કોઈની સિફારીશ લાગુ પડતી હોય એવું નથી. આનંદ સ્વરૂપપ્રભુ, એની મુક્તિનો માર્ગ, બાહ્યથી પણ એને નગ્નદશા હોય છે. બીજું લિંગ એને હોતું નથી. અંતરમાં તો વીતરાગીદશા હોય છે. રાગરહિત આત્માનું ભાન, શ્રદ્ધા અને રમણતા. બાહ્યમાં એવી નિષ્પરિગ્રહી દશા. એવી દશાવંતને મોક્ષમાર્ગ કહેવાય છે. એ સિવાય બીજી રીતે મોક્ષમાર્ગ.. એય..! 'રતિભાઈ' આ બાયડ્યુંને બેસે નહિ ઘરે, હોં! એ વાત બેસે નહિ. ઘણા ઘૂંટ્યા હોય એણે. ધણીનું ચાલે નહિ. રોકડા સ્વતંત્ર છે જીવ.

મુમુક્ષુ :- ભાવની પ્રધાનતા..

ઉત્તર :- હા, તો ભાવની પ્રધાનતામાં આ ભાવ ન આવ્યો? ઠીક છે ઘરે બેઠા બેઠા કરતા હશે આ. શ્વેતાંબર છે ને એ? ભાવની પ્રધાનતામાં વસ્ત્રસહિત લિંગ તે ભાવ મિથ્યાત્વભાવ છે. એને મોક્ષમાર્ગ (હોતો નથી). મિથ્યાત્વ (છે). આ ભાવની જ પ્રધાનતાની વાત ચાલે છે. કહો, સમજાણું કાંઈ? ભાઈ! આપણને બેસે છે. પણ બાયડી ન માને તો શું કરવું? ભાવની પ્રધાનતા છે એમ કરીને સમાધાન કરવું એમ હશે?

મુમુક્ષુ :- દયાનો ભાવ...

ઉત્તર :- સમ્યગ્દર્શન હો. લડાઈ કરે છે ને. લડાઈ કરતા હોય અને સમકિત હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંકલ્પી હિંસા છે. એ તો મારી નાખવા એવું છે જ નહિ. પણ લડાઈ કરે, લાખો માણસને મારે છે છતાં હિંસા નથી. વિરોધીની હિંસા થાય છે. હિંસા થાય છે પણ એમાં સમકિતને બાધ નથી.

મુમુક્ષુ :- સંકલ્પી...

ઉત્તર :- એ સંકલ્પમાં આ માર્ગને લાયક છે એવી માન્યતા નથી. પણ વિરોધીની હિંસાનો ભાવ...

મુમુક્ષુ :- ...સમ્યગ્દર્શન થાય છે?

ઉત્તર :- થાય. દયા કોને કહેવી? પોતાની દયા છે. પરની તો છકાયની પ્રાણી કીધું ને? પંચેન્દ્રિય વધ કરે છે સમકિતી ક્ષાયિક સમકિતી છે. ચક્રવર્તી સમકિતી છે અને છ ખંડ સાધે છે તો ઘણી હિંસા થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સિદ્ધાંત બીજો હોય?

મુમુક્ષુ :- સાધારણ પ્રાણીની વાત.

ઉત્તર :- ના ના ના. સાધારણ કોઈ સમકિતી હો, ક્ષાયિક સમકિતી, પશુ. પશુ પણ ક્ષાયિકસમકિત હોય છે કે નહિ? અહીં ક્ષાયિક સમકિત થયો હોય અને પહેલું આયુષ્ય બંધાઈ ગયું હોય. જુગલિયામાં જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કરે છે પણ છતાં કરોડો લશ્કર છે. પણ એ હિંસાના પરિણામમાં રુચિ નથી. એ વાત આકરી વાત છે. રુચિ નથી. એ પરિણામ કરવાની રુચિ નથી. પરિણામ થાય છે. પરિણામ હિંસા આદિના ન હોય તો તો ચારિત્ર હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બીજી વાત છે. એ તો અનંતાનુબંધીનો કષાય. એ બીજી વાત. એક જીવને મારે તોપણ અનંતાનુબંધી કષાય થાય છે. એની સાથે સંબંધ નથી.

મુમુક્ષુ :- .. એકેન્દ્રિયની દયા પાળે અને અનંતાનુબંધી?

ઉત્તર :- ચોખ્ખી એકેન્દ્રિયની દયા પાળે અને અનંતાનુબંધીનો કષાય હોય.

મુમુક્ષુ :- અઠ્યાવીસ મૂળગુણ પાળે તોપણ?

ઉત્તર :- અઠ્યાવીસ મૂળગુણ પાળે અને અનંતાનુબંધીનો કષાય હોય. એની સાથે સંબંધ શું છે? વસ્તુની દૃષ્ટિ અને આસક્તિ બે પાપ જુદા છે. બે પાપ એક નથી. ક્ષાયિક સમકિતીને આસક્તિનું પાપ, વિષયનું, ભોગનું, લડાઈનું, વાસનાનો ભાવ હોય છે પણ એની રુચિ નથી. સમ્યગ્દૃષ્ટિની અહીં વાત ચાલે છે ને. ચાહે તો રંક પ્રાણી હો સમકિતી. પણ એને રાગમાં રુચિ નથી. રાગ હોય છે. રાગ ન હોય તો સમકિત છે એમ છે નહિ. વાત આખી મોટો ફેર છે. સમ્યગ્દર્શન અને બહારની દયાના ભાવરહિત આત્મા હોય છે. છતાં સમકિત છે. અંતરની દયારહિત ન હોય. મારો સ્વભાવ રાગરહિત છે એવી જ દૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સંકલ્પી હિંસાનો ત્યાગ કીધો ને? આ મારવાલાયક છે એમ નહિ. શ્રદ્ધામાં આવી ગયું ને એ? કે મારવાલાયક છે એવી પ્રતીતિ તો એને છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા હો. સિંહને સમકિત છે. પણ એ સમકિતમાં પછી હરણનો શિકાર નથી

હોતો. સમકિતમાં આવી હિંસા નથી હોતી. આવી નથી હોતી. લડાઈની હિંસા હોય છે. માંસ ખાવું એ ભાવ નથી હોતો.

મુમુક્ષુ :- ત્યાગ નથી.

ઉત્તર :- એ ત્યાગ.. આસક્તિ છે ને ત્યાં. માંસ ખાવું છે, મદ્ય પીવું છે એ ભાવ તો બિલકુલ હોતો જ નથી. છતાં લડાઈના લાખો મનુષ્યના સંહાર હોય. ચક્રવર્તી હોય. રાજકુમાર છે, સમકિતી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આખી બીજી ચીજ છે. સાધારણને માટે. અહીં તો સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છે ને. સાધારણ પ્રાણી તો મિથ્યાદૃષ્ટિ છે એની શું વાત કરવી? સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિને દયાનો ભાવ હોય તો એ કાંઈ દયાનો ભાવ નથી. દયાનો ભાવ તો રાગ છે અને રાગને તે ધર્મ માને છે. દયા પાળે એમ માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. ઝીણી વાતું, ભાઈ! મૂળ માર્ગ એવો છે અંદર. લોકોને બાહ્યના આચરણથી કાંઈક અંદરમાં પરિણમન શુદ્ધ હોય ધર્મનું એમ થાય છે. એમ છે જ નહિ. આહાહા..! બહારનું આચરણ છે, રાગ છે એ તો શુભ છે. બાહ્ય આચરણ છે. એને ક્યાં અંતર આચરણ છે.

મુમુક્ષુ :- છકાયની દયા પાળે...

ઉત્તર :- છકાયની દયા પાળે અને ન પાળે તોપણ સમકિતી હોય.

મુમુક્ષુ :- પાળે તો મિથ્યાદૃષ્ટિ..

ઉત્તર :- અને પાળે તો મિથ્યાદૃષ્ટિ હોય. હું પાળી શકું છું એમ માને એ મિથ્યાદૃષ્ટિ. 'ગોમ્મટસાર'માં નથી આવ્યું? .. સમકિતી ઇન્દ્રિયના વિષયોથી નિવર્ત્યો નથી. આરંભથી નિવર્ત્યો નથી. 'ગોમ્મટસાર'માં ગાથા આવે છે. એ જુદી વાત છે. એ રાગની પરિણતિનો ભાવ છે. પણ એની રુચિ નથી. દૃષ્ટિ છે આત્મા ઉપર. સમકિતીને એવો રાગ હોવા છતાં સમકિતને બાધ બિલકુલ નથી. એ તો વાત આવી ગઈ પહેલી. સમજાણું કાંઈ? અને મિથ્યાદૃષ્ટિને દયાનો ભાવ એટલો બધો હોય કે એકેન્દ્રિય મરે તો આમ ધ્રુજે. છતાં મિથ્યાદૃષ્ટિ છે. એ તો પર ઉપર એનો પ્રેમ-રુચિ છે. ક્રિયાકાંડનો. આ કરી શકું છું અને દયાનો રાગ એ મારું કર્તવ્ય છે એમ માને છે. એય..! 'પ્રકાશદાસજી'! અંધારામાંથી નીકળવાની વાત છે આ. આહાહા..!

મુમુક્ષુ :- ક્યું માપ લગાવ્યું?

ઉત્તર :- અંતરની દૃષ્ટિનું માપ છે, બહારનું માપ છે નહિ. અજ્ઞાની ઉપરથી દેખે છે, જ્ઞાની અંતરથી દેખે છે. એવી વાત છે. આહાહા..! બહારમાં બ્રહ્મચારી, નવ વાડે બ્રહ્મચર્ય અને બાળબ્રહ્મચારી હોય છતાં મિથ્યાદૃષ્ટિ. અને છન્નું હજાર સ્ત્રીનો ભોગ લેતો હોય અને ક્ષાયિક સમકિતી. એની સાથે સંબંધ શું છે? બહારના રાગ અને એની બે ચીજ જ જુદી છે. 'અમરચંદભાઈ'! આહાહા..! પશુ લ્યો ને. સમકિતી પશુ અસંખ્ય છે સ્વયંભુરમણ સમુદ્રમાં. વિષયવાસના એને આવે છે. ત્યાં ક્યાં એને મેળ છે કે આ જ તિર્યંચણી છે મારે માટે? ગમે તે તિર્યંચણી હોય એને રાગ આવે છે. છતાં એ સમકિતને બાધ નથી. સમકિતને બિલકુલ

વાંધો નથી. શું કહ્યું સમજાણું કાંઈ? અહીં તો હજી સ્વસ્ત્રી આ જ હોય અને પરસ્ત્રી ન હોય. પશુને ત્યાં ક્યાં ઘર છે. ચારિત્રદોષ બીજો છે, સમકિતદોષ બીજો છે. બે વાત જ તદ્દન જુદી છે. લોકો ચારિત્રદોષમાં સમકિતનો દોષ લગાવી દે છે અને ચારિત્ર દોષ મંદ પડે ત્યાં સમકિત શુદ્ધ છે, શ્રદ્ધા સારી છે એમ મનાવી લ્યે.

મુમુક્ષુ :- દયાથી થાય, ધર્મ થાય.

ઉત્તર :- કાંઈ જરીએ ધર્મ થતો નથી. પરની દયાના ભાવથી જીવની હિંસા પોતાની થાય છે. રાગ છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું, રાગની ઉત્પત્તિ તે હિંસા છે. ચાહે તો દયાનો હોય કે ચાહે તો સત્યનો હોય, ચાહે તો શરીરના બ્રહ્મચર્યનો હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ હિંસા. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નો શ્લોક 'અમૃતચંદ્રાચાર્ય'નો. જિનાગમનું સંક્ષેપ એ સ્વરૂપ છે. રાગ સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ પ્રશસ્ત, આત્મામાં ઉત્પન્ન થાય તે હિંસા. રાગની ઉત્પત્તિ નહિ, આત્મા આનંદની શાંતિની ઉત્પત્તિ તે અહિંસા. વ્યાખ્યા જુદી છે, ભાઈ! સમજાણું કાંઈ? જુઓ!

**'અન્યલિંગસે અન્યમત વાલે શ્વેતાંબરાદિક જૈનાભાસ...**' એય..! 'મગનભાઈ'! આ જૈનાભાસ આવ્યો. સ્થાનકવાસી અને શ્વેતાંબર, દેરાવાસી એ જૈનાભાસ (છે), જૈન નહિ.

મુમુક્ષુ :- ભગવાન તો ઈના ઈ છે.

ઉત્તર :- ભગવાન એના નથી માનતા. ભગવાન કોણ છે એ જાણતા નથી. ભગવાન વીતરાગ હોય, સર્વજ્ઞ હોય.

મુમુક્ષુ :- પણ જૈનાભાસ તો છે ને.

ઉત્તર :- જૈનાભાસનો અર્થ શું થયો? જૈન નથી. અહીં કાંઈ સિફારીશ ચાલે એવું નથી. એય..! 'અમરચંદભાઈ'! ભાઈએ 'ટોડરમલે' ચોખ્ખું લખ્યું છે પાંચમા અધ્યાયમાં. અન્યમતિ છે. દુઃખ લાગે, ન લાગે સ્વતંત્ર છે. વસ્તુ આ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જૈનાભાસા. દેખાવ છે લિબાસમાં પણ જૈન નથી. એય..! 'ઉત્તમચંદભાઈ'! આવું સ્વરૂપ છે. માર્ગ તો જે હશે એ હશે. એ કાંઈ કોઈને કારણે ફરે એવો નથી. 'મગનભાઈ'!

મુમુક્ષુ :- જૈન તીર્થંકરને માને તોપણ...

ઉત્તર :- તીર્થંકરને માનતા જ નથી. તીર્થંકરની આજ્ઞા વીતરાગભાવની છે. વીતરાગભાવ વિના એ રાગમાં ધર્મ માને છે અને વસ્ત્રસહિત રાગ છે એને સાધુ માને છે. વીતરાગને માનતા જ નથી. એય..! 'રતિભાઈ'!

મુમુક્ષુ :- બધું નવું સાંભળવાનું મળે એમાં ..

ઉત્તર :- કામ કરે છે. શું કરે છે? લાકડા ગરી ગયા છે ઊંધા. રતિભાઈ! ગર્યા હોય ને ઘણા. ધક્કા લાગે અંદરથી. વાત સાચી છે, હોં! ઝટ દઈને.. તકરાર.. તકરાર. માર્ગ આવો છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- એ તો ઘણા વખતથી માનેલો...

ઉત્તર :- ઘણા વખતથી માનેલું. પોષણ કર્યું હોય. કુટુંબ એમાં હોય, નાત એમાં હોય, પોષાયેલા એમાં હોય. ગુરુ એવા મળ્યા હોય.

મુમુક્ષુ :- એમાં મોટપ માની છે.

ઉત્તર :- હા, એમાં પછી મોઢા આગળ કાંઈ કરતા હોય ઓલા અપવાસ-બપવાસ. મોઢા આગળ કહેવાય સારા. એય..! માર્ગ બાપા આવો છે, ભાઈ! અહીં તો ભગવાન તો કહે છે કે વસ્ત્રસહિત લિંગમાં જે કાંઈ સાધુપદ અને મુક્તિ માને એ જૈન નથી, જૈનાભાસ છે.

મુમુક્ષુ :- પરદ્રવ્ય..

ઉત્ગર :- પરદ્રવ્ય કોને. પરદ્રવ્યનું પણ જે દોષ છે એને દોષ નથી સ્વીકારતો એ પોતાનો દોષ છે કે એનો છે? બીજાને મિથ્યાદષ્ટિ છે, વસ્ત્રસહિત માને છે એને દોષવાળો નથી માનતો. એ દોષવાળો માનતો નથી એ દોષ કોનો છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહાર ક્યાં માને છે?

મુમુક્ષુ :- એમ કહે છે કે ..

ઉત્તર :- કોણે કીધું .. પરવસ્તુ બાધક કોણે કીધી? પરવસ્તુ છે, દોષવાળી છે એને લાભદાયક એ માને છે એ પોતાનો દોષ છે એ દોષ કરે છે. પરના દોષની ક્યાં વાત છે. શું કહ્યું વળી? એ સ્પષ્ટ કરાવે છે. ઘરે બૈરા-બૈરાને જરી હોય ને લાકડા ઊંધા ઓલા. એમ કે પરદ્રવ્યનો દોષ શું છે અહીંયાં?

મુમુક્ષુ :- એ તો આપણે કહીએ છીએ કે પરદ્રવ્ય કાંઈ નુકસાન કરતું નથી.

ઉત્તર :- તે કોણે કીધું પરદ્રવ્ય નુકસાન કરે છે? પરદ્રવ્ય વસ્ત્ર છે એ વસ્ત્ર છે એ નુકસાનકારક નથી. પણ વસ્ત્ર હોવા છતાં મને સાધુપણું થાય છે, હું મુક્તિ પામીશ એવો ભાવ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપ કહો છો કે પરપદાર્થથી નુકસાન નહિ પછી શું?

ઉત્તર :- કોણે કીધું પરપદાર્થથી આવુ? એનાથી નુક્શાન વસ્ત્ર રાખનારા રાગી છે અને મુનિપણું માને એ મિથ્યાદષ્ટિ છે. એને એ રીતે ન માનતા એ ધર્મી છે એમ માને એ દોષ પોતાનો છે કે પરને લઈને છે?

મુમુક્ષુ :- રાગી છે અને વીતરાગી માને.

ઉત્તર :- એમ. એ રાગી છે, મિથ્યાત્વી છે અને ધર્મી માને છે એ દોષ પોતાનો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેના? ઉપકરણ-બુપકરણ વસ્ત્રના હોય નહિ. ધર્મીને ઉપકરણ-બુપકરણ મોરપીંછી, કમંડળ અને પુસ્તક એ સિવાય હોય નહિ.

મુમુક્ષુ :- પરથી નુકસાન...

ઉત્તર :- પણ કોણે કીધું પરથી નુકસાન? પરને લઈને નુક્સાન કહે છે કોણ? એય..! પર સાચા છે નહિ. ખોટા છે. એ ખોટાને સાચા માને છે એ દોષ પોતાને કારણે છે. એને

કારણે ક્યાં છે? સમજાણું કાંઈ?

**'મોક્ષ માનતે હૈં વહ મોક્ષમાર્ગ નહીં હૈ.'** દેખો! અન્ય લિંગમાં, વસ્ત્રમાં મોક્ષમાર્ગ માને છે એને મોક્ષમાર્ગ નથી. નથી અંદર. હોય તો એને એ લિંગ બીજું રહે નહિ. છતાં એને માને છે એ માન્યતાવાળાનો દોષ પરને લઈને નથી. 'અમરચંદભાઈ'! આહાહા..! માર્ગ એવો છે. ભારે ગડબડ કરી નાખી છે માણસે. માણસને છૂટવું ભારે. માંડ માણસપણું મળ્યું એમાં આ વાડામાંથી છૂટવા...

મુમુક્ષુ :- આગ્રહ થઈ જાય છે.

ઉત્તર :- કાંઈક પણ બચાવ કરીને પોતે ક્યાંક મારો દોષ નથી એમ એને ઠરાવવું છે. પરને લઈને દોષ નથી. પણ પરને લઈને કોણે કીધો?

મુમુક્ષુ :- એની તો એક પણ વાત નથી રાખી.

ઉત્તર :- કોની પણ એક વાત નથી? ખોટીને શી રીતે સાચી કરે?

જુઓ! **'શ્વેતાંબરાદિ જૈનાભાસ મોક્ષ માનતે હૈં...'** મોક્ષ માને છે, ગુણ માને છે. વસ્ત્રસહિત, લિંગસહિત સાધુપદ માને છે. એમ છે નહિ છતાં એ માને છે એ શ્રદ્ધા મિથ્યાત્વ છે. **'ઐસા શ્રદ્ધાન કરે વહ સમ્યગ્દૃષ્ટિ હૈ,...'** દેખો! સમજાણું કાંઈ? માર્ગ આકરો, બાપા! આહાહા..! દુનિયા અનાદિથી એમ ને એમ ક્યાંક ક્યાંક છોડ્યું, સાધુ થયા, ત્યાગી થયા પણ બિચારા મુંઝાણા તો છે. એમાં. 'ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતા, તત્ત્વની વાત કરતા ન લાજે...' એમ આવ્યું છે ને 'આનંદઘનજી'માં? 'ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતા, તત્ત્વની વાત કરતા ન લાજે, ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકા મોહ નડિયા કળિકાળ રાજે.' કળિકાળમાં મોહના તો રાજ ચાલ્યા છે. અમે આ સાચા છીએ, અમે આ વસ્ત્રસહિત છીએ છતાં અમે સાધુ છીએ, અમે મુનિ છીએ. વીતરાગ કહે છે કે એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

આત્મા જ્યાં વીતરાગ માર્ગે ચડ્યો તે દિ' તો દૃષ્ટિમાં ઉડી ગયો. વિકલ્પ-બિકલ્પ કાંઈ મારે નથી. પછી સ્થિરતા થતાં વિકલ્પ તૂટી જાય એનો સંયમ સંબંધ વસ્ત્ર-પાત્રનો હોઈ શકે નહિ. એવો એનો સંબંધ છે મેળમાં. એવો સંબંધ ન માને એને અજીવની શ્રદ્ધા નથી. કારણ કે મુનિ થાય એને અજીવનો સંયોગ વસ્ત્ર-પાત્ર છૂટી જાય તો એટલા અજીવની શ્રદ્ધા એને નથી. એને અજીવ છૂટતા એને આસ્રવ તીવ્ર ન હોય. ફક્ત આહાર-પાણીનો વિકલ્પ એટલો હોય તો આસ્રવની શ્રદ્ધા પણ એને નથી. આસ્રવ આટલો બધો ઘણો જાય તો સંવર-શાંતિ કેટલો ઉગ્ર થાય, એની પણ શ્રદ્ધા નથી. સંવર અને નિર્જરાની શ્રદ્ધા નથી, એનું કાર્ય મોક્ષની શ્રદ્ધા નથી, એનું કારણ જીવ એની પણ શ્રદ્ધા નથી. નવેય તત્ત્વની વિપરીત શ્રદ્ધા છે. એય..! 'છોટાભાઈ'! ... તો આખું છે. એમાં વળી એકાદ-બે નીકળી ગયા હશે માંડ-માંડ. 'મયાચંદભાઈ' 'છોટાભાઈ'ને એ. 'હિંમતભાઈ' થોડું થોડું કરવા માગે પણ હવે... આહાહા..! માર્ગ બાપા આવો છે. અનાદિનો વીતરાગ માર્ગ આ છે. એ વીતરાગમાર્ગને કોઈની અપેક્ષા સિફારીશ છે નહિ. **'ઐસા જાનના.'** લ્યો!

आगे इसी अर्थको दृढ़ करते हुए कहते हैं :-

## ગાથા-૯૧

जहजायरूवरूवं सुसंजयं सव्वसंगपरिचत्तं।
लिंगं ण परावेक्खं जो मण्णइ तस्स सम्मत्तं।।९१।।

यथाजातरूपरूपं सुसंयतं सर्वसंगपरित्यक्तम्।
लिंगं न परापेक्षं यः मन्यते तस्य सम्यक्त्वम्।।९१।।

સમ્યક્ત્વ તેને, જેહ માને લિંગ પરનિરપેક્ષને,
રૂપે યથાજાતક, સુસંયત, સર્વસંગવિમુક્તને. ૯૧.

अर्थ :- मोक्षमार्गका लिंग-भेष ऐसा है कि यथाजातरूप तो जिसका रूप है, जिसमें बाह्य परिग्रह वस्त्रादिक किंचित्मात्र भी नहीं है, सुसंयत अर्थात् सम्यक्प्रकार इन्द्रियोंका निग्रह और जीवोंकी दया जिसमें पाई जाती है ऐसा संयम है, सर्वसंग अर्थात् सबही परिग्रह तथा सब लौकिक जनोंकी संगतिसे रहित है और जिसमें परकी अपेक्षा कुछ नहीं है, मोक्षके प्रयोजन सिवाय अन्य प्रयोजनकी अपेक्षा नहीं है। ऐसा मोक्षमार्गका लिंग माने-श्रद्धान करे उस जीवके सम्यक्त्व होता है।

भावार्थ :- मोक्षमार्गमें ऐसा ही लिंग है, अन्य अनेक भेष हैं वे मोक्षमार्गमें नहीं हैं, ऐसा श्रद्धान करे उनके सम्यक्त्व होता है। यहाँ परापेक्ष नहीं है-ऐसा कहनेसे बताया है कि-ऐसा निर्ग्रंथ रूप भी जो किसी अन्य आशयसे धारण करे तो वह भेष मोक्षमार्ग नहीं है, केवल मोक्षहीकी अपेक्षा जिसमें हो ऐसा हो उसको माने वह सम्यग्दृष्टि है ऐसा जानना।।९१।।

## ગાથા-૯૧ ઉપર પ્રવચન

દેખો. **'આગે ઈસી અર્થકો દઢ કરતે હુએ કહતે હૈં :-'**

जहजायरूवरूवं सुसंजयं सव्वसंगपरिचत्तं।
लिंगं ण परावेक्खं जो मण्णइ तस्स सम्मत्तं।।९१।।

**'અર્થ :- મોક્ષમાર્ગકા લિંગ-ભેષ ઐસા હૈ કિ યથાજાતરૂપ તો જિસકા રૂપ હૈ,...'** જેવો માતાએ જન્મ્યો એવું એનું લિંગ-ભેખ હોય. સમજાણું? યથાજાત 'કુંદકુંદાચાર્ય' કહે છે. જેવો જન્મ્યો એવો. આહાહા..! વીતરાગ પંથે ચાલ્યો છે, કેવળજ્ઞાન લેવા તલસે છે, એની દશા કેવી હોય! આહાહા..! ભગવાન થયો છે ને અને પૂર્ણ ભગવાન થવા મથે છે. આહાહા..! હળવો, હળવો, હળવો. સમજાણું? **'યથાજાતરૂપ તો જિસકા રૂપ હૈ,...'** બે શબ્દ પડ્યા છે ને? **'यथाजातरूपरूपं'** એમ બે શબ્દ છે. **'યથાજાતરૂપ તો જિસકા રૂપ**

હૈ,...' એમ. સમજાણું કાંઈ? '**जहजायरूवरूवं**' યથાજાતરૂપ જેનું રૂપ છે. એમ. વીતરાગભાવ જેમાં અંતર હોય છે, બાહ્યમાં નિર્ગ્રંથદશા શરીરની થઈ જાય છે. એવું યથાજાતરૂપ રૂપં યથાજાતરૂપ તે રૂપ છે.

મુમુક્ષુ :- યથાજાત માને...

ઉત્તર :- ...

સમ્યગ્દર્શનસહિત સમ્યગ્જ્ઞાનસહિત જ્યાં ચારિત્ર આવ્યું એ તો અલૌકિક દશા છે. બાપુ! એ તો વાત સાંભળવી મહા કઠણ છે. એવી દશાની ખબર ન મળે અને માને એ મોટું મિથ્યાત્વ છે, મહાપાપ છે. સમજાણું કાંઈ? કસાઈખાના કરતાં પણ એ મિથ્યાત્વનું પાપ મોટું છે. એય..! 'ઉત્તમચંદભાઈ'!

મુમુક્ષુ :- જરા ભારે પડે.

ઉત્તર :- ભારે પડે કે હળવું પડે માર્ગ તો આ છે. માન્યું હોય એમાં આકરું પડે જરી.

આહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર... આ 'કુંદકુંદાચાર્ય' પોતે પોકાર કરે છે. '**जहजायरूवरूवं**' મુનિની વીતરાગી દશા હોય. જેવો આત્મા વીતરાગી એવી દશા પ્રગટ હોય. શરીરમાં યથાજાત બાળકની પેઠે બેય સરખા હોય છે. '**જિસકા રૂપ હૈ, જિસમેં બાહ્ય પરિગ્રહ વસ્ત્રાદિક કિંચિત્‌માત્ર ભી નહીં હૈ,..**' છે? બાહ્ય પરિગ્રહ વસ્ત્ર આદિ પાત્ર '**કિંચિત્‌માત્ર ભી નહીં હૈ,...**' જેને ન હોય. વળી '**સુસંયત અર્થાત્ સમ્યક્‌પ્રકાર ઈન્દ્રિયોંકા નિગ્રહ ઔર જીવોંકી દયા જિસમેં પાઈ જાતી હૈ...**' છકાયના પ્રાણી એક જીવને પણ મારવાનો વિકલ્પ એને હોય નહિ. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રમાં. વસ્ત્ર ન હોય બાહ્યમાં, પાત્ર ન હોય, સમ્યક્ પ્રકારની ઈન્દ્રિયનો નિગ્રહ હોય અને કોઈ જીવને એકેન્દ્રિયને પણ મારવાનો વિકલ્પ એને હોતો નથી. સંયતી છે ને મુનિ? કેવો હોય? '**ઐસા સંયમ હૈ,...**' દેખો! એવો સંયમ હોય એને. આહાહા..!

વળી, '**સર્વસંગ અર્થાત્ સબહી પરિગ્રહ તથા સબ લૌકિક જનોંકી સંગતિસે રહિત હૈ...**' દેખો! અપેક્ષા પછી આવશે. '**જિસમેં પરકી અપેક્ષા કુછ નહીં હૈ,...**' સર્વ પરિગ્રહ, સર્વ લૌકિકજનની સંગતિ રહિત છે. '**જિસમેં પરકી અપેક્ષા કુછ નહીં હૈ,...**' દેખો! આહા..! 'શ્રીમદ્દે' ન કહ્યું 'અપૂર્વ અવસર'માં? 'સર્વ ભાવથી ઉદાસીન વૃત્તિ કરી, સર્વભાવથી ઉદાસીન વૃત્તિ કરી.' સમ્યગ્દર્શન પછીની વાત છે. 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.' એક દેહ સંયમના હેતુ એ સિવાય કોઈ ચીજ નહિ. 'રતિભાઈ'! આવે છે ને? અપૂર્વ અવસરમાં આવે છે. અર્થ પણ કોણ સમજે છે ત્યાં?

મુમુક્ષુ :- ભાવ સમજે નહિ.

ઉત્તર :- ઠીક કહે છે. ભાવ સમજે નહિ ને હાંકે રાખે.

'સર્વ ભાવથી ઉદાસીન...' મુનિ કોને કહે? આહાહા..! ધન્ય અવતાર! ધન્ય સફળ! જેણે મોક્ષમાર્ગ સાધીને મોક્ષને નજીક કર્યો છે. કેવળજ્ઞાન જેને ઢૂંકડું આવે છે-કેવળજ્ઞાન જેને નજીક આવે છે. સમજાણું કાંઈ? 'સર્વ ભાવથી ઉદાસીન વૃત્તિ કરી, માત્ર દેહ...' માત્ર દેહ લીધો છે. વસ્ત્ર ને કાંઈ લીધું છે એમાં? એય..! 'મગનભાઈ'! 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય

જો. અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ. અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.' પરની અપેક્ષા રહિત. 'દેહ પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો.' સંયમનો હેતુ એ નિમિત્ત દેહ રહી ગયો છે. પણ એમાં પણ મૂર્છા હોતી નથી. એવી અંતરદશા સંતની નિર્ગ્રંથ થતાં તેને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'ભીખાભાઈ'! આહાહા..! આવો માર્ગ છે, ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના ના. એ તો ઝાઝા સાધુમાં રહે એ. એકલા રહે એ જિનકલ્પી અને ઝાઝા સાધુ ...માં સ્થવીરકલ્પી વસ્ત્ર રાખે અને જિનકલ્પી ન રાખે એમ નથી. આહાહા..! બેય આમાં લીધું છે 'સમયસાર નાટક'માં. ... છે ચોખ્ખું. જિનકલ્પી અને સ્થવિરકલ્પી બેય નગ્ન મુનિ હોય છે. સ્થવિરકલ્પી છે એ ઘણા સાધુ સાથે ભેગા રહે. જિનકલ્પી એકલા રહે. બાકી વસ્ત્રનો ટુકડો પણ સ્થિવરકલ્પી કે જિનકલ્પી કોઈને હોઈ શકે નહિ. વીતરાગદશા પ્રગટી છે. આહાહા..! ફક્ત એક વિકલ્પ બાકી છે શરીરને આહાર-પાણી લેવાનો. બાકી કાંઈ ન મળે. આહાહા..!

મુમુક્ષુ :- જિનકલ્પીમાં બે-ચાર થોડા હોય છે.

ઉત્તર :- ના. જિનકલ્પી એકલા રહે છે. સ્થવિરકલ્પી સાથે રહે છે. છે બંને નગ્ન. વળી સ્થિવરકલ્પીને કપડા અને ઓલાને કપડા નહિ એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. જાવ. છે ને. 'મુનીંદ્રસાગર' આવ્યા હતા (સંવત) ૧૯૮૬માં. 'ભાવનગર'માં. નગ્ન હતા. 'મુનીંદ્રસાગર' હતા. ત્રણ સાધુ હતા. કાંઈ ઠેકાણા નહિ. હજી ત્યાં ગયા તો કહે લાવોને જઈએ સાંભળીએ. પછી માખણ ચોપડ્યું. સ્થવિરકલ્પી અને જિનકલ્પી બે પ્રકારના સાધુ હોય છે. એમ કરીને શું કે આ સ્થવિરકલ્પી છે અને અમે જિનકલ્પી છીએ એમ. અહીં સ્થિવરકલ્પી સાધુ કે દિ' હતો? ૧૯૮૬ની વાત છે, ૮૬. ૪૦ વર્ષ થયા. 'ભાવનગર'. 'મુનીન્દ્રસાગર' હતા લંપટી. પછી તો મરી ગયા. ત્રણ સાધુ હતા. ૮૬માં ગયા હતા ભાવનગર. સ્થિવરકલ્પી, જિનકલ્પી બેય સાધુ વસ્ત્ર વિનાના હોય. વસ્ત્રવાળા સાધુ કેવા વળી? ૮૬ની વાત છે 'શોભાલાલજી'! કેટલા વર્ષ થયા? ૪૦ વર્ષ થયા. દિગંબર સાધુ. શું કહે છે કીધું આ? શું છે? પછી જોયું બધું. ગોટેગોટા. આહાહા..!

**'સર્વસંગ અર્થાત્ સબહી પરિગ્રહ તથા સબ લૌકિક જનોંકી સંગતિસે રહિત હૈ ઔર જિસમેં પરકી અપેક્ષા કુછ નહીં હૈ,...'** આહાહા..! સંયમી. કાંઈ અપેક્ષા જ નથી. વીતરાગભાવ જ્યાં અંદર છે. આહાહા..! સાધુપદ એટલે પરમેશ્વરપદ. જેને આવું હોય પદ એને માને એને સમકિત કહેવાય છે. આથી ઊંધુ માને એને મિથ્યાત્વ કહેવામાં આવે છે. ભલે વીતરાગને માનતો હોય અને મંદિરને પૂજતો હોય તોપણ. **'મોક્ષકે પ્રયોજન સિવાય અન્ય પ્રયોજનકી અપેક્ષા નહીં હૈ.'** કોઈ અપેક્ષાથી લિંગ પણ રાખ્યું નથી એમ કહે છે. નગ્નપણું પણ કોઈ અપેક્ષાથી નથી લીધું એમ કહે છે. નિરપેક્ષપણે એવો સ્વભાવ છે એવો થઈ ગયો છે. દુનિયાની આબરૂ માટે કે નગ્ન થઈએ તો લોકો આપણને પૂજે, બહુ માન આપે, સાધુ તરીકે આપણને આદર આપે તો એ પણ નગ્નપણું સાપેક્ષ થયું, એ વાસ્તવિક નિરપેક્ષ છે

નહિ. સમજાણું કાંઈ? સાધુ થાય તો આદર આપે. સાધુ વિના આદર ન આપે એટલો. એમ કરીને નગ્ન ધારણ કરે એ પણ કાંઈ સાચું લિંગ છે નહિ. અપેક્ષારહિત છે. '**ઐસા મોક્ષમાર્ગકા લિંગ માને–શ્રદ્ધાન કરે ઉસ જીવકે સમ્યક્ત્વ હોતા હૈ.**' તો એને સમકિત હોય. જો નિશ્ચય પ્રગટ કરે તો. નહિતર એકલો વ્યવહાર રહે તો વ્યવહારમાં પણ મિથ્યાત્વ છે.

'**ભાવાર્થ :– મોક્ષમાર્ગમેં ઐસા હી લિંગ હૈ, અન્ય અનેક ભેષ હૈં વે મોક્ષમાર્ગમેં નહીં હૈ, ઐસા શ્રદ્ધાન કરે ઉનકે સમ્યક્ત્વ હોતા હૈ.**' લ્યો! '**યહાં પરાપેક્ષ નહીં હૈ–ઐસા કહનેસે બતાયા હૈ કિ–ઐસા નિર્ગ્રંથ રૂપ ભી જો કિસી અન્ય આશયસે ધારણ કરે તો વહ ભેષ મોક્ષમાર્ગ નહીં હૈ,...**' આત્માના માટે અંદર. વીતરાગી ભાવ પ્રગટ કર્યો છે અને વીતરાગી લિંગ પણ નગ્ન થઈ ગયું છે. કોઈ કારણ નહિ. આવું નગ્નપણું ધારણ કરીએ તો લોકોમાં આદર મળે, મોટપ થાય, ગણતરીમાં આવીએ. આ કોઈ ગણતું નથી. એક જણો કહેતો હતો કે આઠ પડિમા લીધી છે પણ હજી કોઈ ગણતું નથી એટલે મારે ક્ષુલ્લક થાવું પડશે. (સંવત) ૨૦૦૬ની સાલમાં ત્યાં 'રાજકોટ' એક આવ્યો હતો. આઠ પડિમાવાળો શ્રાવક. કોઈ ગણતું નથી અમને હજી. સાધુ થશે ત્યારે ગણશે. છઠ્ઠી સાલ. આહાહા..! અરે..! ભગવાન! શું કરવું છે તારે બાપુ? આનંદસ્વરૂપ ભગવાનઆત્મા છે એ આનંદ બહારથી ક્યાં લેવા ગયો? સમજાણું કાંઈ? કોઈક મને માને તો ઠીક એ પણ બહારને લઈને આનંદ માન્યો છે. બીજા મને ગણે તો ઠીક, એ તો બહારમાં આનંદ માન્યો છે. મિથ્યાત્વભાવ છે. આહાહા..! મારો આનંદ તો મારામાં છે. મારા આનંદને માટે કોઈ બીજાની અપેક્ષા નથી. આહાહા..!

'**ઐસા કહનેસે બતાયા હૈ કિ–ઐસા નિર્ગ્રંથ રૂપ ભી જો કિસી અન્ય આશયસે ધારણ કરે તો વહ ભેષ મોક્ષમાર્ગ નહીં હૈ, કેવલ મોક્ષહીકી અપેક્ષા જિસમેં હો ઐસા હો ઉસકો માને વહ સમ્યગ્દૃષ્ટિ હૈ...**' નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ સહિત આવું માને એને વ્યવહાર સમકિત કહેવામાં આવે. સમજાણું કાંઈ?

---

**आगे मिथ्यादृष्टिके चिह्न कहते हैं :–**

## ગાથા-૯૨

**कुच्छियदेवं धम्मं कुच्छियलिंगं च बंदए जो दु।**
**लज्जाभयगारवदो मिच्छादिट्ठी हवे सो हु।।९२।।**

कुत्सितदेवं धर्मं कुत्सितलिंगं च वन्दते यः तु।
लज्जाभयगारवतः मिथ्यादृष्टिः भवेत् सः स्फुटम्।।९२।।

**જે દેવ કુત્સિત, ધર્મ કુત્સિત, લિંગ કુત્સિત વંદતા,**
**ભય, શરમ વા ગારવ થકી, તે જીવ છે મિથ્યાત્વમાં. ૯૨.**

**अर्थ :–** जो क्षुधादिक और रागद्वेषादि दोषोंसे दूषित हो वह कुत्सित देव है, जो हिंसादि

**दोषोंसे सहित हो वह कुत्सित धर्म है, जो परिग्रहादि सहित हो वह कुत्सित लिंग है। जो इनकी वंदना करता है, पूजा करता है वह तो प्रगट मिथ्यादृष्टि है। यहां अब विशेष कहते हैं कि जो इनको भले–हित करनेवाले मानकर वंदना करता है, पूजा करता है, वह तो प्रगट मिथ्यादृष्टि है, परन्तु जो लज्जा भय गारव इन कारणोंसे भी वंदना करता है, पूजा करता है वह भी प्रगट मिथ्यादृष्टि है। लज्जा तो ऐसे कि–लोग इनकी वन्दना करते हैं, पूजा करते हैं, हम नहीं पूजेंगे तो लोग हमको क्या कहेंगे? हमारी इस लोकमें प्रतिष्ठा चली जायेगी, इस प्रकार लज्जासे वंदना व पूजा करे। भय ऐसे कि–इनको राजादिक मानते हैं, हम नहीं मानेंगे तो हमारे ऊपर कुछ उपद्रव आ जायगा, इस प्रकार भयसे वंदना व पूजा करे। गारव ऐसे कि हम बड़े हैं, महंत पुरुष हैं, सबहीका सम्मान करते हैं, इन कार्योंसे हमारी बड़ाई है, इस प्रकार गारवसे वंदना व पूजना होता है। इस प्रकार मिथ्यादृष्टिके चिह्न कहे।।९२।।**

## ગાથા-૯૨ ઉપર પ્રવચન

'**આગે મિથ્યાદષ્ટિકે ચિહ્ન કહતે હૈં :–**' લ્યો! ઓલા સમકિતદષ્ટિના ચિહ્ન હતા બહારના.

**कुच्छियदेवं धम्मं कुच्छियलिंगं च बंदए जो दु।**
**लज्जाभयगारवदो मिच्छादिट्ठी हवे सो हु।।९२।।**

'**અર્થ :– જો ક્ષુધાદિક...**' જેને દેવ કહેવાય પરમેશ્વર એને ક્ષુધા લાગે, એને તૃષા લાગે, એને રોગ થાય, એને દેવ માને, એને દેવ માનીને વંદે એ મિથ્યાદષ્ટિ છે. ભારે આકરું કામ, ભાઈ! કહો, 'નેમિદાસભાઈ'! એ તમારે ક્યાં છે એમાં વાંધો? ના પાડે એવું નથી કાંઈ ઘરે. જેને વાંધો હોય એને વાંધો હશે ને? આહાહા..! '**જો ક્ષુધાદિક...**' ક્ષુધા, તૃષા. ભગવાનને આહાર. ભગવાન આહાર લેવા જાય, એ ન જાય તો એના વતી બીજા જાય. એ બધી વાતું તદ્દન તત્ત્વથી વિરોધ છે. 'દેવીલાલજી'!

મુમુક્ષુ :– હુંડાવસર્પિણી.

ઉત્તર :– હુંડાવસર્પિણી છે એટલે આવું થાય એમ કહે છે. હુંડાવસર્પિણીમાં રોટલીને ઠેકાણે ઝેર ખાતા હશે કોઈ? અનાજને ઠેકાણે ગારો ખાય? પાણીને ઠેકાણે પેશાબ પીતા હશે કોઈ? હુંડાવસર્પિણી છે. માર્ગ તો માર્ગ છે, એય.. શેઠ!

મુમુક્ષુ :– મોંઘું જ છે.

ઉત્તર :– મોંઘું છે પણ વસ્તુ તો જે હોય એ રહે ને? મોંઘુ તો તમારે નથી પડતું? સવારમાં એક મેં પૂછયું હતું કોકનું કે એલા ધૂપેલ શું? કે ધૂપેલ તો પહેલા આઠ આના શેર અત્યારે પાંચ રૂપિયાનું શેર છે. આ માથામાં નાખવાનું. એવું મોંઘું થઈ ગયું બોલો લ્યો. ધૂપેલ તેલ. ઘરે બનાવતા પહેલા બાયું. આઠ આના શેર પડતું, આઠ આના. દસ ગણું થઈ ગયું. આમ તો ભાવ સોળ ગુણા થઈ ગયા છે. ધૂપેલ-ધૂપેલ. આ બાઈ વાળમાં નાખે ને તેલ. પહેલા ઘરે બનાવતા. હવે કહે છે કે મોંઘુ થઈ ગયું.

મુમુક્ષુ :– હવે તૈયાર આવે છે ઘરે કોઈ બનાવતું નથી.

ઉત્તર :- મોંઘું પણ પાંચ પાંચ રૂપિયાનું તેલ. આહાહા..! મોંઘુ છે પણ લે છે ને? એમ માર્ગ મોંઘો છે પણ આદરાય છે કે નહિ? આ તો મોંઘું મોઘું શેઠ કહેતા હતા.

મુમુક્ષુ :- શેઠ આજે મુંઝાઈ ગયા.

ઉત્તર :- મુંઝાઈ ગયા એ તો અજ્ઞાનીથી મુંઝાય છે. જ્ઞાનમાં મુંઝવણ ન હોય.

'**રાગદ્વેષાદિ દોષોંસે દૂષિત...**' ન હોય. જે દેવમાં રાગ હોય, દ્વેષ હોય, સ્ત્રી રાખતો હોય. સમજાય છે? આયુધ રાખતા હોય, ભગવાનની માળા જપતા હોય એ તો હજી રાગી છે. એ દેવ કહેવાય નહિ.

મુમુક્ષુ :- ભગવાનની માળા પણ ન ફેરવે ?

ઉત્તર :- ભગવાન માળા ફેરવે બીજા ભગવાનની? એ ભગવાન બીજા ભગવાનની માળા ફેરવે એ ભગવાન જ નથી, એ દેવ નથી. રાગ છે ત્યાં સુધી. આ દેવની વાત ચાલે છે ને? 'મગનભાઈ'! હજી રાગી પ્રાણી લાગે છે માળા ફેરવે છે કોકની. એવો રાગ જેને ન હોય એને દેવ કહેવામાં આવે છે. પરમેશ્વર. આહાહા..! સમજાણું કાંઈ? આયુધ રાખે, ખોળામાં બાયડી બેસાડે. કહો. એ બધા દેવ ન કહેવાય. બધા કુદેવ છે.

'**વહ કુત્સિત દેવ હૈ, જો હિંસાદિ દોષોંસે સહિત હો...**' હિંસા કરે, એકેન્દ્રિય પ્રાણી, પંચેન્દ્રિય પ્રાણી મરે અને એમાં માને ધર્મ. '**વહ કુત્સિત ધર્મ હૈ, જો પરિગ્રહાદિ સહિત હો વહ કુત્સિત લિંગ હૈ.**' ત્રણ દોષ કહ્યા. દેવ ખોટા, ધર્મ ખોટો અને લિંગ ખોટું. '**પરિગ્રહાદિ સહિત હો વહ કુત્સિત લિંગ હૈ. જો ઇનકી વંદના કરતા હૈ, પૂજા કરતા હૈ વહ તો પ્રગટ મિથ્યાદૃષ્ટિ હૈ.**' એને દેવ-ગુરુ-શાસ્ત્ર તરીકે માને, વંદે, પૂજે તો પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે. પ્રગટ છે ને? '**च बंदए जो दु**' પ્રત્યક્ષ કહ્યું.

'**યહાં અબ વિશેષ કહતે હૈં કિ જો ઇનકો ભલે-હિત કરનેવાલે માનકર વંદના કરતા હૈ, પૂજા કરતા હૈ, વહ તો પ્રગટ મિથ્યાદૃષ્ટિ હૈ, પરંત જો લજ્જા ભય ગારવ ઇન કારણોંસે ભી વંદના કરતા હૈ, વહ તો પ્રગટ મિથ્યાદૃષ્ટિ હૈ.**' પાઠ છે કે નહિ? '**लज्जाभयगारवदो**' દુનિયાની લજ્જા ખાતર (પૂજે). ભાઈ! શું કરીએ? મોટા થયા અત્યાર સુધી એનો આદર કરવો પડે. મોટા મોઢા આગળ બેસાડીને આબરૂ .. જાય. એય શેઠ! '**લજ્જા...**' છે? '**ભય...**' સમાજનો ભય લાગે. ડરતા ડરતા ભય લાગે. સમાજ આપણને રહેવા નહિ દે. એમ કરીને પણ જો આવા ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રને વંદે-પૂજે તો મિથ્યાદૃષ્ટિ છે.

'**ગારવ...**' આપણને અનુકૂળતા મળે છે આવામાં. શેઠાઈની, પ્રમુખતાની, શાતા શૈયા ભોગવે. માન સચવાય, પ્રમુખપણાનું માન સચવાય, સંઘવીપણાનું માન મળે એ ખાતર પણ બીજાને વંદે-પૂજે તો મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- એવું હોય તો.

ઉત્તર :- એવું હોય તો કાઢી નાખવું એમ કહે છે. મોટાને વધારે હોય. 'શોભાલાલભાઈ' એકકોર બેસે. એને કોઈ પૂછે નહિ. મોટું માથુ કરીને બહાર જાય. ભાઈ! બેસો અહીં ફોડો માથુ. માર્ગ એવો છે વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવનો. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પ્રસિદ્ધ કરીને વાત કરે છે.

**'પ્રગટ મિથ્યાદષ્ટિ હૈ. લજ્જા તો ઐસે કિ–લોગ ઈનકી વંદના કરતે હૈં, પૂજા કરતે હૈં, હમ નહીં પૂજેંગે તો લોગ હમકો ક્યા કહેંગે?'** શું કહેશે? અરે..! આ તો ઠેકાણા વિનાના છે, ફલાણું છે. ચક્કર ફરી ગયું લાગે છે. પહેલા તો અમારી સાથે બધુ આવતાં, બધું કરતા. ફરી ગયું લાગે છે. આહાહા..! **'હમારી ઈસ લોકમેં પ્રતિષ્ઠા ચલી જાયેગી,...'** અમારી જશે અને લોકમાં અમારી માન્યતા જશે. જો નહિ માનીએ, પૂજીએ તો. ચાલો, રાજાના ગુરુ છે અને રાજા કહે છે. પગે લાગીએ. **'ઈસ પ્રકાર લજ્જાસે વંદના વ પૂજા કરે. ભય ઐસે કિ–ઈનકો રાજાદિક માનતે હૈં,...'** લ્યો! આવ્યું. **'હમ નહીં માનેંગે તો હમારે ઊપર કુછ ઉપદ્રવ આ જાયેગા,...'** અમારી ઉપર ઉપદ્રવ આવશે. રાજા હોય એ માને અને આપણને જૈન ન માનીએ તો આપણને નુકશાન થઈ જાય. એમ કરીને પણ પગે લાગે તો મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ગારવ ઐસે કિ હમ બડે હૈં, મહંત પુરુષ હૈં, સબહીકા સન્માન કરતે હૈં,...'** અમે તો બધાને સરખા માનીએ છીએ. તો એનું પણ અમારે સન્માન કરવું પડે.

મુમુક્ષુ :– આમાં નમો નારાયણ લખ્યું છે.

ઉત્તર :– નમો નારાયણ સંસ્કૃતમાં (છે).

**'ઈન કાર્યોંસે હમારી બડાઈ હૈ,...'** એમ કરવામાં અમારી મોટાઈ જળવાય, સંઘપતિપણું જળવાય, સમાજભુષણની પદવી જળવાય રહે. એવે કારણે પણ માને નહિ એમ કહે છે. **'ઈસ પ્રકાર ગારવસે વંદના વ પૂજના હોતા હૈ. ઈસ પ્રકાર મિથ્યાદષ્ટિકે ચિહ્ન કહે.'** લ્યો! એ તો અજ્ઞાનીના ચિહ્ન છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे ईसी अर्थको दृढ करते हुए कहते हैं कि :–**

## ગાથા-૯૩

**सपरावेक्खं लिंगं राई देवं असंजयं वंदे।**
**मण्णइ मिच्छादिट्ठी ण हु मण्णइ सुद्धसम्मत्तो॥९३॥**

स्वपरापेक्षं लिंगं रागिणं देवं असंयतं वन्दे।
मानयति मिथ्यादृष्टिः न स्फुटं मानयति शुद्धसम्यक्ती॥९३॥

**વંદન અસંયત, રક્ત દેવો, લિંગ સપરાપેક્ષને,**
**–એ માન્ય હોય કુદષ્ટિને, નહિ શુદ્ધ સમ્યગ્દષ્ટિને. ૯૩.**

**अर्थ :– स्वपरापेक्ष तो लिंग – आप कुछ लौकिक प्रयोजन मनमें धारणकर भेष ले वह स्वापेक्ष है और किसी परकी अपेक्षासे धारण करे, किसीके आग्रह तथा राजादिकके भयसे धारण करे वह परापेक्ष है। रागी देव (जिसके स्त्री आदिका राग पाया जाता है) और संयमरहितको इस**

प्रकार कहे कि मैं वंदना करता हूं तथा इनको माने, श्रद्धान करे वह मिथ्यादृष्टि है। शुद्ध सम्यक्त्व होने पर न इनको मानता है, न श्रद्धान करता है और न वंदना व पूजन ही करता है।

भावार्थ :- ये ऊपर कहे इनसे मिथ्यादृष्टिको प्रीति भक्ति उत्पन्न होती है, जो निरतिचार सम्यक्त्ववान् है वह इनको नहीं मानता है।।९३।।

---

**પ્રવચન નં. ૯૭, ગાથા-૯૩ થી ૯૭, શુક્રવાર, ભાદરવા વદ ૧૦, તા.૨૫-૯-૭૦**

'મોક્ષપાહુડ'ની ૯૩ ગાથા. ૯૨ થઈ ગઈ ને? ૯૩. **'ઈસી અર્થકો દઢ કરતે હુએ કહતે હૈં કિ :-'** શું કહે છે? મુનિ છે એનું દ્રવ્યલિંગ હોય એ નગ્ન હોય અને ભાવલિંગ એનું અંતર વીતરાગ સમભાવ હોય છે. એ મુનિ હોય એવા મુનિ ભાવલિંગી તે સંત છે, ગુરુ છે તે વંદન કરવા લાયક છે. જૈનદર્શનમાં એટલે વસ્તુના સ્વભાવમાં. બીજી રીતે લિંગ પરની અપેક્ષાએ સ્વની અપેક્ષા ધારણ કરે કોઈ તો એ લિંગ વંદનીય નથી. એ વાત કરી હતી.

**सपरावेक्खं लिंगं राई देवं असंजयं वंदे।**
**मण्णइ मिच्छादिट्ठी ण हु मण्णइ सुद्धसम्मत्तो।।९३।।**

**'અર્થ :- સ્વપરાપેક્ષ તો લિંગ-આપ કુછ લૌકિક પ્રયોજન મનમેં ધારણકર ભેષ લે વહ સ્વાપેક્ષ હૈ...'** ચાલો કંઈક ભેખ લેશું તો આપણને આહાર આદિ અનુકૂળ મળશે, આબરૂ મળશે, લોકો માન આપશે. બાહ્ય લિંગ ધારે એ વંદનને લાયક છે નહિ. **'લૌકિક પ્રયોજન મનમેં ધારણકર ભેષ લે વહ સ્વાપેક્ષ હૈ ઔર કિસી પરકી અપેક્ષાસે ધારણ કરે, કિસીકે આગ્રહ તથા રાજાદિકકે ભયસે ધારણ કરે વહ પરાપેક્ષ હૈ.'** એ પણ વંદવા લાયક નથી.

**'રાગી દેવ (જિસકે સ્ત્રી આદિકા રાગ પાયા જાતા હૈ)...'** સ્ત્રીનો રાગ હોય, હથિયાર આદિ હોય એવા દેવ વંદનને લાયક નથી. **'ઔર સંયમરહિતકો ઈસ પ્રકાર કહે...'** અસંયમી દેવ એમ લીધું ઓલામાં. દેવ છે પણ અસંયમી છે, રાગી છે માટે તેને પૂજવાલાયક નથી. **'રાગી દેવ ઔર સંયમરહિતકો ઈસ પ્રકાર કહે કિ મૈં વંદના કરતા હૂં તથા ઈનકો માને, શ્રદ્ધાન કરે વહ મિથ્યાદષ્ટિ હૈ.'** કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની આખી વાત લેતા અહીંયાં કુલિંગની વાત વધારે નથી લીધી.

વળી, **'શુદ્ધ સમ્યક્ત્વ હોને પર ન ઈનકો માનતા હૈ,...'** એને માનતો નથી. કુલિંગ અને કુભેખ, પરની-સ્વની અપેક્ષાએ .. પડિમા આદિ ધારણ કર્યા હોય, પોતાનો સમભાવ-વીતરાગભાવ છે એ પ્રગટ કરીને જેણે બાહ્યલિંગ એવો સમભાવી, પરની અપેક્ષા વિનાનું લિંગ હોય એ મુનિ છે. એ મોક્ષમાર્ગના અધિકારી છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- યે ઊપર કહે ઈનસે મિથ્યાદષ્ટિકે પ્રીતિ ભક્તિ ઉત્પન્ન હોતી હૈ,...'** અજ્ઞાનીને એવા ખોટા દેવ, ખોટા ગુરુ, ખોટા શાસ્ત્ર એના પ્રત્યે પ્રીતિ ભક્તિ ઉપજે. **'જો નિરતિચાર સમ્યક્ત્વાન્ હૈ વહ ઈનકો નહીં માનતા હૈ.'** સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અતિચાર...

ઉત્તર :- અતિચારમાં આવી જાય એ જુદી વાત છે. માને નહિ. અતિચાર કોઈ આવી જાય એ વાત છે ત્યાં. અતિચાર, નિરતિચાર. અતિચાર પણ દોષ છે ને? એ કરવા લાયક છે નહિ. સમજાણું કાંઈ? અહીં તો મુખ્ય દિગંબરની પણ કોઈ અપેક્ષાથી ધારણ કરે માન-સન્માન કે કાંઈક પુણ્ય થાશે, એ પણ વંદનીક નથી અને એના સિવાય શ્વેતાંબર આદિ ભેખ, એ વંદનીક અને પૂજનિક છે નહિ. એમ વાત સિદ્ધ કરવી છે. એય..! 'દેવીલાલજી'!

## ગાથા-૯૪

सम्माइट्ठी सावय धम्मं जिणदेवदेसियं कुणदि।
विवरीयं कुव्वंतो मिच्छादिट्ठी मुणेयव्वो।।९४।।

सम्यग्दृष्टिः श्रावकः धर्मं जिनदेवदेशितं करोति।
विपरीतं कुर्वन् मिथ्यादृष्टिः ज्ञातव्यः।।९४।।

સમ્યક્ત્વયુત શ્રાવક કરે જિનદેવદેશિત ધર્મને,
વિપરીત તેથી જે કરે, કુદૃષ્ટિ તે જ્ઞાતવ્ય છે. ૯૪.

**अर्थ :–** जो जिनदेवसे उपदेशित धर्मका पालन करता है वह सम्यग्दृष्टि श्रावक है और जो अन्यमतके उपदेशित धर्मका पालन करता है उसे मिथ्यादृष्टि जानना।

**भावार्थ :–** इस प्रकार कहनेसे यहाँ कोई तर्क करे कि–यह तो अपना मत पुष्ट करनेकी पक्षपातमात्र वार्ता कही, अब इनका उत्तर देते हैं कि–ऐसा नहीं है, जिससे सब जीवोंका हित हो वह धर्म है ऐसे अहिंसारूप धर्मका जिनदेव ही ने प्ररूपण किया है, अन्यमतमें ऐसे धर्मका निरूपण नहीं है, इस प्रकार जानना चाहिये।।९४।।

## ગાથા-૯૪ ઉપર પ્રવચન

૯૪. सम्माइट्ठी सावय धम्मं जिणदेवदेसियं कुणदि।
विवरीयं कुव्वंतो मिच्छादिट्ठी मुणेयव्वो।।९४।।

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એણે જે આત્માનો ધર્મ, પુણ્ય-પાપ, શરીર, વાણી અજીવ જે ભગવાને કહ્યું એ પ્રમાણે શ્રાવક સમ્યગ્દૃષ્ટિ કરે. વીતરાગ સર્વજ્ઞદેવ સિવાય વિપરીત કંઈ પણ વાત અજ્ઞાનીઓએ કરી છે એને માને એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ખુલાસો કરશે.

'**અર્થ :- જો જિનદેવસે ઉપદેશિત ધર્મકા....**' સર્વજ્ઞ પરમાત્મા...

મુમુક્ષુ :- બધાએ .. સંપ્રદાય એક...

ઉત્તર :- જૈન સંપ્રદાયમાં ક્યાં માને છે? સર્વજ્ઞને માને છે ક્યાં? હજી સર્વજ્ઞ કોને કહેવા એની ખબર નથી. એ વાંધા સંપ્રદાયના છે ને. સર્વજ્ઞ ત્રણકાળનું જાણે તો પછી પુરુષાર્થ કરવો ક્યાં રહ્યો? ક્રમબદ્ધ પર્યાય ભગવાન જાણે એ તો આ સમયે આ થાય. એમાં કરવાનું (ક્યાં રહ્યું?) ક્યાં એને સર્વજ્ઞની ખબર છે?

મુમુક્ષુ :- કાળલબ્ધિ માને તો...

ઉત્તર :- બધો પુરુષાર્થ છે એમાં. કાળલબ્ધિ-જે સમયે થાય એ પ્રકારે થશે એવો નિર્ણય કરનાર સ્વભાવને આશ્રયે નિર્ણય કરે છે. જે સમયે થવાનું હોય તે થાય, ભવિતવ્યતા, નિયતિ કે કાળલબ્ધિ, એનું જ્ઞાન સ્વભાવને આશ્રયે થતાં થાય છે. અંતર દ્રવ્યનો આશ્રય જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એનો આશ્રય લીધા વિના કાળલબ્ધિ કે યોગ્યતાનું જ્ઞાન યથાર્થ હોતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શરત બહુ આકરી છે.

ઉત્તર :- શરત પણ વસ્તુ તો એ છે. 'ચંદુભાઈ'! જે સમયે કાળે થવાનું તે થાય, યોગ્યતાથી થાય, ક્રમબદ્ધ થાય, હોનહારથી થાય, ભવિતવ્ય હોય તે થાય. પણ એનો અર્થ શું? એનું જ્ઞાન યથાર્થ કોને હોય?

મુમુક્ષુ :- એ તો પર્યાયનું જ્ઞાન થયું.

ઉત્તર :- એ તો પર્યાય થઈ. પણ પર્યાયનું જ્ઞાન, દ્રવ્યના જ્ઞાન વિના પર્યાયનું જ્ઞાન હોઈ શકે નહિ. 'શોભાલાલજી'! ઝીણી વાત છે.

ભગવાનઆત્મા ચિદાનંદ સ્વરૂપ અનંત આનંદની ખાણ, અવિનાશી નિજાનંદ ધામ એની દૃષ્ટિ થયા વિના એ બધી પર્યાય આદિનું જ્ઞાન સાચું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જિનદેવનો ઉપદેશ કર્યો. સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવે કહ્યો જે ધર્મ, ભગવાનઆત્મા સ્વસન્મુખ થઈને આત્માનો અનુભવ કરે એનું નામ ધર્મ. એવો જિનદેવે કહ્યો છે. એ સિવાય બીજે એ વાત હોતી નથી. સમજાણું કાંઈ? શ્વેતાંબર સંપ્રદાયમાં પણ એ વાત નથી. લિંગફેર, દેવફેર, ગુરુફેર, શાસ્ત્રફેર.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનનું સ્વરૂપ જ જુદું છે.

ઉત્તર :- કેવળજ્ઞાનનું સ્વરૂપ જ જુદું માને છે ઈ. એક સમયે કેવળજ્ઞાન, બીજે સમયે કેવળદર્શન. બધી વાતમાં ફેર છે. શું કીધું સમજાણું?

મુમુક્ષુ :- જિનદેવનું કથન વાંચે તો માને.

ઉત્તર :- જિનદેવનું કથન આ છે.

મુમુક્ષુ :- જિનદેવનું કથન શું છે એ કોણ નક્કી કરે?

ઉત્તર :- નક્કી કરનારો કરે કે નહિ? જિનદેવ વીતરાગ હતા અને સર્વજ્ઞ હતા. એ સર્વજ્ઞ વીતરાગ એવો ધર્મ પ્રરૂપે કે રાગરહિત અને અલ્પજ્ઞનો નાશ કરીને સર્વજ્ઞ થાય એવો ધર્મ પ્રરૂપે. કેમકે પોતે સર્વજ્ઞ થયા અને વીતરાગ થયા. એથી એની વાણીમાં રાગનો અભાવ અને અલ્પજ્ઞનો અભાવ કરીને સર્વજ્ઞ વીતરાગ થવું, એ સમ્યગ્દર્શનથી માંડીને પૂર્ણતાનો ઉપદેશ

સર્વજ્ઞની વાણીમાં આવે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એનું કથન કરે એમાં તો માને ને?

ઉત્તર :- પણ મુનિ સાચા હોય તો ને? કથન કરવામાં શું દાળિયા થયા?

મુમુક્ષુ :- શાસ્ત્રમાંથી જેમ આપ વાંચો છો એમ વાંચી નાખે.

ઉત્તર :- નહિ-નહિ. એ વાત નહિ. એ મુનિ પણ સમભાવી અંદર વીતરાગદશા પ્રગટ હોય. સમભાવ એટલે પુણ્ય-પાપના વિકલ્પરહિત ભગવાને જે વીતરાગપણું પ્રગટ કર્યું એવો વીતરાગભાવ અંદર સમ્યગ્દર્શનનો પ્રગટ હોય, આનંદનો અનુભવ વેદન-સ્વાદ હોય. એ ઉપરાંત સ્વસંવેદનની ઉગ્રતા આનંદની હોય, એને એ આ પ્રરૂપણા કરે એની પ્રરૂપણા સાચી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમની ... એમ છે કે એ પણ ભગવાનના શાસ્ત્ર વાંચે છે ને.

ઉત્તર :- ના ના, ભગવાનના શાસ્ત્રના પાના વાંચે એમાં શું થઈ ગયું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના નથી કહેતા એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં ગયા? ઊંધા એ છે. એમ કે ઓલા પણ પાંચ નવકાર ગણે છે. નથી ગણતા. બૌદ્ધમાં પણ આવે છે. સમાધિ બોધિ. શબ્દ આવે એમાં શું થઈ ગયું?

અરિહંત વીતરાગ પરમાત્મા, જેને એક સમયમાં ચાર કર્મનો નાશ છે અને ચાર કર્મ બાકી અને ત્રણકાળનું જ્ઞાન છે. એના મુખમાંથી વીતરાગ થવાની જ વાણી આવે. જિનવાણી એ વીતરાગભાવની પોષક હોય. એ રાગની પોષક હોય નહિ. એ એની વાણીની પરીક્ષા છે. 'ચંદુભાઈ'!

મુમુક્ષુ :- પુણ્યથી પરંપરા મોક્ષ પામે એમ કહે...

ઉત્તર :- એ જિનવાણી નહિ. પુણ્યથી પરંપરા મોક્ષ પામે એ તો પરંપરાનો અર્થ શું? કે અભાવ કરીને પામે એમ ભગવાને કહ્યું છે ત્યાં. પરંપરા એનાથી પામે એમ નહિ. તેમ પરદ્રવ્યને લઈને સંસાર પરિત થાય, સમ્મેદશિખરના દર્શનથી સંસારનો નાશ થાય, ભગવાનના સમવસરણના અને ભગવાનના દર્શનથી સંસારનો નાશ થાય, એ વીતરાગની વાણી નહિ. સમજાણું કાંઈ?

એ હમણા કહ્યું હતું. ત્યાં અંતરિક્ષ જતા હતા ને? 'ફૂલચંદજી'. ચાલીને ગયા હતા રસ્તામાં. ત્યાં રેલ નથી. છેલ્લું ગામ છે. ત્યાં રેલ નથી. મેં કહ્યું, જુઓ ભાઈ! જિનવાણીનું મહાલક્ષણ એ કે જિન એટલે વીતરાગભાવ તદ્દન રાગ અને પુણ્ય અને નિમિત્તની અપેક્ષા છોડાવી અને ભગવાનઆત્મા પૂર્ણાનંદની અપેક્ષા કરાવે એનું નામ જિનવાણી અને એનું નામ સિદ્ધાંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મેં કહ્યું કે આ... રસ્તામાં કહ્યું. અંતરિક્ષ જતા હતા. ઓલા નથી? શું? એ જ કીધું હતું. ત્યાં બરાબર આવ્યા. એને જાવું હતું પછી મોટરમાં બેસી ગયા. માર્ગ આ એક

મહાસિદ્ધાંત છે. કેમકે રાગ અને દ્વેષ એ વિષમભાવ છે. અને વિષમરહિત આત્માનો સ્વભાવ જ સમભાવ છે. જિનસ્વરૂપ આત્મા છે. વીતરાગ સ્વભાવી આત્મા છે. એની વીતરાગતા પ્રગટ કરવાનો ઉપદેશ હોય અને રાગનો અભાવ કરવાનો ઉપદેશ હોય, અલ્પજ્ઞનો અભાવ કરવાનો, સર્વજ્ઞને પ્રાપ્ત કરવાનો ઉપદેશ (હોય). એ સર્વજ્ઞની પ્રાપ્તિ અને વીતરાગતા સ્વદ્રવ્ય આશ્રયે થાય. સમજાણું કાંઈ? લાખ વાતની વાત પણ આ સ્થિતિ ન હોય જ્યાં...

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ એનો આશ્રય કરે. કેમકે એ વીતરાગસ્વરૂપ આત્મા છે, જિનસ્વરૂપ આત્મા છે. એનો આશ્રય કરવાથી જ સંસારનો અભાવ થાય છે. ત્રણલોકના નાથ તીર્થંકરનો આશ્રય કરવાથી પણ સંસારનો નાશ થતો નથી. સમજાણું કાંઈ? કેમકે એ પરદ્રવ્ય છે. એ તો બહુ ગાણા આવ્યા અંદર. હજી આવશે આમાં. '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**' એનો અર્થ એ છે. એ કહેશે હમણાં. ત્યાં તો તમે પક્ષની વાતું કરો છો. હમણાં આવશે અર્થમાં. પક્ષની નથી. વસ્તુના સ્વભાવની વાત છે. વસ્તુ જ એવી છે. વીતરાગ સ્વભાવ અને વીતરાગ આનંદ અને વીતરાગી જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. સમજાણું કાંઈ? એવા આત્મભગવાન, એનો આશ્રય લેવો. કેમકે વીતરાગે પોતે એનો આશ્રય લઈને વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રગટ કરી છે. એની વાણીમાં એ આવે. પરની અપેક્ષાએ કાંઈ શેત્રુંજયની જાત્રાથી પરિત સંસાર થાય અને સમ્મેદશિખરની જાત્રાથી ૪૯ ભવે મોક્ષ જાય, એ બધી વાણી વીતરાગની નહિ.

મુમુક્ષુ :- ૪૯ ભવે જાય, એક ભવે કાં ન જાય?

ઉત્તર :- એ ૪૯ રાખે થોડું લાંબુ એટલું. એક જણાએ કહ્યું હતું. અહીં કીધું ને? મહાવીરકીર્તિ સાધુ હતા. એની પાસે પુસ્તક હતું. જેમ આ લોકોમાં શેત્રુંજય માહાત્મ્યનું છે. એ સમ્મેદશિખરનું માહાત્મ્યનું પુસ્તક હતુ. આમાં (લખ્યું છે), આના દર્શનથી ૪૯ ભવથી જાય. કીધું, એ જિનવાણી નહિ. પરના દર્શને ભવ ઘટે (એમ કહે) એ જિનવાણી નહિ. કારણ કે ભવ ઘટવાનો સ્વભાવ આત્મામાં છે. કારણ કે ભવ અને ભવના ભાવ વિનાનું આત્મતત્ત્વ છે. સમજાણું કાંઈ? 'નવરંગભાઈ'! અહીં તો ભઈ વાત આ છે. કોઈપણ દયા, દાન, વ્રતના વિકલ્પથી ધર્મ માને, મનાવે એ જિનવાણી નહિ. એ દેવને ઓળખતો નથી, ગુરુને ઓળખતો નથી, શાસ્ત્રને જાણતો નથી. એમ છે. ઊંધું હોય એ ભૂલી જાવું.

મુમુક્ષુ :- ઊંધું છે એમ ખાત્રી થાય ત્યારે ને?

ઉત્તર :- હા, માટે કહે છે ને પરીક્ષા કરો. સંસારમાં પરીક્ષા કરીને .. લે છે કે નહિ? સંપ્રદાયમાં ઘણીવાર કહેતા. ... આવે છે ને? ભાષા ભૂલી ગયા. સાતમા અધ્યાયમાં વાત આવે છે. ... ઘણી વાર અમે કહેતા. પરીક્ષા કર્યા વિનાનું માનેલું એ કંઈ મુક્તિનું કારણ નથી. એવો સૂયગડાંગમાં એક શબ્દ આવે છે. સમજાણું? ભૂલી ગયા. ઘણા વર્ષ થઈ ગયા ને. પરીક્ષીઓ એવો શબ્દ આવે છે, સૂયગડાંગમાં. પરીક્ષા કર્યા વિનાનું માનવું, કસોટીએ ચડ્યા વિનાનું માનવું એ માનવું સાચું છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આજ્ઞા..

ઉત્તર :- એ આજ્ઞા આ. આજ્ઞા એટલે તારો સ્વભાવ જ્ઞાન આનંદ છે એનું જ્ઞાન કર એનું નામ આજ્ઞા. આજ્ઞા એટલે શું કે ભગવાનની આ આજ્ઞા છે અને એની સામું જોવું છે, .. એ તો વિકલ્પ છે. ભગવાનની આજ્ઞાનો વિચાર કરવો એ પણ વિકલ્પ છે. એ આજ્ઞા એમ કહે છે કે વીતરાગસ્વભાવ તારો છે તેનો આશ્રય લે. ભગવાનની વાણીમાં એમ આવ્યું. અનંત તીર્થંકરોની વાણી, અરે..! સમકિતીની વાણી. સમજાય છે? સ્થિરતા ભલે ઓછી હોય. ચારિત્રની એ જુદી વાત છે. અનંત સમકિતી, અનંત શ્રાવકો, અનંત સંતો, અનંત કેવળીઓ, અનંત તીર્થંકરો (એમ કહે છે). વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાનઆત્મા પૂર્ણ સમભાવ. સમભાવનો રસિક રસિક ચૈતન્યમૂર્તિ છે એમાંથી સમભાવ પ્રગટ થશે. સમજાણું કાંઈ? એવી વાણી હોય, એને માનનારા હોય એને સાચા ગણવામાં આવે છે. કીધું ને? જુઓ!

'**જિનદેવસે ઉપદેશિત ધર્મકા પાલન કરતા હૈ વહ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક હૈ...**' વીતરાગે કહ્યો એવો ધર્મ કરે તે શ્રાવક છે. વીતરાગે તો (એમ કહ્યું), આત્મા અખંડ પૂર્ણાનંદ પ્રભુ, એની દૃષ્ટિ સમકિત, સમભાવની દૃષ્ટિ થવી એ સમકિત છે. ત્રિકાળ સમભાવ ભગવાન વીતરાગ શાંતરસની મૂર્તિ, એની દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ, સમભાવની દૃષ્ટિ તે સમ્યક્-સાચી દૃષ્ટિ. સમજાણું કાંઈ? એવો જિનદેવનો ઉપદેશ જે છે એના ઉપદેશથી ધર્મ કરે તે સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીઓએ પોતાના સ્વચ્છંદે કલ્પેલો અને કહેલો એ માર્ગ ન ચાલે.

મુમુક્ષુ :- પરીક્ષા ક્યાં છે?

ઉત્તર :- પરીક્ષા આવી નહિ? શું કહ્યું? જિનવાણી વીતરાગી હોય છે. વીતરાગભાવની પોષક હોય છે. કેમકે એ પોતે વીતરાગ કેમ થયા? રાગનો અભાવ કરીને વીતરાગ કેમ થયા? અલ્પ જ્ઞાનનો નાશ કરીને સર્વજ્ઞ કેમ થયા? સમજાય છે કાંઈ? એ પરીક્ષા કરવી જોઈએ. એમ ને એમ આંધળી દોડે માન્યું, આ ભગવાન સાચા-ભગવાન સાચા. બીડીયુંમાં પરીક્ષા કરવી છે તમાકુની ને બધી. આવી તમાકુ ઊંચી હોય ને ઢીંકણું ને ફીંકણું. એવી જાતની તમાકુ અને આ ઊંચી પીવે પાછા. ઘરના માણસ ઊંચામાં ઊંચું તમાકુ પીવે. ... બહુ ખબર નહિ. બીડી કીધું હતું ને? 'કરમસદ' છે ને? ગુજરાતનું. ત્યાં બીડીનો ઘણો વેપાર છે. અમે પણ બધું વેચતા હતા ને દુકાન ઉપર. તો ત્યાં બીડીમાં વરિયાળી નાખેલી. બીડીમાં વરિયાળીનું પાણી. વરિયાળી સમજો છો? વરિયાળીને શું કહે છે? સોંપ. એ બીડી. બીડી હોય છે ને બીડી? એમાં તમાકુમાં સોંપનો રસ નાખે. પછી બીડી પીવે. એકવાર 'કરમસદ' ગયો હતો હું. પાટીદાર છે. .. વાણિયા. તે દિ' ખાય નહિ પાટીદારનું. તો એની છોડીએ દૂધ અને પૂરી કરેલી. પૂરી અને દૂધ. ત્યાં રાત રહેવાનું. બે-પાંચ હજારની લીધી હશે. ખોખા લીધા તૈયાર. બીડી ઊંચી. એમાં નાખેલો રસ, વરિયાળીનો રસ. એની પરીક્ષા કરતા હશે કે નહિ? વરિયાળીના રસવાળી બીડી ઊંચી કહેવાય. સાધારણ ઊંચી ન કહેવાય. એના પૈસા બરાબર દેવા પડે. એમ વીતરાગરસ જેમાં છંટાયેલો હોય એ ધર્મનો માર્ગ સાચો કહેવાય. ઘણાં વર્ષ (પહેલાની) વાત છે. 'કરમસદ' છે ને? જિનમંદિર છે.

જિનવરનો કહેલો ઉપદેશ વીતરાગ પરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ સર્વજ્ઞદેવ, એણે કહેલો ધર્મ

શ્રાવક કરે. અજ્ઞાનીનો કલ્પેલો, માનેલો એ કોઈને આત્મજ્ઞાન હોઈ શકે નહિ. સર્વજ્ઞ પરમાત્માના માર્ગ સિવાય બીજામાં ક્યાંય આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. ત્રણકાળ અને ત્રણલોકમાં. ભલે પછી બાવા અને ફકીર થઈને બધા જંગલમાં નાગા થઈને ફરે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દયા પાળે તો?

ઉત્તર :- દયા પાળે તો શું? દયા પાળવી એ રાગ છે. એમાં આત્મા ક્યાં આવ્યો? રાગથી દયા પાળું છું અને પરની પાળી શકું છું એ જિનવરની આજ્ઞા જ નથી. જિનવરનો એ ઉપદેશ જ નથી. પરને પાળી શકે? પરદ્રવ્યની પર્યાય? અને પરદ્રવ્યની દયા પાળવાનો ભાવ છે એ તો રાગ છે. રાગની આજ્ઞા ભગવાનની છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગ અને દ્વેષ...

ઉત્તર :- બેય સાથે છે. રાગ હોય ત્યાં દ્વેષ (હોય જ). રાગ પછી જાય છે. રાગ ગયો એને દ્વેષ ન જ હોય. દસમે ગુણસ્થાને રાગ જાય છે ને? જેને રાગ જાય એને દ્વેષ હોય નહિ. દ્વેષ જાય એને રાગ હોય.

મુમુક્ષુ :- રાગ જાય પછી દ્વેષ ક્યાં રહે.

ઉત્તર :- પહેલા જ તો દ્વેષ ચાલ્યો જાય છે.

'**સમ્યગ્દષ્ટિ શ્રાવક હૈ ઔર જો અન્યમતકે ઉપદેશિત ધર્મકા પાલન કરતા હૈ ઉસે મિથ્યાદષ્ટિ જાનના.**' આહાહા..! આત્મા અહિંસક રાગની વિકલ્પ દશા વિનાનો પ્રભુ, એનો રાગમાં લાભ મનાવે એ હિંસામાં ધર્મ મનાવે છે. રાગ પોતે હિંસા છે. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું નહિ? આહાહા..!

'**ભાવાર્થ :- ઈસ પ્રકાર કહનેસે યહાં કોઈ તર્ક કરે કિ-યહ તો અપના મત પુષ્ટ કરનેકી પક્ષપાતમાત્ર વાર્તા કહી,...**' આ તો તમારા મતની, પુસ્તકની નથી. '**ઐસા નહીં હૈ, જિસસે સબ જીવોંકા હિત હો વહ ધર્મ હૈ...**' કોઈપણ પ્રાણીને દુઃખ થાય, પોતાના આત્માને પણ રાગથી દુઃખ થાય એ ધર્મ નહિ. સમજાણું કાંઈ? રાગ છે શુભ કે અશુભ એ આત્માને દુઃખ થાય છે. ધર્મ થતો નથી પણ દુઃખ થાય છે. સમજાણું કાંઈ? શું કહ્યું? '**સબ જીવોંકા હિત હો વહ ધર્મ હૈ ઐસે અહિંસારૂપ ધર્મકા જિનદેવહીને પ્રરૂપણ કિયા હૈ,...**' રાગની ઉત્પત્તિ થવી એ હિંસા. ભગવાનઆત્મા અહિંસક સ્વરૂપ જ ત્રિકાળ છે. વીતરાગ સ્વભાવ કહો, સમભાવ કહો, શાંત અકષાય સ્વભાવ સ્વરૂપ કહો. એ અકષાયસ્વરૂપની ઉત્પત્તિ થવી એનું નામ ધર્મ. એ વીતરાગે એવો ધર્મ કહ્યો છે. સમજાણું કાંઈ?

'**ઐસે અહિંસારૂપ ધર્મકા જિનદેવહીને પ્રરૂપણ કિયા હૈ, અન્યમતમેં ઐસે ધર્મકા નિરૂપણ નહીં હૈ, ઈસ પ્રકાર જાનના ચાહિયે.**' જુઓ! વસ્ત્ર રાખવા અને વસ્ત્ર રાખવાનો ભાવ એ રાગ છે. રાગ એ હિંસા છે. અને એ હિંસામાં મુનિપણું માનવું એ મિથ્યાદષ્ટિ છે. એમ સિદ્ધ કરે છે અહીંયાં. સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! અનંતકાળ થયા, અનંતકાળ થયા સત્ય એણે હાથમાં લીધું જ નથી. ખોટા ગોટા ક્યાંક ક્યાંક પક્ષ કરી ગોટા

વાળ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કહ્યો સાર. આ શું કહે છે? એ જ કહે છે. જેવું કર્યું છે એવું કહે છે. એણે પણ એમ કર્યું હતું. રાગ વિનાની શ્રદ્ધા, રાગ વિનાનું જ્ઞાન અને રાગ વિનાનું ચારિત્ર. એવું કર્યું હતું એવું કહે છે. સમજાણું કાંઈ? એમ કે આવે છે ને? એમણે જે કર્યું એમ ન કરવું, એમણે કહ્યું એમ કરવું. તો કહ્યું પણ છે અને કર્યું પણ એમ છે.

મુમુક્ષુ :- કહ્યું હોય તો એ...

ઉત્તર :- કર્યું છે આ.

સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણવાની એક સમયની પર્યાય જાણે છે. લોકાલોકને જાણવું એ તો .. વાત. પણ એક સમયની પર્યાય જાણતા ત્રણકાળ ત્રણલોક જણાઈ જાય છે. એવું જેનું સ્વરૂપ, એવી જેની દશા, એનો કહેલો ધર્મ અલૌકિક છે. સમ્યગ્દર્શન પણ એનું કહેલું જુદું છે. 'શ્રીમદ્'માં નથી આવતું? આવે છે. હે ભગવાન હું ભૂલ્યો. આપના કહેલા દયા આદિને મેં ઓળખ્યા નહિ. પાળ્યા નહિ એમ નથી કહ્યું. ઓળખ્યા નહિ. છે ઓલામાં છે ને? પાઠ છે. કેટલામો છે એ? આમાં છે? આમાં હશે કે નહિ? મોક્ષમાળામાં છે કે નહિ? મોક્ષમાળામાં કેટલામો છે? મોક્ષમાળા છે ને? એ પણ ખબર નથી? કો'ક તો હા-ના પાડતા નથી. ૩૮૯? એ બહુ પુણ્ય કેરાનું.. આવ્યું. મોક્ષમાળામાં હશે?

આપે કહેલા દયા, દાનને મેં ઓળખ્યા નહિ. દયા, દાન મેં કર્યા નથી એમ નહિ. હજી શું વાત કહો છો એનું અમને જ્ઞાન જ થયું નથી. ઓળખ્યા નથી. એમ વાત છે. 'શ્રીમદ્' છે ને 'શ્રીમદ્ રાજચંદ્ર'? એણે એક ક્ષમાપના પાઠ લખ્યો છે. આપે કહી એવી પવિત્રતા, દયા, શીલને મેં ઓળખ્યા નથી. ઓળખ્યા નથી, મેં જાણ્યા જ નથી. શું આપ કહો છો. ક્યા પ્રકારની દયા, ક્યા પ્રકારના શીલ, કયા પ્રકારનો સંયમ.. સમજાણું? બહુ પાઠ આવે છે. હે ભગવાન! હું ભૂલી ગયો. આવે છે. (તમારા અમૂલ્ય વચનોને) લક્ષમાં લીધા નથી. લક્ષમાં લીધા નથી.

મુમુક્ષુ :- તમારા કહેલા અનુપમ તત્ત્વનો વિચાર...

ઉત્તર :- કર્યો નથી.

મુમુક્ષુ :- તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહિ. તમારા કહેલા દયા, શાંતિ, ક્ષમા...

ઉત્તર :- ઓળખ્યા નથી. બસ એ. તમારા કહેલા દયા, શાંતિ, ક્ષમા આપ જે કહો છો એને ઓળખ્યા નથી. સમજાણું કાંઈ? એવી વાત છે. આહાહા..! ક્ષમાપના પાઠ છે. ૧૩મો.

'**હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધા નહીં.**' આપ શું કહેવા માગો છો એ મેં ખ્યાલ જ કર્યો નથી. '**તમારા કહેલા અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં.**' અનુપમ તત્ત્વો છે એનો વિચાર કર્યો નથી. અનુપમ તત્ત્વ. એની વાણી

અનુપમ છે, એની વાણીની ઉપમા કોઈ આપે નહિ એવી વાણી છે. નિરાભિમાન અને નિરાગી ભગવાન પરમાત્મા એને સ્પર્શ કરેલી આપની વાણી હતી. આપ રાગને કરવાનું, રાગને છોડવાનું એ વીતરાગ માર્ગમાં નથી એમ કહે છે.

'**તમારા પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં.**' ઉત્તમ શીલ. એકલું બ્રહ્મચર્ય તો અનંતવાર પાળ્યું. પણ આત્માનો શીલ એટલે વીતરાગસ્વભાવ, એને મેં સેવ્યો નથી. એનું નામ શીલ છે. રાગરહિત ઉત્તમશીલ. છે ને? '**તમારા કહેલા દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતાને ઓળખ્યા નહીં.**' આપે દયા જે કીધી એને મેં ઓળખી નથી. પરની દયા નહિ. આત્માનો રાગરહિત અહિંસા સ્વભાવ એનું નામ દયા. એને ઓળખ્યા નથી. છે ને? શાંતી ઓળખી નથી, ક્ષમા ઓળખી નથી. '**હે ભગવન્! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને (અનંત) સંસારની વિટમ્બનામાં પડ્યો છું.**' વગેરે વગેરે. '**અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, નિરાશ્રિત છું, અનાથ છું. નિરાગી પરમાત્મા!**' જુઓ હવે નિરાગી પરમાત્મા! '**હવે હું તમારું, તમારા ધર્મનું અને તમારા સાધુનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થાઉં, એ મારી અભિલાષા છે.**' વગેરે વગેરે છે.

'**જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.**' લ્યો! તમારા સ્વરૂપનું જે કહેવા માગે છે, મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. ઓહો..! મહાપ્રભુ! અનંત આનંદની રતનની ખાણ ભગવાન, એને આપ જે જણાવો છો એને હું જોઉં ત્યાં મારા આત્માને પ્રકાશે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? '**તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું, એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું,...**' કહેલા રસ્તામાં, હોં! '**એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ! હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ.**'

મુમુક્ષુ :- ક્યુ પુસ્તક છે?

ઉત્તર :- 'શ્રીમદ્'નું પ્રતિક્રમણ. પ્રતિક્રમણ આવશ્યક. અહીંનું બનાવેલું છે, અહીંનું બનાવેલું છે.

મુમુક્ષુ :- નીચે લખ્યું છે 'મોક્ષમાળા'.

ઉત્તર :- હા, લખ્યું છે.

અહીં કહે છે, '**અન્યમતકે ઉપદેશિત ધર્મકા પાલન કરતા હૈ ઉસે મિથ્યાદૃષ્ટિ જાનના.**' વીતરાગભાવનો પોષક એ સિવાય કોઈ અન્યમતિ રાગને પોષી, વ્યવહારને પોષીને ધર્મ મનાવે એ મિથ્યાદૃષ્ટિ છે. એમ કહે છે. '**ઐસા અહિંસારૂપ ધર્મકા જિનદેવ હી ને પ્રરૂપણ કિયા હૈ, અન્યમતમેં ઐસે ધર્મકા નિરૂપણ નહીં હૈ,...**'

आगे कहते हैं कि जो मिथ्यादृष्टि जीव है वह संसारमें दुःखसहित भ्रमण करता है :–

## ગાથા-૯૫

मिच्छादिट्ठी जो सो संसारे संसरेइ सुहरहिओ।
जम्मजरमरणपउरे दुक्खसहस्साउले जीवो।।९५।।

मिथ्यादृष्टिः यः सः संसारे संसरति सुखरहितः।
जन्मजरामरणप्रचुरे दुःखसहस्राकुलः जीवः।।९५।।

કુદૃષ્ટિ જે, તે સુખવિહીન પરિભ્રમે સંસારમાં,
જર-જન્મ-મરણ પ્રચુરતા, દુખગણસહસ્ર ભર્યાં જિહાં. ૯૫.

अर्थ :– जो मिथ्यादृष्टि जीव है वह जन्म–जरा–मरणसे प्रचुर और हजारों दुःखोंसे व्याप्त इस संसारमें सुखरहित दुःखी होकर भ्रमण करता है।

भावार्थ :– मिथ्यात्वभावका फल संसारमें भ्रमण करना ही है, यह संसार जन्म–जरा–मरण आदि हजारों दुःखोंसे भरा है, इन दुःखोंको मिथ्यादृष्टि इस संसारमें भ्रमण करता हुआ भोगता है। यहाँ दुःख तो अनन्त हैं हजारों कहनेसे प्रसिद्ध अपेक्षा बहुलता बताई है।।९५।।

## ગાથા-૯૫ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો મિથ્યાદષ્ટિ જીવ હૈ વહ સંસારમેં દુઃખસહિત ભ્રમણ કરતા હૈ :–'** વીતરાગભાવનો ભાવ આનંદસ્વરૂપ છે અને એનું ફળ પણ આનંદ છે. અજ્ઞાનીના કહેલા ધર્મમાં વર્તમાન રાગ દુઃખ છે અને ભવિષ્યમાં પણ દુઃખી થાય છે.

मिच्छादिट्ठी जो सो संसारे संसरेइ सुहरहिओ।
जम्मजरमरणपउरे दुक्खसहस्साउले जीवो।।९५।।

જેને આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ એવી દૃષ્ટિ નથી, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને જેણે ઓળખ્યા નથી.

**'અર્થ :– જો મિથ્યાદષ્ટિ જીવ હૈ વહ જન્મ–જરા–મરણસે પ્રચુર ઔર હજારોં દુઃખોંસે વ્યાપ્ત...'** નરક અને નિગોદના દુઃખો. જેની દૃષ્ટિ વીતરાગદૃષ્ટિ નથી, મિથ્યાદષ્ટિ છે એ આવા હજારો દુઃખથી આકુળતા ભોગવે છે. **'સંસારમેં સુખરહિત દુઃખી હોકર ભ્રમણ કરતા હૈ.'**

**'ભાવાર્થ :– મિથ્યાત્વભાવકા ફલ સંસારમેં ભ્રમણ કરના હી હૈ, યહ સંસાર જન્મ–જરા–મરણ આદિ હજારોં દુઃખોંસે ભરા હૈ,...'** સંસારમાં શું હોય? આકુળતા... આકુળતા... આકુળતા... શેઠાઈની આકુળતા, રાગની આકુળતા, દેવની આકુળતા, પ્રતિકૂળ સંયોગની આકુળતા, અનુકૂળ સંયોગની આકુળતા. **'યહ સંસાર જન્મ–જરા–મરણ આદિ હજારોં**

**દુ:ખોંસે ભરા હૈ, ઈન દુ:ખોંકો મિથ્યાદૃષ્ટિ ઈસ સંસારમેં ભ્રમણ કરતા હુઆ ભોગતા હૈ. યહાં દુ:ખ તો અનંત હૈં હજારોં કહનેસે પ્રસિદ્ધ અપેક્ષા બહુલતા બતાઈ હૈ.'** અનંતુ દુ:ખ છે પણ પદમાં બતાવવું.. લ્યો! બે વાત કરી. સમકિત અને મિથ્યાત્વ.

આત્માનો સ્વભાવ શુદ્ધ આનંદસ્વરૂપ એની અંતર દૃષ્ટિ અનુભવ સમ્યગ્દર્શન વસ્તુ, એનું શું માહાત્મ્ય કહેવું! એ તો બધી વાત આવી ગઈ. જે કોઈ અનંતા સિદ્ધ થયા, અનંતા સિદ્ધ થશે તે સમકિતના માહાત્મ્યથી છે. આહાહા..! હાથમાં લીધો દોરો-આત્મા. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ વાસ્તવિક સ્વભાવની દૃષ્ટિ વિના અને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માની ચાર ગતિમાં રખડે છે.

---

**आगे सम्यक्त्व–मिथ्यात्व भावके कथनका संकोच करते हैं :–**

## ગાથા-૯૬

**सम्म गुण मिच्छ दोसो मणेण परिभाविऊण तं कुणसु।**
**जं ते मणस्स रुच्चइ किं बहुणा पलविएणं तु।।९६।।**

**सम्यक्त्वे गुण मिथ्यात्वे दोषः मनसा परिभाव्य तत् कुरु।**
**यत् ते मनसे रोचते किं बहुना प्रलपितेन तु।।९६।।**

**'સમ્યક્ત્વ ગુણ, મિથ્યાત્વ દોષ' તું એમ મન સુવિચારીને,**
**કર તે તને જે મન રુચે; બહુ કથન શું કરવું કરે? ૯૬.**

**अर्थ :– हे भव्य ! ऐसे पूर्वोक्त प्रकार सम्यक्त्वके गुण और मिथ्यात्वके दोषोंकी अपने मनसे भावना कर और जो अपने मनको रुचे–प्रिय लगे वह कर, बहुत प्रलापरूप कहनेसे क्या साध्य है? इस प्रकार आचार्यने उपदेश दिया है।**

**भावार्थ :– इस प्रकार आचार्यने कहा है कि–बहुत कहनेसे क्या? सम्यक्त्व–मिथ्यात्वके गुण–दोष पूर्वोक्त जानकर जो मनमें रुचे वह करो। यहाँ उपदेशका आशय ऐसा है कि–मिथ्यात्वको छोडो सम्यक्त्व को ग्रहण करो, इससे संसारका दुःख मेटकर मोक्ष पाओ।।९६।।**

---

## ગાથા-૯૬ ઉપર પ્રવચન

**'આગે સમ્યક્ત્વ-મિથ્યાત્વ ભાવકે કથનકા સંકોચ કરતે હૈં :-'**

**सम्म गुण मिच्छ दोसो मणेण परिभाविऊण तं कुणसु।**
**जं ते मणस्स रुच्चइ किं बहुणा पलविएणं तु।।९६।।**

**'અર્થ :- હે ભવ્ય! ઐસે પૂર્વોક્ત પ્રકાર સમ્યક્ત્વકે ગુણ...'** સમકિતનો મહિમા,

સમકિતનો ગુણ મહા વર્ણવ્યા. સમકિત જેવું આ જગતમાં કોઈ પૂજ્ય વસ્તુ નથી અને સમકિત જેવું કોઈ એમાં.. સમકિત વિના મુક્તિ કોઈ દિ' થાય નહિ અને સમકિતથી અનંતા મુક્તિને પામ્યા. સમકિતથી પામ્યા એમ કહ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમકિત હોય તો જ્ઞાન સાચું, ત્યાં ચારિત્ર સાચું, ત્યાં બધું (સાચું છે). સમકિત નથી ત્યાં થોથા છે બધા એકડા વિનાના.

**'સમ્યક્ત્વકે ગુણ ઔર મિથ્યાત્વકે દોષોંકી અપને મનસે ભાવના કર ઔર જો અપને મનકો રુચે-પ્રિય લગે વહ કર,...'** અમે શું કહીએ? જુઓ! આ મોક્ષપાહુડની છેલ્લી ગાથામાં બે (ગુણને) જ વર્ણવ્યા આખા. સમકિતનું માહાત્મ્ય અને મિથ્યાત્વનો દોષ. આહાહા..! **'અપને મનસે ભાવના કર ઔર જો અપને મનકો રુચે-પ્રિય લગે વહ કર,...'** એનો અર્થ એ કે સ્વરૂપ પ્રિય લાગે એમ તું કર. એમ. **'બહુત પ્રલાપરૂપ કહનેસે ક્યા સાધ્ય હૈ? ઈસ પ્રકાર આચાર્યને ઉપદેશ દિયા હૈ.'** લ્યો! વધારે શું કહીએ? ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરે (એમ કહ્યું) જે આત્મા રાગ વિનાનો, વિકલ્પ વિનાનો, શરીર વિનાનો, કર્મ વિનાનો એકલો પૂર્ણાનંદ સ્વરૂપ (છે) એનો અનુભવ કરીને સમકિત કરવું એ જ આ જગતમાં સાર છે. સમજાણું કાંઈ? લાખ શાસ્ત્ર ભણીને પણ કરવાનું આ છે. ભગવાનને જાણીને પણ કરવાનું આ છે. પછી ભગવાનને ભૂલીને કરવાનું આ છે. શું કહ્યું?

મુમુક્ષુ :- અપને મનકો રુચે સો કર...

ઉત્તર :- રુચે એમ કર... સવળું કર એમ કહે છે. આવું માહાત્મ્ય તને કહ્યું સમ્યગ્દર્શનનું, એ રુચવ એમ કહે છે. મિથ્યાત્વ કર એમ કહે? સમજાણું કાંઈ?

દયાના ભાવથી સંસાર પરિત થાય. મુનિને આહાર-પાણી દેવાથી સંસાર નાશ થાય. એ વાણી વીતરાગની નહિ. એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? એય..! 'દેવીલાલજી'! શ્વેતાંબરમાં આવે છે મેઘકુમાર.. જીવની દયા પાળી સસલાની (અને) પરિત સંસાર કર્યો. કહે છે કે એ વીતરાગની વાણી નહિ. એ મિથ્યાદષ્ટિની કહેલી વાણી છે. પરની દયાથી સંસારનો નાશ થાય એ વાણી વીતરાગની નહિ. આહાહા..! પહેલા આ ચર્ચા ઘણી કરી હતી. અને વિપાકમાં આવે છે. દસ વિપાક નહિ? એ બધા મિથ્યાદષ્ટિ શ્રાવક હતા અને ગૃહસ્થ. મુનિને આહાર-પાણી આપ્યા અને પરિતસંસાર કર્યો. એવો પાઠ છે. વિપાક. બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યની ભક્તિ પૂજા અને .. છે એમાં પુણ્ય થાય. પરિત સંસારનો અભાવ થાય નહિ. એ વીતરાગને ઓળખતો નથી. વીતરાગનો ઉપદેશ જ બીજી જાતનો છે. સમજાણું કાંઈ? એ શ્વેતાંબરમાં એવું છે.

મુમુક્ષુ :- દાન દેવાથી ધર્મ થાય..

ઉત્તર :- પરિત સંસાર થયો. સંસાર નાશ થયો એવો પાઠ છે. કદી અભાવ થતો નથી. પરદ્રવ્યની દયા પાળવાથી પરિત સંસાર. મેઘકુમારનો અધિકાર છે હાથીનો. હાથીએ પગ ઊંચો કર્યો અને પછી નીચે સસલું ભરાઈ ગયું. ... તોડી નાખ્યું. પરિત સંસાર. છ કાયની દયા અનંતવાર પાળી અને નવમી ગ્રૈવેયક ગયો અને પછી સંસાર ટળ્યો નહિ અને પરની દયાથી

પરિત સંસાર (થાય) એ વીતરાગની વાણી જ નથી. 'નવરંગભાઈ'! આહાહા..! દયા તો રાગ છે. પરની દયા તો રાગનો વિકલ્પ છે. સમજાણું કાંઈ? રાગથી રાગનો અભાવ થાય? મોટી ચર્ચા ચાલી હતી. ઘણા વર્ષો પહેલા ઓલાને કહ્યું હતું. ગાંધી હતા ને? એક ગોકુળદાસ ગાંધી હતા. .. એને કહ્યું હતું કે મૂકો આ પ્રશ્ન તમારા સંપ્રદાયમાં. સાધુને આહાર દેવાથી પરિત સંસાર અને દયા પાળો તો સંસાર કોઈ દિ' હોઈ શકે? એને ઠેકાણું ક્યાં હતું. એ.. ગયો હતો ને. એવું હતું. .. વાર્તા .. ગપ્પા માર્યા છે, લખાણ કર્યું છે. ભાન વિનાની હતી એની મા. સાંભળી-વાંચી પછી પૈસા લેવા માટે. .. માણેકની વાર્તા.. લખાણની શૈલી ...'દામોદર' ... ભારે. શું ભારે હવે? કો'કનું લખાણ કો'કનું લખી લખીને પૈસા લેવા.

અહીં તો કહે છે... શું ચાલે છે? '**અપને મનકો રુચે-પ્રિય લગે વહ કર,...**' એનો અર્થ કે સમકિત રુચે, બાપા! ખોટી વાત રુચે નહિ ધર્મીને. સમજાણું? આવું ભગવાનનું સાંભળ્યું જેણે. અહો..! સમભાવથી ભરેલો ભગવાન, એની સમતા પ્રગટ્યા વિના પુણ્ય-પાપના વિકલ્પથી કંઈ પણ આત્માને લાભ છે નહિ. સમજાણું કાંઈ? છકાયની દયા તો નવમી ગ્રૈવેયક ગયો ત્યારે કેટલી પાળી હતી? મિથ્યાદૃષ્ટિએ. કેટલી! એક દાણો હણાય તો આહાર ન લે. એટલી દયા. જૈન સાધુ દિગંબર નગ્ન મુનિ. ભિક્ષા માટે જાય તો એક દાણો. દાણો સમજો છો? કણ. પગ અડી જાય તો આહાર ન લે. એવી ક્રિયા અમે પણ ઘણી કરી છે, પંદર વર્ષ સુધી. ભીક્ષા માટે જઈએ તો એક દાણાનો કણ પડ્યો હોય. અમારે માટે કરે તો તો પ્રાણ જાય તોપણ ન લઈએ. પાણીનું એક બિંદુ ન લઈએ બનાવ્યું હોય તો. એવું પંદર વર્ષ કર્યું. ભીક્ષા માટે નિર્દોષ આહાર. .. ગાંધી છે ને. બધા ગૃહસ્થ છે મોટા પૈસાવાળા.

મુમુક્ષુ :- શ્રાવક પોતાને માટે બનાવે તો...

ઉત્તર :- તો લઈએ. અહીંને માટે કાંઈક પાણીનું બિંદુ હોય, બિલકુલ નહિ. .. ન હોય તો નિર્દોષ.. બાઈ ઊભી થઈ વહોરાવવા. અને એનો કપડાનો છેડો દાણાને અડી ગયો, દાણો... મરચા હોય છે મરચા. આ મરચાનું બી. આ મરચાનું બી નથી? પડ્યું હોય એને પગ અડી જાય તો આખો દિવસ આહાર બંધ.. જો પગ અડી જાય તો આખો દિવસ આહાર બંધ. કેટલાક રોવે પછી. આહાહા..! પણ શું કરે? એવી ક્રિયાઓ અમે ઘણી કરી છે. આ ભવમાં જ તે. સમજાણું કે નહિ? એ તો રાગ છે. એને ખબર નથી? આને ખબર છે કે નહિ? એ માર્ગ નહિ. આહાહા..!

'**બહુત પ્રલાપરૂપ કહનેસે ક્યા સાધ્ય હૈ?**' બહુ કહી કહીને સાધ્ય શું છે, કહે છે. '**ઈસ પ્રકાર આચાર્યને ઉપદેશ દિયા હૈ.**' પરની દયાનો વિકલ્પ છે એ તો રાગ છે, પુણ્યબંધનું કારણ છે. એમાં ધર્મ કેવો? છકાયની દયા. પ્રાણ જાય તો એક પાણીનું બિંદુ એને માટે કર્યું હોય તો ન લે. એવી ક્રિયા તો દયા અનંતવાર પાળી છે. નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે. છતાં એક સસલાની દયા પાળે અને પરિત સંસાર થઈ જાય? એય..! 'દેવીલાલજી'! સાંભળ્યું છે કે નહિ તમે? ઘણું સાંભળ્યું છે.

'**બહુત કહનેસે ક્યા? સમ્યક્ત્વ-મિથ્યાત્વકે ગુણ-દોષ પૂર્વોક્ત જાનકર જો મનમેં રુચે, વહ કરો. યહાં ઉપદેશકા આશય ઐસા હૈ કિ-મિથ્યાત્વકો છોડો...**' એમ. કરોનો અર્થ

કાંઈ મિથ્યાત્વને કરો એમ કહે છે? '**મિથ્યાત્વકો છોડો સમ્યક્ત્વકો ગ્રહણ કરો, ઈસસે સંસારકા દુઃખ મેટકર મોક્ષ પાઓ.**' લક્ષ્મી-બક્ષ્મીથી કોઈ ધર્મ થાય એમ મનાવે, એ પાંચ કરોડ રૂપિયા કે દસ કરોડ આપો, મંદિર બનાવો. તારો ભવ સંસારનો નાશ થશે. બિલકુલ એક ભવ ઘટે નહિ. અમારે 'નાનાલાલભાઈ' હતા ને? 'નાનાલાલભાઈ કાળીદાસે' મંદિર બનાવ્યું. સવા લાખ તો એના (હતા). (સંવત) ૨૦૦૬ની સાલ. વીસ વર્ષ થયા. બીજા એક લાખ એમ કરીને બે લાખનું મંદિર બનાવ્યું 'રાજકોટ'. મુન્નાલાલજી આવ્યા હતા. 'ઇન્દોર'વાળા છે ને 'મુન્નાલાલજી'. 'ઈંદોર'વાળા મુન્નાલાલજી પંડિત હતા. એ પંચકલ્યાણક કરાવવા આવ્યા હતા. નહિતર તો અમારે 'નાથુલાલ' આવતા હતા. પણ 'નાથુલાલ' .. પછી એણે કહ્યું કે અરે..! શેઠ! એવું મંદિર બનાવ્યું સવા લાખનું. આહાહા..! તો આઠ ભવે મોક્ષ જશો. 'નાનાલાલભાઈ' કહે, અમે એવું માનતા નથી. 'નાનાલાલભાઈ' કહે કે અમે એવું માનતા નથી. મંદિર બનાવવાથી પરિત સંસાર થાય કે ભવ ઘટે એવું અમે માનતા નથી. ઓલો પંડિત કહે કે આઠ ભવે મોક્ષ જશો. આ કહે, અમે એવું માનતા નથી. અમે શુભભાવ માનીએ. મંદિર આદિ કરીએ લાખ .. શુભભાવ છે. ધર્મ અને પરિત સંસાર થાય એવું અમે માનતા નથી. એમ જવાબ આપ્યો. 'અમરચંદભાઈ'!

મુમુક્ષુ :- બે ભાઈ..

ઉત્તર :- બે હતા. ત્રણ હતા. સમજાણું કાંઈ? ઓલો પંડિત કહે લાખ, સવા લાખ, બે લાખ ખર્ચ્યા તો પરિત સંસાર. આઠ ભવે મોક્ષ જશો. 'શોભાલાલજી'! ત્યારે અમારે 'નાનાલાલ શેઠ' કહે... કરોડપતિ માણસ. મહારાજ તો કહેતા નથી પણ અમે પણ માનતા નથી. બે લાખ ખર્ચ્યા માટે ભવ ઘટે અને આઠ ભવે મોક્ષ જઈએ એ અમે માનતા નથી. 'ચંદુભાઈ'! ૨૦૦૬ની સાલની વાત છે. વીસ વર્ષ થયા. પરને લઈને શું થાય? લાખ મંદિર કરે નહિ, લાખ શાસ્ત્ર બનાવે નહિ. એથી શું? એ તો વિકલ્પ છે, શુભરાગ છે. આહાહા..! એનાથી સંસારનો નાશ થાય અને ભવ ઘટે, બિલકુલ નહિ.

'**ઐસા હૈ કિ મિથ્યાત્વકો છોડો...**' વિપરીત માન્યતા છોડી દે અને '**સમ્યક્ત્વકો ગ્રહણ કરો,...**' ભગવાનઆત્મા... વ્યવહારે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નિશ્ચયથી પોતાની શ્રદ્ધા. સમજાણું કાંઈ? '**ઈસસે સંસારકા દુઃખ મેટકર મોક્ષ પાઓ.**' લ્યો!

---

**आगे कहते हैं कि यदि मिथ्यात्वभाव नहीं छोड़ा तब बाह्य भेषसे कुछ लाभ नहीं है :-**

## ગાથા-૯૭

**बाहिरसंगविमुक्को ण वि मुक्को मिच्छभाव णिग्गंथो।**
**किं तस्स ठाणमउणं ण वि जाणदि [१]अप्पसमभावं।।९७।।**

---

१. पाठान्तर :- अप्पसब्भावं।

बहिः संगविमुक्तः नापि मुक्तः मिथ्याभावेन निर्ग्रंथः।
किं तस्य स्थानमौनं न अपि जानाति [२]आत्मसमभावं।।९७।।

**નિર્ગ્રંથ બાહ્ય અસંગ, પણ નહિ ત્યક્ત મિથ્યાભાવ જ્યાં,**
**જાણે ન તે સમભાવ નિજ; શું સ્થાન-મૌન કરે તિહાં? ૯૭.**

अर्थ :– जो बाह्य परिग्रहरहित और मिथ्याभावसहित निर्ग्रन्थ बेष धारण किया है वह परिग्रहरहित नहीं है, उसके ठाण अर्थात् खड़े होकर कायोत्सर्ग करनेसे क्या साध्य है? और मौन धारण करनेसे क्या साध्य है? क्योंकि आत्माका समभाव जो वीतराग–परिणाम उसको नहीं जानता है।

भावार्थ :– आत्माके शुद्ध स्वभावको जानकर सम्यग्दृष्टि होता है। और जो मिथ्याभावसहित परिग्रह छोड़कर निर्ग्रंथ भी हो गया है, कायोत्सर्ग करना, मौन धारण करना इत्यादि बाह्य क्रियायें करता है तो उसकी क्रिया मोक्षमार्गमें सराहने योग्य नहीं है, क्योंकि सम्यक्त्वके बिना बाह्यक्रियाका फल संसार ही है।।९७।।

## ગાથા-૯૭ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ યદિ મિથ્યાત્વભાવ નહીં છોડા તબ બાહ્ય ભેષસે કુછ લાભ નહીં હૈં :–'** આહાહા..!

**बाहिरसंगविमुक्को ण वि मुक्को मिच्छभाव णिग्गंथो।**
**किं तस्स ठाणमउणं ण वि जाणदि [१]अप्पसमभावं।।९७।।**

**'અર્થ :– જો બાહ્ય પરિગ્રહરહિત...'** નગ્ન દિગંબર હો. **'મિથ્યાત્વભાવસહિત નિર્ગ્રંથ ભેષ ધારણ કિયા હૈ...'** આહાહા..! દેહની ક્રિયા હું કરું છું, એ રાગ છે તે દયાનો, દાનનો રાગ તે મને ધર્મનું કારણ છે, હું કાંઈક ધર્મ કરું છું, હું કાંઈક વધ્યો છું એવી જેની ધારણા મિથ્યાત્વની છે **'વહ પરિગ્રહરહિત નહીં હૈ,...'** **'બાહ્ય પરિગ્રહરહિત મિથ્યાત્વભાવસહિત નિર્ગ્રંથ ભેષ ધારણ કિયા હૈ વહ પરિગ્રહરહિત નહીં હૈ,...'** કેમકે પરિગ્રહમાં મિથ્યાત્વ પરિગ્રહ તો પહેલો છે. પરિગ્રહના બોલ આવે છે કે નહિ અંદર? નવ ને દસ, બાર. પરિગ્રહમાં મિથ્યાત્વ પરિગ્રહ, અભ્યંતરમાં મિથ્યાત્વ પરિગ્રહ તો પહેલો છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા એ. અભ્યંતર .. એમાં મિથ્યાત્વ પહેલું છે. પહેલા એ ટાળ્યા વિના બીજા તેર ક્યાંથી ટળશે તારા? દેખો! ઈ કહે છે.

**'મિથ્યાત્વભાવસહિત નિર્ગ્રંથ ભેષ ધારણ કિયા હૈ વહ પરિગ્રહરહિત નહીં હૈ, ઉસકે ઠાણ અર્થાત્ ખડે હોકર કાયોત્સર્ગ કરનેસે ક્યા સાધ્ય હૈ?'** મૌન ધારે એનાથી શું સાધ્ય છે?

२. पाठान्तर :– आत्मस्वभावं।

મૌનપણું ધારણ કરે. .. એમાં શું આવ્યું? સમજાણું કાંઈ? અભ્યંતર રાગની ક્રિયા અને શરીરની ક્રિયા હું કરું છું, મારું કાર્ય છે એવી મિથ્યાદૃષ્ટિ પડી છે તો તારા કાયોત્સર્ગ અને મૌનથી શું લાભ છે? કહો, સમજાય છે કાંઈ? પુણ્ય તો બાંધશે તો સ્વર્ગમાં તો જાશે. કેટલાક વળી એમ કહે. એ અનંતવાર ગયો તો શું થયું ધૂળમાં? જન્મ-મરણનો આંટો તો ટળ્યો નહિ.

આવે છે ને? 'ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો...' બહુ પુણ્ય કેરામાં આવે છે. 'શ્રીમદ્'માં. 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો. સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો, ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?' એ રાગનો સૂક્ષ્મ વિકલ્પ પણ લાભદાયક માને એ આત્માનું મૃત્યુ છે. ભાવમરણ છે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો.' આવો મનુષ્યદેહ મળ્યો અને ભવનો આંટો ન ટળ્યો અને રાગમાં ધર્મ માન્યો, એ રાગની એકત્વબુદ્ધિ એ તારું આત્માનું મરણ છે. એ સોળ વર્ષે કહ્યું. સોળ વર્ષની ઉંમર દેહની. સોળ વર્ષનું આ કથન છે 'શ્રીમદ્'નું. સમજાણું કાંઈ?

'**ક્યોંકિ આત્માકા સમભાવ જો વીતરાગ-પરિણામ ઉસકો નહીં જાનતા હૈ.**' દેખો ભાષા. શું કહે છે? આત્મા પોતે સમભાવી વીતરાગમૂર્તિ આત્મા છે. એના અંતર દર્શન અને સમ્યગ્દર્શનના પરિણામ તે સમભાવી વીતરાગી પરિણામ છે. એ વીતરાગી પરિણામ વિના તારી આ બધી ક્રિયા ચાર ગતિમાં રખડવાનું કારણ છે. સમભાવની વ્યાખ્યા, હોં! પાછું સમભાવ એટલે.. આત્મા વીતરાગ સમભાવસ્વરૂપ છે, એની દૃષ્ટિ અને જ્ઞાન થવું તેમાં સમભાવ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? '**વીતરાગ-પરિણામ ઉસકો નહીં જાનતા હૈ.**' સમ્યગ્દર્શન એ વીતરાગ પરિણામ છે, સમ્યગ્જ્ઞાન એ વીતરાગ પરિણામ છે, ચારિત્ર એ વીતરાગ પરિણામ છે, ત્રણે વીતરાગ પરિણામ છે. એ વીતરાગ પરિણામ વીતરાગી સમભાવી આત્મા એને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ? એને ન જાણે અને રાગને અને નિમિત્તને જાણે. એમ કહે છે. ભગવાન કહે છે કે મને જાણવાથી પણ તને રાગ છે. તારા વીતરાગભાવને તેં ન જાણ્યો, વીતરાગ પરિણામ પ્રગટ ન કર્યા (તો) કાંઈ લાભ તને થયો નથી. આહાહા..! જુઓને વાણી! અમારી વાણીને માન, અમને માન તો એ તો વિકલ્પ છે, રાગ છે. સમભાવ તેં પ્રગટ કર્યો નહિ. સમભાવ તો આત્માના આશ્રયે થાય છે. એ કહેશે ભાવાર્થમાં. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પ્રવચન નં. ૯૮, ગાથા-૯૭ થી ૧૦૦, શનિવાર, ભાદરવા વદ ૧૧, તા.૨૬-૯-૭૦

ભાવાર્થ. એની પહેલી લીટીમાં જરી ભૂલ છે. '**આત્માકે શુદ્ધ સ્વભાવકો (ન) જાનકર સમ્યગ્દૃષ્ટિ નહિ હોતા હૈ.**' એમ લેવું. હોય છે ને, એને બદલે ન હોય એમ લેવું. શું કહે છે? વાત એમ છે ને? '**न अपि जानाति आत्मसमभावं**'. જો કોઈ પહેલા આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય આનંદ એની તો દૃષ્ટિ સમ્યગ્દર્શન થયું નથી. સમજાય છે કાંઈ? આત્મા પરમાનંદની મૂર્તિ,

સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ, એનો અનુભવ થઈને સમ્યગ્દર્શન એટલે પ્રતીતિ-આ પૂર્ણ શુદ્ધ છે એવું ભાન અને સમ્યગ્દર્શન થયું નથી.

**'ઔર જો મિથ્યાત્વભાવસહિત પરિગ્રહ છોડકર...'** મિથ્યાશ્રદ્ધા સહિત પરિગ્રહ છોડી **'નિર્ગ્રંથ ભી હો ગયા હૈ,...'** નગ્ન દિગંબર મુનિ હોય. સમજાણું કાંઈ? **'કાયોત્સર્ગ કરના, મૌન ધારણ કરના...'** કાયોત્સર્ગ કરે, મૌન ધારણ કરે. **'ઇત્યાદિ...'** બાહ્ય ભગવંતની વંદના આદિની ક્રિયા એ વિશેષ કરે **'તો ઉસકી ક્રિયા મોક્ષમાર્ગમેં સરાહને યોગ્ય નહીં હૈ,...'** મોક્ષના માર્ગમાં એ અનુમોદવા લાયક નથી. છે? શેઠ! શું છે? સમ્યગ્દર્શન તો છે નહિ. આત્મા અનુભવ રાગરહિત-વિકલ્પરહિત નિર્વિકલ્પ આત્મા, એનું અંતરમાં ભાન નથી, સમ્યગ્દર્શન નથી અને એ સિવાય કાયોત્સર્ગ કરે, મૌન ધારણ કરે, ભગવાનની ભક્તિ કરે વગેરે આવશે અંદર, એ બધું કરે એ કાંઈ સરાહવા યોગ્ય નથી, અનુમોદવા લાયક નથી. એ તો પુણ્યબંધનું કારણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોની વાત છે અહીં? ના. મિથ્યાદૃષ્ટિની. સમ્યગ્દૃષ્ટિની સરાહને યોગ્ય તો છે જ નહિ. પણ આવે છે. સમ્યગ્દૃષ્ટિને પણ... ઠીક પ્રશ્ન કરે છે એ. એ ક્રિયા શુભભાવ આવે એ કહેશે, પણ એ શુભભાવ ખરેખર તો હેય છે. દૃષ્ટિમાં એનો આદર હોતો નથી. પણ એને આવ્યા વિના રહેતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભૂલ ઉપર ભૂલ થાય છે.

ઉત્તર :- ભૂલ ઉપર ભૂલ થાય. ભાઈએ કાલે કીધું હતું ને. પણ એ રાગ આવે.

અહીં તો સમ્યગ્દર્શનનું ભાન નથી, ચૈતન્યને ઓળખ્યો નથી અને એકલી ક્રિયાકાંડમાં ચોંટ્યો છે એ બંધનું કારણ છે. એમાં જરીએ આત્માની શાંતિ અને ધર્મનું કારણ નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- શુદ્ધિ કરે છે.

ઉત્તર :- શુદ્ધિ ધૂળેય કરતો નથી. અશુદ્ધિ કરે છે.

**'ક્યોંકિ સમ્યક્ત્વકે બિના બાહ્યક્રિયાકા ફલ સંસાર હી હૈ.'** છે? છે કે નહિ અંદર? સમ્યગ્દર્શન-આત્મા નિર્વિકલ્પ પ્રતીતિ અનુભવની. મન અને રાગના ભાવથી ભિન્ન ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ, એવું જ્યાં જ્ઞાન અને એનું શ્રદ્ધાન અને અનુભવ થયો નથી, એ વિનાની આવી ક્રિયાઓ તો સંસારનું ફળ છે, રખડવાનું ફળ છે. કારણ કે મિથ્યાત્વભાવ સહિત એ ક્રિયાઓ છે. સમજાણું કાંઈ? હવે એ કહે છે, જુઓ!

आगे आशंका उत्पन्न होती है कि सम्यक्त्व बिना बाह्यलिंग निष्फल कहा, जो बाह्यलिंग मूलगुण बिगाडे उसके सम्यक्त्व रहता या नहीं? इसका समाधान कहते हैं :-

## ગાથા-૯૮

मूलगुणं छित्तूण य बाहिरकम्मं करेइ जो साहू।
सो ण लहइ सिद्धिसुहं जिणलिंगविराहगो णियद।।९८।।

मूलगुणं छित्वा च बाह्यकर्म करोति यः साधुः।
सः न लभते सिद्धिसुखं जिणलिंगविराधकः नियतं।।९८।।

જે મૂળગુણને છેદીને મુનિ બાહ્યકર્મો આચરે,
પામે ન શિવસુખ નિશ્ચયે જિનકથિત-લિંગ-વિરાધને. ૯૮.

अर्थ :- जो मुनि निर्ग्रंथ होकर मूलगुण धारण करता है, उनका छेदनकर, बिगाड़कर केवल बाह्यक्रिया-कर्म करता है वह सिद्धि अर्थात् मोक्षके सुखको प्राप्त नहीं कर सकता, क्योंकि ऐसा मुनि निश्चयसे जिनलिंगका विराधक है।

भावार्थ :- जिन-आज्ञा ऐसी है कि-सम्यक्त्वसहित मूलगुण धारणकर अन्य जो साधु क्रिया हैं उनको करते हैं। मूलगुण अट्ठाईस कहे हैं-पांच महाव्रत ५, पाँच समिति ५, इन्द्रियोंका निरोध ५, छह आवश्यक ६, भूमिशयन १, स्नानका त्याग १, वस्त्रका त्याग १, केशलोच १, एकबार भोजन १, खड़ा भोजन १, दंतधावनका त्याग १, इस प्रकार अट्ठाईस मूलगुण हैं, इनकी विराधना करके कायोत्सर्ग मौन तप ध्यान अध्ययन करता है तो इन क्रियाओंसे मुक्ति नहीं होती है। जो इस प्रकार श्रद्धान करे कि-हमारे सम्यक्त्व तो है ही, बाह्य मूलगुण बिगड़े तो बिगड़ो, हम मोक्षमार्गी ही हैं-तो ऐसी श्रद्धासे तो जिन-आज्ञा भंग करनेसे सम्यक्त्वका भी भंग होता है तब मोक्ष कैसे हो; और (तीव्र कषायवान हो जाय तो) कर्मके प्रबल उदयसे चारित्र भ्रष्ट हो। और यदि जिन-आज्ञाके अनुसार श्रद्धान रहे तो सम्यक्त्व रहता है किन्तु मूलगुण बिना केवल सम्यक्त्वहीसे मुक्ति नहीं है और सम्यक्त्व बिना केवल क्रियाहीसे मुक्ति नहीं है, ऐसे जानना।

प्रश्न :- मुनिके स्नानका त्याग कहा और हम ऐसे भी सुनते हैं कि यदि चांडाल आदिका स्पर्श हो जावे तो दंडस्नान करते हैं।

समाधान :- जैसे गृहस्थ स्नान करता है वैसे स्नान करनेका त्याग है, क्योंकि इसमें हिंसाकी अधिकता है, मुनिके स्नान ऐसा है कि-कमंडलुमें प्रासुक जल रहता है उससे मंत्र पढ़कर मस्तकपर धारामात्र देते हैं और उस दिन उपवास करते हैं तो ऐसा स्नान तो नाममात्र स्नान है, यहाँ मंत्र और तपस्नान प्रधान है, जलस्नान प्रधान नहीं है, इस प्रकार जानना ।।९८।।

## ગાથા-૯૮ ઉપર પ્રવચન

**'આગે આશંકા ઉત્પન્ન હોતી હૈ કિ સમ્યક્ત્વ બિના બાહ્યલિંગ નિષ્ફલ કહા, જો બાહ્યલિંગ મૂલગુણ બિગાડે ઉસકે સમ્યક્ત્વ રહતા યા નહીં?'** આ પ્રશ્ન કર્યો. શું? કે **'સમ્યક્ત્વ બિના બાહ્યલિંગ નિષ્ફલ...'** ક્રિયાકાંડ બધું નિષ્ફળ. **'જો બાહ્યલિંગ મૂલગુણ બિગાડે...'** મુનિ થઈને અઠ્યાવીસ મૂળગુણમાં દોષ લગાવે તો **'સમ્યક્ત્વ રહતા યા નહીં?'** એમ પ્રશ્ન છે. સમજાણું કાંઈ? સાધુ થઈને એને માટે આહાર કરેલા લે, વગેરે-વગેરે એવી શુદ્ધિ ન મળે, એવા મૂળગુણમાં દોષ લગાવે, મૂળગુણમાં દોષ લાગે તો એને સમકિત રહે કે નહિ? બરાબર છે પ્રશ્ન?

મુમુક્ષુ :- ચારિત્રદોષ...

ઉત્તર :- ચારિત્રદોષ કહેશે. પણ એને માને કે આવું સમકિત હોય અમારે, મૂળ બગડે તો બગડો. મિથ્યાત્વ થઈ જાય, એમ કહે છે. મિથ્યાત્વ થઈ જાય એ વાત સિદ્ધ કરવી છે. એ ખુલાસો ટીકામાં કરશે. હજી આહાર-પાણી એને માટે કરેલા લે છે એ તો મૂળગુણમાં દોષ છે.

મુમુક્ષુ :- એકેય વ્રત નથી.

ઉત્તર :- એષણા સમિતિ નથી, અહિંસા નથી, સત્ય નથી. આહારશુદ્ધિ, મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ ત્રણેય ખોટું હોય. એને માટે કરેલું હોય.

મુમુક્ષુ :- ન બોલે તો પેલા આહાર ન લે.

ઉત્તર :- ન લે. એમ છે. આને દેવું છે ખરું ને. ભાઈ!

મુમુક્ષુ :- ...કે મિથ્યાદૃષ્ટિની?

ઉત્તર :- સમ્મુચય વાત કરે છે. સમકિતી નથી. તો તો મિથ્યાદૃષ્ટિ છે. એ તો પહેલી વાત કરી. એ વાત પહેલી થઈ. હવે કોઈ સમ્યગ્દૃષ્ટિ છે અને સાધુ થયો અને અઠ્યાવીસ મૂળગુણમાં દોષ લગાવે તો એ સમકિત રહે કે નહિ? એ વાત છે. સમજાણું કાંઈ? જુઓ આવશે.

**मूलगुणं छित्तूण य बाहिरकम्मं करेइ जो साहू।**
**सो ण लहइ सिद्धिसुहं जिणलिंगविराहगो णियद।।९८।।**

**'અર્થ :- જો મુનિ નિર્ગ્રંથ હોકર મૂલગુણ ધારણ કરતા હૈ, ઉનકા છેદનકર બિગાડકર...'** મૂળગુણમાં બગાડ કરે. **'કેવલ બાહ્યક્રિયા-કર્મ કરતા હૈ...'** બીજી ભક્તિ, પૂજા, ભગવાનની વગેરે વગેરે સામાયિક-વિકલ્પની સામાયિક એવું કરે. **'વહ સિદ્ધિ અર્થાત્ મોક્ષકે સુખકો પ્રાપ્ત નહીં કર સકતા, ક્યોંકિ ઐસા મુનિ નિશ્ચયસે જિનલિંગકા વિરાધક હૈ.'** જિનલિંગ ધારણ કર્યું અને મૂળગુણમાં બગાડે એ તો જિનલિંગનો વિરાધક છે. ખુલાસો કરશે.

**'ભાવાર્થ :- જિન-આજ્ઞા ઐસી હૈ કિ-સમ્યક્ત્વસહિત મૂલગુણ ધારણકર અન્ય જો સાધુ ક્રિયા હૈં ઉનકો કરતે હૈં.'** જોયું! સમ્યગ્દર્શન સહિત, અઠ્યાવીસ મૂળગુણ સહિત જે ક્રિયા ભગવાનની ભક્તિ આદિ હોય એ તો ભલે હો. તોપણ એને ધન્ય કહેવામાં આવે.

સમકિત સહિત અઠ્યાવીસ મૂળગુણના બગાડ વિના ક્રિયા કરે તો એને બરાબર છે.

'**મૂલગુણ અઠ્ઠાઈસ કહે હૈં – પાંચ મહાવ્રત ૫,...**' અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ પાંચ ચોખ્ખા હોવા જોઈએ. '**પાંચ સમિતિ ૫,...**' ઈર્યા, એષણા, નિર્દોષ આહાર લેવો, જોઈને ચાલવું, વિચારીને બોલવું એ પાંચ સમિતિ ચોખ્ખી હોવી જોઈએ. '**ઇન્દ્રિયોંકા નિરોધ ૫,...**' પાંચ ઇન્દ્રિયનો નિરોધ હોય. આ હજી મૂળગુણ છે, હોં! આ તો વિકલ્પ છે. '**છહ આવશ્યક ૬,...**' સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ આદિ છએ આવશ્યકની વિકલ્પથી ક્રિયા કરતો હોય. '**ભૂમિશયન ૧,...**' નીચે સૂવું. '**સ્નાનકા ત્યાગ,...**' સ્નાન ન કરે મુનિ. મુનિને સ્નાન હોય નહિ. '**વસ્ત્રકા ત્યાગ, કેશલોચ, એકબાર ભોજન, ખડા ભોજન, દંતધોવનકા ત્યાગ, ઈસ પ્રકાર અટ્ઠાઈસ મૂલગુણ હૈં, ઈનકી વિરાધના કરકે...**' દેખો! મૂળગુણને વિરાધે અને '**કાયોત્સર્ગ મૌન તપ ધ્યાન અધ્યયન કરતા હૈ તો ઈન ક્રિયાઓંસે મુક્તિ નહીં હોતી હૈ.**' સમજાણું કાંઈ? પહેલા તો સમકિત વિના આવું કરે તો એને કાંઈ છે નહિ. એનું ફળ આત્માને સંસાર છે.

હવે સમકિત સહિત છે, સાધુ થયો છે અને મૂળગુણ વિરાધે છે તો એનું શું? પાઠમાં તો એટલું લીધું કે મૂળગુણ વિરાધે તો જિનલિંગનો વિરાધક થયો. હવે વધારે સ્પષ્ટ કરે છે. '**મૌન તપ ધ્યાન અધ્યયન કરતા હૈ તો ઈન ક્રિયાઓંસે મુક્તિ નહીં હોતી હૈ. જો ઈસ પ્રકાર શ્રદ્ધાન કરે કિ–હમારે સમ્યક્ત્વ તો હૈ હી,...**' સમકિત થયું હોય એમ કહે છે. એમ માને. '**બાહ્ય મૂલગુણ બિગડે તો બિગડો, હમ મોક્ષમાર્ગી હી હૈં–**' જુઓ! આવ્યું. મૂળગુણમાં દોષ લાગે તો લાગો. અમને સમકિત તો છે. '**હમ મોક્ષમાર્ગી હી હૈં– તો ઐસી શ્રદ્ધાસે તો જિનઆજ્ઞા ભંગ કરનેસે સમ્યક્ત્વકા ભી ભંગ હોતા હૈ...**' લ્યો! મૂળગુણનો વિરાધક અને સાધુપણું મનાવે એ તો સમકિતનો દોષ છે. સમજાણું કાંઈ? એને માટે કરેલો આહાર, સ્નાન કરે વગેરે વગેરે એષણા સમિતિના ઠેકાણા ન મળે અને માને કે અમે મોક્ષમાર્ગી તો છીએ ને. સમકિત તો છે ને અમારે. મૂળગુણ વિરાધક હો કે ન હો, પણ મોક્ષમાર્ગી છીએ. '**ઐસી શ્રદ્ધાસે તો જિનઆજ્ઞા ભંગ કરનેસે સમ્યક્ત્વકા ભી ભંગ હોતા હૈ...**' મૂળગુણના ઠેકાણા નથી અને પછી માને કે અમારે કાંઈ વાંધો નથી, એને તો સમકિત પણ નથી.

મુમુક્ષુ :– ક્રિયા તો બધી પાળે છે.

ઉત્તર :– કઈ પાળે છે? મૂળગુણમાં દોષ લગાવે છે અને બાકી પાળે.

મુમુક્ષુ :– ગૃહસ્થ જાણે...

ઉત્તર :– ગૃહસ્થને શું કહેવું ઠીક બચાવ કરે છે. ખબર નથી કે હું વ્હોરવા આવ્યો છું. અહીં બે જણા છે અને કર્યું છે દસ શેર પાણી. કોના માટે કર્યું છે આ? દસ શેર ઊનું પાણી પીવા માટે કરતા હશે? સવારે ઊઠીને વહેલા પાણી ગાળે, કૂવામાંથી લાવો, આજે ભોજન બનાવવાનું છે. આહારદાન દેવાનું છે. આવે છે કે નહિ ભાવ? તમારે અધિકાર છે? એને માટે બનાવીને કરવું એવો અધિકાર છે તમારો?

મુમુક્ષુ :– ભૂખ્યા જવા દેવા...

ઉત્તર :- ભૂખે કોણ આવે? ભૂખ્યો જાય, ન જાય એ તો એને કારણે છે. શેઠે મોઢા આગળ બધું કર્યું છે ને સંપ્રદાયમાં સારું લગાડવા. સમજાણું કાંઈ?

'**સમ્યક્ત્વકા ભી ભંગ હોતા હૈ તબ મોક્ષ કૈસે હો;...**' મૂળગુણમાં દોષ લગાડે, અઠ્યાવીસ મૂળગુણમાં ખાસ એને માટે બનાવેલ આહાર આદિ લે એ તો મૂળગુણમાં દોષ છે. અને માને કે અમારે સમકિત તો છે ને? શું વાંધો? સમકિત જ નથી. વીતરાગની આજ્ઞા અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખાની છે એને બગાડીને તું માને છે કે અમે સાધુ છીએ, મોક્ષમાર્ગી છીએ. એમ કહ્યું છે ને?

મુમુક્ષુ :- ગૃહસ્થ કરે?

ઉત્તર :- ગૃહસ્થ કરી શકે. એ જુદી વાત છે. ગૃહસ્થ લઈ શકે. ગૃહસ્થાશ્રમમાં એને માટે કરેલો (આહાર) આદિ હોય તો (લઈ શકે). સાધુ નામ ધરાવે, ઊંચી પદવી નામ ધરાવે અને મૂળગુણ બગાડે તો '**સમ્યક્ત્વકા ભી ભંગ હોતા હૈ...**' એને સમકિત પણ હોતું નથી. 'જયચંદ્ર પંડિતે' ખુલાસો કર્યો છે, જુઓને! '**जिणलिंगविराहगो णियद**' છે ને? '**णियद**' એમ છે ને? '**णियद**'નો અર્થ કર્યો. '**णियद**' એટલે નિશ્ચય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એણે ખુલાસો કર્યો છે ને કે કેમ? કે જો દોષ છે એને કબુલે કે દોષ છે. આવો મૂળગુણ મારામાં નથી. હું સાધુ નથી. તો સમકિત હોય તો આગળ વધી જાય. પણ દોષને જ સ્વીકાર કરતો નથી એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મારે મૂળગુણ છે નહિ, હું સાધુ નથી, મારામાં સાધુપણું છે નહિ. એમ કબુલે તો સમકિત રહી શકે સમકિત પ્રગટ્યું હોય તો.

મુમુક્ષુ :- ... કપડા પહેરવા પડે.

ઉત્તર :- એ કોણ જાણે શું કરવું તમારે? આ તો માર્ગ કહે છે. અહીં તો માર્ગ ભગવાન કહે છે. મોક્ષ અધિકાર છે કે નહિ? સમ્યગ્દર્શન સહિત, ચારિત્ર સહિત પંચમહાવ્રત અઠ્યાવીસ મૂળગુણ હોય મુનિને. બરાબર હોય. છે વિકલ્પ. પણ બરાબર હોય એને. ન હોય એમ નહિ. એમાં પણ ભંગ લગાડે મૂળગુણમાં અને માને કે અમારે સમકિત તો છે ને. અમે મોક્ષમાર્ગી તો છીએ ને. એમ કરીને વીતરાગની આજ્ઞા વિરાધે છે. '**जिणलिंगविराहगो**' કહ્યું ને? એનો અર્થ કર્યો છે. ચારિત્રદોષ કબુલ. એ કહેશે, જુઓ!

'**ઔર કર્મકે પ્રબલ ઉદયસે ચારિત્ર ભ્રષ્ટ હો.**' દેખો! એવું કોઈ ચારિત્રનો ભ્રષ્ટ થઈ જાય. '**ઔર યદિ જિન-આજ્ઞાકે અનુસાર શ્રદ્ધાન રહે તો સમ્યક્ત્વ રહતા હૈ...**' દેખો! ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય. મારામાં ચારિત્ર નથી, મૂળગુણ નથી. એમ માને તો સમકિતને વાંધો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- .. દોષ ન માને.

ઉત્તર :- હા. અમારે આમાં શું વાંધો છે? સમકિત તો અમારે છે ને. મૂળગુણ દોષ તૂટ્યા તો તૂટ્યા. કહે નહિ.

મુમુક્ષુ :- બહાર જાહેર ન કરે અને અંદરમાં જાણતો હોય..

ઉત્તર :- જાણતો હોય એનો અર્થ શું?

મુમુક્ષુ :- પોતે અંતરમાં જાણતો હોય, બહારમાં ન કહે.

ઉત્તર :- શું છે એનો અર્થ પણ? એની માન્યતામાં ફેર છે. વીતરાગનો માર્ગ જે મુનિપણાનો છે એ પ્રમાણે પાળતો નથી અને માને કે અમે સાધુ છીએ, મોક્ષમાર્ગી છીએ. એ મિથ્યાત્વ છે. પ્રતિજ્ઞાભંગનું પાપ મહાપાપ છે એમ સિદ્ધ કરે છે અહીંયાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મુનિ ચોથા કાળના અને શ્રાવક...

ઉત્તર :- ચોથે-ફોથે કંઈ નહિ. એમ છે. ચોથા કાળના સાધુ લેવા અને પાંચમા કાળના શ્રાવક લેવા. આ ઠીક છે. ચોથા અને પાંચમામાં કાંઈ નહિ. જે છે ઈ એના સાધુ શ્રાવક હોય. 'શોભાલાલભાઈ'! કહે છે. સાધુ લેવા ચોથા આરાના અને શ્રાવક લેવા પાંચમા આરાના. એમ કહે છે. અહીં ચોથા આરા અને પાંચમા આરાની વાત જ નથી. ચોથા ગુણસ્થાનવાળો આત્માના અનુભવી એવા સમકિતી હોય. પછી એને સાધુપણું હોય ત્યારે ચારિત્ર હોય, અઠ્યાવીસ મૂળગુણ પણ હોય, શુભભાવ એને હોય. એવા જેને શુભભાવમાં અઠ્યાવીસ મૂળગુણમાં જ્યાં ખંડ પાડે છે અને પાછો દોષને કબુલે છે કે ના ભાઈ! અમે સાધુ નથી. અમારામાં સાધુપણું નથી. તો તો સમકિત રહે. પણ પાછો મોક્ષમાર્ગી મનાવે (તો) મિથ્યાદૃષ્ટિ થઈ જાય એમ કહે છે.

મુમુક્ષુ :- ભૂખ્યા જાવું પડે.

ઉત્તર :- ભૂખ્યો જ છે. શું છે? ભૂખ્યા રહી શકે નહિ ને એટલે (એમ કહે છે કે) પછી ઓલાને ભૂખ્યા રહેવું પડે.

અહીં તો ચોખ્ખી વાત પંડિતે પણ કહી. શું કહેવાય આ? 'જયચંદ્ર પંડિત'. પાઠમાં તો એ છે, જુઓને! **'सो ण लहइ सिद्धिसुहं जिणलिंगविराहगो णियद'** જિનલિંગમાં સાધુપદમાં એને માટે કરેલો (આહાર) આદિ ન હોય, અઠ્યાવીસ મૂળગુણ બરાબર ચોખ્ખા હોય. એનો દોષ લગાડે અને બીજી ક્રિયાઓ કરે એ સમકિતથી ભ્રષ્ટ થઈ જાય. ભગવાનની આજ્ઞા એ માનતો નથી. પણ કર્મનો પ્રબળ ઉદય, પુરુષાર્થની કમી હો, ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય. મૂળગુણને છેદી જાય.

**'યદિ જિન-આજ્ઞાકે અનુસાર શ્રદ્ધાન રહે તો...'** વીતરાગની આજ્ઞા તો એ જ હતી કે મૂળગુણ રાખવા ને બગાડવા નહિ. મારાથી બગડ્યા છે. હું સાધુ છું નહિ. તો એ સમકિત રહે. તો એની શ્રદ્ધામાં દોષ લાગે નહિ. માઘનંદી ન આવ્યું? માઘનંદી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કુંભારને ઘરે. પણ એના સમકિતને બાધ નથી. જરી સૂક્ષ્મ આકરી વાત છે. કુંભારની કન્યાને પરણ્યા. જાણે છે કે મારે ચારિત્ર ભ્રષ્ટ થયું. મારે ચારિત્ર નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનને વાંધો નથી. ચારિત્રદોષ લગાડ્યો તો સમકિતનો દોષ છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને જે દોષને દોષ તરીકે માનતો જ નથી. એમાં શું છે? એ તો હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્રિયા કરે તોપણ એ ધર્મ નથી, એ તો પુણ્ય છે. એ સાધુનું આચરણ નથી.

મુમુક્ષુ :- જેમ મુનિ પોતાને .. મૂળગુણ નથી તો એ તો બેયથી ભ્રષ્ટ થયો.

ઉત્તર :- બેયથી ભ્રષ્ટ છે. ક્રિયા કરે તો શું ક્રિયા પણ? સમકિતસહિત ક્રિયા આદિ હોય, સમકિતસહિત એની ક્રિયા હોય તોપણ એ પુણ્યબંધનું કારણ. મૂળગુણમાં ઠેકાણા નથી પછી કઈ ક્રિયા? એ માટે તો આ ગાથા લીધી છે. '**मूलगुणं छित्तूण**' મૂળગુણના ઠેકાણા નથી. બીજી ક્રિયાની કિંમત નથી. સમકિત સહિત હોય તોપણ એની કિંમત નથી. સમજાણું કાંઈ? અહીં તો મૂળગુણ ઉપર વજન છે આચાર્યનું. '**मूलगुणं छित्तूण**' એમ શબ્દ પડ્યો છે. '**बाहिरकम्मं करेइ जो साहू**' નીચલી દશામાં ન રહે ધર્મમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉતરી ગયા નીચે. સાધુ નથી. આહાર-પાણી લીધા. ઓલા શું? શિવમાં, શિવશંકર. આહાર-પાણી લઈ લીધા તો એ સાધુ નહિ. તો એ સમકિતને બાધ કરતો નથી. સાધુ મોક્ષમાર્ગી પણ કહેવડાવવું છે, ઊંચી પદવી નામ ધરાવવા છે અને મૂળગુણ છેદવા છે તો એ ચારિત્ર એને દોષ લાગે તો એ સમકિતી સાધુ નથી. તો એને સમકિતને વાંધો નથી. પણ અમે મોક્ષમાર્ગી છીએ (એમ માને તો) સમકિતનો દોષ છે, મિથ્યાત્વનો. સમજાણું કાંઈ? અમે બીજી તો ક્રિયા કરીએ છીએ ને મૂળગુણ ભલે છેદાણા. પણ બીજી ક્રિયા તો કરીએ છીએ ને? ભગવાનની ભક્તિ, પૂજા વગેરે-વગેરે. નહિ. એના માટે તો આ ગાથા છે. મૂળગુણમાં વાંધા એને સાધુપણું રહેતું નથી. અને સાધુપણું મોક્ષમાર્ગી મનાવે તો સમકિતને પણ ભ્રષ્ટ કરે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ગુરુને સંથારો કરવાનો ભાવ થયો હતો. ક્ષુધા એટલી લાગે છે. મુનિપણામાં આહાર મળે નહિ આવો. અમે સંથારો કરીશું. ગુરુ કહે કે નહિ ચાલે. સંથારો નહિ ચાલે. તમારા ... ગુરુએ કહ્યું, ... માયા, કપટ કર્યું હતું બધું. ત્યાં જઈને શંકરના દેવળમાં. પછી શંકર સ્થાપ્યા. .. ભસ્મવ્યાધિ મટી ગઈ. આહાર વધવા માંડ્યો. હવે? કે આહાર તો આ પોતે ખાતા હતા. ખબર પડી. પગે લાગો એને. મારું પગે લાગવું સહન નહિ કરી શકે. રાજાને કહ્યું હું પગે લાગુ એ સહન નહિ કરી શકે મૂર્તિ. એ શંકરની મૂર્તિ હતી ને? શંકરની મૂર્તિ. એની પાસે રહેતા હતા ને એ? નહિ સહન કરી શકે. હું શંકરને વંદન કરું એ નથી. અત્યાર સુધી શું કર્યુ? જે કર્યું એ કર્યું. મેં વંદન ... વંદન સહન નહિ કરી શકે, હું સમકિતી છું. મહા સ્તુતિ કરી. ફાટી લિંગ. એમ આવે છે. ત્યાં છે. 'બનારસ' નહિ. .. કેવું કહેવાય? 'ભુવનેશ્વર.' ત્યાં .. ગયા હતા. 'ભુવનેશ્વર' ગયા હતા. શંકરનું દેવળ છે મોટું. ત્યાં ... રહ્યું. કહે, પા-અડધો કલાક ખોટી થાવ. દેખાડ્યું. કીધું, ખોટી થવાની વાત નહિ. અમે તો અમારા કામ કરવા જવાના છે. .. હતા એના બ્રાહ્મણ. એ કહે છે કે ત્યાં 'ભુવનેશ્વર'માં શું કહેવાય? 'ભુવનેશ્વર.' ખંડગીરી, ઉદયગીરી છે ને? અમે જાત્રા ગયા હતા, ખંડગિરી-ઉદયગિરીની. પ્લેનમાં કલકત્તાથી. (સંવત) ૨૦૧૩ની સાલ. ૧૩ વર્ષ થયા. પ્લેન કર્યું હતું ત્રણ હજારનું.

પહેલું ઉતર્યા હતા એ 'ભુવનેશ્વર' સ્ટેશન. ત્યાં ઉતર્યા હતા. 'સમંતભદ્રાચાર્ય' અહીં એમ કે શંકરના દેવળમાં હતા. લિંગ ત્યાં તૂટેલું છે. સાચું ખોટું ગમે તે હોય પણ અંદર તૂટેલું છે કહે છે. હશે, ચાલો જોવા જઈએ. પંડ્યા કહે, અડધો કલાક થાશે. ભોજન-બોજન ખાય ને. કાંઈક આપતા હશે, કરાવતા હશે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ગયા હતા ને? 'હિંમતભાઈ' ગયા હતા? શું હતું તૂટલું?

મુમુક્ષુ :- હા, તૂટલું છે.

ઉત્તર :- તુટલું છે. કહેતા હતા. ભગવાન ચંદ્રપ્રભુ નીકળ્યા. એ તો પુણ્ય છે.

મુમુક્ષુ :- ... એ સ્થિતિમાં ક્યાં છે અત્યારે.

ઉત્તર :- ભાઈ એમ કહે છે કે પ્રતિમા ક્યાં છે? એ .. એ રહેવા દે કાંઈ? પણ એ વાત છે. સમકિતના જોરમાં.. એને હું વંદન નહિ કરી શકું. વંદન જીરવી નહિ શકે એ. અને સ્તુતિ જ્યાં ઉપાડી તો ફડાક દઈને (પ્રતિમા નીકળ્યા). ત્યારે રાજા ઓલો હતો ને કોણ? 'શિવકોટી'. સાધુ થયા પછી. ઓહો..! આવો માર્ગ વીતરાગનો! દોષ લાગ્યો હતો પણ દોષ કબુલ કરીને જેણે સમ્યગ્દર્શન રાખ્યું. અમે સાધુ નથી. સમજાણું કાંઈ?

અહીં તો '**मूलगुणं छित्तूण**'નો અર્થ આખો છે. સમ્યગ્દર્શન હોય પણ જો મૂળગુણ છેદીને સાધુપણું માને તો મિથ્યાદૃષ્ટિ છે. એમ કહે છે. પણ મારાથી પાળી શકાતું નથી, હું સાધુ નથી. '**યદિ જિન આજ્ઞાકે અનુસાર શ્રદ્ધાન રહે...**' જિન આજ્ઞા તો મૂળગુણ પાળવાની જ છે મુનિને. એવી શ્રદ્ધા રાખે. '**તો સમકિત રહતા હૈ. મૂલગુણ બિના કેવલ સમ્યક્ત્વ હી સે મુક્તિ નહીં હૈ...**'

મુમુક્ષુ :- નગ્ન રહે.

ઉત્તર :- નગ્ન રહે છે. અહીં સાધારણ વાત કરી છે. નગ્ન રહે... સમકિત જ્યાં રહે મુનિપણું હોઈ ત્યાં રહી શકે છે ને. મુનિપણું ... છોડી દે છે. એ શાસ્ત્રમાં આવે છે. શું કહેવાય એ? સમજાણું? શ્વેતાંબરમાં પણ આવે છે. ... કહેવાય એને. સાધુ હોય અને પછી ભાન રહ્યું... વસ્તુ નથી મારામાં, હવે ચારિત્ર રહ્યું નથી. છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવતું નથી. છોડી દે. ગૃહસ્થાશ્રમી થઈ જાય. એને .. શ્રાવક કહેવામાં આવે છે. કપડાં પહેરી લે. એમાં શું છે? સત્યને .. રાખવું છે કે...

મુમુક્ષુ :- ગૃહસ્થને દગો ન થાય.

ઉત્તર :- ગૃહસ્થનું ગૃહસ્થ જાણે. એવી શક્તિ ન હોય તો શું કરે? મિથ્યાત્વનો દોષ લગાડે? સાધુપણું નથી ને સાધુપણું મનાવે? એમ ન ચાલે. શાસ્ત્રમાં એમ આવ્યું છે. માર્ગણામાં પણ ચાલ્યું છે. છઠ્ઠાથી ઉતરીને પાંચમામાં આવી જાય. એમ આવે છે. માર્ગણા છે ને ગુણસ્થાનની? છઠ્ઠેથી ઉતરીને પાંચમે આવી જાય, પાંચમેથી ચોથે આવી જાય. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં તો ઘણી મોટી ચર્ચા છે એની. એ તો પહેલેથી કહેતા. સાધુ હોય અને પાળી ન શકે તો છોડી દે.

મુમુક્ષુ :- એના તો સાધુ પણ વસ્ત્રધારી હોય છે.

ઉત્તર :- વસ્ત્રધારી સાધુ-બાધુ નથી હોતા. એના હોય છે પણ અહીં નહિ. એના પણ સાધુ વસ્ત્રધારી ભલે હો. પણ સાધુપણાનું આચરણ ન પાળી શકે તો એ પણ ગૃહસ્થ થઈ જાય. એમ છે, એવું શાસ્ત્રમાં છે. અહીં કહે છે, જુઓને.

મુમુક્ષુ :- દિગંબરમાં એમ થઈ જાય તો બાહ્યચાર કરે.

ઉત્તર :- બાહ્યચાર કરે. આ બધા તમારા જેવા બધા ભેગા થઈને પાળી શકતા ન હોય તો એનો બધા તિરસ્કાર કરે. માર્ગ તો આવો છે. શાસ્ત્રમાં એવું ચાલ્યું છે કે સમકિત રહે, અંદર ભાવલિંગ સાધુપણું ન હોય પણ અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખા પાળતો હોય. આવે છે ને? 'અમરચંદભાઈ'! એને દ્રવ્યલિંગી કહ્યો છે. એ નવમી ગ્રૈવેયકે જાય. હોય સમકિતી. અંદર મુનિપણું હોય નહિ. જાણે, એને ખ્યાલ છે. પણ વ્યવહાર અઠ્યાવીસ મૂળગુણ ચોખ્ખા પાળતો હોય. પ્રાણ જાય તોપણ એમાં ફેરફાર નહિ. એવા મુનિ દ્રવ્યલિંગી છે એ પણ. તો એ નવમી ગ્રૈવેયકે જાય. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'માં પાઠ છે.

મુમુક્ષુ :- ત્યાં ગુલાંટ લગાવે તો?

ઉત્તર :- નહિ, નહિ. ગુલાંટની વાત નથી. એ સમકિત છે પણ છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા ઊભી છે. છઠ્ઠું ગુણસ્થાન આવ્યું નથી અંદર. હજી સમજવામાં જરી તકલીફ પડે એવું છે મગજને. 'ચંદુભાઈ' દાંત કાઢે છે. કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન છે પણ સાધુપણુ અંદર ઊડી ગયું. સાધુપણું પહેલું હતું, ચારિત્ર હતું. ... આવે ત્યારે પુરુષાર્થ ... છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવવું જોઈએ એ આવતું નથી. મારામાં ચારિત્ર નથી. છોડી દે. તો એને સમકિતને વાંધો નથી. દુનિયા માને ન માને એનું શું અહીં કામ છે?

મુમુક્ષુ :- વિષ્ણુકુમાર...

ઉત્તર :- એ તો દોષ લાગ્યો. પણ પાછું ચારિત્ર લઈ લીધું ને. 'વિષ્ણુકુમાર' પણ સાધુ નહોતા એ વખતે. જ્યારે (બીજા મુનિઓનો) બચાવ કર્યો (ત્યારે) સાધુ નહોતા. વસ્ત્ર પહેર્યા એ કાંઈ સાધુ હોય? મિથ્યાદૃષ્ટિ નહોતા. સાધુપણું ભ્રષ્ટ થઈ ગયું છે.

મુમુક્ષુ :- દોષની પ્રશંસા કેમ?

ઉત્તર :- એ તો એની દોષની .. કે એને ઓલા બધા સાધુ બળતા હતા એનું એટલું કર્યું એ અપેક્ષાથી પ્રશંસા કરી છે. પણ .. દેખીને બીજા બધાએ કરવું (એમ નહિ). લખ્યું છે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. તો તો ... બધાએ એમ કરવું એમ ન ચાલે. એ તો એ વખતે કાળોકેર હતો તો એ વખતે વિકલ્પ આવી ગયો. એ અપેક્ષાએ વ્યવહારથી પ્રશંસા કરી. એ તો મોક્ષમાર્ગમાં છે. મુનિપણું રહ્યું નથી. એ અમારે ચર્ચા ઘણાં વર્ષ પહેલા થઈ હતી. (સંવત) ૨૦૭૧ની સાલમાં. કઈ? ૭૧. 'આનંદપુર-આનંદપુર'. એય..! પ્રેમચંદભાઈને ત્યાં. ... ૭૧. ૫૫ વર્ષ થયા. ત્યાં ગયા. પછી એવી ચર્ચા થઈ.. ભગવતીમાં આવ્યું,.. મુનિ ધ્યાનમાં હતા. .. પંદરમા અધ્યયનમાં આવે છે. છે તો બધી ખોટી વાત પણ... આચાર્ય હતા. ત્રણ જ્ઞાનના ધણી, સાધુ. એ ધ્યાન કરતા હતા. એમાં ગોસાળાનો જીવ નીકળ્યો. ગોસાળો કહે છે ને? વાત તો બધી કલ્પિત છે.

મુમુક્ષુ :- ઉપાસરાને ગોસાળા કહે છે ને?

ઉત્તર :- ગોસાળો એક આદમી છે, જૈનશાસનનો વિરોધી. એ ગોસાળાની લાંબી વાત છે. અહીં તો એટલું કહેવું છે અમારે ચર્ચા ૭૧માં ચાલી હતી. ગોસાળો હતો એણે સાધુને ઘોડાગાડી હતી ને પોતાની. રાજાનો કુંવર હતો. ગોસાળો આવશે. ભવિષ્યમાં થશે. ખોટી વાત છે હોં! બધી. કલ્પિત. પંદરમાં અધ્યયનમાં છે. ઘોડાગાડીમાં છે રાજા. અત્યારે બારમા દેવલોકમાં છે એમ કહે. પછી નીકળીને રાજા થશે. પછી .. આચાર્ય ધ્યાન કરશે. પછી એને ઘોડાગાડી હલવશે સાધુ ... મોઢા આગળ હોય ને લાકડાની પગી. .. ઘોડાને. .. બીજી વાર જ્યાં લાવ્યો. આ શું? .. બંધ થઈ ગયું. ત્રીજી વાર લાવવાની તૈયારી કરી. ધ્યાન રાખજે કોણ છે તું? અવધિજ્ઞાનમાં જોયું તો આ તો ગોસાળો છે. જૈન શાસનનો વેરી. હવે જો ત્રીજીવાર લાવ્યો તો ભસ્મ કરી દઈશ તને. સાધુ કહે. ત્રીજી વાર લાવ્યા તો બધાને બાળી નાખ્યા. એ ચર્ચા ચાલી અમારી ૭૧માં. એ કહે, જુઓ! આવું સાધુપણું રહે. બિલકુલ રહે નહિ, કીધું. એ ચર્ચા મોટી ચાલી હતી અમારે 'મૂળચંદભાઈ' સાથે. આવું કર્યું એમાં ક્યાં પ્રાયશ્ચિત આવ્યું છે? એમાં લખ્યું નથી શાસ્ત્રમાં. નથી લખ્યું એટલે શું? કીધું. બિલકુલ રહે નહિ સાધુપણું. રાજાને મારી નાખ્યો, ઘોડા મારી નાખ્યા અને સાધુપણા રહેતા હશે? આ કોણે કીધું આવું? મોટી ચર્ચા (ચાલી). કાંઈ ઠેકાણા વિનાની શ્રદ્ધા. એ મોટી વાત આવે છે.

અહીં તો કહે છે કે મૂળગુણમાં દોષ લગાડે અઠ્યાવીસ મૂળગુણ જેને એવું હોય તો તે પદવી નહિ. એમાં મૂળમાં વાંધા. અને એમ માને કે એમાં શું વાંધો છે? અમારે સમકિત તો છે કે નહિ? બિલકુલ નહિ. જિનઆજ્ઞાથી ભ્રષ્ટ છે એ. પણ કોઈ દોષ લાગે, ચારિત્ર ભ્રષ્ટ થઈ જાય, શ્રદ્ધા રહે પણ ચારિત્ર નથી. હું સાધુ નથી. સમજાય છે કાંઈ? તો એને સમ્યગ્દર્શનને અટક નથી. મૂળ શ્રદ્ધા..

'**મૂલગુણ બિના કેવલ સમ્યક્ત્વ હી સે મુક્તિ નહીં હૈ...**' એકલા સમકિતથી કાંઈ સાધુપણુ આવ્યા વિના મુક્તિ થાય? સમકિત થયું પણ ચારિત્ર અને અઠ્યાવીસ મૂળગુણ આવ્યા વિના રહે નહિ. એ વિના મુક્તિ થઈ જાય? એકલા સમકિતથી મુક્તિ થાય? ક્ષાયિક સમકિત હોય. ચારિત્ર-સ્વરૂપની રમણતા અને અઠ્યાવીસ મૂળગુણના ભાવ, એ વિના મુક્તિ નથી. '**ઔર સમ્યક્ત્વ બિના કેવલ ક્રિયા હી સે મુક્તિ નહીં હૈ,...**' વ્રત-તપ લે છે કે નહિ? મૂળગુણ રાખે બરાબર, સાધુ પાળે બહારની ક્રિયા પણ સમકિત નથી. એનેય ધર્મ નથી, એનેય મુક્તિ નથી. આવો તો ખુલાસો કરે છે. શેઠ! ગડબડી ન ચાલે આમાં.

મુમુક્ષુ :- કેદ લગાવે છે.

ઉત્તર :- કેદ નથી લગાવતા. જેમ છે એમ કરે છે. કેદ નથી લગાવતા. કેદ લગાવે છે કહે છે.

'**યહાં કોઈ પૂછે...**' હવે સ્નાનની વાત લે છે. '**પ્રશ્ન :- મુનિકે સ્નાનકા ત્યાગ કહા ઔર હમ ઐસે ભી સુનતે હૈં કિ યદિ ચાંડાલ આદિકા સ્પર્શ હો જાવે તો દંડસ્નાન કરતે હૈં.**' શાસ્ત્રમાં એમ આવે છે. મૂળગુણમાં વાંધો આવે. નહિ, નહિ. એમ ન હોય. '**સમાધાન :- જૈસે ગૃહસ્થ સ્નાન કરતા હૈ વૈસે સ્નાન કરનેકા ત્યાગ હૈ,...**' જેવું ગૃહસ્થ સ્નાન કરે એવું મુનિ સ્નાન કરે નહિ. '**ક્યોંકિ ઈસમેં હિંસાકી અધિકતા હૈ,...**' પાણીના એકેન્દ્રિય જીવ મરે

એ હોઈ શકે નહિ. '**મુનિકે સ્નાન ઐસા હૈ કિ-કમંડલુમેં પ્રાસુક જલ રહતા હૈ...**' નિર્દોષ થોડું. '**ઉસસે મંત્ર પઢકર મસ્તકપર ધારામાત્ર દેતે હૈં...**' ચાંડાળ આદિને અડી ગયો હોય અને એવું થયું હોય. '**ઔર ઉસ દિન ઉપવાસ કરતે હૈં તો ઐસા સ્નાન તો નામમાત્ર સ્નાન હૈ, યહાં મંત્ર ઔર તપસ્નાન પ્રધાન હૈ, જલસ્નાન પ્રધાન નહીં હૈ,...**' આ તો મૂળગુણનો પ્રશ્ન ઉઠાવ્યો છે. એમાં છે મોટું લાંબુ લાંબુ.

મુમુક્ષુ :- ચંડાળને અડી જાય એમાં...

ઉત્તર :- મુનિ છે ને. ચંડાળ છે, રજસ્વલા સ્ત્રી છે. એવાને અડી જાય તો સ્નાન કરે.

મુમુક્ષુ :- કાગડાને...

ઉત્તર :- કાગડાનો ઓલો થઈ ગયો.

મુમુક્ષુ :- સ્પર્શ...

ઉત્તર :- હા. છે. બધું વાંચ્યું છે અમે. બધું છે ને આખી ટીકા જોઈ છે. આ તો હમણાં આવ્યું, અમે તો આખી ટીકા વાંચી છે. ખોટાના .. પડી જાય. સ્નાન કરવું પડે.

મુમુક્ષુ :- .. ચંડાળ સમ્યગ્દૃષ્ટિ હોય તો?

ઉત્તર :- તોય. બહારમાં.. ઠીક પ્રશ્ન કરે છે. .. પણ અહીં લોકમાં ચંડાળ સમકિતી શ્રાવક હોય બીજી વાત છે. બહાર સાધારણ ચંડાળ...

મુમુક્ષુ :- ચંડાળને પણ પૂજે સમ્યગ્દૃષ્ટિ હોય તો અને આ અડે એને સ્નાન કરવું પડે.

ઉત્તર :- એ ચંડાળ સાધારણ ચંડાળની વાત છે. ચંડાળ સાધારણની વાત છે, અહીં સમકિતીની વાત ક્યાં છે? ચંડાળ લોકમાં અસ્પર્શ જણાય છે અને એનો સ્પર્શ થાય એમ એટલી વાત. તો તે દિ' અપવાસ કરવો. પ્રાસુક જળથી સ્નાન કરે. દંડસ્નાન, હોં! ઘસી ઘસીને નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ એ. ૯૮ ગાથા થઈ.

---

**आगे कहते हैं कि जो आत्मस्वभावसे विपरीत बाह्य क्रियाकर्म है वह क्या करे? मोक्षमार्गमें तो कुछ बी कार्य नहीं करते हैं :-**

## ગાથા-૯૯

**किं काहिदि बहिकम्मं किं काहिदि बहुविहं च खवणं तु।**
**किं काहिदि आदावं आदासहावस्स विवरीदो।।९९।।**

**किं करिष्यति बहिः कर्म किं करिष्यति बहुविधं च क्षमणं तु।**
**किं करिष्यति आतापः आत्मस्वभावात् विपरीतः।।९९।।**

બહિરંગ કર્મો શું કરે? ઉપવાસ બહુવિધ શું કરે?
રે! શું કરે આતાપના?-આત્મસ્વભાવવિરુદ્ધ જે. ૯૯.

**अर्थ :– आत्मस्वभावसे विपरीत, प्रतिकूल बाह्यकर्म जो क्रियाकांड वह क्या करेगा? कुछ मोक्षका कार्य तो किंचितमात्र भी नहीं करेगा, बहुत अनेक प्रकार क्षमण अर्थात् उपवासादि बाह्य तप भी क्या करेगा? कुछ भी नहीं करेगा, आतापनयोग आदि कायक्लेश क्या करेगा? कुछ भी नहीं करेगा।**

**भावार्थ :– बाह्य क्रियाकर्म शरीराश्रित है और शरीर जड़ है, आत्मा चेतन है, जड़की क्रिया तो चेतनको कुछ फल करती नहीं है, जैसा चेतनाका भाव जितना क्रियामें मिलता है उसका फल चेतनको लगता है। चेतनका अशुभ उपयोग मिले तब अशुभकर्म बँधे और शुभउपयोग मिले तब शुभ कर्म बँधता है और जब शुभ–अशुभ दोनोंसे रहित उपयोग होता है तब कर्म नहीं बँधता है, पहिले बँधे हुए कर्मोंकी निर्जरा करके मोक्ष करता है। इस प्रकार चेतना उपयोगके अनुसार फलती है, इसलिये ऐसे कहा है कि बाह्य क्रियाकर्मसे तो कुछ मोक्ष होता नहीं है, शुद्ध उपयोग होने पर मोक्ष होता है। इसलिये दर्शन–ज्ञान उपयोगोंका विकार मेटकर शुद्ध ज्ञानचेतनाका अभ्यास करना मोक्षका उपाय है।।९९।।**

## ગાથા-૯૯ ઉપર પ્રવચન

‘**આગે કહતે હૈં કિ જો આત્મસ્વભાવસે વિપરીત બાહ્ય ક્રિયાકર્મ હૈ વહ ક્યા કરે?**’ છેલ્લી ગાથાઓ છે ને? આત્મસ્વભાવનું તો ભાન નથી. જેને સમ્યગ્દર્શન એ તો પ્રગટ થયું નથી. એ વિના ‘**બાહ્ય ક્રિયાકર્મ હૈ વહ ક્યા કરે? મોક્ષમાર્ગમેં તો કુછ ભી કાર્ય નહીં કરતે હૈં :–**’ આહાહા..!

**किं काहिदि बहिकम्मं किं काहिदि बहुविहं च खवणं तु।**
**किं काहिदि आदावं आदासहावस्स विवरीदो।।९९।।**

છેલ્લા શબ્દનો પહેલો અર્થ કર્યો.

‘**અર્થ :– આત્મસ્વભાવસે વિપરીત, પ્રતિકૂલ બાહ્યકર્મ જો ક્રિયાકાંડ વહ ક્યા કરેગા?**’ સમ્યગ્દર્શન સ્વરૂપ નિર્વિકલ્પ (એનું) તો ભાન ન મળે અને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન વિના, આત્મા નિર્વિકલ્પ છે, રાગ છે નહિ, ક્રિયાકાંડ એમાં છે જ નહિ એવા ભાન વિના ‘**ક્રિયાકાંડ વહ ક્યા કરેગા? કુછ મોક્ષકા કાર્ય તો કિંચિતમાત્ર ભી નહીં કરેગા,...**’ સંવર-નિર્જરાનો અંશ પણ નહિ થાય, એમ કહે છે. ‘**કુછ મોક્ષકા કાર્ય તો કિંચિત્‌માત્ર ભી નહીં કરેગા, બહુત અનેક પ્રકાર ક્ષમણ અર્થાત્ ઉપવાસાદિ બાહ્ય તપ...**’ અપવાસ કરે ત્રણ-ત્રણ, ચાર-ચાર, પાંચ-પાંચ, દસ-દસ અપવાસ (કરે) અને ગુરુનો વિનય કરે, ભક્તિ કરે, મંદિર આદિ બનાવવામાં બહુ અનુમોદન હોય, એવા ‘**બાહ્ય તપ ભી ક્યા કરેગા?**’ સમજાણું કાંઈ?

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ આત્મા, એવા નિર્વિકલ્પ આત્માના ભાન વિના સહજાનંદની મૂર્તિ આત્મા છે એનું જ્યાં ભાન નથી, સમ્યગ્દર્શન નથી એ ગમે તેવી ક્રિયાકાંડ કરે એને મુક્તિમાં કાંઈ લાભ છે નહિ. મોક્ષનો લાભ નથી. સમજાણું કાંઈ? '**મોક્ષકા કાર્ય તો કિંચિત્‌માત્ર ભી નહીં કરેગા,...**' છે ને? કાંઈપણ છે ને? શું કરે? શું કરેનો અર્થ કાઢ્યો કિંચિત્ પણ કરે નહિ. વળી, '**અનેક પ્રકાર ક્ષમણ અર્થાત્ ઉપવાસાદિ બાહ્ય તપ ભી ક્યા કરેગા? કુછ ભી નહીં કરેગા, આતાપનયોગ...**' સૂર્યનો આતાપ લે. ધ્યાનમાં રહે. આત્માના ધ્યાન વિના '**આદિ કાયક્લેશ ક્યા કરેગા?**' એ તો કાયક્લેશ છે. આહાહા..! સમજાણું કાંઈ? આટલું તો સ્પષ્ટ છે. સમ્યગ્દર્શન વિના આવું બધું ગમે તે કરે એ બધું આતાપન યોગ આદિ શું કરે? '**કુછ ભી નહીં કરેગા.**'

'**ભાવાર્થ :- બાહ્ય ક્રિયાકર્મ શરીરાશ્રિત હૈ ઔર શરીર જડ હૈ, આત્મા ચેતન હૈ, જડકી ક્રિયા તો ચેતનકો કુછ ફલ કરતી નહીં હૈ,...**' શરીરની ક્રિયા થાય એ જડની, હોં! ભાવ બીજો. '**જૈસા ચેતનાકા ભાવ જિતના ક્રિયામેં મિલતા હૈ...**' એ શરીરની ક્રિયાથી કોઈ ફળ નથી એમ કહે છે. એમાં ફળ નથી. પણ શરીરની ક્રિયામાં જેવો ભાવ ભળે '**ચેતનકા અશુભ ઉપયોગ મિલે તબ અશુભકર્મ બંધે...**' દેહની ક્રિયામાં જો અંદર અશુભ પરિણામ વર્તે તો પાપ બાંધે. દેહની ક્રિયાના કાળમાં શુભયોગ મળે તો શુભકર્મ બાંધે. શુભભાવ વિકલ્પ હોય તો એ પુણ્ય બાંધે.

'**ઔર જબ શુભ-અશુભ દોનોંસે રહિત ઉપયોગ હોતા હૈ...**' બેયથી રહિત એવો (શુદ્ધ) ઉપયોગ હોય '**તબ કર્મ નહીં બંધતા હૈ,...**' દેહની ક્રિયાથી તો કાંઈ ફળ છે જ નહિ કહે છે. પણ દેહની ક્રિયા કાળમાં જે પરિણામ થયા શુભના, અશુભના કે શુદ્ધના. અશુભભાવ હોય તો પાપ બાંધે, શુભભાવ હોય તો પુણ્ય બાંધે, શુભાશુભભાવ ન હોય તો શુદ્ધ ઉપયોગથી ધર્મ થાય, નિર્જરા થાય. સમજાય છે કાંઈ? આમાં બધું આવી ગયું ને? 'નવરંગભાઈ'! .. આવી ગયું ને આમાં? બધું આવી ગયું.

આ તો (સંવત) ૨૦૦૫ની સાલનો પ્રશ્ન હતો. એને વર્ષ થયા ૨૧. હવે તો બધું ફરી ગયું છે. આહાહા..! એને મેં કહ્યું હતું હોં! એકવાર. 'મગનભાઈ'ને. સંપ્રદાયમાં હતા ત્યારે. 'નવરંગભાઈ' એમ બોલ્યા હતા. મહારાજ! આ તમારો શ્રાવક આવ્યો એમ બોલ્યા હતા. ૬૪માં બોલ્યા હતા. ત્યારે તો એ ભણતા હતા. પણ બોલ્યા હતા એકવાર. અપાસરામાં, હોં! સ્થાનકવાસીનો અપાસરો છે ને? એમ બોલ્યા હતા. એને તો કાંઈ ખબર નહિ કે શું થાશે પાછળ. મહારાજથી આગળ વધશે. પણ એ બોલ્યા હતા. એમ બોલ્યા હોં! આ પ્રમાણે, મહારાજ! તમારો શ્રાવક આવ્યો. તમારો શ્રાવક આવ્યો. એમ. શ્રાવક નથી સમજતા? એ વખતે તો કાંઈ હતું પણ નહિ. પણ એ વાત મને એ વખતે મગજમાં ગરી ગઈ હતી કે આમ બોલે છે.

અહીં કહે છે, '**કર્મોંકી નિર્જરા કરકે મોક્ષ કરતા હૈ...**' એ શુદ્ધઉપયોગ કરે તો એ કર્મની નિર્જરા થાય, બંધ ઘટે અને મોક્ષ થાય. ત્રણ વાત કરી. દેહની ક્રિયા ગમે તેવી હો એની સાથે આત્માને પુણ્ય-પાપનું કાંઈ કારણ છે નહિ, તેમ ધર્મ પણ નથી. દેહની ક્રિયા. જોઈને ચાલવું

કે આ તે. એ તો દેહની ક્રિયા. એમાં અશુભ પરિણામ ભળે પાપના તો પાપ બંધાય. શુભ પરિણામ ભળે તો પુણ્ય બંધાય. શુભાશુભ પરિણામ રહિત આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ, એનો શુદ્ધઉપયોગ આવે તો કર્મ ખપે. સમજાણું કાંઈ?

'**ઈસ પ્રકાર ચેતના ઉપયોગકે અનુસાર ફલતી હૈ,...**' દેખો! શું કહે છે? દેહની ક્રિયાથી કાંઈ પુણ્ય-પાપ કે ધર્મ થતો નથી. ચેતનાના ઉપયોગને અનુસાર ફળે. ભગવાનઆત્મા ચેતનસ્વરૂપ, એનો ઉપયોગ અશુભ જો હોય પાપનો તો પાપ બંધાય. શુભ હોય પુણ્યનો તો પુણ્ય બંધાય. અને શુભાશુભભાવ રહિત ચેતનાનો શુદ્ધઉપયોગ અંદર વીતરાગી ઉપયોગ હોય તો કર્મ ખરે. સમજાણું કાંઈ? અહીં તો કહ્યું હતું ને માથે? દેહની ક્રિયા કાંઈ કરે નહિ. કહ્યું હતું ને. '**किं काहिदि बहिकम्मं किं काहिदि बहुविहं च खवणं तु। किं काहिदि आदावं आदासहावस्स विवरीदो।।९९।।**' આતાપ ને યોગ ને તડકે બેસે, તડકે સમજ્યા ને? ધૂપમાં. શું કરે એમાં? એ તો શરીરની જડની ક્રિયા છે. પણ એમાં પરિણામ જો અશુભ થયા (તો પાપ બંધાય), શુભભાવ હોય તો પુણ્ય બાંધે. એ ક્રિયા કારણે નહિ, જડની ક્રિયાથી નહિ, પરિણામથી. અને એ કાળે શુભાશુભ પરિણામ રહિત ચૈતન્ય સ્વભાવ ભગવાનઆત્મા આનંદસ્વરૂપ, એનો ઉપયોગ કરે તે શુદ્ધઉપયોગથી કર્મ કરે. કર્મ નિર્જરે, બંધ નહિ. ઓલામાં બે બંધ (કરે), આ નિર્જરા કરે. આ રીત છે. કાયાની ક્રિયાથી કાંઈ થાતું નથી. પુણ્ય પણ નહિ, પાપ પણ નહિ અને ધર્મ પણ નહિ. પુણ્ય-પાપ અને ધર્મ એના પરિણામ ઉપર થાય છે, ભાવ ઉપર. સમજાણું કાંઈ?

'**ઈસલિયે ઐસે કહા હૈ કિ બાહ્ય ક્રિયાકર્મસે તો કુછ મોક્ષ હોતા નહીં હૈ, શુદ્ધ ઉપયોગ હોને પર મોક્ષ હોતા હૈ.**' લ્યો! આત્મા... પહેલું તો સમ્યગ્દર્શન થતાં... શુદ્ધઉપયોગમાં સમ્યગ્દર્શન થાય. શુદ્ધ આત્મા આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ શુદ્ધ પવિત્ર, એવો અંદર ઉપયોગ જામે ત્યારે એને સાચી પ્રતીતિ વસ્તુની થાય છે. પછી પણ જ્યારે જ્યારે શુદ્ધ ઉપયોગ હોય અને જેટલી શુદ્ધ પરિણતિ હોય એટલી નિર્જરા (થાય). બાકી શુભ-અશુભભાવ હોય તો બંધનું કારણ છે. ક્રિયા બંધનું કારણ નથી. દ્રવ્યનો સ્વભાવ બંધનું કારણ નથી. દ્રવ્યનો શુદ્ધઉપયોગ બંધનું કારણ નથી. શુભાશુભ પરિણામ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

'**ઈસલિયે દર્શન-જ્ઞાન ઉપયોગોંકા વિકાર મેટકર...**' દેખો! શું કહે છે? શ્રદ્ધાનો વિકાર મિથ્યાત્વ છોડી, જ્ઞાનનો વિકાર અજ્ઞાન છોડી, ચારિત્રનો વિકાર શુભાશુભ પરિણામ છોડી. ત્રણેય લઈ લીધા. દર્શન-જ્ઞાન ઉપયોગનો વિકાર મટાડી '**શુદ્ધ જ્ઞાનચેતનાકા અભ્યાસ કરના...**' શુભ-અશુભભાવ તો કર્મચેતના છે. એનાથી તો બંધ થાય. શુદ્ધ જ્ઞાનચેતના. જોયું! દર્શનનો વિકાર બતાવી એટલે મિથ્યાત્વ થયું, જ્ઞાનનો વિકાર અજ્ઞાન. પરનું લક્ષ છોડી, ઉપયોગ એટલે શુદ્ધ ઉપયોગમાં વિકાર મટે તો શુદ્ધોપયોગ થાય. શુભાશુભ પરિણામ મટે તો શુદ્ધઉપયોગ થાય. શુદ્ધઉપયોગમાંથી વિકાર મટે તો શુદ્ધોપયોગ ધર્મનું કારણ થાય.

'**દર્શન, જ્ઞાન ઉપયોગોંકા વિકાર મેટકર...**' આહા..! ભાષા જુઓને કેવી કરી! '**શુદ્ધ જ્ઞાનચેતનાકા અભ્યાસ કરના...**' આત્મા ચૈતન્યસ્વભાવ.. આજ તો ... એવી વાત થઈ.

નિરાલંબની વાત કીધી. વ્યવહારવાળો કરે તો નિર્જરા થાય એમ નથી કહ્યું અહીંયાં. હોય ખરો વ્યવહાર. સમજાણું? પંચમહાવ્રતાદિના વિકલ્પ હોય ખરા. પણ એ તો પુણ્યબંધનું કારણ છે. દર્શનમાંથી વિકાર મટાડી એટલે મિથ્યાત્વભાવ છોડી, જ્ઞાનમાંથી અજ્ઞાન મટાડી (એટલે) પરનું એકલું લક્ષ છે એ છોડી દઈ, સ્વની પ્રતીત અને સ્વનું લક્ષ કરવું, ઉપયોગમાં શુભાશુભભાવ છોડીને શુદ્ધઉપયોગ કરવો એ ચારિત્ર છે. એની વ્યાખ્યા કરી. ઉપયોગમાંથી શુભાશુભ વિકાર મટાડવા એ ઉપયોગને ચારિત્ર કહે છે. વ્યાખ્યા આકરી. લોકો એવું બહારથી માનીને બેઠા છે ને. અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે એની શ્રદ્ધા કરતાં મિથ્યાત્વનો વિકાર મટે, એનું જ્ઞાન કરતાં પરનું એકલું લક્ષ અનાદિનું છે એ અજ્ઞાન મટે છે અને એમાં સ્થિર થતાં શુભાશુભ (નાશ થાય) છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**મેટકર શુદ્ધ જ્ઞાનચેતનાકા અભ્યાસ કરના મોક્ષકા ઉપાય હૈ.**' એ મોક્ષનો ઉપાય છે. આહાહા..!

---

**आगे इसी अर्थको फिर विशेषरुपसे कहते हैं :–**

## ગાથા-૧૦૦

**जदि पढदि बहु सुदाणि य जदि काहिदि बहुविहं च चारित्तं।**
**तं बालसुदं चरणं हवेइ अप्पस्स विवरीदं।।१००।।**

**यदि पठति बहुश्रुतानि च यदि करिष्यति बहुविध च चारित्रं।**
**तत् बालश्रुतं चरणं भवति आत्मनः विपरीतम्।।१००।।**

**પુષ્કળ ભણે શ્રુતને ભલે, ચારિત્ર બહુવિધ આચરે,**
**છે બાળશ્રુત ને બાળચારિત્ર, આત્મથી વિપરીત જે. ૧૦૦.**

**अर्थ :– जो आत्मस्वभावसे विपरीत बाह्य बहुत शास्त्रोंको पढ़ेगा और बहुत प्रकारके चारित्रका आचरण करेगा तो वह सब ही बालश्रुत और बालचारित्र होगा। आत्मस्वभावसे विपरीत शास्त्रका पढ़ना और चारित्रका आचरण करना ये सब ही बालश्रुत व बालचारित्र हैं, अज्ञानीकी क्रिया है, क्योंकि ग्यारह अंग और नव पूर्व तक तो अभव्यजीव भी पढ़ता है, और बाह्य मूलगुणरूप चारित्र भी पालता है तो भी मोक्षके योग्य नहीं है, इस प्रकार जानना चाहिये।।१००।।**

---

## ગાથા-૧૦૦ ઉપર પ્રવચન

'**આગે ઈસી અર્થકો ફિર વિશેષરૂપસે કહતે હૈં :–**' એને જ વધારે દૃઢ કરે છે.

**जदि पढदि बहु सुदाणि य जदि काहिदि बहुविहं च चारित्तं।**
**तं बालसुदं चरणं हवेइ अप्पस्स विवरीदं।।१००।।**

**'અર્થ :- જો આત્મસ્વભાવસે વિપરીત...'** ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદના સ્વભાવસ્વરૂપ પ્રભુ આત્મા, એના સ્વભાવથી વિપરીત **'બાહ્ય બહુત શાસ્ત્રોંકો પઢેગા...'** અગિયાર અંગ અને.. સમજાય છે? નવ પૂર્વ. એમાં દસ પૂર્વ છે. ટીકામાં દસ પૂર્વ છે. ટીકામાં લખ્યું છે. નવ પૂર્વ લેવું. એણે દસ પૂર્વ લખ્યું છે. દસ પૂર્વ હોય તો સમ્યગ્દૃષ્ટિ થઈ જાય. અહીં નવ પૂર્વ લખ્યું છે એ બરાબર છે. અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન અભવિને પણ હોય છે. એથી આત્માનું કલ્યાણ નથી. **'આત્મસ્વભાવસે વિપરીત બાહ્ય બહુત શાસ્ત્રોંકો પઢેગા...'**

મુમુક્ષુ :- સંસ્કૃતમાં દસ પૂર્વ લખ્યું છે.

ઉત્તર :- હા, લખ્યું છે. હમણાં કહ્યું ને. નવ પૂર્વ. દસ પૂર્વની અંદર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હોય પણ. છતાં એ મિથ્યાત્વ છે. દસ પૂર્વ પૂરા થાય એ સમકિતીને જ હોય એવું આવે છે. આમાં દસ લખ્યા છે છતાં અંગ પૂર્વ અને નવ પૂર્વ લખ્યા છે. એમાં દસ લખ્યું છે.

**'શાસ્ત્રોંકો પઢેગા ઔર બહુત પ્રકારકે ચારિત્રકા આચરણ કરેગા...'** ચારિત્ર એટલે વ્યવહારક્રિયા. વ્રતની, અપવાસની એ ચારિત્ર. **'તો વહ સબ હી બાલશ્રુત ઔર બાલચારિત્ર હોગા.'** એ મૂર્ખાઈ ભરેલું જ્ઞાન અને મૂર્ખાઈ ભરેલું ચારિત્ર. ટીકામાં આવ્યું છે. મૂરખ એવો શબ્દ અંદર પડ્યો છે. છે પંડિતજી?

મુમુક્ષુ :- મૂર્ખ શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- લખ્યું છે. મૂર્ખ. બાળ તો મૂર્ખ છે. આ તો જરી ખુલાસો કર્યો. એ તો આવે છે 'સમયસાર'માં. બાળવ્રત અને બાળતપ. પુણ્ય પાપ અધિકારમાં. મૂર્ખાઈ ભરેલા તપ.

મુમુક્ષુ :- અજ્ઞાનીની વાત છે.

ઉત્તર :- અજ્ઞાનીની વાત છે. આહાહા..!

**'સબ હી બાલશ્રુત...'** એટલું એટલું શાસ્ત્ર ભણે પણ આત્મસ્વભાવનું ભાન નથી એ બધાને બાલશ્રુત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'બહુત પ્રકારકે ચારિત્રકા આચરણ કરેગા...'** ચારિત્ર એટલે આ વ્રત, નિયમ, હોં! વ્રત પાળે, નિયમ પાળે, રસનો ત્યાગ કરે, દૂધ-ખાંડ ખાય નહિ. એવી બધી ક્રિયા પાળે. **'વહ સબ હી બાલશ્રુત ઔર બાલચારિત્ર હોગા. આત્મસ્વભાવસે વિપરીત શાસ્ત્રકા પઢના ઔર ચારિત્રકા આચરણ કરના યે સબ હી બાલશ્રુત વ બાલચારિત્ર હૈં, અજ્ઞાનીકી ક્રિયા હૈ,...'** એ અજ્ઞાનીની ક્રિયા છે. **'ક્યોંકિ ગ્યારહ અંગ ઔર નવ પૂર્વ તક તો અભવ્યજીવ ભી પઢતા હૈ,...'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નવ પૂર્વ હોય છે, નવ પૂર્વ હોય છે. નવ પૂર્વનું આવે છે. આમાં છે ને જુઓને.

મુમુક્ષુ :- અગિયાર અંગ ને નવ પૂર્વ...

ઉત્તર :- .. ખબર છે ને. અભવિને પણ આ હોય. ભવિને નવ પૂર્વ અને અભવિને

અગિયાર અંગ એવું આવે છે ક્યાંક. ખબર છે. પણ અહીં તો ચોખ્ખું છે.

મુમુક્ષુ :- દસ પૂર્વ...

ઉત્તર :- દસ પૂર્વ હોય તો સમકિતી હોય છે એવું આવે છે શાસ્ત્રમાં. દસ પૂર્વ એટલે પૂરા ... એમ વાત છે. શ્વેતાંબરમાં તો આવે છે. આમાં પણ આવે છે. યાદ ન હોય એટલું બધું કયે ઠેકાણે આવે છે એ. બાકી અહીંયાં તો લખ્યું છે ચોખ્ખું નવ પૂર્વ અભવિને. .. .. નથી થતું? અભવિને વિભંગ જ્ઞાન (હોય). સાત દ્વીપ સાત સમુદ્ર દેખે. એમાં શું થયું? પરદ્રવ્ય દેખે એમાં આત્માનું ભાન નથી. મિથ્યાદષ્ટિ અભવિ. વિભંગ અજ્ઞાન સાત દ્વીપ અને સાત સમુદ્ર અંદર જોવે. પણ છે મિથ્યાત્વ. વિભંગઅજ્ઞાન થાય અભવિને. એ તો જ્યારે થવાનો કાળ હોય ત્યારે થાય ને. અત્યારે તો સાધારણ .. ઠેકાણા નથી ત્યાં અભવિને.. શાસ્ત્રમાં આવે છે ને. .. આવે ને.

'**બાહ્ય મૂલગુણરૂપ ચારિત્ર ભી પાલતા હૈ...**' દેખો! એટલું અગિયાર અંગ અને નવપૂર્વ ભણે, બાહ્ય મૂલગુણ રૂપ ચારિત્ર એટલે વ્રત નિયમ પાળે અભવિ '**તો ભી મોક્ષકે યોગ્ય નહીં હૈ,...**' મોક્ષ અધિકાર છે ને? ભગવાનઆત્મા પોતાના દ્રવ્યને સ્પર્શ્યા વિના જેટલી બધી પરદ્રવ્યને સ્પર્શની ક્રિયા (કરે) એ બધી બંધનું કારણ છે. એ અગિયાર અંગ અને નવપૂર્વનું ભણતર પણ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

એક ફેરી કહ્યું હતું, 'મોક્ષમાર્ગ પ્રકાશક'નું. જ્ઞાનનો ક્ષયોપશમનો અંશ છે એ સ્વભાવ અંશ છે. આવે છે ને ભાઈ? એ તો બીજી વાત કરે છે. ઉઘાડ છે એ બંધનું કારણ ન હોય એટલી વાત છે. ઉઘાડ છે એ પરલક્ષી છે એટલે રાગ છે સાથે, માટે બંધનું કારણ છે. રાગ સાથે જ હોય એને. બહારનો ઉઘાડ છે એને રાગ સાથે જ હોય. એમ. ઓલો તો ઉઘાડનો અંશ છે ક્ષયોપશમ એ બંધનું કારણ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉદય બંધનું કારણ છે. એની સાથે રાગ છે. બાહ્ય જ્ઞાનમાં સાથે રાગ જ છે. વ્યવહાર શાસ્ત્રનું જ્ઞાન એમાં સાથે રાગ જ છે. વ્યવહાર દેવ-ગુરુની શ્રદ્ધા એ રાગ જ છે. અને વ્યવહાર પંચમહાવ્રતના પરિણામ એ પણ રાગ છે. ત્રણેય બંધનું કારણ છે.

અહીં આચાર્ય કહે છે, '**બાહ્ય મૂલગુણરૂપ ચારિત્ર ભી પાલતા હૈ...**' અભવી. ભાવપાહુડમાં છે. '**केवलिजिणपण्णत्तं एयादसअंग सयलसुयणाणं। पढिओ अभव्वसेणो...**' એવો પાઠ છે. ૫૨ ગાથા છે. ભાવપાહુડ. ભાવપાહુડની ૫૨ ગાથા. ૫૦ અને ૨. અહીં મૂળ પાઠમાં '**एयादसअंग सयलसुयणाणं**' એમ. અગિયાર અંગ અને સકલ શ્રુતજ્ઞાન. એને પણ સકલ શ્રુતજ્ઞાન કહ્યું. અને નીચે '**चउदसपुव्वाइं सयलसुयणाणं**' એમ કીધું છે. સંસ્કૃત ટીકામાં. નીચે છે, નીચે છે ને ૫૨ ગાથામાં. '**पढिओ अभव्वसेणो ण भावसवणत्तणं पत्तो।।**' ... અગિયાર અંગ હોય એને સર્વ શ્રુતજ્ઞાન કહેવામાં આવે. પણ છતાં આત્માની દૃષ્ટિ નથી, સ્વસ્વભાવનો અનુભવ નથી એ બધું બાળશ્રુત અને બાળવ્રત કહેવામાં આવે છે. '**ઈસ પ્રકાર જાનના ચાહિયે.**' લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

आगे कहते हैं कि ऐसा साधु मोक्ष पाता है :-

## ગાથા-૧૦૧-૧૦૨

वेरग्गपरो साहू परदव्वपरम्मुहो य जो होदि।
संसारसुहविरत्तो सगसुद्धसुहेसु अणुरत्तो।।१०१।।
गुणगणविहूसियंगो हेयोपादेयणिच्छिदो साहू।
झाणज्झयणे सुरदो सो पावइ उत्तमं ठाणं।।१०२।।

वैराग्यपरः साधुः परद्रव्यपराङ्मुखश्च यः भवति।
संसारसुखविरक्तः स्वकशुद्धसुखेषु अनुरक्तः।।१०१।।
गुणगणविभूषितांगः हेयोपादेयनिश्चितः साधुः।
ध्यानाध्ययने सुरतः सः प्राप्नोति उत्तमं स्थानम्।।१०२।।

છે સાધુ જે વૈરાગ્યપર ને વિમુખ પરદ્રવ્યો વિષે,
ભવસુખવિરક્ત, સ્વકીય શુદ્ધ સુખો વિષે અનુરક્ત જે. ૧૦૧.
આદેયહેય-સુનિશ્ચયી, ગુણગણવિભૂષિત-અંગ જે,
ધ્યાનાધ્યયનરત જેહ, તે મુનિ સ્થાન ઉત્તમને લહે. ૧૦૨.

अर्थ :- ऐसा साधु उत्तम स्थान जो मोक्ष उसकी प्राप्ति करता है अर्थात् जो साधु वैराग्यमें तत्पर हो, संसार-देह-भोगोंसे पहिले विरक्त होकर मुनि हुआ उसी भावना युक्त हो, परद्रव्यसे पराङ्मुख हो, जैसे वैराग्य हुआ वैसे ही परद्रव्यका त्यागकर उससे पराङ्मुख रहे, संसार संबंधी इन्द्रियोंके द्वारा विषयोंसे सुखसा होता है उससे विरक्त हो, अपने आत्मीक शुद्ध अर्थात् कषायोंके क्षोभसे रहित निराकुल, शांतभावरूप ज्ञानानन्दमें अनुरक्त हो, लीन हो, वारंवार उसीकी भावना रहे।

जिसका आत्मप्रदेशरूप अंग गुणसे विभूषित हो, जो मूलगुण, उत्तरगुणोंसे आत्माको अलंकृत-शोभायमान किये हो, जिसके हेय-उपादेय तत्त्वका निश्चय हो, निज आत्मद्रव्य तो उपादेय है और ऐसा जिसके निश्चय हो कि-अन्य परद्रव्यके निमित्तसे हुए अपने विकारभाव ये सब हेय हैं। साधु होकर आत्माके स्वभावके साधनेमें भलीभाँति तत्पर हो, धर्म-शुक्लध्यान और अध्यात्मशास्त्रोंको पढ़कर ज्ञानकी भावनामें तत्पर हो, सुरत हो, भले प्रकार लीन हो। ऐसा साधु उत्तमस्थान जो लोकशिखर पर सिद्धक्षेत्र तथा मिथ्यात्व आदि चौदह गुणस्थानोंसे परे शुद्धस्वभावरूप मोक्षस्थानको पाता है।

भावार्थ :- मोक्षके साधनेके ये उपाय हैं अन्य कुछ नहीं है।।१०१-१०२।।

**પ્રવચન નં. ૯૯, ગાથા-૧૦૧ થી ૧૦૩, રવિવાર, ભાદરવા વદ ૧૨, તા.૨૭-૯-૭૦**

ગાથા-૧૦૧ અને ૧૦૨. '**આગે કહતે હૈં કિ ઐસા સાધુ મોક્ષ પાતા હૈ :-**' છે ને ઉપોદ્‌ઘાત? અહીં સમ્યગ્દર્શન સહિત પહેલો શ્રાવક થાય એ વાત પહેલી આવી ગઈ. આત્માનો દ્રવ્ય સ્વભાવ, આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ, એને પકડીને અનુભવમાં પ્રતીત કરે એને સમ્યગ્દર્શન (કહે છે અને) તે શ્રાવકનું પહેલું કર્તવ્ય છે. એ વિના એ શ્રાવક હોઈ શકે નહિ. અને એના પછી હવેની વાત ચાલે છે. એને સાધુપણું અંગીકાર કરે ત્યારે ચારિત્ર અંદર સ્વરૂપની રમણતા ઉગ્ર થાય ત્યારે તે મોક્ષને પામવાને લાયક થાય. એકલા સમ્યગ્દર્શનથી કાંઈ મોક્ષ મળે નહિ. એ કહે છે, જુઓ! એવા સાધુ મોક્ષ પામે છે.

**वेरग्गपरो साहू परदव्वपरम्मुहो य जो होदि।**
**संसारसुहविरत्तो सगसुद्धसुहेसु अणुरत्तो।।१०१।।**
**गुणगणविहूसियंगो हेयोपादेयणिच्छिदो साहू।**
**झाणज्झयणे सुरदो सो पावइ उत्तमं ठाणं।।१०२।।**

'**અર્થ :- ઐસા સાધુ ઉત્તમ સ્થાન જો મોક્ષ...**' સિદ્ધક્ષેત્ર. ઉત્તમ સ્થાનના બે પ્રકાર કરશે. એક લોકશિખર ઉપર સિદ્ધક્ષેત્ર અને શુદ્ધ સ્વભાવરૂપ સ્થાન પોતાનું. સમજાણું કાંઈ? છે ને? '**वेरग्गपरो साहू**' મિથ્યાત્વ આદિ ચૌદ ગુણસ્થાનની પાર. જેમ સિદ્ધપણા ચૌદ રાજ ઉપર સિદ્ધ (છે), એમ ભાવમાં ચૌદ ગુણસ્થાનની ઉપર શુદ્ધ સ્વભાવ પર સિદ્ધ ક્ષેત્ર સ્થાનને પામે. એવું શુદ્ધ સ્વભાવરૂપ સ્થાન તેને પામે. સમજાણું કાંઈ? ક્ષેત્રમાં લોકને ઉપર અને ભાવમાં શુદ્ધ સ્વભાવની પૂર્ણ પ્રાપ્તિ એવું જે ઉત્તમ સ્થાન તેને સમ્યગ્દષ્ટિ શ્રાવક થયા પછી સાધુ થઈને ચારિત્ર અંગીકાર કર્યું એના પછી આવી દશા એની હોય તો એ મોક્ષને પામે. છેલ્લી ગાથાઓ છે ને? છ ગાથા (બાકી) છે આ મોક્ષપાહુડની. કેવો હોય?

'**સાધુ વૈરાગ્યમેં તત્પર હો...**' આત્માના અનુભવની દૃષ્ટિ સમ્યગ્દર્શન હોય, એ ઉપરાંત સ્વરૂપમાં સ્થિરતા હોય, એની સાથે એને '**સંસાર-દેહ-ભોગોંસે પહિલે વિરક્ત હોકર...**' સંસાર શબ્દે ઉદયભાવ, ભોગ-એનો અનુભવ અને દેહ, એ ત્રણેયથી અંતરમાં જે વિરક્ત હોય. સમજાણું કાંઈ? '**સંસાર-દેહ-ભોગોંસે પહિલે વિરક્ત હોકર...**' પહેલા વિરક્ત હોય. '**મુનિ હુઆ ઉસી ભાવના યુક્ત હો,...**' આત્મા આનંદસ્વરૂપની ભાવનામાં સાધુ થયો તો તે વખતે પણ એની એ ભાવના ચાલુ રહેવી જોઈએ. આનંદસ્વરૂપ આત્મા, એની ભાવના નિરંતર ચાલુ રહેવી જોઈએ. એવો સાધુ મોક્ષના આનંદને શુદ્ધ સ્વભાવને પામે. કહો, સમજાણું આમાં?

વળી, '**પરદ્રવ્યસે પરાઙ્મુખ હો,...**' સ્વદ્રવ્યમાં ભાવનાયુક્ત હોય અને પરદ્રવ્યથી પરાઙ્મુખ હોય. એટલે શું કહ્યું? પોતાનો આનંદ જ્ઞાયકભાવ પરિપૂર્ણ એમાં ભાવના એટલે એકાગ્રતા હોય, પરદ્રવ્યથી પરાઙમુખ નાસ્તિથી વાત કરી. રાગાદિ વિકલ્પથી એ વિમુખ હોય.

સ્વભાવની પરિપૂર્ણતાની સન્મુખ હોય, વિભાવથી તે વિમુખ હોય. સમજાય છે કાંઈ? અહીં તો એ સિદ્ધ કરવું છે ને? મોક્ષની સાક્ષાત્ કારણદશા કેવી હોય. અધિકાર ચાલતા ચાલતા ૧૦૦ ગાથા થઈ ગઈ. આ તો ૧૦૧-૧૦૨ ગાથા છે.

એવો ભગવાનઆત્મા દ્રવ્યસ્વભાવ અનુભવમાં, જ્ઞાનમાં, પ્રતીતમાં જેણે પહેલો લીધો છે એ જીવ જ્યારે સમ્યક્સહિત સ્વરૂપની રમણતાનું ચારિત્ર અંગીકાર કરે છે ત્યારે તેને સ્વભાવની ભાવના હોય છે. પુણ્ય અને વિકલ્પની ભાવના હોતી નથી.

મુમુક્ષુ :- અજ્ઞાનીને એવી ભાવના...

ઉત્તર :- હોતી નથી. અજ્ઞાનીને શેની ભાવના હોય? ભાવ ભાસ્યા વિના ભાવ તરફની ભાવના ક્યાંથી હોય?

મુમુક્ષુ :- સાંભળ્યો...

ઉત્તર :- સાંભળ્યો-બાંભળ્યો નથી. 'પ્રવીણભાઈ'! સાંભળ્યો એવું નથી. અંદરમાં ભાવભાસન થવું જોઈએ. વીતરાગમૂર્તિ જિનસ્વરૂપ આત્મા છે, અકષાય (સ્વભાવ છે). સમજાણું કાંઈ? એની મોક્ષમાર્ગની રીત આ છે.

**'પરદ્રવ્યસે પરાઙ્મુખ હો,...' 'મુનિ હુઆ ઉસી ભાવના યુક્ત હો,...'** એમ. જે આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એવી જે દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યો હતો એવો ભાવ, એને વિશેષ સ્થિરતા દ્વારા ચારિત્ર કહ્યું અને તેની તે ભાવના એને નિરંતર ચાલુ રહે કે જેથી તેને પરદ્રવ્યથી પરાઙ્મુખપણું વર્તે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ અલૌકિક અચિંત્ય માર્ગ છે. એમ ને એમ લાલાપેઠા કર્યે મળી જાય એવું એ નથી.

મુમુક્ષુ :- એટલે તો મુનિ થઈ જાય છે.

ઉત્તર :- મુનિ પણ કોને કહેવા? મુનિ થઈ જાય છે. લ્યો! અનુભવ આત્માનું ભાન થયું હોય એ આત્માને સાધવા માટે મુનિ થાય છે. પણ આત્મા કેવો છે એ ભાન વિના સાધવું કોને?

મુમુક્ષુ :- સાધુ થયા એને અનુભવ હોય જ.

ઉત્તર :- એને હોય જ અનુભવ. પણ સાધુ થયા હોય એને ને? બહારથી નગ્ન થઈને પાંચ મહાવ્રત લીધા એ સાધુ થઈ ગયો?

મુમુક્ષુ :- બહારમાં તો એવા દેખાય છે.

ઉત્તર :- બહારમાં એવા દેખાય. તમારા જેવા અંદર શેઠિયાઓ પડે અને સૌની સાથે લાલ, પાલ કરે. એય..! એમ અહીં વીતરાગમાર્ગમાં ન ચાલે. એમ કહે છે.

વસ્તુ જે આત્મભગવાન પૂર્ણ પ્રભુ, એના પછીની ગાથામાં લેશે એ. સમજાણું? તીર્થંકરોને પણ વંદનીક આત્મા છે. તીર્થંકરો પણ જેની-આત્માની સ્તુતિ કરે છે. ઈન્દ્રોને જગત નમે છે અને ઈન્દ્રો જેને નમે છે. એવો ભગવાન તારો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ શાંતિ અને આનંદથી ભરેલો છે. આહાહા..! એવા વસ્તુના સ્વભાવના ભાવને અંતરમાં ભાસ્યા, જ્ઞાનમાં આવ્યા વિના એના તરફની ભાવના કઈ રીતે હોય? સમજાણું કાંઈ? તેથી પહેલું સમ્યગ્દર્શન, શ્રાવકે પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ વાત આવી ગઈ. સમજાણું કાંઈ?

પહેલામાં પહેલું શ્રાવકનું કર્તવ્ય વસ્તુ ચૈતન્યબિંબ પરમાત્મા પોતે તેની સન્મુખ થઈને તેનું સમ્યગ્દર્શન કરવું. વિભાવથી વિમુખ થઈને, સ્વભાવમાં સન્મુખ થઈને. એટલી વાત તો સમ્યગ્દર્શનમાં પણ હોય. અહીં તો હવે ચારિત્રની વાત છે. સ્વરૂપમાં સ્થિરતા અને જે અસ્થિરતાનો રાગ હતો એનાથી વિમુખતા. સમજાણું કાંઈ? વાત તો આ છે. સમજાણું કાંઈ?

કોઈ કહે કે સમકિતીના ભોગ પણ નિર્જરાનો હેતુ છે. તેથી તે ભોગમાં રહેતા નિર્જરા થઈ જતી હશે? એમ નથી. સમજાણું કાંઈ? આત્માનું જ્ઞાન થયું એટલે નિર્જરા ભોગનો હેતુ શાસ્ત્રમાં કહ્યો છે. ભોગનો હેતુ (એટલે) ભોગ છે એ નિર્જરાનું કારણ છે? એ તો રાગ છે. હેતુનો અર્થ શું? એની દૃષ્ટિ સમ્યક્ ચૈતન્ય આનંદ ધામમાં પડી છે. દૃષ્ટિની પ્રધાનતા આનંદમાં પડી છે. એની અધિકતા-વિશેષતા ગણીને એને અલ્પ બંધ થાય તેને ન ગણતાં ઘણી નિર્જરા થાય એમ કહેવામાં આવે છે. પણ એ ભોગનો ભાવ નિર્જરા છે? તો તો પછી ચારિત્ર લેવું એ કાંઈ રહેતું નથી. ભોગમાં નિર્જરા થઈ જાય એને. એમ નથી. સમજાણું કાંઈ? એ અહીં કહે છે કે, ભાઈ! તને કહ્યું છે કે ભોગની નિર્જરા. પણ પ્રભુ એમ શા માટે કહ્યું છે?

જ્યાં દૃષ્ટિ વસ્તુનો સ્વભાવ, જ્ઞાયકભાવ, આનંદભાવ, અવિકારીભાવ, પરમાત્મભાવ, સ્વભાવભાવ, શુદ્ધભાવ એ ઉપર જ્યાં દૃષ્ટિ પડી છે એના અનુભવને લઈને, ભોગનો ભાવ પણ જ્યાં કામ વિશેષ કરતું નથી પણ દૃષ્ટિનો વિષય કામ વધારે કરે છે. એમ બતાવવું છે. પણ હવે તો કહે છે કે જો ચારિત્ર લેવું હોય તો ભોગમાં રહેવાશે નહિ. સમજાણું કાંઈ? સ્વરૂપમાં.. આવે છે ને ઓલામાં? રાગ-દ્વેષ નિવૃત્તિને અર્થે સાધુ ચારિત્ર ગ્રહણ કરે. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં આવે છે.

મુમુક્ષુ :- કરમ પ્રતિપદ્યતે

ઉત્તર :- કરમ પ્રતિપદ્યતે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં ભાન તો થયું કે રાગ-દ્વેષ હું નહિ, વિકલ્પ હું કાંઈ નહિ. પણ આસક્તિના હજી રાગ-દ્વેષ વર્તે છે. એને સ્વભાવની સ્થિરતા દ્વારા એને છોડી એનાથી વિમુખ થઈ સ્વભાવની ભાવના, પરમાનંદનો પિંડ આત્મ ચૈતન્યપ્રભુ, એનો સ્વાદ લેવામાં ઉગ્રપણે અંદર જાય એમ કહે છે. આહાહા..! જેના આનંદ આગળ આખી દુનિયાના રસ ફિક્કા પડી જાય. ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા તરણા જેવા (લાગે). તરણા સમજો છો? કુડા. કચરાનો ઢગલો થાય છે ને? તિનકા નહિ. .. ઢગલો નથી થતો? શું કહેવાય? ગારો નહિ, આ ઉકરડો. ઉકરડો નથી કહેતા? ઉકરડામાં છાણ ને રાડા પડ્યા હોય ને ઉકરડામાં. શું કહેવાય? કૂડાનો ઢેર. કચરાનો ઢેર. એ વાત છે. તિનકા-ફિનકાની વાત નથી. કચરાનો મોટો ઢેર. સડ્યા સડ્યા હોય.

મુમુક્ષુ :- .. કચરાના ઢગલા?

ઉત્તર :- બધો કચરાનો ઢગલો છે. ઈન્દ્રના ઈન્દ્રાસન કચરાનો ઢગલો. વિષ્ટા સમાન માને છે. આહાહા..! આવે છે કે નહિ એ? 'ચક્રવર્તીની સંપદા ઈન્દ્ર સરિખા ભોગ કાગવિટ સમ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોગ.' પણ હજી આસક્તિ છે ત્યાં સુધી ચારિત્ર નથી. 'દેવીલાલજી'! અહીં ઈષ્ટ જ ગણવું. એકલું સમ્યગ્દર્શન-જ્ઞાન થયું માટે એને મોક્ષ થઈ જાય

એમ નથી. એને સ્વરૂપનું ચારિત્ર વીતરાગી દશા પ્રગટ કરવી પડશે. આત્માના આનંદમાં લીનતાની ઝુલના ઝુલતો. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આસક્તિ છે ને રાગ છે. સંસારમાં એટલો રાગ છે. નહિતર કેમ રહ્યો? સ્ત્રી-કુટુંબના પ્રેમમાં કેમ રહ્યો? રાગ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો દૃષ્ટિની અપેક્ષાએ. સમ્યગ્દર્શનની અપેક્ષાએ .. પણ આસક્તિ છે કે નહિ? સ્ત્રી, કુટુંબ, પરિવારમાં રાગની વૃત્તિ ઉઠે છે કે નહિ? એ રાગ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? અહીં તો વીતરાગમાર્ગ છે, ભાઈ! એમાં કાંઈ પોલ ચાલે નહિ.

વૈરાગી કહ્યા 'ભરત' ચક્રવર્તીને. આવ્યું કે નહિ? ઘરમાં વૈરાગી. પણ વૈરાગી થયા હોય એને વીતરાગતા ઘરમાં થઈ જશે? નથી થયું. અંદર વીતરાગ થઈને ચારિત્ર અંગીકાર કર્યું છે. બે ઘડી એમણે પણ ચારિત્ર અંગીકાર કર્યું છે. નવ નવ કોટીએ બધું છૂટી ગયું છે. ત્યારે ધ્યાનમાં અંદર ચારિત્ર પ્રગટ થયું. ત્યારે ધ્યાન જામ્યું ત્યારે કેવળજ્ઞાન થયું. એમ ને એમ લૂગડા અને બાયડી-છોકરામાં બેઠા બેઠા ધ્યાન થયું અને કેવળજ્ઞાન થયું એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અરીસા ભુવનમાં..

ઉત્તર :- અરીસા ભુવનમાં ભલે હો. હતા આત્મા ભવનમાં. એ તો સ્થાન હોય અરીસા ભવન. પણ અંદરથી નવ કોટીએ બધું છૂટી ગયું છે. મન, વચનથી, કાયાથી, કરવું, કરાવવું, અનુમોદવું, પરિગ્રહ છૂટ્યો ત્યારે ધ્યાન થયું, ત્યારે ચારિત્ર થયું છે. સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! એને ઓછો, અધિક, વિપરીત ન કરાય. જેમ છે તેમ વસ્તુસ્થિતિ રહેશે. આહાહા..!

મુમુક્ષુ :- .. પરિગ્રહ છે. અહીંયાં ક્યા પરિગ્રહ...

ઉત્તર :- પરિગ્રહ છે. અંદર મમતા છે કે નહિ હજી શ્રાવકને? મમતાને પરિગ્રહ કહે છે.

મુમુક્ષુ :- મૂર્છા પરિગ્રહ.

ઉત્તર :- મૂર્છા પરિગ્રહ છે. પંચમ ગુણસ્થાનમાં મૂર્છા નથી હજી? રૌદ્રધ્યાન હોય છે, આર્તધ્યાન હોય છે. વેપાર-ધંધાની આસક્તિ છે કે નહિ? વેપાર-ધંધો નથી કરી શકતા. પણ આસક્તિ છે કે નહિ? રુચિ નથી. એમાં રુચિ નથી. રુચિ તો બધી ઊડી ગઈ સમ્યગ્દર્શન થતાં. ભોગમાં સુખ છે, ધંધામાં સુખ છે એ રુચિ તો બધી ઊડી ગઈ છે. પણ આસક્તિ રહી છે ત્યાં સુધી એને ચારિત્ર નથી. સમજાણું કાંઈ? એ ચારિત્ર કાંઈ બહારથી લૂગડા ફેરવીને નગ્ન થાય માટે ચારિત્ર આવી જાય એમ પણ નથી. અંતરનો ભગવાનઆત્મા પોતામાં લીન થઈને વીતરાગતા પ્રગટ કરે એટલે સ્વસન્મુખની ભાવના થાય એને પરદ્રવ્યની પરાङ्मુખતા થાય. સમજાણું કાંઈ?

**'જૈસે વૈરાગ્ય હુઆ વૈસે હી પરદ્રવ્યકા ત્યાગકર...'** જુઓ! વૈરાગ્ય થયો. પરદ્રવ્યનો

ત્યાગ એટલે વિકલ્પને છોડી દે. સમજાણું કાંઈ? '**ઉસસે પરાઙમુખ રહે,...**' ચારિત્રની વ્યાખ્યા છે ને અહીં તો? સમ્યગ્દર્શન અનુભવસહિત પરદ્રવ્યથી પરાઙમુખ અને સ્વદ્રવ્યથી સન્મુખ. એ તો અસ્તિ નાસ્તિથી કથન છે. **અપને આત્મિક શુદ્ધ અર્થાત્ કષાયોંકે ક્ષોભસે રહિત નિરાકુલ, શાંતભાવરૂપ જ્ઞાનાનંદમેં...**' પાઠમાં એમ છે ને? '**स्वकशुद्धसुखेषु**' '**स्वकशुद्धसुखेषु अनुरक्तः**' સમજાણું? સંસારમાં સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં આસક્તિનો ભાવ હોય છે. એ આસક્તિ છૂટીને સહજ સુખમાં લીન છે. આનંદના ધામમાં ભગવાનઆત્મા લીન છે. આહાહા..! એને ચારિત્ર કહેવામાં આવે છે. ચારિત્ર એટલે ચરવું, ચરવું એટલે રમવું. આનંદની મોજ અંદર માણે એને ચારિત્ર કહે છે. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ એમાં રમે-લીન થાય ત્યારે આસક્તિથી વિમુખ થઈ જાય. અને એટલી તીવ્રતા રસમાં આત્મામાં એકાગ્રતા થાય.

મમુક્ષુ :- ...

ઉત્તર :- એ આસક્તિ છે ને હજી ... અસ્થિરતા કહો કે આસક્તિ કહો. એ છૂટીને સ્થિર થાય ત્યારે અપ્રમત્તદશા થાય. પંચમહાવ્રતના પરિણામ પણ વિકલ્પ છે, બંધનું કારણ છે. છઠ્ઠે ગુણસ્થાને. એને છોડીને સ્વદ્રવ્યની સન્મુખ અને પરથી વિમુખ એવી અંતર ધારા જામે ત્યારે શ્રેણી ચડીને કેવળજ્ઞાન થાય. અહીં એમ કહે છે. વાત તો જેમ છે એમ રહેશે. સમજાણું કાંઈ? જુઓ!

'**અપને આત્મીક શુદ્ધ...**' શું? '**કષાયોંકે ક્ષોભસે રહિત...**' શું? '**નિરાકુલ, શાંતભાવરૂપ જ્ઞાનાનંદમેં અનુરક્ત હો,...**'

મુમુક્ષુ :- અનુરક્ત. રક્ત એટલે રાગ.

ઉત્તર :- રાગ ક્યાં આવ્યો? અનુરક્ત એટલે લીનતા. આનંદમાં લીનતા એટલે અનુસરીને રક્ત એટલે લીન રહેવું. આનંદને અનુસરી ભગવાન આનંદનું ધામ અવિનાશી આનંદનો સાગર એને અનુસરીને લીન રહેવું એનું નામ અનુરક્ત છે. આહાહા..! એવી દશા થયા વિના મુક્તિ નહિ થાય. સમજાણું કાંઈ?

જુઓ! અનુરક્તનો અર્થ કર્યો. અનુરક્ત થાય એટલે લીન થાય. લ્યો! છે ને? આહાહા..! '**વારંવાર ઉસીકી ભાવના રહે.**' ભગવાનઆત્મા આનંદસ્વભાવ, એવી દૃષ્ટિમાં સમ્યગ્દર્શનમાં સ્વાદ આવ્યો છે. એથી તેની ભાવના વારંવાર આનંદમાં વર્તે છે. કહો, સમજાણું કાંઈ? ભાવના શબ્દે કલ્પના ચિંતવના નહિ, એકાગ્રતા.

મુમુક્ષુ :- આગળ ભાવના આવી હતી.

ઉત્તર :- આવી હતી ને. એ વારંવાર એકાગ્રતા એટલે ભાવના. એ ચિંતવન શબ્દ પડ્યો હતો પણ આગળ શુદ્ધઉપયોગમાં રમે એમ કહ્યું હતું ને? વારંવાર ચિંતવન શબ્દ આવ્યો હતો. ખબર છે ને. પણ ચિંતવનનો અર્થ એકાગ્રતા અને ભાવના એ ચિંતવન છે.

મુમુક્ષુ :- એકાગ્રતા વીતરાગતા.

ઉત્તર : એ વીતરાગતા કહો કે એકાગ્રતા એનું નામ શુદ્ધભાવ. એનું નામ ભાવના.

ચિંતવનના વિકલ્પનું શું (કામ છે) અહીં? વિકલ્પ તો અપરાધ છે, રાગ છે, દોષ છે. આહાહા..!

મુમુક્ષુ :- નિર્વિકલ્પ તો મુનિ રહે છે?

ઉત્તર :- મુનિ રહે છે સાતમે. અહીં સાતમાની વાત લેવી છે ને? નિર્વિકલ્પ આનંદમાં. ભલે પછી ખસી જાય પણ ધારા તો ત્યાં છે. ઉપયોગ ત્યાં જામવો જોઈએ એવી ભાવના છે. સમજાણું કાંઈ? ભાવના શબ્દે એકાગ્રતા.

મુમુક્ષુ :- શુભભાવમાં પણ...

ઉત્તર :- નહિ એ નહિ. શુદ્ધભાવના એ તો આત્મામાં એકાગ્રતા છે. ...શબ્દે સુખી છું.

મુમુક્ષુ :- ભાવે ભાવના ભાવીએ ભાગવત..

ઉત્તર :- હા, એ ભાવના એટલે ભાવમાં એકાગ્રતા એ ભાવના. આમ કલ્પના એ ભાવના એ નહિ.

મુમુક્ષુ :- કલ્પના ક્યાં છે, નક્કી કર્યું છે કે આત્મા તો ત્રિકાળ શુદ્ધ છે.

ઉત્તર :- શુદ્ધ છે પણ શુદ્ધમાં રમે ત્યારે ચારિત્ર થાય ને? એ વિના ચારિત્ર ક્યાંથી આવતો હતો? કલ્પનાથી કરે કે આવો શુદ્ધ છે... શુદ્ધ છે... શુદ્ધ છે... એ તો દૃષ્ટિ થઈ.

મુમુક્ષુ :- દૃષ્ટિ તો થઈ.

ઉત્તર :- પણ દૃષ્ટિ તો થઈ તો પહેલી વિકલ્પરહિત થઈ દૃષ્ટિ. પણ છતાં હજી અચારિત્રનો, આસક્તિનો વિકલ્પ ઊઠે છે ત્યાં સુધી ચારિત્ર નથી. એવી વાત છે. વીતરાગમાર્ગ છે, આ તો કેવળીનું તત્ત્વ છે. એમાં કાંઈ કોઈના ઘરની વાત કરે તો ચાલે એવું નથી.

મુમુક્ષુ :- .. એ વિના હોય નહીં.

ઉત્તર :- એ વિના નહિ. ભાવના ભાવે .. કેવળજ્ઞાનનો અર્થ શું થયો? સ્વરૂપમાં એકાગ્રતાની લીનતાથી ભાવનાથી કેવળજ્ઞાન થાય. વિકલ્પથી કેવળજ્ઞાન થાય?

મુમુક્ષુ :- સોલહ કારણ ભાવના ભાય...

ઉત્તર :- એ તીર્થંકરગોત્ર તો રાગ છે. એમાં શું આવ્યું? એ તો આવ્યું નહિ? તીર્થંકરગોત્રમાં તો બે ભવ કરવા પડશે એને.

મુમુક્ષુ :- એ ભાવના તો થઈ ને.

ઉત્તર :- ભાવના એટલે રાગની, એ રાગની ભાવના. વીતરાગની ભાવના છે? દર્શનવિશુદ્ધિ આદિ વિકલ્પ છે. અગિયાર પડિમા વિકલ્પ છે. ષોડશ કારણ ભાવના તો વિકલ્પ આસ્રવ છે.

મુમુક્ષુ :- શૂન્ય થઈ જાય?

ઉત્તર :- એ રહિત અંદર સ્થિર થાય. શૂન્ય એટલે કે રાગરહિત અંદર અસ્તિત્વમાં સ્થિર થાય. એકલો શૂન્ય થઈ જાય આ તમારે કહે છે એમ નહિ.

મુમુક્ષુ :-

ઉત્તર :- વિકલ્પ પણ સ્વરૂપના અસ્તિત્વમાં જોરમાં ગયો ત્યારે વિકલ્પથી શૂન્ય થયો. આમ પગ ઉપાડીને મૂક્યો ત્યારે નીચેથી ઉઠ્યો. દાદરામાં પગ મૂક્યો ત્યારે નીચેથી ઉઠ્યો. પગ

ઉઠાવ્યો પણ પાછો મૂક્યો નથી તો પડશે હેઠે. એમ અસ્તિત્વ ભગવાન મહાપ્રભુ પૂર્ણાનંદનો નાથ આત્મા એમાં દૃષ્ટિને સ્થાપીને એમાં સ્થિર થયો (ત્યાં) વિકલ્પથી ઊઠી ગયો. સમજાણું કાંઈ? વિધિ અને રીત આ છે. બીજી મોળી-ફોળી કરવા માગે તો થાય એવું નથી.

મુમુક્ષુ :- લીનતા અને ભાવનામાં...

ઉત્તર :- ના, એ તો લીનતાનું નામ એક જ છે. કહ્યું ને? અનુરક્ત, લીનતા એક જ ભાવ છે. ભાવના શબ્દે ભાવમાં એકાગ્રતા એ ભાવના. આત્મસ્વભાવ આનંદમૂર્તિ એવો ભાવ, એમાં એકાગ્રતા એ ભાવના.

'**વારંવાર ઉસીકી ભાવના રહે.**' કોની? આનંદની. વળી '**જિસકા આત્મપ્રદેશરૂપ અંગ ગુણસે વિભૂષિત હો,...**' આહાહા..! જોયું! પાઠ છે ને? '**ગુણગણવિહૂસિયંગો**' જુઓ! શું કહ્યું? '**જિસકા આત્મપ્રદેશરૂપ અંગ ગુણસે વિભૂષિત હો,...**' આત્માના પ્રદેશથી શુદ્ધ થઈ ગયા અંદર. એ એનું અંગ છે. શુદ્ધ વીતરાગી દશા. આત્માનું ક્ષેત્ર જે અસંખ્યપ્રદેશ છે એમાં લીનતાની પરિણતિ શુદ્ધ અસંખ્ય પ્રદેશે થઈ ગઈ. એ આત્માનું અંગ એ શુદ્ધ થયું સમજાણું કાંઈ? આહાહા..! એક ગાથામાં કેટલું મૂક્યું છે!

'**જિસકા આત્મપ્રદેશરૂપ અંગ ગુણસે વિભૂષિત હો, જો મૂલગુણ, ઉત્તરગુણોંસે આત્માકો અલંકૃત-શોભાયમાન કિયે હો,...**' પછી વિકલ્પ પણ અઠ્યાવીસ મૂળગુણના અને ઉત્તરગુણના એને હોય છે. તેથી '**શોભાયમાન કિયે હો,...**' દેખો! વ્યવહારથી પણ એવો એને વિકલ્પ હોય છે, છઠ્ઠે હોય ત્યાં સુધી. '**જિસકે હેય-ઉપાદેય તત્ત્વકા નિશ્ચય હો,...**' દેખો! છતાં પંચમહાવ્રતાદિના વિકલ્પ આવે છે પણ હેય છે અને સ્વરૂપના આનંદમાં રહેવું એ ઉપાદેય છે. એ ખુલાસો પોતે કરશે.

'**નિજ આત્મદ્રવ્ય તો ઉપાદેય હૈ...**' લો. આહાહા..! ભગવાનઆત્મા એકલો પરમાનંદસ્વરૂપ એ પોતાનો આત્મા. જોઈ ભાષા પાછી! પરનો પરમાત્માનો (આત્મા) નહિ. '**નિજ આત્મદ્રવ્ય તો ઉપાદેય હૈ...**' જુઓ આમાં રાગ ઉપાદેય નહિ, નિમિત્ત ઉપાદેય નહિ, પર્યાય ઉપાદેય નહિ. પર્યાય એક સમયની નહિ, નિજ આત્મદ્રવ્ય. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પોતાનો દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ એ ઉપાદેય-અંગીકાર કરવા લાયક છે. સમજાણું કાંઈ? '**અન્ય પરદ્રવ્યકે નિમિત્તસે હુએ અપને વિકારભાવ યે સબ હેય હૈં.**' કર્મના નિમિત્તથી થયેલ પોતાના વિકારભાવ શુભ-અશુભ વિકલ્પ '**સબ હેય હૈં.**' સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ તો સમ્યગ્દર્શન થતાં થઈ, પણ સ્વરૂપમાં રમતાં નિજ આત્માનો અંગીકાર કરીને ઠર્યો, રાગાદિ બધા હેય છૂટી ગયા. સમ્યગ્દર્શનમાં રાગાદિ હેય છે પણ રાગાદિ રહ્યા હતા. અહીં ચારિત્રમાં રાગ હેય એટલે રહ્યા નહિ, રાગ છૂટી ગયો, સ્વરૂપની સ્થિરતા થઈ. સમજાણું કાંઈ? અલૌકિક માર્ગ છે, ભાઈ! દુનિયાની સાથે કાંઈ મેળ ખાય એવું નથી ક્યાંય. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અંદર પરમાત્મા પોતે નિજાનંદ ભગવાન, એમાં ભાન થઈને લીન થવું, ભાન થઈને લીન થવું. ભાન વિના લીન શેમાં થાય?

મુમુક્ષુ :- આપની પાસે સાંભળી લીધું ને.

ઉત્તર :- સાંભળવાથી શું થયું? ભગવાન પાસે દિવ્યધ્વનિ અનંતવાર સાંભળી, સમવસરણમાં અનંતવાર ગયો. પોતાના દ્રવ્યસ્વભાવને અંગીકાર કર્યા વિના એને કોઈ લાભ થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- લાયકાતથી...

ઉત્તર :- પોતાની લાયકાત નહોતી. ભગવાનની દિવ્યધ્વનિ (સાંભળી), સમવસરણમાં જય પ્રભુ... નારાયણ (કરી) આરતી ઉતારી. કલ્પવૃક્ષના ફૂલ, મણિરત્નનો દીવો, હીરાનો થાળ.

મુમુક્ષુ :- ચમત્કાર જોઈને ભૂલી ગયા.

ઉત્તર :- ચમત્કાર જોઈને ભૂલ્યો નથી. પોતાના દ્રવ્યને ભૂલ્યો તેથી ભૂલી ગયો. એમ કે આવું દેખ્યું ને એટલે ભૂલી ગયા. .. એમ કે આવું મહાન દેખીને.. એમાં ધૂળમાંય ક્યાંય નથી. ભગવાન હો કે સમવસરણ. આ ભગવાન ક્યાં ત્યાં છે? તેથી તો અહીં કહે છે કે '**નિજ આત્મદ્રવ્ય તો ઉપાદેય હૈ...**' પરદ્રવ્ય ભગવાન પણ આદરણીય છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- આનંદ આવ્યો તે ઉપાદેય છે?

ઉત્તર :- પણ આનંદ આવ્યો એ ઉપાદેયનો અર્થ જ એ થયો કે અંદર એકાગ્ર થયો ત્યારે ઉપાદેય કહેવામાં આવે. ઉપાદેય એટલે આ આદરણીય છે એમ વિકલ્પ છે? અંદર સ્વરૂપની એકાગ્રતા થઈ અને અંતર ઉપાદેયપણાનું પરિણમન થયું છે. આ દ્રવ્યસ્વભાવ એવું પર્યાયમાં ભાન થયું ત્યારે એ ઉપાદેય કહેવામાં આવ્યું. ઉપાદેય એટલે આ દ્રવ્ય ઉપાદેય અને વિકલ્પ હેય છે, એ તો વિકલ્પ છે. વસ્તુ જે છે ત્રિકાળ જ્ઞાયકભાવ આનંદ પ્રભુ. શરીર, વાણી ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પ રાગથી પણ ભિન્ન ભગવાન છે, એવું નિજ આત્મદ્રવ્ય ઉપાદેય એટલે એમાં લીનતા થઈ ત્યારે તેને ઉપાદેય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આનંદ...

ઉત્તર :- કિંમત તો છે દ્રવ્યની. પણ દ્રવ્યની કિંમત થતાં પર્યાયમાં આનંદ આવે.

મુમુક્ષુ :- આનંદ આવે ત્યારે...

ઉત્તર :- આનંદ આવે ત્યારે ખરું પણ પડી કોની? પર્યાયની કે દ્રવ્યની? શું કીધું સમજાણું? એ તો આપણે 'સમયસાર'ની છઠ્ઠી ગાથામાં ન આવ્યું? છઠ્ઠીમાં? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं**' પરથી લક્ષ છૂટીને સ્વદ્રવ્યની સેવા કરી અને શુદ્ધતા પ્રગટી ત્યારે એને આ શુદ્ધ છે એમ નક્કી થયું. આ દ્રવ્ય શુદ્ધ છે એમ નક્કી થયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપાદેય પણ લીનતા?

ઉત્તર :- લીનતા. ઉપાદેયનો અર્થ જ લીનતા છે. આ દ્રવ્ય ઉપાદેય એટલે એકાગ્ર થાવું. આ ઉપાદેય આદરણીય છે એવો વિકલ્પ આદરણીય ક્યાં થયો? સ્વદ્રવ્યમાં એકાગ્રતા. તો એકાગ્રતા દ્વારા સ્વદ્રવ્ય ઉપાદેય કહેવામાં આવ્યું. એમ છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- મનની એકાગ્રતા...

ઉત્તર :- મનની એકાગ્રતા ન ચાલે. એવી એકાગ્રતા તો અનાદિથી કરી. આહાહા..!

મુમુક્ષુ :- મનજનિત એકાગ્રતા તો કહેવાય ને?

ઉત્તર :- મનજનિત એકાગ્રતા કહેવાય ભલે પણ મન છૂટી ગયું ત્યારે એકાગ્રતા થાય. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે. મનજનિત પણ કહેવાય. અરૂપી છે ને એટલે. એનો અર્થ આ છે. લક્ષ ત્યાંથી છૂટી, પર્યાયથી છૂટી ગયું હતું લક્ષ. ત્યાંથી છૂટીને અતીન્દ્રિય સ્થિર થયો (એને) મનજનિત કહેવામાં આવે.

મુમુક્ષુ :- મન પાવૈ વિશ્રામ.

ઉત્તર :- મન પામે વિશ્રામ.

મુમુક્ષુ :- અનુરક્તતા, લીનતા, ભાવના અને ઉપાદેય બધા એકાર્થમાં છે?

ઉત્તર :- બધા એકાર્થમાં છે.

મુમુક્ષુ :- એ વખતે કષાય શું કામ કરે?

ઉત્તર :- કષાય કષાયનું કામ કરે, રાગ બંધનું કામ કરે.

મુમુક્ષુ :- અનુભવ..

ઉત્તર :- અનુભવ.. રાગ બંધનું કામ કરે. અનુભવ વખતે શું રાગ નથી? ત્રણ કષાયનો રાગ છે. રાગનો અર્થ ... બંધનું કારણ છે. સમકિતીને પણ અનુભવ વખતે નિર્વિકલ્પ આનંદના ભાનમાં પણ ત્રણ કષાયનો રાગ છે. એ બંધ કરે છે, એટલી મલિનતા ઊભી કરે છે. જુઓ!

'**નિજ આત્મદ્રવ્ય તો ઉપાદેય હૈ...**' આહાહા..! '**ઐસા જિસકે નિશ્ચય હો કિ–અન્ય પરદ્રવ્યકે નિમિત્તસે હુએ અપને વિકારભાવ યે સબ હેય હૈં. સાધુ હોકર આત્માકે સ્વભાવકે સાધનેમેં ભલીભાંતિ તત્પર હો,...**' લીધું છે ને? '**झाणज्झयणे सुरदो**' બીજી ગાથાનું ત્રીજું પદ. પોતાનો સ્વભાવ સાધનામાં તત્પર હોય. વિશેષ વિશેષ એની વાત છે. '**ધર્મ–શુક્લધ્યાન ઔર અધ્યાત્મશાસ્ત્રોંકો પઢકર જ્ઞાનકી ભાવનામેં તત્પર હો,...**' અધ્યાત્મ શાસ્ત્ર ભણ્યો પણ એમાં કહેવાનો શાસ્ત્રનો સાર એ જ્ઞાનસ્વભાવ ભગવાનમાં લીન થવું એ એનું કહેવું છે અધ્યાત્મનું. સમજાણું કાંઈ? એકલું જ્ઞાન જાણપણું કરવું એમ નહિ. સમજાણું કાંઈ? બહુ નાખ્યું છે. પાઠમાં છે ને, જુઓને! '**झाणज्झयणे सुरदो**' '**શુક્લધ્યાન ઔર અધ્યાત્મશાસ્ત્રોંકો પઢકર જ્ઞાનકી ભાવનામેં તત્પર હો,...**' એટલે '**सुरदो**' '**સુરત હો, ભલે પ્રકાર લીન હો. ઐસા સાધુ ઉત્તમસ્થાન જો લોકશિખર પર સિદ્ધક્ષેત્ર તથા મિથ્યાત્વ આદિ ચૌદહ ગુણસ્થાનોંસે પરે શુદ્ધસ્વભાવરૂપ મોક્ષસ્થાનકો પાતા હૈ.**' લ્યો! આવા સાધુ ઉત્તર શુદ્ધસ્વભાવરૂપી મોક્ષ અને લોકના શિખર ઉપર મોક્ષ. આ કામ. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- મોક્ષકે સાધનેકે યે ઉપાય હૈં અન્ય કુછ નહીં હૈ.**' કોઈ ઉપાય બીજો છે નહિ. આહાહા..!

आगे आचार्य कहते हैं कि–सर्वसे उत्तम पदार्थ शुद्ध आत्मा है, वह इस देहमें ही रह रहा है उसको जानो :–

## ગાથા-૧૦૩

णविएहिं जं णविज्जइ झाइज्जइ झाइएहिं अणवरयं।
थुव्वंतेहिं थुणिज्जइ देहत्थं किं पि तं मुणहि।।१०३।।

नतैः यत् नम्यते ध्यायते ध्यातैः अनवरतम्।
स्तूयमानैः स्तुयते देहस्थं किमपि तत् जानीत।।१०३।।

પ્રણમે પ્રણત જન, ધ્યાત જન ધ્યાવે નિરંતર જેહને,
તું જાણ તત્ત્વ તનસ્થ તે, જે સ્તવનપ્રાપ્ત જનો સ્તવે. ૧૦૩.

अर्थ :– हे भव्यजीवो! तुम इस देहमें स्थित ऐसा कुछ क्यों है, क्या है उसे जानो, वह लोकमें नमस्कार करने योग्य इन्द्रादिक हैं उनसे तो नमस्कार करने योग्य, ध्यान करने योग्य हैं और स्तुति करने योग्य जो तीर्थंकरादि हैं उनसे भी स्तुति करने योग्य है, ऐसा कुछ है वह इस देह ही में स्थित है उसको यथार्थ जानो।

भावार्थ :– शुद्ध परमात्मा है वह यद्यपि कर्मसे आच्छादित है, तो भी भेदज्ञानी इस देह ही में स्थितका ही ध्यान करके तीर्थंकरादि भी मोक्ष प्राप्त करते हैं, इसलिये ऐसा कहा है कि– लोकमें नमने योग्य तो इंद्रादिक हैं और ध्यान करने योग्य तीर्थंकरादिक हैं तथा स्तुति करने योग्य तीर्थंकरादिक हैं वे भी जिसको नमस्कार करते हैं, जिसका ध्यान करते हैं स्तुति करते हैं ऐसा कुछ वचनके अगोचर भेदज्ञानियोंके अनुभवगोचर परमात्मा वस्तु है, उसका स्वरूप जानो, उसको नमस्कार करो, उसका ध्यान करो, बाहर किसलिये ढूंढते हो, इस प्रकार उपदेश है।।१०३।।

## ગાથા-૧૦૩ ઉપર પ્રવચન

**'આગે આચાર્ય કહતે હૈં કિ–સર્વસે ઉત્તમ પદાર્થ શુદ્ધ આત્મા હૈ,...'** દેહ વિષે ભગવાન બિરાજે છે આખો આત્મા. આ જગતમાં ઉત્તમમાં ઉત્તમ પદાર્થ તારો તારે માટે છે. આહાહા..! **'વહ ઈસ દેહમેં હી રહ રહા હૈ...'** ભગવાન બિરાજે છે. આહાહા..!

णविएहिं जं णविज्जइ झाइज्जइ झाइएहिं अणवरयं।
थुव्वंतेहिं थुणिज्जइ देहत्थं किं पि तं मुणहि।।१०३।।

'अणवरयं' નિરંતર.

**'અર્થ :– હે ભવ્યજીવો! તુમ ઈસ દેહમેં સ્થિત ઐસા કુછ ક્યોં હૈ,...'** 'देहत्थं किं पि तं

**मुणहि**' એમ છે ને? .. છે ને? કાંઈપણ એવું તત્ત્વ અંદરમાં ભગવાન બિરાજે છે એમ કહે છે. '**क्या है उसे जानो,...**' શું છે એ ચીજ એને જાણો. દેહમાં ભગવાન બિરાજે છે. આહાહા..! તારો ભગવાન તારા દેહમાં બિરાજે છે. એ વ્યવહાર કર્યો. ભગવાન ભગવાનમાં છે. શું કરે પણ વાણી તો... આહાહા..!

દેહમાં તિષ્ઠતો. લો. એ તો જડ છે. પોતાનો સ્વભાવ પરમાનંદમૂર્તિ જ્ઞાયકભાવનું દળ, સત્‌નું સત્ત્વ, ભગવાન સત્ એનું આખું સત્ત્વ તે પરમાત્મસ્વરૂપ તે તું છો. દેહથી ભિન્ન તારું સ્વરૂપ ત્યાં દેહમાં બિરાજે છે. દેહથી ભિન્ન દેહમાં બિરાજે છે. દેહથી ભિન્ન. આહાહા..! કેવો છે? '**वह लोकमें नमस्कार करने योग्य ईन्द्रादिक हैं...**' ઈન્દ્રને પણ જે લોક નમે. ઓહોહો..! ઈન્દ્ર! મહાવિભૂતિ ૠદ્ધિવાળો. '**उनसे तो नमस्कार करने योग्य,...**' ઈન્દ્રાદિથી પણ નમન કરવા લાયક એ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયા ઈન્દ્રોને, ચક્રવર્તીને, મોટા પ્રમુખ રાજાઓને, શેઠિયાઓને નમે. ખમ્મા અન્નદાતા.. ખમ્મા અન્નદાતા. કહે છે કે એવા જીવો પણ આત્માને નમે છે. નમન કરવા યોગ્ય જીવોને પણ નમન કરવા યોગ્ય આત્મા છે. આહાહા..! પ્રભુ અંદર સચ્ચિદાનંદ પરમાત્મા પોતે જ પરમાત્મા છે. આહાહા..!

'**उनसे तो नमस्कार करने योग्य, ध्यान करने योग्य है और स्तुति करने योग्य...**' ધ્યાન કરવા લાયક તીર્થંકરો આત્માને. અને સ્તુતિ કરવા લાયક પણ તીર્થંકર ગણધરો. એ પણ '**तीर्थंकरादि हैं उनसे भी स्तुति करने योग्य है,...**' તીર્થંકર પણ છદ્મસ્થ હોય ત્યાં સુધી. એને પણ સ્તુતિ કરવા લાયક અને ધ્યાન કરવા લાયક એ તીર્થંકરોને પણ આત્મા છે. સમજાણું કાંઈ? '**ऐसा कुछ है...**' એવો ભગવાન કાંઈક છે એટલે કંઈક પદાર્થ છે એમ કહે છે. '**वह ईस देह ही में स्थित है...**' આહાહા..! બધા વિકલ્પ-ફિકલ્પ છોડી અને કલ્પના છોડી ભગવાન ચિદાનંદ અંદર છે એનું ધ્યાન કર, એની સ્તુતિ કર. એ સ્તુતિ કરવાને લાયક છે, નમન કરવાને લાયક, ધ્યાન કરવાને ધ્યેય વિષય કરવા લાયક, ધ્યાનમાં વિષય કરવા લાયક છે. આહાહા..! ભગવાન તીર્થંકર પણ કહે છે ધ્યાનનો વિષય કરવા લાયક તારે માટે નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ જ ઉત્તમ..

ઉત્તર :- એ જ ઉત્તમ પદાર્થ છે. આહાહા..! ઈષ્ટદેવ તારો પરમાત્મા તારે માટે ઉત્તમ છે. કહો, સમજાણું કાંઈ?

'**ऐसा कुछ है...**' કોઈ વસ્તુ છે એમ કહે છે. અવસ્તુ નથી. મહા પદાર્થ છે મોટો. જ્ઞાનની દશામાં જ્ઞેય કરવાલાયક, જણાવાલાયક એ આત્મા પદાર્થ છે. એ જાણવા લાયક ભગવાનઆત્મા અંદર છે. એને જાણ, એનું ધ્યાન કર, એની સ્તુતિ કર અને એને વંદન કર. આહાહા..! સમજાણું કાંઈ? એને નમન કર. જુઓ! છેલ્લી ગાથા છે ને મોક્ષપાહુડની (એટલે) સાર.. સાર... સાર લીધો છે.

ભાવાર્થ. જુઓ! એમ છે ને? '**किं पि तं मुणहि**' એમ છે ને? એને જાણને. અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ દ્રવ્યસ્વભાવ, એની સામું કોઈ દિ' લક્ષ કર્યું નથી. એમાં છે. અર્થમાં છેલ્લો શબ્દ છે. એમાં ફેર હશે. અર્થમાં અર્થમાં.

મુમુક્ષુ :- લક્ષ નથી કર્યું.

ઉત્તર :- હા એ. લક્ષ નથી કર્યું. એની સામું કોઈ દિ' તેં લક્ષ કર્યું જ નથી. એમ કહે છે. બહારના લક્ષ કર્યા-પર્યાયનું ને વિકલ્પનું ને નિમિત્તનું. એ વસ્તુ શું છે એની સામું તો કોઈ દિ' લક્ષ કર્યું નથી. બહારમાં ગોતવા માંડ્યો. અહીં 'પાલીતાણે' મળશે, 'સમ્મેદશિખર' મળશે.

મુમુક્ષુ :- અહીં બેસીને ધ્યાન કરીએ તો તો મળે ને?

ઉત્તર :- અહીં બેસીને અંદરમાં ધ્યાન કરે તો મળે. 'શોભાલાલજી'! આકરી વાત છે. ભગવાનના સમવસરણમાં બેઠો હોય તોપણ અંદરનું ધ્યાન કરે તો આત્મા મળે. કાંઈ બહારના સમવસરણના ધ્યાનથી આત્મા મળે એવો નથી. એમ ભગવાન કહે છે. મારી સામું જોતાં તારો આત્મા તને પ્રાપ્ત થાય એવું નથી. 'દેવીલાલજી'! ભગવાન એમ કહે છે. છોડી દે મારી તરફનું લક્ષ. મોટો પરમાત્મા, મને પણ જાણનારો તારો આત્મા તને તું જાણ ત્યારે મને જાણ્યો એમ વ્યવહારે કહેવામાં આવે. આહાહા..! એમ ભગવાન ફરમાવે છે. સમજાણું કાંઈ? ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની વાણીમાં પરમાત્મા એમ કહે છે. સીમંધર ભગવાન પાસે ગયા હતા ને. આઠ દિ' રહ્યા હતા. ભગવાન એમ કહે છે કે અમારી સામું જોવું રહેવા દે. અમારું ભણતર ભણવું છોડી દે. આ તારો સ્વભાવ એનું ભણતર કર. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનને કરુણા...

ઉત્તર :- અકષાય કરુણા છે. ત્યાં વિકલ્પ ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા..! અકષાય કરુણા. કરુણા બીજી ક્યાં છે? કરુણા ક્યાં છે? આદિપુરાણમાં કહ્યું છે. 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુગમ કી' એમ 'શ્રીમદ્' લખે છે. 'કરુણા હમ પાવત' કરુણાનો અર્થ? ભગવાન તારા જ્ઞાનમાં મારો આત્મા આવો ભાસ્યો, એવો મને ભાસ્યો ત્યારે આપની કરુણા થઈ એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'પલમેં પ્રગટે મુખ આગળ હૈ.' આવે છે ને?

'**ભાવાર્થ :- શુદ્ધ પરમાત્મા હૈ વહ યદ્યપિ કર્મસે આચ્છાદિત હૈ,...**' ભલે કર્મનો ઢગલો અંદર આમ જડમાં જડપણે પડ્યો છે કહે છે. પણ ભગવાન ચૈતન્યઅગ્નિ તો અંદર ભિન્ન પડી છે એમ કહે છે. અગ્નિ ઉપર રાખ છે તો રાખ રાખમાં છે, અગ્નિમાં રાખ નથી.

મુમુક્ષુ :- આચ્છાદિત

ઉત્તર :- આચ્છાદિતનો અર્થ રાખ ઉપર પડી છે, અગ્નિ દેખાતી નથી. પણ અગ્નિ તો રાગથી ભિન્ન જ છે. સમજાણું કાંઈ? રાખની નજર કરનારને ચૈતન્યઅગ્નિ દેખાતી નથી. એમ જડની નજર કરનારને ચૈતન્ય દેખાતો નથી. માટે આચ્છાદિત છે એમ કહેવામાં આવ્યું. એ આચ્છાદિત નથી. સમજાણું કાંઈ? આહાહા..! પોતાની ભૂલને લઈને આચ્છાદિત છે. પણ વસ્તુમાં તો ભૂલ છે નહિ. સમજાણું કાંઈ? બહુ સારી ગાથા છે આ.

અહો..! આચ્છતો. શું કહ્યું? રાખમાં અગ્નિ દબાયેલી દેખાય છે તોપણ તે અગ્નિ તો રાખથી ભિન્ન છે. એમ કર્મના જડના અંદર સંયોગમાં ભિન્ન ચીજ ભગવાન દેખાય છે જાણે કર્મથી ઢંકાયેલી હોય. '**તો ભી ભેદજ્ઞાની ઈસ દેહહીમેં સ્થિતકા હી ધ્યાન કરકે...**' જુઓ! પણ રાગ અને કર્મથી ભિન્ન પાડીને સ્વભાવનું ધ્યાન કરીને આત્મા પ્રગટ થઈ જાય છે. તલમાં

તેલ છે. આમાં ત્રણ દાખલા આપ્યા છે. તલમાં તેલ છે, દૂધમાં ઘી છે, પછી? લાકડામાં અગ્નિ. દેહમાં ભગવાન સ્થિર (છે). સ્થિર શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? જેમ લાકડામાં અગ્નિ. આ અરણની લાકડી હોય છે ને? અરણીયું લાકડું. અગ્નિ અંદર (છે). તલમાં તેલ છે. પત્થરમાં ચકમક હોય છે ને. એમ દેહમાં ભગવાન ચૈતન્યઅગ્નિ ભિન્ન છે. સમજાણું કાંઈ? દૂધમાં ઘી, તલમાં તેલ, લાકડામાં અગ્નિ, પત્થરમાં ચકમકમાં અગ્નિ જેમ ભિન્ન ચીજ છે. એવો ભગવાનઆત્મા ભલે શરીર આમ માથે ઢંકાયેલું દેખાય, ભગવાન તો ચૈતન્ય સ્વરૂપ ભેદજ્ઞાનીને... દેખો! શરીરથી ભિન્ન દૃષ્ટિ કરનારને '**દેહહીમેં સ્થિતકા હી ધ્યાન કરકે...**' ભલે શરીરમાં રહ્યો આત્મા અને એમાં ને એમાં આત્માનું ધ્યાન કરે છે. શું કહ્યું?

'**દેહહીમેં સ્થિતકા હી ધ્યાન કરકે...**' દેહમાં રહ્યો ભગવાનઆત્મા, પણ એને ભિન્ન પાડીને તેનું ધ્યાન કરે છે. ભારે વાત, ભાઈ! આહાહા..! ભેદજ્ઞાનથી તિજોરી ખોલી નાખી છે. પરથી ભિન્ન, ભિન્ન ભગવાન નિરાળો ચૈતન્ય, નિરાલંબી કોઈના આધારે રહ્યો નથી. કોઈ વિકલ્પના ભાવે રહ્યો નથી. કોઈ ક્ષેત્રના આધારે નહિ, વિકલ્પના ભાવે નહિ. એવું ભિન્ન તત્ત્વ, દેહમાં રહ્યા એવા તત્ત્વને, દેહમાં રહ્યા છતાં દેહથી ભિન્ન ભેદજ્ઞાની અનુભવે છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, આ તો હજી સમ્યગ્દર્શનની વાત આવી પહેલી. જે કરવાનું આ એનું કોઈ દિ' લક્ષ કર્યું નથી. લક્ષ પણ કર્યું નથી. કહો, 'ભીખાભાઈ'! એમ ને એમ બહારમાં ને બહારમાં રસ ચોંટાડી રાખ્યો એમ કહે છે. કહો, સમજાણું આમાં? ભગવાન સામે, કાં શાસ્ત્ર સામે કાં મૂર્તિ સામે.

મુમુક્ષુ :- સમવસરણમાં પણ...

ઉત્તર :- સમવસરણમાં સામું જોઈને બેઠો ત્યાં કાંઈ વળે એવું નથી.

મુમુક્ષુ :- ત્યાં જઈને ભૂલાઈ જાય છે...

ઉત્તર :- ત્યાં પણ ભૂલી ગયેલો છે. બહાર જઈને શું? ત્યાં પરના લક્ષમાં પડ્યો સ્વને ભૂલી ગયેલો છે. આહાહા..! આ ભગવાન. ... આહાહા..! જાણે મારું કલ્યાણ કરી દેશે. કલ્યાણ કરનારો તો તારો આત્મા અંદર છે. 'શોભાલાલજી'! ભારે કામ આકરું. ત્રણલોકના નાથ સાક્ષાત્ તીર્થંકર, એ પણ આત્માને કલ્યાણનું કારણ નથી. કલ્યાણનું કારણ ભગવાન પોતે છે. આહાહા..! ગુરુ પોતે, દેવ પોતે, ધર્મ પોતે. જેમાંથી શાસ્ત્ર નીકળ્યા એ આત્મા પોતે પવિત્રધામ, એમાંથી શાસ્ત્ર નીકળ્યા છે. આહાહા..! પણ વાત એ શું ચૈતન્યરત્ન છે? એકલી હીરાની ખાણ છે આત્મા. ચૈતન્યના અનંતા-અનંતા-અનંતા ગુણની હીરાની ખાણ. આહાહા..! એ મોટો ડુંગરો-પહાડ. આહાહા..! જુદું કરીને જો તો ખરો. જો આ થોડું પાનું ઉઘાડીને જો. ઉપર બહુ .. નથી દેખાતું. આહાહા..! આ! એય..! પડ ઉખેડીને બતાવ્યું જો આ જો હીરાનો ભાગ.

મુમુક્ષુ :-

ઉત્તર :- આ બતાવે (છે), કોણ બતાવે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પહાડમાં તો પથરા છે. ત્યાં ક્યાં? આ ચૈતન્ય પહાડ આ. આહાહા..!

અનંત જ્ઞાન-દર્શન આદિ એવા અનંતગુણના રત્નથી છલોછલ આમ ભરપૂર ભર્યો છે. એવો ભગવાન પર્યાયમાં પણ આવતો નથી. એ વળી રાગમાં આવે અને બહારમાં આવે એવો એ આત્મા નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે આચાર્ય! જુઓને કેટલું ભર્યું! 'કુંદકુંદાચાર્ય'ની શૈલી સાક્ષાત્ ભગવાનને હેઠે ઉતારે છે. હેઠેથી આમ આડો ગયો છે ને આઘો આમ. આઘો ક્યાં જા છો? કહે છે.

**'તીર્થંકરાદિ ભી મોક્ષ પ્રાપ્ત કરતે હૈં,...'** દેખો! **'દેહહીમેં સ્થિતકા હી ધ્યાન કરકે તીર્થંકરાદિ...'** ગણધર, બળદેવ આદિ પુરુષો મહા શલાકા પુરુષો. અંદરનું ધ્યાન, વસ્તુની સન્મુખનું ધ્યાન, એણે પણ પોતાને ધ્યાવ્યો છે. એ આત્માને ધ્યાવે છે. ધ્યાનમાં લીધો છે. એને ધ્યાવે છે. આનંદને ચૂસે છે એમ કહે છે. લ્યો! આહાહા..! **'ઈસલિયે ઐસા કહા હૈ કિ-લોકમેં નમને યોગ્ય તો ઈંદ્રાદિક હૈં ઔર ધ્યાન કરને યોગ્ય તીર્થંકરાદિક હૈ તથા સ્તુતિ કરને યોગ્ય તીર્થંકરાદિક હૈ વે ભી જિસકો નમસ્કાર કરતે હૈં,...'** એને ધ્યાવે અને એની સ્તુતિ કરે છે. આહાહા..! 'નવરંગભાઈ'! એવો પ્રભુ તું અંદર છો કહે છે. વસ્તુ છે કે નહિ પદાર્થ? પદાર્થ તત્ત્વ છે તો તત્ત્વમાં અનંત-અનંત ચૈતન્યરત્ન આદિ શક્તિઓ અનંત પડી છે. એવો ભગવાનઆત્મા નમન કરવા માટે એ આત્મા છે. આ બહારનું ભગવાનનું નમન કરવું એ તો વિકલ્પ-રાગ છે. સમજાણું કાંઈ? સ્તુતિ કરવા લાયક તું દેવ. આવે છે ને? કળશમાં આવે છે. દેવ. કળશમાં આવે છે. સમવસરણમાં ભગવાનની સ્તુતિ આદિ કરવી એ તો વિકલ્પ છે, રાગ છે. પરદ્રવ્ય ... આ તારો આત્મા સ્તુતિ કરવા લાયક છે. સ્તુતિ શબ્દે એમાં એકાગ્ર (થવા લાયક છે) એમ. વિકલ્પ નહિ. એના ગુણ ગાવાનો અર્થ ગુણમાં એકાગ્ર થવું. એનું નામ ગુણ ગાવા કહેવાય. વિકલ્પના ગાણા ગાય કાલે આવ્યું હતું, બહુ આવ્યું હતું. સાંભળ્યું ને? .. કરો. શેઠને રાત્રે સંભળાવ્યું હતું. .. હતો ને. રાત્રે સંભળાવ્યું બધાને. સાંભળો જુઓ આ આવ્યું. લાંબુ-લાંબુ આવ્યું હતું. .. આ કરો... આ કરો... અરે..! નવરો.. અને ચારેય વાર .. પ્રશ્ન પૂછ્યો એનો જવાબ. ત્યાં ને ત્યાં બેસી રહ્યો. બિચારા એને ભાવના હોય. ભાવનાવાળો બીજું કાંઈ જોવે?

મુમુક્ષુ :- આપનો સમય પાસ થઈ ગયો.

ઉત્તર :- .. સમય ન્યાં પાસ થતા હશે? આહાહા..!

અહીં કહે છે, નમન કરવાલાયક એવા ઈન્દ્રો પણ આત્માને નમે, તીર્થંકરો સ્તુતિ કરવા (આવે) છે એ પણ એનું ધ્યાન કરે. **'ઐસા કુછ વચન...'** **'સ્તુતિ કરતે હૈં ઐસા કુછ વચનકે અગોચર ભેદજ્ઞાનિયોંકે અનુભવગોચર પરમાત્મા વસ્તુ હૈ,...'** વસ્તુ છે. આહાહા..! દ્રવ્ય પદાર્થ છે, તત્ત્વ છે, સ્વભાવભાવ વસ્તુ છે **'ઉસકા સ્વરૂપ જાનો,...'** છેલ્લો શબ્દ છે ને? '**तं मुणहि**' એને જાણો, એને જાણો. બધું જાણવું મૂકી દઈને આને જાણો એમ કહે છે. આ શાસ્ત્ર-બાસ્ત્ર જાણવા એકકોર રહી ગયા કહે છે એમાં. આને જાણ. એ (શાસ્ત્ર) જાણ તોય અજ્ઞાન છે, બાકી કાંઈ ઠેકાણા નથી. '**मुणहि**' શબ્દ પડ્યો છે ને. '**देहत्थं किं पि तं मुणहि**' એને જાણ.

**'ઉસકા સ્વરૂપ જાનો, ઉસકો નમસ્કાર કરો, ઉસકા ધ્યાન કરો, બાહર કિસલિયે ઢૂંઢતે**

હો,...' સમ્મેદશીખર જાઓ તો મોક્ષ થાશે, સિદ્ધગિરી જાઓ તો, 'સોનગઢ' જાય તો થાશે. મંદિરમાં ક્યાંય નથી. કહે છે મફતનો શું કરવા ગોતે છે? સમજાણું કાંઈ? એય..! 'ભીખાભાઈ'! આ તો નગદનારાયણની વાત છે. '**બાહર કિસલિયે ઢૂંઢતે હો,...**' એમાં એમ લખ્યું છે અંદર તેં લક્ષ કર્યું જ નથી. અંદર આમ વસ્તુ છે એના ઉપર તેં કદી લક્ષ પણ કર્યું નથી. આહાહા..! '**ઈસ પ્રકાર ઉપદેશ હૈ.**' લ્યો! ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો (આવો ઉપદેશ છે). (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**आगे आचार्य कहते हैं कि जो अरहंतादिक पंच परमेष्ठी हैं वे भी आत्मामें ही हैं इसलिये आत्मा ही शरण है :–**

## ગાથા-૧૦૪

**अरुहा सिद्धायरिया उज्झाया साहु पंच परमेट्ठी।**
**ते वि हु चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं।।१०४।।**

अर्हन्तः सिद्धा आचार्या उपाध्यायाः साधवः पंच परमेष्ठिनः।
ते अपि स्फुटं तिष्ठन्ति आत्मनि तस्मादात्मा स्फुटं मे शरणं।।१०४।।

**અર્હંત-સિદ્ધાચાર્ય-અધ્યાપક-શ્રમણ-પરમેષ્ઠી જે,**
**પાંચેય છે આત્મા મહીં; આત્મા શરણ મારું ખરે. ૧૦૪.**

**अर्थ :– अर्हन्त सिद्ध आचार्य उपाध्याय और साधु ये पंचपरमेष्ठी हैं ये भी आत्मामें ही चेष्टारूप हैं, आत्माकी अवस्था हैं, इसलिये मेरे आत्माहीका शरण है, इस प्रकार आचार्य ने अभेदनय प्रधान करके कहा है।**

**भावार्थ :– ये पाँच पद आत्माहीके हैं, जब यह आत्मा घातिकर्मका नाश करता है तब अरहंतपद होता है, वही आत्मा अघातिकर्मोंका नाशकर निर्वाणको प्राप्त होता है तब सिद्धपद कहलाता है, जब शिक्षा–दीक्षा देनेवाला मुनि होता है तब आचार्य कहलाता है, पठन–पाठनमें तत्पर मुनि होता है तब उपाध्याय कहलाता है और जब रत्नत्रयस्वरूप मोक्षमार्गको केवल साधता है तब साधु कहलाता है, इस प्रकार पांचों पद आत्माही में है। सो आचार्य विचार करते हैं कि जो इस देहमें आत्मा स्थित है सो यद्यपि (स्वयं) कर्म आच्छादित है तो भी पांचों पदोंके योग्य है, इसीके शुद्ध स्वरूपका ध्यान करना पाँचों पदोंका ध्यान है, इसलिए मेरे इस आत्माहीका शरण है ऐसी भावना की है और पंचपरमेष्ठीका ध्यानरूप अंतमंगल बताया है।।१०४।।**

---

**પ્રવચન નં. ૧૦૦, ગાથા-૧૦૪-૧૦૫, સોમવાર, ભાદરવા વદ ૧૩, તા.૨૮-૯-૭૦**

મોક્ષપાહુડ. ૧૦૩ ગાથા થઈ. ૧૦૪. '**આગે આચાર્ય કહતે હૈં કિ જો અરહંતાદિક પંચ પરમેષ્ઠી હૈં વે ભી આત્મામેં હી હૈં...**' મોક્ષપાહુડની છેલ્લી ગાથા છે ને? પંચ શરણ છે, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પાંચેય પદ મારા આત્માને વિષે જ છે. સમજાણું કાંઈ? માટે મારો આત્મા જ મને શરણ છે એમ કહે છે.

**अरुहा सिद्धायरिया उज्झाया साहु पंच परमेट्ठी।**
**ते वि हु चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं।।१०४।।**

જુઓ! આ છેલ્લી ગાથા છે ને? પહેલા ત્રણમાં એ કહ્યું કે તીર્થંકરો જે ધ્યાન કરવા લાયક છે એનું પણ જે ધ્યાન કરે એ આત્મા તો અહીં છે તારી પાસે. નમન કરવા લાયક છે એવા તીર્થંકરો પણ જે આત્માને નમે છે, ઇન્દ્રાદિ આત્માને નમે છે. સ્તુતિ કરવા લાયક જીવો જે ઉત્તમ પુરુષો છે એ પણ અંદર સ્વરૂપમાં નમે છે. ઓહો..! ભગવાનઆત્મામાં પાંચ પરમેષ્ઠી પડ્યા છે કહે છે. આત્માનું ધ્યાન કરતાં પંચપરમેષ્ઠીનું ધ્યાન થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**અર્થ :- અર્હંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય ઔર સાધુ યે પંચપરમેષ્ઠી હૈં યે ભી આત્મામેં હી ચેષ્ટારૂપ હૈં,...**' આત્માની અવસ્થા છે. આત્માની શુદ્ધ પરિણતિ છે એ પાંચ. ચેષ્ટારૂપ એમ લખ્યું છે. મૂળ તો ચેષ્ટારૂપ આત્માની અવસ્થા ... થઈ છે ને? એટલે કહે છે મુનિ તિષ્ઠ છે-અંદર રહે છે. ચેષ્ટા તો ઓલામાં પણ છે. ... એમાં પણ છે. એમાં પણ આત્મા વિષે ચેષ્ટારૂપ એમ આવ્યું છે. નીચે એમ અર્થ લખ્યો છે. ચેષ્ટા એટલે અવસ્થા.

મુમુક્ષુ :- આત્મા..

ઉત્તર :- હા. એ ચેષ્ટા તો પાઠ છે ને. આ તો એનો અર્થ કર્યો જરી. ચેષ્ટા એટલે આત્માની અવસ્થા છે પાંચેય. એમ. અરિહંત પણ આત્માની અવસ્થા કેવળજ્ઞાનાદિ, સિદ્ધ પણ પૂર્ણ નિર્મળ અવસ્થા, આચાર્ય-ઉપાધ્યાય પણ અવસ્થા નિર્મળ. ઓલા વિકલ્પ અને શરીર એ આચાર્ય ઉપાધ્યાય ન ગણ્યા, એમ કહે છે આમાં. સમજાણું કાંઈ? અરિહંતને પણ સમવસરણ ને ચાર અઘાતિ કર્મ બાકી રહ્યા ને એ ન ગણ્યા. આત્માની જે નિર્મળ વીતરાગી કેવળજ્ઞાન અવસ્થા એ અરિહંત. સિદ્ધ પણ આત્માની પૂર્ણ શુદ્ધ અવસ્થા તે સિદ્ધ. આચાર્ય પણ આત્માની વીતરાગી અવસ્થા એ આચાર્ય. ઉપાધ્યાય પણ વીતરાગી જ્ઞાનની રમણતા એ (ઉપાધ્યાય). સાધુ-ત્રણ રત્નત્રયનો સાધક એ પણ અવસ્થા. એ બધી અવસ્થાઓનો સાગર સંગ્રહાત્મક ભગવાન છે. મારે એનું શરણ લેવું નથી એમ કહે છે. આત્માનું શરણ લેતા પાંચેયનું શરણ આવી જાય છે. એમ કહે છે. આહાહા..! છેલ્લી ગાથાઓ છે ને. જુઓને કેટલી આરાધના અને કેટલી સ્થિતિ છે! એકદમ પાંચ પરમેષ્ઠીને પોતામાં સમાડ્યા છે. અહીંયાં આ આત્મામાં છે આત્મામાં, બહાર નથી ક્યાંય એ. આહાહા..!

મુમુક્ષુ :- આત્માને જ ભગવાન કહ્યો.

ઉત્તર :- આત્મા અરિહંત જ છે. આત્મા અરિહંત સ્વરૂપ થવાની અવસ્થાને લાયક છે. શક્તિરૂપે અરિહંત જ છે. શક્તિએ તો અરિહંત છે. શક્તિએ સિદ્ધ છે. શક્તિએ આચાર્ય, ઉપાધ્યાય અને વીતરાગી પર્યાય તે શક્તિએ તો પાંચેય પદ આત્મામાં જ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પછી .. અહીં તો આત્મામાં છે માટે આત્મા શરણ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ?

**'યે ભી આત્મામેં હી ચેષ્ટારૂપ હૈં, આત્માકી અવસ્થા હૈં,...'** એમ અર્થ કર્યો. ચેષ્ટાનો અર્થ કર્યો. **'ઈસલિયે મેરે આત્મા હી કા શરણ હૈ,...'** આહાહા..! હવે તો છેલ્લી ગાથા છે ને. પછી આરાધકની છેલ્લી ગાથા મૂકશે. આરાધના છેલ્લી ગાથામાં મૂકશે. પછી ... પૂરો કરી દેશે મોક્ષપાહુડ. અહો..! કહે છે કે અરિહંત સર્વજ્ઞ કેવળજ્ઞાની પરમાત્મા, અરિહંતા શરણં. એમ મંગલિકમાં આવે છે ને? અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા... પણ એ બધું મારા આત્મામાં છે, કહે છે અહીં તો. આહાહા..! મારો ભગવાનઆત્મા એનું હું ધ્યાન કરું ત્યારે એ પાંચનું ધ્યાન એમાં આવી જાય છે, કહે છે. માટે મારે તો આત્મા શરણ છે, બાકી કોઈ શરણ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'આત્મા હી કા શરણ હૈ, ઈસ પ્રકાર આચાર્યને અભેદનય પ્રધાન કરકે કહા હૈ.'** લ્યો! એ પાંચ પરમેષ્ઠી વીતરાગી પર્યાય છે પાંચેય. થોડી ભલે અપૂર્ણ હો અને પૂર્ણ, પણ છે બધી વીતરાગી દશા. અને એવી વીતરાગી અનંતી દશા મારા આત્મામાં પડી છે. અને તેથી જ આત્માનું ધ્યાન કરવાથી મને આત્મા શરણ છે અને એમાં પાંચેય પદનું શરણ એ આત્માના ધ્યાનમાં આવી જાય છે. આ રીતે આવી જાય છે. બહારથી પાંચેય પદનું શરણ લેતાં વિકલ્પ ઊઠે છે. સમજાણું કાંઈ? એ પાંચેય પદની વીતરાગી દશાનો સમૂહ ભગવાનઆત્મા છે. કેવી વાત કરી જુઓને! ત્રણમાં. ચોથી અને પાંચમી ત્રણ ગાથાઓ છેલ્લી.

નમવા યોગ્ય ઈન્દ્રાદિ જેને, અંતરમાં સ્વભાવ સન્મુખમાં ઢળે છે, વળે છે એવો આત્મા. વંદન અને સ્તુતિ કરવા લાયક, ધ્યાન કરવા લાયક ગણધરો આદિ તીર્થંકરો જ્યાં સુધી છદ્મસ્થ હોય તે પણ જેનું ધ્યાન કરે છે-આત્માનું ધ્યાન કરે છે. સમજાણું કાંઈ? આત્મા મહાપ્રભુ વીતરાગી સ્વભાવનો રસકંદ, એકલો વીતરાગભાવના સ્વભાવનો પિંડ, એને ધ્યેય ધ્યાનમાં વિષય કરતાં, એનું આરાધન કરતાં પાંચેય પદનું આરાધન એમાં સમાઈ જાય છે એમ કહ્યું. માટે મારે તો આત્મા જ શરણ છે. છેલ્લું એમ છે ને? મારા આત્મામાં પાંચેય પદ રહ્યાં છે માટે મારો આત્મા મને શરણ છે એમ કહે છે. આહાહા..! વિકલ્પ-ફિકલ્પ કાઢી નાખ્યા. પાંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતાં, યાદ કરતાં વિકલ્પ ઊઠે એ તો. એ કાંઈ વસ્તુસ્થિતિ નથી. આહાહા..!

મુમુક્ષુ :- એકદમ આત્મા...

ઉત્તર :- એકદમ આત્મા પકડે તો એનું નામ આત્મા કહેવાય એમ કહે છે. એકદમ ભૂખ લાગી હોય, તૃષા લાગી હોય તો મોસંબી પાણી ઘટક-ઘટક એકદમ પીવે. કાલે શેઠને

કહ્યું નહોતું? બુંદી ખાધી હશે તો એક એક બુંદી ખાધી હશે? શેઠ પણ બચાવ કરતા હતા ને. હળવે... હળવે... હળવે... હળવે... પછી બુંદીનો દાખલો આપ્યો શેઠને. બુંદી ખાવાની. એ અમારા ભાઈએ કહ્યું, તપસીએ. એટલે યાદ આવ્યું. બુંદી એક એક ખાતા હશે આમ? એકદમ બુકડો ઉપાડે આમ. બુકડો સમજો છો?

મુમુક્ષુ :- એમ જ અહીંયા છે?

ઉત્તર :- એવું જ અહીં છે એમ કહે છે. એકદમ. આહાહા..!

એવો ભગવાનઆત્મા ઓહો..! પાંચેય પરમેષ્ઠી અંદર પડ્યા છે. એ પાંચ પરમેષ્ઠીનું રૂપ અને સ્વરૂપ તું છો એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ગજબ વાત! વસ્તુની સ્થિતિ એવી છે એમ આમ બાહ્યના ન્યાય આપીને સ્પષ્ટ કરે છે. પાંચ પદ તો વીતરાગી પર્યાય છે ને. એ કાંઈ અરિહંત પદ ને સમવસરણ ને વાણી ને એ કાંઈ અરિહંતપદ નથી. હેં! સિદ્ધપદ એકલી વીતરાગી દશા છે, આચાર્ય પણ ત્રણ કષાયના અભાવરૂપ વીતરાગી પરિણતિ તે આચાર્ય છે. વિકલ્પ જે છે એ કાંઈ આચાર્ય નથી, નગ્નપણું એ કાંઈ આચાર્ય નથી, બીજાને શિક્ષા-દિક્ષા દેવાની ક્રિયા થાય એ આચાર્યપણું નથી. આચાર્ય તો વીતરાગી પર્યાય તે આચાર્યપણું છે. આહાહા..! સમજાણું કાંઈ? ઉપાધ્યાય પણ વીતરાગી અવસ્થા તે ઉપાધ્યાય. સાધુ પણ રત્નત્રયનું સાધકપણું દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ વીતરાગ પર્યાયને સાધે છે. એ બધી પર્યાયો મારામાં રહેલી છે. એ પંચપરમેષ્ઠીનું આખું સત્ત્વનું સત્ સત્ત્વ મારા આત્મામાં છે. આહા..! મારે નજર કરવા લાયક હોય તો આત્મા છે. મારું નિધાન મારી પાસે છે એમ કહે છે. 'શોભાલાલજી'! આહાહા..! એવો ભગવાનઆત્મા...

મુમુક્ષુ :- આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ત્રણ ભેદ તો વર્ણવો.

ઉત્તર :- ભેદ કેવો વર્ણવવો? વીતરાગી પર્યાયની જ અહીં વાત છે અત્યારે. પાંચેય વીતરાગી પર્યાય છે. બસ એટલું.

મુમુક્ષુ :- .. હોય તો ફેર પડે. અંદર તો બધા એક સાધે...

ઉત્તર :- એ વીતરાગી પર્યાયપણું એને અહીં કીધું. અરિહંત પણ વીતરાગી પર્યાય, સિદ્ધ પણ વીતરાગી પર્યાય, આચાર્ય પણ વીતરાગી પર્યાય. એ બધી વીતરાગી પર્યાયો મારા આત્મામાં છે.

મુમુક્ષુ :- .. ક્રિયા કરી.

ઉત્તર :- કઈ ક્રિયા કેવી? ધૂળની ક્રિયા બહારની? અંતર ધ્યાન લગાવવું એ ક્રિયા એની છે. આહાહા..! વૃત્તિ કહો, બહિર્મુખ જે છે એને અંતર્મુખ વાળવી કે મારા આત્મામાં જ બધું છે. પરમેષ્ઠીની પાંચેય પર્યાયો મારામાં (છે), એવી અનંતી પર્યાયો મારામાં છે. ભેદથી અહીંયાં વાત નથી કાંઈ. એ તો વસ્તુ અભેદથી કીધું ને?

**'આચાર્યને અભેદનય પ્રધાન કરકે કહા હૈ.'** એ મારામાં અભેદપણે પડ્યું છે બધું. સમજાણું કાંઈ? આહાહા..! મારે ઊંચી આંખ કરીને બહાર જોવાનું નથી એમ કહે છે. આહાહા..! અંતર ભગવાન પૂર્ણાનંદનો નાથ પાંચ પરમેષ્ઠીની બધી પર્યાયોને સંગ્રહાત્મક-સંગ્રહ કરીને પડ્યો છે. આ પૈસા સંગ્રહ કરીને પડે છે ને આ? 'ભગવાનજીભાઈ'! આહાહા..!

ધૂળેય શરણ નથી ત્યાં કહે છે. આહાહા..! માંગલિક ચાર. આવે છે ને? અરિહંતા મંગલં, સિદ્ધા (મંગલં). એ કોઈ શરણ નથી. એ તો બાહ્ય પદાર્થ છે કહે છે. આહાહા..! એની જે અવસ્થા વીતરાગી છે, નિર્દોષદશા, આનંદદશા એ બધી દશાઓ મારામાં છે. મારા આનંદગુણમાં એ બધી દશા છે, ચારિત્રગુણની બધી વીતરાગી પર્યાયો એમાં છે. આહા..! સમજાણું કાંઈ? એના ક્ષાયિક સમકિત આદિની પર્યાયો એ મારા સમકિતગુણમાં છે. ઇચ્છા નિરોધરૂપી જે એની તપની ઉગ્ર પુરુષાર્થની દશા એ પણ મારામાં અંદરમાં છે. ચારિત્રના ગુણમાં એ બધું પડ્યું છે. એ હું જ આત્મા જ મારે શરણ છે. મારે પાંચ પદ પણ શરણ નથી. પાંચ પદ સમાઈ ગયા મારામાં. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્મા ગુરુનો ગુરુ...

ઉત્તર :- ગુરુનો ગુરુ આત્મા છે. પોતાનો ગુરુ, હોં! બીજાનો ગુરુ ક્યાં છે અહીં? અહીં તો ગુરુ શબ્દે ઉત્કૃષ્ટ વીતરાગીદશા જેને પ્રગટી તે પંચપરમેષ્ઠી ગુરુ. એ વીતરાગી પર્યાયનો કંદ પ્રભુ આત્મા છે. એવી અનંતી... અનંતી.. અનંતી પર્યાયો એ મારા ગુણ સ્વભાવમાં પડી છે, પાંચે પરમેષ્ઠી મારામાં છે. એવી પ્રતીત કરીને ધ્યાન સ્વનું કરવું એમ કહે છે. ધ્યાન સ્વનું કરવું, પરનું નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કરવામાં વેદન થાય છે એનું શું?

ઉત્તર :- વેદન થાય છે એને ઠેકાણે પુરુષાર્થ નથી માટે. કાંઈક બહારમાં રોકાઈ ગયો છે. બહારમાં કાંઈક રુચિમાં રોકાણો છે. એથી એને અંતર રુચિમાં જવું થતું નથી. જાવું થતું નથી.

મુમુક્ષુ :- વાત પ્રિય લાગે છે..

ઉત્તર :- પ્રિય લાગે છે એ વિકલ્પથી.

એ ચૈતન્યપ્રભુ પૂર્ણ અનંત પાંચ પરમેષ્ઠી એવી તો અનંતી પર્યાયોનો સંગ્રહ કરીને પડ્યો છે ભગવાન. જુઓને! સિદ્ધની અનંતી પર્યાય, અરિહંતની અનંતી ભલે જ્યાં સુધી રહે તેટલી નિર્મળ પર્યાય. આચાર્યની પણ એટલી પદમાં રહે એટલી પર્યાય. ઉપાધ્યાય પણ એ બધી પર્યાયો વીતરાગી, નિર્દોષ, નિષ્કલંક એવી દશાઓ એ આત્મપદ, એ પાંચ પદ અને એ પદની દશા મારામાં છે. આહાહા..! પહેલો તો વિશ્વાસ લાવે છે કે એ પદ બધું મારામાં છે. માટે મારો આત્મા મને શરણ છે. મારે ત્યાં ધ્યાન કરીને ઠરવા જેવું છે. બાકી કોઈ ધ્યાન કરીને ઠરવા જેવું નથી. મારા ધ્યાનનો વિષય કોઈ બીજી ચીજ છે નહિ. પાંચ પરમેષ્ઠી પણ મારા ધ્યાનનો વિષય નહિ એમ કહે છે. પાંચ પરમેષ્ઠી મારા અંદરમાં બેઠા છે માટે ધ્યાનનો વિષય હું છું. સમજાણું કાંઈ? આહાહા..! ગજબ વાત છે! દિગંબર મુનિઓ અને એમાં 'કુંદકુંદાચાર્ય'ની શૈલી. સર્વોત્કૃષ્ટ! સર્વોત્કૃષ્ટ!! સત્યને પ્રસિદ્ધ કરવા દાંડી પીટીને જાહેર કરે છે. ભગવાન! તું આવો છો ને, નાથ! આહા..! તારે માટે શરણ કોણ? તારે માટે તું શરણ. સમજાણું કાંઈ? છે ને? '**तम्हा आदा हु मे सरणं।**' મારો આત્મા મને શરણ છે.

મુમુક્ષુ :- ... પૂર્ણ દશામાં...

ઉત્તર :- પૂર્ણ તો સ્વભાવમાં બધી અનંતી પર્યાયો પૂર્ણ છે એમ કહે છે. સ્વભાવની વાત છે ને? ભલે અપૂર્ણ પર્યાય પણ વીતરાગી પર્યાય છે ને? વીતરાગી પર્યાયનો પિંડ

મારામાં છે. મારામાંથી પ્રવાહ આવશે. કે બહારથી આવશે? બધું પૂર્ણ છે. બધી પર્યાયનો પિંડનો પૂર્ણ હું છું. એમ. સમજાણું કાંઈ?

મરતા ક્યાંય બધા શરીર સ્થિર ન હોય. રોગ આવે. પાણી-બાણી પીવાનો ટાઈમ હોય નહિ, તૃષા લાગી હોય, ઊભા રહી શકાય નહિ. સાધુને ઊભા રહેવાય નહિ. હવે પાણી બેઠા બેઠા લેવાય નહિ. ત્યારે એ વખતે... આહાહા..! શરીર જીર્ણ થઈ ગયું હોય. એ કાંઈ ઝટ છૂટે એવું નથી. ત્યારે એણે ધ્યાનમાં આત્મા લીધો છે. મારો આત્મા મને શરણ છે. અત્યારે કોઈ શરણ છે નહિ. પહેલાં પણ કોઈ શરણ નહોતું. સમજાણું કાંઈ? દેહસ્થિતિ આમ નબળી પડી ગઈ. ઊલટી થાય, ઝાડા થાય, શરીર હાથ રહે નહિ, ઊભા રહેવાય નહિ, શરીર ધ્રુજે. એ વખતે આમ મુનિ કહે છે.. ઓહોહો..! મારો ભગવાન મારી પાસે પાંચ પરમેષ્ઠીથી ભરેલો એ હું છું. કોઈ શરણ છે નહિ. વાણી બોલવાની તાકાત પણ ન હોય કે મારે કાંઈ નથી, એને માટે મને કાંઈ છે નહિ. આહાહા..! એ સંભારે છે આ બધું. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- યે પાંચ પદ આત્મા હી કે હૈં,...**' એ આત્માના જ છે. ઓલો વિકલ્પ જે પંચમહાવ્રત આદિ છે એ આત્માની અવસ્થા નથી, એ આત્મા નથી. વીતરાગીદશા છે આ. '**યે પાંચ પદ આત્મા હી કે હૈં, જબ યહ આત્મા ઘાતિકર્મકા નાશ કરતા હૈ તબ અરહંતપદ હોતા હૈ,...**' અરિહંતપદ. '**વહી આત્મા અઘાતિકર્મોંકા નાશકર નિર્વાણકો પ્રાપ્ત હોતા હૈ તબ સિદ્ધપદ કહલાતા હૈ,...**' આત્મામાં સિદ્ધપદ હોય ને. કાંઈ બહારથી આવે છે? એમ કહે છે. આત્મા જ સિદ્ધપદને પ્રાપ્ત થાય છે, આત્મા જ અરિહંતપદને પ્રાપ્ત થાય છે. એ બધા પદો પડ્યા છે અંદર. પરિપૂર્ણ છે એમ કહે છે.

'**જબ શિક્ષા-દીક્ષા દેનેવાલા મુનિ હોતા હૈ તબ આચાર્ય કહલાતા હૈ,...**' એ બધી એની વીતરાગી પર્યાય મારામાં છે. '**પઠન-પાઠનમેં તત્પર મુનિ હોતા હૈ તબ ઉપાધ્યાય કહલાતા હૈ...**' એ પણ મારામાં છે. હું બધું જ્ઞાનનો સાગર છું. એ ઉપાધ્યાયની દશા પણ મારામાં પડી છે. '**ઔર જબ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગકો કેવલ સાધતા હૈ તબ સાધુ કહલાતા હૈ,...**' દેખો! સાધુની વ્યાખ્યા. શેઠ! '**જબ રત્નત્રય...**' નિશ્ચય સમ્યગ્દર્શન સ્વ આશ્રયનું, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ સ્વરૂપમાં રમણતા ચારિત્ર એ મોક્ષમાર્ગ. દેખો! આ મોક્ષમાર્ગ. '**કેવલ સાધતા હૈ...**' એને કેવળ સાધે છે. વિકલ્પ-ફિકલ્પને મુનિ સાધતા નથી. આરાધનામાં જરી નિશ્ચય-વ્યવહાર નાખશે. સમજાણું કાંઈ? અર્થમાં-અર્થમાં.

અહીં તો આ આત્મા મુનિ, પોતાનો ભગવાનઆત્મા, એનું સ્વનું સમ્યગ્દર્શન, સ્વનું જ્ઞાન અને સ્વનું આચરણ એ રત્નત્રયને સાધે તે સાધુ. નિશ્ચય રત્નત્રયને સાધનાર સાધક તે સાધુ. '**ઇસ પ્રકાર પાંચો પદ આત્મા હી મેં હૈ.**' એ પાંચે પદ આત્મામાં છે. સમજાણું કાંઈ? પર્યાયમાં છે એમ પણ નથી કહ્યું. આત્મામાં છે એમ કહ્યું છે. મારો ભગવાનઆત્મા એમાં એ પાંચેય પદ રહ્યા છે. આહાહા..! જુઓને! એ ગુણસ્વભાવ વર્ણવ્યો. સમજાણું કાંઈ? દૃષ્ટિ દ્રવ્ય ઉપર દે અને એને ધ્યાનમાં-લક્ષમાં લઈ અને ધ્યાન કર, પંચપરમેષ્ઠીનું ધ્યાન તને થઈ ગયું, જા! સમજાણું કાંઈ? બહારના ભગવાનને સંભારવાની તારે જરૂર નથી. મરતાં કેટલાક કહે ને ભગવાન પાસે જાવું છે, મને ઉપાડીને ભગવાન પાસે લઈ જાવ. ભગવાન ત્યાં ક્યાં

ભગવાન છે? ભગવાન તારો તો અહીં છે. મૂર્તિ ભગવાને આપી દે એવું છે ત્યાં? દર્શન કરવા દયો. ભગવાનના છેલ્લા દર્શન કરવા દયો. એ ભગવાન કે આ ભગવાન? શેઠ! હવે ટાણા આવ્યા અને હવે ક્યાં... ઉપાડીને લઈ જાય પછી ઠાઠડીમાં. ભગવાન પાસે છેલ્લા દર્શન કરાવો, ભાઈના! શેના દર્શન કરવા છે તારે? એય..!

મુમુક્ષુ :- દર્શન કરે તો આશીર્વાદ તો મળી જાય.

ઉત્તર :- લ્યો! કોના આશીર્વાદ? આશીર્વાદ તો આત્મા આપે. ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિ આપતા આશીર્વાદ આપે છે. પર્યાયમાં નિર્મળતા થાય છે.

મુમુક્ષુ :- ... છે તો માંગે.

ઉત્તર :- આત્મામાં છે એ માગ કહે છે. એમ. બહારમાં ક્યાં છે તો માગે? બહારમાં તું ક્યાં છો? બીજા આત્મામાં તું ક્યાં છો તો બીજા પાસેથી માગે છો? એમ છે અહીં તો. સમજાણું કાંઈ?

**'જબ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગકો કેવલ સાધતા હૈ...'** એમ ભાષા કેમ લીધી? કે મુનિનું પદ બીજું નથી. શિક્ષા-દીક્ષા દેવી એ તો મુનિને હોતું નથી. મુનિ તો પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદકંદને સાધે, બસ. એને ઉપદેશની પ્રધાનતા નથી, શિક્ષા-દીક્ષાની પ્રધાનતા નથી. એ તો આચાર્ય ઉપાધ્યાયને હોય છે. સમજાણું? **'કેવલ સાધતા હૈ...'** શુદ્ધ ઉપયોગની રમણતા જ સાધુ કરે છે. સમજાણું કાંઈ? જુઓ! **'રત્નત્રયસ્વરૂપ...'** ત્રણ છે ને? ઉપયોગ છે. ઉપયોગ અંદર રમે છે.

**'ઈસ પ્રકાર પાંચો પદ આત્મા હી મેં હૈ. સો આચાર્ય વિચાર કરતે હૈં કિ જો ઈસ દેહમેં આત્મા સ્થિત હૈ...'** આત્મામાં છે આ પાંચેય અને આત્મા પોતે આ દેહમાં જુદો સ્થિત છે. **'સો યદ્યપિ (સ્વયં) કર્મ આચ્છાદિત હૈ...'** ભલે કર્મનું પડળ ભિન્ન માથે પડ્યું છે. **'તો ભી પાંચોં પદોંકે યોગ્ય હૈ,...'** તોપણ ભગવાન તો પાંચેય પદને પ્રાપ્ત કરવાને લાયક છે. સમજાણું કાંઈ? **'ઈસીકે શુદ્ધ સ્વરૂપકા ધ્યાન કરના પાંચોં પદોંકા ધ્યાન હૈ,...'** **'ઈસીકે શુદ્ધ સ્વરૂપકા ધ્યાન કરના...'** ભગવાન શુદ્ધ સ્વરૂપ તદ્દન પવિત્ર, એનું ધ્યાન કરવાથી પાંચેય પદનું ધ્યાન થઈ જાય છે.

**'ઈસલિયે મેરે ઈસ આત્મા હી કા શરણ હૈ...'** આપે છે ને છેલ્લે શરણ? અરિહંતા શરણં. અમને અરિહંતનું શરણ હજો. સિદ્ધનું શરણ હજો. એ કહે છે કે હું અરિહંત અને સિદ્ધ છું. મારું શરણ મને હજો. 'ભગવાનજીભાઈ'! આવી વાતું છે. છેલ્લે આમ થઈ ગયું, બાપા! આ છેલ્લી સ્થિતિનું વર્ણન કરે છે. શરીર પડી જશે, આહાહા..! શૂળ ચડશે. એ જડમાં. તારો આત્મા તો એનાથી તદ્દન જુદો છે અને એમાં પાંચેય પદ વસેલાં-રહેલાં છે. એને છોડીને ભગવાનનું સ્મરણ કરવું એ તને વ્યાજબી નથી. એમ કહે છે. આહાહા..! નજર ખુંચેલીને બહારથી સંકેલીને અંદરમાં મૂકવાની છે કે બહારમાં રાખવાની છે? એમ કહે છે. મોટા પરમાત્મા પડ્યા છે અંદર. એવો ભગવાનઆત્મા એ મને દુઃખના નાશ કરવાના કાળમાં આ આત્મા શરણ છે. સમજાણું કાંઈ?

**'ઐસી ભાવના કી હૈ...'** લ્યો! એવી ભાવના-સ્વરૂપની એકાગ્રતા 'કુંદકુંદાચાર્યે' બનાવી

છે, કરાવી છે. '**ઔર પંચપરમેષ્ઠીકા ધ્યાનરૂપ અંતમંગલ બતાયા હૈ.**' મોક્ષપાહુડ છે ને? અંતમંગલનું માંગલિક પણ આ ગાથામાં કર્યું છે. પહેલી ગાથામાં માંગલિક હતું, વચમાં અને છેલ્લે માંગલિક (કરે છે). પાંચેય પરમેષ્ઠી મારામાં છે એ હું મંગલ સ્વરૂપ જ છું. આત્મા જ મંગલિક સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચય વ્યવહારને સાધે, વ્યવહાર .. નિશ્ચયને...

ઉત્તર :- સાધે-ફાધે કોઈ નહિ. નિમિત્તથી ન સાધે. વ્યવહારને વ્યવહારથી સાધે એમ કહેશે. ૧૦૫ ગાથામાં. અર્થ કરશે હોં! એ તો. પાઠમાં નથી. અર્થ કરશે. સમજાણું કાંઈ?

'**પંચપરમેષ્ઠીકા ધ્યાનરૂપ અંતમંગલ બતાયા હૈ.**' લ્યો! બહુ સરસ. દરેક પળે આત્મા જ શરણ છે, એક જ વાત અહીં તો કહે છે. સમજાણું કાંઈ? પાંચેય પરમાત્મા પરમેષ્ઠી, પંચ પદમાં તિષ્ઠ છે ને એ? તો પરમપદ એવું તારું સ્વરૂપ એમાં એ પાંચેય પદ તિષ્ઠ છે.

મુમુક્ષુ :- એમાં કોઈ આરાધના કરવી કે?

ઉત્તર :- આરાધના કરવાની ને. એના સ્વરૂપ તરફ ઢળવું એ. આરાધવું શેને? રાગને? પરને આરાધવું છે? આરાધવું એટલે કોને તારે આરાધવું છે?

મુમુક્ષુ :- અંતમંગલ...

ઉત્તર :- છેલ્લી. ગાથા ... છે ને. છેલ્લી ગાથા. છેલ્લે માંગલિક કર્યું. અંતિમ, અંતિમ.

મુમુક્ષુ :- સાર-સાર..

ઉત્તર :- નહિ, એમ નહિ. અંતિમ એટલે છેલ્લું. છેલ્લું મંગલ કર્યું. આ ગાથા છેલ્લી છે ને? છેલ્લું માંગલિક કર્યું.

'**અંતમંગલ બતાયા હૈ.**' ગાથા અંતમંગલની છે. સ્વરૂપમાં અંત મંગળ છે આત્મા એની આ વાત જણાવી છે. આહાહા..! વાત એ છે કે આત્મા વસ્તુ દૃષ્ટિમાં જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એનું માહાત્મ્ય એને દેખાતું નથી. સમજાણું કાંઈ? એનો સ્વભાવ મહાપ્રભુ છે. પર્યાયનું પણ માહાત્મ્ય જ્યાં નથી. વિકલ્પનું તો નથી, નિમિત્ત પરનું તો (નથી), પાંચ પરમેષ્ઠી દૂર રહી ગયા એ. અહીં ક્યાં છે? અહીં હોય એનું ધ્યાન હોય કે ત્યાં હોય એનું ધ્યાન હોય? એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકવાર ... કરાવી દે.

ઉત્તર :- કોણ કરાવી દે? અત્યાર સુધી મહેનત કોણે કરી છે પાપની? એણે કરી છે. જેણે કરી એ કરશે આ બધું. બીજું કોઈ કરી દે એવું છે? કહો, સમજાણું કાંઈ? કેટલી સાવધાની કરી છે? બીડીમાં.. હો.. હા... હો.. સાયકલમાં દોડાદોડ. એ તો જડની ક્રિયા હતી. એ કાંઈ કરી નથી તમે. તમે તો કરેલું પાપ. જે કરે તે તોડે. બીજો કોઈ કરે તો તોડે?

મુમુક્ષુ :- ગુરુ ઉપદેશ.

ઉત્તર :- એ ગુરુ એટલે આત્માનો ઉપદેશ લાગુ પડે ત્યારે ગુરુઉપદેશ વ્યવહારે કહેવામાં આવે છે. એ આવશે હમણાં, જુઓ!

आगे कहते हैं कि जो अंतसमाधिमरणमें चार आराधनाका आराधन कहा है वह भी आत्माहीकी चेष्टा है, इसलिये आत्माहीका मेरे शरण है :–

## ગાથા-૧૦૫

सम्मत्तं सण्णाणं सच्चारित्तं हि सत्त्वं चेव।
चउरो चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं।।१०५।।

सम्यक्त्वं सज्ज्ञानं सच्चारित्रं हि सत्तपः चैव।
चत्वारः तिष्ठन्ति आत्मनि तस्मादात्मा स्फुटं मे शरणं।।१०५।।

સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન, સત્ચારિત્ર, સત્તપ ચરણ જે,
ચારેય છે આત્મા મહીં; આત્મા શરણ મારું ખરે. ૧૦૫.

अर्थ :– सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यक्चारित्र और सम्यक् तप ये चार आराधना हैं, ये भी आत्मामें ही चेष्टारूप हैं, ये चारों आत्माहीकी अवस्था हैं, इसलिये आचार्य कहते हैं कि मेरे आत्माहीका शरण है।।१०५।। (भगवती आराधना गाथा नं.२)

भावार्थ :– आत्माका निश्चय–व्यवहारात्मक तत्त्वार्थश्रद्धानरूप परिणाम सम्यग्दर्शन है, संशय विमोह विभ्रमसे रहित और निश्चयव्यवहारसे निजस्वरूपका यथार्थ जानना सम्यग्ज्ञान है, सम्यग्ज्ञानसे तत्त्वार्थोंको जानकर रागद्वेषादिक रहित परिणाम होना सम्यक्चारित्र है, अपनी शक्ति अनुसार सम्यग्ज्ञानपूर्वक कष्टका आदर कर स्वरूपका साधना सम्यक्तप है, इस प्रकार ये चारों ही परिणाम आत्माके हैं, इसलिये आचार्य कहते हैं कि मेरे आत्माहीका शरण है, इसीकी भावनामें चारों आ गये.

अंतसल्लेखनामें चार आराधनाका आराधन कहा है, सम्यग्दर्शन ज्ञान चारित्र तप इन चारोंका उद्योत, उद्यवन, निर्वहण, साधन और निस्तरण एसे पंचप्रकार आराधना कही है, वह आत्माको भानेमें (–आत्माकी भावना–एकाग्रता करनेमें) चारों आ गये, ऐसे अंतसल्लेखनाकी भावना इसीमें आ गई ऐसे जानना तथा आत्मा ही परममंगलरूप है ऐसा भी बताया है।।१०५।।

## ગાથા-૧૦૫ ઉપર પ્રવચન

**'આગે કહતે હૈં કિ જો અંતસમાધિમરણમેં ચાર આરાધનાકા આરાધન કહા હૈ...'** દેખો. ભગવતી આરાધનામાં આવે છે ને? ભગવતી આરાધના છે ને? ભગવતી આરાધના. બીજી ગાથા જોવી પડશે ને. પાછળ બોલ આવે છે. ૧૦૫ ગાથામાં હવે આરાધના (સ્વરૂપ કહે છે). એ ચારેય આરાધના. ભગવતી આરાધનાની બીજી ગાથાનું લખાણ છે. અર્થમાં

આવશે. '**અંતસમાધિમરણમેં ચાર આરાધનાકા આરાધન કહા હૈ યહ ભી આત્માહીકી ચેષ્ટા હૈ,...**' છે એમાં એમ લખ્યું જોયું ને? એટલે આત્માની અવસ્થા. એમ. ચેષ્ટા એટલે અવસ્થા. જોગની ચેષ્ટા નથી આવતી? 'સમયસાર'માં આવે છે. મન, વચન અને કાયા જોગની ચેષ્ટા છે. આ આત્માની ચેષ્ટા છે. વીતરાગી ચેષ્ટા-અવસ્થા. '**ઈસલિયે આત્માહીકા મેરે શરણ હૈ.**'

**सम्मत्तं सण्णाणं सच्चारित्तं हि सत्त्वं चेव।**

**चउरो चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं।।१०५।।**

જુઓ! દરેકને સત્ શબ્દ લાગુ પાડ્યો છે. ચારેયને. '**सत् सम्मत्तं, सत् णाणं, सत् चारित्तं, सत्त्वं चेव**'. ઓલામાં હતું '**ते वि हु चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं।**' બુદ્ધં શરણં ગચ્છામી. નથી આવતું આ બૌદ્ધમાં? એમ અહીં કહે, અરિહંત શરણં ગચ્છામી. આપણે અહીંયાં આજુબાજું હતું ને? 'ધીરૂભાઈ'ને. ઓણસાલ ગુજરી ગયા, નહિ? બેય ગુજરી ગયા. 'વિનુભાઈ'. 'શિવલાલભાઈ'ના. 'શિવલાલભાઈ' આવ્યા છે? 'શિવલાલભાઈ'નો 'વિનુ' અને આ 'છોટાભાઈ'ના 'ધીરુ'. અકલંક અને નિકલંકનું અહીં નાટક પાડ્યું હતું. ત્યાં એક જણો (બોલ્યો), બુદ્ધં શરણં ગચ્છામી. ઓલો ઉઠ્યો, અરિહંત શરણં ગચ્છામી. અરે..! આ તો જૈન લાગે છે. મારો... એ આવે છે ને? નાટક પાડ્યું હતું એમાં. ભણવા ગયા હતા ને? અકલંક નિકલંક બૌદ્ધ નિશાળમાં ભણવા ગયા હતા. અકલંક-નિકલંકનું નાટક. અકલંક-નિકલંક બૌદ્ધમાં ભણવા ગયા હતા. બૌદ્ધની પાઠશાળા હતી. આ .. અરિહંત શરણં.. ત્યાં ઓલા જોઈ ગયા અરે..! આ શું? આ તો જૈન લાગે છે. મારો. ભાગ્યા બેય. એક તો તળાવમાં સંતાઈ ગયો અને એકને મારી નાખ્યો. તળાવમાં સંતાઈ ગયા એ અકલંક.અહીં કહે છે એ બધું શરણ આત્મામાં છે, ભાઈ! બુદ્ધં શરણં કે અરિહંત શરણં એ આત્મા છે. સિદ્ધા શરણં એ આત્મા છે.

'**અર્થ :- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ઔર સમ્યક્ તપ...**' દેખો! ચાર આરાધના આવ્યું ને? '**યે ચાર આરાધના હૈં, યે ભી આત્મામેં હી ચેષ્ટારૂપ હૈં,...**' એ આત્માની અવસ્થા છે. એ ચારેય વીતરાગી અવસ્થા છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્તપ. સમજાણું કાંઈ? '**યે ચારોં આત્માહીકી અવસ્થા હૈં, ઈસલિયે આચાર્ય કહતે હૈં કિ મેરે આત્માહીકા શરણ હૈ.**' આરાધના એ મારા આત્માનું શરણ છે. સમજાણું કાંઈ? આ દેવી-દેવલાને આરાધતા નથી? અહીં તો કહે છે, પંચપરમેષ્ઠીને આરાધવું એ પણ વિકલ્પ છે. એ બધી વીતરાગદશા મારામાં પડી છે માટે એનું આરાધન કરવું એ મારે આત્મા શરણ છે. આહાહા..! ખુલાસો આવશે.

'**ભાવાર્થ :- આત્માકા નિશ્ચય-વ્યવહારાત્મક તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ પરિણામ...**' અર્થકારે બેય લીધું છે. નિશ્ચય સમકિત અને વ્યવહાર સમકિત. નિશ્ચય સમકિત વીતરાગી પરિણામ છે, વ્યવહાર સમકિત વિકલ્પ છે. '**સમ્યગ્દર્શન હૈ, સંશય વિમોહ વિભ્રમસે રહિત ઔર નિશ્ચયવ્યવહારસે નિજસ્વરૂપકા યથાર્થ જાનના...**' સંશય છોડી વિમોહ છોડી, ભ્રમણા

છોડી નિશ્ચય વ્યવહારથી નિજ સ્વરૂપનું જ્ઞાન. નિશ્ચયનું દ્રવ્યનું, વ્યવહારનું પાંચ પરમેષ્ઠી આદિનું જ્ઞાન. એ વ્યવહાર છે. શાસ્ત્રનું જ્ઞાન એ વ્યવહાર છે. એને '**યથાર્થ જાનના સમ્યગ્જ્ઞાન હૈ,...**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંશય છોડી દેવો. આમ થશે કે આમ થશે? એ સંશય. વિમોહ. શું થશે કાંઈ ખબર નથી પડતી. એ વિમોહ. અનધ્યવસાય. કાંઈ ખબર નથી પડતી. છોડી દે. વસ્તુ યથાર્થ છે. અને વિભ્રમ એટલે વિપરીત. વિપરીતભાવ. છે એનાથી ઊલટું માનવું એ વિપરીત. છોડી દે ત્રણેય. સંશય છોડી દે, આમ હશે કે કેમ? એને પણ છોડી દે. અંદર આત્માનો નિશ્ચય કર. સમજાય છે કાંઈ? વિભ્રમ એટલે ભ્રમણા, વિપરીત. અનધ્યવસાય, સંશય, વિપરીત. ત્રણ વાત લીધી છે. એને છોડી '**ઔર નિશ્ચયવ્યવહારસે નિજસ્વરૂપકો યથાર્થ જાનના...**' દેખો! ભાષા એમ છે. સમજાણું? પર્યાયનું જ્ઞાન આદિ કરવું એ વ્યવહાર છે. નિશ્ચય દ્રવ્યનું જ્ઞાન કરવું એ નિશ્ચય છે.

'**સમ્યગ્જ્ઞાનસે તત્ત્વાર્થોંકો જાનકર...**' સમ્યગ્જ્ઞાન કરી, આત્માનું જ્ઞાન કરી, તત્ત્વાર્થ શ્રદ્ધાન, જ્ઞાનમાં શ્રદ્ધાન પ્રગટ કરી જાણી '**રાગદ્વેષાદિક રહિત પરિણામ હોના સમ્યક્ચારિત્ર હૈ,...**' લ્યો! એમાં વ્યવહાર ન નાખ્યો. સમજાણું? વીતરાગી અંતર રમણતા આત્મામાં આનંદમય એ ચારિત્ર છે. આહાહા..! નિર્વિકલ્પ રસ પીજીએ. આનંદનો રસ નિર્વિકલ્પ સ્થિરતા એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. સત્ ચારિત્ર. શબ્દ પડ્યો છે ને બધે? સત્દર્શન, સત્જ્ઞાન, સત્ચારિત્ર, સત્તપ. બધા લાંઘણું તપ આદિ કરે એ તપ નથી. બધુ એ ચાલ્યું, વળી આત્મા આત્મા ચાલ્યો ને? લોકો આત્મા-આત્મા બોલે. આત્મલક્ષે આપણે કરીએ છીએ. છીએ હવે, હોં! કોઈ આપણને એમ કહેતા હોય કે આ લાંઘણ કરે છે એમ નથી. ઠીક, ફેરવો શબ્દ.

મુમુક્ષુ :- શબ્દ ફરે કાંઈ ભાવ થોડો ફરે?

ઉત્તર :- શબ્દ ફેરવ્યો. ભાવ કાંઈ ફરે છે? ભાવ તો મિથ્યાદૃષ્ટિ છે. અપવાસ પર્યુષણમાં થયા ને ઘણા? એય..! 'મલૂકચંદભાઈ' તમારા ગામની વાત ચાલે છે. એમ કે આત્મલક્ષી આ બધા અપવાસ છે, ફલાણું છે, ઢીકણું છે. ધૂળેય આત્મલક્ષ ક્યાં હતું તારે હવે? હજી દેવ-શાસ્ત્ર-ગુરુના ઠેકાણા નથી અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને તો એ વિકલ્પ અને રાગ છે. આત્મા અંદર અખંડ આનંદ છે એના ભાવના ભાન વિના લક્ષ કેવું આત્માનું? લાંઘણું નથી. લાઘણું-લાઘણું અહીંથી આવે છે ખરી ને? નહિ. એમ નથી. કાયક્લેશ નથી આ. આ તો આત્મલક્ષી તપસ્યા થાય છે. જુઓ કેટલા! વ્યાખ્યાન સાંભળવામાં અપવાસ ૩૦, ૩૫, ૪૦-૪૦. ધ્યાનથી સાંભળે છે. હવે પણ તારું વ્યાખ્યાન જ મિથ્યાદૃષ્ટિનું છે. એય..!

મુમુક્ષુ :- નિશ્ચયમાં તો નથી પણ વ્યવહારમાં તો છે.

ઉત્તર :- વ્યવહાર એટલે? કોથળો ખાલી. બારદાન. બારદાન ચોખાનું હોય તો કાંઈ રાધવામાં કામ આવે? ચાર મણ અને અઢી શેર. ચાર મણ ચોખા અને અઢી શેર બારદાન.

ચાર મણ રાંધ્યા અને અઢી શેર તૂટ્યા. કોથળો રંધાતો હશે? કોથળો સમજો છો? બારદાન. બોરી. ખાલી બોરી. હોય ત્યારે બોલાય એમાં. ચાર મણ અને અઢી શેર. એમ બોલે અમારી દુકાનમાં એક .. કરીને. બોલે બધું. ચાર મણ ચોખા અને અઢી શેર તો બારદાન છે. ચોખા ખૂટે તો અઢી શેર લેવા જાવા પડે. કાંઈ બારદાન રંધાતા હશે? એમ વ્યવહાર તો બારદાન છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભેગું તોળાય ખરું કે આ વ્યવહાર મોક્ષમાર્ગ છે અને આ નિશ્ચય છે. પણ એ કાંઈ આત્મામાં કામ આવે નહિ. એવી વાત છે. સમજાણું કાંઈ?

કહે છે કે રાગાદિ સહિત મિથ્યાત્વ. લ્યો. હવે આ તપની વ્યાખ્યા આવી. '**અપની શક્તિ અનુસાર સમ્યગ્જ્ઞાનપૂર્વક કષ્ટકા આદર...**' એટલે પુરુષાર્થ ઉગ્ર કરી '**સ્વરૂપકા સાધના સમ્યક્તપ હૈ,...**' કહ્યું હતું ને આપણે? મહા કષ્ટથી આરાધન થાય છે. સમ્યગ્દર્શન મહાકષ્ટથી મળે, મહાકષ્ટથી જ્ઞાન, મહાકષ્ટથી ચારિત્ર. કષ્ટ એટલે પુરુષાર્થ, ઉગ્ર પુરુષાર્થ. ચારિત્રના પુરુષાર્થથી પણ તપનો ઉગ્ર પુરુષાર્થ. ઇચ્છા નિરોધ મહા પુરુષાર્થ. ચારિત્રની રમણતા તો છે. એને તપ હોય. પણ એને ઉત્કૃષ્ટ ભાવથી... સમજ્યા? મહા પુરુષાર્થ આદરી સ્વરૂપને સાધવું એ સમ્યક્તપ છે. સમ્યક્તપ લેવું છે ને? અહીં સાચું તપ લેવું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વિનાનું તપ એ તપ નથી. એ તો બાળતપ છે, મુર્ખાઈ ભરેલા તપ છે.

'**ઈસ પ્રકાર યે ચારોં હી પરિણામ આત્માકે હૈં,...**' દેખો! ચારેય પરિણામ વીતરાગી આત્માના છે. આ કષ્ટ એટલે કીધું ને પુરુષાર્થ. મહા પુરુષાર્થ કરી. મોટો પુરુષાર્થ. લોકોને એમ લાગે કે આહાહા..! શરીર જીર્ણ થઈ ગયું. મોટું કષ્ટ સહન કરે છે. લોકો એમ બોલે છે ને. કષ્ટ ક્યાં છે ત્યાં? કષ્ટ હોય તો તો આર્તધ્યાન છે. અહીં તો તપ કહેવું છે. તપ-તપ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિતનું તપ. '**ચારોં હી પરિણામ આત્માકે હૈં,...**' દેખો! એ તો ચારેય આત્માના પરિણામ છે. કષ્ટ જો દુઃખ હોય તો વિકલ્પ છે.

મુમુક્ષુ :- ... ના પાડે છે.

ઉત્તર :- એ ખોટી વાત છે. આવે છે ને તમારે? ...માં આવે છે. ખોટી વાત. દેહ દુઃખં મહાફલં. ભૂલ હોય. દેહને દુઃખ છે? એ તો જડ છે. આત્માને કષ્ટ લાગે, અણગમો લાગે એ તો આર્તધ્યાન છે. પુણ્ય નથી ત્યાં વળી ધર્મ ક્યાંથી આવ્યો? આકરું કામ છે, ભાઈ!

સહજ સ્વરૂપ પ્રભુ, એની ચારિત્રદશામાં ઉગ્ર પુરુષાર્થ (છે). ઇચ્છા નિરોધ કરી અમૃતના સાગરને ઉછાળો અંદરથી. સમજાય છે? અમૃતના સાગરમાં ભરતી લાવવી પર્યાયમાં. એને તપ કહે છે. તપ્યંતિ ઈતિ તપઃ. આત્માની શુદ્ધ અવસ્થા, તપે, શોભે. જેમ સુવર્ણને ગેરુ આપતા શોભે. સુવર્ણ-સુવર્ણ (એને) ગેરુ (લગાવે તો) ઓપે છે ને? આપે છે. ચમક આવી જાય છે, ચમક. એમ ચારિત્રસહિત ઇચ્છા નિરોધમાં આત્મામાં ચમક આવી જાય છે. આનંદની ચમક. એણે સત્ તપ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- પોતાની શક્તિ અનુસાર.

ઉત્તર :- હઠ નહિ એમ કહે છે. હઠ કરે તો ક્યાં.. એની પોતાની શક્તિ પ્રમાણે પુરુષાર્થ

કરીને કરે.

**'ઈસ પ્રકાર યે ચારોં હી પરિણામ આત્માકે હૈં, ઈસિલયે આચાર્ય કહતે હૈં કિ મેરે આત્માહીકા શરણ હૈ,...'** આત્માના પરિણામ આત્માની અંદર પડ્યા માટે મારે આત્મા શરણ છે. આહાહા..! એ પરિણામ છે ને અવસ્થા? પણ એ અવસ્થા બધી મારા ગુણમાં પડી છે. એવો ગુણ સ્વભાવવાળો આત્મા તે મારે શરણ છે. ફેરવી ફેરવીને ત્યાં લાવવું છે. **'ઈસીકી ભાવનામેં ચારોં આ ગયે.'** આત્માના શરણમાં ચારેય ભાવનામાં આરાધના આવી ગઈ. **'ઈસકી ભાવનામેં...'** એટલે આત્માની એકાગ્રતામાં **'ચારોં આ ગયે.'** ચારેય આરાધના. આત્મા આનંદમાં એકાગ્રતાથી દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની ચારેય આરાધના આવી ગઈ. આહાહા..!

**'અંતસલ્લેખનામેં...'** છેલ્લે સંલેખના હોય છે ને છેલ્લે? સંથારો જેને કહે છે સંલેખના. **'ચાર આરાધનાકા આરાધન કહા હૈ,...'** મરણ વખતે ચારેય આરાધના કરવી. પંડિત મરણ. ભગવતી આરાધનામાં બધું વર્ણવ્યું છે. શેઠી! આ ભગવતી આરાધના વાંચો છો ને હવે? **'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર તપ ઈન ચારોંકા...'** લ્યો હવે. કહા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. સમ્યક્ બધાને લાગુ પાડવું. **'ઈન ચારોંકા ઉદ્યોત, ઉદ્યવન, નિર્વહણ, સાધન ઔર નિસ્તરણ ઐસે પંચપ્રકાર આરાધના કહી હૈ,...'** બીજી ગાથા છે આમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... બીજી ગાથામાં પાઠ છે. ભગવતી આરાધનામાં છે એ જ છે. **'उज्जोवणमुज्जवणं, णिव्वहणं साहणं च णित्थरणं'** એ પાંચ બોલ. બીજી ગાથા. ઉજ્જ્વળ પરિણામ, ઉદ્યોત એટલે ઉજ્જ્વળ પરિણામ. સમ્યગ્દર્શન નિર્મળ કરવું, જ્ઞાન નિર્મળ કરવું, ચારિત્ર નિર્મળ કરવું, તપ નિર્મળ કરવું. **'ઈનકી પૂર્ણતા કે લિયે ઉદ્યમ કરના, ઈનકા નિરાકુલતામેં નિર્વાહ કરના, નિરતિચાર સેવન કરના એવં આયુ કે અંતપર્યંત નિર્વિઘ્નતાપૂર્વક સેવન કરકે પરલોક તક લે જાના, ઉસકો જિનેન્દ્ર ભગવાનને આરાધના કહી હૈ.'** ચારેય બોલ આવી ગયા. **'उज्जोवणमुज्जवणं, णिव्वहणं साहणं च णित्थरणं'** છેક મરણ સુધી આરાધેલું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં ચાર આવ્યા. કઈ ગાથા?

ઉત્તર :- દૂસરી-દૂસરી. મૂળ પાઠ છે. અહીંયાં ચાર બોલ છે. નહિ? પાંચ. અહીં પાંચ છે. ઉજ્જ્વળ કરવું, ઉદ્યાપન કરવું વિશેષ પુરુષાર્થ કરવો. નિર્વાહ કરવો, સાધન કરવું અને અંત સમય સુધી પૂર્ણ કરવું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપને છેલ્લે પૂર્ણ કરવું એ નિસ્તરણ. મોટો આખો અર્થ છે.

**'ભાવાર્થ :- ઉનમેં સે દર્શનકા ઉદ્યોતન કરના અર્થાત્ શંકાદિ દોષ નહીં લગાના, આપ્ત કે દ્વારા કહે ગયે તત્ત્વ મેં અચલ પ્રતીતિ કરના હી હૈ. જ્ઞાનકા ઉદ્યોતન કરના અર્થાત્ પ્રમાણનયાદિ સે નિર્ણય કરકે ઉન્હેં સંશય, વિપર્યય ઔર અનધ્યવસાય રહિત જાનના.**

**ચારિત્રકા ઉદ્યોતન કરના અર્થાત્ નિરતિચાર મૂલગુણ-ઉત્તરગુણોંકો ધારણા કરના તથા તપકા ઉદ્યોતન કરના અર્થાત્ અસંયમકે અભાવરૂપ આત્મા કી વિશુદ્ધતા કરના તથા જિસ માર્ગ સે યે દર્શન, જ્ઞાન, ચારિત્ર ઔર તપ આરાધના અપને કો પ્રાપ્ત હો યા વિશેષ-વિશેષ વિશુદ્ધતા હો, ઉસ માર્ગમેં પ્રવર્તન કરના અથવા આરાધના કે ધારકોંકી સંગતિ કરના યા મન-વચન-કાયકી પ્રવૃત્તિ યા ગ્રહણ-ત્યાગ જૈસે ભી આરાધન હો, વૈસે કરના-યહ ઉદ્યમન.**' ઉદ્યમનની વ્યાખ્યા લીધી.

'**આરાધનાકે વિરાધક ઉપસર્ગ પરિષહ કી વેદનાદિ આને પર ભી આકુલતા રહિત ધારણ કરના – યહ નિર્વહણ જાનના.**' નિર્વાહ કરવો શાંતિથી. વળી '**આરાધના કે કારણભૂત આપ્ત કે વચનોં કા પઠન, શ્રવણ ઔર સાધુ સંગતિ કરના તથા જિનસે આરાધના કી વિશુદ્ધતા હો, ઉન કારણોં કો મિલાના – યે સાધન હૈં.**' '**અપની યે ચારોં આરાધનાયેં જિસપ્રકાર ભી પરલોક પર્યંત ન છૂટે, ઉસપ્રકાર આયુકે અંતપર્યંત પ્રવૃત્તિ કરના – યહ નિસ્તરણ હૈ.**' ટૂંકું કરી નાખ્યું. લાંબુ કરવા જાય કાંઈ? અહીં તો એનો શબ્દાર્થ (લીધો છે). કહ્યું ને?

ઉદ્યોત એટલે ઉજ્જ્વળ કરવું. '**उज्जोवणम**' વિશેષ નિર્મળતા. નિર્વાહ કરવો. જે કાંઈ માર્ગ ગ્રહણ કર્યો તેનો નિર્વાહ કરવો અને સાધન-તેના સાધનમાં અંતર એકાગ્ર થવું અને નિસ્તરણ એટલે પૂરું કરવું. નિસ્તાર કરવો, અંત લાવવો શાંતિ.. આરાધના ચાર પ્રકારની જુઓ આચાર્યે પણ ઓહોહો..! 'જયચંદ્ર પંડિતે' પણ અર્થ જોઈએ એવો કર્યો છે, હોં! આવા શ્રાવક પણ આવા અર્થ કરે છે, જુઓને! ચારે કોરથી મેળવીને. એ વખતે શ્રાવક પણ બધા ઊંચા હતા. મુનિઓ સાચા હતા. અત્યારે બધું ફરી ગયું ઘણું. માર્ગ ફેરવી નાખ્યો. ભગવાન આત્માનું આરાધન કરવાનો માર્ગ જોઈએ એને ઠેકાણે બહારના વિકલ્પની માથાકૂટનો પાર નહિ. આત્માને લાભ ન થાય એમાં. અહો કષ્ટો, મહાકષ્ટો લાભં કિંચિત્ વિદ્યતિ. કષ્ટ ઘણું અને આત્માને લાભ કાંઈ નહિ. નુકસાન.

અહીં તો કહે છે, સહજ સ્વરૂપ સમ્યગ્દર્શન, સહજ સ્વરૂપ સમ્યગ્જ્ઞાન, સહજ સ્વરૂપ સમ્યક્ચારિત્ર, સહજ સ્વરૂપ ઈચ્છાનિરોધ અમૃતનો ઉછાળ. એવા ભાવને '**પાંચ પ્રકારકી આરાધના કહી હૈ,...**' ભગવતી આરાધનાની બીજી ગાથા. મૂળ પાઠ. '**વહ આત્માકો ભાનેમેં (–આત્માકી ભાવના-એકાગ્રતા કરનેમેં) ચારોં આ ગયે,...**' લ્યો! જેણે આત્મા અખંડ પૂર્ણાનંદ પ્રભુ, એની એકાગ્રતાનું સાધન કર્યું એને આ ચારેય આરાધના-પાંચેય અંદર આવી ગઈ. સમજાણું કાંઈ? આત્માનું આરાધન કર્યું એને પાંચેય પદ આવી ગયા અને આત્માનું આરાધન કર્યું એને આ પાંચેય આરાધના આવી ગઈ એમ કહે છે. કારણ કે એ બધી આરાધનાની પર્યાયો નિર્મળ, વીતરાગી એ તો આત્મામાં પડી છે બધી. એનું આરાધન કરતા પાંચેય આરાધના થઈ જાય. પાર પડી જાય પાર. સંલેખના પૂરી પડી ગઈ. સંલેખના સીજી આનંદમાં દેહ છૂટી જાય ફડાક દઈને. અતીન્દ્રિય આનંદમાં અંદર ઝંપલાવ્યું છે આત્મામાં.

મુમુક્ષુ :- આત્માની લીનતામાં ..

ઉત્તર :- બધું આવી ગયું. આત્મામાં બધું આવી ગયું. .. આ આત્મા જેવો છે એનું

આરાધન કરતા પાંચેય આરાધના આવી ગઈ. ભિન્ન કરવાની જરૂર નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ઐસે અંતસલ્લેખનાકી ભાવના ઈસીમેં આ ગઈ ઐસે જાનના...'** **'ઈસીમેં આ ગઈ...'** **'ઈસીમેં...'** એટલે આત્મામાં. આત્મા... આત્મા... આત્મા... એક જણો કહે કે દસ મહિના સુધી આત્મા કૂટ્યો. (સંવત) ૧૯૯૫માં આત્માની વ્યાખ્યા ચાલતી હતી. ૯૫. .. ૩૧ વર્ષ થયા. .. એક જણો કહે, આત્મા-આત્મા કરે છે. વળી એક જણો એવો નીકળ્યો કે મહારાજે દસ મહિનાનું વ્યાખ્યાન આપ્યું (સંવત) ૧૯૯૫ની સાલમાં, એનો દસ લીટીમાં સાર આપે એને દસ રૂપિયાનું ઈનામ. 'છેલભાઈ' નાગર હતા. નાગર હતા ને? ૯૫નું ચોમાસુ 'રાજકોટ' હતું ને? ૩૧ વર્ષ પહેલાની વાત છે. ૩૧. ૩૦ અને ૧. 'સમયસાર' ચાલ્યું. દસ મહિના અને દસ દિ'. એક જણો કહે, આ આત્મા-આત્મા.. અહીં મોઢે ન કહે. પાછળથી વાત સાંભળી હતી. આત્મા-આત્મા કૂટ્યો દસ મહિના. પણ આ કરવું (એ કંઈ તો આવ્યું નહિ). અરે..ભગવાન!

એક જણો એવો નીકળ્યો. વકીલ હતો ને? કોણ હતું? વકીલ હતો નાગર. 'છેલભાઈ' વૈષ્ણવ હતા. એ આવતા વ્યાખ્યાનમાં. એટલે એ કહે, મહારાજે દસ મહિના અને દસ દિ' વ્યાખ્યાન આપ્યું એ દસ લીટીમાં સાર કરે એને દસ રૂપિયા આપશું. ૯૫ની વાત છે.

મુમુક્ષુ :- સંપ્રદાયની વાત છે.

ઉત્તર :- સંપ્રદાયની વાત છે. આ તો ૩૧ વર્ષ થયા. સંપ્રદાયને સાડી પાંત્રીસ વર્ષ થયા. સમજાણું કાંઈ? બધા બેય નીકળે, બેય પ્રકારના માણસ.

અહીં કહે છે, આત્મા-આત્મા ત્રણ ગાથાથી ઉપાડ્યો એકલો. નમવા યોગ્ય તો એ, સ્તુતિ કરવા લાયક હોય તો એ, ધ્યાન કરવા લાયક હો તો એ. આ પંચપરમેષ્ઠી સમાય ગયા હોય તોપણ એ, અને પાંચેય આરાધના સમાય ગઈ હોય તોપણ એ. આહાહા..! અરે..! આત્મા સિવાય બીજી શું ચીજ છે? આહાહા..!

મુમુક્ષુ :- કૂટવાનો આત્માને છે, શરીરને ક્યાં કૂટવાનું છે.

ઉત્તર :- શરીર શું પણ પર્યાયની અહીં તો વાત નથી. અહીં તો આત્મા વસ્તુ એમ કહે છે. એમાં બધું વસેલું છે. પાંચ પરમેષ્ઠી, આરાધના બધું વસેલું છે. એવડો મોટો આત્મા એને અંદર રુચિમાં બેસવો મહાપુરુષાર્થ છે. એ જ પહેલો મહાપુરુષાર્થ છે. પછી વળી ચારિત્રનો પુરુષાર્થ, પછી તપનો પુરુષાર્થ, આરાધનાનો પુરુષાર્થ. પૂરું. એક-બે ભવે ખલાસ. સમજાણું કાંઈ? સંસારનો અંત, મોક્ષની પ્રાપ્તિ. મોક્ષ અધિકાર છે ને.

**'તથા આત્મા હી પરમલમંગલરૂપ હૈ ઐસા ભી બતાયા હૈ.'** દેખો! ઓલામાં એમ કહ્યું હતું ને? અંતમંગલ કહ્યું હતું. અહીં આત્મા પરમમંગલરૂપ છે. આહાહા..! મહા પરમમંગલરૂપ તો આત્મા તારો છે. ભગવાન માંગલિક તો પર છે. **'ઐસા ભી બતાયા હૈ.'** લ્યો! ... પછી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

आगे यह मोक्षपाहुड ग्रंथ पूर्ण किया, इसके पढ़ने सुनने भानेका फल कहते हैं :–

## ગાથા-૧૦૬

एवं जिणपण्णत्तं मोक्खस्स य पाहुडं सुभत्तीए।
जो पढइ सुणइ भावइ सो पावइ सासयं सोक्खं।।१०६।।
एवं जिनप्रज्ञप्तं मोक्षस्य च प्राभृतं सुभक्त्या।
यः पठति श्रृणोति भावयति सः प्राप्नोति शाश्वतं सौख्यं।।१०६।।
આ જિનનિરૂપિત મોક્ષપ્રાભૃત-શાસ્ત્રને સદ્‌ભક્તિએ,
જે પઠન-શ્રવણ કરે અને ભાવે, લહે સુખ નિત્યને. ૧૦૬.

अर्थ :– पूर्वोक्त प्रकार जिनदेवके कहे हुए मोक्षपाहुड ग्रंथको जो जीव भक्तिभावसे पढ़ते हैं, इसकी वारंवार चिंतवनरूप भावना करते हैं तथा सुनते हैं, वे जीव शाश्वत सुख, नित्य अतीन्द्रिय ज्ञानानंदमय सुखको पाते हैं।

भावार्थ :– मोक्षपाहुडमें मोक्ष और मोक्षके कारणका स्वरूप कहा है और जो मोक्षके कारणका स्वरूप अन्य प्रकार मानते हैं उनका निषेध किया है, इसलिये इस ग्रंथके पढ़ने, सुननेसे उसके यथार्थ स्वरूपका–ज्ञान–श्रद्धान आचरण होता है, उस ध्यानसे कर्मका नाश होता है और इसकी वारंवार भावना करनेसे उसमें दृढ़ होकर एकाग्रध्यानकी सामर्थ्य होती है, उस ध्यानसे कर्मका नाश होकर शाश्वत सुखरूप मोक्षकी प्राप्ति होती है। इसलिये इस ग्रंथको पढ़ना–सुनना निरन्तर भावना रखनी ऐसा आशय है।।१०६।।

इस प्रकार श्रीकुन्दकुन्द आचार्यने यह मोक्षपाहुड ग्रंथ संपूर्ण किया। इसका संक्षेप इस प्रकार है कि–यह जीव शुद्ध दर्शनज्ञानमयी चेतनास्वरुप है तो भी अनादिहीसे पुद्‌गल कर्मके संयोगसे अज्ञान मिथ्यात्व रागद्वेषादिक विभावरूप परिणमता है इसलिये नवीन कर्मबंधके संतानसे संसारमें भ्रमण करता है। जीवकी प्रवृत्तिके सिद्धांतमें सामान्यरूपसे चौदह गुणस्थान निरूपण किये हैं–इनमें मिथ्यात्वके उदयसे मिथ्यात्व गुणस्थान होता है, मिथ्यात्वकी सहकारिणी अनंतानुबंधी कषाय है, केवल उसके उदयसे सासादन गुणस्थान होता है और सम्यक्त्व–मिथ्यात्व दोनोंके मिलापरूप मिश्रप्रकृतिके उदयसे मिश्रगुणस्थान होता है, इन तीन गुणस्थानोंमें तो आत्मभावनाका अभाव ही है।

* जब काललब्धिके निमित्तसे जीवाजीव पदार्थोंका ज्ञान–श्रद्धान होने पर सम्यक्त्व होता है तब इस जीवको अपना और परका, हित–अहितका तथा हेय–उपादेयका जानना होता है तब आत्माकी भावना होती है तब अविरतनाम चौथा गुणस्थान होता है। जब एकदेश परद्रव्यसे निवृत्तिका परिणाम होता है तब जो एकदेशचारित्ररूप पाँचवाँ गुणस्थान होता है

उसको श्रावकपद कहते हैं। सर्वदेश परद्रव्यसे निवृत्तिरूप परिणाम हो तब सकलचारित्ररूप छट्ठा गुणस्थान होता है, इसमें कुछ संज्वलन चारित्रमोहके तीव्र उदयसे स्वरूपके सांधनेमें प्रमाद होता है, इसलिये इसका नाम प्रमत्त है, यहां से लगाकर ऊपरके गुणस्थानवालों को साधु कहते हैं।

(* स्वसन्मुखतारूप निज परिणामकी प्राप्तिका नाम ही उपादानरूप निश्चयकाललब्धि है, वह हो तो उस समय बाह्य द्रव्य–क्षेत्र–कालादि उचित सामग्री निमित्त है–उपचार कारण है, अन्यथा उपचार भी नहीं।)

जब संज्वलन चारित्रमोहका मंद उदय होता है तब प्रमादका अभाव होकर स्वरूपके साधनेमें बड़ा उद्यम होता है तब इसका नाम अप्रमत्त ऐसा सातवाँ गुणस्थान है, इसमें धर्मध्यानकी पूर्णता है। जब इस गुणस्थानमें स्वरूपमें लीन हो तब सातिशय अप्रमत्त होता है, श्रेणीका प्रारंभ करता है तब इससे ऊपर चारित्रमोहका अव्यक्त उदयरूप अपूर्वकरण, अनिवृत्तिकरण, सूक्ष्मसांपराय नाम धारक ये तीन गुणस्थान होते हैं। चौथेसे लगाकर दसवें सूक्ष्मसांपराय तक कर्मकी निर्जरा विशेषरूपसे गुणश्रेणीरूप होती है।

इससे ऊपर मोहकर्मके अभावरूप ग्यारहवाँ, उपशांतकषाय, क्षीणकषाय गुणस्थान होते हैं। इसके पीछे शेष तीन घातिया कर्मोंका नाशकर अनंत चतुष्टय प्रगट होकर अरहंत होता है यह सयोगी जिन नाम गुणस्थान है, यहाँ योगकी प्रवृत्ति है। योगोंका निरोधकर अयोगी जिन नामका चौदहवाँ गुणस्थान होता है, यहाँ अघातिया कर्मोंका भी नाश करके लगता ही अनंतर समयमें निर्वाणपदको प्राप्त होता है, यहाँ संसारके अभावसे मोक्ष नाम पाता है।

इस प्रकार सब कर्मोंका अभावरूप मोक्ष होता है, इसके कारण सम्यग्दर्शन–ज्ञान–चारित्र कहे, इनकी प्रवृत्ति चौथेगुणस्थानसे सम्यक्त्व प्रगट होनेपर एकदेश होती है, यहाँसे लगाकर आगे जैसे–जैसे कर्मका अभाव होता है वैसे–वैसे सम्यग्दर्शन आदिकी प्रवृत्ति बढ़ती जाती है और जैसे–जैसे इनकी प्रवृत्ति बढ़ती है वैसे–वैसे कर्मका अभाव होता जाता है, जब घाति कर्मका अभाव होता है तब तेरहवें गुणस्थानमें अरहंत होकर जीवमुक्त कहलाते हैं और चौदहवें गुणस्थानके अंतमें रत्नत्रयकी पूर्णता होती है, इसलिये अघाति कर्मका भी नाश होकर अभाव होता है तब साक्षात् मोक्ष होकर सिद्ध कहलाते हैं।

इसप्रकार मोक्षका और मोक्षके कारणका स्वरूप जिन–आगमसे जानकर और सम्यग्दर्शन–ज्ञान–चारित्र मोक्षके कारण कहे हैं इनको निश्चय–व्यवहाररूप यथार्थ जानकर सेवन करना। तप भी मोक्षका कारण है उसे भी चारित्रमें अंतर्भूत कर त्रयात्मक ही कहा है। इस प्रकार इन कारणोंसे प्रथम तो तद्भव ही मोक्ष होता है। जबतक कारणकी पूर्णता नहीं होती है उससे पहिले कदाचित् आयुकर्मकी पूर्णता हो जाय तो स्वर्गमें देव होता है, वहाँ भी यह वांछा रहती है यह *शुभोपयोगका अपराध है, यहाँसे चयकर मनुष्य होऊँगा तब सम्यग्दर्शनादि

मोक्षमार्गका सेवनकर मोक्ष प्राप्त करूँगा, ऐसी भावना रहती है तब वहाँसे चयकर मोक्ष पाता है। (* पुरुषार्थसिद्धि–उपाय श्लोक नं.२२० ''रत्नत्रयरूप धर्म है वह निर्वाणका ही कारण है और उस समय पुण्यका आस्रव होता है वह अपराध शुभोपयोगका है।'')

अभी इस पंचमकालमें द्रव्य, क्षेत्र, काल, भावकी सामग्रीका निमित्त नहीं है इसलिये तद्भव मोक्ष नहीं है, तो भी जो रत्नत्रयका शुद्धतापूर्वक पालन करे तो यहाँसे देव पर्याय पाकर पीछे मनुष्य होकर मोक्ष पाता है। इसलिये यह उपदेश है–जैसे बने वैसे रत्नत्रयकी प्राप्तिका उपाय करना, इसमें भी सम्यग्दर्शन प्रधान है इसका उपाय तो अवश्य चाहिये इसलिये जिनागमको समझकर सम्यक्त्वका उपाय अवश्य करना योग्य है, इसप्रकार इस ग्रंथका संक्षेप जानो।

* छप्पय *

सम्यग्दर्शन ज्ञान चरण शिवकारण जानूं,
ते निश्चय व्यवहाररूप नीकैं लखि मानूं।
सेवो निशदिन भक्तिभाव धरि निजबल सारू,
जिन आज्ञा सिर धारि अन्यमत तजि अधकारू।।
इस मानुषभवकूं पायकै अन्य चारित मति धरो।
भविजीवनिकूं उपदेश यह गहिकरि शिवपद संचरो।।१।।

* दोहा *

बंदूं मंगलरूप जे अर मंगलकरतार।
पंच परम गुरु पद कमल ग्रंथ अंत हितकार।।२।।

यहाँ कोई पूछे कि – ग्रन्थोमें जहाँ–तहाँ, पंच णमोकारकी महिमा बहुत लिखी है, मंगलकार्यमें विघ्नको दूर करनेके लिये इसे ही प्रधान कहा है और इसमें पंच–परमेष्ठीको नमस्कार है वह पंचपरमेष्ठीकी प्रधानता हुई, पंचपरमेष्ठीको परम गुरु कहे इसमें इसी मंत्रकी महिमा तथा मंगलरूपपना और इससे विघ्नका निवारण, पंच–परमेष्ठीके प्रधानपना और गुरुपना तथा नमस्कार करने योग्यपना कैसे है ? वह कहो।

इसके समाधानरूप कुछ लिखते हैं :– प्रथम तो पंचणमोकार मंत्र है, इसके पैंतीस अक्षर हैं, ये मंत्रके बीजाक्षर हैं तथा इनका योग सब मंत्रोसे प्रधान है, इन अक्षरोंका गुरु आम्नायसे शुद्ध उच्चारण हो तथा साधन यथार्थ हो तब ये अक्षर कार्यमें विघ्नके दूर करनेमें कारण हैं इसलिये मंगलरूप हैं। 'म' अर्थात् पापको गाले उसे मंगल कहते हैं तथा 'मंग' अर्थात् सुखको लावे, दे, उसको मंगल कहते हैं, इससे दोनों कार्य होते हैं। उच्चारणसे विघ्न टलते हैं, अर्थका विचार करने पर सुख होता है, इसीसे इसको मंत्रोमें प्रधान कहा है, इस प्रकार तो मंत्रके आश्रय महिमा है।

पंचपरमेष्ठीको नमस्कार इसमें है–वे पंचपरमेष्ठी अरहंत, सिद्ध, आचार्य, उपाध्याय, और

साधु ये हैं, इनका स्वरूप तो ग्रन्थोंमें प्रसिद्ध है, तो भी कुछ लिखते हैं :– यह अनादिनिधन अकृत्रिम सर्वज्ञकी परंपरासे सिद्ध आगममें कहा है ऐसा षट्द्रव्यस्वरूप लोक है, इसमें जीवद्रव्य अनंतानंत हैं और पुद्गलद्रव्य इनसे अनंतानंत गुणे हैं, एक–एक धर्मद्रव्य, अधर्मद्रव्य, आकाशद्रव्य हैं और कालद्रव्य असंख्यात द्रव्य है। जीव तो दर्शनज्ञानमयी चेतनास्वरूप है। अजीव पाँच हैं ये चेतनारहित जड़ हैं– धर्म, अधर्म, आकाश और काल ये चार द्रव्य तो जैसे हैं वैसे ही रहते हैं इनके विकार परिणति नहीं है, जीव–पुद्गलद्रव्यके परस्पर निमित्त–नैमित्तिकभावसे विभावपरिणति है इनमें भी पुद्गल तो जड़ है, इसके विभावपरिणतिका दुःख–सुखका संवेदन नहीं है और जीव चेतन है इसके सुख–दुःखका संवेदन है।

जीव अनन्तानंत हैं इनमें कई तो संसारी हैं, कई संसारसे निवृत्त होकर सिद्ध हो चुके हैं। संसारी जीवोंमें कई तो अभव्य हैं तथा अभव्यके समान हैं, ये दोनों जातिके संसारसे निवृत्त कभी नहीं होते हैं, इनके संसार अनादिनिधन है। कई भव्य हैं, ये संसारसे निवृत्त होकर सिद्ध होते हैं, इसप्रकार जीवोंकी व्यवस्था है। अब इनके संसारकी उत्पत्ति कैसे है वह कहते हैं :–

जीवोंके ज्ञानावरणादि आठ कर्मोंका अनादिबंधरूप पर्याय है, इस बंधके उदयके निमित्तसे जीव रागद्वेषमोहादि विभावपरिणतिरूप परिणमता है, इस विभावपरिणतिके निमित्तसे नवीन कर्मबंध होता है, इसप्रकार इनके संतानपरंपरासे जीवके चर्तुगतिरूप संसारकी प्रवृत्ति होती है, इस संसारमें चारों गतियोंमें अनेक प्रकार सुख–दुःखरूप हुआ भ्रमण करता है; तब कोई काल ऐसा आवे जब मुक्त होना निकट हो तब सर्वज्ञके उपदेशका निमित्त पाकर अपने स्वरूपको और कर्मबंधके स्वरूपको, अपने भीतरी विभावके स्वरूपको जाने इनका भेदज्ञान हो, तब परद्रव्यको संसारका निमित्त जानकर इससे विरक्त हो, अपने स्वरूपके अनुभवका साधन करे–दर्शन–ज्ञानरूप स्वभावमें स्थिर होनेका साधन करे तब इसके बाह्यसाधन हिंसादिक पंच पापोंका त्यागरूप निर्ग्रंथ पद, सब परिग्रहकी त्यागरूप निर्ग्रंथ दिगम्बर मुद्रा धारण करे, पाँच महाव्रत, पाँच समितिरूप, तीन गुप्तिरूप प्रवर्ते तब सब जीवों पर दया करनेवाला साधु कहलाता है।

इसमें तीन पद होते हैं – जो आप साधु होकर अन्यको साधुपदकी शिक्षा–दीक्षा दे वह आचार्य कहलाता है, साधु होकर जिनसूत्रको पढ़े पढ़ावे वह उपाध्याय कहलाता है, जो अपने स्वरूपके साधनेमें रहे वह साधु कहलाता है, जो साधु होकर अपने स्वरुपके साधनके ध्यानके बलसे चार घातिया कर्मोंका नाशकर केवलज्ञान, केवलदर्शन, अनन्तसुख और अनन्तवीर्यको प्राप्त हो वह अरहंत कहलाता है, तब तीर्थंकर तथा सामान्यकेवली–जिन इन्द्रादिकसे पूज्य होता है, इनकी वाणी खिरती है जिससे सब जीवोंका उपकार होता है, अहिंसा धर्मका उपदेश होता है, सब जीवोंकी रक्षा कराते हैं यथार्थ पदार्थोंका स्वरूप बताकर मोक्षमार्ग दिखाते हैं, इसप्रकार अरहंत पद होता है और जो चार अघातिया कर्मोंका भी नाशकर सब कर्मोंसे रहित हो जाते हैं वह

सिद्ध कहलाते हैं।

इस प्रकार ये पाँच पद हैं, ये अन्य सब जीवोंसे महान हैं इसलिये पंचपरमेष्ठी कहलाते हैं, इनके नाम तथा स्वरूपके दर्शन, स्मरण, ध्यान, पूजन, नमस्कारसे अन्य जीवोंके शुभपरिणाम होते हैं इसलिये पापका नाश होता है, वर्तमान विघ्नका विलय होता है आगामी पुण्यका बंध होता है, इसलिए स्वर्गादिक शुभगति पाता है। इनकी आज्ञानुसार प्रवर्तनेसे परंपरासे संसारसे निवृत्ति भी होती है, इसलिये ये पाँच परमेष्ठी सब जीवोंके उपकारी परमगुरु हैं, सब संसारी जीवोंसे पूज्य हैं। इनके सिवाय अन्य संसारी जीव राग-द्वेष-मोहादि विकारों से मलिन हैं, ये पूज्य नहीं हैं, इनके महानपना, गुरुपना, पूज्यपना नहीं है, आपही कर्मोंके वश मलिन हैं तब अन्यका पाप इनसे कैसे कटे ?

इस प्रकार जिनमतमें इन पंच परमेष्ठीका महानपना प्रसिद्ध है और न्यायके बलसे भी ऐसा ही सिद्ध होता है, क्योंकि जो संसारके भ्रमणसे रहित हों वे ही अन्यके संसारका भ्रमण मिटानेको कारण होते हैं। जैसे जिसके पास धनादि वस्तु हो वही अन्यको धनादिक दे और आप दरिद्री हो तब अन्यकी दरिद्रता कैसे मटे, इस प्रकार जानना। जिनको संसारके दुःख मेटने हों और संसारभ्रमणके दुःखरूप जन्म-मरणसे रहित होना हो वे अरहंतादिक पंच परमेष्ठीका नाम मंत्र जपो, इनके स्वरूपका दर्शन, स्मरण, ध्यान करो, इससे शुभ परिणाम होकर पापका नाश होता है, सब विघ्न टलते हैं, परंपरासे संसारका भ्रमण मिटता है, कर्मोंका नाश होकर मुक्तिकी प्राप्ति होती है, ऐसा जिनमतका उपदेश है अतः भव्य जीवोंके अंगीकार करने योग्य है।

यहाँ कोई कहे-अन्यमतमें ब्रह्मा, विष्णु, शिव आदिक इष्टदेव मानते हैं उनके भी विघ्न टलते देखे जाते हैं तथा उनके मतमें राजादि बड़े-बड़े पुरुष देखे जाते हैं, उनके भी वे इष्ट विघ्नादिकको मेटनेवाले हैं ऐसे ही तुम्हारे भी कहते हो, ऐसा क्यों कहते हो कि यह पंचपरमेष्ठी ही प्रधान हैं अन्य नहीं हैं ? उसको कहते हैं, हे भाई! जीवों के दुःख तो संसारभ्रमणका है और संसारभ्रमणके कारण राग द्वेष मोहादिक परिणाम हैं तथा रागादिक वर्तमानमें आकुलतामयी दुःखस्वरूप हैं, इसलिये ये ब्रह्मादिक इष्टदेव कहे ये तो रागादिक तथा काम-क्रोधादि युक्त हैं, अज्ञानतपके फलसे कई जीव सब लोकमें चमत्कारसहित राजादिक बड़ा पद पाते हैं, उनको लोग बड़ा मानकर ब्रह्मादिक भगवान कहने लग जाते हैं और कहते हैं कि यह परमेश्वर ब्रह्माका अवतार है, तो ऐसे माननेसे तो कुछ मोक्षमार्गी तथा मोक्षरूप होता नहीं है, संसारी ही रहता है।

ऐसे ही अन्यदेव सब पदवाले जानने, वे आपही रागादिकसे दुःखरूप हैं, जन्म-मरण सहित हैं वे परका-संसारका दुःख कैसे मेटेंगे? उनके मतमें विघ्नका टलना और राजादिक बड़े पुरुष होते कहे जाते हैं, वहाँ तो उन जीवोंके पहिले कुछ शुभकर्म बँधे थे उनका फल है। पूर्वजन्ममें किंचित् शुभ परिणाम किया था इसलिये पुण्यकर्म बँधा था, उसके उदयसे कुछ विघ्न टलते हैं और राजादिक पद पाते हैं, वह तो पहिले कुछ अज्ञानतप किया है उसका फल है,

यह तो पुण्यपापरूप संसारकी चेष्टा है, इसमें कुछ बड़ाई नहीं है, बड़ाई तो वह है जिससे संसारका भ्रमण मिटे सो यह तो वीतरागविज्ञान भावोंसे ही मिटेगा, इस वीतरागविज्ञान भावयुक्त पंच परमेष्ठी हैं ये ही संसारभ्रमणका दुःख मिटानेमें कारण हैं।

वर्तमानमें कुछ पूर्व शुभकर्मके उदयसे पुण्यका चमत्कार देखकर तथा पापका दुःख देखकर भ्रममें नहीं पड़ना, पुण्य पाप दोनों संसार हैं इनसे रहित मोक्ष है, अतः संसारमें छूटकर मोक्ष हो ऐसा उपाय करना। वर्तमानका भी विघ्न जैसा पंचपरमेष्ठीके नाम, मंत्र, ध्यान, दर्शन, स्मरणसे मिटेगा वैसा अन्यके नामादिकसे तो नहीं मिटेगा, क्योंकि ये पंचपरमेष्ठी ही शांतिरूप हैं, केवल शुभ परिणामोंहीके कारण हैं। अन्य इष्टके रूप तो रौद्ररूप हैं, इनके दर्शन स्मरण तो रागादिक तथा भयादिकके कारण हैं, इनसे तो शुभ परिणाम होते दिखते नहीं हैं। किसीके कदाचित् कुछ धर्मानुरागके वशसे शुभ परिणाम हों तो वह उनसे हुआ नहीं कहलाता, उस प्राणीके स्वभाविक धर्मानुरागके वशसे होता है। इसलिये अतिशयवान शुभ परिणामका कारण तो शांतिरूप पंच परमेष्ठीहीका रूप है, अतः इसीका आराधन करना, वृथा खोटी युक्ति सुनकर भ्रममें नहीं पड़ना, ऐसे जानना।

इति श्री कुन्दकुन्दस्वामी विरचित मोक्षप्राभृतकी
जयपुरनिवासी पं. जयचन्द्रजी छाबड़ा कृत देशभाषामय वचनिकाका
हिन्दी भाषानुवाद समाप्त।।६।।

---

**પ્રવચન નં. ૧૦૧, ગાથા-૧૦૬, મંગળવાર, ભાદરવા વદ ૧૪, તા.૨૯-૯-૭૦**

મોક્ષપાહુડ. ૧૦૬-ગાથા. છેલ્લી ગાથા છે. '**આગે યહ મોક્ષપાહુડ ગ્રંથ પૂર્ણ કિયા, ઈસકે પઢને સુનને ભાનેકા ફલ કહતે હૈં :-**'

**एवं जिणपण्णत्तं मोक्खस्स य पाहुडं सुभत्तीए।**
**जो पढइ सुणइ भावइ सो पावइ सासयं सोक्खं।।१०६।।**

'**અર્થ :- પૂર્વોક્ત પ્રકાર જિનદેવને કહે...**' વીતરાગ પરમેશ્વરે મોક્ષનો માર્ગ કહ્યો. '**ઐસા મોક્ષપાહુડ ગ્રંથ...**' જિનદેવે કહ્યો એવો મોક્ષપાહુડ ગ્રંથ છે. આચાર્ય કહે છે કે મેં કહ્યું એમ નહિ. જિનદેવે કહ્યું એ. વીતરાગ પરમેશ્વરે આ માર્ગ કહ્યો છે. '**જો જીવ ભક્તિભાવસે પઢતે હૈં,...**' ભક્તિભાવથી વાંચે. બહુમાનથી, રુચિથી ભણે. એકલો ભણે એમ નહિ. સમજાણું કાંઈ? '**सुभत्तीए**' શબ્દ છે ને? રુચિથી, પ્રેમથી ભગવાનનો માર્ગ શું છે એમ પોતે સમજવા બહુ પ્રેમ, બહુ ઉલ્લાસ, બહુ ભક્તિથી ભણે. '**ઈસકી વારંવાર ચિંતવનરૂપ ભાવના કરતે હૈં...**' અંદરની એકાગ્રતા કરે. આત્માનો સ્વભાવ ભગવાને વર્ણવ્યો એવો સાંભળી, એમાં વારંવાર અંતર એકાગ્રતા કરે.

'**તથા સુનતે હૈં, વે જીવ શાશ્વત સુખ,...**' અને સાંભળે. ભણે છે એ પહેલા લીધું ને એટલે પછી સાંભળે લીધું ફરીને. એને ભણે અથવા સાંભળે. '**વે જીવ શાશ્વત સુખ, નિત્ય...**' આત્માના '**અતીન્દ્રિય જ્ઞાનાનંદમય સુખકો પાતે હૈં.**' મોક્ષનો અર્થ એ છે. અતીન્દ્રિય આનંદ જ્ઞાનાનંદ. જ્ઞાનનો જે સ્વભાવ આનંદ, એવી પર્યાયમાં પૂર્ણતા જ્ઞાન અને આનંદની પામે એનું નામ મુક્તિ, એનું નામ મોક્ષ. એનો ઉપાય સ્વભાવ સાંભળી અંતર એકાગ્રતા કરે તો મોક્ષને પામે.

મુમુક્ષુ :- સાંભળીને...

ઉત્તર :- સાંભળીને પણ સાંભળીને અંદર એકાગ્ર કરે તો ફળ. એકલા સાંભળવાથી કાંઈ નથી. એમ કહ્યું ને? શું કહ્યું? જુઓને! '**पढइ सुणइ भावइ**' ત્રણ વાત. એમ ને એમ સાંભળે અને સમજે નહિ કાંઈ વસ્તુ શું છે એને જાણે નહિ તો શું કામનું? ભક્તિથી સાંભળે, ભક્તિથી વાંચે, સુભક્તિ હોં! પાછી. એમ એકલી ભક્તિ નહિ. સુભક્તિ-બહુ રુચિથી, પ્રેમથી મારો આત્માનો ઉદ્ધાર આમાં છે એમ જાણીને જે પ્રેમથી મોક્ષપાહુડને (સાંભળે, ભણે). 'કુંદકુંદાચાર્ય' પોતે કહે છે, જુઓ!

મુમુક્ષુ :- ભક્તિનો અર્થ કર્યો.

ઉત્તર :- પરમ પ્રેમ. આત્મા પ્રત્યે એટલે ભગવાન પ્રત્યે પ્રેમ રાખીને સાંભળે, વાંચે. એમ ને એમ વેઠ તરીકે સાંભળે કે ઠીક છે, આજે સાંભળવાનો વખત છે ચાલો સાંભળીએ. એમ નહિ. થોડું ભણવું જોઈએ હંમેશા. વાંચવું જોઈએ. ચાલો વાંચી લઈએ. એમ નહિ. અંદર પ્રેમથી. જેમ છોકરાઓ પરીક્ષા દેવા માટે પ્રેમથી વાંચે છે કે નહિ? કેટલો પ્રેમ. ઉજાગરા કેટલા કરે, જુઓ! એમ આત્માનું સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ જિનદેવે કહ્યું, એને સાંભળે, એને વાંચે. પઢે એટલે વાંચે અને પછી તે કયા ભાવને કહ્યો એમાં શું ભાવ છે? એમ કહે છે. કે આત્મામાં એકાગ્ર થવું તે એમાં કહ્યું હતું. સાંભળવામાં કે વાંચવામાં એમ આવ્યું હતું કે આ આત્મા આનંદ સ્વરૂપ છે એમાં એકાગ્ર થાવું. એ સાંભળવા અને વાંચવામાં આવ્યું હતું. એવો એકાગ્ર થાય તો મુક્તિને પામે. સમજાણું કાંઈ?

'**અતીન્દ્રિય જ્ઞાનાનંદમય સુખકો પાતે હૈં.**' કેમ કે આત્માનો સ્વભાવ જ અતીન્દ્રિય જ્ઞાન આનંદ છે. એમાં એકાગ્ર થવાનું ભગવાને વાણીમાં કહ્યું. વાંચીને પણ એમાંથી એ કાઢવું. શાસ્ત્ર વાંચી, શાસ્ત્ર સાંભળીને એમાં એ કહ્યું છે કે ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે, એનું જ્ઞાન શ્રદ્ધા કરીને એમાં એકાગ્ર થવું. ભગવાને વાણીમાં એમ કહ્યું હતું. કહો, સમજાણું આમાં કાંઈ? અંદર લીનતા. સ્વસન્મુખ થઈને લીનતા (કરવી) એમ ભગવાનની વાણીમાં અને શાસ્ત્ર ભણવામાં એમ આવ્યું હતું. એવું જો ભણીને અને સાંભળીને આમ કાઢે તો એણે સાંભળ્યું અને વાંચ્યું બરાબર કહેવાય. એમ કહે છે. સમજાણું કાંઈ? કેમકે આત્માનો સ્વભાવ જ જ્ઞાન અને આનંદ છે. એમાં એ જ વાત ભગવાને કહી હતી કે તારો જ્ઞાન અને આનંદ સ્વભાવ છે, એની દૃષ્ટિ કર, જ્ઞાન કર અને રમણતા કર. એવો મોક્ષમાર્ગ ભગવાને વાણી દ્વારા કહ્યો હતો. એ પ્રમાણે સાંભળી, ભણીને અંતર સન્મુખ થઈને એકાગ્ર થાય તો મુક્તિ પામે. કહો, સમજાણું કાંઈ આમાં?

'**ભાવાર્થ :- મોક્ષપાહુડમેં મોક્ષ ઔર મોક્ષકે કારણકા સ્વરૂપ કહા હૈ...**' આ મોક્ષ પ્રાભૃતમાં મોક્ષનો અધિકાર અને મોક્ષના કારણના સ્વરૂપનો અધિકાર, મોક્ષનું સ્વરૂપ અને મોક્ષના કારણનું સ્વરૂપ, માર્ગનું સ્વરૂપ (કહ્યું છે). '**ઔર જો મોક્ષકે કારણકા સ્વરૂપ અન્ય પ્રકાર માનતે હૈં ઉનકા નિષેધ કિયા હૈ,...**' વીતરાગ પરમેશ્વરે જે આ માર્ગ કહ્યો એનાથી અન્ય અજ્ઞાનીઓ અન્ય પ્રકારે કહે છે એમાં એનો નિષેધ કર્યો છે કે જે અન્યમતિ આ રીતે કહે છે એ મોક્ષમાર્ગ નથી. '**ઈસલિયે ઈસ ગ્રંથકે પઢને, સુનનેસે ઉસકે યથાર્થ સ્વરૂપકા-જ્ઞાન-શ્રદ્ધાન આચરણ હોતા હૈ,...**' દેખો! આ ગ્રંથને ભણીને, સાંભળીને એના યથાર્થ સ્વરૂપનું. યથાર્થ સ્વરૂપ-આત્માનું યથાર્થ શુદ્ધ આનંદ સ્વરૂપ. એનું જ્ઞાન, એનું શ્રદ્ધાન, આચરણ થાય, '**ઉસ ધ્યાનસે કર્મકા નાશ હોતા હૈ...**' એ જ્ઞાન-દર્શન અને ચારિત્ર ધ્યાન છે. અંતરની એકાગ્રતા. સમજાણું કાંઈ? બહુ સરસ અધિકાર હતો.

'**ધ્યાનસે કર્મકા નાશ હોતા હૈ ઔર ઈસકી વારંવાર ભાવના કરનેસે...**' અંતરમાં વારંવાર એકાગ્રતા કરવાથી '**દૃઢ હોકર એકાગ્રધ્યાનકી સામર્થ્ય હોતી હૈ,...**' અંદર ધ્યાન કરવાનું બળ જાગે. સ્વભાવમાં એકાગ્ર થવાથી, દૃઢપણે રહેવાથી અંદરમાં ધ્યાનપણામાં રહેવાનું સામર્થ્ય જાગે. સમજાણું કાંઈ? '**ઉસ ધ્યાનસે કર્મકા નાશ હોકર શાશ્વત સુખરૂપ મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ.**' લ્યો! એ ધ્યાનથી કર્મનો નાશ થાય. ધ્યાન એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ધ્યાનસ્વરૂપ જ છે. અંતરના ધ્યેયની એકાગ્રતા છે ને? સમજાણું કાંઈ? પોતાનો ભગવાન શુદ્ધ સ્વરૂપ એનું જ્ઞાન, એની શ્રદ્ધા અને એનું આચરણ એ ભગવાને વાણીમાં કહ્યું હતું. શાસ્ત્રમાં એ કહ્યું છે. એને જાણી, શ્રદ્ધીને, અંતરમાં આચરણ કરીને મુક્તિને પામે. '**શાશ્વત સુખરૂપ મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ.**' પરમાનંદની પર્યાય પ્રાપ્ત થાય, શાશ્વત રહે. એમ ને એમ અનંત આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ.. પર્યાય શાશ્વત એટલે એવી ને એવી નવી નવી થાય તો એવી ને એવી રહે. સમજાણું કાંઈ? '**ઈસલિયે ઈસ ગ્રંથકો પઢના-સુનના નિરંતર ભાવના રખની...**' સ્વભાવ સન્મુખની એકાગ્રતાની ભાવના રાખવી. '**ઐસા આશય હૈ.**' લો. આખા શાસ્ત્રનો મોક્ષપાહુડનો આ આશય છે-અભિપ્રાય આ છે.

'**ઈસ પ્રકાર શ્રી કુંદકુંદ આચાર્યને યહ મોક્ષપાહુડ ગ્રંથ સંપૂર્ણ કિયા. ઈસકા સંક્ષેપ ઈસ પ્રકાર હૈ...**' હવે થોડો વિસ્તાર કરે છે ટીકામાં. અંદર જે આખું કહ્યું હતું .. ગાથામાં. '**યહ જીવ શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ હૈ...**' ભગવાનઆત્મા તો શુદ્ધ દર્શન-જ્ઞાનચેતના (સ્વરૂપ છે). જાણવું, દેખવું એવું શુદ્ધપણું એવી ચેતનાસ્વરૂપ આત્મા છે. એ કોઈ પુણ્ય-પાપરૂપ, વિકલ્પરૂપ, ઉદયભાવરૂપ, સંસારરૂપ આત્મા છે નહિ. એમ કહે છે. એવો આત્મા હોવા છતાં '**તો ભી અનાદિહીસે પુદ્ગલ કર્મકે સંયોગસે...**' વસ્તુ સ્વભાવ તો શુદ્ધ દર્શન-જ્ઞાનચેતના ચેતનામય, ચેતનાસ્વરૂપ એવો જ આત્મા છે. છતાં અનાદિથી એક બીજી કર્મની સંયોગ સંબંધથી '**અજ્ઞાન મિથ્યાત્વ રાગદ્વેષાદિક વિભાવરૂપ પરિણમતા હૈ...**' જ્ઞાનની વિરૂદ્ધ અજ્ઞાન, સમ્યક્‌ને વિરૂદ્ધ મિથ્યાત્વ, ચારિત્રની વિરૂદ્ધ રાગ-દ્વેષ.

ભગવાનઆત્મા શુદ્ધ દર્શન-જ્ઞાનચેતનાસ્વરૂપ વસ્તુ તરીકે તો એવી છે. છતાં કર્મના સંબંધે મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગદ્વેષરૂપે કર્મના સંબંધે પરિણમે છે. એ સંસાર છે, એ પરિભ્રમણ અને દુઃખ છે. '**ઈસલિયે નવીન કર્મબંધકે સંતાનસે સંસારમેં ભ્રમણ કરતા હૈ.**' એવું અજ્ઞાન, સ્વરૂપનું અજ્ઞાન, સ્વરૂપ જે શુદ્ધ દર્શન-જ્ઞાનચેતનામય તેનાથી વિપરીત માન્યતા અને એનાથી વિપરીત રાગ-દ્વેષનું આચરણ, એનાથી નવા કર્મ બંધાય છે, એનાથી ચાર ગતિ '**નવીન કર્મબંધકે સંતાનસે સંસારમેં ભ્રમણ કરતા હૈ.**' એનો પ્રવાહ ચાર ગતિમાં રખડવાનો છે.

'**જીવકી પ્રવૃત્તિકે સિદ્ધાંતમેં સામાન્યરૂપસે ચૌદહ ગુણસ્થાન નિરૂપણ કિયે હૈં-**' ચૌદ ગુણસ્થાન કહ્યા છે, લ્યો! જેમ મેડી ચડવાના પગથિયા હોય છે ને? પગથિયા-નિસરણી. ચૌદ મોટા ચૌદ મુખ્યપણે. પછી આમ દોરાવા.. દોરાવા.. દોરાવા... એ તો બહુ થાય ઘણા. બહુ પગથિયા છે. '**ચૌદહ ગુણસ્થાન નિરૂપણ કિયે હૈં-ઈનમેં મિથ્યાત્વકે ઉદયસે મિથ્યાત્વ ગુણસ્થાન હોતા હૈ,...**' વિપરીત માન્યતાને કારણે મિથ્યાત્વ ગુણસ્થાન હોય. આત્મામાં શુદ્ધ દર્શન-જ્ઞાનચેતનામય હોવા છતાં દર્શનમોહના નિમિત્તમાં જોડાતાં વિપરીત માન્યતાનો ભાવ થાય એ મિથ્યાત્વ ગુણસ્થાનમાં છે. એને આત્માની ભાવના હોતી નથી એમ કહે છે.

'**મિથ્યાત્વકી સહકારિણી અનંતાનુબંધી કષાય હૈ, કેવલ ઉસકે ઉદયસે સાસાદન ગુણસ્થાન હોતા હૈ...**' એ બીજું ગુણસ્થાન. મિથ્યાત્વ પહેલું, સાસાદનનો ઉદય રહે એ બીજું. '**સમ્યક્ત્વ-મિથ્યાત્વ દોનોંકે મિલાપરૂપ મિશ્રપ્રકૃતિકે ઉદયસે મિશ્રગુણસ્થાન હોતા હૈ, ઈન તીન ગુણસ્થાનોંમેં તો આત્મભાવનાકા અભાવ હી હૈ.**' દેખો! કેમકે ત્યાં આત્મા ચૈતન્ય દર્શન-જ્ઞાનમય ચેતન છે એનું એને ભાન નથી. આત્મા શુદ્ધદર્શન-જ્ઞાન ચેતનસ્વરૂપ છે એવું ભાન નથી. એથી તેમાં એકાગ્રતાની ભાવના, મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર એમાં હોતી નથી. આત્માની એકાગ્રતાની ભાવના એમાં હોતી નથી. છે?

વળી, '**જબ કાલલબ્ધિકે નિમિત્તસે...**' જુઓ! આવ્યું. 'દેવીલાલજી'! કાળલબ્ધિ નિમિત્ત. પોતાનો પુરુષાર્થ સ્વભાવ તે ઉપાદાન. 'ટોડરમલજી' કહે, કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી. જે સમયે પુરુષાર્થથી પર્યાય પ્રગટી એ કાળલબ્ધિ. કાળલબ્ધિ બીજું શું છે? એની સામું જોવું છે? કાંઈ સામું જોવું છે? પોતાનો શુદ્ધ દર્શન-જ્ઞાનચેતના જે સ્વભાવ કહ્યો, શુદ્ધ દર્શન-જ્ઞાનચેતના આત્મસ્વભાવની સન્મુખ જોયું એ કાળલબ્ધિ પાકી ગઈ. સમજાણું કાંઈ? એ તો પહેલી વાત કરી. વસ્તુ તો શુદ્ધ દર્શન-જ્ઞાનચેતનામય સ્વરૂપ છે એમાં પુરુષાર્થને જોડ્યો. બસ, પાંચેય સમવાય સાથે આવી ગયા. સમજાણું કાંઈ?

'**કાલલબ્ધિકે નિમિત્તસે...**' નિમિત્તથી કહ્યું છે ને? '**જીવાજીવ પદાર્થોકા જ્ઞાન-શ્રદ્ધાન હોને પર સમ્યક્ત્વ હોતા હૈ...**' જીવ અને અજીવનું ભેદજ્ઞાન કરીને એનું જ્ઞાન, ભેદજ્ઞાન કરીને શ્રદ્ધાન '**હોને પર સમ્યક્ત્વ હોતા હૈ...**' ભગવાનઆત્મા શુદ્ધ દર્શન-જ્ઞાનમય છે. રાગાદિ વિકલ્પ એ બધા આસ્રવતત્ત્વ ભિન્ન છે. અજીવ પણ જુદું છે. અજીવ જુદું, દયા-દાન-વ્રતાદિના પરિણામ પણ જુદા, ભગવાનઆત્મા જુદો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અર્ધ પુદ્‌ગલ પણ પુરુષાર્થ કરે પછી પરાવર્તન હોય ... પુરુષાર્થથી અર્ધ પુદ્‌ગલભાવે જાણે કોણ? આ અર્ધ પુદ્‌ગલ બાકી હતું માટે થયું એમ જાણે કોણ? પુરુષાર્થના સ્વભાવસન્મુખ જોયું, સ્વભાવસન્મુખ પુરુષાર્થ કર્યો (તો) બધું જણાયું કે અર્ધ પુદ્‌ગલ સંસાર બાકી. અરે..! અંતર્મુહૂર્ત પણ બાકી હોય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. એ તો જાણવા માટે વાત છે. 'ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ'. આવે છે ને? આત્મા, એનું કાર્ય કરવું છે તો એને પુરુષાર્થ સામું, સ્વભાવ સામું જોવું છે કે આ કાળ છે એની સામું જોવું છે એને? કાર્ય કરવાનો પુરુષાર્થ કરે તો કાર્ય થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- કાળલબ્ધિના નિમિત્તે

ઉત્તર :- નહિ, પુરુષાર્થના નિમિત્તે કાળલબ્ધિ પાકી એમ કહ્યું.

મુમુક્ષુ :- પાંચેય સમવાય સાથે...

ઉત્તર :- સાથે જ છે. પણ એ કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય? કે સ્વભાવ ચૈતન્ય શુદ્ધ દર્શન-જ્ઞાનમય એનો અનુભવ, એની પ્રતીત, એનું ભાન થતાં સ્વભાવ આવ્યો, પુરુષાર્થ આવ્યો, કાળલબ્ધિ આવી, ભવિતવ્યતા આવી અને કર્મનો અભાવ પણ તે સમયે હોય જ. પાંચેય સમવાય એક સમયમાં હોય. પણ એ પુરુષાર્થને આધીન છે.

મુમુક્ષુ :- પુરુષાર્થને આધીન?

ઉત્તર :- પુરુષાર્થને આધીન છે. પુરુષાર્થ આધીન નહિ તો કોને આધીન? કો'કને આધીન છે?

મુમુક્ષુ :- પુરુષાર્થ કોઈને આધીન?

ઉત્તર :- પુરુષાર્થ કોઈને આધીન નહિ. આત્માને આધીન પુરુષાર્થ, સ્વભાવને આધીન પુરુષાર્થ.

મુમુક્ષુ :- પુરુષાર્થ ક્રમબદ્ધને આધીન.

ઉત્તર :- ક્રમબદ્ધ-ક્રમબદ્ધ .. ક્રમબદ્ધનું નક્કી કોણ કરે? ક્રમબદ્ધનું નક્કી કોણ કરે? દ્રવ્યસ્વભાવનું નક્કી કરે તે ક્રમબદ્ધનું નક્કી કરે. એમ પોપાબાઈનું રાજ નથી તો આમ આવી જાય આમાં. સમજાણું કાંઈ? આ શેઠ કહે કાળલબ્ધિ, આ કહે ક્રમબદ્ધ. એ બધું કાળલબ્ધિ-ક્રમબદ્ધ, યોગ્યતા બધું દ્રવ્યદૃષ્ટિનું ભાન થતાં ત્યારે એને જ્ઞાન એમ કહેવામાં આવે છે. વસ્તુની સ્થિતિ આ છે. રુચિ રાખે પરમાં અને પછી કહે કાળલબ્ધિ પાકી નથી. રાગની રુચિ રાખે અને પછી કહે કાળલબ્ધિ પાકી નથી, રાગની રુચિ રાખે અને ક્રમબદ્ધમાં અમારે આમ થવાનું હતું (એમ કહે). કોણે જાણ્યું? 'અમરચંદભાઈ'! વાત એવી છે.

મુમુક્ષુ :- વાંક બીજાનો કાઢે.

ઉત્તર :- હા. પરબારો વાંક. તારો વાંક નથી અંદર. મારું વલણ પર ઉપર અનાદિથી છે, એને મારા સ્વભાવના વલણમાં મારે આવવું, એવું ન માનતા એ તો કાળલબ્ધિ આવશે,

ક્રમબદ્ધ આવશે તો થાશે. સમજાણું?

'મોક્ષમાર્ગપ્રકાશક'માં લખ્યું છે એ. વાંચ્યું છે ને 'મોક્ષમાર્ગપ્રકાશક'? ખબર છે? આ તો અમારે ઘણા વર્ષ પહેલા ચર્ચા થઈ હતી. (સંવત) ૧૯૮૩. એ ૮૩-૮૩. ૮૩ની સાલમાં ચર્ચા થઈ હતી. એ 'દામોદરશેઠ' હતા ને? સાતમા અધ્યાયમાં છે ને બે? શું કહેવાય? પુરુષાર્થ-પુરુષાર્થ. નવમાં, હોં, નવમાં-નવમાં. ૮૩માં મોટી ચર્ચા થઈ. અમારે તો બીજા સાથે ઘણી ચર્ચાઓ થતી આવી છે ને. વિરોધ-વિરોધ કરે. માળા. શું છે તારે?

**'પ્રશ્ન :- મોક્ષનો ઉપાય કાળલબ્ધિ આવતાં ભવિતવ્ય અનુસાર બને છે કે મોહાદિકનો ઉપશમ થતાં બને છે? કે પોતાના પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરતાં બને છે?'** શેઠે પ્રશ્ન કર્યો હતો. નવમું અધ્યયન. મોક્ષનો ઉપાય કાળલબ્ધિ આવતા ભવિતવ્ય અનુસાર બને છે? કે મોહાદિકનો ઉપશમ થતાં બને છે? કે પોતાના પુરુષાર્થનો ઉદ્યમ કરતા બને છે તે કહો. **'જો પહેલા બે કારણો મળતા બને છે તો તમે અમને ઉપદેશ શા માટે આપો છો? અને પુરુષાર્થથી બને છે તો સર્વ ઉપદેશ સાંભળે છે છતાં તેમાં કોઈ પુરુષાર્થ કરી શકે છે અને કોઈ નથી કરી શકતા એનું કારણ શું?'**

**ઉત્તર :- 'એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે.'** અનેક કારણો મળે છે, હોય છે એમ કહે છે. **'મોક્ષનો ઉપાય બને છે ત્યાં તો પૂર્વોક્ત ત્રણે કારણો મળે છે...'** એમ છે. મોક્ષનો ઉપાય બને છે, સ્વભાવ સન્મુખની દૃષ્ટિ-જ્ઞાન કરે છે ત્યાં તો પૂર્વોક્ત ત્રણેય કારણો હોય છે. કાળલબ્ધિ આદિ બધું, ભવિતવ્ય, કર્મનો અભાવ બધું હોય છે. **'નથી બનતો ત્યાં ત્રણેય કારણો મળતા નથી. પૂર્વોક્ત ત્રણ કારણ કહ્યા તેમાં કાળલબ્ધિ વા હોનહાર (ભવિતવ્ય) કોઈ વસ્તુ જ નથી.'** લ્યો! આ પ્રશ્ન થયો હતો અમારે ૮૩માં. કેટલા વર્ષ થયા? ૧૭ અને ૨૬-૪૩. ૪૩ વર્ષ. ૮૩. દામોદર શેઠ હતા. આ કહ્યું હતું. જુઓ! કાળલબ્ધિ એટલે કે આ શું છે? 'ટોડરમલ' કેવળી થઈ ગયા? એમ વળી કહ્યું. એય..! એને વાંધો આવ્યો. ટોડરમલ કેવળી થઈ ગયા? કેવળી નહીં. પણ આ શું કહે છે એ તો ત્યાં આવ્યું છે. પોતાને માન્યતામાં વાંધો આવે એટલે ફટ દઈને ઉડાડવું બધાનું. એમ ન ચાલે, કીધું. આ પાઠ હતો.

મુમુક્ષુ :- ગમે તેટલો પુરુષાર્થ કરો તોપણ કાળલબ્ધિ...

ઉત્તર :- એ પુરુષાર્થ કરે એને કાળલબ્ધિ આવ્યા વિના રહે જ નહિ. એમ લેવો એનો અર્થ. 'કળશટીકા'માં છે ને. બધી ખબર છે અમને છેકથી. આની ચર્ચા થઈ હતી. આ પાઠની 'મોક્ષમાર્ગપ્રકાશક' ૮૨માં મળ્યું ને? ૮૩માં ચર્ચા થઈ મોટી. ૪૩ વર્ષ. ૪૦ ને ૩. પહેલા. બહુ ભણેલો, વાંચેલુ ઘણું એણે. ભાઈએ શાસ્ત્રના અર્થ કર્યા જુઓ! મેં કીધું આ શું છે? આત્મા પોતાના સ્વભાવ સન્મુખની પ્રીતિ-રુચિ કરે અને કાળ પાકે નહિ એમ ત્રણકાળમાં બને? કરવાનું એને એ છે કે કાળ સામું જોવાનું છે? અહીં કાળ પાકશે એમ જોવું છે એની સામું? કાળ પાકશે એનો અર્થ શું? સમજાણું કાંઈ? હા. એમ ન ચાલે. વીતરાગના માર્ગમાં તો પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? જુઓ! શું કહ્યું?

**'કાલલબ્ધિ વા હોનહાર (ભવિતવ્ય) તો કોઈ વસ્તુ નથી. જે કાળમાં કાર્ય બને છે તે**

**કાળલબ્ધિ તથા જે કાર્ય થયું તે જ હોનહાર. તથા જે કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્‌ગલની શક્તિ છે. તેનો કર્તાહર્તા આત્મા નથી. તથા પુરુષાર્થથી ઉદ્યમ કરે છે તે આ આત્માનું કાર્ય છે માટે આત્માને પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ દે છે.'** 'ભગવાનજીભાઈ'!

મુમુક્ષુ :- .. પણે રહેવાનું.

ઉત્તર :- હા, એને રહેવું છે, રખડવું છે? કાળલબ્ધિ આવશે ત્યારે થાશે. ક્રમબદ્ધ થાશે ત્યારે થાશે. કર્મ ઘટશે તે દિ' થાશે. ભગવાને દેખ્યું તે દિ' થાશે. શું છે પણ? ભગવાનને માને છે તું? ભગવાનને માન્યા વિના ભગવાને દેખ્યું એમ થાશે એમ પાધરો.. શું કહેવાય ..? ભાષા. ભગવાન ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ એને જેણે માન્યા. એક સમયમાં કેવળજ્ઞાન, ત્રણકાળ ત્રણલોકને જાણે એવી જ્ઞાનની જેને પ્રતીતિ થાય એની તો સ્વદૃષ્ટિ એમાં જાય ત્યારે એની પ્રતીતિ થાય. એને પછી ભવ-બવ હોય નહિ. સમજાણું કાંઈ? 'દેવીલાલજી'!

એ ઘણી ચર્ચા અમારે (સંવત) ૧૯૭૨માં થઈ. ૭૨. કેટલા વર્ષ થયા? ૫૪. ૭૨ની ફાગણ સુદી ૧૧-૧૨. 'પાળિયાદ' છે 'પાળિયાદ'માં. 'પાળિયાદ' છે ને? ત્યાં ચર્ચા મોટી થઈ હતી. અમારે ગુરુભાઈ સાથે. મોટી ચર્ચા. પુરુષાર્થ આત્મા કરે અને ભવ રહે (એમ) બને નહિ. ભગવાનને માને એને ભવ રહે નહિ એમ કહ્યું. ભગવાને દીઠું એમ થાશે. ભગવાનને માન્યા એણે કે દીઠું એમ થાશે અદ્ધરથી બોલવાની લપ કરે છે? એય..! 'ભીખાભાઈ'! આ કાંઈ પોપાબાઈના રાજ નથી ત્યાં લઈ જાય માલ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તે દિ' આવ્યું હતું અંદરથી.

મુમુક્ષુ :- વાંચીને ગયા હતા ઘરેથી?

ઉત્તર :- વાંચ્યું હતું ક્યાં? હતું ક્યાં? પુસ્તક પણ તે દિ' નહોતા. આત્મા હતો અંદર. ૭૨ના ફાગણ સુદની ૧૧-૧૨ હતી. લ્યો! સમજાણું કાંઈ? નહિ. કહે ભગવાન જેને કાળજે જ્ઞાનમાં બેઠા એને ભવ હોય નહિ. ભગવાને દીઠા... દીઠા... દીઠા... કર્યા કરે. વાણી જ ભગવાનની નથી, કીધું. આગમની વાણી નથી તમારી. એય..! 'દેવીલાલજી'! એક દિ' તો છોડી દીધું હતું. સંપ્રદાય છોડી, ગુરુ છોડીને ચાલ્યા ગયા. આ વાત સાંભળવી અમને ગોઠતી નથી. એ સંપ્રદાય ન જોઈએ, એ વાણી ન જોઈએ, એ માર્ગ ન જોઈએ. માર્ગ તો અંતર આત્મામાં ભગવાન જેને જ્ઞાનમાં બેઠા એને ભવ હોય નહિ, એવી વાણી હોય તે વાણી અમારે સાંભળવાની છે. એય..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એની વાત સાચી. એ બધા આવ્યા શેઠિયા પાછા. ... અને પછી જુવાન શરીર, હજી તો ૨૫ વર્ષની ઉંમર. હવે એકલા ક્યાં ...? ત્યાં આવ્યા એ લોકો, મહારાજ! તમારી વાત સાચી છે એમ કબુલી નથી કાંઈ. સમજાણું? ત્યાં બધા શેઠિયા આવ્યા હતા. 'બોટાદ'ના ચત્રભુજ શેઠ, ગાંધી ને બધા આવ્યા હતા. અહીંથી આવ્યા હતા. ૭૨ની વાત છે. ૭૨. કેટલા વર્ષ થયા? ૫૪ વર્ષ થયા. ૫૦ ને ૪. એ લોકો આવ્યા. ચાલો ભાઈ ચાલો. કારણ કે ત્યાં આખો દિ' ગાળ્યો. ચૌદશ હતી, ફાગણ સુદ ચૌદશ.

મુમુક્ષુ :- આજે પણ ચૌદશ છે.

ઉત્તર :- આજે પણ ચૌદશ છે, લ્યો! ફાગણમાં હતા. 'દામોદરશેઠ' સાથે આ ચર્ચા થઈ હતી. પેલી ૮૩માં. આ ૭૨માં.

જેને આત્મા રુચવો છે એને કાળલબ્ધિ અને ક્રમ ને એમ શબ્દ રુચે છે ક્યાં તમને? એ રુચે છે એ રુચે છે એને. આત્મા દર્શન-જ્ઞાનચેતનાનો સ્વભાવ ભગવાન ભંડાર, એની જેને રુચિ અથવા ભગવાનની રુચિ લ્યો, સર્વજ્ઞ પરમાત્મા જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન (થયું છે) એવી સત્તાનો સ્વીકાર એ પર્યાયની આવડી મોટી સત્તાનો સ્વીકાર કોણ કરે? એમ ને એમ ભગવાન છે.. ભગવાન છે.. એમ માને એમ થાય? એવી સત્તાનો સ્વીકાર તો દ્રવ્યદૃષ્ટિ જ્ઞાયક ઉપર જાય ત્યારે સત્તાનો સ્વીકાર થાય. એને ભવ હોઈ શકે નહિ. એને કાળલબ્ધિ પાકી ગઈ અને અલ્પકાળમાં મોક્ષ થવાનો. એય..! 'ભીખાભાઈ'! આહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- . એ કાંઈ એ તો કો'કને હોય. એક-બે ભવે તો ખલાસ. ભવ-બવ કેવા? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું કાંઈ નહિ, મૂકો અત્યારે વાત. અત્યારે સાંભળો. કહો, સમજાણું આમાં?

અહીં તો કહે છે, '**હવે આ આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય, તે કારણરૂપ ઉદ્યમ કરે ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે જ...**' મળે જ. સમજાણું કાંઈ? 'ટોડરમલે' પણ ભારે! ઘણાની નાડિયું પકડી પકડીને વસ્તુ કહી છે. એય..! શેઠ! આ કાળલબ્ધિ... કાળલબ્ધિ... કાળલબ્ધિ કરે છે.

મુમુક્ષુ :- સત્યનું રાજ છે. પોપાબાઈનું રાજ નથી.

ઉત્તર :- પોપાબાઈનું રાજ નથી. કો'કની ઉપર નાખે એનો મોક્ષ થઈ જાય. વળી પાછું માને એમ કે કાળલબ્ધિ આવશે ત્યારે માનશું. માનવું છે તારે? કે કાળલબ્ધિ આવશે એમ માનવું છે? માનવું છે જ ક્યાં તારે? સમજાણું કાંઈ? ભગવાન આનંદનું ધામ જ્ઞાનસ્વરૂપ એકલો, એવી જેને શ્રદ્ધા અને ભરોસો બેસે, એને રુચે બધું પાકી ગયું, સાંભળને!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યું હતું. કેવળજ્ઞાનમાં નોંધ છે, કીધું. ત્યારે ક્યાં વાંચ્યું હતું. કેવળજ્ઞાનમાં કહ્યું હતું. પણ આ પુરુષાર્થ કરે ત્યારે કેવળજ્ઞાનમાં નોંધ એવી એને ખબર પડે. 'કરુણા હમ પાવત હૈ તુમકી વહ બાત રહી સુગુરુગમકી.' આવે છે ને 'શ્રીમદ્'માં? કેવળજ્ઞાનની કરુણા થઈ. કેવળજ્ઞાનમાં જે ભાસ્યું હતું એવું અહીંયાં ભાસ્યું, માન્યું, ત્યારે કેવળજ્ઞાનની કરુણા થઈ એમ કહેવામાં આવે છે. એમ છે. સમજાણું કાંઈ?

'સમયસાર નાટક'માં તો બહુ લીધું છે. .. ભૂમિકા મિથ્યાત્વમાંહી.. એવું આવે છે. સમજાણું? પુરુષાર્થની ગતિ આત્માની. આવે છે ત્યાં. ક્યાંક આવે છે. શી ખબર કાંઈ યાદ હોય છે બધું? એય..! 'વજુભાઈ'! એ બંધ અધિકાર કે ક્યાંક આવે છે. શ્લોકો આવે છે, હોં! બંધ અધિકાર. '**जे जिय मोह नींदमैं सोवैं। ते आलसी निरुद्यमि होवैं।**' બંધ અધિકાર.

**'जे जिय मोह नींदमैं सोवैं। ते आलसी निरुद्यमि होवैं।**
**द्रष्टि खोलि जे जगे प्रविना। तिनि आलस तजि उद्दिम कीना।।'**

એય..! શેઠ! કેટલું સરસ! 'બનારસીદાસે' બહુ નાખ્યું છે. ઈ ચાર શબ્દ છે. બે લીટી બીજી છે. ઘણે ઠેકાણે આવી ગયું તમારે, લ્યોને. .. ઉદ્યમ કરે નહિતર મોહ નીંદમાં સૂતો છે એમ કહે છે. પુરુષાર્થ કરવો નથી અને વાતું (કરવી છે) એમ ન ચાલે. માર્ગ અહીં તો પુરુષાર્થનો ભણકાર છે અંદર.

અહીં (મોક્ષમાર્ગ પ્રકાશકમાં) તો કહે છે કે જે પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને સર્વ કારણો મળે છે. અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ નિશ્ચિત છે. જે જીવ પુરુષાર્થ પૂર્વક મોક્ષનો ઉપાય કરતો નથી તેને કાળલબ્ધિ ભવિતવ્ય પણ નથી. જાવ! એને મોક્ષનો ઉપાય થતો નથી. આ તો બધું ઘણીવાર વંચાણું છે ને. સેંકડો વાર વંચાઈ ગયું છે આ તો. વ્યાખ્યાનમાં, ઓલામાં. સમજાણું કાંઈ? જુઓ! (ચાલતો અધિકાર).

**'જીવાજીવ પદાર્થોંકા જ્ઞાન-શ્રદ્ધાન હોને પર સમ્યક્ત્વ હોતા હૈ તબ ઈસ જીવકો અપના ઔર પરકા, હિત-અહિતકા તથા હેય-ઉપાદેયકા જાનના હોતા હૈ...'** લ્યો! જ્યારે જીવ અને અજીવનું ભિન્નતાનું ભાન થતાં આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતાં સમકિત થાય. '**તબ ઈસ જીવકો અપના ઔર પરકા,...**' પોતાનું અને પરનું '**હિત-અહિતકા તથા હેય-ઉપાદેયકા જાનના હોતા હૈ...**' એ કાળ હેય છે, સ્વભાવ ઉપાદેય છે આવું ભાન થાય ત્યારે એને આ બેય જાતનું જ્ઞાન યથાર્થ હોય. સમજાણું કાંઈ?

એ કહ્યું હતું, કાળ હેય છે. 'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું હતું ને? કાળ હેય છે. અધિકાર બરાબર હું વાંચતો હતો અને જીવરાજજીને એ શેઠ ત્યાં કહેતા હતા. 'દ્રવ્યસંગ્રહ' છે. એ (સંવત) ૧૯૮૪ના જેઠ મહિનાની વાત છે. ૮૪નો જેઠ મહિનો. ત્યાં 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે કાળનો અધિકાર. કાળ હેય છે. કાળલબ્ધિ વિના થાય નહિ એમ કહ્યું, પણ એ કાળ હેય છે. 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે. બતાવ્યું હતું ને એક ફેરી. પોતાનો પુરુષાર્થ. પ્રેમ-રુચિ કરવી છે એનું તે ભાન હોય કે આ આ (કરે એને) રુચિ જ ક્યાં છે? સમજાણું કાંઈ? ભગવાનઆત્મા દર્શન-જ્ઞાનની મૂર્તિ, એનો પ્રેમ-રુચિ કરવી છે કે સામું જોવે કર્મને અને કાળને જોતો હશે? હેં! આહાહા..! વ્યભિચારીઓ પણ જ્યાં સ્નેહમાં દોરાઈ જાય પછી મા-બાપ અને દુનિયાને ગણતા નથી. ગણે છે ઈ? એમ અહીંયાં આત્માના સ્વભાવના પ્રેમ આગળ કોઈની ગણતરી છે નહિ. જાણવાનું જાણે કહે છે. જુઓને! શું કહ્યું?

**'અપના ઔર પરકા,...'** એ કાળ પણ પર છે એનું જ્ઞાન થાય ત્યારે. બરાબર છે? 'દેવીલાલજી'! '**હિત-અહિતકા તથા હેય-ઉપાદેયકા...**' ખરેખર તો પર્યાય આદિ પણ હેય છે. દ્રવ્ય તે ઉપાદેય છે. એવું ભિન્ન જ્ઞાન થાય ત્યારે આ જ્ઞાન સાચું થાય. એય..! ભાઈ! 'શોભાલાલજી'! આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! આમ કહે કે અમારે આત્માની રુચિ કરવી છે, આત્માની રુચિ કરવી છે, પ્રેમ કરવો છે અને વળી પ્રેમ ઓલા સાથે નાખે-કર્મ સાથે. એ ખરે ત્યારે થાય. ત્યારે પ્રેમ ક્યાં છે તને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બચાવ ચાલે...

ઉત્તર :- બચાવ ન ચાલે. આહાહા..!

**'તબ આત્માકી ભાવના હોતી હૈ.'** જીવ, અજીવ, આસ્રવ અને આત્મા. એનું ભેદજ્ઞાન થાય, પુરુષાર્થથી થાય, **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।'** જે કોઈ બંધાયા એ ભેદજ્ઞાનના અભાવે બંધાણા છે. એમ કહ્યું છે. કર્મને લઈને બંધાણા છે એમ નથી કહ્યું ત્યાં. રાગ અને અજીવ, એનાથી ભગવાન જુદો છે એવો ભેદજ્ઞાનનો અભાવ હોય તે બંધમાં પડે છે. ભેદજ્ઞાનવાળો બંધમાં આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? માળા! એને વાંક કાઢવાની ટેવ પડી ગઈ છે ને? પરનો વાંક કાઢે પરનો. શેઠ! સમજાય છે આ? તમારી મેળે વાંચો તો એમાંથી કાંઈકને કાંઈ કાઢો અંદરથી. આ કાળલબ્ધિ છે આમાં લખ્યું છે.

મુમુક્ષુ :- એ ..

ઉત્તર :- એ કહે .. કરે વાંચવું નહિ. એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાંચે છે. એ પણ ચોપડા કેટલા વાંચે ત્યાં જઈને. જાશે તો બધું પાછું પૂછશે.

મુમુક્ષુ :- એવી આદત પડી ગઈ.

ઉત્તર :- આદત પડી ગઈ. આદત પણ પાડી પડે છે ને? ઓલી તો ઊંધી છે.

**'તબ આત્માકી ભાવના હોતી હૈ તબ અવિરતનામક ચૌથા ગુણસ્થાન હોતા હૈ.'** દેખો! છે? અહીંથી ઉપાડ્યું છે, જુઓ! **'જીવાજીવ પદાર્થોંકા જ્ઞાન-શ્રદ્ધાન હોને પર સમ્યક્ત્વ હોતા હૈ તબ ઈસ જીવકો અપના ઔર પરકા, હિત-અહિતકા તથા હેય-ઉપાદેયકા જાનના હોતા હૈ તબ આત્માકી ભાવના હોતી હૈ (એકાગ્રતા) તબ અવિરત ચૌથા ગુણસ્થાન હોતા હૈ.'** ભાવના-સ્વભાવની એકાગ્રતા. શુદ્ધ દર્શન જ્ઞાન છું તે. **'ચૌથા ગુણસ્થાન હોતા હૈ.'** લ્યો! બહુ સરસ વ્યાખ્યા કરી. 'જયચંદ્ર પંડિત'. માળા પહેલાના પંડિતો પણ.. વાતને બહુ સારી.. 'જયચંદ્ર પંડિતે' ઘણા અર્થ કર્યા.

મુમુક્ષુ :- ... કાલે જે આઠ ગુણની વાત કરી એ નથી લીધી. આઠ મૂળગુણ...

ઉત્તર :- એ તો ઠીક. એનું હોય જ આ. આવું હોય ત્યાં હોય જ. એ તો સાધારણ માંસ, દારૂ ન ખાય ત્યારે તો એને નામમાત્ર જૈન કહેવાય. દારૂ, માંસ... સમજાય છે? શું કહેવાય? મધ. મધ, માંસ, દારૂ એ હોય જ્યાં સુધી તો જૈન ધર્મ સાંભળવાને લાયક નથી. એવી વાત છે ભાઈ આ તો. મધ-મધ હોય છે ને? મધ, માંસ, દારૂ એનો જ્યાં સુધી ત્યાગ નથી ત્યાં સુધી તો એ જૈન નામ કહેવાને લાયક નથી. જૈન નામ કહેવાને લાયક નથી. વીતરાગમાર્ગ છે આ, ભાઈ! સમજાણું કાંઈ? આવે છે ઓલામાં 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં. આ સાત વ્યસનનો ત્યાગ જ્યાં સુધી નથી, દારૂ, માંસનો ત્યાગ નથી ત્યાં સુધી જૈનની વાણી સાંભળવાને લાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ? અભક્ષ્ય છે એ બધા. માંસ, દારૂ, મધ. ઔષધમાં મધ લે. એ ન હોય. મધના એક બિંદુમાં.. પાઠ છે શાસ્ત્રમાં. સાત ગામના જીવ મારે એટલું પાપ છે. મધના એક બિંદુમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. એ છે. ક્ષમાવાણી પુસ્તક છે. આ તો અમિતગતિ શ્રાવકાચારમાં પાઠ છે.

એક બિંદુમાં સાત ગામના જીવ મરે એટલું પાપ છે. એવો પાઠ છે. બધા શાસ્ત્રો વાંચ્યા છે ને અમે તો. મધ ન હોય. આ શેઠિયા અને બેઠિયા મધ-બધ ખાય ને દવામાં? પાછા ઓલા પંડિતો બચાવ કરે. એય..! શેઠ! સમજાણું કાંઈ? એ તો સાધારણ વાત છે એટલે આવી નહિ. અભક્ષ્ય ન હોય. પરસ્ત્રી આદિ એવા આચરણ ખોટા અનીતિવાળા અનેક હોય એને આ વીતરાગનો માર્ગ સાંભળવાનો રુચે? નહિ રુચે એને. એવો માર્ગ છે, ભાઈ! આ તો ઊંચી વાત ઠેઠ કરવાની પણ હેઠલી વાતમાં ઠેકાણા ન મળે એને આ ઊંચી વાત બેસશે ક્યાંથી? સમજાણું કાંઈ?

'**તબ આત્માકી ભાવના...**' આ ભાવના એટલે શું વિકલ્પ છે? ચિંતવના છે? હેં! એકાગ્રતા. હું દર્શન-જ્ઞાન-ચેતનાસ્વરૂપ (છું). એમાં એકાગ્રતા, રાગમાં એકાગ્રતા છૂટી ગઈ છે. રાગ છે ખરો પણ રાગની એકાગ્રતા છૂટી ગઈ છે સમકિતીને. આહાહા..! સમજાણું કાંઈ? '**જબ એકદેશ પરદ્રવ્યસે નિવૃત્તિકા પરિણામ હોતા હૈ...**' હવે શ્રાવક પંચમ ગુણસ્થાન. '**જબ એકદેશ પરદ્રવ્યસે નિવૃત્તિ...**' સમ્યગ્દર્શન અનુભવ સહિત. આત્મભાવના સહિત. રાગની એક અંશે નિવૃત્તિ થાય '**પરદ્રવ્યસે નિવૃત્તિકા પરિણામ હોતા હૈ...**' જુઓ! પરિણામ અંદર. '**તબ જો એકદેશચારિત્રરૂપ પાંચવા ગુણસ્થાન હોતા હૈ...**' ત્યારે એકદેશ પાંચમું ગુણસ્થાનનું ચારિત્ર હોય. આત્માની ભાવના જીવાજીવ ભેદજ્ઞાનથી થયું છે, એકાગ્રતા છે એ ઉપરાંત પરદ્રવ્ય પ્રત્યેની બીજી આસક્તિ છે એથી અંશે આસક્તિ ઘટાડી શાંતિનો વધારો કરે ત્યારે એને પંચમ ગુણસ્થાન પ્રગટ થાય. '**તબ જો એકદેશચારિત્રરૂપ પાંચવા ગુણસ્થાન હોતા હૈ...**' લ્યો! આહાહા..! સમજાણું કાંઈ? '**ઉસકો શ્રાવકપદ કહતે હૈં.**' લ્યો! એને શ્રાવકપદ કહેવામાં આવે છે.

વળી '**સર્વદેશ પરદ્રવ્યસે નિવૃત્તિરૂપ...**' બધા પરદ્રવ્ય વસ્ત્ર, પાત્ર આદિ બધું છૂટી જાય. મુનિપણામાં એક શરીરમાત્ર રહે. '**પરદ્રવ્યસે નિવૃત્તિકા પરિણામ હોતા હૈ...**' વીતરાગી પરિણામ હોય અંદર. '**તબ સકલચારિત્રરૂપ છઠ્ઠા ગુણસ્થાન હોતા હૈ,...**' સમજાણું કાંઈ? '**ઇસમેં કુછ સંજ્વલન ચારિત્રમોહકે તીવ્ર ઉદયસે સ્વરૂપકે સાધનેમેં પ્રમાદ હોતા હૈ,...**' છઠ્ઠે ગુણસ્થાને સંજ્વલનનો તીવ્ર ઉદય છે ને જરી? સાતમે મંદ પડી જાય છે. એથી પ્રમાદ હોય છે. '**ઇસકા નામ પ્રમત્ત હૈ, યહાં સે લગાકર ઊપરકે ગુણસ્થાનવાલોં કો સાધુ કહતે હૈં.**' લ્યો! એ છઠ્ઠે ગુણસ્થાનથી સાધુ કહેવામાં આવે છે. એ પહેલા સાધુ કહેવાય નહિ. મુનિ અને સાધુ એ પહેલા કહેવાય નહિ. સમજાણું કાંઈ?

વળી '**જબ સંજ્વલન ચારિત્રમોહકા મંદ ઉદય હોતા હૈ તબ પ્રમાદકા અભાવ હોકર...**' સાતમું ગુણસ્થાન. '**તબ સ્વરૂપકે સાધનેમેં બડા ઉદ્યમ હોતા હૈ...**' દેખો! '**તબ ઇસકા નામ અપ્રમત્ત ઐસા સાતવાં ગુણસ્થાન હૈ,...**' લ્યો! '**ઇસમેં ધર્મધ્યાનકી પૂર્ણતા હૈ.**' લ્યો! સાતમા ગુણસ્થાનમાં ધર્મધ્યાન છે. એકાગ્રતા છે ને. વળી '**જબ ઇસ ગુણસ્થાનમેં સ્વરૂપમેં લીન હો તબ સાતિશય અપ્રમત્ત હોતા હૈ,...**' લ્યો! સાતમાથી આગળ વધી શ્રેણીનો આરંભ કરે આઠમે. શ્રેણી એટલે વિશેષ સ્થિરતા. '**તબ ઇસસે ઉપર ચારિત્રમોહકા**

**અવ્યક્ત ઉદયરૂપ...**' ઉદય અવ્યક્ત રહે. '**અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસાંપરાય નામ ધારક યે તીન ગુણસ્થાન હોતે હૈં.**' હજી દસમે લોભ છે ને. '**ચૌથેસે લગાકર દસવે સૂક્ષ્મસાંપરાય તક કર્મકી નિર્જરા વિશેષરૂપસે ગુણશ્રેણીરૂપ હોતી હૈ.**' લ્યો! સમ્યગ્દર્શનથી માંડીને દસમા ગુણસ્થાન સુધી કર્મની નિર્જરા વિશેષતા કરી ગુણશ્રેણીરૂપ હોય છે. કર્મની ગુણશ્રેણી નિર્જરા થાય છે ચોથેથી. તે છેક દસમા સુધી. ભલે રાગ હો.

'**ઈસસે ઊપર મોહકર્મકે અભાવરૂપ ગ્યારહવા, બારહવાં, ઉપશાંતકષાય, ક્ષીણકષાય ગુણસ્થાન હોતે હૈં. ઈસકે પીછે શેષ તીન ઘાતિયા કર્મોંકા નાશકર અનંત ચતુષ્ટય પ્રગટ હોકર અરહંત હોતા હૈ...**' લ્યો! '**યહ સયોગી જિન નામ ગુણસ્થાન હૈ,...**' એ સયોગી જિન ભગવાન અરિહંતને કહેવાય. '**યહાં યોગકી પ્રવૃત્તિ હૈ. યોગોંકા નિરોધકર અયોગી જિન નામકા ચૌદહવાં ગુણસ્થાન હોતા હૈ, યહાં અઘાતિયા કર્મોંકા ભી નાશ કરકે લગતા હી અનંતર સમયમેં નિર્વાણપદકો પ્રાપ્ત હોતા હૈ,...**' મોક્ષ. લ્યો. પહેલેથી ચૌદ સુધીની મોક્ષ સુધીની વાત લઈ લીધી. '**યહાં સંસારકે અભાવસે મોક્ષ નામ પાતા હૈ. ઈસ પ્રકાર સબ કર્મોંકા અભાવરૂપ મોક્ષ હોતા હૈ,...**' એ મોક્ષની વ્યાખ્યા કરી. હવે એના કારણ.

'**ઈસકે કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે, ઈનકી પ્રવૃત્તિ ચૌથે ગુણસ્થાનસે સમ્યક્ત્વ પ્રગટ હોનેપર એકદેશ હોતી હૈ,...**' ચોથા ગુણસ્થાનથી દર્શન-જ્ઞાન અને ચારિત્રની એકદેશ પ્રવૃત્તિ હોય છે. લ્યો, આ એકદેશ ચારિત્રની પ્રવૃત્તિ કીધી. આમાં આવ્યું કે નહિ? અનંતાનુબંધીનો અભાવ થયો છે તો એકદેશ સ્વરૂપાચારણ થયું. પહેલાના પંડિતોને રુચતું નથી. નવી વાત પોતાની ખોટી ચલાવવી છે ને. નહિ, સ્વરૂપાચરણ ચોથે ન હોય. અહીં શું કહે છે? '**ઈનકી પ્રવૃત્તિ...**' ત્રણેની પ્રવૃત્તિ. જોયું? '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે, ઈનકી પ્રવૃત્તિ ચૌથે ગુણસ્થાનસે સમ્યક્ત્વ પ્રગટ હોને પર એકદેશ હોતી હૈ,...**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચારિત્ર એકદેશ હોય અને શ્રદ્ધા-જ્ઞાન તો પૂર્ણ હોય છે.

ઉત્તર :- શ્રદ્ધા-જ્ઞાન પૂર્ણ છે. પણ છતાં કોઈ ક્ષયોપશમ સમકિત હોય છે ને? ક્ષયોપશમ પણ છે ને? જ્ઞાન પણ અપૂર્ણ છે ને? સમજાણું કાંઈ?

'**યહાંસે લગાકર આગે જૈસે-જૈસે કર્મકા અભાવ હોતા હૈ વૈસે-વૈસે સમ્યગ્દર્શન આદિકી પ્રવૃત્તિ બઢતી જાતી હૈ ઔર જૈસે-જૈસે ઈનકી પ્રવૃત્તિ બઢતી હૈ વૈસે-વૈસે કર્મકા અભાવ હોતા હૈ, જબ ઘાતિ કર્મકા અભાવ હોતા હૈ તબ તેરહવેં ગુણસ્થાનમેં અરહંત હોકર જીવનમુક્ત કહલાતે હૈં ઔર ચૌદહવેં ગુણસ્થાનકે અંતમેં રત્નત્રયકી પૂર્ણતા હોતી હૈ,...**' એકદેશ ચોથેથી શરૂ થતાં ચૌદમા ગુણસ્થાનને અંતે રત્નત્રયની પૂર્ણતા હોય છે. ત્યાં ચારિત્ર પૂર્ણ થાય છે, છેલ્લે ચૌદમે. આત્મઆચરણ. આત્મઆચરણ, હોં! ઓલું ચારિત્ર તો બારમે પૂરું થઈ ગયું. ત્રણેયનું આચરણ થઈને, આત્માનું પૂરું આચરણ છેલ્લે ચૌદમામાં થયું. '**ઈસલિયે અઘાતિ કર્મકા ભી નાશ હોકર અભાવ હોતા હૈ તબ સાક્ષાત્ મોક્ષ હોકર સિદ્ધ કહલાતે હૈં.**'

'**ઈસ પ્રકાર મોક્ષકા ઔર મોક્ષકે કારણકા સ્વરૂપ જિન-આગમસે જાનકર...**' એ

વીતરાગના શાસ્ત્રથી આ જાણવું. એ સિવાય બીજે એ વાત સાચી હોતી નથી. પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવ, એની વાણીમાં આ આવ્યું. એ આગમથી આ વાત જાણવી. **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષકે કારણ કહે હૈં ઈનકો નિશ્ચય-વ્યવહારરૂપ યથાર્થ જાનકર...'** સ્વઆશ્રય નિશ્ચય, પરઆશ્રય વ્યવહાર એવા બેય મોક્ષમાર્ગને બરાબર જાણવો. **'સેવન કરના.'** સેવવું. વ્યવહારને વ્યવહાર તરીકે અને નિશ્ચયને નિશ્ચય તરીકે. એમ કહેવાય. **'તપ ભી મોક્ષકા કારણ હે ઉસે ભી ચારિત્રમેં અંતર્ભૂત કર ત્રયાત્મક હી કહા હૈ.'** દેખો! એ તપ ચારિત્રમાં અંતર્ભૂત છે. ચારિત્રની ઉગ્રતા એ તપ છે. **'ઈસ પ્રકાર ઈન કારણોંસે પ્રથમ તો તદ્ભવ હી મોક્ષ હોતા હૈ.'** કોઈને તો એ ભવે મોક્ષ થાય. **'જબતક કારણકી પૂર્ણતા નહીં હોતી હૈ ઉસસે પહિલે કદાચિત્ આયુકર્મકી પૂર્ણતા હો જાય તો સ્વર્ગમેં દેવ હોતા હૈ,...'** સ્વર્ગમાં જાય. **'વહાં ભી યહ વાંછા રહતી હૈ યહ શુભોપયોગકા અપરાધ હૈ,...'** દેખો! આહાહા..! સ્વર્ગમાં આવવું પડ્યું એ શુભઉપયોગનો અપરાધ છે. ઉપયોગ અપરાધ છે.

મુમુક્ષુ :- બહુ લઈ ગયા આઘુ?

ઉત્તર :- આઘું લઈ ગયા? આઘું ક્યાં લઈ ગયા? જ્યાં છે ત્યાં લઈ ગયા.

**'શુભોપયોગકા અપરાધ હૈ,...'** એ અપરાધ કર્યો માટે હું દેવમાં આવી ગયો એમ કહે છે. તીર્થંકરગોત્ર અને આહારક શરીર બાંધવું એ શુભઉપયોગનો અપરાધ છે. 'પુરુષાર્થસદ્ધિ ઉપાય'માં કહ્યું છે. શુભઉપયોગનો અપરાધ છે, શુભઉપયોગ અપરાધરૂપ છે. આહાહા..! અપ-રાધ છે એ. એ રાધ છે? રાધ એટલે આત્માની સેવના. અપરાધ એટલે ગુનો. સમજાણું કાંઈ? શુભઉપયોગ પણ અપરાધ છે. અપરાધનો અર્થ રાધ નહિ, આત્માની સેવા નહિ. એને માઠો રાધ છે. આહાહા..! વીતરાગમાર્ગમાં એ હોય, ભાઈ! સમજ્યા ને?

**'યહાંસે ચયકર મનુષ્ય હોઉંગા તબ સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગકા સેવનકર મોક્ષ પ્રાપ્ત કરુંગા, ઐસી ભાવના રહતી હૈ તબ વહાંસે ચયકર મોક્ષ પાતા હૈ. અભી ઈસ પંચમકાલમેં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવકી સામગ્રીકા નિમિત્ત નહીં હૈ...'** દ્રવ્ય એવું નથી, ક્ષેત્ર એવું નથી, કાળ એવો નથી, ભાવ પણ કેવળજ્ઞાનને પામે એવો નથી. એમ પાછું ભાવ ભેગો છે. **'ઈસલિયે તદ્ભવ મોક્ષ નહીં હૈ, તો ભી જો રત્નત્રયકા શુદ્ધતાપૂર્વક પાલન કરે...'** રત્નત્રયની શુદ્ધતાપૂર્વક સેવે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્રવ્યને આશ્રય શુદ્ધતાથી સેવે. લ્યો! **'તો યહાંસે દેવ પર્યાય પાકર પીછે મનુષ્ય હોકર મોક્ષ પાતા હૈ. ઈસલિયે યહ ઉપદેશ હૈ-જૈસે બને વૈસે...'** જેમ બને તેમ **'રત્નત્રયકી પ્રાપ્તિકા ઉપાય કરના, ઈસમેં ભી સમ્યગ્દર્શન પ્રધાન હૈ ઉસકા ઉપાય તો અવશ્ય ચાહિયે...'** સમજાણું કાંઈ? **'અવશ્ય ચાહિયે ઈસલિયે જિનાગમકો સમજકર સમ્યક્ત્વકા ઉપાય અવશ્ય કરના યોગ્ય હૈ, ઈસ પ્રકાર ઈસ ગ્રંથકા સંક્ષેપ જાનો.'** (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં.૧૦૨, ગાથા-૧૦૬, ગુરુવાર, આસો સુદ ૧, તા.૦૧-૧૦-૭૦

આ મોક્ષપાહુડ. ગાથા થઈ ગઈ. એનો સાર વર્ણવે છે. છપ્પય.

**सम्यग्दर्शन ज्ञान चरण शिवकारण जानूं,**
**ते निश्चय व्यवहाररूप नीकैं लखि मानूं।**
**सेवो निशदिन भक्तिभाव धरि निजबल सारू,**
**जिन आज्ञा सिर धारि अन्यमत तजि अधकारू।।**
**इस मानुषभवकूं पायकै अन्य चारित मति धरो।**
**भविजीवनिकूं उपदेश यह गहिकरि शिवपद संचरो।।१।।**

શું કહે છે? આવું મનુષ્યપણું પામીને બીજું કાંઈ ન કરો. જગતના કામ, પુણ્ય-પાપના ભાવ આદિ. એમ કહે છે. અનંતે કાળે મનુષ્યપણું મળ્યું એમાં સાર કરવો એમ છેલ્લો શબ્દ આવ્યો હતો ને? '**अन्य चारित मति धरो।**' બીજું વર્તન, વર્તન કાંઈ પરનું તો કરી શકતો નથી, પણ પુણ્ય-પાપના ભાવનું વર્તન એ પણ ન કરો હવે. કારણ કે એ તો ચાર ગતિમાં રખડવાનું કારણ છે. ચાર ગતિમાં રખડવાનું દુઃખનું કારણ છે. 'રતિભાઈ'! આ બધા સંચા-બંચા... બાકી દુનિયાની બધી પ્રવૃત્તિ દુઃખના કારણમાં છે. રખડવાનું ચાર ગતિમાં, ધોકા ખાવાના. ઢોર ને માણસ ને નારકી થઈ દેવ થઈને પણ એ દુઃખી છે, કહે છે. સમજાણું કાંઈ?

**'सम्यग्दर्शन ज्ञान चरण शिवकारण जानूं,**
**ते निश्चय व्यवहाररूप नीकैं लखि मानूं।'**

નિશ્ચયસ્વરૂપ આત્માને આશ્રયે, ભગવાન પૂર્ણ આનંદ પોતાનો સ્વભાવ, એને આશ્રયે સમ્યગ્દર્શન, એને આશ્રયે સમ્યગ્જ્ઞાન, એને આશ્રયે ચારિત્ર (થાય) એ નિશ્ચય. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો ભાવ એ વ્યવહાર. એ વિકલ્પ-રાગ. એને '**नीकैं**' બરાબર લખી જાણો. લખી એટલે જાણપણું કરીને બરાબર માનો. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન, વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન એ વિકલ્પ છે, શુભરાગ છે. અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માના શુદ્ધ પરિણામ, વીતરાગી પરિણામ એ મોક્ષનું ખાસ કારણ છે. એને '**नीकैं लखि मानूं।**' બરાબર જાણીને માનો. એમ કહે છે. '**नीकैं लखि मानूं।**' બરાબર જાણીને માનો. કહો, સમજાય છે કાંઈ?

**सेवो निशदिन भक्तिभाव धरि निजबल सारू,**
**जिन आज्ञा सिर धारि अन्यमत तजि अधकारू।।**

પોતાની શક્તિ પ્રમાણે '**निशदिन**' રાત અને દિન પ્રેમભાવથી એ નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગને જાણો અને સેવો.

મુમુક્ષુ :- ભક્તિ કરીને જાણો.

ઉત્તર :- પ્રેમથી. કહ્યું ને. પ્રેમથી. ભક્તિ નામ પ્રેમથી. વેઠથી નહિ. એમ. સમજાણું

કાંઈ? પરાણે પરના દબાણને લઈને આવવું પડે, બાપ આવે તો છોકરાને આવવું પડે, ધણી આવે તો બાયડીને આવવું પડે અને સાંભળે. એ તો બધી વેઠું છે. સમજાણું કાંઈ? 'શોભાલાલજી'! એ બધી વેઠ છે કહે છે. પોતાના પ્રેમથી. અરે..! મારું હિત ક્યાં છે? આ બધા અહિતના રસ્તે દોડી રહ્યો છે. હોળી. એ કરોડો, પાંચ કરોડ, દસ કરોડની મૂડી દુઃખના કારણ છે. દુઃખના ડુંગરામાં માથા ફોડે છે એ. 'ભગવાનજીભાઈ'! એ દુઃખી છે બિચારા, રાંકા છે, ભિખારી છે. રાંક છે બિચારા. આત્માનું ભાન નથી. અને આ પૈસા ને બૈસા આ મારા.. આ મારા... આ મારા.. ભિખારી છે. સ્વરૂપના ભાન વિનાના છે. માગે છે કે આ હો.. આ હો.. આ હો.. સમજાણું કાંઈ?

કહે છે, નિશદિન આ પ્રેમ કરીને આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિને સેવો. આહાહા..! '**सेवो निशदिन भक्तिभाव धरि**' ભક્તિભાવ ધરી એટલે પ્રેમભાવથી. એમ. એમ કે આમાં ભક્તિ આવીને. શેઠને એમ કહે છે, જુઓ આ ભક્તિ આવી. પ્રેમથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવો. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનું ધામ એવો અતીન્દ્રિય સુખસ્વરૂપ આત્મા છે. બહારમાં બધા દુઃખના કારણો છે. એ બાયડી, છોકરા, પૈસા, હજીરા, હજીરા એટલે આ મકાનો, દસ-દસ લાખ, વીસ-વીસ લાખના મકાન મોટા બંગલા. એ બધા દુઃખના કીડાઓ છે, દુઃખના નિમિત્ત છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અનંતકાળે કોઈ દિ' એણે જાણ્યો નથી. એની એણે કોઈ દિ' અનંતકાળમાં કિંમત કરી નથી. જગતની કિંમત ને બહુમાન આપ્યું પણ હું કોણ છું એની કિંમત એણે કોઈ દિ' કરી નથી. માટે '**निजबल सारू,**' પોતાની શક્તિ પ્રમાણે પ્રેમ ધરીને નિશદિન સેવો. '**जिन आज्ञा सिर धारि**' સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની, એ તીર્થંકરદેવની આજ્ઞા મસ્તકે લઈ. ભગવાન સર્વજ્ઞે જે જોયું અને કહ્યું, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી આજ્ઞાને શિર ધારો. સમજાણું કાંઈ?

'**अन्यमत तजि अधकारू।।**' વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવે જે માર્ગ કહ્યો, એ સિવાય અન્યમતિઓ જેટલા છે એ બધા '**अधकारू**' પાપના કરનારા છે. સમજાણું કાંઈ? વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરે જે માર્ગ ફરમાવ્યો, તે માર્ગ જ એક મોક્ષનો છે. અન્યમત બધા પાપ કરનારા, પાપના-મિથ્યાત્વના ઉત્પન્ન કરનાર છે. '**अध**' એટલે પાપ. કારુ. સમજાણું કાંઈ? આ પક્ષ તો નહિ હોય ને?

મુમુક્ષુ :- શાસ્ત્રજી ... જોઈએ એમ ને?

ઉત્તર :- એમ કે આ જૈનમત જ સાચો છે અને અન્યમત ખોટા છે એ પક્ષ નથી ને? એમ કહું છું. વસ્તુનું સ્વરૂપ એવું છે. જિનમત કોઈ પક્ષ નથી. આત્માનો આનંદ વીતરાગી સ્વભાવ એવો જેણે અનુભવ્યો, જાણ્યો અને કેવળજ્ઞાન થયું એણે એ માર્ગ બતાવ્યો. વસ્તુ આ છે, ભાઈ! તારી શાંતિના ઠેકાણા પડે એવો આત્મા શાંત તો તારી પાસે છે. બાકી ક્યાંય શાંતિ છે નહિ.

મુમુક્ષુ :- અન્યમત...

ઉત્તર :- '**अधकारू**' '**अन्यमत तजि**'

મુમુક્ષુ :- અન્યમતને છોડીને.

ઉત્તર :- છોડીને. કેવા છે અન્યમત? કે '**अघकारू**' પાપ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા પાપ ...

મુમુક્ષુ :- કોઈપણ પ્રાણી હો,..

ઉત્તર :- હો. એ શું કહે છે?

મુમુક્ષુ :- કોઈ મતના માનનારા હોય...

ઉત્તર :- બધા પાપના કરનારા છે. જૈન મત સિવાય બધા પાપના કરનારા છે. એ તો વાત પહેલી કરી.

મુમુક્ષુ :- એ નિજબળનો અર્થ શું?

ઉત્તર :- નિજબળ-પોતાની શક્તિ પ્રમાણે. કોઈ ચોથા ગુણસ્થાનમાં, કોઈ મુનિપણું. એમ.

મુમુક્ષુ :- .. કેમ માનવું?

ઉત્તર :- ખબર ન પડે કે મારામાં હજી સમકિતદર્શનની પ્રાપ્તિ માંડ છે, મુનિપણાની યોગ્યતા નથી. એમ ખબર પડે કે નહિ પોતાને? સમ્યગ્દર્શનની યોગ્યતા મારે માટે બસ છે. વધારે મારી શક્તિ છે નહિ. ચારિત્રની મારી શક્તિ નથી. ચારિત્રની શક્તિ હોય એ ચારિત્ર ધારે, સમ્યગ્દર્શનની શક્તિ હોય એ સમ્યગ્દર્શન ધારે. એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલું સમ્યગ્દર્શન ધારે. પહેલી વાત ઈ છે ને? પહેલી વાત આવી ગઈ કાલે માથે. જુઓ!

'**ઈસમેં ભી સમ્યગ્દર્શન પ્રધાન હૈ ઈસકા ઉપાય તો અવશ્ય ચાહિયે...**' પહેલો. સમ્યગ્દર્શનનો ઉપાય પહેલો કરવો. ચારિત્રની, વીતરાગતાની શક્તિ ન હોય તો પહેલો આ ઉપાય કર. શક્તિ હોય તો સમ્યગ્દર્શનસહિત, અનુભવસહિત, સ્થિરતા ચારિત્રની આનંદની સ્થિરતા કરવી. એ શક્તિ પ્રમાણે કરવું. હઠથી કરવું નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? હઠથી કાંઈ ધર્મ થાય નહિ. એ આવે છે ને? ષોડશકારણ ભાવનામાં આવે છે ને? શક્તિ તપ ત્યાગ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કીધું ને. આ દર્શનની વાત એ ચાલે છે.

અખંડ ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદ. આ તો એ વાત ચાલે છે ને. એ તો સવાર સાંજ એ જ ચાલે છે અહીં તો. પૂર્ણ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ, એનો અનુભવ, એનું નામ સમ્યગ્દર્શન. એને પહેલો ધારો. એમ. સમ્યગ્દર્શનને પહેલી શક્તિરૂપે પડ્યું છે તત્ત્વ એને પ્રતીતરૂપે કરો. એમ વાત છે. પહેલી આ ચીજ છે. પછી શક્તિ હોય તો વધારે. જ્ઞાન, ચારિત્ર, વીતરાગતા પ્રગટ કરે. સમજાણું કાંઈ?

'**जिन आज्ञा सिर धारि**' વીતરાગની આજ્ઞા એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણને ધારણ કરીને. અન્યમત તજી-વીતરાગ માર્ગ સિવાય જેટલા માર્ગ છે એ બધા પાપના કરનારા છે. સમજાણું કાંઈ? '**इस मानुषभवकूं पायकै**' અહો..! આ મનુષ્યદેહ માંડ અનંતે કાળે મળ્યો છે. ઢોર અને નરકમાં પડ્યો હતો. કીડા ને કાગડા ને કૂતરામાં, કંથવામાં અવતાર કરી કરીને હોથા

નીકળી ગયા છે એને. અહીંયાં માણસપણું જ્યાં આવ્યું, જ્યાં કાંઈક થોડુંઘણું બહારનું ભાળે, પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ પૈસા, બાયડી-છોકરા સારા, આબરૂ મોટી (મળી એમાં) મરી ગયો. હું પહોળો અને શેરી સાંકડી થઈ ગઈ. આહાહા..! આપણે બીજા કરતા વધ્યા છીએ. શેમાં? પાપમાં.

મુમુક્ષુ :- .. પાપમાં પડ્યો.

ઉત્તર :- પાપમાં પડ્યો. ક્યાંનો ક્યાં હતો. હતું અહીં? 'નાઈરોબી' જઈને 'મોમ્બાસા' જઈને કેટલા રૂપિયા .. મકાન હોય એ વેચી નાખ્યા, દોઢ લાખનું ભાડું હતું ભાઈને. એટલા તો મકાન હતા. બાર મહિનામાં દોઢ લાખ રૂપિયાનું ભાડું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળેય નહિ. બે લાખ ઓછા આપીને વેચી નાખ્યું કહે છે. શું કરે ત્યાં પૈસા ન આવે ત્યારે. એમાં ધૂળમાંય નથી કાંઈ. કરોડ ને બે કરોડ ને દસ કરોડના મોટા આંકડા ગણવા છે ને ધૂળના. દુઃખના કારણ છે એ બધા. 'શોભાલાલજી'! આ દુનિયા તો પૈસાવાળાને સુખી કહે છે તમને.

મુમુક્ષુ :- રૂપિયાને નદીમાં નાખવા?

ઉત્તર :- નાખે ક્યાં ને રાખે ક્યાં? એ પરચીજ છે એને નાખવી છે ક્યાં? એ તો જડ છે. જડને રાખી શકતો નથી, જડને છોડી શકતો નથી. મિથ્યાત્વભાવને ગ્રહણ કરી શકે અને સમકિતભાવને છોડી શકે. સમકિતભાવને ગ્રહણ કરીને મિથ્યાત્વભાવને છોડી શકે.

મુમુક્ષુ :- બેય સાથે ન રહે?

ઉત્તર :- ઝેર ને અમૃત બેય સાથે રહેતા હશે? એક મ્યાનમાં બે તલવાર રહેતી હશે?

રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપ મારા એવો જે મિથ્યાત્વભાવ. બહારની ચીજ તો ધૂળ ક્યાંય રહી ગઈ હવે. બાયડી, છોકરા એ તો બિચારા પરવસ્તુ. એને કારણે આવ્યા, એને કારણે ચાલ્યા જવાના. એ કાંઈ તારા નથી અને તારે માટે આવ્યા નથી. આહાહા..! પણ તારે માટે જે અંદર રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ એવા ભાવ એ મારા, હું એનો, એનું નામ મિથ્યાત્વભાવ, અધર્મભાવ, પાપભાવ. સમજાણું કાંઈ? એને છોડ. ભગવાન આનંદકંદ નિષ્પરિગ્રહ નિર્વિકલ્પ સ્વરૂપ એને પકડ, ગ્રહણ કર. પહેલું સમ્યગ્દર્શન આ છે. સમજાણું કાંઈ? જુઓ! શું કહ્યું?

'**इस मानुषभवकूं पायकै अन्य चारित मति धरो।**' બીજા આચરણ સમ્યગ્દર્શન સિવાય, મોક્ષમાર્ગ સિવાય, બીજા આચરણ પુણ્ય અને પાપના, બંધના ઝેરના એ આચરણ ન કરો. આહાહા..! સમજાણું કાંઈ? '**इस मानुषभवकूं पायकै अन्य चारित मति धरो।**' ચારિત્ર એટલે આચરણ. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષના પરિણામ અન્ય ચારિત્ર છે, દુઃખદાયક છે, નરક અને નિગોદના રસ્તે જવાના પંથ છે એ બધા. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયામાં ખમ્મા-ખમ્મા થાય છે. જુઓ, આ વળી મરી ગયો ને કો'ક? 'અરબસ્તાન'નો પ્રેસિડેન્ટ. દુનિયામાં બહાર તો આહા...હા..હા..હા..! મરીને નરકે ગયો હશે હેઠે. રાડે રાડ પાડતો હશે અત્યારે. હાય રે મરી ગયો. ક્યાંથી આવ્યો એની ખબર ન મળે એને. એય..!

'શોભાલાલજી'! પડદો પડ્યો એક. મૂઢ દુનિયાને ભાન ક્યાં છે? બહારમાં ઉંમર નાની ૬૨ વર્ષની. ખમા..ખમા.. 'હીટલર'ને કેટલું થાતું, જુઓને! 'હીટલર' ઉપરથી ઉતરતો હોય આમ બલુનમાં. નીચે હજારો પોલીસો આમ. શું કહેવાય એની બંદુક? સલામી. એની સલામી ત્યાં લેવાની નરકમાં. એ 'હીટલર' નરકમાં. હાય-હાય. એક એક દિવસ અને એક એક ઘડી એની જાય એવા તો અબજો વર્ષ સુધી દુઃખી ત્યાં રહેશે. અહીં તો પાંચ-પચ્ચીસ-પચાસ વર્ષ કદાચ. ત્યાં તો અબજો શું કોઈ પલ્યોપમમાં જાય તો તો અસંખ્ય અબજ વર્ષ. આહાહા..! કહો, પચ્ચીસ વર્ષ, પચાસ વર્ષ. મિનિટું કેટલી? પચાસ વર્ષની મિનિટ સંખ્યાત થાય. અને પલ્યોપમમાં જાય તો એક મિનિટે અસંખ્ય વર્ષ, એક મિનિટે અસંખ્ય વર્ષ, એક મિનિટનું દુઃખ ભોગવેલું, પાપ કરેલું, એનું અસંખ્ય વર્ષનું દુઃખ ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોટી નથી. પચાસ વર્ષ લ્યો ને તમે. અહીં વીસ વર્ષ સુધી તો બાળકમાં ગુમાવ્યા. પાછળથી વૃદ્ધ હોય એ ઠુંઠડા જેવા ગુમાવ્યા હોય. વચમાં જરી ૨૫-૩૦-૪૦ વર્ષ હું-હા, હું-હા મોટો થઈને માન્યું હોય. હવે એમાં ૪૦-૫૦ વર્ષની મિનિટું કેટલી? સંખ્યાતી. અને નરકમાં પલ્યોપમે જાય. એક પલ્યોપમે. સાગરોપમ હોય છે મોટું. એક પલ્યોપમે જાય તો એક મિનિટ અહીં. ત્યાં અસંખ્ય અબજ વર્ષ. એક મિનિટ અને અસંખ્ય અબજ વર્ષ. એટલું દુઃખ ભોગવે.

મિથ્યાત્વનું અને રાગ-દ્વેષનું તીવ્ર પાપ કર્યું છે. તીવ્ર. એને એમ ક્યાં હતું? માપ મર્યાદા હતી કે આટલું જ પાપ કરવું? અને આટલા કાળ સુધી કરવું એવી મર્યાદા હતી? જીવું તો સો વર્ષ સુધી, લાખ વર્ષ સુધી જીવું તો આ બધું મારે કરવું. મારા વિરોધીઓ જેટલા હોય એ બધાને ઉડાડી દઉં. એની સંખ્યા ક્યાં આવી? માપ ક્યાં આવ્યુ? એય..! શેઠ! થોડા પાપનું ફળ નથી, આ ઘણા પાપ છે એમ બતાવવું છે.

મુમુક્ષુ :- અજ્ઞાનમાં થયા હોય તો...

ઉત્તર :- અજ્ઞાન હોય તો ઝેર ખાય તો મરી જાય કે નહિ? અજ્ઞાનથી ઝેર આવે, હરડેને ઠેકાણે ઝેર આવે તો મરી જાય કે બચતો હશે? એ બચાવ છે કાંઈ અજ્ઞાન? સમજાણું કાંઈ? મૂઢપણું એ જ મહાપાપ છે, એ જ મહાપાપ છે. આહાહા...! અરે..! પ્રભુ! ભાઈ! આવા અવતાર મળ્યા ચાલ્યા જશે. જુઓને! **'इस मानुषभवकूं पायकै'** આહાહા..! અનંતે કાળે આવો મનુષ્યદેહ (મળ્યો). ક્યાંય કીડે, કાગડે, કૂતરે રખડી રખડીને મરી ગયો. અને અહીં જ્યાં થોડું-ઘણું દેખે, બે-ચાર છોકરા સારા (થયા હોય), પાંચ-પચ્ચીસ લાખ, પૈસા કરોડ, બે કરોડ, પાંચ કરોડ, ધૂળ કરોડ (હોય) અને આહાહા...! બાયડી કહ્યાગરી, છોકરા કહ્યાગરા રૂપાળા, વહુરું સારી, વેવલા સારા. વેવલા એટલે વહુના મા-બાપો. વેવાઈ સારા વેવાઈ. બસ. મરી ગયો પણ હવે સાંભળને. ચૈતન્યજ્યોત ભગવાનઆત્મા તારી નિજ ચીજ એની તો તેં સંભાળ કરી નહિ. અને આ પરની સંભાળમાં તારું જીવન ગયું. આવો મનુષ્યભવ! આ માટે મનુષ્યભવ છે તને? એમ કહે છે, જુઓને. એય..! પંડિતજી! આહાહા..! ભગવાન! આ સમય મળ્યા છે.

મુમુક્ષુ :- બે હજાર સાગર..

ઉત્તર :- હા. બે હજાર સાગર ત્રસમાં રહે. પછી જાય સ્થાવરમાં. એકેન્દ્રિય. આહાહા..!

કહે છે, અરે..! '**इस मानुषभवकूं पायकै अन्य चारित मति धरो।**' આહાહા..! ભારે વાત કરે છે. છે તો પોતે ગૃહસ્થ પંડિત પણ કહે છે, બીજું આચરણ ન હો. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષના પરિણામ હવે ન કરો. આહાહા..! સમજાણું કાંઈ? '**भविजीवनिकूं उपदेश यह गहिकरि शिवपद संचरो**' આ તો ભવ્યજીવને માટે ઉપદેશ છે. અભવિ-નાલાયક માટે કાંઈ ઉપદેશ નથી. એમ કહે છે. આહાહા..! '**भविजीवनिकूं उपदेश यह गहिकरि**' એ ઉપદેશનો સાર ગહિકરી. **शिवपद संचरो**' હવે મોક્ષમાં જાવ. સંચરો. મોક્ષ થાવ તમારો, બાપુ! સંસાર કારાગૃહ. ચોર્યાસીના અવતારમાં કારાગૃહ-જેલમાં દુઃખી બહુ થયો, ભાઈ! આહાહા..! કહો, 'રતિભાઈ'! આ બધા તમને સુખી કહે છે પૈસાવાળાને. લ્યો! અહીં કહે છે કે એ દુઃખી છે એમ કહે છે. હવે માપ શી રીતે કાઢવું આમાં? એય.! આ બધા પૈસાવાળા.

મુમુક્ષુ :- બે મત જગતમાં પહેલા હતા.

ઉત્તર :- બે મત તો અજ્ઞાનીનો મત હોય એ કાંઈ મત સાચો કહેવાય? એય..! શેઠ! બાળકનું માપ એ સાચું કહેવાય? ભવ્યજીવને માટે આ ઉપદેશ છે. અભવિને નહિ લાગુ પડે નાલાયક પ્રાણીને. આહાહા.! બાળકને માપ કરતા આવડે? નહોતો દાખલો આપ્યો એક ફેરી.

રવિવારનો દિવસ હતો. એનો બાપ લઈ આવ્યો પચાસ વાર. શું કહેવાય? આલપાક. આ આલપાક નથી આવતો? પચાસ વાર લઈ આવ્યો. પચાસ હાથ. ઓલો છોકરો નાનો હતો આઠ વર્ષનો. એ નવરો હતો તો માપ્યું આમ. બાપુજી! આ સો હાથ થાય છે. તમે કહો છો કે પચાસ હાથ છે. સો હાથ લઈ આવ્યા. ભાઈ! તારા હાથ ન કામ આવે. અમારા વેપારના ગજમાં તારો ગજ કામ આવે નહિ. એ અમારો ગજ કામ આવે. એમ જ્ઞાનીના ગજ જ્ઞાનમાં કામ આવે, અજ્ઞાનીના માપ કામમાં આવે નહિ. સમજાણું કાંઈ? '**भविजीवनिकूं उपदेश यह गहिकरि शिवपद संचरो।।१।।**'

**દોહા**

**बंदूं मंगलरूप जे अर मंगलकरतार।**
**पंच परम गुरु पद कमल ग्रंथ अंत हितकार।।२।।**

'**बंदूं मंगलरूप**' પાંચ પરમેષ્ઠી તો મંગલસ્વરૂપ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય નિમિત્તરૂપે છે ને મંગલસ્વરૂપ. આત્મા જ મંગલસ્વરૂપ છે. અહીં ભગવાન પંચપરમેષ્ઠીને મંગલસ્વરૂપ કહેવામાં આવ્યા છે. '**अर मंगलकरतार**' મંગલના કરનારા ભગવાન ત્રિલોકનાથ નિમિત્ત તરીકે છે. પાંચેયને પરમગુરુ કહ્યા. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પરમગુરુ છે, પરમગુરુ. વીતરાગતા જેને પરિપૂર્ણ પ્રગટી અરિહંતને, સિદ્ધને. આચાર્ય ઉપાધ્યાય, સાધુને પણ વીતરાગતા ઘણી પ્રગટી છે. એને આ જગતમાં પંચમ પરમગુરુ, પાંચ મોટા પરમગુરુ કહેવામાં આવે છે. જગતમાં મોટામાં મોટા હોય તો પંચપરમેષ્ઠી મોટા છે. બાકી બધા હેઠા છે.

સમજાણું કાંઈ? આહાહા..! **'पद कमल'** એના પદરૂપી કમળને વંદું છું. **'ग्रंथ अंत हितकार'** ગ્રંથના અંતમાં હિતને કરવા માટે. ગ્રંથનો અંત છે ને છેલ્લો?

**'યહાં કોઈ પૂછે કિ-ગ્રંથોમેં જહાં-તહાં, પંચ ણમોકારકી મહિમા બહુત લિખી હૈ,...'** પહેલું કહ્યું ને? .. પહેલું. શું કહ્યું આ મોક્ષપાહુડ? એના પહેલા સ્તવનમાં આવ્યું હતું ને? મોક્ષ છે ને આ?

**'णाणमयं अप्पाणं उवलब्धं जेण झाडियकम्मेण**

**चइउण य परदव्वं णमो णमो तस्स देवस्स।।१।।'**

બીજી ગાથા એમ છે. **'णमिऊण य तं देवं अणंतरवरणाणदंसणं सुद्धं।'** એને કહીને હવે હું મોક્ષપાહુડ કહીશ. પહેલી-બીજી ગાથામાં નમસ્કાર (કર્યા છે). 'કુંદકુંદાચાર્ય' મહાપ્રભુ, પંચપરમેષ્ઠીને મંગળ કરીને, વંદન કરીને, મંગળ કરીને સંભારીને વંદન કર્યા છે. આ હું શાસ્ત્ર મોક્ષપાહુડ કહીશ. કેમકે પરમેષ્ઠી પરમરુ છે એમનો કહેલો આ માર્ગ છે. પંચપરમેષ્ઠી ભગવાન અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. વીતરાગી ભગવાન પરમગુરુ જગતમાં મોટામાં મોટા પુરુષો હોય તો એ છે. સમજાણું કાંઈ?

**'પંચ ણમોકારકી મહિમા બહુત લિખી હૈ, મંગલકાર્યમેં વિઘ્નકો દૂર કરનેકે લિયે ઈસે હી પ્રધાન કહા હૈ...'** દેખો! બહારના વિઘ્ન મટાડવા માટે પણ પરમેષ્ઠીને મુખ્ય કહ્યા. મંગળ કર્યું ને? મંગળિક. **'ઔર ઈસમેં પંચ-પરમેષ્ઠીકો નમસ્કાર હૈ વહ પંચપરમેષ્ઠીકી પ્રધાનતા હુઈ, પંચપરમેષ્ઠી...'** સર્વોત્કૃષ્ટ પદ જેના આનંદમય, એની પાસે રાગ પણ નથી, પૈસા નથી, બાયડી-છોકરા નથી, કુટુંબ નથી, આ હજીરા-મકાન નથી. અને પોતે પરમગુરુ મોટા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? પોતાની સંપદા પ્રગટ કરીને મોટા થયા એને અહીંયાં મોટા કહેવામાં આવે છે. આહાહા..! **'પંચ-પરમેષ્ઠીકો પરમ ગુરુ કહે ઈસમેં ઈસી મંત્રકી મહિમા તથા મંગલરૂપના ઔર ઈસસે વિઘ્નકા નિવારણ, પંચ-પરમેષ્ઠીકે પ્રધાનપના ઔર ગુરુપના તથા નમસ્કાર કરને યોગ્યપના કૈસે હૈ? વહ કહો.'** સમજાણું કાંઈ? પહેલેથી ઉપાડ્યું છે ને? **'ઈસકે સમાધાનરૂપ કુછ લિખતે હૈં :-'** કાંઈક લખીએ. બધું તો ભગવાન લખે.

**'પ્રથમ તો પંચણમોકાર મંત્ર હૈ, ઈસકે પૈંતીસ અક્ષર હૈં,...'** પાંત્રીસ અક્ષર છે. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઈરિયાણં, નમો ઉવજ્જાયાણં, નમો લોએ સવ્વ સાહુણં. સમજાણું? લોએ સવ્વ. ઓલા છેલ્લે નાખે. એક એકમાં લોએ સવ્વ નાખે તો ઝાઝા થાત. નહિ? નમો લોએ સવ્વ અરિહંતાણં. તો ઝાઝા થાત. પણ છેલ્લે નમો લોએ સવ્વ સાહુણં. પછી બધામાં નાખ્યા ચારેયમાં. કહ્યા ચારેયને. નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં. પણ નવકાર મંત્રમાં એ છેલ્લો નમો લોએ ચારમાં સમાડી દેવા એમ કરીને કહ્યું. એટલે એ બધા થઈને નમો લોએ ઓલામાં ન નાખતા લોએ સવ્વ સાહુણંમાં નાખ્યું ત્યારે પાંત્રીસ અક્ષર થાય.

**'યે મંત્રકે બીજાક્ષર હૈં...'** મંત્રનું બીજ એ છે. પાંત્રીસ અક્ષરો ભગવાનના પંચપરમેષ્ઠી મંત્રનું બીજ છે. **'તથા ઈનકા યોગ સબ મંત્રોસે પ્રધાન હૈ,...'** એ પાંચેય અક્ષરનો મેળાપ

બધા મંત્રમાં મોટામાં મોટો મંત્ર છે. આ ઘટયંત્ર ને ઘટ શું કાંઈ કહે છે એવા? આ ઘંટાકર્ણ ને ઢીકણા કર્ણ કરે છે ને? એ બધામાં આ પંચપરમેષ્ઠીના પાંત્રીસ અક્ષરો મોટામાં મોટા મંત્ર છે. સમજાણું કાંઈ? '**ઈન અક્ષરોંકા ગુરુ આમ્નાયસે શુદ્ધ ઉચ્ચારણ હો...**' લ્યો! એ પાંત્રીસ અક્ષરને ગુરુ આમ્નાયથી શુદ્ધ વચન બોલવાનું. '**તથા સાધન યથાર્થ હો તબ યે અક્ષર કાર્યમેં વિઘ્નકે દૂર કરનેમેં કારણ હૈં...**' બહારના વિઘ્ન ટળવામાં પણ એ પાંત્રીસ અક્ષર મંત્રના છે. એ જાતનો મંત્ર. મટવું હોય તો મટે, હોં! એ તો પુણ્ય હોય તો પાછું મટે. પણ અહીં તો વિઘ્નનો નાશ કરનારું સિદ્ધ કરવું છે ને? એ નિશ્ચય સત્. અન્યમતિ કહે વિઘ્નનો નાશ. એ તો પૂર્વના કોઈ પુણ્ય હોય તો વિઘ્નનો નાશ થાય. પણ આ પંચપરમેષ્ઠી તો ખરેખર વિઘ્નનો નાશ કરનારા છે. પાપના નાશ કરનારા અને પવિત્રતાની પ્રાપ્તિ કરનારા. એવામાં એ નિમિત્ત ભગવાન પાંચ પરમેષ્ઠી છે. સમજાણું કાંઈ?

ઘણા મંત્રો (હોય) પણ એ મહામંત્રમાં આ મૂળ મંત્ર છે. આહાહા..! એની લોકોને કિંમત નથી. બહુ વારંવાર જન્મથી નમો અરિહંતાણં શીખવ્યું ને? એટલે પછી થઈ ગયું સાધારણ. બીજો મંત્ર નવો આવે કાંઈક. આહાહા..! ૐ નમ સિદ્ધેભ્યઃ. ૐ ૐ અ સિ આ ઉ સા. નવા અક્ષર હોય ત્યારે એમ લાગે કે આહાહા..! પણ આ મૂળ ચીજ છે. આ પંચ પરમેષ્ઠીના મૂળ ઓહો..! આખા લોકને હલાવી નાખે. જો એની મંત્રની ધ્વનિ બરાબર ઊઠે તો વિઘ્ન ટાળે એમ કહે છે, જુઓને. ભૂતડા, બુતડા ઊભા ન રહે ત્યાં. મંત્રનો યથાર્થ જપ જ્યાં અંદર ઉઠ્યો... સમજાય છે? એ ભૂતડા-બુતડા ઊભા ન રહે. ભાગે. આહાહા..! આ મહા પરમેષ્ઠી પદ, એનું આ સ્મરણ મંત્ર કરે છે. એનો વિશ્વાસ હોવો જોઈએ! વિશ્વાસ વિના એમ ને એમ ઠેં..ઠે.. કરે એમ ન ચાલે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. હોય પણ સાચું તો આ છે. નામ ભલે આપે. પણ એની ઓળખાણ ન મળે એને. જૈન પરમેશ્વરની પરંપરા... કહેશે અહીંયાં. એ સિવાય એ બરાબર એ મંત્રની પિછાણ છે નહિ. શબ્દો એ હોય પણ ભાવમાં ફેર છે ને? અરિહંતપદને બીજી રીતે ચીતર્યું છે બીજાએ. એ તો બૌદ્ધમાં પણ અરિહંત-અરિહંત શબ્દ આવે. શબ્દ આવે એમાં શું કામ આવે? એ આવશે અંદર.

અનાદિ નિધન નીચે આવશે. કહે છે કે યથાવત જો સાધન કરે. જુઓ! છે ને? '**સાધન યથાર્થ હો તબ યે અક્ષર કાર્યમેં વિઘ્નકે દૂર કરનેમેં કારણ હૈ ઈસલિયે મંગલરૂપ હૈં. મં અર્થાત્ પાપકો ગાલે ઉસે મંગલ કહતે હૈં તથા 'મંગ' અર્થાત્ સુખકો લાવે, દે, ઉસકો મંગલ કહતે હૈં,...**' લ્યો! બે અર્થ લીધા. મં એટલે પવિત્રતા સુખને આપે અથવા મંગ એટલે પાપને ગળ એટલે ગાળે. મંગળ. '**ઉસકો મંગલ કહતે હૈં, ઈસસે દોનોં કાર્ય હોતે હૈં. ઉચ્ચારણસે વિઘ્ન ટલતે હૈં, અર્થકા વિચાર કરને પર સુખ હોતા હૈ,...**' કહો, સમજાણું કાંઈ? એના ભાવની વાત છે, હોં! બહારથી ભગવાન કરતા નથી કાંઈ. અર્થ વિચારે સુખ થાય. એનો અર્થ ભાવ વિચારે. અરિહંતપદ, સિદ્ધપદ એવું મારું પદ છે એમ વિચારે તો એને સુખ થાય. જુઓ! બે વાત કરી. બરાબર શબ્દોના ઉચ્ચારણમાં વિકલ્પ છે એનાથી પાપ ગળે છે. સમજાય છે? અને

એ કહેલા પાંચ પરમેષ્ઠીનો ભાવ લક્ષમાં લે. વીતરાગભાવ પાંચેય પદ છે. એ આપણે આવી ગયું આમાં. પાંચેય પદ મારામાં છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય એ મારું પદ છે. નિજપદમાં એ બધું છે એમ સંભારીને યાદ કરીને કરે તો એને સુખ થાય, આનંદ થાય સ્વભાવને આશ્રયે.

મુમુક્ષુ :- યથાર્થ સાધનનો અર્થ આ?

ઉત્તર :- યથાર્થ સાધનનો અર્થ કે બહારથી જો ઉચ્ચારણ કરે તો પાપ ટળે, અંતરમાં એનું ભાન કરે વીતરાગતાનું તો આત્માને સુખ મળે.

મુમુક્ષુ :- યથાર્થ સાધન...?

ઉત્તર :- હા. એ યથાર્થ સાધન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંદર. સાધન એટલે વિકલ્પ એકલો નહિ. જુઓ! સુખ કીધું ને? અંતર વીતરાગતાને યાદ કરીને અંતરમાં વીતરાગતા પ્રગટ કરે તો સુખ થાય.

મુમુક્ષુ :- .. સાધન કહ્યું.

ઉત્તર :- એ સાધન આ. બહારના સાધન એકલા મંત્ર ગણવા એ નહિ. મંત્રમાં કહેલો ભાવ. વીતરાગતાને સંભારે, વિકલ્પને છોડે. રાગ એ હું નહિ, વીતરાગતા તે હું એવું કરે તો સુખ થાય. તે યથાર્થ સાધન છે.

'**ઈસીસે ઈસકો મંત્રોમેં પ્રધાન કહા હૈ, ઈસ પ્રકાર તો મંત્રકે આશ્રય મહિમા હૈ.**' મંત્રને આશ્રયે આ મહિમા કહેવામાં આવી. બહાર અને અંદર બેય.

'**પંચપરમેષ્ઠીકો નમસ્કાર ઈસમેં હૈ-વે પંચપરમેષ્ઠી અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ઔર સાધુ યે હૈં, ઈનકા સ્વરૂપ તો ગ્રંથોમેં પ્રસિદ્ધ હૈ, તો ભી કુછ લિખતે હૈં :- યહ અનાદિનિધન...**' દેખો! અનાદિઅનંત '**અકૃત્રિમ સર્વજ્ઞકી પરંપરાસે...**' જુઓ આ. એનાથી પંચપરમેષ્ઠી હોવા જોઈએ. કલ્પિત બહારથી કર્યા એની મેળાએ, વીતરાગ માર્ગને મૂકીને એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? અનાદિનિધન એટલે અનાદિઅનંત. અનાદિ એટલે આદિ નહિ, નિધન એટલે અંત નહિ. અનાદિ અનંત '**અકૃત્રિમ, સર્વજ્ઞકી પરંપરાસે સિદ્ધ...**' નહિ કરેલું નવું. અનાદિનું સર્વજ્ઞપદ ચાલ્યું આવે છે. એવા સર્વજ્ઞની પરંપરાથી સિદ્ધ '**આગમમેં કહા હૈ...**' સર્વજ્ઞના પરંપરાના આગમમાં એ વાત છે. સમજાણું કાંઈ? ભગવાનની પરંપરા છોડી દઈ અને નવા કૃત્રિમ આગમો બનાવ્યા એમાં આ વાત છે નહિ. એમ કહે છે.

'**ઐસા ષટ્દ્રવ્યસ્વરૂપ લોક,...**' લ્યો! છ દ્રવ્યસ્વરૂપ લોક છે. આખો લોક છ દ્રવ્યસ્વરૂપ છે. '**ઈસમેં જીવદ્રવ્ય અનંતાનંત હૈં...**' જીવદ્રવ્ય અનંતાઅનંત છે. '**પુદ્ગલદ્રવ્ય ઈનસે અનંતાનંત ગુણ હૈં, એક-એક ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય હૈં ઔર કાલદ્રવ્ય અસંખ્યાત દ્રવ્ય હૈ. જીવ તો દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ હૈ.**' લો. આત્મા તો દર્શન જ્ઞાન ચેતનાસ્વરૂપ છે. એ દયા, દાન અને વ્રતના વિકલ્પસ્વરૂપ આત્મા નથી. પૈસા સ્વરૂપ, બાયડી સ્વરૂપ, આબરૂ સ્વરૂપ આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે! આખી દુનિયાને ભૂંસાડિયો વાળે ત્યારે આત્મા બેસે એને. ક્યાંક પણ જો મહિમા રહી ગઈ પરમાં તો એ

આત્માનો મેળ નહિ ખાય.

ભગવાનઆત્મા દ્રષ્ટા જ્ઞાતાના સ્વભાવસ્વરૂપ ચૈતન્ય છે. એને આત્મા કહીએ. દયા, દાન અને વ્રતના વિકલ્પ એ પણ આત્મા નહિ. આહાહા..! આ અનંતાઅનંત આત્મામાં આત્મા કેવો એ વર્ણવે છે. જેણે દ્રષ્ટા અને જ્ઞાતા સ્વભાવમય ચેતના કદી છોડી નથી. એવું જેનું સ્વરૂપ છે. પુણ્ય-પાપ તો નવા ઉત્પન્ન થાય છે અને છૂટી જાય છે. એ કાંઈ એનું સ્વરૂપ નથી. શરીર નવું મળે અને જાય એ કાંઈ એનું સ્વરૂપ નથી. સ્વરૂપ તો દર્શન જ્ઞાન. જાણવા અને દેખવાનો એવો સ્વભાવ, એવું ચૈતન્યરૂપ એ આત્માનું સ્વરૂપ. એવું ચેતનરૂપ તે જીવનું સ્વરૂપ. આહાહા..! સ્વરૂપ એટલે એનું પોતાનું રૂપ-પોતાનો ભાવ. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ હૈ. અજીવ પાંચ હૈં...**' આત્મા સિવાય છ દ્રવ્ય છે એમાં પાંચ તો અજીવ છે. '**ચેતનારહિત જડ હૈં-ધર્મ, અધર્મ, આકાશ ઔર કાલ યે ચાર દ્રવ્ય તો જૈસે હૈં વૈસે હી રહતે હૈં...**' ચારને કાંઈ વિકાર-બિકાર નથી. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ '**ઇનકે વિકારપરિણતિ નહીં હૈ, જીવ-પુદ્‌ગલદ્રવ્યકે પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવસે વિભાવપરિણતિ હૈ....**' હવે ખુબી કરે છે. જીવ અને પુદ્‌ગલમાં અરસપરસ નિમિત્ત નિમિત્ત સંબંધથી વિકાર છે. ચારમાં તો વિકાર છે નહિ.

'**ઇનમેં ભી પુદ્‌ગલ તો જડ હૈ,...**' આ માટી શરીર, વાણી જડ છે. '**ઇસકે વિભાવપરિણતિકા દુઃખ-સુખકા સંવેદન નહીં હૈ...**' છે? આ વિભાવ પરિણમન છે આ જડનું. દેખો, આ શરીરનું. એને દુઃખ છે? એકલા પરમાણુનું સ્વભાવ પરિણમન છે. એકલો પરમાણુ. સુખ છે? દુઃખ ક્યાં છે એને? પરમાણુ આ લાકડી જુઓ. આ વિભાવ પરિણમન છે આનું. વિકારી પરિણમન છે આ પરમાણુનું. પણ વિકાર કાંઈ દુઃખ નથી. એક પરમાણું એકલો રહે. અવિકારી પરિણામ છે એ દુઃખ નથી એને. સમજાણું કાંઈ?

કહે છે કે લાડવો અનંતા પરમાણુનો વિભાવ પરિણામ છે. લાડવો છે એ વિભાવપરિણામ છે પણ એને કાંઈ સુખ નથી. અને પરમાણુ ઝેરપણે પરિણમે વિકાર તો સુખ નથી. વિષ્ટાપણે પરમાણુ પરિણમે તો દુઃખી અને લાડવાપણે પરિણમે તો સુખી એમ હશે? જડને સુખ-દુઃખ કેવા? ભલે વિભાવપણે હો. ઝેરપણે પરિણમે તોપણ વિભાવ છે. લાડુપણે પરિણમે તોપણ વિભાવ છે. સડેલા કૂતરાના પરમાણુપણે પરિણમે તો એ વિભાવ છે. સડેલા ગંધ મારે એવી. તોપણ એ તો વિભાવ પરિણતિ. પણ એને કાંઈ દુઃખ છે નહિ, જડને દુઃખ છે નહિ. સુંદર આકૃતિ પરિણતિ આમ સુંદર, સુગંધ મારે ફૂલઝાડમાં. ફૂલઝાડમાં કેટલી સુગંધ! કેટલાક ઝાડમાં જઈને શ્વાસ લે આમ. એ સુગંધ છે એને સુખ હશે? પરમાણુને સુખ હશે? પરમાણુ સુગંધરૂપે હો કે દુર્ગંધરૂપે હો, ઝેરરૂપે હો કે કસ્તુરીરૂપે હો, એને સુખ-દુઃખ છે નહિ. માટે એની વાત કાઢી નાખો. ચાર ઓલા નીકળી ગયા, બેને વિકાર હોય છે જડમાં તો એને કાઢી નાખ્યા.

હવે જીવ. લ્યો! '**જીવ ચેતન હૈ ઇસકે સુખ-દુઃખકા સંવેદન હૈ.**' ભગવાનઆત્મા જાણનાર છે, એને વિભાવપણે તીવ્ર પરિણમન થાય એ દુઃખ. મંદ હોય એ સુખ. બેય છે

દુઃખ. એ સુખ એ દુઃખ (જ છે) પણ લોકની દૃષ્ટિએ સમજાવ્યું. એને કષાય મંદનું પરિણમન હોય તો સુખ કહેવાય. લોકો એમ કહે. શાંત... છે બેય વિભાવ પરિણામ. **'ઈસકે સુખ-દુઃખકા સંવેદન હૈ.'** **'જીવ અનંતાનંત હૈં ઈનમેં કઈ તો સંસારી હૈ,...'** જીવના બે ભેદ છે ને? કોઈ સંસારી અને કોઈ સિદ્ધ. **'સંસારમેં નિવૃત્ત હોકર સિદ્ધ હો ચુકે હૈં.'** લ્યો! અને જે સંસારથી નિવૃત્ત થયા એ સિદ્ધ થયા. **'સંસારી જીવોંમેં કઈ તો અભવ્ય હૈં તથા અભવ્યકે સમાન હૈં,...'** આહાહા..! સંસારીમાં તો કેટલાક જીવ તો અભવ્ય છે, અભવિ. કોરડું મગ જેવા, કોરડું મઠ જેવા. લાખ મણ પાણી નાખે તોપણ ચડે નહિ. કોરડુંને શું કહે છે? શું કહે છે? એ ચડે નહિ એવા અભવિ જીવ છે. કોરડું ભાષા બીજી છે તમારી. કોરડું કહે છે? બીજી ભાષા કહે. એની ભાષા શું છે? એનીય ખબર ન મળે.

મુમુક્ષુ :- મઠર..

ઉત્તર :- મઠર એટલે શું? .. ગળે નહિ. એમ કેટલાક જીવ એવા છે કે ગળે જ નહિ. લાખ વાર ઉપદેશ જાય એને કાને. પણ આમ અડવા દે નહિ. મગસળિયા જેવા પથરા. મગસળિયો નાનો પથરો થાય મગ જેવડો આટલો. મગ જેટલો પત્થર. પાણી લાખ મણ પડે પણ એ કોરુંકડાટ. એટલો ઉપર સુંવાળો હોય કે પાણી અડે જ નહિ. નદીમાં હોય. વેળુમાં મગસળિયા પથરા ઝીણા-ઝીણા. અમે તો બધું જોયેલું પાછું. .. નદીમાં જોયેલું. લીલા હોય. લીલા ઝીણા ગોળ-ગોળ પથરા મગ જેવા. પાણી અડે તો થઈ રહ્યું. નીકળી જાય કાંઈ ન મળે. એમ કેટલાક અભવિ અને કેટલાક અભવિ જેવા. જીવ ઘણા છે ને? ભવ્યજીવ ઘણા છે એમાં કોઈ મોક્ષ નહિ જાય એવા અનંત નિગોદમાં પડ્યા છે. આહાહા..!

**'દોનોં જાતિકે સંસારસે નિવૃત્ત કભી નહીં હોતે હૈં,...'** બેય જાતિના જીવ સંસારથી નિવૃત્ત હોય નહિ. **'ઈનકે સંસાર અનાદિનિધન હૈ.'** લ્યો! આ કારણે અનાદિઅનંત સંસાર છે. રહેવાનો છે. તું ટાળ તો ટળે બાકી સંસાર અનાદિઅનંત છે. આહાહા..!

મુમુક્ષુ :- ક્યારેક તો?

ઉત્તર :- નહિ. કદી નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સરીખા કીધું ને? અભવિ સરીખા કહ્યા.

મુમુક્ષુ :- એ તો દૃષ્ટાંત છે ને.

ઉત્તર :- દૃષ્ટાંત આ. વિધવા બાઈ છે, પુત્ર થવાને લાયક છે. પણ એને પુત્ર થવાની યોગ્યતા જ પ્રગટ નથી. અને કેટલાક સધવા હોય અને પુત્ર થવાને લાયક હોય નહિ. એમ. એવો દાખલો છે શાસ્ત્રમાં. સમજાણું? શાસ્ત્રમાં દાખલો છે. **'અબ ઈનકે સંસારકી ઉત્પત્તિ કૈસે હૈ વહ કહતે હૈં :-'** જીવની વ્યવસ્થા કીધી આ.

**'જીવોંકે જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંકા અનાદિબંધરૂપ પર્યાય હૈ,...'** દેખો! છે તો એ જીવ જ્ઞાન-દર્શન-ચેતનાસ્વરૂપ. એવા અનંત આત્મા હોવા છતાં કેટલાક આત્માઓ ભવિ જેવા, અભવિ જેવાને મુક્તિ નહિ થાય. હવે કેટલાકને અનાદિથી સંસાર કેમ છે એને? **'આઠ કર્મોંકા અનાદિબંધરૂપ પર્યાય હૈ, ઈસ બંધકે ઉદયકે નિમિત્તસે જીવ રાગદ્વેષમોહાદિ**

**વિભાવપરિણતિરૂપ પરિણમતા હૈ,...**' લ્યો! ભગવાનઆત્મા જ્ઞાન-દર્શન અને આનંદસ્વરૂપ, એવો એનો સ્વભાવ હોવા છતાં કર્મના નિમિત્તના સંગે પર્યાયબુદ્ધિમાં એમાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વપણે પરિણમે છે. આ સંસારી જીવો અનાદિ આવા છે.

'**ઈસ વિભાવપરિણતિકે નિમિત્તસે નવીન કર્મબંધ હોતા હૈ,...**' લ્યો! આઠ કર્મનું નિમિત્ત છે એના લક્ષે પરિણમે મિથ્યાત્વરૂપે, અજ્ઞાનરૂપે. વળી એને કારણે નવા કર્મ થાય. દ્રવ્યકર્મનું નિમિત્ત અને ભાવકર્મ મિથ્યાત્વ આદિનો પોતાનો નૈમિત્તિકભાવ અને એનું નિમિતપણું નવા કર્મનું નૈમિત્તિકપણું. એમ અનાદિથી સંસાર અજ્ઞાનીનો ચાલ્યો આવે છે. ઓહોહો...! ગહન... ગહન... ગહન... ગહન... ક્યાંય નજર નાખે તો ક્યાંય ભવ વિનાની કોઈ ચીજ છે નહિ. અનાદિનો ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ચાલ્યો જ આવે છે અનાદિ... અનાદિ... અનાદિ...

'**ઈસપ્રકાર ઈનકે સંતાનપરંપરાસે જીવકે ચતુર્ગતિરૂપ સંસારકી પ્રવૃત્તિ હોતી હૈ,...**' લ્યો! એ ચાર ગતિ રખડે સંસાર. ચાહે તો દેવ હોય કે ચાહે તો શેઠિયો માણસ હોય કે નારકી હોય. '**ઈસ સંસારમેં ચારોં ગતિયોંમેં અનેક પ્રકાર સુખ-દુઃખરૂપ હુઆ ભ્રમણ કરતા હૈ;...**' એ સુખ દુઃખ થઈને રખડે છે. સુખ શેનું? આ લોકોએ માનેલું, હોં! સુખ નહિ પણ દુઃખ. રાજા થાય, શેઠિયો થાય કે દેવ થાય. માને અમે સુખી છીએ. મૂઢ છે. નિર્ધન થાય, નરક-નિગોદમાં જાય. એને તો ખબર પણ નથી કે નિગોદમાં દુઃખી છું. નરકમાં જાય. દુઃખી છે. એમ સુખ-દુઃખની કલ્પનાથી ચોર્યાસીના અવતારમાં અનાદિ પરિભ્રમણ કરી રહ્યો છે. '**તબ કોઈ કાલ ઐસા આવે જબ મુક્ત હોના નિકટ હો...**' સમજાણું કાંઈ? અર્ધપુદ્ગલાદિ નિકટ થાય. '**તબ સર્વજ્ઞકે ઉપદેશકા નિમિત્ત પાકર...**' સર્વજ્ઞનો ઉપદેશ મળવો જોઈએ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બળ ક્યાં આવ્યું? નિમિત્ત હોય છે એમ કીધું.

મુમુક્ષુ :- હોવો જ જોઈએ.

ઉત્તર :- હા. ઉપદેઈ નિમિત્તનો એ જ હોય. નિમિત્ત એ હોય એમ કીધું. ઉપદેશ એવો હોય પણ સમજે ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય ને? અહીં તો બીજા અજ્ઞાનીઓની, મિથ્યાદષ્ટિની વાણી નિમિત્ત ન હોય એટલું સિદ્ધ કરવું છે. પણ વાણી નિમિત્ત છે માટે ત્યાં થઈ જાય છે એમ છે નહિ.

મુમુક્ષુ :- ભગવાનની વાણી ખાલી જાય?

ઉત્તર :- ખાલી તો એના ઉપદેશમાં ત્યાં સભામાં ન જાય. પણ ત્યાં અનંતવાર સાંભળ્યું એને તો ખાલી ગઈ. સમજાણું કાંઈ? કોઈ પામનારા એમાં ન હોય એમ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્ત મેળવવા શું મેળવે? ભાવ સમજવાનો આવે છે. નિમિત્ત મેળવવું શું છે? મેળવી શકે છે? એ તો પૂર્વના પુણ્યને લઈને નિમિત્ત આવે છે. ઝીણી વાત છે.

'**સર્વજ્ઞકે ઉપદેશકા નિમિત્ત પાકર અપને સ્વરૂપકો...**' દેખો! અહીં તો કહેવું છે કે સર્વજ્ઞ પરમેશ્વરે જે ઉપદેશ કર્યો એ એને મળે. શું મળે? કે પોતાના સ્વરૂપને બરાબર જાણે.

**'કર્મબંધકે સ્વરૂપકો, અપને ભીતરી વિભાવકે સ્વરૂપકો જાને...'** ત્રણ પ્રકાર. પોતાનો નિજ સ્વભાવ જ્ઞાન દર્શન અને આનંદ જાણે. કર્મ અને શરીરનો સ્વભાવ જડ જાણે અને પુણ્ય-પાપનો સ્વભાવ વિભાવ દુઃખરૂપ જાણે. આ ત્રણની વ્યાખ્યા કરી. ભગવાને કીધી એવી ત્રણની વ્યાખ્યા એને ખ્યાલમાં આવવી જોઈએ. ઘણું આવ્યું આમાં.

**'અપને સ્વરૂપકો ઔર કર્મબંધકે સ્વરૂપકો...'** કેમકે નિમિત્ત છે ને જોડે? એને જાણવું જોઈએ ને કે કર્મબંધ શું ચીજ છે? **'અપને ભીતરી વિભાવકે સ્વરૂપકો...'** પોતાના પણ નિમિત્તને આધીન જે વિકાર મિથ્યાત્વ રાગ-દ્વેષ થાય છે **'ઈનકા ભેદજ્ઞાન હો,...'** એનું સ્વરૂપ જાણી અને કર્મ અને વિભાવથી જુદાપણાનું ભાન હોય. ભેદજ્ઞાન. એવો ઉપદેશ વીતરાગવાણીમાં હોય છે. સમજાણું કાંઈ? **'ઈનકા ભેદજ્ઞાન હો, તબ પરદ્રવ્યકો સંસારકા નિમિત્ત જાનકર...'** પરદ્રવ્યને દુઃખનું, સંસારનું નિમિત્ત જાણે. **'ઈસસે વિરક્ત હો, અપને સ્વરૂપકા અનુભવકા સાધન કરે-'** પોતાનો જે સ્વભાવ. અપના સ્વરૂપ કહ્યું હતું ને માથે? દર્શન-જ્ઞાનમય એવા સ્વરૂપનું અંદર સાધન કરે. અનુભવનું સાધન અનુભવ. જ્ઞાન, દર્શન એવો આત્માનો અનુભવ કરે એ સાધન. વિકલ્પ-ફિકલ્પ અને પુણ્ય-પાપ એ સાધન નથી.

**'દર્શન-જ્ઞાનરૂપ સ્વભાવમેં સ્થિર હોનેકા સાધન કરે...'** લ્યો! એક તો અનુભવનું સાધન કરે. એક વાત પહેલું. સમ્યગ્દર્શનનો જ્ઞાનનો અનુભવ. એ ઉપરાંત **'દર્શન-જ્ઞાનરૂપ સ્વભાવમેં સ્થિર હોનેકા સાધન કરે...'** ચારિત્ર. લ્યો, આ સાધન. **'તબ ઈસકે...'** આવું સાધન કરે એને **'બાહ્યસાધન હિંસાદિક પંચ પાપોંકા ત્યાગરૂપ નિર્ગ્રંથ પદ,...'** બાહ્યસાધન હવે કહે છે. અંતર સાધન આ. એવું અંતર સાધન જેને હોય એને બાહ્ય સાધન મુનિ આદિને પાંચ પાપનો ત્યાગ, નિર્ગ્રંથ પદ. **'સર્વ પરિગ્રહકી ત્યાગરૂપ નિર્ગ્રંથ દિગંબર મુદ્રા ધારણ કરે,...'** લ્યો! બાહ્ય સાધન આ હોય. સમજાણું કાંઈ?

**'પાંચ મહાવ્રત, પાંચ સમિતિરૂપ, તીન ગુપ્તિરૂપ પ્રવર્તે તબ સબ જીવોં પર દયા કરનેવાલા સાધુ કહલાતા હૈ.'** વ્યવહારથી. આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રનો અનુભવ કરે પહેલો. પછી સ્વરૂપમાં સ્થિરતા અને ચારિત્રદશા કરે. એને આ બાહ્ય સાધન આવા હોય. અભ્યંતર સાધન તો એ. જુઓ! બાહ્ય નિમિત્ત પણ આવા જ હોય. એમ. નગ્ન મુનિની મુદ્રા. સમજાણું? પાંચ મહાવ્રતના વિકલ્પના નિમિત્ત, પાંચ સમિતિ-ગુપ્તિના નિમિત્ત વિકલ્પ.

**'ઈસમેં તીન પદ હોતે હૈં-'** લ્યો! સાધુમાં ત્રણ પ્રકારની પદવી. **'જો આપ સાધુ હોકર અન્યકો સાધુપદકી શિક્ષા-દીક્ષા દે વહ આચાર્ય કહલાતા હૈ,...'** છે તો સાધુ પણ આ શિક્ષા-દીક્ષાની પ્રધાનતાથી એને આચાર્ય કહેવાય. **'સાધુ હોકર જિનસૂત્રકો પઢે પઢાવે વહ ઉપાધ્યાય કહલાતા હૈ,...'** ઉપાધ્યાય છે ને? જેના સમીપે ભણે-ભણાવે. **'જો અપને સ્વરૂપકે સાધનમેં રહે વહ સાધુ કહલાતા હૈ,...'** આહાહા..! સ્વરૂપના સાધનમાં રહે તે સાધુ. સ્વરૂપ દર્શન-જ્ઞાન અને ચારિત્ર. એમાં રહે એ સાધુ.

**'જો સાધુ હોકર અપને સ્વરૂપકે સાધનકે ધ્યાનકે બલસે...'** દેખો! સાધુ થઈ. **'અપને સ્વરૂપકે સાધનકે ધ્યાનકે બલસે ચાર ઘાતિયા કર્મોંકા નાશકર કેવલજ્ઞાન, કેવલદર્શન,**

**અનંતસુખ ઔર અનંતવીર્યકો પ્રાપ્ત હો...'** લ્યો! એ કેવળી થાય. જે અંતરના પોતાના નિજસ્વરૂપ શુદ્ધ ચૈતન્યનું સાધન કરતા ઘાતિકર્મનો નાશ થાય અને ચાર સ્વરૂપની પર્યાય પ્રગટ થાય. '**વહ અરહંત કહલાતા હૈ,...**' લ્યો! '**તબ તીર્થંકર તથા સામાન્યકેવલી-જિન ઈન્દ્રાદિકસે પૂજ્ય હોતા હૈ,...**' તીર્થંકર અને સામાન્ય કેવળી '**જિન ઈન્દ્રાદિકસે પૂજ્ય હોતા હૈ, ઈનકી વાણી ખિરતી હૈ જિસસે સબ જીવોંકા ઉપકાર હોતા હૈ,...**' ભગવાનની વાણી ખરે એમાં ઘણા જીવોને ઉપકારનું નિમિત્ત થાય.

મુમુક્ષુ :- સર્વે જીવનું.

ઉત્તર :- સર્વે જીવનું. સર્વ જીવ એ જ જીવ કહેવાય. તરે તે જીવ. ન તરે તે અજીવ. સમજાણું કાંઈ? આહાહા..!

'**અહિંસા ધર્મકા ઉપદેશ હોતા હૈ, સબ જીવોંકી રક્ષા કરાતે હૈં યથાર્થ પદાર્થોંકા સ્વરૂપ બતાકર મોક્ષમાર્ગ દિખાતે હૈં, ઈસપ્રકાર અરહંત પદ હોતા હૈ...**' લ્યો! આવી તો અરિહંતપદવી હોય. '**ઔર જો ચાર અઘાતિયા કર્મોંકા ભી નાશકર સબ કર્મોંસે રહિત હો જાતે હૈં વહ સિદ્ધ કહલાતે હૈં.**' '**ઈસ પ્રકાર યે પાંચ પદ હૈં,...**' લ્યો! હવે એ પાંચ પદ મોટા મહાન કેમ કહ્યા એની વ્યાખ્યા કરશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**નોંધ :- આ પ્રવચન ૧૯૭૪ની સાલમાંથી લેવામાં આવેલ છે.**

## પ્રવચન નં. ૧૫૫, ગાથા-૧૦૬, શુક્રવાર, જેઠ સુદ ૩, તા.૨૪-૫-૭૪

બીજો પેરેગ્રાફ. ફરીને. આ સંસારની ઉત્પત્તિ કેમ છે? '**જીવોંકે જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંકા અનાદિબંધપર્યાય હૈ,...**' જડ. '**ઈસ બંધકે ઉદયકે નિમિત્તસે જીવ રાગદ્વેષમોહાદિ વિભાવપરિણતિરૂપ પરિણમતા હૈ...**' કર્મના નિમિત્તના સંબંધમાં અનાદિથી મિથ્યા એટલે વિપરીત શ્રદ્ધા અને રાગ-દ્વેષના પરિણામરૂપે પરિણમે છે. '**ઈસ વિભાવપરિણતિકે નિમિત્તસે...**' મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષના ભાવની પરિણતિના નિમિત્તથી '**નવીન કર્મબંધ હોતા હૈ.**' નવું કર્મબંધન થાય છે.

'**ઈસપ્રકાર ઈનકે સંતાનપરંપરાસે...**' એ પ્રકારે સંતાનપરંપરા (અર્થાત્) પ્રવાહરૂપે અનાદિ. '**જીવકે ચતુર્ગતિરૂપ સંસારકી પ્રવૃત્તિ હોતી હૈ,...**' આ ચાર ગતિમાં અનાદિથી નરકમાં, નારકીમાં, તિર્યંચમાં, મનુષ્યમાં અને દેવમાં (રખડે છે). પરિભ્રમણની ચાર ગતિ છે. આહાહા..! '**તબ કોઈ કાલ ઐસા આવે જબ મુક્ત હોના નિકટ હો...**' મુક્ત થવાની દશા જેની નજીક છે. '**તબ સર્વજ્ઞકે ઉપદેશકા નિમિત્ત પાકર...**' લ્યો. સર્વજ્ઞ પરમાત્મા, જેને પૂર્ણ જ્ઞાન પ્રગટ થયું છે, એવા પરમાત્માનો ઉપદેશ પામીને. અજ્ઞાનીનો ઉપદેશ નહિ. જેણે ત્રણકાળ ત્રણલોક જાણ્યા એવા સર્વજ્ઞ પરમાત્માનો ઉપદેશ પામીને. ભલે ગુરુથી મળે પણ એમ એનો ઉપદેશ છે. સર્વજ્ઞ પરમાત્માએ સર્વજ્ઞસ્વભાવથી જે ત્રણકાળ ત્રણલોક જાણ્યા

એવો ઉપદેશ આવ્યો, એ ઉપદેશનું નિમિત્ત પામીને '**અપને સ્વરૂપકો...**' પોતાના સ્વરૂપને જાણે. '**ઔર કર્મબંધકે સ્વરૂપકો...**' જાણે. કર્મબંધન એક નિમિત્ત છે એને પણ જાણે. '**અપને ભીતરી વિભાવકે સ્વરૂપકો જાને...**' પોતાનું આત્માનું સ્વરૂપ શું છે એને જાણે, કર્મબંધનું સ્વરૂપ શું છે એને જાણે અને બંધના સંબંધમાં વિભાવ થાય એને જાણે. '**ઈનકા ભેદજ્ઞાન હો,...**' જ્યારે એ ત્રણેનું ભેદજ્ઞાન (થાય અર્થાત્) પોતાના સ્વરૂપનું આનંદ, જ્ઞાન સ્વરૂપ, વિભાવનું દુઃખરૂપ સ્વરૂપ અને કર્મનું અજીવ સ્વરૂપ. એમ જાણે. '**ઈનકા ભેદજ્ઞાન હો, તબ પરદ્રવ્યકો સંસારકા નિમિત્ત જાનકર...**' પરદ્રવ્ય જેટલા છે એને તો સંસારનું નિમિત્ત જાણે. આહાહા..! કેમકે સ્વ ભગવાનઆત્મા સ્વદ્રવ્યનો આશ્રય લે ત્યારે જ એને કલ્યાણ થાય. તેથી પરદ્રવ્યનું જેટલું લક્ષ જાય, એ બધું રાગનું અને સંસારનું જ કારણ છે. આહાહા..!

'**પરદ્રવ્યકો સંસારકા નિમિત્ત જાનકર ઈસસે વિરક્ત હો...**' પરવસ્તુને સંસારના દુઃખનું વિકારનું નિમિત્તકારણ જાણીને એનાથી વિરક્ત થાય. પરદ્રવ્યનું લક્ષ છોડે. પરદ્રવ્યનો આશ્રય, લક્ષ છોડે. કેમકે પરદ્રવ્ય સંસારનું નિમિત્તકારણ છે. તેથી જેને મોક્ષનો માર્ગ પ્રગટ કરવો છે એ પરદ્રવ્યના નિમિત્તનું લક્ષ છોડે. '**અપને સ્વરૂપકે અનુભવકા સાધન કરે...**' પોતાનો સ્વભાવ ચૈતન્ય શુદ્ધ આનંદ, જ્ઞાન એના સ્વરૂપનું સાધન કરે એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! '**તબ ઈસકે બાહ્યસાધન હિંસાદિક પંચ પાપોંકા ત્યાગરૂપ નિર્ગ્રંથ પદ,...**' થઈ જાય. લ્યો. મુનિ થાય એને બાહ્ય નિર્ગ્રંથ દિગંબર દશા (થઈ જાય). એને બાહ્ય સાધન, અંતર સાધન તો કરે, કહે છે, પણ એને બાહ્ય સાધનમાં હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના ત્યાગરૂપ નિર્ગ્રંથપદ દિગંબરપદ, દિગંબરદશા ધારણ થાય. '**સબ પરિગ્રહકી ત્યાગરૂપ...**' એને વસ્ત્રનો ધાગો પણ ન રહે, વસ્ત્રનો કણ પણ ન રહે. એવી મુનિદશા ધારણ કરે ત્યારે '**નિર્ગ્રંથ દિગંબર મુદ્રા ધારણ કરે,...**' આ અંતર અને બાહ્યનું સાધન બતાવે છે. '**પાંચ મહાવ્રત, પાંચ સમિતિરૂપ, તીન ગુપ્તિરૂપ પ્રવર્તે તબ સબ જીવોં પર દયા કરનેવાલા સાધુ કહલાતા હૈ.**' બધા જીવોની છકાયના જીવો ઉપર જેનો દયાભાવ છે.

'**ઈસમેં તીન પદ હોતે હૈં-જો આપ સાધુ હોકર અન્યકો સાધુપદકી...**' સાધુ થઈને અન્યને સાધુપદની '**શિક્ષાદીક્ષા દે વહ આચાર્ય કહલાતા હૈ,...**' આત્માના સ્વરૂપના સાધનની પદની શિખામણ અને દીક્ષા દે, એમ કહે છે. જોયું! અંતર સ્વરૂપ ભગવાન આત્મા એનું સાધન સ્વરૂપમાં સાધુને જે હોય એનું જ્ઞાન અને એની દીક્ષા દે. આહાહા..! આ આચાર્ય. '**વહ આચાર્ય કહલાતા હૈ,...**' લ્યો, અહીં તો બીજો ઉપદેશ આપે એવું નથી. સાધુપદની શિક્ષા દીક્ષા દે. આહાહા..! વીતરાગભાવ આચાર્યે પોતે સ્વદ્રવ્યને આશ્રયે પ્રગટ કર્યો છે એવા વીતરાગભાવની શિક્ષા અને દીક્ષા (દે છે). ઉપદેશ પણ વીતરાગભાવનો આપે અને દીક્ષા પણ વીતરાગભાવની આપે. એમ કહે છે. આહાહા..! એ આચાર્ય કહેવાય.

'**સાધુ હોકર જિનસૂત્રકો પઢે-પઢાવે...**' હવે ઉપાધ્યાયની વાત છે. '**વહ ઉપાધ્યાય કહલાતા હૈ, જો અપને સ્વરૂપકે સાધનમેં રહે વહ સાધુ કહલાતા હૈ...**' આનંદસ્વરૂપ

ભગવાનઆત્માના સાધનમાં રહે તેને સાધુ કહે. નગ્નપણું ને પંચમહાવ્રતના પરિણામમાં રહે તો સાધુ એમ નથી કહ્યું. એવી દશા હોય ભલે પણ પોતે ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપમાં રહે એને સાધે, સ્વરૂપ આનંદ શુદ્ધ છે. પૂર્ણ વીતરાગસ્વરૂપ આત્મા એની પર્યાયમાં સાધન કરે એને અહીંયાં સાધુ કહેવામાં આવે છે.

**'જો સાધુ હોકર અપને સ્વરૂપ સાધનકે ધ્યાનકે બલસે...'** આ રીતે સાધુ થઈને... હવે ત્રણ પદ ઉપરાંત (વાત કરે છે). **'અપને સ્વરૂપકે સાધનકે ધ્યાનકે બલસે...'** જોયું! ચૈતન્યસ્વભાવ બળરૂપ સ્વરૂપરૂપ, એના સાધનના બળથી. **'સ્વરૂપકે સાધનકે ધ્યાનકે બલસે...'** પોતાનું સ્વરૂપ જે શુદ્ધ આનંદ, એના ધ્યાનના બળ દ્વારા **'ચાર ઘાતિયા કર્મોંકા નાશકર...'** કેવી ભાષા વાપરી છે, જુઓને! વ્યવહાર રત્નત્રય કરીને ચાર ઘાતિનો નાશ કરે એમ નથી કહ્યું. બાહ્ય સાધન કહ્યું હતું પહેલું કે પાંચ મહાવ્રત સાધે. હોય છે બસ એટલું. આહાહા..! પણ મોક્ષનું સાધન તો અંતર આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપી પ્રભુ એનું સાધન અંતર કરે એ સાધનથી ચાર ઘાતિકર્મનો નાશ થાય. **'કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંતવીર્યકો પ્રાપ્ત હો...'** લો. ત્યારે અરિહંત કહેવાય. એને અરહંત ભગવાન-ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં ત્યારે એને કહેવાય. આહાહા..! પાંચ નવકારમાં આવું પહેલું પદ છે ને! એ આ રીતે શુદ્ધ ચૈતન્યસ્વરૂપના સાધન દ્વારા ચાર ઘાતિકર્મનો નાશ કરીને કેવળજ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય એવા ચાર (ગુણ) પૂર્ણ પ્રગટ કરે એને અરિહંત પરમાત્મા કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું?

**'તબ તીર્થંકર ઔર સામાન્યકેવલી જિન ઈન્દ્રાદિકસે પૂજ્ય હોતા હૈ,...'** એમાં તીર્થંકર અને સામાન્ય કેવળી એ પણ **'ઈન્દ્રાદિકસે પૂજ્ય હોતા હૈ, ઈનકી વાણી ખિરતી હૈ,...'** ભાષા દેખો! એની વાણી ખરે છે એમ શબ્દ વાપર્યો છે. એ વાણી બોલે છે એમ ન કહ્યું. ભાષા કેવી તોળી તોળીને વાપરે છે ને. ભગવાન સર્વજ્ઞ પરમાત્માને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન થાય ત્યારે શરીરમાત્ર રહે. એમાંથી વાણી ખરે, એમ કહ્યું. જોયું! ધ્વનિ-વાણીનો અવાજ ઉઠે. આહાહા..! **'વાણી ખિરતી હૈ,...'** આહાહા..! 'જયચંદ્ર પંડિતે' ભર્યું છે બહુ! **'વાણી ખિરતી હૈ,...'** ભગવાનના મુખથી વાણી (ખરે છે). મુખથી પણ નહિ, એ તો અરિહંત હોય ત્યારે વાણી ખરે છે. આહાહા..! **'જિસસે સબ જીવોંકા ઉપકાર હોતા હૈ,...'** એ વાણી સાંભળીને જગતના પ્રાણી પોતાના આત્માનું સાધન કરે તો ઉપકાર કહેવામાં આવે. આહાહા..!

**'અહિંસા ધર્મકા ઉપદેશ હોતા હૈ,...'** વાણીમાં અહિંસાધર્મનો ઉપદેશ (આવે છે). રાગની ઉત્પત્તિ થવી તે હિંસા. આહાહા..! વસ્તુના સ્વરૂપમાં વીતરાગતા ભરી છે તો વીતરાગતાની ઉત્પત્તિ થાય તે અહિંસા. એવો ભગવાને ઉપદેશ કર્યો. આ અહિંસા. આહાહા..! **'જિસસે સબ જીવોંકી રક્ષા હોતી હૈ,...'** એટલે કોઈ પ્રાણીને મારવું નહિ એનું નામ રક્ષા. **'યથાર્થ પદાર્થોંકા સ્વરૂપ બતાકર...'** જેવું આત્માનું, જડનું, ધર્મનું ને અધર્મનું જેવું સ્વરૂપ છે એવું બતાવીને **'મોક્ષમાર્ગ દિખાતે હૈં. ઈસપ્રકાર અરહંત પદ હોતા હૈ.'** એ

અરિહંતપદની વ્યાખ્યા કરી. '**ઔર જો ચાર અઘાતિયા કર્મોંકા ભી નાશ કર સબ કર્મોંસે રહિત હો જાતે હૈં, વહ સિદ્ધ કહલાતે હૈં.**' પરમાત્મા શરીરરહિત થઈ જાય. શરીરસહિત પરમાત્માને અરિહંત કહીએ, શરીરરહિત પરમાત્માને સિદ્ધ કહીએ. આહાહા..!

'**ઈસપ્રકાર યે પાંચ પદ હૈં, યે અન્ય સબ જીવોંસે મહાન હૈં,....**' એ પાંચ પદ બધા જીવોમાં મહાન છે. '**ઈસલિયે પંચ પરમેષ્ઠી કહલાતે હૈં, ઈનકે નામ તથા સ્વરૂપકે દર્શન, સ્મરણ, ધ્યાન, પૂજન, નમસ્કારસે અન્ય જીવોંકે શુભપરિણામ હોતે હૈં...**' દેખો! એ પંચ પરમેષ્ઠીના નામથી, એના સ્વરૂપનું દર્શન, એનું સ્મરણ, એનું ધ્યાન, એનું પૂજન, એને નમસ્કાર એનાથી બીજા જીવને શુભભાવ થાય છે. ધર્મ થાય છે એમ નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? '**ઈસલિયે પાપકા નાશ હોતા હૈ,...**' શુભપરિણામ થાય છે ને એટલે. માંગલિક કહેવું છે ને. '**વર્તમાન વિઘ્નકા વિલય હોતા હૈ, આગામી પુણ્યકા બંધ હોતા હૈ....**' લો, ત્રણ વાત થઈ. એ પંચ પરમેષ્ઠીના સ્મરણ, ધ્યાનથી શુભભાવ થાય, એનાથી પાપનો નાશ થાય. જે સમકિતી છે એને મિથ્યાત્વના પાપનો તો નાશ છે. બીજા અશુભભાવનો પણ એને કર્મનો અશુભભાવ હોય એ ઘટી જાય છે. '**વર્તમાન વિઘ્નકા વિલય હોતા હૈ,...**'

મુમુક્ષુ :- પંચ પરમેષ્ઠીના ..નો વિચાર કરે તો શુભભાવ થાય.

ઉત્તર :- હા. શુભભાવ (થાય). '**શુભપરિણામ હોતે હૈં ઈસલિયે પાપકા નાશ હોતા હૈ...**' ક્યાં આવ્યું? કંઈ સમજાતું નથી. ક્યુ પાનું? ૯૫ એ તો મંગલરૂપ કહ્યું છે. એ વ્યવહારસુખ. મનમાં સુખ લાગે છે. એ તો મનની વ્યાખ્યા કરી. ઈ તો છે. એ સુખ લાવે છે, એ તો પોતે પ્રગટ કરે તો. એનાથી તો શુભભાવ થાય છે. પરદ્રવ્યના લક્ષથી તો શુભભાવ થાય છે. ઈ છે માંગલિક પણ પોતે ભાવ કરે તો. આહાહા..! સવિકલ્પ દશાવંતને શુભભાવમાં પંચ પરમેષ્ઠી નિમિત્ત છે. સવિકલ્પ દશા.. કાલે રાત્રે કહ્યું હતું. ...વાત નહોતી કરી? આ આમાં.

'આત્માવલોકન'નું રાત્રે કહ્યું હતું. તું દેખ. સમ્યગ્દૃષ્ટિને કહે છે. 'યહ સ્વ અનુભવદશા સ્વસમયરૂપ સ્વસુખ હૈ.' આત્માનો અનુભવ એ સ્વ અનુભવ એ સુખરૂપ છે. શાંત વિશ્રામ છે. સ્થિરરૂપ છે. સ્વને આશ્રિત. પરને આશ્રિત જે વિકલ્પ છે એ દુઃખરૂપ છે એમ સિદ્ધ કરવું છે. આહા..! 'કોઈ કલ્યાણ હૈ.' સ્વ અનુભવદશા એ કલ્યાણનું કારણ છે, કોઈ કલ્યાણ છે એમ લખ્યું છે. 'ચેન છે, તૃપ્તિરૂપ છે, સમભાવ છે અને મુખ્ય મોક્ષનો માર્ગ છે. આ સમ્યક્ સવિકલ્પ દશા...' હવે વિકલ્પ આવ્યો. પંચ પરમેષ્ઠીનું ધ્યાન લક્ષણ એ પણ સવિકલ્પ છે. જોકે ઉપયોગ નિર્મળ છે. એટલે કે જાણવાના-દેખવાના પરિણામ શુદ્ધ છે. જાણવા-દેખવાના. જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ શુદ્ધ છે ને.

મુમુક્ષુ :- ચારિત્ર ..

ઉત્તર :- ચારિત્ર ... બસ ઈ. જાણવા-દેખવાના પરિણામ શુદ્ધ છે.

'તથા ચારિત્રપરિણામ પરાલંબ અશુદ્ધ ચંચલરૂપ થાય છે.' જોયું! ચારિત્રના પરિણામ પરાલંબન-પર આલંબન. જુઓ! આ પાંચ પરમેષ્ઠી. શુભભાવ છે ઈ. એવી વાત છે. અશુદ્ધ

ચંચળ હોય છે. તેથી સવિકલ્પ દશા દુઃખ છે. આહાહા..! વાત તો આવી છે એની ખબરેય નથી કંઈ. આહાહા..! સવિકલ્પદશા દુઃખરૂપ છે. તૃષ્ણા તપ્ત ચંચળ છે. તૃષ્ણામાં તપ્તથી એ દશા-રાગ ચંચળ છે. આહાહા..! પુણ્ય-પાપરૂપ કલાપ છે. સવિકલ્પમાં શુભભાવ અને અશુભ બેય કલાપ છે-મેલ છે. આહાહા..! ઉદ્વેગતા છે. અસંતોષરૂપ છે. આવા આવા વિલાપરૂપ છે. આહાહા..! 'આત્માવલોકન'માં 'દીપચંદજી'એ પોતે બહુ સારી સ્પષ્ટતા કરી છે. ચારિત્ર પરિણામ. આવા આવા વિલાપરૂપ છે એવા ચારિત્ર પરિણામ. જ્ઞાન-દર્શનના પરિણામ શુદ્ધ છે. કારણ કે જ્ઞાન દર્શન છે એ એનું જાણવા-દેખવાનું કાર્ય તો કરે છે ને? સવિકલ્પ દશા કાળે પણ. સવિકલ્પ ચારિત્રના પરિણામ જ છે એ મેલાં છે, ત્યાં ઉદ્વેગ છે, અસંતોષ છે, દુઃખ છે. આહાહા..! અને પાછું કહે છે, આ બન્ને અવસ્થા પોતામાં દેખ. બેય અવસ્થા તારા પર્યાયમાં તું દેખ. આહાહા..! માળે લખ્યું છે ને કેટલું સરસ! વસ્તુની સ્થિતિ જ આ છે. તેથી ભલું તો એ છે કે તું સ્વઅનુભવરૂપ રહેવાનો ઉદ્યમ રાખ્યા કર. આહાહા..! સવિકલ્પ દશા ઉદ્વેગ અસંતોષ છે. આહાહા..!

અહીં તો પંચ પરમેષ્ઠીના લક્ષે તો ભાવ એ શુભભાવ છે એટલું સિદ્ધ કરવું છે. સુખ, આત્માનું સુખ નથી. એને તો માંગલિક પોતે કરે તો સુખ થાય. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! પહેલા તો કહી ગયા ને, પરદ્રવ્ય સંસારનું નિમિત્તકારણ છે. પછી પ્રશ્ન ક્યાં રહ્યો? આગળ તો ક્યાંક કહ્યું છે. ... એમ કાઢ્યું છે, હોં! તું તારા આત્મા સાથે આ બે ભાવને મેળવ એમ કહે છે. આત્મા સાથે નિર્મળ દશા અને સવિકલ્પ દશા આ રીતે છે કે નહિ તને? એમ છે. ક્યાંક છે ખરું. આવ્યું હતું. ખ્યાલ નહીં હવે ભૂલી ગયા. 'આત્માવલોકન'? એ ક્યાંક છે. તારા આત્માને મેળવ, એમ કીધું છે. આવી એટલું, આ તો મેળવ એવું એક ઠેકાણે છે. આ આવ્યું ને? પરાલંબી છે. ત્યાં પરસ્વાદ આવે. સવિકલ્પ પણ થઈ જાય. અને કેટલાક કાળ પછી આ સવિકલ્પ ભાવથી રહિત થઈ પરિણામ અનુભવરૂપ થાય. અંતર્મુહૂર્ત પછી પરિણામ સવિકલ્પ થાય. કેટલાક કાળ પછી પરિણામ સવિકલ્પપણું છોડી અનુભવરૂપ થાય. જઘન્ય જ્ઞાનીનું સમ્યક્ આચરણ ધારાપ્રવાહી પરિણામ હોય. સમકિતનું આચરણ તો ધારાપ્રવાહી છે. ચારિત્ર આચરણ અનુભવ ધારાપ્રવાહી નહિ. કેટલું સ્પષ્ટ! જઘન્ય જ્ઞાનીને અનુભવ કદાચિત્.. કહે પછી એની વાત લીધી છે. આહાહા..! આવ્યું, જુઓ! ઈ આવે ત્યારે ને. ૧૬૬ પાને છે.

દેખ તું. એવા પરિણામોનું વર્ણન કરીને પરિણામોનું સવિકલ્પ નિર્વિકલ્પ અનુભવ થવો દેખાડ્યો. તેથી તું પણ પોતાની પરિણતિ આ કથન પ્રમાણે છે કે નહિ તે જો. મેળવ એમ કહે છે. તું પણ પોતાની પરિણતિ આ કથન પ્રમાણે છે કે નહીં એ તુલના કરીને જો. એ કૌંસમાં લખ્યું છે. અને સમ્યગ્દૃષ્ટિને આ પ્રમાણે થતી જો તો અમે બીજું કહીએ છીએ. નિર્વિકલ્પ સવિકલ્પ દશામાં શું હોય છે ઈ. સવિકલ્પમાં દુઃખ છે. પછી ઈ કહ્યું. એના પછી કહ્યું. વાત તો જેમ હોય એમ જાણવી જોઈએ ને. આહાહા..!

સ્વનો આશ્રય લઈને જેટલી નિર્વિકલ્પતા થઈ છે એટલી તો સુખરૂપ છે, વિશ્રામ છે, શાંતિ છે, સંતોષ છે, તૃપ્તિ છે. અને જેટલો સવિકલ્પ ભાવ છે તેટલો અતૃપ્ત ભાવ છે, ચંચળ છે, દુઃખરૂપ છે, અવિશ્રામ છે, અસંતોષ છે. આહાહા..! કહો, 'ગિરધરભાઈ'! આ તો કહે

છે, જો, તારા આત્મા સાથે મેળવ. અમે જે કહીએ છીએ એની સાથે તારી દિશાને મેળવ ને. આહાહા..!

(અહીંયા ચાલતો અધિકાર). પુણ્યનો બંધ થાય છે. દેખો! છે? આ નમસ્કાર કરતાં '**અન્ય જીવોંકે શુભપરિણામ હોતે હૈં...**' શુદ્ધ નહિ, સુખ નહિ. '**ઈસલિયે પાપકા નાશ હોતા હૈ...**' અઘાતિ ઓછા થાય. '**વર્તમાન વિઘ્નકા વિલય હોતા હૈ, આગામી પુણ્યકા બંધ હોતા હૈ...**' એ શુભભાવ ભવિષ્યના પુણ્યબંધનું કારણ છે. આહાહા..! '**ઈસલિયે સ્વર્ગાદિક શુભગતિ પાતે હૈં.**' લ્યો! સ્વર્ગ અથવા આ શેઠાઈ. આ પૈસાવાળા ધૂળના ધણી કહેવાય ને. કરોડ, બે કરોડ, પાંચ કરોડ ને ધૂળ કરોડ ને. એ.. 'પ્રવીણભાઈ'! ઈ શુભભાવથી આ ધૂળના ધણી થાય એમ કહે છે. પુણ્યબંધ થાય તો સ્વર્ગમાં જાય. થોડું પાછું બાકી રહ્યું હોય તો વળી શેઠાઈમાં આવે. કરોડ, બે કરોડ, પાંચ કરોડ મળે એને. પણ એ બધા પુણ્યથી ધૂળ મળે એને. આત્મા ન મળે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કીધાં ને બેય. જેટલી નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા છે એટલું એને સુખનું કારણ, મોક્ષનું કારણ છે. અને જેટલી સવિકલ્પ દશા છે એ સ્વર્ગ અને પુણ્યબંધનું કારણ છે. કહો, સમજાણું આમાં? કાલે બપોરે તને સંભાર્યો હતો. એ.. પરાગ! તારા બાપને કહ્યું હતું. ગયા છે બેય. આ બેય જણા ગયા છે ને. ભાવનગર. કીધું, ભાવનગર તો અહીં (અંદર) છે. એમ કહ્યું હતું કાલે. આહાહા..!

એકલો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, શાંતસ્વભાવ જેનું ભાવનું નગર. માથે કોઈ કર નથી, દેણું નથી એવી ચીજ પોતે પડી છે. આહાહા..! એનું આચરણ કરવું એ મોક્ષનું કારણ છે. અને પરદ્રવ્યનું જેટલું લક્ષ જાય, ચાહે તો પંચ પરમેષ્ઠી ઉપર જાય, સ્ત્રી, કુટુંબ, પરિવાર ઉપર લક્ષ જાય તો તો પાપભાવ છે. અહીં તો પંચ પરમેષ્ઠી ઉપર લક્ષ જાય તો એ પુણ્યભાવ છે એમ કહે છે. આહાહા..! માર્ગ એવો છે, ભાઈ! લોકોને એવું આકરું લાગે છે કે શુભભાવમાં કંઈ નથી? નીચલાવાળાને શુભભાવ લાભનું કારણ છે. ભાઈ! શુભભાવ લાભનું કારણ છે જ નહિ. કોઈ કાળે, કોઈને. હોય ઈ જુદી વાત છે, આવે ખરો પણ એ છે તો દુઃખરૂપ વિકલ્પદશા.

મુમુક્ષુ :- સ્વર્ગની ગતિનો લાભ મળે.

ઉત્તર :- ઈ લાભ કહેવાય? ધૂળેય નથી ન્યાં. એ વાત જ ખોટી છે બધી. એમ કહે છે કે શુભભાવથી સ્વર્ગનું સુખ તો મળે. ધૂળમાંય નથી, દુઃખ છે ત્યાં. અંગારાથી શેકાય છે. આહાહા..! અને ન્યાંથી બહાર નીકળે અને કદાચિત્ પુણ્યને લઈને વાણી મળે પણ એના ઉપર લક્ષ જતાં રાગ થાય છે. દુઃખનું ફળ છે એમ નહોતું કહ્યું? એય..! ક્યાં કહ્યું? ૭૪. દુઃખરૂપ અને દુઃખનું ફળ. શુભભાવ દુઃખનું ફળ, શુભભાવથી સંયોગ મળે. એના ઉપર લક્ષ જશે તો રાગ જ થાશે, દુઃખ થાશે. આહાહા..! ગજબ વાતો છે ને! કારણ કે પંચ પરમેષ્ઠી મળે અને એની વાણી મળે. પણ એના ઉપર લક્ષ જાશે તો શુભભાવ થાશે, દુઃખ થાશે. આહાહા..! આ તો વીતરાગ એમ કહે. રાગીઓ અને રાગના પ્રેમીઓ આવું કહી શકે નહિ.

આહાહા..! ઓલામાં આવ્યું હતું, જૈનપ્રકાશમાં. એમ કે અમૃતકણ નામ આપ્યું ને? વાંચ્યું ને તમે આ? આગમ અને મૂર્તિ... એ.. દેવાનુપ્રિયા! ભવિજનનો આધાર. આહાહા..! આગમ અને મૂર્તિ. સ્થાનકવાસીનું જૈનપ્રકાશ છે. ઈ કહે છે, ભવિજનને આધાર.

અહીં તો કહે છે, ઈ આગમ અને મૂર્તિ શુભભાવનું નિમિત્ત છે. દુઃખનું નિમિત્ત છે. આહાહા..! એ સ્થાનકવાસીનું લખાણ છે. એને પણ ક્યાં ખબર છે. એમાં વેદાંતના લખાણ નાખે. કેટલીવાર નાખતા હતા પહેલાં. આહાહા..! આ જીવણ છે એ પાક્કો છે. એ જાતનો. તમારો જીવણલાલ. વઢવાણ. શું ઈ પરું કહેવાય? જીવણલાલનું. તમારા વઢવાણમાં રહે ઈ શું કહેવાય? મોચીયાર. મોચીયારમાં રહે છે ને. ખબર છે. ઈ પાક્કો સ્થાનકવાસી. એની લાઈન પ્રમાણે. આ તો કાંઈ ઠેકાણું ન મળે. આગમ અને મૂર્તિ અત્યારે આગમ આધાર છે.

અહીં તો કહે છે, મૂર્તિ અને આગમ... ૧૭૦ ગાથામાં કહ્યું ને? 'પંચાસ્તિકાય'. આગમની શ્રદ્ધા, નવ તત્ત્વને પદાર્થની શ્રદ્ધા અને તીર્થંકર કહે મારી શ્રદ્ધા જ્યાં સુધી રહેશે ત્યાં સુધી મોક્ષ નહિ થાય. કારણ કે વિકલ્પ, રાગ છે. આહાહા..! હોય છે એ જુદી વાત છે. તેથી કરીને મૂળ ચીજ ન હોય અને શુભભાવ ન હોય, એમ નહિ. હોય તો ખરો જ. જ્યાં સુધી વીતરાગ નથી એટલે એ ભાવ આવ્યા વિના રહે નહિ. પણ એનું ફળ તો પોતે વર્તમાન દુઃખ અને પછી પણ દુઃખનું કારણ છે. એવી વાત છે. આહાહા..! અરે..! આવી વસ્તુની સ્થિતિ છે ત્યાં...

દુઃખનું કારણ છે તો ભગવાનનું સ્મરણ કરવું (કે ન કરવું)? કે નવકાર ગણવા? શું કરવું? વળી એમ કહે. ભાઈ! એ તો અશુભથી બચવા આવ્યા વિના રહે નહિ. એ અશુભથી બચવા કહેવું એ પણ વ્યવહાર છે. એ કાળે એ ભાવ આવ્યા વિના રહે નહિ. એવી વાત છે. એનો રાગનો ચારિત્રદોષની વિપરીતતાનો સ્વકાળ હોય છે ત્યારે શુભભાવ આવે છે, હોય છે. આહાહા..! પણ એની મર્યાદા તો પુણ્યબંધ જેટલી છે. હેં! ક્ષાયિક સમકિતીને પણ પંચપરમેષ્ઠીનું સ્મરણ, ભક્તિ, પૂજા હોય છે. પણ એના ફળ તરીકે તો પુણ્યબંધ છે. વાત તો આમ છે. એ કંઈ વસ્તુ ફરે એવી નથી.

'**ઈનકી આજ્ઞાનુસાર પ્રવર્તનેસે...**' જોયું! '**ઈસલિયે સ્વર્ગાદિક શુભગતિ પાતા હૈ.**' એ શુભગતિ. '**ઈનકી આજ્ઞાનુસાર પ્રવર્તનેસે...**' હવે એની આજ્ઞા જે છે એની '**પરંપરાસે સંસારસે નિવૃત્તિ ભી હોતી હૈ,...**' આજ્ઞા પ્રમાણે પ્રવર્તે તો, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ એની-ભગવાનની આજ્ઞા છે, તો '**પરંપરાસે સંસારસે નિવૃત્તિ ભી હોતી હૈ,...**' ક્રમે કરીને એને સંસારનો અભાવ થઈ જાય. પૂર્ણ થાય તો અભાવ થઈ જાય. અધુરું રહે ત્યાં સુધી સંસારભાવ છે. આહાહા..!

'**ઈસલિયે યે પાંચ પરમેષ્ઠી સબ જીવોંકે ઉપકારી પરમગુરુ હૈં.**' આહાહા..! '**સબ સંસારી જીવોંસે પૂજ્ય હૈં.**' સંસારીપ્રાણીથી પૂજ્ય છે. '**ઈનકે સિવાય અન્ય સંસારી જીવ રાગ-દ્વેષ-મોહાદિ વિકારોંસે મલિન હૈં,..**' પંચ પરમેષ્ઠી સિવાય જે બીજા દેવાદિ નામ ધરાવે એ તો રાગ-દ્વેષ, મોહથી, વિકારથી મલિન છે. '**યે પૂજ્ય નહીં હૈં, ઈનકે મહાનપના, ગુરુપના, પૂજ્યપના નહીં હૈ, આપહી કર્મોંકે વશ મલિન હૈં તબ અન્યકા પાપ ઈનસે કૈસે**

કટે?' લ્યો!

**'ઈસપ્રકાર જિનમતમેં ઈન પાંચપરમેષ્ઠીકા મહાનપના પ્રસિદ્ધ હૈ ઔર ન્યાયકે બલસે ભી ઐસા હી સિદ્ધ હોતા હૈ,...'** ન્યાયથી પણ એ જ સિદ્ધ થાય છે. પંચપરમેષ્ઠી જે આત્માની દશાઓ, પૂર્ણ પ્રાપ્ત અને સાધકપણે પ્રાપ્ત, એ જ જગતમાં ઉત્કૃષ્ટ મહાન અને પૂજ્ય છે. રાગ-દ્વેષ અને મોહવાળા કંઈ પૂજ્ય નથી. ભલે દેવ નામ ધરાવે. આહાહા..! **'ઈસ પ્રકાર જિનમતમેં ઈન પંચ પરમેષ્ઠીકા મહાનપના પ્રસિદ્ધ હૈ ઔર ન્યાયકે બલે ભી ઐસા હી સિદ્ધ હોતા હૈ, ક્યોંકિ જો સંસારકે ભ્રમણસે રહિત હો વે હી અન્યકે સંસારકા ભ્રમણ મિટાનેકો કારણ હોતે હૈં.'** ત્યારે એ કારણ હોય. **'જૈસે જિસકે પાસ ધનાદિ વસ્તુ હો વહી અન્યકો ધનાદિક દે ઔર આપ દરિદ્રી હો તો તબ અન્યકી દરિદ્રતા કૈસે મેટે, ઈસ પ્રકાર જાનના.'** એમ જે રાગ-દ્વેષ અને મોહવાળા છે એ બીજાને રાગ-દ્વેષ, મોહ ટાળવામાં નિમિત્ત શી રીતે થાય? એમ કહે છે. આહાહા..!

**'જિનકો સંસારકે દુઃખ મેટને હોં ઔર સંસારભ્રમણકે દુઃખરૂપ જન્મ-મરણસે રહિત હોના હો વે અરહંતાદિક પંચ પરમેષ્ઠીકા નામ મંત્ર જપો, ઈનકે સ્વરૂપકા દર્શન, સ્મરણ, ધ્યાન કરો, ઈસસે શુભ પરિણામ હોકર...'** લ્યો, અહીંયાં પણ શુભ પરિણામ લાવ્યા પાછા. આવે તો ખરું ને ઈ. **'પાપકા નાશ હોતા હૈ, સબ વિઘ્ન ટલતે હૈં, પરંપરાસે સંસારકા ભ્રમણ મિટતા હૈ,...'** સમ્યગ્દર્શન સહિત છે એની વાત છે. અજ્ઞાનીને પરંપરા ક્યાં હતું? જેને વાસ્તવિક પંચપરમેષ્ઠીનું સ્વરૂપ આત્મામાં જેને બેઠું છે એવા જીવોને માટે આ સ્મરણ છે એ શુભભાવ છે, એમ કહે છે. **'કર્મોંકા નાશ હોકર મુક્તિકી પ્રાપ્તિ હોતી હૈ, ઐસા જિનમતકા ઉપદેશ હૈ અતઃ ભવ્ય જીવોંકે અંગીકાર કરને યોગ્ય હૈ.'** સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવનો આ ઉપદેશ છે કે એ ભવ્યજીવોએ અંગીકાર કરવાલાયક છે.

'યહાં કોઈ કહે-**અન્યમતમેં બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિક ઈષ્ટદેવ માનતે હૈં ઉનકે ભી વિઘ્ન ટલતે દેખે જાતે હૈં તથા ઉનકે મતમેં રાજાદિ બડે-બડે પુરુષ દેખે જાતે હૈં, ઉનકે ભી વે ઈષ્ટ વિઘ્નાદિકકો મેટનેવાલે હૈં ઐસે હી તુમ્હારે ભી કહતે હો, ઐસા ક્યોં કહતે હો કિ યહ પંચપરમેષ્ઠી હી પ્રધાન હૈ, અન્ય નહીં હૈ? ઉસકો કહતે હૈં, હે ભાઈ! જીવોંકે દુઃખ તો સંસારભ્રમણકા હૈ...'** જોયું! સંયોગનું દુઃખ નહિ, દુઃખ સંસારભ્રમણનું. આહાહા..! ચાર ગતિમાં રખડવું એ દુઃખ છે. આહાહા..! **'ઔર સંસારભ્રમણકે કારણ રાગ દ્વેષ મોહાદિક પરિણામ હૈં...'** સંસાર પરિભ્રમણનું કારણ, સંસાર પરિભ્રમણ એ દુઃખરૂપ છે ચાર ગતિનું ભ્રમણ અને એ પરિભ્રમણનું કારણ રાગ-દ્વેષ, મોહાદિ છે. **'તથા રાગાદિક વર્તમાનમેં આકુલતામયી દુઃખસ્વરૂપ હૈ.'** રાગ-દ્વેષ અને મિથ્યાત્વ તો વર્તમાનમાં આકુળતા દુઃખરૂપ છે. **'ઈસલિયે યે બ્રહ્માદિક ઈષ્ટદેવ કહે વે તો રાગાદિક તથા કામ-ક્રોધાદિ યુક્ત હૈ, અજ્ઞાનતપકે ફલસે કઈ જીવ સબ લોકમેં ચમત્કારસહિત રાજાદિક બડા પદ પાતે હૈં, ઉનકો લોગ બડા માનકર બ્રહ્માદિક ભગવાન કહને લગ જાતે હૈં ઔર કહતે હૈં કિ યહ પરમેશ્વર બ્રહ્માકા અવતાર હૈ, તો ઐસે માનને સે કુછ મોક્ષમાર્ગ તથા મોક્ષરૂપ હોતા નહીં હૈ, સંસારી**

**હી રહતા હૈ.**' જેને રાગ-દ્વેષ અને મોહ છે એના ફળમાં તો સંસાર છે. એમ કહે છે. તો એને ભજવાથી તો સંસાર મળે, રખડવું મળે. આહાહા..!

'**ઐસે હી અન્યદેવ સબ પદવાલે જાનને,...**' મોટા મોટા પદવાળા દેવ હોય ને. '**આપહી રાગાદિસે દુઃખરૂપ હૈ, જન્મ-મરણ સહિત હૈં વે પરકા - સંસારકા દુઃખ કૈસે મેટેંગે? ઈનકે મતમેં વિઘ્નકા ટલના ઔર રાજાદિક બડે પુરુષ હોતે કહે જાતે હૈં, વહાં તો ઉન જીવોંકે પહિલે કુછ શુભકર્મ બંધે યે ઉનકા ફલ હૈ.**' પહેલા શુભ બાંધ્યું હોય તો આ રાજા થાય, એમાં શું છે? '**વહ તો પહિલે કુછ અજ્ઞાનતપ કિયા હૈ ઉસકા ફલ હૈ, યહ તો પુણ્યપાપરૂપ સંસારકી ચેષ્ટા હૈ, ઈસમેં કુછ બડાઈ નહીં હૈ, બડાઈ તો વહ હૈ જિસસે સંસારકા ભ્રમણ મિટે...**' અહીં તો વાત ઈ છે. ચાર ગતિનું રખડવું મટે એ તો પંચપરમેષ્ઠીના નિમિત્તથી થાય છે. જેને સંસાર પરિભ્રમણ મટી ગયું છે એને સંસાર પરિભ્રમણ (મટવામાં) નિમિત્ત કહેવામાં આવે છે. '**વહ તો વીતરાગવિજ્ઞાન ભાવોંસે હી મિટેગા,...**' લો, પેલા રાગ-દ્વેષ અને મોહ એ સંસાર પરિભ્રમણનું કારણ. અને પરિભ્રમણથી રહિત થવાનું વીતરાગવિજ્ઞાન કારણ. વીતરાગવિજ્ઞાન કારણ છે. આહાહા..! વીતરાગવિજ્ઞાન બહુ નાખે છે ને? 'જયપુર' 'હુકમચંદજી'. વીતરાગવિજ્ઞાન શિવકારણ શિવરૂપ વીતરાગવિજ્ઞાનતા. નહિ? 'છ ઢાળા'માં આવે છે ને? પહેલી (ઢાળમાં) પહેલી કડી આવે છે ને? વીતરાગવિજ્ઞાનતા. શું કહેવાય આ ચોપડી આવે ઈ? પાઠમાળા. વીતરાગ વિજ્ઞાન પાઠમાળા જોયા છે તમે? તેં જોયું છે? નહિ? શું કર્યું ત્યારે? વીતરાગ વિજ્ઞાન માળા પાઠશાળામાં આવી ગઈ છે. પાઠશાળામાં એ પુસ્તક આવ્યું છે. વીતરાગવિજ્ઞાન. મોટી પરીક્ષા લેવાય છે ત્યાં. પાંચ-પાંચ હજાર છોકરાઓ, દસ-દસ હજાર છોકરા. એ બાજુ. 'હુકમચંદજી' પંડિત છે ને. પંદર-પંદર હજાર છોકરાઓની પરીક્ષા લે છે. એ બાજુ. પાઠશાળાઓ ઘણી બની છે. '**વીતરાગવિજ્ઞાન ભાવયુક્ત પંચ પરમેષ્ઠી હૈં...**' લ્યો, પંચપરમેષ્ઠી વીતરાગવિજ્ઞાન ભાવરૂપ છે. પેલા રાગ-દ્વેષ, મોહરૂપ છે. આહાહા..! '**વે હી સંસારભ્રમણકા દુઃખ મિટાનેમેં કારણ હૈં.**'

'**વર્તમાનમેં કુછ પૂર્વ શુભકર્મકે ઉદયસે પુણ્યકા ચમત્કાર દેખકર તથા પાપકા દુઃખ દેખકર ભ્રમમેં નહીં પડના,...**' પુણ્યનો ચમત્કાર દેખીને અને પાપનું દુઃખ દેખીને ભ્રમણા ન કરવી. પોતાને પૂર્વનો કોઈ પાપનો ઉદય હોય તો પ્રતિકૂળ સંયોગ હોય અને બીજાને પુણ્યનો ઉદય હોય તો બહારની અનુકૂળતા હોય. મોટા ચમત્કાર દેખાય. કરોડો, અબજો રૂપિયા આવે. એમાં શું થયું? આહાહા..! બીજાના પુણ્ય દેખીને એમ ન માનવું કે આ પણ કાંઈક છે અને પોતાની પ્રતિકૂળતા જોઈને એમ ન માનવું કે અમે તો કાંઈ ધર્મી નથી લાગતા. આ પાપના ઉદય અમને? અને આ લોકો મોટા રાજા-મહારાજા. એ તો પૂર્વના પુણ્ય-પાપના ફળ (છે), એને જોવું નહિ. વર્તમાન આત્મા શુદ્ધ રાગ-દ્વેષ, મોહ રહિત છે એના પરિણામને જોવા, એને જાણવા અને એ કરવા. આ ન જોવું કે પેલાનો પુણ્યનો ઉદય અને મોટા રાજા કરોડોપતિ. માંસ ખાતા હોય, દારૂ પીતા હોય, માછલા ખાતા હોય. લ્યો. કરોડો રૂપિયા પેદા કરે એમાં શું છે? પૂર્વના પુણ્યને લઈને (છે). એમાં કાંઈ ચમત્કાર ન માનવો, વિશેષતા ન માનવી એને લઈને. આહાહા..! અમે ધર્મી અને અમને શરીરમાં આ રોગ? બાયડી, છોકરા

કોઈ નહિ અને મરી જાય. એકલા રહીએ. આ વિઘ્ન? આ શું? એ તો પૂર્વના પાપને કારણે હોય. એમાં વર્તમાનમાં તને ધર્મને શું વાંધો છે? અને પેલાને પુણ્યને કારણે આ હોય માટે ત્યાં ક્યાં ધર્મ થઈ ગયો? એમ કહે છે.

**'પુણ્ય પાપ દોનોં સંસાર હૈ...'** પુણ્યથી સામગ્રી દેખીને ભ્રમણા ન કરવી. પાપની પ્રતિકુળતા દેખીને ભ્રમણામાં ન પડવું કે આ શું? અરે..! એ તો હોય, એમાં શું છે પણ? આહાહા..! ક્ષાયિક સમકિતી શ્રેણિક રાજા, લ્યો. રાજા મોટો. ક્ષાયિક સમકિતી. તીર્થંકર ગોત્ર બાંધ્યું. છોકરો મારી નાખવા આવ્યો લ્યો. એને કેદમાં નાખ્યો હતો પછી છોડવા માટે આવ્યો. પોતે મરી ગયા માથું પછાડીને. એ તો ચારિત્રનો રાગનો ભાવ હતો એટલે થયું. ક્ષાયિક સમકિતને વાંધો નથી. આહાહા..! રાગનો ભાગ હોય છે. એટલો દ્વેષ આવ્યો અને દેહ છૂટી ગયો રાગ. રાગ ને કષાયે કષાયનું કામ કર્યું, સમકિતે સમકિતનું કામ કર્યું. એ સમકિત અને જ્ઞાન થયું છે એ કંઈ કાર્ય કર્યા વિના રહ્યા નથી. તે કાળે પણ જાણવા, દેખવા અને શ્રદ્ધવાનું કાર્ય તો નિરંતર છે. આહાહા..!

**'અતઃ સંસારસે છૂટકર મોક્ષ હો ઐસા ઉપાય કરના.'** પુણ્ય-પાપને બાંધીને, પુણ્યના ફળને દેખીને ચમત્કાર ન માનવો. પાપના ફળ દેખીને દીનતા ન કરવી. આહાહા..! **'વર્તમાનકા ભી વિઘ્ન જૈસા પંચપરમેષ્ઠીકે નામ, મંત્ર, ધ્યાન, દર્શન, સ્મરણસે મિટેગા વૈસા અન્યકે નામાદિકસે તો નહીં મિટેગા, ક્યોંકિ યે પંચપરમેષ્ઠી હી શાંતિરૂપ હૈં, કેવલ શુભ પરિણામોંહીકે કારણ હૈ.'** આહાહા..! ફેરવી ફેરવીને પણ વાત ત્યાં (લાવે છે). શુભપરિણામમાં એ નિમિત્તકારણ છે. અજ્ઞાની રાગ-દ્વેષ, મોહવાળા એ શુભપરિણામમાં પણ કારણ નથી. એ જાતનું કોઈ સાધારણ શુભ હોય ઈ કહેશે.

**णवविहबंभं पयडहि अब्बंभं दसविहं पमोत्तूण।**
**मेहुणसण्णासत्तो भमिओ सि भवण्णवे भीमे।।९८।।**

ભાવપાહુડની વાત છે.

**અર્થ :- 'હે જીવ! તૂ પહિલે દસ પ્રકારકા અબ્રહ્મ હૈ ઉસકો છોડકર...'** આહાહા..! વિષયની વાસના દસ પ્રકારે છે એને છોડ. **'નવ પ્રકારકા બ્રહ્મચર્ય હૈ ઉસકો પ્રગટ કર, ભાવોંમેં પ્રત્યક્ષ કર.'** આહાહા..! ભાવશુદ્ધિનું કારણ ... **'યહ ઉપદેશ ઈસલિયે દિયા હૈ કિ તૂ મૈથુનસંજ્ઞા જો કામસેવનકી અભિલાષા ઉસમેં આસક્ત હોકર અશુદ્ધ ભાવોંસે ઈસ ભીમ (ભયાનક) સંસારરૂપી સમુદ્રમેં ભ્રમણ કરતા રહા.'** આહા..! એ વિષયની વાસના, ભોગની વાસનાથી ચોર્યાસી લાખમાં અનાદિકાળથી રખડી રહ્યો છે. આહાહા..! માટે કહે છે કે એ વાસના છોડ અને બ્રહ્મચર્યની ભાવના કર. એ ભાવશુદ્ધિનું કારણ છે, એમ કહે છે.

**ભાવાર્થ :- 'યહ પ્રાણી મૈથુનસંજ્ઞામેં આસક્ત હોકર ગૃહસ્થપના આદિક અનેક ઉપાયોંસે સ્ત્રીસેવનાદિક અશુદ્ધભાવોંસે અશુભ કાર્યોંમેં પ્રવર્તતા હૈ,...'** લ્યો. **'અશુદ્ધભાવોંસે અશુભ કાર્યોંમેં પ્રવર્તતા હૈ,...'** એમ. સંસારમાં... **'ઉસસે ઈસ ભયાનક સંસારસમુદ્રમેં ભ્રમણ કરતા હૈ,...'** આહાહા..! વિષયવાસના, સ્ત્રી આદિનું સેવન, એમાં

તીવ્ર વિકારભાવ દુઃખરૂપ ભાવ સેવીને ચાર ગતિમાં ભ્રમણ કરે છે. આહાહા..! '**અબ્રહ્મકો છોડકર નવ પ્રકારકે બ્રહ્મચર્યકો અંગીકાર કરો.**'

'**દસ પ્રકારકા અબ્રહ્મ યે હૈ–૧. પહિલે તો સ્રીકા ચિંતન હોના,...**' સ્ત્રીનું ચિંતવન કરવું એ પણ અબ્રહ્મ છે. આહાહા..! '**૨. પીછે દેખનેકી ચિંતા હોના, ૩. પીછે નિઃશ્વાસ ડાલના,...**' આમ શ્વાસ નાખે. '**૪. પીછે જ્વર હોના,...**' વિષયવાસનાની તીવ્રતાથી જ્વર-તાવ આવે. શરીરમાં ઉષ્ણતા આવે. આહાહા..! '**૫. પીછે દાહ હોના,...**' શરીરમાં બળે. '**૬. પીછે કામકી રુચિ હોના,...**' વિષયની રુચિ. '**૭. પીછે મૂર્છા હોના,...**' પછી વિષયમાં મૂર્છાઈ જાય. '**૮. પીછે ઉન્માદ હોના,...**' ગાંડો-પાગલ પણ થઈ જાય. આહાહા..! '**૯. પીછે જીનેકા સંદેહ હોના...**' જીવવાનો સંદેહ થઈ જાય કે હાય.. હાય..! આમાં તો મરી જઈશ. '**૧૦. પીછે મરણ હોના.**' એ દસ તો અબ્રહ્મ છે. આહાહા..! આ ભાવપાહુડ છે ને. સારા ભાવ કરવા માટે આવા ભાવ છોડ. આહાહા..!

'**નવ પ્રકારકા બ્રહ્મચર્ય ઈસપ્રકાર હૈ–નવ કારણોંસે બ્રહ્મચર્યા બિગડતા હૈ, ઉનકે નામ વે હૈં–૧. સ્રીકો સેવન કરનેકી અભિલાષા, ૨. સ્રીકે અંગકા સ્પર્શન, ૩. પુષ્ટ રસકા સેવન,...**' પુષ્ટ રસ (અર્થાત્) દૂધપાક ને મેસુબનું સેવન કરે. ત્યાં બ્રહ્મચર્ય બગડે છે. આકરો આહાર હોય ને. આ ભસ્મ ખાય છે ને? શેની આ લોઢાની, ત્રાંબાની ભસ્મ ખાય છે ને? એમાં પછી વિષય વકરે. '**૪. સ્રીસે સંસક્ત વસ્તુ શય્યા આદિકા સેવન,...**' જે સ્ત્રી જ્યાં જે સ્થાનમાં રહી હોય અથવા શય્યા આદિ-પલંગ આદિનું સેવન એ પણ અબ્રહ્મનો ભાવ છે, બ્રહ્મચર્ય બગડવાનો ભાવ છે. '**૫. સ્રીકે મુખ, નેત્ર આદિકકો દેખના, ૬. સ્રીકા સત્કાર-પુરસ્કાર કરના,...**' બહુમાન કરવું. એનું શરીર આદિ સુંદર દેખીને બહુમાન કરવું. એ બધા બ્રહ્મચર્ય બગાડવાના લક્ષણ છે. આહાહા..!

'**૭. પહિલે કિયે હુએ સ્રીસેવનકો યાદ કરના,...**' પહેલાં સ્ત્રીનું સેવન કર્યું હોય એને યાદ કરવું. એ વર્તમાન (બ્રહ્મચર્યને) બગાડવાનું કારણ છે. આહાહા..! '**૮. આગામી સ્રીસેવનકી અભિલાષા કરના, ૯. મનવાંછિત ઈષ્ટ વિષયોંકા સેવન કરના,...**' મનને ઈચ્છિત ઈષ્ટ વિષયો-રૂપ, ગંધ, રસ, સ્પર્શ બહુ ઊંચા-ઊંચા સેવન કરવા. '**ઐસે નવ પ્રકાર હૈ. ઈનકા ત્યાગ કરના સો નવભેદરૂપ બ્રહ્મચર્ય હૈ અથવા મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદનાસે બ્રહ્મચર્યકા પાલન કરના...**' નવ પ્રકાર એ લેવા. '**ઐસે કરના સો ભી ભાવ શુદ્ધ હોનેકા ઉપાય હૈ.**' લ્યો! ભાવ શુદ્ધ થવાનું એ કારણ છે. સાધારણ વાત હતી ને. આ બધી મૂકી દીધી હતી. તે દિ' માણસો ઝાઝા હતા ને. હવે તો ટાઢો પહોર થયો, અહીં વાંધો નહિ. બધુ ચાલે.

'**આગે કહતે હૈં કિ–જો ભાવસહિત મુનિ હૈ સો આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ, ભાવ બિના વહ ભી સંસારમેં ભ્રમણ કરતા હૈ :-**'

**भावसहिदो य मुणिणो पावइ आराहणाचउक्कं च।**
**भावरहिदो य मुणिवर भमइ चिरं दीहसंसारे।।९९।।**

**અર્થ :-** **'હે મુનિવર! જો ભાવ સહિત હૈ...'** શુદ્ધભાવ. **'દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ ઐસી આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ,...'** જેનો ભાવ શુદ્ધ છે એ આત્માના શુદ્ધ સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન, આત્માનું ચારિત્ર અને આત્માનું તપ એ ચાર આરાધનાને પામે છે. લ્યો. **'વહ મુનિયોંમેં પ્રધાન હૈ ઔર જો ભાવરહિત મુનિ હૈ સો બહુત કાલ તક દીર્ઘસંસારમેં ભ્રમણ કરતા હૈ.'** જેને શુદ્ધભાવનું ભાન નથી, એકલી ક્રિયાકાંડમાં છે એ તો ચાર ગતિમાં રખડે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ધર્માત્મા બાળક હો, વૃદ્ધ હો, દેડકો હો પણ હું જ્ઞાનાનંદ છું, રાગ હું નથી. એમ ભાન હોવાથી જ્યારે અનુભવ કરે છે ત્યારે અંશે સિદ્ધ સમાન આત્માનો અનુભવ કરે છે. સિદ્ધના જેટલો પૂર્ણ અનુભવ નથી પણ સિદ્ધની જાતનો અનુભવે છે. પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે આત્મતત્ત્વને અનુભવે છે. એકદેશ આનંદકંદનો અનુભવ થયો એટલે સ્વરૂપ અનુભવની સર્વ જાતિ પિછાણી છે. સિદ્ધ, અર્હંત વગેરેનો આવો અનુભવ હોય છે તેમ જાણી લ્યે છે, અનુભવ પૂજ્ય છે. પોતે શુદ્ધ આનંદકંદ છે એવી શ્રદ્ધા સહિત અનુભવ પૂજ્ય છે. તે જ પરમ છે. તે જ ધર્મ છે. એ જ જગતનો સાર છે. આત્માનો અનુભવ ભવનો ઉદ્ધાર કરે છે. અનુભવ ભવનો પાર કરે છે, મહિમાને ધારણ કરે છે, દોષનો નાશ કરે છે. આત્માની શક્તિમાં જ્ઞાન ને આનંદ ભર્યા છે. શક્તિની વ્યક્તિરૂપી અનુભવથી ચિદાનંદનો સુધાર થાય છે. તે જ સુધાર છે.**

**('પરમાગમસાર' બોલ નં.૭૧૨)**